શ્રી વીરશાસનની નવમા વર્ષની ભેટ

શ્રી આચારાંગ-ધૂતાધ્યયન

: : પ્રથમ ભાગ : :

પૂ. વ્યા. વા. પંન્યાસપ્રવર શ્રીમદ્ રામવિજયજી
ગણિવરનાં ૨૨ મનનીય વ્યાખ્યાનો.

श्री आचारांग-धूताध्ययन

પ્રથમ ભાગ : બાવીશ મનનીય વ્યાખ્યાનો.

: વ્યાખ્યાનકાર :

પૂજ્યપાદ બાલબ્રહ્મચારી, શાસનપ્રભાવક, સમર્થ વિદ્વાન્

☞ વ્યાખ્યાન-વાચસ્પતિ ☜

પંન્યાસપ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણિવર.

'શ્રી વીરશાસન' સાપ્તાહિકની નવમા વર્ષની ભેટ :

આર્થિક સહાયક : **ધર્મપ્રેમી શેઠ શાંતિદાસ ખેતશીભાઇ**

: પ્રકાશક :

શ્રી વીરશાસન કાર્યાલય : રતનપોળ : અમદાવાદ.

મૂલ્ય : બે રૂપીઆ.

: નિવેદન :

અનેક ગુણગણાલંકૃત બાલબ્રહ્મચારી શાસનપ્રભાવક પરમારાધ્ય વ્યાખ્યાનવાચસ્પતિ પંન્યાસપ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણિવરનાં અતિ મનનીય ને બોધક રસિકતાભર્યાં વ્યાખ્યાનોનું સારભૂત અવતરણ પ્રગટ કરવાનો અમારો પ્રયાસ ચાલૂ છે. તેમાં પૂ. પ્રવચનકાર મહાત્માના વાસ્તવિક આશયથી વિરૂદ્ધ આશયને પેદા કરનારી જે કાંઇ ઉકિત અમારા પ્રમાદથી મૂકાઇ જતી હોય, તદર્થે અમે તે પરમ તારકની ક્ષમાના અર્થિ છીએ. તેમજ વાંચકો પ્રત્યે પણ નિવેદન છે કે—તેમને જે કાંઇ શંકાસ્પદ ભાસે, તેનો અમારી પાસેથી ખુલાસો મેળવે અને અમારા પ્રમાદને નામે કૃપા કરી પૂ. પ્રવચનકાર મહાત્માને ન વગોવે.

ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.
—સમ્પાદક "જૈન પ્રવચન"

મુદ્રક: મૂલચંદભાઈ ત્રિકમલાલ પટેલ, સૂર્યપ્રકાશ પ્રિ. પ્રેસ. પીરમશા રોડ : અમદાવાદ.

શાસનમાન્ય—સૂરિપુરંદર—



स्व० पू० सद्धर्मोद्धारक—न्यायाम्भोनिधि-श्रीमद्विजयानं-
दसूरीश्वराणामनन्यपट्टालंकार — सद्धर्मसंरक्षक—दंभोदंभा
द्रिदम्भोलिनां श्रीमद्विजयकमलसूरिवराणं पट्टालंकार
सकलागमरहस्यवेदी—श्रीविजयदानसूरिदेवानां स्तुतिः

परमगुरु-स्तुतिः

सन्मार्गं प्रकटीकरोति वृजिनं, दूरीकरोत्यङ्गिना,-
मात्मानं विमलीकरोति वचसा, मन्दीकरोति स्मरम् ।
संसारं प्रतनूकरोति विचरन्, योऽरं महीमण्डले,
सोऽयं पूज्यतमः सदा विजयते, श्री दानसूरीश्वरः ॥

गुरु-स्तुतिः

सिद्धान्तमहोदधि प्रशमरसनिधि सुगृहितनामधेय


—: प्रातःस्मरणीय :—

वाचकवर्य श्रीमत् प्रेमविजयगणिवराणां स्तुतिः

कर्मग्रन्थविचारचारुमुकुरो, सिद्धान्तपारंगमी,
पथ्यापथ्यविधिप्रकाशनपटु,--प्रद्योतनः सर्वशः।
प्रव्रज्यागुणरत्नरोहणगिरिः, सारल्यनीरोदधिः,
भूयाद्वो विजयान्तवाचकवरः, श्रीप्रेमनामेष्टदः ॥

સિદ્ધાન્તમહોદધિ, પ્રશમરસનિધિ, સુગૃહિતનામધેય,

-: પ્રાત:સ્મરણીય :-



पं. श्री प्रेमविजयजी गणि

-: વાચકવર્ય :-

શ્રીમત પ્રેમવિજયજી ગણિવર.

[illegible] પ્રી. પીરમશારોડ, અમદાવાદ.

卐 ग्रन्थकार-स्तव 卐

पूज्यपाद-बालब्रह्मचारी-शासनप्रभावक-विद्वच्छिरोमणि,
व्याख्यानवाचस्पति-पंन्यासप्रवर श्रीमद् रामविजयजी
गणि-गुरुवराणां स्तुतिः ।

[શાર્દૂલવિક્રીડિતમ્]

[illegible]स्वतीबलवशाद् दौर्जन्यकोलाहले,
ह्रासाप्ते समयेऽपि विश्रुततरां दीक्षां प्रदेयां भुवि ।
ब्रुवाणास्तव योगकृद्यतिवरा भव्याङ्गिनिस्तारकाः,
जीयासुर्गणिवर्यरामविजयाह्वानपादाः सदा ॥

[માલિની છંદ]

नयनपुटनिपेया सुंदरा [illegible]ष्टः,
श्रुतियुगसमुपेया कम्रवाचा च येषां ।
विषयिदमनलीलाः पुण्यप्राग्भारदेहाः,
[illegible]रामाः पान्तु पंन्यासदेवाः ॥

પૂ. બાલબ્રહ્મચારી શાસનપ્રભાવક સમર્થ વિદ્વાન્ વ્યાખ્યાનવાચસ્પતિ,

પંન્યાસપ્રવર



શ્રીમદ્ રામવિજયજી ગણિવર

Advance P. Ahmedabad

॥ णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स ॥

ગ્રંથ અને ગ્રંથકાર.

॥ सम्यग् दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः ॥

ॐ अर्हं नमः ।

અભિધેય, સંબંધ ને પ્રયોજન–

સાહિત્યની સૃષ્ટિમાં **'પ્રસ્તાવના'** કિંવા **'ભૂમિકા'**નું સ્થાન સુવિશિષ્ટ છે: શું સામાજિક કે શું રાજકીય, શું નૈતિક કે શું ધાર્મિક, દરેક વિભાગના સાહિત્યમાં પ્રસ્તાવના અગ્ર ને અનિવાર્ય સ્થાન ભોગવે છે. ગ્રન્થની આખીય વસ્તુનું સંકુચિત છતાં સ્પષ્ટ સૂચન ભૂમિકામાંથી મળી રહે છે. પ્રસ્તુત ગ્રંથ કોણે રચ્યો, કયા સંયોગો વચ્ચે રચ્યો, કયા હિતસાધક તત્ત્વની પ્રચારણાર્થે રચ્યો, તે હિતસાધક હેતુની સિદ્ધિ અર્થે કયા વિષયનું ખંડન–મંડન કર્યું, તેમજ એ ગ્રંથ-રચના કેટલે અંશે હેતુસાધક બની શકે તેમ છે અને એ દ્વારા જનકલ્યાણમાં એનો શો ફાળો રહેશે,–એ વિગેરે મહ-ત્ત્વનું વર્ણન પ્રસ્તાવના પૂરૂં પાડે છે: એટલુંજ નહિ પરન્તુ પ્રસ્તાવનાના વાંચન વિના પુસ્તકનું વાંચન અપૂર્ણ ગણાય છે. આથીજ પૂર્વ કાળના મહર્ષિઓ **'મંગલાચરણ'** કર્યા બાદ,–**'અભિધેય, સંબંધ અને પ્રયોજન'**નું પ્રતિપાદન કરતા અને આજે પણ એ પ્રસ્તાવના દ્વારા કરાવાય છે. પ્રસ્તુત ગ્રંથ કે જે **'શ્રી આચારાંગ'** નામે સુપ્રસિદ્ધ છે, તેની ટીકા લખનાર પરમ ઉપકારી મહર્ષિ **'શ્રી શીલાંક-સૂરીશ્વરજી મહારાજા'** પણ મંગલાચરણ કર્યા બાદ, એજ પ્રથાને અંગીકૃત કરીને લખે છે કે:–'આ સૂત્રમાં કહેવા યોગ્ય આચાર છે અને આ આચારસૂત્ર **'ભગવાન્ શ્રી મહાવી-રદેવે'** જગતના હિતને માટે જે રીતિએ કહ્યું છે, તેજ રીતિએ હું પણ કાંઈક કહું છું.' આ એક ટુંકા વાક્યમાં ટીકાકાર મહર્ષિએ અભિધેય, સંબંધ અને પ્રયોજન,–એ ત્રણે

દર્શાવ્યાં છે. **'આચાર'**–એ **'અભિધેય'** છે: **'ભગવાન્ શ્રી મહાવીરદેવથી ચાલ્યું આવે છે'**–એ **'સંબંધ'** છે: અને–**'જગત્‌નું હિત'**–એ **'પ્રયોજન'** છે. આ કથનમાં અનેક સત્યોને કે જેની સ્હામે આજના જડવાદના રંગે રંગાએલા જમાનાવાદીઓનું **'ભયંકર'** ને **'પ્રચુર'** છતાં **'આત્મનાશક'** ને **'ફલહીન'** આક્રમણ છે, તે સત્યોને ટીકાકાર મહર્ષિએ પ્રરૂપ્યાં છે: જગત્‌માં જગત્‌ના હિતાર્થે કહેવા યોગ્ય જો કોઇ પણ વસ્તુ હોય, તો તે શ્રી જિનેશ્વરદેવોએ દર્શાવેલ આચારજ છે: એ આચારનું કથન પણ **'ભગવાન્ શ્રી મહાવીરદેવ'**ના ફરમાન મુજબજ કરાય: અને એમ કરવાનો હેતુ પણ માત્ર જગત્‌ના આત્મહિત પૂરતોજ હોવો જોઈએ. અર્થાત્–શ્રી જિનેશ્વરદેવના સાધુઓ અનંતજ્ઞાનીએ ઉપદેશેલ આચારનોજ ઉપદેશ આપી શકે અને તે પણ જગત્‌ને એ આચારનું રાગી બનાવી, એ આચારમાં જોડવાનાજ હેતુથી! આજ કારણે કોઇ પણ જૈન સાધુ ન તો મનથી, ન તો વચનથી કે ન તો કાયાથી સંસાર (દુરાચાર) પોષક અથવા સંયમ (સદાચાર) શોષક વિચાર વિચારી શકે, કથન કહી શકે કે ક્રિયા કરી શકે! એઓ જે કાંઈ વિચારી શકતા હોય, કહી શકતા હોય કે કરી શકતા હોય, તો તે માત્ર **'ભગવાન્ શ્રી મહાવીરદેવે'** કહેલ આચારજ–સદાચાર જ છે. એટલે આવા ગ્રન્થના આધારે થએલાં **'પ્રવચનો'**માં પણ એજ **'સદાચારનું પોષણ'** અને તેટલાજ ખાતર **'દુરાચારનું ઉન્મૂલન'** હોવુંજ જોઇએ અને તે છે: કારણ કે–આ ગ્રંથમાં મૂકાએલાં

પ્રવચનોના દાતા એક તે મહાન્ જૈન સાધુ છે, કે જેમણે પોતાનું જીવન બ્રહ્મચર્યાવસ્થામાંથી જ શાસનને સમર્પી દઇને, સ્વપર કલ્યાણસાધનામાં 'વિપુલ' ને 'પ્રચંડ' એવા પ્રતિકૂલ સંયોગો વચ્ચે પણ '**મક્કમતા**' દાખવી છે ને દાખવ્યે જાય છે. **જેમનું ધ્યેયજ એક માત્ર વિશ્વને સંપૂર્ણ, સ્થાયિ અને દુઃખના લેશથી રહિત સુખ પ્રાપ્ત કરાવવાનું છે.** અને માટેજ પૂ. પ્રવચનકાર મહાત્માએ માનવજીવનમાં અને ખાસ કરીને જૈનજીવનમાં જડ ઘાલી ચૂકેલા અનેકાનેક ઝીણા ઝીણા છતાં આત્મનાશ કરી રહેલા દોષોનું નિદર્શન કરાવીને, સદાચારનું સમર્થન કર્યું છે.

વાચકનો વિશ્વાસ-

અસ્તુ. હવે પ્રસ્તુત ગ્રન્થના સંબંધમાં વિશેષ ઉંડે ઉતરતાં પૂર્વે, ગ્રન્થકારનો પરિચય આપવો આવશ્યક છે, કારણ કે-“ **पुरुषविश्वासे वचनविश्वासः** ”—“**વાચક પ્રત્યેના વિશ્વાસથી વચન પ્રત્યે વિશ્વાસ જન્મે છે.**'-એવું જ્ઞાનીપુરૂષોનું કથન છે અને તે સત્યજ છે. કેવલ '**વચન**' ઉપરથીજ એના '**વાચક**'ને વિષે મત બાંધવામાં ઘણી વાર '**ભૂલ**' થવાનો '**સંભવ**' રહે છે. વચનનો વિશ્વાસ એના વાચક પ્રતિના વિશ્વાસને વધુ અવલંબેલો છે. વાચક ઉપર વિશ્વાસ આવ્યા બાદ, જ્યારે જ્યારે ગહન વિષયમાં '**શંકા**' ઉપસ્થિત થાય છે અને એ વચનની ગહનતા સુધી વાંચકની બુદ્ધિ પહોંચી શકતી નથી, ત્યારે ત્યારે એ કંટાળીને પણ વાચકના વચનને '**અસત્ય**' માનવા પ્રેરાતો નથી, પરન્તુ એની '**અગમ્યતા**'ને શોધવા મથે છે. આમ થતાં એનું

ખૂબ '**મનન**' ને '**પરિશીલન**' કરતાં વાંચકની ગહનતાના વમળમાં અટવાએલી '**બુદ્ધિ**' સત્યને પ્રાય: શોધી શકે છે: અને કદાચ તેમ ન બને તો પણ એ વાંચક વાચકના વચનને '**દોષિત**' માનવા ન પ્રેરાતાં, કોઇ જ્ઞાની પાસેથી '**ખુલાસો**' મેળવવા જ પ્રેરાય છે: આટલું છતાંય જો તે નથી સમજી શકતો, તો પણ તે માને કે–'શાસ્ત્ર ગહન છે અને મતિ અલ્પ છે.' પરિણામે તે ઉંધી દિશાએ નહિ દોરવાતાં સત્યને પામી શકે છે: માટેજ **મોક્ષમાર્ગ રૂપ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રમાં** સમ્યગ્ દર્શનને પ્રથમ મૂકેલ છે: **સમ્યગ્ દર્શન** એટલે શ્રી જિનેશ્વરદેવે કહેલાં તત્ત્વોની '**શ્રદ્ધા**' અને '**રૂચિ.**'

અવિશ્વાસના યોગે–

આથી વિરૂદ્ધ–જેઓને વાચક ઉપરજ વિશ્વસ નથી હોતો, તેઓ તો વાચકનાં વચનોને પોતાની '**બુદ્ધિની કસોટી**'એ ચઢાવે છે અને પોતાની અલ્પ બુદ્ધિના યોગે ન સમજાતાં, એ વચનોને '**દોષિત**' માની લે છે. આમ '**જિજ્ઞાસા વૃત્તિ**' મરી જતાં તે સ્હેજે ઉન્માર્ગે દોરાય છે. '**ત્રિકાલજ્ઞાની**' સર્વજ્ઞે જે વસ્તુ નિર્દિષ્ટ કરી તેની સમજ, શક્ય છે કે–'**અલ્પજ્ઞાની**' એવા આપણને ન પણ પડે, પરન્તુ તેથી વસ્તુનેજ ખોટી માની લેવાય, તો પરિણામે આપણે ડૂબીએ અને બીજાને ડૂબાવીએ, સમર્થ શાસ્ત્રકારોએ પણ જ્યાં ગહનતા અનુભવીને ન સમજાયું, ત્યાં કહી દીધું કે–"**तत्त्वं तु केवलिगम्यम्**"–'**તત્ત્વ જ્ઞાની જાણે.**' અને

એ રીતિએ ભવિષ્યની પ્રજાને માટે જેવું ને તેવું '**નિર્દોષ**' ને '**નિર્વિકાર**' જ્ઞાન મૂક્યું. આજે જૈનસમાજમાં પોતાને '**સુધારક**' તરિકે ઓળખાવનારાઓનાં '**કૉન્ફરન્સ**' ને '**યુવકસંઘ**'નાં મંડળોની ઉત્પત્તિનું અને હયાતીનું કારણ પણ એજ છે કે-તેઓ પોતાના '**મલીન માનસ**'ને અનુકૂળ આવે તે રૂપમાં '**શાસ્ત્રાજ્ઞાઓને ફેરવવા**' માગે છે અને માટેજ તેવાઓને '**નિર્મલ**' શાસ્ત્રોને '**વિકારી**' સાહિત્યનું અને કેવલ સ્વપર કલ્યાણાર્થે શાસ્ત્રરચના કરનારા '**ઉપકારીઓ**'ને '**સ્વાર્થી**'—'**ઇન્દ્રજાલીયા**' ને '**ઇતિહાસની કલંકિત આવૃત્તિ**' જેવાં વિશેષણો આપવાં પડ્યાં છે! એટલે વાચકના સારા પણ વચન ઉપર વિશ્વાસ પેદા કરવાને માટે વાચક ઉપરનો વિશ્વાસ અનિવાર્ય છે.

ગ્રન્થકારનો પરિચય શા માટે?

આ વીસમી સદીના પરમ પ્રભાવક, પાંચાલદેશોદ્ધારક, સ્વર્ગસ્થ ન્યાયામ્ભોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજશ્રીની પ્રભાવક પાટે, સકલ સાધુમંડલ ને શ્રાદ્ધસમૂહ દ્વારા સ્થપાએલા અનન્ય પટ્ટધર, સદ્ધર્મરક્ષક સૂરિપુરંદર શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વરજી** મહારાજશ્રીના પટ્ટપ્રભાવક, સકલાગમરહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરિવરના** પરમ વિનેય, સિદ્ધાન્તમહોદધિ મહોપાધ્યાય શ્રીમત્ **પ્રેમવિજયજી ગણિવરના** શિષ્યરત્ન, બાલબ્રહ્મચારી, શાસનપ્રભાવક, સમર્થ વિદ્વાન્, વ્યાખ્યાનવાચસ્પતિ, **પંન્યાસપ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણિવર,** એ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થતાં ધાર્મિક વ્યાખ્યાનોના દાતા છે.

આજે જૈન અને જૈનેતર જગત્ એઓશ્રીને જૂદી જૂદી દૃષ્ટિએ પીછાને છે અને તે ત્યાં સુધી કે–એ મહાત્માનો પરિચય આપવાને માત્ર નામનિર્દેશ પણ બસ ગણાય. પરન્તુ આજે **'જૈન કુલોમાં જન્મવા પૂરતીજ યોગ્યતા'**થી પોતાને **'જૈન'** મનાવી રહેલા અને **'જૈનત્વનો દ્રોહ કરનારાં કાર્યો કરનારાઓ'**એ, છાપાંની દેવડીએ ઉભી જગત્‌ને એ મહાત્માના **'વાસ્તવિક સ્વરૂપ'**થી અપરિચિત રાખવાના અને તદ્દન ખોટા સ્વરૂપે ચીતરવાના એટલા **'અધમ'** ને એટલા **'ક્ષુદ્ર'** પ્રયાસો કર્યા છે, કે જેથી અનેક અજ્ઞાન જૈનો ને જૈનેતરો એ મહાત્માની વાસ્તવિકતાથી જ અજાણ છે: એટલુંજ નહિ પણ ઘણાઓ તો એઓશ્રીને માટે તદ્દન વિપરીત જ્ઞાનજ ધરાવે છે. આવાઓ જ્યારે **'આયાસે'** કે **'અનાયાસે'** એ મહાત્માના સીધા **'પરિચય'** આવી શકે છે, ત્યારે તેઓ ખૂબ ખૂબ પ્રશ્ચાત્તાપ પૂર્વક પોતાની **'અજ્ઞાનતા'** સ્વીકારી, સ્વાર્થસાધના માટે અનેક અસત્યોના આશ્રયે જીવતા એ **'ધર્મદ્રોહીઓ'**ને પોતાનું આત્મધન હરી લેનાર **'ચોટ્ટાઓ'** કે આત્મહિતને હણનારા **'ખૂનીઓ'** માને છે અને માન્યા છે. એટલે આ પૂ. પ્રવચનકાર મહાત્મા સંબંધી કેટલાક ખુલાસા કરવા આ સ્થાને સુયોગ્ય લાગે છે.

ગ્રન્થકાર–

બાળ વયમાં જૈનદીક્ષા અંગીકાર કરીને, પૂજ્ય ગુરૂદેવોના જીવનમાંથી સંસ્કાર પામીને, વ્યાકરણ–ન્યાય–ષડ્દર્શન આદિ વિષયોમાં નિષ્ણાત બની શાસ્ત્રોના અવલોકનમાંથી સદ્જ્ઞાન પામીને અને પોતાના આત્માને ચારિત્રદ્વારા ખૂબ

ખૂબ '**ઉપકારપરાયણ**' બનાવીને, આ પ્રવચનકાર **પંન્યાસપ્રવરશ્રીએ**, જૈન જનતામાં કોઈ '**દીવ્ય સચેતનતા**' પેદા કરી છે: પોતાની પ્રભાભરી વક્તૃત્વ શક્તિ દ્વારા એમણે અનેક આત્માઓની '**જીવનજ્યોત**'ને જગવી છે: વિષય અને કષાયમાં ડૂબેલા, અજ્ઞાનમાં સડતા, સન્માર્ગથી અપરિચિત, ધર્મહીન પશુજીવન જીવનારા અને એવાં એવાં અનેકવિધ પાપોમાં જીવન બરબાદ કરનારાઓને આ મહાત્માનાં નીડર પ્રવચનોએ '**જીવનમુક્તિ**'ના સાધક સંયમને માર્ગે દોર્યા છે: જૈનકુલમાં જન્મ્યા છતાં જૈનત્વથી અપરિચિતોને જૈનત્વની '**પીછાન**' કરાવી છે, સાચા જૈન બનાવ્યા છે: આત્મા, પુણ્ય, પાપ, પરલોક વિગેરેમાં શ્રદ્ધા ઉત્પન્ન કરી કેટલાયને '**પાપભીરૂ**' બનાવ્યા છે: ત્યાગ, વિરાગ, નિઃસ્પૃહતા ને નિઃસંગતાની વાંછા તેવા જનોમાં પણ ઉત્પન્ન કરી છે, કે જેઓ ભોગસુખની સાધના પાછળ ગાંડા-ઘેલા બનેલા હતા. આવી અનેક બાલ જીવોની ઉદ્ધારક વિભૂતિનો જગતને પરિચય કરાવવો, એ પણ '**પુણ્યકાર્ય**' છે. અને જ્યારે જડ જમાનાવાદના ઉપાસક '**પુદ્ગલાનંદીઓ**' ઉન્માદભર્યા પ્રયત્નો દ્વારા જનતાની આંખમાં ધૂળ નાખી '**પુદ્ગલપ્રેમ**'ને પોષવા મથતા હોય, ત્યારે એવા પુણ્યનામધેય મહાત્માના સત્ય સ્વરૂપથી જગત્‌ને પરિચિત બનાવવું, એ મ્હોટામાં મ્હોટી '**આત્મ-સેવા**' છે: '**ભક્તિ**' છે: કહેવા દો કે-'**કર્મનિર્જરા**' છે! અને એ જ એક '**પુણ્યાભિલાષા**' પૂર્વક આ પરિચય લખાય છે, કે જેથી અજ્ઞાન જનતા ઉંધે માર્ગે દોરવાઈ હોય કે દોરવાતી હોય તો બચી જાય!

શું ઉપદેશે છે?

કેવલ ધાર્મિક આચરણાઓમાંજ દિનરાત પસાર કરનારને જૈન શાસ્ત્રકારોએ **'સર્વવિરતિ'** કે **'સાધુ'** નામથી સંબોધ્યા છે: અને અમૂક પ્રમાણમાંજ ધાર્મિક આચરણાઓ કરનાર સંસારીઓને **'દેશવિરતિ'** તરીકે જણાવી, જે આત્માઓ સંસારને છોડી શકતા નથી–અંશે પણ વિરતિ આરાધી શકતા નથી, પરન્તુ જે **'સંયમ'** અને **'મોક્ષ'** એ બેજ વસ્તુઓને **'સારભૂત'** માની, સંસાર પરત્વે **'અભાવ'** ધરાવે છે તે **'સમ્યગ્દ્રષ્ટિ'** ગણાય છે. આ ત્રણે આત્માઓ મુક્તિના **'આરાધક'** કહેવાય છે. અને તેથીજ જૈનશાસ્ત્રોમાં સૌથી પહેલાં **'સંસારવિરાગ'** ઉપદેશાયો છે. કોઈ પણ જૈનશાસ્ત્રની એક પણ પંક્તિ એવી નથી, કે જે સંયમભાવનાની **'વિઘાતક'** હોય કે સંસારભાવનાની **'પોષક'** હોય. સારૂંય વિશ્વ સુખનું અર્થી છે: **'સુખપ્રાપ્તિ'** એ સૌનું **'ધ્યેય'** છે: અને તે **'મુક્તિ'** વિના અન્યત્ર નથીજ. અનન્ત કાળથી દુનિયા દુન્યવી સુખને માટે પ્રયત્ન કર્યેજ જાય છે: એ માટે એણે ખૂબ ખૂબ સહ્યું છે ને સહે છે: વ્હાલાં માતાપિતાને, પ્રિય પત્નીને, જન્મ–ભૂમિને, સ્નેહિ–સંબંધીઓને તેમજ લક્ષ્મી વિગેરેને એ એજ કારણે છોડી શકે છે: દુન્યવી સુખ એટલે કે–કંચન અને કામીનીની પાછળ ગાંડા–ઘેલા બનેલા વિશ્વે તો અનેક વિપ્લવો જગાવ્યા છે: અનેકનાં કરપીણ ખૂન કર્યાં છે: એજ લાલસામાં અનેકે પોતાનાં જીવનની આહૂતિ આપી છે: પોતાની લાલસાને આડે આવતાં અનેકોને ચેન કેન દુ:ખી કરી કે સંહારી, એમનાં આશ્રિતોને કંગાલ બના-

વ્યાં છે: અરે, જગતમાં પ્રવર્તી રહેલી અશાન્તિ, ક્લેશમ-મયતા ને દુઃખાવલિનું એકજ કારણ એ લાલસા છે. જેમ જેમ એ લાલસા વધે છે, તેમ તેમ મનુષ્ય માનવતાથી પર બનતો જાય છે અને એનામાં પશુવૃત્તિ ને પછી રાક્ષસીવૃત્તિ જન્મે છે. આમ છતાં જેમ એક **'નશાખોર'** અનેક ચિન્તાઓથી મુક્તિ મેળવવાના ઉપાય તરીકે નશો કરે છે અને એમ કરતાં પરિણામે **'ભયંકર વિનાશ'**ને પામે છે, તેજ રીતિએ અર્થ અને કામની **'બદી'**માં સપડાએલા સંસારીઓ, એમાં સુખ કલ્પીને પોતાની જાતને ફના કરવા સાથે, સંપર્કમાં આવનાર જનોને પણ ફના કરે છે. એટલે ધર્મોપદેશ માત્ર અર્થ અને કામની એ ભાવનાને નષ્ટ કરવા માટેજ હોઈ શકે, કારણકે—જગત્ એ ઝેરી અને ચેપી રોગથી બચે તેટલાજ ખાતર જૈનશાસનની સ્થાપના છે. **'જૈનશાસન'** એટલે અર્થ અને કામ–કંચન અને કામિની રૂપ વિષને જડમૂળથી ઉતારનાર **'જડીબુટ્ટી !'** માટેજ જૈનશાસન પામનારને કેવલ દીન અને દુઃખીનીજ દયા નથી આવતી, પરન્તુ સારાય વિશ્વની–**રાજા ને રંક સૌની દયા આવે છે.** અગર **દયાને પાત્ર કોઇ ન હોય, તો તે જૈન સાધુઓજ છે,** કે જેઓએ **પૌદ્‌ગલિક સુખો'** ને **'પૌદ્‌ગલિક સુખોની વાસના'**–ઉભયનો **'પરિ-ત્યાગ** કરી, કેવલ **'મુક્તિસાધક'** શુભ આચરણાઓનું **'સેવન'** કરવા માંડયું છે. બાકી દુન્યવી સુખમાં રાચી–માચી રહેલાઓને માટે તો કેવલ દયાપાત્રતા જ હોઈ ને, ભાવદયાથી ભીંજાએલા પુણ્યાત્માઓ એમને જૈનશાસનના રાગી બનાવવા જ ઇચ્છે છે. રાજા અને રંકમાં ફરક એટલોજ છે કે–એકની

પાસે પૌદ્‌ગલિક સુખની સામગ્રી છે અને બીજા પાસે તે નથી : પરન્તુ '**સામગ્રીસંપન્ન**' જ્યાં સુધી એ સામગ્રીમાં સુખ માની એને સંરક્ષવા ને વધારવા ઈચ્છે છે, ત્યાં સુધી એ પણ '**હૃદયનો રંક**' જ છે અને દીન પાસે પૌદ્‌ગલિક સુખ-સામગ્રી નહિ હોવા છતાંય, એને મેળવવાની ને મેળવીને ભોગ-વવાની '**લાલસા**' બેઠી છે એટલે એ પણ '**રંક**' છે. બાકી **દુનિયાનો રંકમાં રંક પણ જો એ લાલસાને છોડી દે, તો એ મહાન્ છે-સુખી છે.** આથીજ જૈન શાસ્ત્ર-કારોએ પૌદ્‌ગલિક સંબંધોને '**ક્ષણિક**'-'**અસાર**' ને '**આત્મ-ઘાતક**' તરીકે વર્ણવીને, જગત્‌ને એના '**સંપર્ક**' થી ને એને મેળવવાની '**ભાવના**'થી અલગજ રહેવાનું ઉપદેશી, બને તો '**સર્વવિરતિ**'-તે ન બને તો '**દેશવિરતિ**.'-તેય ન બને તો '**સમ્યગ્‌દ્રષ્ટિ**' અને તેટલુંય ન બને તો '**માર્ગા-નુસારી**' બનવાનું ઉપદેશ્યું છે. આથીજ દરેક જૈન સાધુના વ્યાખ્યાનદાનનો હેતુ, જગત્‌ને અર્થ ને કામની સાધના ને લાલસાથી પર બનાવવાનોજ અને સંયમમાં જોડવાનોજ હોય. અને એથીજ આ ગ્રન્થકાર મહાત્મા પણ એવાજ ભાવાર્થનો ઉપદેશ આપે છે કેઃ—

"જે આત્માઓ સંપૂર્ણ, શાશ્વત્ ને દુઃખના લેશ વિનાનું સુખ મેળવવા ઈચ્છતા હોય, તેઓએ ઇન્દ્રિયોને અને મનને કાબુમાં રાખતાં શીખવું જોઇએ : સંસારના પદાર્થોની લાલસા છોડવી જોઇએ : અને આત્માની પીછાન મેળવ-વાના પ્રયત્નો કરવા જોઇએ. પોતા પ્રત્યેનું બીજાનું જે જે આચરણ ન ગમતું હોય, તે તે આચરણ પોતે અન્ય પ્રત્યે નજ આચરવું જોઈએ: વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને શુભ ક્રિયાઓમાં અપ્રમત્તતા કેળવવી જોઇએ : પોતે કોઇનો નથી અને પોતાનું કોઇ નથી, અર્થાત્-માતાપિતા, સ્વજનપરિ-

વાર કે સુખદુઃખ, એ બધું કર્મજન્ય છે'–એમ માની મોહનાં બન્ધન ઢીલાં કરવાં જોઇએ અને એ બધાના હેતુભૂત કર્મનો નાશ કરનારી પ્રવૃત્તિ આદરવી જોઇએ : પોતાના આત્માની પોતે દયા ચિન્તવીને પાપથી સદાય ડરતા રહેવું જોઇએ : આ માટે જેમ બને તેમ નિઃસંગાવસ્થા કેળવવાની જરૂર છે : અને સંપૂર્ણ નિઃસંગ બનેલા આત્માઓજ સંપૂર્ણ, શાશ્વત્ અને દુઃખના લેશ વિનાનું સુખ અનુભવી શકે છે, જ્યારે અંશે અંશે નિઃસંગ બનેલા આત્માઓ તે પ્રમાણમાં સુખ પામે છે. ''

*

આ વસ્તુઓની શ્રદ્ધા તે '**સમ્યગ્ દર્શન**': આનું જ્ઞાન તે '**સમ્યગ્ જ્ઞાન**': અને એનો આચાર તે '**સમ્યક્ ચારિત્ર.**' આ ઉપદેશમાં ત્રણેનો સમાવેશ થઈ જાય છે! આ રત્નત્રયિના ઉપદેશમાં '**સાધુધર્મ**' અને '**ગૃહસ્થધર્મ**' ઉભયનો સમાવેશ થઈ જાય છે. ઉપર દર્શાવેલા ધર્મના '**સેવન**'થી જ '**સુખ**' છે અને એથી રહિત કાર્યમાં–'**પાપકર્મ**'માં કેવલ '**દુઃખ**'જ છે, એમ સમજાવતાં પૂ. પ્રવચનકાર મહાત્મા એક સ્થલે ફરમાવે છે કે:—

"જ્ઞાનીઓએ શાસ્ત્રોમાથી સારનું દોહન કરીને બે વસ્તુ કહી કે—ધર્મ કરવો એ સુખનું સાધન અને પાપ કરવું એ દુઃખનું સાધન."

આમ કહીને ધર્મનું સ્વરૂપ ટુંકમાં છતાં સ્પષ્ટપણે સમજાવતાં તેઓ ફરમાવે છે કે:—

"આપણી જાતને ભયંકર લાગે–દુઃખમય લાગે તે પારકા પ્રત્યે આચરવું નહિ,–એનું નામ ધર્મ જે જે બનાવોથી મને તકલીફ થાય, તે મારે મારી જીન્દગીમાં બીજા પ્રત્યે આચરવા નહિ,–આ મનઃકામના આવે તો જ સંપૂર્ણ સાધુપણું (સંપૂર્ણ ધર્મીપણું) થાય."

આ રીતિએ ધર્મનો ઉપદેશ આપ્યા બાદ પરમ ઉપકાર–પરાયણ પ્રવચનકાર મહાત્મા સુખના એક માત્ર સાધનરૂપ ધર્મનાં સાધનો દર્શાવતાં તેજ સ્થલે ફરમાવે છે કે:—

" ધર્મ, એ સુખનું સાધન છે : જે સાધન સુખનાં, તે જ ધર્મનાં! (માટે સુખના સાધન તરીકે કે ધર્મના સાધન તરીકે) ત્રણ વસ્તુ મૂકી:—

૧-પહેલી હંમેશાં બને તો ચોવીશ કલાક, કાયાથી ન બને તો હૃદયથી, હૃદયના બહુમાનપૂર્વક સાધુ એટલે ગુણોએ કરી વૃદ્ધ મહાપુરૂષો, એમની સેવા-એમની આજ્ઞાનું પાલન. આ સાધનની સેવાથી લાભ ત્રણ. ૧. સુંદર ઉપદેશની પ્રાપ્તિ : ૨. ધર્માત્માનાં દર્શન : ૩ સ્થાને વિનય.

*

૨-પરમાર્થ વૃત્તિથી દુનિયાનાં પ્રાણીઓ પ્રત્યે--વિશ્વપ્રત્યે, બદલો લેવાની ઈચ્છા વિનાની પ્રીતિ—સૌના હિતની ચિંતા. આથી શુભ ભાવના થાય અને દ્વેષરૂપ અગ્નિ બુઝાઇ જાય.

*

૩-દુનિયાદારીના સ્વયમેવ નાશવંત, મૂકીને જવાના, તેવા પદાર્થો પ્રત્યે મ્હારાપણાની ખોટી કલ્પી કાઢેલી બુદ્ધિનો નાશ, તે ત્રીજું સાધન. આથી તૃષ્ણા કે જે સઘળા દોષોની માતા છે અને સઘળા ગુણોનો ઘાત કરનારી છે, તેનો નાશ થાય છે.

*

આ માનવજીવન સફળ કરવા માટે બહુજ શુદ્ધ હૃદયપૂર્વક જે ત્રણ સાધનો સેવવાનાં બતાવ્યાં, તે આત્માને આ ભવમાં શાંતિ પમાડે અને તેથી ભવાંતરમાં પણ શાંતિ આપે એવાં છે. અને તેના આરાધનથી ભવિષ્યમાં એવી કાર્યવાહી થશે કે—આત્માની સાથે અનાદિકાળથી લાગેલ કર્મમળ સાફ થશે અને જે સુખને પ્રાણી માત્ર ઈચ્છે છે તે મુક્તિનું અદ્વિતીય સુખ, કે જે દુ:ખના લેશ વિનાનું, પૂરેપૂરૂં અને શાશ્વત્ છે, તે મળી શકશે : અને તે આત્માને સઘળાં દુ:ખના દાવાનળો સ્પર્શી પણ શકશે નહિ : અને તોજ મળેલ આર્યદેશ, આર્યકુળ, અને આર્ય જાતિની સફળતા થશે."

ધર્મઝનુની છે ?

પૂજ્ય પ્રવચનકાર મહાત્માનાં આજ ભાવાર્થને દર્શાવતાં પ્રવચનોની સ્હામે કોઈજ ધર્માર્થિ જૈનને કિંવા જૈનેતર સુજ્ઞજનને પણ 'વિરોધ' નજ હોય. એમાં કેવલ પોતાના

અને પરના કલ્યાણનીજ ભાવના છે. પરન્તુ '**ધર્મ**'ને નામે જીવવા છતાં અને '**ધર્મબખ્તર**'થી '**રક્ષિત**' છતાં, અધર્મ કરનારા તથા પોતાના અધર્મના બચાવને ખાતર '**ધર્મ**'ને પણ '**અધર્મ**'રૂપ દર્શાવવાનું પાપકર્મ કરી, જગતને પાપકર્મમાં વધુ '**રસિક**' બનાવનારાઓ, આજે આવા કલ્યાણકર ઉપદેશ સ્હામે પણ વિરોધ ઉઠાવી રહ્યા છે : એટલુંજ નહિ પણ તેઓ સીધી રીતે દલીલોમાં નહિ ફાવવાથી, વિશ્વમાત્રના આત્મિક કલ્યાણને ઇચ્છતા આ મહાપુરૂષને '**હલકા**' પાડવાના '**આશય**'થી, જૈન અને જૈનેતર જગત્માં આ '**તર્કટી**' બાબતો ફેલાવવાની '**દુશ્ચેષ્ટા**' કરી રહ્યા છે. એવાઓજ આ મહાત્માને '**ધર્મઝનુની**' મનાવવા મિથ્યા પ્રયાસો કરે છે. એ માટે પ્રમાણ તરીકે અમદાવાદના શ્રીમન્ત મીલમાલેક અંબાલાલ સારાભાઇએ સંવત્સરી જેવા પરમ પર્વને દિને કુતરાંઓ ઉપર કરાવેલા ગોળીબારના સંબંધે '**વીરશાસન**'ના તંત્રી અને પ્રકાશક સ્હામે ચાલેલા કેસમાં, મેજીસ્ટ્રેટે—'તે મુનિ રામવિજયજી એક '**ધર્મઝનુની**' સાધુ છે'—એવા જજમેન્ટમાં લખેલા શબ્દો ટાંકે છે, પરન્તુ એ કેસની અપીલના જજમેન્ટમાં વિદ્વાન્ ન્યાયાધીશ **મી. ડેવીસે** પહેલાંના જજમેન્ટમાં જે '**અનેક સુધારા**' કર્યા હતા, તેમ એ પણ 'સુધારો' કર્યો હતો કે—'**તે મુનિ રામવિજયજી એક 'ધર્મશ્રદ્ધાળુ' સાધુ છે.'—ધર્મઝનુની નહિ !**

વધુમાં બાઈ રતને કરેલા કેસના સંબંધમાં પણ જેમની જુબાની વિશ્વાસપાત્ર ગણવામાં આવી હતી, તે અમદાવાદની

સ્મૉલ કૉઝ કૉર્ટના જજ રા. **સૂરચંદ પી. બદામીએ** જુબાનીમાં પૂ. પ્રવચનકાર મહાત્મા સંબંધમાં જણાવ્યું હતું કે:–

"હું રામવિજયજીને ઓળખું છું: તેઓ જૈનધર્મના સાધુ છે: હું તેમને ગુરૂ તરીકે માનું છું: રામવિજયજીનો ઉપદેશ મેં સાંભળ્યો છે: તેમના આચાર–વિચાર જૈનધર્મને તદ્દન અનુસરતા છે: આ બન્ને (પૂ. રામવિજયજી અને તેઓ શ્રીમદ્‌ના ગુરૂ સિદ્ધાન્તમહોદધિ શ્રી પ્રેમવિજયજી મહોપાધ્યાય) સાધુઓના ચારિત્ર વિષે મને ઉંચો અભિપ્રાય છે: અને તેઓ બન્ને ઉંચી કોટિના સાધુ છે. જ્યારે મેં રામવિજયજીને પાનસરમાં પહેલીજવાર સાંભળ્યા, ત્યારે મ્હને લાગ્યું કે–એ પ્રોડીજી (Prodigy–અસાધારણ) થશે અને તેમના ગુરૂ આત્મારામજીનું[1] નામ રાખશે અને તે પછીના અનુભવથી મારો તે અભિપ્રાય હજુ બદલાયો નથી."

*

આ ઉપરાન્ત પૂ. પ્રવચનકાર મહાત્માના વિરોધીઓ તેઓ શ્રીમદ્‌ની સ્હામે અસભ્ય ભાષાનો, પ્રશ્નકારોને હલકા પાડવાનો તેમજ તેઓશ્રીને સાંભળનારાઓમાં કુસંપવૃત્તિ જગાવવાનો અસત્ય આક્ષેપ કરે છે. તે સંબંધમાં **મુંબઇની સ્મૉલ કૉઝ કૉર્ટના માજી ન્યાયાધીશ, સુપ્રસિદ્ધ**

૧. પૂ. આત્મારામજીના પટ્ટધર વિજયકમલસૂરિજી: તેમના પટ્ટધર વિજયદાનસૂરિજી: તેમના મૂખ્ય શિષ્ય પ્રેમવિજયજી અને તેઓશ્રીના શિષ્ય ગ્રન્થકાર મહાત્મા: પરન્તુ આ સાધુસમૂહ શ્રી આત્મારામજીના સંઘાડા તરીકે ઓળખાતો હોઇને, રા. બદામીએ ગ્રન્થકારને તેમના શિષ્ય કહેલ છે: પૂ. આત્મારામજી વીસમી સદીના એક પરમ પ્રભાવક હતા.

સાક્ષરવર્ય, દિવાન બહાદૂર શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી જેવી એક વિદ્વાન્ જૈનેતર વ્યક્તિએ પોતાનો જે અનુભવ કહ્યો છે, તેજ દર્શાવવો કદાચ બસ ગણાશે. આ રહ્યો તે અનુભવ:—

"મુનિ શ્રી રામવિજયજી મહારાજનાં વ્યાખ્યાનોની સોએ સો ટકા ખૂબી અને કીંમત તો તે વ્યાખ્યાનો સાંભળવાથી સમજાય, વાંચવાથી નહિં. આ બાબતનો અનુભવ લેવા માટે મેં મુનિશ્રીના "ધર્મ" ઉપરના એક વ્યાખ્યાનમાં ખાસ હાજરી આપી અને તેમના પ્રભાવશાળી વકતૃત્વનો લાભ લીધો. સચોટ, સરલ અને તરત હૃદયમાં ઉતરી જાય તેવી શૈલી વાપરવામાં એઓ એક્કા છે. એમનો શ્રોતા વર્ગ મ્હોટે ભાગે કેળવણી, શીક્ષણ અને સંસારવ્યવહારની દૃષ્ટિએ જોતાં પણ મધ્યમ વર્ગનો Middle Class નો હોય છે, એટલે તેમના મન ઉપર અસર કરવા માટે વ્યાખ્યાનોની ભાષા ઘરથ્થુ, લોકપ્રિય હોવી જોઈએ અને દ્રષ્ટાંતો સ્હેલથી સમજી શકાય તેવાં અપાવાં જોઇએ: અને મુનિશ્રી ખરેખર તેજ ધોરણે વ્યાખ્યાન આપી શ્રવણ કરવા બેઠેલી મંડળીના હૃદયમાં પોતાના વિચારો સોંસરા પેસાડી દે છે. વચમાં વચમાં પ્રશ્નોત્તર પણ થતા જાય છે. ગમે તેવો કઠીન પ્રશ્ન એકાએક એમની સમક્ષ મૂકવામાં આવે છે, છતાં પણ મગજનું સમતોલપણું ન ખોતાં, પોતાની વિચારશ્રેણિમાં ત્રુટિ ન આવવા દેતાં, નૈસર્ગિક હાજરજવાબીના ગુણનો ઉપયોગ કરી, તે પ્રશ્નનો પોતે ઉત્તર આપે છે. પુસ્તક રૂપે તો એમનાં વ્યાખ્યાનોનો માત્ર સારજ અપાય, કારણ એમના બોલેબોલ, એમની ભાષણ કરવાની છટા, એમના મનના ભાવનું પ્રદર્શન વિગેરે કાંઇ ટાઈપમાં મૂકી શકાય નહિ, પરંતુ એ સારનું પણ જે રીતે દોહન કરવામાં આવ્યું છે તે પ્રશંસનીય છે. છપાયેલાં વ્યાખ્યાનો જો મ્હોટેથી અને યોગ્ય જગ્યાએ ભાર દઇ વાંચવામાં આવે, તો જાણે મુનિજીનેજ સાંભળતા હોઇએ એવો આભાસ થાય છે. તેનું કારણ એ છે કે—બની શકે ત્યાં વ્યાખ્યાનકર્ત્તાએ ઉચ્ચારેલા શબ્દો તથા બોલ સાચવી રાખવામાં, ઉતારી લેવામાં, લખી લેવામાં આવેલા છે અને તેથી એ વ્યાખ્યાનોનું વ્યક્તિત્વ (Individuality) જળવાઈ રહ્યું છે. વ્યાખ્યાનોમાં કર્ત્તાએ આપેલો બોધ તથા જણાવેલી હકીકતનું તેમજ હાલના જમાનામાં થયેલી આચારોની

શિથિલતા, સાધુતા જાળવવાની આવશ્યકતા, વગેરે જરૂરી વિષયોનું બહુ સારી રીતે સ્પષ્ટીકરણ થયું છે. કટાક્ષરૂપે જે સમજે તેને એમણે સખત ચાબખા પણ માર્યા છે. એમાંની ઘણી હકીકત જૈન તથા જૈનેતર બન્નેને સરખી રીતે લાગુ પડે છે, એટલે બન્ને કોમને એ પ્રવચન વાંચવાથી લાભજ થશે.

મુનિશ્રીનાં પ્રવચન આવી રીતે સંગ્રહી રાખવાનો પ્રયાસ સ્તુત્ય છે, એમ કહેવાની જરૂર નથી.”

વધુમાં આ પૂ. પ્રવચનકાર મહાત્માનાં મનનીયતા ને બોધકતાની સાથે રસિકતાભર્યાં પ્રવચનોને પ્રસિદ્ધ કરતા સાપ્તાહિક “**જૈન પ્રવચન**”ના સમ્પાદક પાસે સેંકડો વણ-માગ્યા અભિપ્રાયો આવ્યા છે, કે જેમાં આ મહાત્માને કોઇએ ‘**દીવ્ય પુરૂષ**’ કહેલ છે, કોઈએ ‘**સરસ્વતીના લાડીલા કુમાર**’ કહેલ છે, કોઈએ ‘**આ જમાનાના પુરૂષ-પ્રવર**’ કહેલ છે, કોઇએ ‘**જૈનસમાજના મહાન્ ઉદ્ધારક**’ કહેલ છે અને કોઇએ ‘**પૂર્વભવના મહાન્ સંસ્કારી**’ પણ કહેલ છે તેમજ આ મહાત્માનાં ‘**પુણ્ય પ્રવચનો**’ સંબંધી ઘણાજ ‘**ઉંચા અભિપ્રાયો**’ દર્શાવી, આવાં પ્રવચનોના પ્રકાશન દ્વારા જગત્ ઉપર મહાન્ ઉપકાર કરનાર તરીકે એના સમ્પાદકને પણ ‘**ધન્યવાદ**’ આપેલ છે. પરન્તુ તે બધાનું અત્રે અવતરણ કરીએ, તો એક બીજો ગ્રન્થ તૈયાર થાય : એટલે એમાંના માત્ર થોડાજ અભિપ્રાયો અપાય છે:—

૧. **ઉજ્જૈનથી શ્રીયુત દીપચંદ કોઠારી લખે છે** કે:—‘પત્રની ભાષા, રોચકતા, કાગળ, છપાઈની શુદ્ધતા, × × લેખનશૈલિ આદિ બહુજ સુન્દર છે અને તેનો વિષય ઉંચ્ચાતિઉંચ્ચ અને જૈન સિદ્ધાન્તના રહસ્યને સમજાવનાર છે. આશ્ચર્ય છે કે—પત્રની શરૂઆતથી આજ સુધી એકજ રસભર્યો ધારાપ્રવાહ ચાલુ છે. પત્રની ભાષા અને ભાવ, વિષય

અને આદર્શ આદિની ગોઠવણી, એવા તો વિચારપૂર્વક કરવામાં આવી છે કે-એની કોઇ પણ પ્રણાલીમાં લેશ માત્ર ફેરફારની જરૂર જણાતી નથી. જેનાં આવાં વ્યાખ્યાનો છે તે મહાત્માશ્રી, ખરેખર જૈનશાસનના શણગાર છે, જૈનાગમનો યથાર્થ અર્થ કરનાર છે.'

૨. કચ્છ :—**નલીયાથી શેઠ વર્ધમાન રામજી હંસરાજ લખે છે કે:**— યંગ ઇન્ડીઆ અને નવજીવન જે પ્રચારકાર્ય કરી રહેલાં છે, તેથી પણ અધિક આપનાં વ્યાખ્યાનોમાં લોકો ઉલટભેર રસ લઈ રહ્યા છે.'

૩. **એક ભાઈ લખે છે કે:**—'તમારા વ્યાખ્યાનથી મને બહુ અસર થઈ છે. × × આપને સરસ્વતી દેવીનો પડછો જરૂર છે.'

૪. **કપડવંજથી અવલકારકુન લલ્લુભાઈ રતનચંદ લખે છે કે:**— 'જૈન પ્રવચનના એક નવા ગ્રાહક રા. રા. ત્રિવેદી મણીલાલ જાદવરાય થયા છે. તેમણે મારા અંકો વાંચ્યા છે અને તેમને સારો રસ પડયો છે. તે એક બ્રાહ્મણ જિજ્ઞાસુ સજ્જન છે. પ્રવચન અખંડ ચાલુ રહે એવી અમારી ઈચ્છા છે. રા. ત્રિવેદી તેને બહુજ આદરથી વાંચે છે, જૈન તેમજ જૈનેતરમાં તે બહુજ પ્રિય થઇ પડે તેમાં કાંઈજ શંકા નથી.'

૫. **સાયલાથી એક સ્થા૦ સાધુ લખે છે કે:**—'રામવિજયજી જેવા પ્રખર વકતાના આધારથી જનશાસન ટકી રહ્યું છે. સેંકડો વર્ષોથી સુતેલી જૈન પ્રજાને જગાડવામાં સિંહનાદ છે. બીજા ભાવમાં કહું તો ખરેખર ઉષા પ્રગટી છે.'

૬. **કાવીથી એક ભાઈ લખે છે કે:**—'આ પત્ર મને બહુજ ગમે છે, વ્યાખ્યાનકાર કોઈ દેવતાઇ પુરૂષ લાગે છે.

*

ઉશ્કેરણી કરે છે?

જ્યારે ધર્મદ્રોહીઓ પૂ. પ્રવચનકાર મહાત્માને ધર્મઝનુની તરીકે પૂરવાર કરવામાં નિષ્ફલ નિવડે છે, ત્યારે તેઓ 'સાધુએ ભાષાસમિતિ રાખવી જોઇએ અને તે માટે સામાને કચવાટ ન થાય તેવું કહેવું જોઈએ'-એમ કહે છે. સંસારમાં

જેઓને વડીલ તરીકે શીખામણ દેવાના અવસર આવ્યા હશે, તેઓ તો સ્હેજે કલ્પી શકશે કે–તે સામાને કડુ લાગે છે: માત્ર યોગ્ય આત્માઓજ તેનો સ્વીકાર કરી શકે છે. કડવું તો કરીયાતુંય હોય ને ઝેર પણ હોય: એક જીવાડે ને બીજું મારે: પહેલાના અસ્વીકારમાં પ્રાણુનાશનો ભય વધે ને બીજાના સ્વીકારથી નાશ થાય. એટલે ગભરાવાનું કડવાશથી નહિ, પણ ઝેરથી! તેજ રીતિ ઉપદેષ્ટા માટે છે. એનું કથન સાચું ને હિતકારી હોય, તો એમાં કડવાશ છતાં એ દુરાચારરૂપ રોગનું નિવારણ કરે છે. માટેજ સત્યની વ્યાખ્યામાં તથ્ય, પ્રિય, મિત ને હિત વચન બોલવું એમ કહ્યું: છતાં ખૂલાસો કર્યો કે–પ્રિય ન હોય તો ચાલે, મિત ન હોય તોય ચાલે, પણ હિતકર ન હોય તે નજ ચાલે. અને તેથીજ જ્ઞાની-પુરૂષોએ ફરમાવ્યું છે કે:—

"**परो रुसउ वा तुसउ वा, हिया भासा भासियव्वा।**"

*

'સામો રોષ પામો યા તોષ, પણ હિતકારી ભાષા બોલવી જોઇએ.'

*

આ બધા ઉપરથી વાંચકો સ્પષ્ટ રીતે સમજી શકે તેમ છે કે–પૂ. પ્રવચનકાર મહાત્મા ઉપર મૂકાતો '**ધર્મઝનુન**'નો આરોપ '**સર્વથા અસત્ય**' છે અને તેઓ શ્રીમદ્‌નાં પ્રવચનો '**ઉશ્કેરનારાં નહિ પરન્તુ આત્મપ્રબોધ કરનારાં**' છે, તેમજ તેઓ શ્રીમદ્‌ની '**શુભેચ્છા**' જગત્‌ને સ્થાયિ, શાશ્વત્ અને દુ:ખના લેશ વિનાનું સુખ પમાડવાનીજ હોઈને,

તેઓશ્રી તેના એક માત્ર સાધન અહિંસા, સંયમ અને તપ-રૂપ ધર્મનેજ ઉપદેશનારા છે.

પૂ. શ્રીસંઘની અવગણના ?

ધર્મદ્રોહીઓ તરફથી એવું પણ પ્રચારવામાં આવે છે કે-' પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી પચીશમા પ્રભુસમ પૂજ્ય શ્રી સંઘની અવગણના કરે છે.' પરન્તુ વાસ્તવિક તેમ નથીજ. એઓશ્રીએ પૂ. શ્રીસંઘના સ્વરૂપને દર્શાવતાં જે વ્યાખ્યાનો આપ્યાં છે અને જેનું સારભૂત અવતરણ **'જૈન પ્રવચન'** સાપ્તાહિકમાં પ્રગટ થઇ ગયું છે ને થયે જાય છે, તે વાંચતાં કોઇજ એમ કહી શકે નહિ કે-'તેઓશ્રી પૂ. શ્રીસંઘની અવગણના કરે છે.' આથી સ્પષ્ટ કહેવું જોઇએ કે-'જેઓ જિનાજ્ઞાને અવગણીને પણ **'જમાનાવાદ'**ની મોરલીએ નાચવા ઇચ્છવા છતાં, પોતાને **'પચીસમા પ્રભુસમ'** મનાવવાની **'દુર્લાલસા'**માં ડૂબ્યા છે અને શ્રી જિનશાસનના **'આરાધક'** શ્રીસંઘમાં **'મોવડી'** બની સત્તા જમાવવા ચાહે છે, તેઓની **'અયોગ્યતા'** બહાર આવવાથી, રોષથી પીડાઇને તે બીચારાઓ આવા આરોપો મૂકવા દ્વારા, પોતેજ પોતાના **'ભાવ-મરણ'**ને નોંતરે છે. બાકી પૂ. શ્રીસંઘના સંબંધમાં તો પૂ. પ્રવચનકાર મહાત્મા ફરમાવે છે કે:—

" સંઘરૂપ નગર-ગુણ રૂપ મકાનોથી ગહન હોય, શ્રુતજ્ઞાન રૂપી રત્નોથી ભરેલું હોય, ત્યાંની સમ્યગ્દર્શનરૂપ વિશુદ્ધ શેરીયોની ધૂળ પણ સંસારને અસાર કહે, કે જે શેરીદ્વારા નગરમાં જવાય : અને એ નગરના રક્ષણ માટે અખંડ ચારિત્ર રૂપ કીલ્લા હોય. આમાં મૂળ ગુણ, ઉત્તર ગુણ, સમ્યગ્દર્શન અને શ્રુતજ્ઞાન-આ ચાર શિવાય બીજું કંઈ છે ? આ જેનામાં હોય તે સંઘ, ન હોય તે બહાર : આ હોય તે સંઘ પૂજ્ય. એવા શ્રીસંઘને જે ન

પૂજે તે પ્રભુશાસનની બહાર અને આથી ઉંધા સંઘને પૂજે તે પણ શાસનથી બહાર! ઘર તથા વ્યવહાર સાચવવા પણ આવા ઉંધા સંઘને પૂજતા મા! અત્યારે પાંચ-દશ પડખે હશે, પણ એકલા હો, ઘરને તાળાં મારી ભાગવું પડે, તો તે હો!-પણ અયોગ્યને શરણે ન જવાય. આ હઠ નથી પણ પવિત્ર પ્રતિજ્ઞા છે—એમ નિશ્ચયપૂર્વક માનજો. અને તેના પાલનમાં સ્થિર રહેવું, એમાંજ આત્મકલ્યાણ છે."

*

"હવે શ્રી સંઘરૂપ નગરમાં વસનાર પોતાના સંસારને છેદવાજ ઈચ્છે. સંસારને છેદવા ઈચ્છતા માટે શ્રીસંઘ ચક્રનું કામ કરે એમાં આશ્ચર્ય શું? જે શ્રીસંઘ સંસારનો છેદક બનવાને બદલે પોષક બને, તેનામાં પણ સંઘત્વ નથી ટકતું. માટે તે પણ પૂજ્ય નથીજ. સંસાર પોષવાની ક્રિયા ધમધોકાર કર્યેજ જાય અને એમાંજ આનંદ માને, એની પૂજા એ પણ પરમતારક શ્રી તીર્થંકરદેવોની આશાતનાજ છે. અને એ પુણ્યપુરૂષોની આશાતનાનું ફલ અનંત સંસાર, એ વાતમાં જરા પણ શંકા નથી: અને આપણી ઈચ્છા સંસારને વધારવાની નથી, એટલે આપણે તેવા સંઘને કેમજ પૂજીએ? શ્રી સંઘરૂપ ચક્રમાં સત્તર પ્રકારના સંયમરૂપ તુમ્બો છે, બાર પ્રકારના તપરૂપ આરા છે, અને સમ્યક્ત્વરૂપી ધારા છે. ધારાનું કામ એ કે—છેદે. ધારાની મજબૂતીથી આરા મજબૂત રહે અને તોજ તુંબો ધાર્યું કામ આપે. શ્રી સંઘરૂપ ચક્રની સમ્યગ્દર્શનરૂપી ધારા એવી તેજ હોય કે-સંસારની લાલસાને કાપ્યેજ જાય. પોષવાનું કામ એનું નહિ. એ વાસના કપાઈ કે બાર પ્રકારના તપરૂપ આરા મજબૂત બને: અને તેમ થાય તો સત્તર પ્રકારનું સંયમ દીપે. એ દીપે કે પૂજ્યતા આવે; એ પૂજ્યતાના યોગે પૂજ્ય બનેલા શ્રીસંઘને અવશ્ય પૂજીએ."

*

"શ્રી તીર્થંકરદેવની ગેરહાજરીમાં શ્રીસંઘ એ જ કલ્યાણરૂપ છે. શ્રી તીર્થંકરદેવ તો ગયા, પણ શ્રીસંઘને સ્થાપતા ગયા, કે જેથી આપણે સુખપૂર્વક ધર્મની આરાધના કરી શકીએ."

આ કથનના કહેનાર મહાપુરૂષને કયો સુજ્ઞજન એમ કહે કે—તેઓ પૂ. શ્રીસંઘને અવગણનાર છે? બેશક, ગુણહીન

ગુણવાન તરીકે પૂજાવા મથે, તો સાચો પૂજક એને નજ પૂજે તે સ્વાભાવિકજ છે. જે પૂ. શ્રીસંઘ નગરરૂપ બની ચારિત્ર ને ચારિત્રધરની રક્ષા કરે, જે પૂ. શ્રીસંઘ ચક્રરૂપ બની સંઘનગરમાં રહેનારના સંસારને છેદે, જે શ્રીસંઘ રથ રૂપ બની યોગ્ય આત્માઓને મોક્ષ માર્ગે લઈ જાય, તે શ્રીસંઘ જ્યારે ચારિત્રના માર્ગમાં કાંટા વેરે, સંયમધરોના સંયમની લૂંટ ચલાવે, સંસારવાસનાનું વિષ વધે તેમાં જૈનશાસનની ને ને જૈનત્વની ઉન્નતિ મનાવે, અને જે મોક્ષમાર્ગના પ્રવાસમાં કેવલ કષ્ટોજ ખડાં કરે, તો તેને માટે **ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** '**अट्ठी समूहो**'–'**હાડકાંનો ઢગલો**' એવી ઉપમા આપે છે. અને તેજ શબ્દો '**ગુણહીન**' એટલુંજ નહિ પણ '**ગુણદ્રોહી**' બનીને પણ '**રૂપમા પ્રભુસમ**' પૂજાવા ઇચ્છનારાઓ માટે પૂ. પ્રવચનકાર મહાત્મા કહે છે.

માત્ર દીક્ષાનોજ ઉપદેશ ?

પૂ. પ્રવચનકાર મહાત્મા ઉપર એવો પણ આક્ષેપ કરવામાં આવે છે કે–'તેઓશ્રી માત્ર દીક્ષાનોજ ઉપદેશ આપે છે અને ગૃહસ્થધર્મ વિષે કાંઇજ કહેતા નથી.' આ વાત કેવલ બનાવટી અને જૂઠી છે, એ તો '**જૈન પ્રવચન**' સાપ્તાહિકનો કોઇ પણ વાંચક સ્વીકારી શકે તેમ છે. છતાં માત્ર દલીલ ખાતર તેમ સ્વીકારવામાં આવે તો પણ તેઓશ્રી ક્યાં ભૂલે છે, એ કોઇજ રીતિએ પૂરવાર થઇ શકે તેમ નથી, કારણ કે–

(अ) સંપૂર્ણ, શાશ્વત્ અને દુઃખના લેશ વિનાનું સુખ પ્રાપ્ત કરવાને માટે મોક્ષમાર્ગનું સેવન એજ એક ઉપાય છે :

(आ) અનન્ત જ્ઞાનીઓએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ રત્નત્રયિનેજ મોક્ષમાર્ગ કહેલ છે :

(इ) સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનના સદ્ભાવમાં સમ્યક્ ચારિત્રનો અભાવ હોઈ શકે છે, જ્યારે સમ્યગ્ દર્શનથી સુવિશિષ્ટ સમ્યગ્ જ્ઞાન ન થાય ત્યાં સુધી સમ્યક્ ચારિત્ર હોઈ શકવુંજ નથી :

(ई) એટલે મોક્ષસાધન માટે સર્વોત્તમ આદર્શ સમ્યક્ ચારિત્રજ છે. એ વિના સંપૂર્ણ કર્મક્ષય નથી અને એથી મુક્તિ પણ નથીજ.

(उ) જ્ઞાની પુરૂષોએ જ્ઞાનનું ફલ વિરતિ–ત્યાગ—દીક્ષાજ કહેલ છે.

(ऊ) એટલે કે—સમ્યક્ ચારિત્ર, સમ્યગ્ જ્ઞાન વિના હોઈ શકેજ નહિ અને સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્દર્શન વિના હોઈ શકે નહિ.

(ऋ) આથી પૂરવાર થાય છે કે–સમ્યક્ ચારિત્રના—દીક્ષાના ઉપદેશમાં અલ્પાત્યલ્પ ધર્માનુષ્ઠાનથી માંડીને સર્વોચ્ચ ચારિત્રનો સમાવેશ થઈ જાય છે.

આમ વિચારતાં પૂ. પ્રવચનકાર મહાત્મા કેવલ દીક્ષાનોજ ઉપદેશ આપતા હોય તો પણ જરાય અસ્થાને નથી. પરન્તુ વિરોધીઓ કહે છે કે–'તો પછી પ્રભુએ ગૃહસ્થધર્મ પ્રરૂપ્યોજ શા માટે ?' આપણે આ વસ્તુને પ્રશ્નોત્તરના રૂપમાં મૂકીએ.

પ્રશ્ન૦ 'મુક્તિ મેળવવાની જરૂર શી ?'

ઉત્તર૦ 'જન્મ–મરણ તથા આધિ–વ્યાધિ–ઉપાધિથી બચવા માટે !'

પ્રશ્ન૦ 'મુક્તિનો ઉપાય શો ?

ઉત્તર૦ 'પ્રત્યેક પાપનો પશ્ચાત્તાપ ને પાપથી બચાવ.'

પ્રશ્ન૦ 'પાપનો બચાવ વધારે કયાં થાય ? સર્વવિરતિમાં, દેશવિરતિમાં, સમ્યગ્દૃષ્ટિમાં, માર્ગાનુસારીમાં કે મિથ્યાદૃષ્ટિમાં ?'

ઉત્તર૦ 'સર્વવિરતિમાં'

પ્રશ્ન૦ 'અમૂક ધર્માચરણ મોક્ષહેતુ છે એ શાથી જણાય ?'

ઉત્તર૦ 'જ્ઞાની મહારાજા ધર્મનું સ્વરૂપ દર્શાવતાં ફરમાવે છે કે—

“ जत्थ विसयविराओ, कसाचाओ गुणेसु अणुराओ ।
किरिआसु अपमाओ, सो धम्मो शिवसुहावाओ ॥१॥”

*

‘ જે ધર્મના સેવનથી વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને શ્રી તીર્થંકરદેવે ફરમાવેલી ક્રિયાઓમાં અપ્રમત્તતા આવે, તેજ ધર્મ શિવસુખનો ઉપાય છે. ’

*

પ્રશ્ન૦ ‘ ઉપર દર્શાવેલી ધર્મસેવનથી પમાતી વસ્તુઓ સાધુ જલ્દિ પામે કે ગૃહસ્થ ? ’

ઉત્તર૦ ‘ સાધુ, કારણ કે-જેનામાં વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને ધર્મક્રિયાઓમાં અપ્રમત્તતા પ્રાપ્ત કરવાની ભાવના આવી જાય, તે સંસારમાં કોઇ રીતિએ રસપૂર્વક ન રહી શકે, કારણ કે-સંસાર એટલેજ વિષયરાગ, કષાય સદ્‌ભાવ, દુર્ગુણાનુરાગ અને ધર્મક્રિયામા પ્રમત્તતા ; જો એમ ન હોય તો અનન્તકાળથી સંસારમાંજ ભટકવા છતાં મુક્તિ કેમ ન થઈ? કારણ કે-સંસાર પાપરૂપ છે. ’

પ્રશ્ન૦ ‘ તો પછી ધર્મ માત્ર સંસારથી વિરક્તોને માટેજને ? ’

ઉત્તર૦ ‘ હા, એમજ. સંસારની વિરક્તતા વિના ધર્મ હોઈ શકેજ નહિ. અને માટેજ પહેલાં સંસારનો ભય ને મોક્ષની કાંક્ષા પેદા થવીજ જોઇએ. ’

પ્રશ્ન૦ ‘ એનો અર્થ એજ ને કે-સાધુ એટલા ધર્મી ને બાકીના અધર્મી ? ’

ઉત્તર૦ ‘ હા, સંપૂર્ણ ધર્મી સાધુઓજ કહેવાય છતાં બીજા અધર્મી નહિ, કારણ કે-થોડો થોડો ધર્મ આચરનાર પણ બાકીના અધર્મથી ભય પામતોજ હોય છે તેમજ માત્ર ધર્મનેજ કલ્યાણકર માની એના આચરણની ભાવનાવાળો પણ અધર્મથી કંપતો હોય છે. એટલે એક એકથી ઉતરતા. ’

પ્રશ્ન૦ ‘ તો પછી દેશવિરતિ ધર્મ ને સમ્યક્ત્વ ધર્મ કોને માટે ? ’

ઉત્તર૦ ‘ જેઓ સર્વવિરતિ ન સ્વીકારી શકતા હોય તેઓ દેશવિરતિ બને અને તેટલીય તાકાત વિનાના સમ્યગ્‌દૃષ્ટિ બને, છતાં ત્રણેમાં પાપની

ભિરૂતા ને સંયમની રૂચિ હોયજ: માત્ર ફરક એટલો કે—એકે પોતાની ભાવનાને સંપૂર્ણ અમલમાં મૂકી, બીજાએ અશક્તિના યોગે થોડો અમલ કર્યો અને ત્રીજો સાવ નિર્બલતાના કારણે અમલરહિત છે. ટુંકમાં સંસારની ભીરૂતા વિના મોક્ષરૂચિ જન્મે નહિ, મોક્ષરૂચિ જન્મ્યા વિના સંયમની ઇચ્છા થાય નહિ અને સંયમની ઈચ્છા થવા છતાં પણ કર્માવરણથી દબાએલી શક્તિના પ્રમાણમાં અમલ થાય: અર્થાત્-સર્વ જીવો દીક્ષાજ લઇ શકે નહિ, માટે તેઓ યથાશક્તિ અમલ કરી શકે તદર્થે ગૃહસ્થ ધર્મ છે: છતાં એમાં ભાવના ને ધ્યેય તો સંયમનું જ'

*

આ વિષયમાં ખૂબ ખૂબ પ્રમાણો ટાંકી શકાય તેમ છે, પરન્તુ તે કાંઈ અહીં બની શકે તેમ નથી. માત્ર આપણી ઉપરની માન્યતા શાસ્ત્રપ્રમાણથી સિદ્ધ છે, એમ જણાવવા માટે કલિકાલસર્વજ્ઞ ભગવાન્ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શબ્દોજ ટાંકીએ. તેઓશ્રી ફરમાવે છે કે:—

'જે આત્મામાં સર્વવિરતિ પ્રત્યે પ્રેમ નથી, તેનામાં દેશવિરતિના પરિણામ પણ આવતા નથી.!'

—અને વાત પણ સાચી છે કે—અંશે અંશે પણ કરાએલા ત્યાગમાં જે દેશવિરતિ આત્મકલ્યાણ માનતો હોય, તેને સર્વથા ત્યાગ પ્રત્યે અભાવ હોઈજ ન શકે અને બાકીની અવિરતિ છતાં એ પોતાના જીવનને કેમેય સર્વથા નિષ્પાપ ન માની શકે !! એ બધો વિચાર કરતાં સ્હેજે સમજાશે કે—જગતના પરમ ઉપકારક મહાપ્રભુએ તેજ આત્માઓને માટે ગૃહસ્થધર્મની સ્થાપના કરી છે, કે જે આત્માઓમાં સંસારનો ભય અને મોક્ષની રૂચિ પેદા થયા છતાં તેનેજ અનુરૂપ વર્તન કરી શકતા નથી, પરન્તુ થોડો પ્રયત્ન

કરે છે. આથીજ સાધુઓને માટે પાંચ મહાવ્રતમાંથી એક પણ ઓછું લે તે નજ ચાલે એમ કહ્યું, કારણ કે–સાધુજીવન કેવલ નિરવદ્યજ બનવું જોઈએ: અને ગૃહસ્થોને માટે કોઈ પૂરાં બાર, કોઈ અગીઆર, કોઈ દશ, કોઈ નવ, અને યાવત્–એક પણ અણુવ્રત લે: જેવી જેની શક્તિ. એટલે એમાં હેતુ માત્ર એટલોજ છે કે–એમ ધીરે ધીરે પણ એમને આ વિરતિના માર્ગે લઈ આવવા. આથીજ પૂર્વાચાર્યોએ ગૃહસ્થધર્મને અંગે પણ ઝીણવટભર્યું વિવેચન કરીને આત્મબોધ આપ્યો છે અને વર્ત્તમાનમાં ગીતાર્થ ગુરૂવરો આપે છે. પૂ. પ્રવચનકાર મહાત્મા પણ સમયે સમયે એ ઉપદેશ આપેજ છે. છતાં એ વિષેના પ્રશ્નના ઉત્તરમાં બોલતાં તેઓ શ્રીમદે ફરમાવ્યું છે કે:—

" પૂર્વાચાર્યો અને તેમના ગ્રંથોને પૂરેપૂરૂં માન આપીએ છીએ અને શ્રાવકધર્મ શ્રાવકોને એકવાર નહિ પણ અનેકવાર, વખતો વખત બતાવીએ છીએ અને સમજાવીએ છીએ. શ્રાવકપણું, સમ્યક્ત્વ, માર્ગાનુસારીપણું, સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, ગુરૂવંદન, પર્વતીથિઓએ પૌષધ, દાન, શીલ, તપ, ભાવ, એ વિગેરે શ્રાવકની કરણીઓ અનેકવાર ઉપદેશીએ છીએ અને ગમે ત્યારે પણ એ બતાવવા અમે યથાશક્ય રીતે તૈયાર છીએ. તેથી શ્રાવક ધર્મ નહિ બતાવવાનો આરોપ એક ક્ષણ પણ અમારા ઉપર ટકી શકતો નથી. "

આ ઉપરાન્ત જો ટીકા કરનારાઓ **'ઉઘાડી આંખે'** ને **'નિર્મલ હ્રદયે'** પૂ. પ્રવચનકાર મહાત્માનાં વ્યાખ્યાનો વાંચે, તો તેઓ સમજી શકે કે–'તેઓ મ્હોટે ભાગે માનવતા કેળવવાનો ઉપદેશ આપે છે. તેઓશ્રી વારંવાર જૈનોમાં ઘુસેલી બદીઓ વિષે સચોટ ઉપદેશે છે: દુર્વ્યસનોના ત્યાગ માટે

પુનઃ પુનઃ સૂચન કરે છે : જીવનની જરૂરીયાતોને ઘટાડવી-મોજ-શોખ કમી કરવા-લક્ષ્મીવાન બનવાની લાલસા છોડવી-સંતોષ કેળવવો-શીલવાન બનવું-તપશ્ચર્યા કરવી-વિગેરે વિગેરે બાબતો સમજાવે છે. પરન્તુ સાથે તેના અન્તિમ ધ્યેયને પણ દર્શાવેજ છે. ધ્યેય તો સમ્યક્ ચારિત્રના પાલન દ્વારા સંપૂર્ણ કર્મનિર્જરા કરી મોક્ષ મેળવવાનું ! વધુમાં તેઓ શ્રીમદ્ ખાસ કહે છે કે-'આજે જ્ઞાની પુરૂષોએ કેવલ મોક્ષાર્થિ બનીનેજ કરવા માટે ઉપદેશેલી ક્રિયાઓના હેતુ વિસરાયા છે.' અને એનેજ પરિણામે એ ક્રિયાઓ દ્વારા જે હેતુને સિદ્ધ કરવો છે તે હેતુને જલ્દિથી સિદ્ધ કરી આપનારી દીક્ષા સ્હામે ઉન્માદ જાગ્યો છે. એટલે ધર્મદ્રોહીઓ જ્યારે કોઈજ રીતે ફાવતા નથી, ત્યારે આવા અસત્ય આરોપો મૂક્યા કરે છે. બાકી તે ધર્મદેશનાજ શાની કહેવાય, કે જે ધર્મદેશનામાં ભવનિર્વેદનું પોષણ ન હોય અને પુદ્ગલપ્રેમનું પોષણ હોય ? ?

દીક્ષાને સોંઘી કરી છે ?

વાસ્તવિક ધર્મોપદેશની સ્હામે ચેડાં કરનારાઓ કહે છે કે-'પૂ. પ્રવચનકાર મહાત્માએ દીક્ષા-દીક્ષા કહી એને બજારૂ વસ્તુ બનાવી દીધી છે.' આ આક્ષેપ કેટલી અધમ-વૃત્તિમાંથી જન્મ્યો છે, તે કહેવાની શી જરૂર છે ? વાસ્તવમાં તો એ છે કે-જ્યારે ધર્મદ્રોહીઓએ દીક્ષાની ક્રિયા, દીક્ષિતો, અરે-દીક્ષાના શબ્દનેય નાબુદ કરવાની વાતો કરવા માંડી, ત્યારે એ દીક્ષાની મહત્તાને જગતમાં આ પૂ. પ્રવચનકાર મહાત્માએ વિસ્તારી છે. જે જૈનદર્શન સમ્યગ્ દર્શન-

વિશિષ્ટ સમ્યગ્ જ્ઞાનયુક્ત સમ્યક્ ચારિત્રનેજ માત્ર મોક્ષમાર્ગ કહે, તે જૈનશાસનના ધર્મોપદેશમાં તે ચારિત્રની ભાવના, તે ચારિત્રની બનતી આરાધના ને તે ચારિત્રનું સુયોગ્ય પાલન, એ શિવાયની વાત હોયજ કેમ ? જમાનાને નામે જૈનોને પાપમાં જોડવા કે તેમને માટે કારખાનાં ખોલવાનું ઉપદેશવું, એ જૈનશાસને જેમને માટે મિથ્યાદૃષ્ટિની ઉપમા ને શાસનના વિરાધકની ઉપમા નક્કી કરી છે, તેમનેજ હોય. બાકી જેઓ એક સમ્યક્ ચારિત્રનેજ મુક્તિના સાધન રૂપ શ્રદ્ધા પૂર્વક માનતા હોય, તેઓ સમ્યક્ ચારિત્રથી રહિત પાપજનક કોઈપણ કાર્યનો ઉપદેશજ કેમ આપી શકે ? અને તેવો ઉપદેશ જે સાધુતાના લેબાશમાં બેસી ધર્મને નામે દે, એ શાસનનો કટ્ટર વિરોધી છે ! શાસનના ખુલ્લા શત્રુઓ કરતાં ય વધુ ભયંકર છે !! એટલે કોઈ પણ જૈન કે જૈનનો સહવાસી, દીક્ષા શબ્દથી અજાણ નજ હોય. ધ્યેયસિદ્ધિના એકના એક મૂખ્ય સાધનથી અજાણ હોય તે ધ્યેયને સાધેજ શી રીતિએ ? દીક્ષા શબ્દને નામે હાંસી ઉભી કરનારા અને એને વગોવનારા તેમજ તે તરફ ઘૃણાભાવ ઉત્પન્ન કરનારાઓ તો તે છે, કે જેઓએ અજ્ઞાનથી અન્ધ બનીને દીક્ષા વિષે ચદ્ગવા તદ્ગવા બોલવા માંડયું છે : જેમણે પાપી લાલસાઓને આધીન બની જગદ્ભરના કલ્યાણને કરનાર માર્ગને આજે દંભી પ્રચાર કાર્ય દ્વારા 'હાઉ' રૂપ બનાવી દીધો છે. તેઓ જ દીક્ષા માટે થતી નિન્દા અને અયોગ્ય ટીકાના જવાબદાર છે. બાકી દીક્ષા શબ્દ ઘડી ઘડી લાવવામાં કદાગ્રહ નહિ, પરન્તુ કેવલ કલ્યાણ ભાવનાજ છે, તે સમજાવતાં પૂ. પ્રવચનકાર મહાત્મા એક સ્થલે ફરમાવે છે કે:—

" અહીં પાલીતાણામાં આપણાં વ્યાખ્યાનોમાં, મનુષ્યજન્મની દુર્લભતા અને તેની સાર્થકતાનાં સાધનો શિવાય બીજું કાંઇ કહેવાયું નથી. એ કહેવામાં દીક્ષાના ભાવવાળી વાતો આવવાની અને આવવી જોઇએ, કારણ કે—જેના અંગે જ્ઞાનીઓએ મનુષ્યજન્મની દુર્લભતા કહી છે, એને કહ્યા શિવાય છૂટકો છે? કોઈ પૂછે કે—'મનુષ્યગતિ દુર્લભ શાથી?' તો તમે શું કહો? દેવગતિ અને મનુષ્યગતિ એ બે સારી ગતિ ગણાય છે અને દેવગતિ તો અમૂક દૃષ્ટિએ મનુષ્યગતિ કરતાં ઘણી ઉંચી છે: ઋદ્ધિસિદ્ધિ ભરેલી છે: અચિંત્ય શકિત અને વિપુલ જ્ઞાનથી સહિત છે: + + કેટલાયે શ્રી તીર્થંકરદેવો પાસે જઇ શકે છે: જે વિશિષ્ટ સ્થળો જ્ઞાનીઓ બતાવે તે જાતે જઇને જોઇ આવે: છતાં એને નહિ વખાણતાં મનુષ્યગતિ કેમ વખાણી?, એનો હેતુ લાવો! એના વર્ણનમાં દીક્ષાને સ્થાન છે કે નહિ? એની પ્રશંસા કરવી માંડી વાળી મનુષ્યગતિની દશ દૃષ્ટાંતોથી દુર્લભતા શા માટે દર્શાવી? જે હેતુએ એ વર્ણવી તે હેતુને ભૂલી જવાય, તો કાંઈ પણ વર્ણવી શકે એમ છે? વિરતિધર્મને બાજૂએ મૂકી દઈએ, તો મનુષ્યગતિને અધિક વર્ણવવાનું કારણ શું રહે છે? કાંઈજ નહિ. આથી એ વસ્તુને વચમાં લાવ્યા શિવાય છૂટકોજ નથી.

*

શ્રી દશવૈકાલિક સૂત્રના પહેલા અધ્યયનની પહેલી ગાથામાં, ચૌદ પૂર્વધર સૂત્રકારમહર્ષિ શ્રી શય્યંભવસૂરિજી મહારાજા ફરમાવે છે કે—' **અહિંસા સંયમ અને તપરૂપ ધર્મ જે આત્માના હૃદયમાં વસે, તેને દેવતાઓ પણ નમે છે.** ' દેવો સુખી જીવનવાળા × છતાં ધર્મને આમ નમ્યા શિવાય તેઓને છૂટકો નથી. નમન કોને કરવું અને શા માટે કરવું? જૈનશાસનમાં નમન કરવું, હાથ જોડવા કે મસ્તક નમાવી દેવું, એ સભ્યતા માટે નથી: અગર જેને નમીએ તેનાથી છેટે ભાગવા માટે નથી: અગર જે વસ્તુ છે તે નહિ લેવા માટે નથી. નમસ્કારમાં ત્રણ વસ્તુ છે: નમસ્કાર, ઝીલનાર અને નમસ્કાર કરનાર! હવે જેને નમસ્કાર કરીએ એટલે કે—જે વ્યક્તિ નમસ્કારને યોગ્ય છે, તેની અને આપણી વચ્ચે પુલ બનાવવા માટે નમસ્કાર કરવાનો કે દિવાલ બનાવવા માટે નમસ્કાર કરવાનો? જેનાં ચરણોમાં માથું મૂકવાનું, તેના જેવા બનવાના પ્રયત્નો હોવા જોઈએ કે તેનાથી કાયમ ખાતે દૂર રહેવાના? કેવળ સભ્યતા ખાતર જૈનશાસનમાં નમસ્કાર યોજાયાજ નથી.

હૃદયમાં દંભ રાખીને સામાને સારૂં મનાવવા ખાતર કે છૂટકો નથી એમ ન ઇચ્છાયે પણ કરવાના નથી. દેવતાઓ પણ નમસ્કાર કરે છે એનું કારણ એ વસ્તુ પામવા માટે છે. દેવગતિ એ વિરતિની પ્રાપ્તિમાં અંતરાય રૂપ છે, તેથી શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને સારી રીતે આરાધી શકીએ એ સ્થિતિ ક્યારે મળે ?, એ માટે મનુષ્યગતિની માગણી કરે છે. જે વસ્તુના યોગે મનુષ્યભવ દુર્લભ વર્ણવ્યો તેને છૂપાવવા માગીએ, તો આજ્ઞાપાલક કહેવાઈએ કે વિરાધક ? તાકાત ન હોય તો અનંતજ્ઞાનીઓની સઘળી આજ્ઞાનું પાલન ન કરી શકાય એ શક્ય છે, એમની બધી આજ્ઞાઓનું પાલન કરવાની શક્તિ મેળવવા માટે ન માલૂમ હજુ કેટલાયે ભવો કરવા પડશે, પણ એ આજ્ઞાની વિરાધનાથી બચવું એ આપણો ધર્મ ખરો કે નહિ? એ ધર્મ પાળવો હોય તો દીક્ષાને મહત્ત્વ આપ્યા શિવાય છૂટકો છે ? પ્રભુમાર્ગની આજ્ઞાને વળગીને, જગતને સુખનો માર્ગ બતાવનારથી દીક્ષાને વેગળી મૂકી શકાય એમ છે? દીક્ષાના ભેદ પછી ગમે તેટલા પાડો : સર્વથી, દેશથી કે છેવટ ભાવથી, પણ માલ બધો બતાવવો જોઇએ : જેવો ગ્રાહક : જેનાથી જેટલું લેવાય તેટલું લે ! પણ બધી સામગ્રી આંખ સન્મુખ રહેવી જોઇએ. લેનારને તોષ ન થવો જોઇએ, કિંતુ ઉત્કંઠા વધવી જોઇએ. બધી વસ્તુ આગળ રાખવામાં આવે, તેને કદાગ્રહ કહી શકાતો નથી. મનુષ્ય જન્મની દુર્લભતા કે સફળતા માટે—કરવા લાયક કરવા માટે, એ વસ્તુને પ્રધાનતા આપ્યા શિવાય રસ્તો નથી. એ વસ્તુને પ્રાધાન્ય છે જ. આપણે કાંઇ નવું આપવું પડતું નથી. શ્રી જિનેશ્વરદેવો કહી ગયા છે કે—એના વિના અમારો પણ છૂટકો કે ઉપાય નથી. અમે અનુભવ્યું કે—રત્નત્રયી શિવાય સંસારથી તરવા માટે એક પણ અમોઘ માર્ગ નથી, એથી પોતે અનુભવેલો, જાતથી સેવેલો અને જગતનાં પ્રાણીઓ માટે જરૂરી છે, એ માટે જગતના હિતને માટે કહ્યો. ”

*

શિષ્યમોહ ને નાસભાગ?

આથી અજ્ઞાનતાભરી દલીલોમાં પણ જ્યારે તેઓને નિરૂત્તર બની જવું પડે છે, ત્યારે તેઓ અનેકવિધ જુઠાંણાં

ફેલાવે છે. કેટલાકો કહે છે કે–' પૂ. પ્રવચનકાર મહાત્માને ૧૦૮ ચેલા મુંડીને ગણધર થવું છે માટે માબાપની રજા વિના છોકરાંને ભગાડે છે ને ભરમાવીને દીક્ષા આપી દીક્ષાને હલકી પાડે છે.' આમ બોલનારમાં જૈનશાસનનું જ્ઞાન છે એમ મનાય નહિ. શ્રી તીર્થંકરદેવ જેમને સ્થાપે તેજ ગણધર કહેવાય છે અને તેની યોગ્યતાનું માપ ૧૦૮, ૧૦૦૮, ૧૦૦૦૮, ૧૦૦૦૦૮ કે અસંખ્ય શિષ્યો ઉપરથી નથીજ નીકળતું. જૈનશાસનમાં શિષ્યવૃદ્ધિથી કોઈ પદ મળતુંજ નથી. પરન્તુ આમ કહેવામાં તેઓનો બુરો આશય શિષ્યમોહ ને માનલાલસા જેવા અછતા દુર્ગુણોને પણ સિદ્ધ કરવાનોજ છે. બાકી પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ તો અનેકવાર એ ભાવાર્થનું કહ્યું છે કે—

"એકથી એક ક્રોડ, અબજ કે અસંખ્ય શિષ્યો મળે તો પણ મુક્તિ મળી જાય એમ ન માનતા. શિષ્યો વધારવાથીજ કલ્યાણ થઈ જતું નથી. અને શિષ્યમોહ તો એવી ભયંકર વસ્તુ છે કે વિવેક તજાવે : હજારો શિષ્યો છતાં ડૂબી જવાય અને કેઈ શિષ્યો વિનાના તરી ગયા : અને જે આત્મા માનલાલસામાં ડૂબી જાય છે, તે ખચિતજ પોતાના આત્માની બરબાદીને ઉભી કરે છે. માન એ બહુ ભયંકર દુર્ગુણ છે. અપમાન વખતે સામાની દયા ખાવી એ જેટલું સ્હેલું છે, તેટલુંજ માન વખતે ન ફુલાઈ જવું એ મુશ્કેલી ભર્યું છે. સેંકડો મોટરવાળા લાલ પાઘડી પહેરીને વન્દન કરે કે ઝૂકે તેથીજ કાંઇ કલ્યાણ થઈ જતું નથી, પરન્તુ જે આત્મામાં વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ ને ધર્મક્રિયાઓમાં અપ્રમત્તતા જેવા સર્વોત્તમ ગુણો આવે છે, તેજ આત્મા આત્મકલ્યાણ કરી શકે છે."

વધુમાં તેઓશ્રી તો ત્યાં સુધી કહે છે કેઃ—

"દુર્ગુણોનું પરિણામ સૌને ભોગવવુંજ પડે : કર્મ પાસે કોઈનીય શરમ ન અડે : અમે કે તમે જે હોઈએ તે પાપ કરીએ તો ડૂબીએજ. કોઇને પણ દીક્ષા અપાય તે એના આત્માના કલ્યાણની અપેક્ષાથીજ આપી

શકાય, પરન્તુ શિષ્યમોહથી નહિ. તેમજ બહુ શિષ્યો થાય તેમાં ફુલાવાનું ન હોય. જે શિષ્યમોહમાં પડે, શિષ્યવૃદ્ધિથી ફુલાય અને મોટાઈની લાલસામાં પડે તે સ્વયં ડૂબીજ જાયને ?"

આમ સ્પષ્ટપણે પૂ. પ્રવચનકાર મહાત્મા જ્યારે કહે છે, ત્યારે ધર્મદ્રોહીઓ કહે છે કે-'ફોસલાવી-ફસાવી-નસાડી દીક્ષા આપે છે.' આ વાત પણ તદ્દન જુઠ્ઠી છે. આ સંબંધમાં તેઓશ્રીએ ચેલેન્જ કરી છે કે—

'અત્યારે અપાતી દીક્ષાઓ કે જે ગીતાર્થ મુનિવરો દ્વારા અપાય છે, તેને જો શાસ્ત્રથી વિરૂદ્ધ સાબીત કરવામાં આવે, તો અમે એ પ્રવૃત્તિ બંધ કરવા તૈયાર છીએ.'

ધર્મદ્રોહીઓ આ ચેલેન્જ ન સ્વીકારી શક્યા, કારણ કે-તેઓ એ વાત તો બરાબરજ જાણે છે કે-સર્વ પદાર્થોનું પ્રરૂપણ કરવા છતાં નિવૃત્તિમાર્ગનું પ્રતિપાદન ને ઉન્માર્ગનું ઉન્મૂલન, એટલે કે-કેવલ નિરવદ્યતાનેજ પોષતું જૈનશાસ્ત્ર દીક્ષાની દલીલોથીજ ભરપૂર છે અને આજે અપાતી દીક્ષાઓ માટે શાસ્ત્રીય પૂરાવા છેજ. એટલે તેઓ સીધો રસ્તો ન લેતાં અધમતાભરી રીતિયો અખત્યાર કર્યેજ જાય છે. આ પણ તેવુંજ એક જુઠાણું છે અને તેમાં વિચારહીનતા ને અવાસ્તવિકતાજ ભરી છે.

'શિષ્યમોહ' સંબંધી ધર્મદ્રોહીઓની અધમ કલ્પનાના સંબંધમાં, **પૂ. પ્રવચનકાર** મહાત્મા એની પાછળ રહેલી **'હાર્દિક હલકટતા'ની** ઉપેક્ષા કરીને, માત્ર વસ્તુસ્વરૂપને જ સમજાવતાં ફરમાવે છે કેઃ—

'સર્વવિરતિનો બોધ એ જો ચેલા વધારવાનો મોહ ગણાતો હોય, તો આજીવન એ મોહની ઇચ્છા છે. મારા ઉપદેશથી જો સર્વવિરતિના

રસીયા કોઈ બનતા હોય, તો તેથી અમને કોઇ પણ જાતનું લાંછન નથી. સાધુ વધારવાની ઇચ્છા તો અમે ભવોભવ માગીએ છીએ, પણ એની સાથે બીજી ઈચ્છા (એટલે કે પોતાના માન-પાનની કે કીર્તિલોલુપતાની ઇચ્છા) આવે, તેમાં અમારો નાશ પહેલો છે. અને જો જગત્‌માં અમારા ઉપદેશના યોગે સાધુજ વધતા હોય, તો મુક્તિ ન થાય ત્યાં સુધી ભવોભવની અમારી એ માગણી છે. '

આમાં પૂ. પ્રવચનકાર ખાસ કહે છે કે-' **જો શિષ્ય-મોહ અમારામાં હોય તો એ અમારીજ ઘાત કરે.**' અને વાત પણ સાચીજ છે કે-'સારી પણ ક્રિયાનો આશય ફરી જાય, તો એ તારક ક્રિયા પણ ડૂબાડનારીજ નિવડે.' આ સંબંધમાં સમજાવતાં તેઓશ્રી એક સ્થલે ફરમાવે છે કે—

" અશુદ્ધ ધ્યેયથી સારી ક્રિયા પણ નાશ લાવે છે. બગલાની શાંતિ, ધ્યાન અને સ્થીરતા કેવી ? એને વખાણાય ? નહિ જ. કારણ કે-જે ધ્યાન, શાંતિ અને સ્થીરતા કોઇને દુઃખ ન થાય તે માટે હતી, તેજ જીવોના ઘાત માટે કરાઇ એટલે ઉલટી થઈ ગઈ. એજ પ્રમાણે શ્રી વીતરાગ દેવ, નિર્ગ્રંથ ગુરૂઓ અને તે તારકોએ પ્રરૂપેલા ધર્મની સેવા જો રાગ અને પરિગ્રહ માટે, એટલે કે-સંસારની ઋદ્ધિ-સિદ્ધિ વધારવા માટે કરવામાં આવે, તો એ શ્રી વીતરાગ દેવ, નિર્ગ્રંથ ગુરૂઓ, કે એ તારકોએ કહેલા ધર્મની સેવા નથી, પરન્તુ સંસારની-પાપની સેવા છે: અને તેને તો આ પ્રભુશાસનમાં ત્યાજ્ય ગણેલ છે. "

આમ જે મહાત્મા સ્વયમેવ જ ખૂલ્લી રીતે '**શિષ્ય-મોહ**'માં '**આત્મનાશ**' દર્શાવે છે, તેઓશ્રી શા માટે શિષ્ય-મોહ રાખે ? એક તરફ '**આત્મકલ્યાણ અર્થે**' દુન્યવી સુખો તજ્યાં, અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહનાં મહાવ્રત લીધાં, દુનિયાના રસિકને કેદી જેવું લાગે તેવું જીવન સ્વીકાર્યું-જીવનમાં સ્વાભાવિક રીતે થતી અનેક ઇચ્છાઓને નિયન્ત્રિત કરી અને ધર્મદ્રોહીઓએ તેઓ સ્હામે અનેક તર્કટો

ઉભાં કરવા છતાં-જાહેરમાં ગલીચ નિન્દા કરવા છતાં, જૈનતરોમાં તદ્દન બનાવટી વિકૃત સ્વરૂપે ચીતરવા છતાં, એવી દુનિયાની ક્ષણિક કીર્તિમાં લોભાયા વિના જે મહાત્માએ શ્રી જિનશાસનની સેવામાંજ શ્રેય માન્યું છે, તે શું આવા દુર્ગુણને આધીન બની જઇ આટલા ત્યાગ ઉપર પાણી ફેરવે ? એમ મોહનેજ વધારવો હોય તો આવી ભયંકર માનહાનિ કેમ સહી શકે ? ? પરન્તુ નહિ, જેને એ માનની પડી જ નથી અને જેઓ એમજ માને છે કે-'દુનિયા માન આપે કે અપમાને તેની સાથે મુક્તિને કાંઇ જ સંબંધ નથી'-તે મહાત્મા શિષ્યમોહમાં ફસે એ કલ્પનામાં કેટલી હૃદયહીનતા છે ? કેટલી અધમ માનસની છાયા છે ? ?

*

અને જ્યારે '**શિષ્યલોભ**'નો આક્ષેપ આમ ટળી જાય છે, ત્યારે '**નસાડી-ભગાડીને દીક્ષા આપે છે.**' એ આરોપ પણ સ્હેજે ઉડી જાય છે. વર્ત્તમાન સલ્તનતના કાયદા મુજબ કોઇ પણ સગીરને નસાડી-ભગાડી શકાય તેમ નથી, તેમજ જૈન શાસ્ત્રકારોએ પણ સોળ વર્ષની અંદરનાને માટે માબાપ કિંવા વાલીની રજાને મહત્ત્વનીજ નહિ, પરન્તુ અનિવાર્ય ગણી છે. ભગવાન્ હેમચંદ્રસૂરિજીને દીક્ષા અપાવવા માટે ગુરૂએ અને ગુરૂદેવની પ્રેરણાથી શ્રીસંઘે તેમના પિતાને સમજાવ્યા હતા અને સંમતિ મેળવી હતી : આજે પણ એમજ થાય છે. પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ સોળ વર્ષની ઉંમર પહેલાં અનેકોને દીક્ષા આપેલી છે, પરન્તુ તે બધીજ વાલીઓની સંમતિ પૂર્વકજ ! જો એમ ન હોય તો સગીરપણાથી મુક્તિ મેળવેલાને માટેય ભયંકર ઉધમાતો મચાવનારાઓ અને ઉશ્કે-

રણી કરી કેસ ઉભા કરાવનારાઓ જરાય ઝંપે ખરા કે ? માત્ર પૂ. પ્રવચનકાર મહાત્મા પાસેજ નહિ, પરન્તુ બીજા ઘણા આચાર્યાદિકની પાસે સોળ વર્ષની ઉંમર પહેલાં પ્રવ્રજિત થએલા છે, અને તે બધાજ વડીલની અનુજ્ઞાપૂર્વકજ ! તેમ જ જ્યારે શાસ્ત્ર પણ ત્યાં સુધી સંમતિ વિના દીક્ષા આપવાથી '**આજ્ઞાભંગનો દોષ**' અને '**શિષ્યચોરી**' ફરમાવે છે, ત્યારે એક શાસ્ત્રાજ્ઞાનેજ અવલંબી રહેવામાં દુન્યવી પ્રતિષ્ઠાનો ભોગ આપનાર અને મોક્ષ મેળવવાની ભાવનાવાળા, તેવી '**આજ્ઞાવિરાધના**' કરેજ કેમ ? એટલે સોળ વર્ષ પહેલાં તો બેઉ દૃષ્ટિએ –શાસ્ત્રના ને રાજ્યના કાયદાની દૃષ્ટિએ નસાડાયજ નહિ અને છતાં કોઇ તેમ કરે, તો એક તરફ '**જિનાજ્ઞાનો વિરાધક**' ઠરી પૂ. શ્રીસંઘની શિક્ષાને પાત્ર થાય અને બીજી તરફ '**મનુષ્યહરણ**'ના કાયદાનો ભંગ થતો હોવાથી રાજ્યની શિક્ષાને પાત્ર થાય.

*

હવે સોળ વર્ષની ઉપરનાની વાત વિચારીએ. એ ઉંમરે મનુષ્યની સ્વાભાવિક બુદ્ધિ ખીલી હોય છે અને જો તેને નસાડવો હોય, તો એનામાં સંસારનો વિરાગ ને સંયમનો રાગ ઉત્પન્ન કરવોજ જોઇએ. છતાં કહેવાય છે કે–'**લલચાવીને ફસાવે છે.**' પરન્તુ સંયમમાં લલચાવવાનું શું? પૈસો રખાય નહિ, સ્રીસેવન થાય નહિ, યથેચ્છ હરાય–ફરાય નહિ, મન ગમતોજ ખોરાક મળે નહિ, ઉઘાડે માથે ને ઉઘાડે પગે વિહાર કરતાં ટાઢ–તડકો–ભૂખ–તરસ વિગેરે સહન કરવું પડે, પોતા માટે કરેલાં દોષિત અન્નપાણી લેવાય નહિ, નાટક–સીનેમા જોવાય નહિ, પાન વિગેરે ખવાય નહિ, કપડાં પણ સીવ-

ડાળ્યા વિનાજ મર્યાદા જાળવવા ઓઢવાનાં, હજામત કરાવવાની નહિ ને તેને બદલે છ છ મહિને કેશલુંચનનું કષ્ટ સહેવાનું, સ્નાન કરવાનું નહિ, વ્યસનની બંધી, અભ્યાસ ને ધર્મક્રિયામાં દત્તચિત્ત રહેવાનું, એમ અનેક રીતે ઇન્દ્રિયો અને મનને કાબુમાં લેવાની પ્રવૃત્તિ જ્યાં કરવાની હોય, ત્યાં 'સંસારનો વિરાગ ને સંયમનો રાગ'–એ શિવાય બીજી કોઈજ દુન્યવી લાલસા લલચાવી શકે તેમ છે? લલચાવે તેવી વસ્તુ તો હજુ સંસારમાં છે, કે જ્યાં સ્વેચ્છાથી આહાર ને વિહાર કરી શકાય છે, છતાં માનો કે–લલચાવે છે, તો શું સોળ વર્ષની ઉંમર પછી એનામાં '**સમજશક્તિ**' નથી હોતી? અરે, રાજ્યનો કાયદો પણ સોળ સુધીજ '**મનુષ્યહરણ**'નો આરોપ મૂકે છે અને પછી સામાએ ગમે તેમ ફોસલાવ્યો હોય તો પણ તેને '**મનુષ્ય હરણ**'નો આરોપ લાગુ થઈ શકતો નથી. પરન્તુ જેઓ માત્ર દુરાશયથી પૂ. પ્રવચનકાર મહાત્મા અને પૂ. ગીતાર્થ ગુરૂવરોનેજ હલકા પાડવા ઇચ્છતા હોય, તેઓ આ બધું વિચારેજ શા માટે?

ભાગે છે કે ભગાડે છે?

હવે દુનિયામાં મુંઝાએલા આત્માઓમાં સ્વપરના કલ્યાણને માટે '**સંસારનો વિરાગ અને સંયમનો રાગ**' ઉત્પન્ન કરવો, એ તો પ્રત્યેક સાધુનો અને સાધુતાના પૂજારીનો પરમ ધર્મ છે. આ ધર્મનું સેવન કરતાં લઘુકર્મી આત્માને સંયમની ભાવના થાય છે અને તે સંયમ ગ્રહણ કરવા ઉદ્યુક્ત થાય છે. સોળ વર્ષની ઉપરની વયનો આત્મા આમ તૈયાર થાય, ત્યારે એનાં સ્નેહિ–સ્વજન સ્હેજે મોહાધીન બની '**આનાકાની**' કરે: છતાંય જો નજ માને તો તેને માટે સંસારમાં પડયા

રહેવાનું શાસ્ત્રકારોએ સૂચવ્યુંજ નથી. '**શ્રી અષ્ટકજી**'માં જ્યાં '**માતાપીતાની ભક્તિ**' ને '**દીક્ષા**'નો વિષય ચાલે છે, ત્યાં તે શ્લોકોની ટીકામાં **શ્રી જિનેશ્વરસૂરિજી** મહારાજા અને **શ્રી અભયદેવસૂરિજી** મહારાજાએ રજા ન આપે તો કપટ કરીનેય રજા મેળવવા મથવું અને તેમ છતાંય રજા ન મળે તો પણ દીક્ષા લેવી, એમ જણાવ્યું છે. એ અધિકારમાં દીક્ષા લઈને સ્વપર–કલ્યાણને સાધવાની ઇચ્છાવાળા મુમુક્ષુ આત્માને માટે ફરમાવ્યું છે કે:—

" अथ नानुजानीत, तदा अणुवहे चेव अवहिं जुत्तेसिया, अल्पायुरहमित्यादिकां मायां कुर्यादित्यर्थः, एवमुपायप्रवृत्तमपि यदा न मुत्कलयतः तदा तौ त्यजेत्, न च तौ त्यजतस्तच्चित्तसंतापेऽपि तस्य दोषो, विशुद्धभावत्वात्, यदाहः—

" सव्वहा अपडिवज्जमाणे चएज्जा
अद्धाणे गिलाण ओसधत्थचागनाएणं "

यथाऽध्वनि ग्लानीभूतयोः पित्रोरौषधाद्यर्थं गच्छतस्तत्त्यागोऽत्याग एव भावतः, एवं तयोः स्वस्यान्येषां चोपकाराय प्रव्रजत इति ज्ञानभावना, अतएव—

" सोयणमक्कन्दण विलवणं च, जं दुक्खिओ तओ कुणइ ।
सेवइ जं च अकज्जं, तेण विणा तस्स सो दोसो ॥ "

—પંચવસ્તુ : ગાથા ૮૦.

इत्यादिकमाक्षिप्यैवं परिहृतम्—

" अब्भुवगमेण भणियं, न उ विहिचागो वि तस्स हेउत्ति ।
सोगाइम्मि वि तेसिं मरणेव्व विसुद्ध चित्तस्स ॥ "

—પંચવસ્તુ : ગાથા ૯૦.

અર્થ—કદાચ તે માતાપિતા આજ્ઞા ન આપે તો મનમાં માયા (કપટ) રહિત છતો માયાવાળો થાય, એટલે હવે મારૂં આયુષ્ય અલ્પ છે ઇત્યાદિક માયા કરે. એવી રીતે માયા ઉપાય કરતાં પણ જો રજા ન આપે, તો તે માતાપિતાને છોડી દે. શાસ્ત્રકાર કહે છે કે-'દીક્ષા લેનારનો ભાવ શુદ્ધ હોવાથી તે દીક્ષા લેનાર માતાપિતાને છોડે ને તેથી તેઓને ચિત્તસંતાપ થાય, તો પણ દીક્ષા લેનારને દોષ નથી.' જે માટે કહે છે કે-'માતાપિતા સર્વથા ન માને તો જંગલમાં માંદા થએલ માતાપિતાના ઔષધાદિ માટે જતામાં તેમને છોડી જવા તે ભાવથી છોડયા કહેવાય નહીં', એવી રીતે માતપિતાના, પોતાના અને અન્ય ભવ્ય જીવોના ઉપકારને માટે દીક્ષા લેનાર પણ માતાપિતાને છોડી દે તે ભાવથી છોડવું નથી. એટલાજ માટે-'શોક, આક્રંદન કે વિલાપ કરે અથવા તે કુટુંબ દુઃખી થઇને જે કંઈ કરે કે તે દીક્ષા લેનાર વિના જે કંઈ અકાર્ય સેવે, તેનો દોષ દીક્ષા લેનારને લાગવો જોઇએ'-એવો પૂર્વ પક્ષ કરીને ઉત્તર પક્ષમાં પંચવસ્તુકારે જણાવ્યું કે-'અભ્યુપગમ માત્રથી તે વાત અલ્પ પીડા આદિથી પરિહાર કરતાં કહી છે, પણ વિધિએ કરાતો માતાપિતાદિનો ત્યાગ દીક્ષા લેનારના દોષ માટે નથી. જેવી રીતે નિર્મળ ભાવે મરનારની પાછળ શોકાદિ થાય તો પણ મરનારને કંઇ પણ દોષ નથી, તેવી રીતે અહીં પણ જાણવું !'

આ સંબંધમાં આદિ તીર્થંકર **શ્રી ઋષભદેવસ્વામિએ** દીક્ષા લીધી, ત્યારે મોહાધીન બનેલાં મરૂદેવા માતા રૂદન કરતાં કરતાં આંખ ગુમાવી બેઠાં છે: **શ્રી નેમનાથસ્વામિએ** શ્વસુરનગરને નાકેથી ભાવદયામય બનીને રથ પાછો વાળ્યો, ત્યારે તેઓનાં માતા-પીતાએ ઘણી ઘણી કાકલુદીભરી વિજ્ઞપ્તિ કરી અને તેઓની ધર્મપત્ની રાજીમતી મૂર્છાવશ થઈ, છતાં તેઓએ મક્કમજ રહી-સંસારની અસારતા દર્શાવી દીક્ષા લીધી છે: **શ્રી પાર્શ્વનાથ પ્રભુએ** દીક્ષા લીધી ત્યારે તેઓની પ્રિયા ખીણુ ખીણુ રોતી હતી: અને ચરમ તીર્થંકર **શ્રી મહાવીર પરમાત્માના** માતાપીતાના જીવિતવ્ય સુધી દીક્ષા નહિ

લેવાના અભિગ્રહને શાસ્ત્રકારોએ **'મોહનીય કર્મ'નું** કારણ દર્શાવ્યું છે અને જ્યારે તેઓએ પણ દીક્ષા લીધી, ત્યારે તેઓશ્રીના વડીલ બન્ધુ **નંદીવર્ધને** કરેલો દયાર્દ્રતાજનક વિલાપ, –એ બધું વિચારાય તો માતાપીતાની ભક્તિને નામે દીક્ષાનો નિષેધ કરવા દ્વારા **પૂ. પ્રવચનકાર** મહાત્માને વગોવનારાઓની **'કુયુક્તિ'** એક ક્ષણવાર પણ ટકી શકે તેમ નથી.

માતાપીતાની ભક્તિના સંબંધમાં તો પૂ. પ્રવચનકાર મહાત્મા વારંવાર ઉપદેશ આપે છે અને સમજાવે છે કે:—

"શાસ્ત્રકારોએ માતાપીતાના ઉપકારને દુષ્પ્રતિકાર્ય કહેલ છે: જે સંતાન સંસારમાં રહેવા છતાંય એમની ભક્તિ-સેવા–આજ્ઞાધીનતા કરે નહિ, તે કુસંતાન છે. પરન્તુ આજે તો યોગ્ય મર્યાદાઓનું ઉલ્લંઘન કરી સ્વેચ્છાચાર સેવનારાઓ, માતાપીતાની અવગણના કરતાં કે પત્નીની ખાતર તેમનો ત્યાગ કરતાં ખંચકાતા નથી. માતાપીતાના ઉપકારનો બદલો શાસ્ત્રકાર કહે છે કે-એમને ધર્મ પમાડવાથીજ વાળી શકાય. માતાપીતાનો પરમ ભક્ત તો તે જ, કે જે સ્વયં સદ્ધર્મ પામે અને તેમને પમાડે. આજ એક ઉત્તમ ભાવનાથી મુમુક્ષુ આત્મા જો તેઓ કોઈ જ રીતિએ સંમતિ ન આપે તો પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરે અને તેથી આશયવિશુદ્ધિને અંગે એની પાછળ થતા આક્રંદાદિને માટે તે દોષપાત્ર ઠરતોજ નથી, એટલુંજ નહિ પણ—

"सो चाए अचाए, अचाए चेव चाए"

—આ વાક્યથી સમજાવે છે કે-તેઓ મોહાધીન બનીને દીક્ષા માટે સંમતિ ન જ આપે તો પણ દીક્ષા લેનારો માબાપના હિતને કરનારો છે અને તે વખતે માબાપની દરકારમાં સંસારમાં પડી રહેનાર, માતાપીતાનું અહિત કરનાર છે. બાકી જેઓ આજે દીક્ષા સ્હામેજ માતાપીતાની ભક્તિની વાતો કરે છે અને બીજી તરફ કામાન્ધ કે અજ્ઞાનાન્ધ બનીને પોતેજ માતાપીતાનો ત્યાગ કરે છે, તેઓની વાતને ધર્માર્થીએ સાંભળવીજ નહિ એજ હિતાવહ છે. અને જેઓ સર્વવિરતિ ધર્મને અંગીકાર ન કરી શકતા હોય, તેઓએ માતાપીતાની સેવા કરવા સાથે તેમનો બોજો પોતે ઉઠાવી

લઇને પણ, તેઓને ધર્મકરણીમાં જોડવા જોઇએ અને એવાજ સંતાનને ' **સુસંતાન** ' કહેવાય છે. "

આ બધું વિચારતાં સ્પષ્ટ થાય છે કે ' સાધુઓ દીક્ષા માટે કોઇનેય ભગાડતા નથી, પરન્તુ જ્યારે માતાપીતા રજા ન આપતાં માર્ગ રૂંધે અને ધર્મદ્રોહીઓ બળાત્કાર કરે, ત્યારે આત્મકલ્યાણને ઇચ્છતા આત્માને જ તેઓથી દૂર ચાલ્યા જવું પડે છે. '

કલેશ કરાવે છે?

વારંવાર પ્રસંગે પ્રસંગે આવો સદ્‌બોધ આપનાર મહાત્મા **'માતાપીતાની ભક્તિ કરવાની ના પાડે છે.'**–એમ કહેવું, એ કેવલ દ્વેષમયતા વિના બીજું શું છે? આમાં તો માતાપીતાની સાચી ભક્તિની પ્રેરણાજ ભરી છે. હવે જ્યારે એ દલીલમાં પણ તેઓ ફાવતા નથી, ત્યારે તેઓ કહે છે કે– ' આ પૂ. પ્રવચનકાર મહાત્મા શ્રીસંઘમાં કલેશ કરાવે છે. ' **'શ્રીસંઘની અવગણના?'**–એ વિષે વિચારતાં આપણે જોઈ ગયા છીએ કે–જેઓ પોતાનામાં સંઘત્વની અંશતોપિ યોગ્યતા કેળવી શકયા નથી ને કેળવવા ઇચ્છતા નથી, છતાં શ્રીસંઘને નામે સત્તા ચલાવવાની ને રપમા પ્રભુસમ પૂજાવાની જેમની દુર્લાલસા છે, તેઓ વારંવાર ધર્મપ્રવૃત્તિ ઉપર આક્રમણ કરે છે. આવા પ્રસંગે પૂ. પ્રવચનકાર મહાત્મા પૂ. શ્રીસંઘના કર્તવ્યનું ભાન કરાવે છે અને એના યોગે ધર્માત્માઓ પોતાના ધર્મને સંરક્ષવા માટે પેલાઓની **'આપખૂદ'** ને **'આત્મનાશક'** સત્તાને આધીન ન થાય ત્યારે સ્હેજે ત્યાં બે વિભાગ પડી જ જાય. પણ એથી કાંઇ સત્યનો ઉપદેશ બંધ કરાય? નહિ જ. બાકી ધર્મદ્રોહીઓ તો પ્રભુના વરઘોડામાં, ગુરૂવરના સામૈ-

ચામાં ને ધર્મવ્યાખ્યાનમાં પણ ગુંડાશાહી બતાવવા ચૂક્યા નથીજ ને ? છતાં આજે ચોરી ને ઉપરથી શિરજોરી કરાય છે. પૂ. પ્રવચનકાર મહાત્મા તો ફરમાવે છે કે:—

"અમે જૈન સાધુ થયા તે પણ આગમના પ્રતાપે અને તમે શ્રાવક કહેવાઓ તે પણ આગમના પ્રતાપે : આગમના અભાવે નહોય સાધુપણું કે ન હોય શ્રાવકપણું ! માટે જે જે વિષયો ચર્ચાસ્પદ છે, તે તે વિષયોનો નિર્ણય આગમનાં પ્રમાણો દ્વારા જે આવે તે સ્વીકારવાનું સૌ કોઈ કબુલે તો જૈન સમાજમાં વ્યાપી રહેલી આ અશાન્તિ સ્હેજમાં દૂર થાય અને શાન્તિ થતાં સૌ કોઈ જો ધર્મમાર્ગે પ્રગતિ કરવા માટેજ પ્રયત્નશીલ બને, તો પોતાના આત્માનું પણ કલ્યાણ સાધી શકે અને ઈતર જગત્‌ને પણ આ પ્રભુમાર્ગે દોરી શકે. બાકી જેઓ આગમનેજ પ્રમાણભૂત માનવાને તૈયાર ન હોય, તેઓનું શ્રાવકપણું બીજી કોઈજ રીતિએ સિદ્ધ થતું નથી અને તેવાઓના નામથી ઈતર જગત્ છેતરાઈ પ્રભુધર્મ સંબંધી ગેરસમજમાં દોરવાય નહિ તે માટે ઘટતા પ્રયત્ન કરવાની જરૂર છે. મારૂં તો માનવું છે કે–તેઓ જો સર્વજ્ઞ પ્રભુએ કહેલ આગમને પ્રમાણભૂત માને તો વગર સમાધાને સમાધાન થઇ જાય તેમ છે, કારણકે–આપણી તો પૂ. આગમ ગ્રંથોને પંચાંગી સહિત પ્રમાણભૂત માનવાની પ્રતિજ્ઞા છે. એમાંજ આપણે તો સાધુપણું અને શ્રાવકપણું માનીએ છીએ."

આમ–'કલેશ કરાવે છે'–એ આરોપ પણ ટકી શકતો નથી. કલેશ તો તે કરાવે છે, કે જેઓ જિનાજ્ઞાઓને ઉથલાવવા ઇચ્છે છે. બાકી જો ધર્મવિરોધીઓએ પૂ. આગમોની આજ્ઞા વિરૂદ્ધ પગલાં ન ભર્યાં હોત, તો આજે જૈનસમાજ આવા પૂ. પ્રવચનકાર મહાત્માને પામીને નન્દનવન સમોજ બન્યો હોતને ?

લોકવિરૂદ્ધ ?

જ્યારે આમ કોઈ પણ રીતિએ તેઓ પોતાની માન્યતાને સિદ્ધ કરવામાં સફળ નિવડી શકતા નથી, ત્યારે તેઓ

એમ કહે છે કે-'**પૂ. પ્રવચનકાર મહાત્મા લોકવિરૂદ્ધ દીક્ષાઓ આપે છે** ! અને તેમ ન થવું જોઈએ !!' તદર્થે '**જયવીયરાય**' સૂત્રમાં આવતા '**લોગવિરૂદ્ધચ્ચાઓ**'નું પ્રમાણ રજુ કરે છે. લોકથી વિરૂદ્ધ જે કાર્યો એટલે સુજ્ઞ જનોથી નિન્દિત કાર્યોનો ત્યાગ કરવાનું આ સૂત્રમાં દર્શાવાયું છે. આ ગ્રન્થમાં પાંચમા વ્યાખ્યાનથી એજ '**જયવીયરાય સૂત્ર**' ઉપર વિવેચના કરવામાં આવી છે. રોજ પ્રભુ પાસે એ સૂત્રદ્વારા થતી માગણીઓ સમજાવાઈ છે અને આ ગ્રંથના ૨૪૧મા પાનાથી '**લોગવિરૂદ્ધચ્ચાઓ**' સૂત્રની કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલી ટીકાનો આધાર લઈને '**લોકવિરૂદ્ધ**' અને '**લોકવિરોધ**' એ બે વસ્તુ વચ્ચે રહેલા ભેદનો સુન્દર સ્ફોટ કર્યો છે. કોઇ પણ અવસર, ભૂત-ભાવિ કે વર્ત્તમાન કાલમાં એવો નથી આવ્યો, નથી આવવાનો કે નથી અત્યારે, કે જ્યારે સર્વે જનો એક જ મતના હોય. ધર્મ ને અધર્મ, સત્ય ને અસત્ય, નીતિ ને અનીતિ, સદાચાર ને દુરાચાર, મોહ ને નિર્મોહ, એ બે રહેવાનાંજ. અને તેટલા જ ખાતર અસદ્ વસ્તુની ઉપાસનામાં ભાનભૂલેલા સદ્ વસ્તુનો વિરોધ કરતા જ રહેવાના અને તેથી જો સદ્ વસ્તુનો ત્યાગ કરાય, તો પરિણામ એજ આવે કે-સદ્ વસ્તુનો લોપ થાય. પરન્તુ સદ્ વસ્તુના ઉપાસકો તેને તજેજ નહિ. એટલે જે જે લોકવિરૂદ્ધ તેનો ત્યાગ ખરો જ અને તેથી તો એની ટીકામાં લોકવિરૂદ્ધ કાર્યોની ગણના કરી : બાકી જ્યાં જ્યાં લોકવિરોધ, તેનો તેનો ત્યાગ નજ કરાય. વળી સમજવું જોઈએ કે-'એ લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ પણ પ્રભુમાર્ગની આરાધના થઇ શકે અને તે દ્વારાએ

મુક્તિ પામી શકાય તેટલાજ માટે છે.' જ્યારે અત્યારે ધર્મદ્રોહીઓ એજ શબ્દોને નામે પોતાની પ્રભુમાર્ગની વિનાશક પ્રવૃત્તિઓને પોષવા મથે છે: અનન્તજ્ઞાનીઓએ ઉપદેશેલા માર્ગનો નાશ કરવામાં પણ, એજ અનન્તજ્ઞાનીઓએ કેવલ આત્મકલ્યાણ માટેજ ઉપદેશેલ આજ્ઞાને દારૂગોળો બનાવે છે. ઉપરાન્ત એ પણ વિચારણીયજ છે કે–જ્યારે એક તરફ તેઓ શાસ્ત્રોને **'વિકારી'** અને શાસ્ત્રકારોને **'સ્વાર્થી–ઇન્દ્રજાલીયા'** વિગેરે શબ્દોથી સંબોધે છે, ત્યારે આ સૂત્રની આજ વસ્તુનો ઉપયોગ કેમ કરાય છે? વળી જો તેઓ **લોગવિરૂદ્ધચ્ચાઓ**'માં માનતા હોય, તો તેજ સૂત્રમાં દર્શાવેલ **'ભવનિર્વેદ'–'માર્ગાનુસારિતા'–'ઇષ્ટફલ(મોક્ષ)નીસિદ્ધિ' –'ગુરૂજન પૂજા'–'પરાર્થકરણ'–'શુભ ગુરૂનો યોગ' 'તેમના વચનની ભવ રહે ત્યાં સુધી અખંડ સેવા'** તેમજ **'ભવે ભવે શ્રી જિનેશ્વરદેવોના ચરણની સેવા'** વિગેરેને કેમ માનતા નથી? જેઓ સંસારથી વિરાગ મેળવવાની અને સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગે ચાલવાની માગણી કરે, તે વૈરાગ્યનો વૈરી હોય? તે વીતરાગ પ્રભુના વચનનો દુરૂપયોગ કરી **'દીક્ષા'**નો વિરોધ કરે? નહિજ. એટલે અજ્ઞાન લોકના વિરોધને લેશ પણ મચક ધર્મી આત્માઓ આપીજ શકે નહિ. અને તેથીજ તેઓ શ્રીમદ્, લોકવિરોધનો સામનો કરીને પણ પોતાના આત્મબળથી સન્માર્ગનો પ્રચાર કરી રહ્યા છે. એટલે ધર્મવિરોધીઓ તરફથી થતો આ આક્ષેપ પણ નિષ્ફલ નિવડે છે. પૂર્વના પણ અનેક મહર્ષિઓએ ભયંકર લોકવિરોધ વચ્ચે જરાય નમતું મૂક્યા

વિના શાસનસેવા કરી છે અને વીસમી સદીના પરમ પ્રભાવક શ્રીમદ્ **વિજયાનન્દસૂરીશ્વરજી** મહારાજાએ પણ એજ રીતિએ શાસનસેવા બજાવી છે.

ધર્મનાશકોની દશા—

આ રીતિએ અનેકાનેક દોષારોપણ છતાં તેઓ કોઈજ રીતિએ ફાવી શક્યા નથી, ત્યારે તેઓએ શાસનહીલનાનો 'હાઉ' ઉભો કરવાની ધમાલ મચાવી છે. કોઇ સ્થળે કોઈ ભાગ્યવાન આત્મા પ્રવ્રજિત થનાર હોય, કે તરત ધર્મ-વિરોધીઓ ત્યાં પહોંચી જાય અને તદ્દન ગપ્પાં ચલાવી ત્યાંની જનતાને ઉશ્કેરે, રાજ્યના અમલદારોને ઉંધું સમજાવી મનાઇ હુકમ કઢાવે, તેના કુટુમ્બની બાંહ્યધરી કરી દીક્ષા લેનાર સગીર ન હોય તોય સગીર કહેવડાવી કેસ ઉભો કરે, વિહા-રમાંથી પૂ. મુનિવરો ઉપર આક્રમણ કરીને દીક્ષિતને ઉપડાવે, તેમજ બને તેટલી ધાંધલ મચાવે અને જ્યારે એકેયમાં ન ફાવે ત્યારે છાપાનાં કૉલમોમાં દીક્ષિત થનાર પુણ્યાત્મા અને દીક્ષા આપનારને વગોવવાને માટે નહિ બનેલી અને અછતી બાબતો લખી, પોતેજ તેના ઉપર ટીકા કરે અને શાસન-હીલનાનાં રોદણાં રોવાની દાંભિકતા સેવે. આથી સુજ્ઞજનો એથી ઉંધે માર્ગે દોરવાઈ જઈ ને દીક્ષાવિરોધ કરી બળાત્કારે પણ દીક્ષિત થનારને પતિત કરી ભયંકર મહાપાપમાં ન ડૂબે, તે માટે શાસ્ત્રકારોએ આ વિષયમાં કરેલો ખુલાસો રજુ કરવો સ્થાને ગણાશે. પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ. શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજના અમદાવાદમાં મળેલા પાંચમા અધિવેશન-માં બીજા દિવસની કાર્યવાહી મુજબ, કેટલાકોએ પૂછેલા પ્રશ્નોના ખુલાસા કર્યા હતા. તેમાં પહેલો પ્રશ્ન એ હતો કેઃ—

'દીક્ષા લેનારને એક પણ દિવસ તેની મરજી વિના પરાણે રોકવામાં આવે અને તે પરિણામ ચૂકી જાય, તો તેને બલાત્કારથી રોકનાર જૈનશાસ્ત્રો મુજબ કેવા પ્રકારના કર્મનો બંધ કરે ?'

આ પ્રશ્નનો ઉત્તર, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ તે પ્રસંગે વિસ્તારપૂર્વક સજ્જડ દલીલો દ્વારા આપીને સમજાવ્યું હતું કે–કોઇ પણ દીક્ષિતને–દીક્ષા લેવાને તૈયાર થએલાને પતિત કરનાર મહા મોહનીય કર્મ બાંધે. પોતાના એ કથનને સિદ્ધ કરતાં તેઓ શ્રીમદે જે આગમપ્રમાણ દર્શાવ્યું હતું તે આ રહ્યું:—

"શ્રી ગણધરદેવ એટલે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવના હસ્તદીક્ષિત, દ્વાદશાંગીના સ્વયં પ્રણેતા, શાસનના પરમ આધારભૂત એવા મહર્ષિ, તેને હણી નાંખનાર જે જાતિનું કર્મ બાંધે, તે જાતિના મહા મોહનીય કર્મને સંયમ લેવા તૈયાર થયેલાને બળાત્કારે પતિત કરનાર બાંધે. આ બાબતને બતાવતી ચોથા અંગસૂત્ર શ્રી સમવાયાગ સૂત્રના મૂળગાથા આ રહી—

"उवट्ठोयं पडिविरयं, संजयं सुतवस्सियं ।
वुक्कम्म धम्माओ भंसेइ, महामोहं पकुव्वइ ॥२१॥१८॥"

*

'જે આત્મા સંયમ લેવા ઉપસ્થિત થયો છે અથવા સઘળાં સંસારનાં બંધન છોડી સંયમી બન્યો છે, તે સંયત, સુતપસ્વી આત્માને બળાત્કારથી ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરે, તે મહામોહનીય કર્મ બાંધે.'–એમ ચોથા શ્રી સમવાયાંગ સૂત્રમાં ભગવાનના હસ્તદીક્ષિત પાંચમા ગણધરદેવ શ્રી સુધર્માસ્વામિજી મહારાજા કહે છે.

*

હવે એજ ગાથાની ટીકામાં ગાથાના ભાવને સ્પષ્ટ કરતાં ટીકાકારમહર્ષિ સાફ સાફ લખે છે કે—

"उपस्थितं प्रव्रज्यायां-प्रविव्रजिषुमित्यर्थः, 'प्रतिविरतं' सावद्ययोगेभ्यो निवृत्त प्रव्राजितमेत्यर्थः 'संयतं' साधुं 'सुतपस्विनं' तपांसि कृतवन्तं शोभनं वा तपाश्रितं-आश्रितं क्वचित् 'जे भिक्खुं जगजीवणं' तिपाठः' तत्र जगन्ति-जंगमानि अहिंसकत्वेन जीवयतीति जगज्जीवनस्तं विविधैः प्रकारैरुपक्रम्याक्रम्य बलादित्यर्थः, धर्मात्-श्रुतचारित्रलक्षणाद् भ्रंशयति यः स महामोहं प्रकरोतीति अष्टादश ॥ १८ ॥"

*

'સંયમ લેવાની ઇચ્છાવાળા આત્માની અને જેટલા જેટલા પાપવ્યાપારો તેનાથી નિવૃત્તિ પામેલા સંયમી સુતપસ્વી આત્મા, જેણે ઉત્તમ પ્રકારના તપને જીવનમાં આશ્રિત કર્યો છે, જગત્‌ના જેટલા જીવો તેને જીવિતદાન આપનારા એને, વિવિધ પ્રકારના ઉપાયો કરીને, આડું-અવળું સમજાવીને, ભયંકર જાતિનાં આક્રમણ કરી, બળાત્કારે શ્રુતચારિત્રરૂપી ધર્મ, એનાથી જે આત્મા એનો પાત કરે, એ આત્મા મહામોહનીય કર્મથી પોતાના આત્માને લિપ્ત બનાવે છે."

આ રીતિએ એક દીક્ષા લેવાને તૈયાર થએલા આત્માને બળાત્કારે પતિત કરનાર વ્યક્તિને, શ્રી '**ગણધર ભગવાનનું ખૂન**' કરવાથી જે દોષ લાગે તે દોષ લાગે. આવો દોષ લાગે છે, એમ જાણ્યા પછી પણ કયો કલ્યાણકાંક્ષી આત્મા દીક્ષા લેવાની ભાવનાવાળાને દીક્ષા લેતો અટકાવવાના '**મહા મોહનીય કર્મ**'ના જનક કાર્યને કરે ? એટલે આ વાંચનારને આગ્રહ પૂર્વક નિવેદન છે કે-'તેઓએ આજ સુધીમાં અજાણપણે એવા પાપકૃત્યમાં ભાગ લીધો હોય, તો પણ તેનો '**પશ્ચાત્તાપ**' કરી, ગીતાર્થ ગુરૂ પાસે એનું પ્રાયશ્ચિત્ત લઇને ભવિષ્યમાં તેવા આત્મઘાતક કૃત્યથી પોતાના

આત્માને બચાવી લેવો.' બાકી જેઓ દીક્ષાવિરોધને અંગે પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીની પણ અવહેલના કરી રહ્યા છે, તેઓએ તો જ્યાં '**અસત્યસેવન**' ને '**કર્માવરણ**'નો ભયજ છોડયો છે, ત્યાં તેમને આવા કર્મનો ડરજ ક્યાં લાગવાનો છે ? પરન્તુ એના વિપાક વખતે એમની જે કરૂણાલ હાલત થવી છે, એની કલ્પના પણ પ્રકમ્પ ઉપજાવે છે. તેવાઓ એમનાં પાપ કૃત્યોમાં ફાવી જઇને ધર્મધ્વંસ કરી શકે, તે પૂર્વે ધર્મીઓએ તો એનો દરેક રીતિએ પ્રતિકાર કરવોજ જોઇએ અને સાથેજ તેવા પરલોક અને પાપકર્મથી નીડર બનેલાઓની ભાવ દયા પણ ચિન્તવવી જોઇએ.

રાજકીય ચળવળનો વિરોધ ?

પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી સ્હામે જગાવવામાં આવેલા અનેકાનેક ઉધમાતોમાં એક એ પણ છે કે—'તેઓશ્રી રાજકીય ચળવળના વિરોધી છે.' આ વાત પણ પહેલાંની વાતો જેટલીજ અજ્ઞાનતાભરી અને તેટલીજ અસત્ય છે. જૈન સાધુઓના આચારજ એવા છે કે—તેમને રાજકીય ચળવળ સાથે કાંઇજ સંબંધ ન હોય. તેઓનું જીવન ધર્માચારમય હોય છે, તેઓનો ઉપદેશ ધર્મ સંબંધીજ હોય છે અને તેઓ માત્ર ધર્મતત્ત્વના પ્રચારમાંજ જગતનું કલ્યાણ માની જગત્‌માં વિચરે છે. અને તેથીજ જ્યાં જ્યાં ધર્મને નામે ધર્મઘાતની પ્રવૃત્તિઓ મંડાતી હોય, ત્યાં અજ્ઞાન વિશ્વ મુંઝાઇને ઉન્માર્ગે ન દોરવાઇ જાય તે પૂરતોજ તેઓ એ વિષયનો સત્ય સ્ફોટ કરે છે. અને તેથી તેને રાજકીય ચળવળનો વિરોધ કહેવા કરતાં, અધર્મનો વિરોધજ કહેવો જોઇએ.

હિન્દમાં ચાલેલી છેલ્લી કાયદાભંગની ચળવળ પ્રસંગે જે રીતે દેશહિતના કાર્યમાં કલ્યાણ માનનારાઓ તરફથી પતિને પત્નિ છોડવાનું, પુત્રને માતાપીતાની આજ્ઞાની અવગણના કરીને પણ જોડાવાનું, સ્નેહિ–સંબંધીને તજવાનું ને મોત માટે તૈયાર રહેવાનું સૂચવાયું હતું, તે સંબંધી પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ વિવેચન કરીને એ રીતિએ અપાતી અને લેવાતી સ્વપર કલ્યાણને કરનારી દીક્ષાનું પણ પ્રતિપાદન કર્યું હતું. આ શિવાય તેઓ શ્રીમદ્ કાંઇજ તે સંબંધી વધ્યા ન હતા, પરન્તુ મુંબઇમાં સ્થપાએલા ધર્મદ્રોહી જૈન યુવક સંઘે જેમ ઘણીવાર જુઠાણાંઓ દ્વારા પૂ. પ્રવચનકાર મહાત્માની સ્હામે જૈન કુલાંગારને છાજતાં લખાણો લખ્યાં હતાં, તેજ રીતિએ ચાલુ રાજકીય ચળવળની ઓથ શોધીને, તદ્દન જુઠાંણાંભરી બાબત પ્રસરાવી હતી કે–પૂ. પ્રવચનકાર મહાત્મા યંત્રવાદને પોષે છે, સ્વદેશીને નિન્દે છે, તકલી ફેરવવામાં મીલના સંચા કરતાંય વધારે પાપ કહે છે અને ગાંધીજીને મીઠાચોર કહી મીઠાના કાયદાના ભંગની પ્રવૃત્તિને નિન્દે છે. આવા ભાવાર્થનું લખાણ એની દૈનિક શૈલિ મુજબ તદ્દન ગલીચ ભાષામાં મૂકવામાં આવ્યું હતું અને પોતાની લાગવગવાળાં પત્રોમાં પણ એનું પ્રકાશન કરાવાયું હતું. આથી જૈન કે જૈનેતર જગત એ પ્રપંચનું ભોગ ન બને તેટલાજ ખાતર, તા. ૨૬–૩–૩૦ ને દિને પોતાનું દૈનિક પ્રવચન પૂર્ણ કરતાં પૂર્વે જે ખુલાસો પૂ. પ્રવચનકાર મહાત્માએ કર્યો હતો, તે પોતાની સમ્પાદકીય નોંધ સાથે '**જૈન પ્રવચન**'ના સમ્પાદકે પ્રગટ કર્યો હતો. તે આ રહ્યો:—

'જાણુકાર'ના તખલ્લુસથી 'જૈન યુવક સંઘ પત્રિકા'એ ફેલાવેલી તદ્દન બનાવટી અફવા !

મુનિપ્રવરશ્રી વિરોધીઓના આંતર્ સ્વરૂપનું ઉદ્ઘાટન કરે છે.

મુંબઇમાં સ્થપાયેલા જૈન યુવક સંઘની ધર્મનાશક પ્રવૃત્તિથી કોઇ અજાણ્યું નથી. તેણે પૂજ્ય મુનિ મહારાજાને નિંદવાની પ્રવૃત્તિઓ કરવામાં આજ સુધી કશી જ કમીના નથી રાખી. પોતાના પરમ ગુરૂદેવોની છત્રછાયા નીચે અહીં લાલબાગમાં વિરાજતા મુનિપ્રવર શ્રીમદ્ રામવિજયજી મહારાજ, કે જેઓ ઉન્માર્ગોનું ઉન્મૂલન કરનારી અને મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરનારી દેશના નિરંતર આપી રહ્યા છે, તેઓને હલકા પાડવા માટે અને તેઓની દેશના અટકાવવા માટે અનેકાનેક પ્રયત્ન કરવા છતાં નિષ્ફલ નીવડવાથી, 'હાર્યો જુગારી બમણું રમે'–એ કહેવત અનુસારે એક છેલ્લો દાવ ખેલવામાં આવ્યો છે, અને તે દ્વારા ઇચ્છયું છે કે–મુનિપ્રવર શ્રીમદ્ રામવિજયજી મહારાજ કોઇપણ રીતિએ હલકા પડે અને આપણે આપણું ધાર્યું કરી શકીએ:' પણ તેઓની તે ધારણા આકાશકુસુમ મેળવવા જેવો છે. આ છેલ્લા દાવમાં તેઓએ ભયંકર જુઠનું સેવન કરવા સાથે, મૂર્ખતાનું પણ વિચિત્ર પ્રદર્શન કર્યું છે. તે દર્શાવવા માટે બુધવાર તા. ૨૬–૩–૩૦ ના દિવસે વ્યાખ્યાન સમાપ્ત થવા અગાઉ, મુનિપ્રવરશ્રીએ જે ખુલાસો કર્યો છે તે જનતાની જાણ માટે નીચે રજુ કરવામાં આવે છે:—

પૂ. મુનિપ્રવરશ્રીનો ખુલાસો.

" નિરંતર વ્યાખ્યાનમાં આવતા તમે જાણોજ છો કે–વર્તમાન રાજદ્વારી હીલચાલના સંબંધમાં, તે હીલચાલમાં પ્રકટ થયેલી આપણને હિતકારી એક

બે બાબતો શિવાય, કોઇ પણ દિવસ આપણે કશુંજ બોલ્યા નથી. વિરોધ કરનારાઓએ આજ સુધી અનેક રીતિએ વિરોધ કર્યો, પણ તેઓ તદ્દન ઉન્માર્ગે હોવાથી જરા પણ ફાવી શકયા નથી. એકાંત હિત બુદ્ધિથી કહેવાયલા એક વાકયને ઉપાડી ઠામ ઠામ દોડાદોડ કરી અને વસ્તુસ્થિતિથી અજ્ઞાન લોકોને ભેળા કરી ઠરાવો કર્યા અને કાગળના ઘોડે તે ઠરાવોને દોડાવ્યા. પણ તેમાંયે તેઓએ ભયંકર નિષ્ફળતા મેળવી અને પરિણામે એ ચળવળના એક આગેવાનને કબૂલ કરવું પડયું કે—' દારૂઇંડા પ્રકરણની ચર્ચા કોઇ તત્ત્વ ઉપર ઉભી થયેલી નહોતી, તેથી તેને લગતી આખી હીલચાલમાં આપણે પહેલેથી છેલ્લે સુધી ખ્યાલી આવેશને વશ બનીને ધમાલ કરી છે, એમ કહ્યા વિના નહિ ચાલે અને તેથીજ આપણે આ બાબતમાં જૈનેતર વર્ગમાં ભારે હાંસીપાત્ર બની રહ્યા છીએ, એમ તટસ્થ જોનારને કબુલ કરવું પડશે. પ્રવચનકાર કે ઉપદેશકારને આવી રીતે ઉપદેશ કરવાનો હક્ક છે. પ્રસ્તુત ચર્ચા નિરર્થક હતી અને અનર્થકારક બની છે '–વિગેરે.

આ ઉપરાંત વ્યાખ્યાન બંધ કરાવવા માટે પણ બધે ફરી વળ્યા, પણ તેમાંય પાછા પડવાથી હવે તેઓ એક નવોજ દાવ ખેલી જુએ છે અને કોઇ પણ રીતિએ ધૂળ ઉડાડવાનો કૂટ પ્રયત્ન આદરે છે. એઓએ જોયું કે–અત્યારે સત્યાગ્રહની હીલચાલ જોસભેર ચાલી રહી છે, એટલે તેને માટેના કંઈક અયોગ્ય શબ્દો મહારાજના મુખમાં મૂકીએ, તો આપણી ફાવટ થાય –એમ માની એક અથડામણ ઉભી કરનારો કીસ્સો ઉપસ્થિત કર્યો છે.

પણ એ કિસ્સો ઉભો કરવાની ઘેલછામાં અને તેની પ્રસિદ્ધિ કરી લેવાના તાનમાં તેઓ એ પણ ભૂલી ગયા કે–શ્રી જિનેશ્વરદેવના પ્રવચનને પામેલો અને પ્રભુમાર્ગને જાણનારો એવું ગાંડું ન જ બોલે, કે જે ચારની વચ્ચે પૂરવાર કરવું ભારે પડે : પણ બિચારા વિરોધ કરનારા સીધો હલ્લો ન લાવી શકે, એટલે બનાવટી વાતો ન નીપજાવે તો બીજું કરે પણ શું ?

હું તો રોજ કહું છું કે–દુનિયાની કાર્યવાહી સાથે સાધુઓને કશુંજ લાગતું વળગતું નથી. સાધુ તો સારાય સંસારને એટલે કે રાજ્ય, ઋદ્ધિ, સિદ્ધિ અને સાહ્યબી, વિગેરે તમામને અસાર માને છે : કેવલ એક મોક્ષનેજ વાસ્તવિક રીતિએ સારભૂત માને છે. શ્રી જિનેશ્વરદેવે એજ કહ્યું છે અને અમે પણ એજ માનીએ છીએ અને અહીં આવે એને રોજ એજ સંભળાવીએ છીએ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર શિવાય ચોથી કોઇ વસ્તુની વાત આપણે

કરતા નથી : માત્ર એ રત્નત્રયીનુંજ મંડન કરીએ છીએ. આથી તો વિરોધીઓ સમજ્યા કે–' અહીં તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર શિવાયની ચોથી વાતજ થતી નથી.' એટલે જ એ લોકોએ નવો દાવ ફેંક્યો અને આ (મુંબાઇ જૈન યુવક સંઘ પત્રિકા) પત્રિકામાં 'જાણકાર'ના તખલ્લુસથી જાહેર કર્યું કે–' રામવિજયજી કહે છે કે–" આ લડતમાં ગાંધીને પૈસાની કે માણસની મદદ કરવી તે પાપ છે, કારણ ગાંધી મીઠાની ચોરી કરવા જાય છે, તેથી સાચા શ્રાવકોનો ચોરીમાં કદાપિ કોઈ પ્રકારનો સાથ હોયજ નહિ" તેમજ "ખાદી ન પહેરવાની બાધા આપી રહ્યા છે"–વિગેરે' આ પ્રમાણેની જાહેરાત કરીને તેઓએ પોતાની જાતને બરાબર ઓળખાવી છે. સત્યાગ્રહની હીલચાલના નાયક પોતે જગત્ના ચોગાનમાં ખુલ્લું કહીને જાય છે, પોતાને કેમ પકડતા નથી એવી દાંડી પીટી પીટીને જાય છે, એંસી જણ સાથે ન પકડે તે એંસી હજાર સાથે કેમ પકડશે ?—એમ કહીને આવી ખુલ્લી રીતે જનારને કોઈ પણ ચોર કહે ખરો ? ખરેખર, આ પત્રિકાના કાઢનારાઓએ બુદ્ધિનો સ્હેજ પણ ઉપયોગ કર્યા વિનાજ આ લખાણ પ્રગટ કર્યું છે. ઈર્ષ્યાથી આવી રીતે પામર આત્માઓ બનાવટી વાતો ઉભી કરે છે. આ બધું કહેવાની આપણને જરૂર નહોતી, પણ આ લોકોએ આપણને ફરજ્યાત બોલવાનો પ્રસંગ આપ્યો છે. જે વખતે જે પ્રવૃત્તિ ચાલતી હોય, તેના ઓઠા તળે વિપ્લવ જગાડવાની એઓની દુષ્ટ મનોવૃત્તિ સ્પષ્ટ થાય છે. જૈન યુવક સંઘના સેક્રેટરીઓ સોલીસીટર, પ્રોફેસર અને અન્ય ડીગ્રીઓને ધારણ કરનારા છે : એના સભ્યોમાં પણ એલ. ઍમ. ઍન્ડ એસ, કે એમ. બી. બી. એસ વિગેરે ડીગ્રીધરો છે : પરંતુ દુર્ભાવના જાગે ત્યારે વિદ્યાનો દુરૂપયોગ કરવાનુંજ મન થાય છે, તેનું આ સ્પષ્ટ ઉદાહરણ છે. દુર્ભાવનાને આધીન થયેલો ખોટું બોલતાં કે લખતાં જરાયે અચકાતો નથી, પરંતુ હું કહું છું કે—આથી એમની પ્રતિષ્ઠા ઘટે છે અને ડીગ્રીઓ લાજે છે. જેમના પગલે ચાલવાનો તેઓ દેખાવ કરે છે, એમણે તો કહ્યું છે કે–" આ લડત શરૂ થયા પછી ભણનાર વિદ્યાર્થી, કોલેજીયન, વકીલ અને વેપારી જો સ્કુલ, કોલેજ, કોર્ટ કે દુકાન ન છોડે તો તે દેશના દ્રોહી છે." હવે વિચાર કરશો તો માલૂમ પડશે કે–દેશના વાસ્તવિક દ્રોહી કોણ છે ? જેઓ આજે વાતો કરે છે, તેઓને તપાસો તો વસ્તુતઃ દંભજ જણાઈ આવશે. દેશની હીલચાલના નાયકો આવાઓને સારી પેઠે ઓળખે છે. દેશનાયકો જે કોલેજોને

પોષવાની પોકારી પોકારીને ના કહે છે, તે કોલેજોને આ લોકોજ પુષ્ટ કરી રહ્યા છે. હિંસા કરીને પણ ડાકટરી લાઈન ચલાવી રહ્યા છે. એ શું ઓછું શરમભર્યું છે? જે સમયે રાજકીય પ્રવૃત્તિમાં પણ અહિંસક રહેવાની ઉદ્‌ઘોષણાઓ થાય છે, તે સમયે વિદ્યાભ્યાસમાં પણ હિંસાનું સમર્થન કરનારા આ લોકોજ છે. કોર્ટમાં ગયા વિના એક દિવસ પણ રહી શકતા નથી, રાજ્યનાં ખાતાંઓને એ નિભાવે છે, કારખાનાંઓ ખોલાવે છે અને વળી દેશભક્તિના દાવાઓ પણ એઓજ કરે છે! દેશહિતથી વિપરીત વર્તન કરનારા આ ડીગ્રીધરો છે કે જૈન સાધુઓ છે-તે જગતથી અજાણ્યું નથી. તેમનામાંના કેટલાયે વકીલાત છોડી? કેટલા ઘર છોડી ગયા? કેટલા જેલમાં જવા તૈયાર થયા? હું તો કહું છું કે--દેશની સુલેહ થાય ત્યારે દેશદ્રોહી તરિકેના પ્રથમ ચાંદને લાયક આવાઓજ ઠરશે. આપણે તો કહી શકીએ તેમ છીએ કે-" અમે ધર્મક્રિયાઓમાં રક્ત હતા, દર પંદર દિવસે દેશની, દેશનાયકોની, પુરજનોની અને જગદ્‌ભરની શાંતિ માટે 'શાંતિર્ભવતુ'ના પાઠથી શાંતિ ઈચ્છતા હતા. દુનિયાભરની શાંતિ માટે અમારી પ્રાર્થના ચાલુજ હતી." એટલે દેશ તથા દુનિયા માટે આપણી પ્રવૃત્તિ તો ઉપકારક છે. યંત્ર, મીલ, કારખાનાં,--એ બધાને જૈનશાસનમાં પાપ માનેલ છે. જૈનધર્મની દૃષ્ટિએ પંદર કર્માદાન (હિંસક વ્યાપારો)ના આપણે સખ્ત વિરોધી છીએ. વર્તમાનમાં આરંભ--સમારંભને વધારનારૂં જે શિક્ષણ દુનિયામાં અપાઈ રહ્યું છે, તેની તો જૈન સાધુઓ ના પાડતાજ આવ્યા છે. આજે દેશના નામે વાતો કરનારા એ શિક્ષણ છોડી શકતા નથી, એનું શું કારણ છે?

શું તમને એમ નથી લાગતું કે--આ વાતો કરનારાઓને કાંઇ પણ અમલ નથી કરવો અને માત્ર ધર્મ પ્રત્યેજ વૈર કેળવવું છે? મ્હારી તમને સલાહ છે કે- એવાઓને ઝપાટે ચડી ધર્મને ન ભૂલશો. ધર્મ ભૂલ્યા તો બધું બરબાદ! ધર્મ ભૂલીને દેશની કે કશાની આબાદી કોઈ કરી શક્યું નથી, કરી શકતું નથી અને કરી શકશે પણ નહિ. દેવ-ગુરૂ-ધર્મને આઘા મૂકયા તો બરબાદ થશો અને ગાંડામાં ખપશો. પરમ તારક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય એવી બધીજ પ્રવૃત્તિ કરો અને એ આજ્ઞાનો ઘાત થાય એવી પ્રવૃત્તિઓને છોડી દો! એ પરમ તારકની આજ્ઞાના સેવનમાંજ સ્વનું, પરનું અને સમસ્ત વિશ્વનું કલ્યાણ સમાયેલું છે."

ગાંધીજી વિરૂદ્ધ પ્રચારકાર્ય ?

ઉપરના પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ કરેલા ખુલાસામાં અનેક બાબતો તેઓ શ્રીમદે સ્પષ્ટ કરી છે. ધર્મદ્રોહીઓ એવી એવી અનેકવાર '**જુઠાણાંની જાળો**' બીછાવવામાં પણ આખરે ખુલ્લા પડી જાય છે. તેઓ રાજકીય ચળવળનો બીજી રીતિએ પણ લાભ ઉઠાવે છે–ઉઠાવવા તરફડીયાં મારે છે અને પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી–' ગાંધીજીની નિન્દા કરે છે '–એવું અસત્ય પ્રચારે છે. કોઈ પણ રાજકીય નેતાએ પોતાની તે વ્યક્તિતાનો લાભ લઇને કોઇજ ધર્મને અંગે અજ્ઞાનપણે ટીકા નજ કરવી જોઇએ. છતાં ગાંધિજી તેથી અલિપ્ત રહ્યા નથી અને તેમણે અનેક વાર ધાર્મિક ચર્ચાઓમાં ભાગ લઇને તેમજ પોતાની માન્યતાના સમર્થનમાં ધર્મસિદ્ધાન્તો વિષે ઉન્માર્ગગામી ચર્ચા કરીને, ધર્મપુરૂષોને તેનું ખંડન કરી જનતા સમક્ષ સત્ય સ્વરૂપ રજુ કરવાનાં કારણો આપ્યાં છે. એમણે કરેલી અહિંસાની વ્યાખ્યા જૈનધર્મની અહિંસાને બંધ બેસતી નથી અને તેથી જ કુતરાં ઉપરના ગોળીબાર પ્રસંગે, વાછરડાની કરવામાં આવેલી ઘાતના પ્રસંગે, વાંદરાઓને સત્યાગ્રહ આશ્રમનાં શાક બચાવવા માટે મારવાના પ્રસંગે, તેમ જ બીજા ઘણા પ્રસંગોએ તેઓએ જૈનધર્મની અહિંસાને નિષ્કારણ સંડોવી ગેરસમજ ઉભી કરી હતી. આવા પ્રસંગે ધર્મધ્વંસને નહિ ઇચ્છતા પૂ. પંન્યાસપ્રવરશ્રી જેવા મહાત્માઓ એ વિષયમાં યોગ્ય ખુલાસા કરે, એ કાંઇ ગાંધિજીની નિન્દા નથી અને જો એને જ નિન્દા કહેવાય, તો પરિણામે ગાંધિજી ખૂદ પણ નિન્દા કરનાર ઠરે તેમ છે. પરન્તુ કોઈનાય અધાર્મિક

વિચારોના પ્રચારથી ભદ્રજનો જો ઉન્માર્ગે દોરવાઇ જાય તેમ હોય, તો ઉપકારી મહાપુરૂષ અવશ્યમેવ તેનો પ્રતિકાર કરેજ. બાકી જેઓ પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીને '**ગાંધિજીની નિન્દા**'ને નામેજ વગોવવા ઇચ્છે છે, તેઓ કોઇ પણ પ્રસંગે તેઓ શ્રીમદે ઉચ્ચારેલા શબ્દો રજુ કરી શક્યા નથી. અને છતાં વગર પ્રમાણે ટાંકયે '**લાગ્યું તો તીર નહિ તો ટીકકો**' એ ન્યાયે તેમની અધમ પ્રકૃતિ મુજબ તદ્દન જુઠાણાંભર્યું પ્રચારકાર્ય કર્યે જાય છે. એટલે અત્રે સાફ સાફ કહી દેવું જરૂરી છે કે–પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીને એ રાજકીય ચળવળની કે ગાંધિજીની નિન્દા કરવાની કાંઇજ જરૂર નથી : તેઓ કરે જ નહિ : એઓશ્રીના પ્રત્યેક પ્રયત્નનું ધ્યેય એક માત્ર ધર્મપ્રચારજ હોય અને છે.

કેળવણીનો વિરોધ ?

આ ઉપરાન્ત પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીને વગોવનારાઓ, એઓશ્રીને '**કેળવણીના વિરોધી**' તરીકે ચીતરવાની પાછળ પણ પોતાની શક્તિનો દુર્વ્યય કરવાને ચૂકતા નથી. જે પૂ. પ્રવચનકાર મહાત્મા અનન્ત જ્ઞાનીઓની આજ્ઞાઓ સમજીને જીવનમાં ઉતારવામાં જ આત્મકલ્યાણ સમજતા હોય અને જેઓ '**સમ્યગ્ જ્ઞાન**'ને મોક્ષપ્રાપ્તિમાં અનિવાર્ય દર્શાવતા હોય, તેઓશ્રીના ઉપર '**કેળવણીના વિરોધી**' એવો કરવામાં આવતો આક્ષેપ કયાંથી સત્યાંશવાળો પણ હોય ? જેઓ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહેલાં—

"पढमं नाणं तओ दया"

"પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહિ કોઇ જ્ઞાન સમાન રે."

" ज्ञान – क्रियाभ्यां मोक्षः । "

" જ્ઞાની જે કર્મનો ક્ષય ક્ષણુ માત્રમાં કરે, તે કર્મનો ક્ષય કરવાને અજ્ઞાની પૂર્વ ક્રોડ વર્ષ લગી મથે તોય ક્ષય ન થાય."

" सम्यग् दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः । "

જેવાં સુવાક્યોના પ્રતિપાદનમાં અનેકાનેક પ્રવચનો આપીને જગત્‌ને સદ્‌જ્ઞાન મેળવવાની પુનઃ પુનઃ પ્રેરણા કરતા હોય, તે પૂ. પ્રવચનકાર મહાત્માને કેળવણીના વિરોધી જણાવવા, એમાં શિવાય અજ્ઞાન બીજું કાંઇજ નથી. પરન્તુ આજે તો એ ધર્મદ્રોહીઓ પોતાની દરેક પ્રવૃત્તિને ધર્મપ્રવૃત્તિ તરીકેજ પોષવા ઇચ્છે છે અને ભદ્ર જનતાના ધર્મપ્રેમનો લાભ લઇ પોતાની દુર્લાલસાને પોષવા મથે છે. તેઓ અર્થ અને કામની રસિકતાને વધારનારી કેળવણીને પણ **'સમ્યગ્ જ્ઞાન'**નું ઉપનામ આપવા માગે છે અને એ રીતે ભયંકર ઝેરને અમૃતના ઉપનામે ખપાવવા ચાહે છે. પૌદ્‌ગલિક પદાર્થોના મમત્વને કેળવતી કેળવણીને કોઈજ **"સમ્યગ્ જ્ઞાન"** કહી શકે નહિ, કારણકે–જ્ઞાની પુરૂષોએ **'ज्ञानस्य फलं विरतिः** **'જ્ઞાનનું ફળ વિરતિ હોઇ શકે'** તેમજ **" सा विद्या या विमुक्तये "–' તેજ વિદ્યા કહેવાય કે જે મુક્તિને માટે થાય'** આવાં કથનો દ્વારા **'સમ્યગ્‌જ્ઞાન'** કોને કહેવાય તે દર્શાવ્યું છે. આથીજ વિરતિને નહિ પેદા કરનાર જ્ઞાનને અજ્ઞાન તરીકે વર્ણવ્યું છે. બાકી સમ્યગ્‌જ્ઞાન અને મિથ્યાજ્ઞાનની પરીક્ષા એજ રીતિએ થાય કે–**જે જ્ઞાન-પ્રાપ્તિથી વિરતિની ભાવના પેદા થાય તે સમ્યગ્‌જ્ઞાન અને જે જ્ઞાનપ્રાપ્તિથી સાંસારિક વાસનાઓ જન્મે તે મિથ્યાજ્ઞાન.** મિથ્યાજ્ઞાનના યોગે મનુષ્યની માનવતા

હરાય છે, જ્યારે સમ્યગ્જ્ઞાનના યોગે એની પ્રભુતા વિકસે છે. પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીને 'બળ'ના, 'વિદ્યા'ના કે 'વિજ્ઞાન'ના વિરોધી તરીકે ચીતરનારાઓને તેઓશ્રીના જ શબ્દો સમર્પવા ઠીક છે. આ રહ્યા તે :

"અમે બળના, વિદ્યાના કે વિજ્ઞાનના વિરોધી નથી. પણ વિદ્યાના, વિજ્ઞાનના, ઉન્નતિના કે બળના નામે, મનુષ્યને મનુષ્ય મટાડી રાક્ષસ બનાવાતા હોય, તો એના અમે કટ્ટર વિરોધી છીએ. જે વિદ્યા, જે વિજ્ઞાન અને જે બળ પ્રભુના માર્ગથી આત્માને પરાઙ્મુખ બનાવે, તે વિદ્યાને, વિજ્ઞાનને કે બળને વખાણવા અમે હરગીજ તૈયાર નથી. જે વિજ્ઞાન, જે વિદ્યા અને જે બળ પાપભીરૂ બનાવવાને બદલે પાપમાં રક્ત બનાવે, આરંભ-સમારંભમાં થઇ જતી કંપારીને રોકી નાંખે, વીતરાગના વચન ઉપરની શ્રદ્ધાને નષ્ટ-ભ્રષ્ટ કરી નાંખે અને આત્માને ત્યાગમાર્ગ તરફ વળતો અટકાવી સંસારના રાગમાં મ્હાલતો બનાવે, એ વિદ્યા. વિજ્ઞાન કે બલ જરૂરી કે હિતકર છે, એમ તો અમારાથી કદીજ નહિ કહેવાય. જે વિદ્યા, અને વિજ્ઞાન સત્ય સાંભળવા જેટલા સહનશીલ પણ ન બનાવી શકે અને માત્ર પોતાનાજ કલ્પિત વિચારોના પૂજારી બનાવી, સત્યની સામે-કલ્યાણના માર્ગની સામે બળવાખોર બનાવે, એને વિદ્યા કે વિજ્ઞાન તરીકે કેમજ ઓળખી શકાય? બાકી તમે નિર્બળ થાઓ-ઢીલાઢચ થાઓ એવું કોઇ ઈચ્છે ખરૂં? તમે વિદ્યા ન ભણતાં મૂર્ખા રહો એમ અમે ઇચ્છીએ એમ? તમને દુ:ખી જોવાનો અમારો ઈરાદો હોય? તમને દુ:ખી જોવા ઈચ્છનાર ભગવાન્ મહાવીરના શાસનમાં રહેવાને લાયક નથી. તમને સુખી, વિદ્યાવાન, કળાવાન જોવા ઇચ્છીએ, પણ કયી રીતે? પ્રભુના માર્ગમાં રહીને, પણ અયોગ્ય માર્ગે નહિ."

પરમ શાસનપ્રભાવક-

આ રીતિએ ધર્મદ્રોહીઓ દ્વારા પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી ઉપર કરાતા આક્ષેપો કેટલા અસત્યપૂર્ણ, કેટલા ધર્મદ્વેષભર્યા અને કેટલા દુર્બુદ્ધિથી ભરેલા છે, તે આપણે વિચારી ગયા. આ બધા ઉપરથી એક તારવણી અવશ્યમેવ નીકળે છે

કે–" પૂ. પ્રવચનકાર મહાત્મા એક '**મહાન્ શાસન પ્રભાવક**' છે." શાસનપ્રભાવક તે જ થઇ શકે છે કે–જે પોતાને મળેલી સામગ્રીનો ઉપયોગ કેવલ શાસનપ્રચારણાર્થે જ કરે છે. આ પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ તો પોતાનું સારૂંય જીવન શાસનને ચરણે સમર્પી દઇને, પોતાની ઇજ્જતનો ભોગ આપીને, પોતાની પ્રભાભરી વ્યાખ્યાનશક્તિનો, જનતામાં જૈનશાસનની પવિત્ર માન્યતાઓના પ્રચારાર્થે ઉપયોગ કરીને અને ધર્મવિરોધીઓના અનેકવિધ વિપ્લવોને '**શાસનસેવા**'માંજ રક્ત એ મહાત્માએ હસતે મુખે વધાવી લઇને, '**સહનશીલતા**' ને 'મક્કમતા' પૂર્વક આદરેલ પુણ્યકાર્યની પૂર્ણાહુતિ માટે જે '**જહેમત**' ઉઠાવી છે અને ઉઠાવ્યેજ જાય છે, એ જોતાં એ આજની સદીના પરમ શાસનપ્રભાવક છે, એમ કહ્યા વિના ચાલે તેમ નથી. જૈન જગત્‌માં એઓશ્રીએ જે જીવન્ત વૃત્તિ કેળવી છે, તે જેવી–તેવી નથી. આપણે તેઓશ્રીને સાંભળતા હોઇએ ત્યારે આપણને લાગે કે–એમના રોમે રોમમાં શાસનસેવાની ભાવના ઠાંસીને ભરેલી છે. એઓશ્રીની દિનચર્યા પણ ખરેજ આશ્ચર્યકારી છે. સ્હવારના ચારથી રાતના અગીઆર સુધી ધર્મક્રિયાઓનું સેવન, વ્યાખ્યાદાન, શંકાનિવારણ, પઠન–પાઠન વિગેરે કાર્યો, તેઓ પ્રમાદ રહિત બની કર્યેજ જાય છે : નથી કંટાળો અનુભવતા કે નથી એમને થાક લાગતો. આવા એક પુણ્ય પુરૂષના પરિચય માટે તો જેટલું લખાય તેટલું થોડુંજ ગણાય અને એઓશ્રીની પીછાન આપવા માટે જો ધારીએ તો ગ્રંથોના ગ્રંથો પણ ભરી શકાય. વન્દન એ શાસનપ્રભાવક મહાત્માને !

મહાન્ સાહિત્યકાર–

આ પૂ. પ્રવચનકાર મહાત્મા જેમ એક '**પરમ ધાર્મિક પુરૂષ**' તરીકે અમર બન્યા છે, તેજ રીતે તેઓશ્રી ભાવિકાલમાં એક '**મહાન્ સાહિત્યકાર**' તરીકે પણ પ્રજામાનસમાં જીવતા રહેવા છે. એઓશ્રીનાં પ્રવચનોના દર અઠવાડીએ માત્ર ત્રણજ ફરમા પ્રસિદ્ધ થાય છે, જ્યારે દર અઠવાડીએ તેઓશ્રીનાં પ્રવચનોનું પ્રમાણ દશથી પંદર ફરમા જેટલું થાય છે. વધુમાં એઓશ્રી દ્વારા થતું સાહિત્યનું સર્જન એ જેમ સુવિશિષ્ટ છે, તેમ ચેતનતા ભર્યું પણ છે. આજનું લૌકિક સાહિત્ય જ્યારે જગત્‌ની અર્થ–કામની નાશક તૃષ્ણાને વધારી રહ્યું છે, આજનું સામાજિક સાહિત્ય જ્યારે ધર્મ સ્હામે વિપ્લવવૃત્તિ કેળવી રહ્યું છે, આજનું રાજકીય સાહિત્ય જ્યારે બળવાખોર માનસનું ઘડતર કરી રહ્યું છે, ત્યારે આ સાહિત્ય કેવલ ધર્મવૃત્તિ–સાત્ત્વિક વૃત્તિજ કેળવી રહ્યું છે. એક પણ દુર્ગુણના આગમનનો ભય નહિ અને કેવલ સદ્‌ગુણ કેળવાવાની સંભાવના. અને જેમ આ સાહિત્ય વર્ત્તમાનમાં લોકની દુર્ભાવનાને ભેદનાર નિવડ્યું છે, તેમજ ભવિષ્યને માટે પણ તે પ્રજાના માનસમાં સદ્‌ભાવનાના અંકુરા પેદા કરવામાં મૂખ્ય ભાગે રહેશે, એમ કોઇ પણ કહી શકે તેમ છે. એટલે ભવિષ્યની પ્રજા પણ આ પૂ. પ્રવચનકાર મહાત્માની ઋણિજ રહેશે અને એઓશ્રીની મહાન્ સાહિત્યકાર તરીકેની ગણના ઇતિહાસને પાને સુવર્ણાક્ષરે નોંધાશે. અમરતાના ઉપાસકો એમની શિષ્ટ પ્રવૃત્તિ દ્વારા કયી રીતિએ વિના ઇચ્છાએ પણ અમર બને છે, એ સમજવા માટે આ પૂ. પ્રવચનકાર મહાત્માનું જીવન કદાચ આદર્શરૂપ લેખાય.

ગ્રન્થપરિચય—

જૈન શાસ્ત્રકારોએ કાળની ગણનામાં ‘**અવસર્પિણી**’ કાળ અને ‘**ઉત્સર્પિણી**’ કાળ, એમ બે મહાન્ યુગ દર્શાવેલા છે. અવસર્પિણીના છ આરા અને ઉત્સર્પિણીના છ આરા : અવસર્પિણીના આરાઓ વખતે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં દિવસે દિવસે હ્રાસ થતો જાય અને ઉત્સર્પિણીમાં વૃદ્ધિ થતી જાય. દરેક ઉત્સર્પિણી ને અવસર્પિણીમાં ચોવીશ ચોવીશ શ્રી તીર્થંકરદેવો થાય છે, કે જેઓ દુષ્કર ચારિત્ર સ્વીકારી, કેવલજ્ઞાનની પ્રાપ્તિદ્વારા ત્રિકાલદર્શી બની, સર્વ વસ્તુઓના સર્વ પર્યાયોને જાણીને જગતુના હિતને માટે ધર્મશાસનની–જૈનશાસનની સ્થાપના કરી, નિર્વૃત્તિમાર્ગનું પ્રતિપાદન કરે છે, સર્વ પદાર્થોની પ્રરૂપણા કરે છે અને મિથ્યામાર્ગનું ઉન્મૂલન કરે છે. ચાલુ અવસર્પિણીના પાંચમા આરામાં પરમ તીર્થંકરદેવ શ્રીમન્ **મહાવીરવિભુએ** સ્થાપેલું ‘**શ્રી વીરશાસન**’ આજે પ્રવર્તી રહ્યું છે. શ્રી તીર્થંકરદેવના પટ્ટશિષ્યો ‘**શ્રી ગણધર**’ ભગવાન કહેવાય છે અને તેઓ પ્રવ્રજિત થયા બાદ પ્રભુને પૂછે છે કે—

“ **भगवन् ! किं तत्त्वं ?** ”—‘ **પ્રભો ! તત્ત્વ શું ?** ’

—ત્યારે પ્રભુ એ પ્રશ્નના ઉત્તરમાં ફરમાવે છે કે:—

“ **उपन्नेइ वा** ”—‘ **ઉત્પન્ન થાય છે.** ’

—આથી ગણધર ભગવાન પુનરપિ એનો એ પ્રશ્ન પૂછે છે, ત્યારે પ્રભુ ફરમાવે છે કે:—

“ **विगमे वा** ”—‘ **નાશ પામે છે.** ’

—આ પછી ગણધરદેવ ત્રીજી વાર એજ પ્રશ્ન કરે છે, ત્યારે પ્રભુ ફરમાવે છે કે:—

" ધુવેइ वा "—' સ્થિર રહે છે. '

આટલી ત્રિપદી ઉપરથી શ્રી ગણધર ભગવાન દ્વાદશાંગીની રચના કરે છે. એ દ્વાદશાંગી પૈકીનું પહેલામાં પહેલું અંગસૂત્ર તે '**શ્રી આચારાંગ**' છે. આના મૂળ કહેનાર શ્રમણ ભગવાન્ **શ્રી મહાવીરદેવ** : તેની રચના કરનાર પ્રભુના પાંચમા ગણધર **શ્રી સુધર્માસ્વામિજી** : નિર્યુક્તિની રચના કરનાર શ્રુતકેવલી ભગવાન્ **શ્રી ભદ્રબાહુસ્વામિજી**: અને તેની '**શ્રી ગંધહસ્તિ**'એ રચેલા '**શસ્ત્રપરિજ્ઞાવિવરણ**' ઉપરથી ટીકા રચનાર **શ્રી શીલાંકસૂરિજી** મહારાજા છે. આ ગ્રંથમાં ચરણકરણાનુયોગનું વિવેચન છે. આ ગ્રંથના અવલંબન દ્વારા પૂ. પ્રવચનકાર મહર્ષિએ આ ગ્રંથમાં પ્રકાશિત થતાં વ્યાખ્યાનો આપ્યાં છે. શરૂમાં ટીકાકાર મહર્ષિએ મંગલાચરણ રૂપે કરેલી તીર્થની સ્તુતિના વિવેચન દ્વારા તીર્થ કોને કહેવાય, તે કેવું છે અને તેને સેવનાર કયી રીતિએ સેવે, એ પૂ. પ્રવચનકાર મહાત્માએ સમજાવેલ છે. આ પછી શાસ્ત્રોના રહસ્યને જલ્દિથી સમજાય તે માટે તેઓશ્રીએ વચ્ચેજ **શ્રી જયવીયરાય સૂત્ર** ઉપાડયું છે અને તેમાં રોજ સાધુ અને શ્રાવક દ્વારા પ્રભુ પાસે કરાતી માગણીઓનો રહસ્યમય ઉકેલ દર્શાવ્યો છે. આ પછી મંગલાચરણ બાદ ટીકાકારમહર્ષિએ કરેલ અભિધેય, સંબંધ અને પ્રયોજનનું કથન પણ કેટલી બોધકતાભર્યું છે એ દર્શાવ્યું છે અને એમ આ ગ્રન્થ સમાપ્ત થાય છે. વચ્ચે વચ્ચે તેઓશ્રીએ વર્તમાન

વાતાવરણને સ્પર્શીને પણ વિવેચન કરેલ છે તેમજ કેટલાંક આદર્શ જીવનચરિત્રના પ્રસંગો રજૂ કરેલ છે. આ બધાની મહત્તા તો વાંચક વાંચવાથીજ સમજી શકે.

રચનાપ્રસંગે-

આ વ્યાખ્યાનો તેઓ શ્રીમદે પોતાના પરમ ગુરૂદેવ તથા પૂ. ગુરૂદેવ સાથે મુંબઇ–લાલબાગમાં વિ. સં. ૧૯૮૫ ના કરેલ ચાતુર્માસ દરમ્યાન અપાયાં છે. મુંબઇમાં આ પૂ. પ્રવચનકાર મહાત્માનાં વ્યાખ્યાનોએ નવચેતના પ્રગટાવી હતી અને ધર્મદ્રોહીઓના ઉન્માદભર્યા અવિરત પ્રયત્નો છતાં, પ્રવૃત્તિમય મુંબઈ નગરીમાં રોજ બે હજારથી વધુ સંખ્યામાં શ્રોતાગણ આ પ્રવચનો પ્રસંગે હાજરી આપતો. બાકી તે વખતના મુંબઈના વાતાવરણની ઝાંખી તો " **જૈન પ્રવચન, ભાગ પહેલો** " નામના ગ્રન્થમાં કરાવાએલ હોઇને અને જનતા એથી પરિચિત હોઇને, તે સંબંધી વિશેષ ઉલ્લેખ અત્રે તેટલો મહત્ત્વનો નથી. '**શ્રી આચારાંગ–ધૂતાધ્યયન**'નાં આ માત્ર ૨૨ વ્યાખ્યાનોજ છે, જ્યારે એની પૂરી સંખ્યા તો લગભગ પાંચસો જેટલી હોવાનું સંભવે છે.

અન્તિમ—

ગ્રન્થ અને ગ્રન્થકારનો પરિચય જો કે સામાન્ય દષ્ટિએ ખૂબ લાંબો થઈ જવા પામ્યો છે, પરન્તુ આમાં તો માત્ર વસ્તુનિર્દેશજ છે અને તે આવશ્યકજ હતો. શક્ય છે કે– પાઠકો અને જિજ્ઞાસુઓ માટે આ વધુ રસપ્રદ નિવડશે. બાકી વાચકશેખર શ્રી ઉમાસ્વાતિ મહારાજા ફરમાવે છે કે–

'શ્રોતાને લાભ થાઓ કિંવા નહિ, પરન્તુ શુભાશયવાળા વક્તાને તો લાભ થાયજ છે'–તેજ રીતિએ લખનારને તો એનું સુફલ મળીજ ગયું છે અને એની ઇચ્છા પણ એજ છે કે–વાંચનાર પણ એવુંજ સુફલ ઇચ્છે: એવી કાર્યવાહી ને એવી શુભેચ્છામાં તો એકાન્તે કલ્યાણ સમાએલું છે, કારણ કે–તેની ઉત્પત્તિ સર્વોત્કૃષ્ટ ભાવનામાંથી થાય છે અને તે ભાવના—

" સવી જીવ કરૂં શાસનરસી. "

જરૂરી – અંગત.

શ્રી **'વીરશાસન'**ની આ નવમા વર્ષની ભેટ લગભગ દશ મહિના મોડી નીકળે છે, તેનાં અનેકાનેક કારણો છે. એ કારણોનો ઉલ્લેખ અત્રે અનાવશ્યક છે. પરન્તુ અમે ભેટનું પુસ્તક મોકલવા પૂર્વે વી. પી. કરવાની લાલચને થોભાવી છે, તેજ રીતે અમારા ગ્રાહકો અમને સહકાર આપશે એ અમારી માગણી છે.

*

શેઠ શાન્તિદાસ ખેતશીભાઇએ આ ભેટનું પુસ્તક છપાવવામાં આર્થિક સહાય આપીને અમને ઋણિ બનાવ્યા છે : અને આવતા વર્ષનું ભેટનું પુસ્તક " **શ્રી આચારાંગ-ધૂતાધ્યયન** "નો બીજો ભાગ છપાવવાની પણ તેઓએ પરવાનગી આપી છે. તેઓની ધર્મપ્રીતિ અને શિષ્ટ ધાર્મિક સાહિત્યની આ લાગણી માટે સૌને સ્હેજે માન ઉત્પન્ન થાય તેમ છે.

*

આ વર્ષનું વી. પી. આટલું મોડું થતું હોવાથી અને અત્યારથીજ આવતા વર્ષની ભેટનું પુસ્તક છપાવું શરૂ થએલ હોઇને, ગ્રાહકોને ટુંક સમયમાં બીજું વી. પી. સ્વીકારવા પ્રસંગ ઉપસ્થિત થશે. છતાં તેમાં કાંઇજ વધારે પડતું આપવાનું નથી. શાસનસેવાના શુભાશયમાં માનનારાઓ પાસે વધારે માગણીની શી જરૂર છે ?

—ચીમનલાલ નાથાલાલ શાહ.

વ્યવસ્થાપક : **'શ્રી વીરશાસન.'**

વ્યા ખ્યા ના નુ ક્ર મ.

卐 સ મા સ 卐

આ પુસ્તકના પ્રકાશનમાં આર્થિક સહાય કરનાર



જામનગરનિવાસી ધર્માનુરાગી ઉદાર આત્મા શ્રીયુત

શેઠ શાન્તિદાસ ખેતશીભાઈ.

Advance P. Ahmedabad.

શ્રી આચારાંગ - ધૂતાધ્યયન

ભાગ ૧ લો.

વ્યાખ્યાન—

[૧]

ભગવાન્ શ્રી જિનેશ્વરદેવના શાસનમાં દ્વાદશાંગી પૈકીનું પહેલામાં પહેલું અંગસૂત્ર, એ આ શ્રી આચારાંગ છે. શ્રી આચારાંગ સૂત્ર, એ ચરણકરણાનુયોગનું પ્રધાન અંગ છે. એ પરમ પવિત્ર અને પ્રધાનતમ અંગસૂત્રનું છઠ્ઠું અધ્યયન– જે 'ધૂત' નામનું છે, તે વાંચવાની અહીં ઇચ્છા છે. આ વર્તમાન શ્રી આચારાંગ સૂત્રના મૂળના કહેનાર, શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરદેવ છે: તેના રચનાર, ભગવાન્ શ્રી મહાવીરદેવના પાંચમા ગણધરદેવ શ્રી સુધર્માસ્વામિજી છે: તેની નિર્યુક્તિના રચયિતા, શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજ છે: અને ટીકાકાર, મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજ છે.

શરૂઆત કરતાં મંગલાચરણમાં ટીકાકારમહર્ષિ, સૌથી પ્રથમ શ્રી તીર્થની સ્તુતિ કરે છે: જે તીર્થના યોગે પોતે આ બધું પામ્યા, તેનો મહિમા ગાય છે. તીર્થનું સ્વરૂપ, શાસ્ત્રનિરૂપણનો હેતુ, તેમજ પહેલામાં, બીજામાં, ત્રીજામાં, ચોથામાં અને પાંચમામાં,–એ પાંચ અધ્યયનોમાં શું શું છે તેની ટુંકી રૂપરેખા દોરી, પછી આપણે છઠ્ઠા અધ્યયનમાં આગળ ચાલીશું. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આચાર વિના મુક્તિ નથી : જ્ઞાન પણ આચાર હોય તો ફળે. વિરતિ વિનાના જ્ઞાનને શાસ્ત્રકારે બહુ ભયંકર ઉપમા આપી છે, એ પણ પ્રસંગે કહીશું. જે જ્ઞાનની (પૂજા ભણાવીને) તમે હમણાં પ્રશંસા કરી, જે જ્ઞાનની ઉત્સાહપૂર્વક પૂજા ભણાવી, જે જ્ઞાનનો ઉચ્ચ સ્વરે તમે મહિમા ગાયો, તે જ્ઞાન કયું ? જે જ્ઞાન આત્માને વિરતિ તરફ દોરે તે સમ્યગ્જ્ઞાન : બાકી જે જ્ઞાન વસ્તુ સ્વરૂપનો વિવેક કરાવ્યા વિના દુનિયાના રંગરાગમાં અથડાવી મારે, તે જ્ઞાનને શાસ્ત્રકાર સમ્યગ્જ્ઞાન તરીકે ઓળખાવતા નથી. જે જ્ઞાનનું આટલું બધું બહુમાન કરીએ, તેનામાં એટલું તો કૌવત જરૂર હોવું જોઇએ કે–તે આપણા જીવનમાં પલટો કરે, સત્ય–અસત્ય સમજાવે, અને દુરાગ્રહનું હૃદયમાં સ્થાન ન રહેવા દે. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં કોઈ વસ્તુ ખીંચાખીંચ કર્યે ન પમાય. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા સમજવામાં કેવલ શબ્દગ્રાહી ન બનવું જોઇએ : દરેક વાતોનો અથથી ઇતિ સુધી વિચાર કરી, પૂર્વાપર બાધ ન આવે તેમ વર્તવું જોઇએ. શ્રી આચારાંગ વાંચનાર સૂયગડાંગને ન ભૂલે : સૂયગડાંગ વાંચનાર, આચા-

રાંગને ન ભૂલે : આચારાંગ વાંચતી વખતે ભગવતીજીને ન વિસરે : અને ભગવતીજી વાંચતી વખતે આચારાંગની ખબર ન રાખે,–એ પણ ન ચાલે, કારણ કે–એકજ હેતુથી સર્વની રચના છે. તે સર્વમાં પરસ્પર વિરોધની ગંધ પણ નથી. ' આખી દ્વાદશાંગીનો સાર, આચાર છે. '—એમ નિર્યુક્તિકાર-મહર્ષિ ફરમાવે છે. શ્રી જિનેશ્વરદેવના શાસનનું મંગલ પણ અપૂર્વ હોય: આજ તો આપણે મંગલાચરણ કરવાનું છે. ' કોઈ પણ કલ્યાણાર્થિ આત્માને અંતરાય ન થાય–કોઈનું પણ કલ્યાણ ન રોકાય' માટે મંગલ વિહિત છે. ઉપકારી મહાત્માઓના ઉપકારની આ બલિહારી ! અહીં કહેવું જોઈએ કે–જેમ વ્યવહારમાં પણ ઘર વેચીને વરો કરવાનો નિષેધ છે, તેમ અહીં પણ આત્માનો નાશ કરી–આત્માનો ગુણ ગુમાવી, પારકા પર ઉપકાર કરવા નીકળનારા, તે વસ્તુતઃ ઉપકારી નથી. દેવ–ગુરૂ–ધર્મ અને વડીલની ભક્તિની વિધિ છે : પણ તે શા માટે ? વસ્તુ પામવા માટે ! કયા દેવની સેવા કરવાની? સુદેવની ! ગુરૂ કયા જોઇએ ? સુગુરૂ ! ધર્મ કયો સેવવાનો ? સુધર્મ ! વડીલ કયા સેવાય ? જેનામાં વડીલપણું હોય તે ! જે ગુરૂમાં ગુરૂતા ન હોય તે ગુરૂ ન જોઇએ, જે ધર્મમાં ધર્મત્વ ન હોય તે ધર્મ ન જોઇએ, અને જેનામાં વડીલપણું ન હોય તે વડીલ પણ ન જોઈએ : કેવો સરસ ન્યાય ! એવો ન્યાય શ્રી જિનેશ્વર-દેવના શાસનમાં ન હોય, તો બીજે ક્યાં હોય ? દુરાગ્રહ તો આ શાસનમાં પાલવે જ નહિ. દેવાધિદેવની સ્તુતિ કરતાં કલિકાળસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી

મહારાજ ફરમાવે છે કે– અમારે કેવલ નામ સાથેજ સંબંધ નથી.

" ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै । "

'નામથી બ્રહ્મા હો, વિષ્ણુ હો, હર હો અથવા જિન હો,–સર્વને અમારા નમસ્કાર છે !'–આ ઉત્તરાર્દ્ધને પકડી ભાગાભાગ ન કરતા : પૂર્વાર્દ્ધને પણ સાથે લેજો : કારણ કે– પૂર્વાર્દ્ધમાં જ એ વસ્તુનો સત્ય રહસ્યસ્ફોટ છે. પ્રશ્ન એ છે કે–' કોના નામ સાથે વાંધો નથી ?' ઉત્તરમાં તે મહર્ષિ ફરમાવે છે કે:—

" भवबीजाङ्कुरजनना–रागाद्याः क्षयमुपागता यस्य । "

'સંસાર રૂપ બીજના અંકુરો પેદા કરનાર રાગાદિ દોષો જેના ક્ષય પામી ગયા હોય !'–અર્થાત્ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા એમ ફરમાવે છે કે–સંસારવૃદ્ધિ કરનાર રાગાદિ જેના નષ્ટ થઇ ગયા હોય,– તે નામથી ગમે તે હો,– તેને અમારા નમસ્કાર છે : અમારે તો અરિહંત હોવા જોઇએ ! આથી એ પણ સમજી જ લેવું જોઇએ કે– ' ધર્મગુરૂ, પિતા, માતા, બંધુ, વડીલ, વાલી, હિતૈષી, એ બધા 'સુ' જોઇએ : આ બધા આત્માના હિતની પહેલી ચિંતા કરનારા જોઇએ ! આ બધું અવસરે અવસરે સ્વયમેવ આવશે.

<u>મંગલાચરણ:—</u>

ટીકાકારમહર્ષિ સૌથી પહેલાં મંગલ કરે છે. મંગલાચરણમાં તીર્થની સ્તુતિ કરે છે અને તે સ્તુતિમાં " **जयति**

× × × × **તીર્થમ્** " આ પ્રમાણે કહી તીર્થની જયનશીલતા વર્ણવે છે. તે વર્ણવતાં તે જયનશીલ તીર્થની જે જે વિશિષ્ટતાઓ છે, તેને વર્ણવતાં લખે છે કે:—

" जयति समस्तवस्तुपर्यायविचारापास्ततीर्थिकं,
विहि तैकैकतीर्थनयवादसमूहवशात्प्रतिष्ठितम्।
बहुविधभङ्गिसिद्धसिद्धान्तविधूनितमलमलीमसं,
तीर्थमनादिनिधनगतमनुपममादिनतं जिनेश्वरैः ॥१॥ "

*

આ શ્લોકમાં ટીકાકાર મહર્ષિએ તીર્થની જયનશીલતા બતાવવા ૭ વિશેષણો આપ્યાં છે: આ વિશેષણો તીર્થની સઘળી મહત્તાને સમજવા માટે સાધનરૂપ છે. આ વિશેષણો, આપણે પશ્ચાનુપૂર્વી ક્રમથી વર્ણવીશું. ઉપકારી મહાત્માએ, તીર્થનું તાત્ત્વિક સ્વરૂપ આટલામાં સમજાવી દીધું છે. તીર્થનું આ સ્વરૂપ જો અંતરમાં અંકાઇ જાય, તો આજનો એક પણ પ્રશ્ન ટકી શકે તેમ નથી. બધો ઘોંઘાટ આપોઆપ શમી જાય. શિષ્ટ પુરૂષોનો આચાર છે કે – પહેલું મંગલ કરવું, કે જેથી પરિણામની શુદ્ધિ થાય અને પરિણામની શુદ્ધિ થાય તો કર્મનો ક્ષય થાય તથા એ દ્વારા આત્મગુણો પ્રગટે, કે જેથી ઇષ્ટ સિદ્ધિને સુખપૂર્વક સાધી શકાય. વાંચનાર પ્રમાદી થઇ, વખતે મંગલ કરવાનું ભૂલી જાય, તે માટે ટીકાકારમહર્ષિ ગ્રંથની આદિમાં જ તમારા ને અમારા ભલા માટે મંગળ કરે છે. આપણે કંઈ કૃતઘ્ન નથી કે–એમના ઉપકારને ન ઓળખી શકીયે! એમના

મંગલને તો જેટલું હૃદયગત ખીલવીએ, તેટલું કલ્યાણ છે. પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વીથી વસ્તુનું વર્ણન કરી શકાય છે. અનાનુપૂર્વીથી વર્ણવવામાં તાકાત અજબ જોઇએ: કારણ કે–પરસ્પર સંલગ્ન હેતુઓને ઉલટપાલટ કરવા પડે, તેમાં સામર્થ્ય ઘણું જોઇએ અને સાંભળનારને પણ મુશ્કેલી પડે. પૂર્વાનુપૂર્વી તથા પશ્ચાનુપૂર્વી સરલ છે. પૂર્વાનુ-પૂર્વીમાં હેતુ ક્રમસર ગોઠવાયેલા હોય છે, અગર ગોઠવી શકાય છે: પશ્ચાનુપૂર્વીમાં પણ એમ હોઇ શકે છે. કોઈ સ્થળે પૂર્વાનુપૂર્વી સરળ પડે, તો કોઇ સ્થળે પશ્ચાનુપૂર્વી સરળ પડે. આ સ્થળે આપણે પશ્ચાનુપૂર્વીથી અર્થ કરીએ છીએ.

" जिनेश्वरैः आदिनतं तीर्थं जयति "

'શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું તીર્થ જયવંતુ વર્તે છે.' શ્રી જિનેશ્વરદેવો તીર્થને શાથી નમે છે? આજ સુધી આપણે જે વાત ચર્ચી છે, તેજ અહીંઆં સમજી લેવાની છે. તીર્થના યોગેજ તીર્થંકર થાય છે. શ્રી તીર્થંકરદેવના આત્માને પણ તીર્થની આરાધના વિના ચાલતું નથી: તેથી આપણે માટે પણ " **आणाए धम्मो** ।" તીર્થંકર થયા વિના શ્રી તીર્થંકરો જેવી રીતે જીવ્યા, તેવીજ રીતે જીવવાની માન્યતાના આગ્રહમાં ધર્મ નહિ. શ્રી જિનેશ્વરદેવના આત્માઓને પણ " **आणाए धम्मो** "–આજ્ઞાએ ધર્મ, કબૂલ કરવો પડયો હતો. શ્રી તીર્થંકરદેવના ભવોની ગણના પણ સમ્યકત્વ પછી થાય છે. સમ્યકત્વ કહો કે " **आणाए धम्मो** " કહો, એ એકનું એકજ છે: ભેદ નથી. જે તીર્થના યોગે એ તીર્થં-કર બન્યા, તેને નમવું એ શ્રી તીર્થંકરદેવોનો કલ્પ છે. કોઈ

પૂછે કે:–'એ તો કૃતકૃત્ય થયા, પછી નમે શું કામ?'–'તીર્થનું બહુમાન સ્થાપવા તથા તે દેવાધિદેવનો તેવો કલ્પ છે માટે!' કલ્પમાં મોટે ભાગે પ્રશ્ન હોવા ન જોઇએ. જ્ઞાનીએ જ્યાં કલ્પનો સ્વીકાર કર્યો, ત્યાં પ્રશ્ન ન હોય. જ્ઞાની કહે છે કે–આગમસિદ્ધ વસ્તુમાં યુક્તિ કરવી, તો તે આગમને અનુસરતી! શ્રી તીર્થંકરદેવે તીર્થંકર–નામકર્મની નીકાચના તો તીર્થંકર થવા પૂર્વેના ત્રીજે ભવે કરી: પણ તીર્થની સ્થાપના કયારે કરી? કેવલજ્ઞાન થયા બાદ! 'કેવલજ્ઞાન પછી તો ઉદાસીન ભાવ રહે છે, ઇચ્છા નામે રહેતી નથી, ભલાની કે ભૂંડાની ઇચ્છા નહિ, તો પછી તીર્થ સ્થાપ્યું શાથી?'—'તીર્થંકર નામકર્મના યોગે!' તીર્થંકર નામકર્મની ભાવનાના યોગે એ આત્મા એટલો બધો ઉપકારપરાયણ બની જાય છે કે–કેવલજ્ઞાન થયા પછી એ ઝરો સ્વયમેવ વહે છે: એ કરૂણાસાગરમાં ઉત્તમ જગત્ ઝીલે છે અને અનેક પુણ્યવાન આત્માઓ સંસારસાગર તરે છે. શ્રી જિનેશ્વરદેવોને કેવલજ્ઞાન થયા બાદ ભલે ઇચ્છા ન હોય, તોયે ઉપકાર થવાનોજ: માટે એ ઉપકારી તો કહેવાયજ. કોઈ કહે કે–'ઉપકારની ભાવના નથી, તો ઉપકારી શાથી?'–'ઉપકારની ભાવના ખાતર તો ઘોર તપશ્ચર્યા તપી, ઘોર ઉપસર્ગ શાંતિપૂર્વક સહી આત્માની ઉત્તમ પ્રકારની યોગ્યતા કેળવી અને દુનિયામાં કોઈ આત્માને ન મળે તેવા અતિશયો મેળવ્યા.' સર્વના સર્વ સંશયો એકી સાથે એકજ ક્ષણે છેદાય,–એવું તો જેમની સર્વભાષાનુગામિની વાણીમાં સામર્થ્ય છે! આ તાકાત સામાન્ય કેવલિમાં નથી હોતી: જ્ઞાન–દર્શન સમાન,

પણ આ બધા અતિશયો તો શ્રી તીર્થંકરદેવોનેજ ! બીજા સર્વના લાભની ભાવના ઉત્કટ થાય, ત્યારે તો તીર્થંકર–નામ-કર્મ નીકાચાય. "**સવિ જીવ કરૂં શાસનરસી**"–એ ભાવનાના યોગે તીર્થંકર–નામકર્મની નીકાચના થાય છે. કેવલ-જ્ઞાન પછીની પ્રવૃત્તિ તીર્થંકર–નામકર્મને આધીન છે: અને એથી એવી પ્રવૃત્તિ થાય જ. જેટલા જેટલા સંયમ પામે, દેશવિરતિ પામે, સમ્યક્ત્વ પામે, ધર્મ પામે,–તે બધાના પ્રાપક એ ઉપકારી ! માટે તો સ્તવાય છે કે:–

नमोत्थुणं × × × अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाणं, सरणदयाणं, बोहिदयाण, धम्मदयाणं, धम्मदेसियाणं, धम्मनायगाणं, धम्मसारहीणं. "

'અભય, ચક્ષુ, માર્ગ, શરણ, બોધિ અને ધર્મના આપનારા તથા ધર્મના દેશક, નાયક અને સારથીને નમસ્કાર હો !' આ રીતિએ અનુપમ અનુપમ વસ્તુઓના દાતારના ઉપકારમાં શંકા કરે, તે શ્રી જિનેશ્વરદેવના શાસનને પામ્યોજ નથી. કેટલાક કહે છે કે–'તીર્થંકર, સંઘ અથવા તીર્થ કેમ સ્થાપે?' શાસ્ત્ર કહે છે કે–'શ્રી તીર્થંકરનામકર્મના યોગે સ્થાપે.' અને જે તીર્થંકરનામકર્મ જગતને તારવા માટે છે, તેને એવી ઉંચામાં ઉંચી સ્ટીમર કેમ ન બનાવે ? તીર્થમાં સ્થાપના ચારની કરી : સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાની. 'તીર્થમાં બેની સ્થાપના ન કરતાં ચારની કેમ કરી ?'–એનો ઉત્તર એજ કે–'આ ચારે રહેવાના હતા માટે: રાખવા હતા માટે નહિ ! સાધુપદ બધા ન પામી શકે, માટેજ પાછલના બે રાખ્યા હતા.'

નિર્ગ્રન્થ ધર્મ.

(**પ્રશ્ન**—તો તો બધો નિર્ગ્રન્થ ધર્મ થઇ જાય !)

અલબત્ત, એમાં પૂછવું શું ? નિર્ગ્રન્થધર્મજ છે. તમારામાં પણ જેટલી નિર્ગ્રન્થતા અગર તેની જેટલી રૂચિ, તેટલોજ ધર્મ ! સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ અનાદિની ગ્રંથિનો ભેદ કર્યા પછીજ થાય છે. શ્રી જિનેશ્વરદેવના શાસનના રહસ્યને પરખો. એવી એક ચાવી લ્યો, કે જેથી બધાં તાળાં ઉઘડે. શ્રી જિનેશ્વરદેવની સમગ્ર દ્વાદશાંગીને ભણેલા, સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવની પોતાની હયાતિમાં પણ થોડા ! પ્રભુના ચૌદ હજાર મુનિયોમાં ચૌદપૂર્વિ કેટલા ? બીજા ચૌદપૂર્વિ પણ ગણધરદેવોની તુલનામાં ન આવે. આટલું છતાં પણ– 'દ્વાદશાંગી આશ્રવને હેય કહે અને સંવરને ઉપાદેય કહે' –એ ચાવી તો સર્વેએ જાણવીજ જોઇએ અને તે સ્વયં અથવા તો ગીતાર્થ ગુરૂદેવોની નિશ્રાથી જાણે. " મારા શ્રી જિનેશ્વરદેવ, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં વિચરતા પૂજ્ય મુનિવરો અને શ્રી જિનેશ્વરદેવનું સર્વનય–સમ્મત તથા પ્રમાણ–પ્રતિષ્ઠિત આગમ, આશ્રવને હેયજ કહે અને સંવરને ઉપાદેયજ કહે"–આ વાત સમ્યગ્દૃષ્ટિ આત્મા નિ:શંકપણે માને : 'મારા જિનેશ્વરદેવ, નિર્ગ્રન્થ મુનિયો અને આગમ, સંસારને અસારજ કહે, સારરૂપ તો કહેજ નહિ : મારા જિનેશ્વરદેવ સંસારમાં રહેવાનું કહેજ નહિ : મારા તે દેવાધિદેવ એવી આજ્ઞા કરેજ નહિ, કે જેથી મારો સંસાર વધે : મારા તે તારણહાર ન બતાવે તેવી ભક્તિ, ન બતાવે તેવો વિનય, ન બતાવે તેવી મર્યાદા કે ન બતાવે

તેવી સેવા, કે જેના યોગે મારો સંસાર વધે એટલે કે-હું સંસારમાં રખડું !'–આટલી ખાત્રી તો શ્રી જિનેશ્વરદેવના શાસનમાં જન્મેલા એકેએક બચ્ચાને થવીજ જોઈએ. આ વાત જો તમે તમારા મન સાથે બરાબર વિચારશો, તો તર્કો બધા શમી જશે. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં જન્મેલા-ઓને નિર્ગ્રન્થતા પ્રત્યે, ત્યાગ પ્રત્યે, વૈરાગ્ય પ્રત્યે, સંયમ પ્રત્યે, આટલી અરૂચિ કેમ જણાય છે ? તમારાથી સંસાર છૂટે નહિ, એ જૂદી વાત છે: છૂટવું બહુ કઠિન છે, મુશ્કેલ છે, છોડી ન શકો : પણ ' છોડવું જોઇએ '–એમ માનવામાંય વાંધો શો આવે છે ? પ્રભુનું શાસન પામીને શું કરવું જોઇએ ? શ્રી જિનેશ્વરદેવના શાસનને પામ્યા એની વિશિષ્ટતા શી ? કયી કાર્યવાહીથી જગત્ તમને જૈન તરીકે ઓળખે ? સમગ્ર આગમનું જ્ઞાન થવું, એ ઘણુંજ કઠીન છે. સમગ્ર શ્રુતના જ્ઞાતા બનવાની વાત તો દૂર રહો, પણ જે મહાત્માને **'मारूष'–'मा तुष'** માત્ર આટલું યાદ રાખવામાંજ મુશ્કેલી પડતી હતી, તે પણ કેવલજ્ઞાન પામ્યા : એ આ જૈનશાસન છે. એ કેવલજ્ઞાન શાથી પામ્યા ? એથી જ કે–'આ જ તારક છે, એ જે કહે તેજ પ્રમાણ, અમારો આધાર તે શ્રી જિનેશ્વરદેવનાં વચનોજ !' આવો નિશ્ચય હતો. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનેજ એક આધાર માનવો તેમાં જરાય અંધશ્રદ્ધા નથી. અટવીમાં એક દેખતાની પૂંઠે, એક પછી એકનું કપડું પકડી હજારો આંધળા ચાલે તો ઘેર પહોંચે : વાત એટલી કે–જેના આધારે ચાલે છે, તે પુરૂષ દેખતો–આંખોવાળો જોઇએ. કોઇ કહે–' મૂર્ખાઓ ! કયાં જાઓ છો ? ' તો પેલા કહે–' આ દેખતો લઇ

જાય ત્યાં!' આપણા શ્રી જિનેશ્વરદેવ કેવા? સંપૂર્ણ જ્ઞાની. પ્રભુ શ્રી જિનેશ્વરદેવના માર્ગે ચાલનારને અંધશ્રદ્ધાલુ કહે, તે ભગવાન્ શ્રી મહાવીરદેવની આશાતના કરે છે. અમારા શ્રી જિનેશ્વરદેવે સંસાર ખોટો કહ્યો અને જણાવ્યું કે–તે છોડયા શિવાય મુક્તિ નથી. એજ શ્રી જિનેશ્વરદેવ જણાવે છે કે–હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, વિગેરે વિગેરે પાપ કરશો તો દુર્ગતિ પામી રીબાશો. પાપથી નર્કે જશો, પુણ્યથી સ્વર્ગે અને પરિણામે યોગ્ય સામગ્રી પામી, તેની આરાધના દ્વારા મોક્ષે જશો. આ બધું શ્રી જિનેશ્વરદેવનું કહેલું માનનારને અંધશ્રદ્ધાલુ કહેનાર, ખરેખર પોતાના તારકનું અપમાન કરનાર છે. તેવાની સાથે વાત પણ શી કરવી? જે ભગવાન્ શ્રી મહાવીરદેવ સુધી પહોંચતાં આંચકો ન ખાય, તે તમારા–અમારા માટે શું ન કહે? તમારા મ્હોંઢે કોઈ કહે, તો કહેવું કે–'ભાઈ! તમે તો બહુ પુણ્યવાન્! એટલે તમારા વિના ભગવાન્ **શ્રી** મહાવીરદેવ જેવા માટે પણ યદ્વા તદ્વા કોણ કહે? જ્ઞાની માટે–એમનાં વચન માટે, આપ જેટલું ન બોલો એટલું ઓછું!' આવાની સામે યુક્તિ કરવી, તે પણ નકામી. સરકારે કાયદા પણ મનુષ્ય માટે કર્યા: ઢોર માટે નહિ. ઢોર તો ગમે તેમ ચાલે, ગમે તેમ ખાય–પીયે, ગમે ત્યાં વિષ્ટા–પેશાબ કરે, ફાવે તેને શીંગડું મારે, પૂંછડું મારે, એને માટે કોઈ સરકારને કહે કે–'કાયદો કરો!' તો સરકાર પણ 'ના' કહે: અને ઉપરથી કહે:–'એ તો ઢોર: એના માટે કાયદા શા?' એમજ કોઈ આદમી પ્રભુની આજ્ઞાની દરકાર કર્યા વિના કહે કે–'અમે તો અમારી મરજી મૂજબ વર્ત-

વાના–અમને ફાવશે તેમ બોલવાના–અમારે જિનાજ્ઞા કે આગમની પરવા નથી !'–ત્યાં શાસ્ત્ર શું કરે ? જેને મનુષ્યપણાની પરવા નથી, મનુષ્યપણાના ગુણને સમજવો નથી, ત્યાં વાત શી ? અનંત પુણ્યરાશિ એકત્રિત થાય, ત્યારે મુક્તિને યોગ્ય જીવન અમૂક ટાઈમે મળે. એ જીવન, ભોગસુખમાં–મોજમજાહમા–વિષયવિલાસમાં–દુનિયાની લ્હેરમાં–રંગરાગમાં ગુમાવી દેવું એ માણુસાઈ છે ? કયું મનુષ્યપણું દુર્લભ ? ખાવાપીવામાં—મોજમજાહમાં—રંગરાગમાં પસાર થાય તે ? નહિ જ. મનુષ્યપણાની દુર્લભતા તો શ્રી જિનેશ્વરદેવના શાસનની પ્રાપ્તિમાં અને સેવામાં છે. શ્રી જૈનદર્શનને પામેલો, અન્ય પૌદ્‌ગલિક વસ્તુઓ ખીલવવાનો વિચાર ન કરતાં, જૈનપણું ખીલવવાની ચિંતા કરે. વિષય–કષાય–મોજમજાહ અને સંસાર પ્રત્યે અરૂચિ, એજ શ્રી જિનેશ્વરદેવના શાસનની રૂચિ ! સઘળી અશાંતિની જડ સંસારની રૂચિમાં છે. એ જડને તે પોષવી, ખીલવવી કે કરમાવી દેવી ? શાના યોગે જગતને મુંઝવણ થઇ રહી છે ? લાલસાના યોગે કે કોઇ બીજાના યોગે ? આ શ્રી જિનેશ્વરદેવોના ધર્મને પામેલા શ્રીમંતો તેમજ સામાન્ય સ્થિતિવાળાઓ પણ પૂર્વે આનંદથી જીવતા. પૈસા આવે તો કહેતા કેઃ–"પુણ્યનો પ્રકાર." જાય તો કહેતા કેઃ–"પાપનો ઉદય." જે નીતિકારે બધીએ વસ્તુ સ્વીકારી, તેને પણ આખરે કહેવું પડયું કે–'ગમે તેવા સંયોગોમાં પણ ન્યાયથી ન ખસે તે 'ધીરાઃ' આ શાસનને પામેલાઓ, સાહ્યબી આવે કે જાય ત્યાં મધ્યસ્થ રહે, પણ

મલકાય કે મુંઝાય નહિ! ઉલટું કહે કે-' બધો પુદ્ગલનો યોગ છે: શુભ પુદ્ગલ બાંધ્યાના યોગે શુભોદય, અશુભ પુદ્ગલ બાંધ્યાના યોગે અશુભોદય : એમાં હું રાચી જાઉં તો માર્યો જાઉં.' અંદરનાં શુભ પુદ્ગલ બહારનાં શુભ પુદ્ગલને ખીંચે: અંદરનાં અશુભ પુદ્ગલ બહારનાં અશુદ્ધ પુદ્ગલને ખીંચે : બહારનાં અંદર જાય ને ધમાલ કરે. આ પ્રસંગે આત્મા તટસ્થ ન રહે-સાવધ ન થઈ જાય, તો શું થાય? સમજુ આત્મા તો એ બેયને કંઇ ન કહે, પણ વિચારે કે-' આ ધોધ છે. એમાં ન રાચું, ન કુદું અને એમાંથી બચું તોજ કર્મ ભાગે.' પૌદ્ગલિક પદાર્થોને ઉદ્દેશીને-' આ લઉં, અહીંથી લઉં, તહીંથી લઉં'-એ ભાવના કોની? વસ્તુતઃ શાસનથી બહારનાની! વગર કાઢયે એ બહારજ છે. ને? જેને ત્યાગ-વૈરાગ્યની રૂચિ નથી, એ તો બહારજ છે. તીર્થના મહિમાની અહીં વાત ચાલે છે. બરાબર સમજો. ' જે આત્માને શ્રી જિનેશ્વરદેવનું શાસન જચી જાય, તે કેવો થાય? તેની માન્યતા કયી હોય? તે બોલે શું? ચાલે કેમ? કહે શું?'-એ બરાબર વિચારો! જે તીર્થને યોગે પોતે તીર્થપતિ બન્યા, તેને શ્રી જિનેશ્વરદેવો પણ નમસ્કાર કરે છે.

પહેલું દાન માર્ગાનુસારીપણાનું કે સર્વવિરતિનું?

તીર્થની સ્થાપનામાં ચાર કહ્યા : સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. પાછલના બે શા માટે? રાખવા હતા માટે નહિ! ચારે જોઇએ તે માટે નહિ! પણ બધાએ એમાં આવી શકે તેમ ન હતા માટે! રેલ્વેમાં ફર્સ્ટ કલાસ અને સેકંડ

કલાસના ડબ્બા થોડા હોય છે અને થર્ડ કલાસના ડબ્બા વધારે હોય છે. ફર્સ્ટ-સેકંડનું ભાડું પણ ઘણું હોય છે. થર્ડ કલાસના ડબ્બા રાખવા માટે નથી રાખ્યા, પણ રાખવા પડયા માટે રાખ્યા છે. બધા જો પહેલા અને બીજા કલાસના ડબ્બામાંજ બેસનારા હોત, તો કંપની ત્રીજો કલાસ ન રાખત : પણ બધા તેવા નથી હોતા, તેથી તેવાઓ માટે થર્ડ કલાસના ડબ્બા રાખવા પડે છે. તેમ ભગવાને પણ સાધુધર્મની સાથે ગૃહસ્થધર્મનું નિરૂપણ કર્યું તે શા માટે? એટલાજ માટે કે-'સઘળા સાધુધર્મનો સ્વીકાર કરી શકે તેમ નથી. અને જેઓ સાધુધર્મમાં ન આવી શકે, તેમને માટે ગૃહસ્થધર્મ છે.'-આ ગોખો અને ભણો! જૈનશાસનનું તત્ત્વજ્ઞાન અહીં છે. 'અમે પણ હોવા જોઇએ' એમ ન માનતા. જ્ઞાની પરમ કરૂણાવાલા હતા. આથી કોઇ પણ આત્મા ધર્મથી વંચિત ન રહી જાય, તે માટે "આ નહિ તો આ"-"આ નહિ તો આ" એમ બતાવ્યું : પણ મૂખ્યતા તો સાધુધર્મનીજ ! સર્વ કર્મના ક્ષય વિના મુક્તિ નથી. આરંભ-સમારંભ છોડયા વિના છૂટકો નથી. પણ બધાથી એ એકદમ ન બને તે માટે,-'જેનાથી જે બને તે કરીને પણ માર્ગમાં આવો !'-એ જ્ઞાનીની ઉપકારદૃષ્ટિ !

સર્વવિરતિ એટલે શું ?

માર્ગાનુસારીપણું, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, સૂત્રકરણ, અર્થકરણ, તદુભયકરણ અને પશ્ચાદ્ વિનિયોગ-કરણ. આમાં સર્વવિરતિ મધ્યસ્થાને છે : તેથી પછીનો ક્રમ

તો પૂર્વાનુપૂર્વીએ બરાબર છે. સૂત્રનો અભ્યાસ, અર્થનો અભ્યાસ, ઉભયનો અભ્યાસ અને પછી અર્થિને દાન,–આ તો બરાબર : પણ એની પહેલાના ક્રમમાં પશ્ચાનુપૂર્વી જોઇએ, કારણકે–સૂત્રકરણ આદિમાં તો બધું નિરવદ્ય છે,–ત્યાં સાવદ્યતા નથી : જ્યારે અહિં સાવદ્યતા બેઠી છે. માટે પહેલી સર્વવિરતિ દેવી, એની તાકાતના અભાવે દેશવિરતિ, એના સામર્થ્યના અભાવે સમ્યક્ત્વ, અને એની પણ શક્તિ ન હોય તો માર્ગાનુસારીપણું. જો આમ ન કરે તો પ્રાયશ્ચિત્ત આવે. 'માર્ગાનુસારીના ક્રમથી પણ પામે'– આ વાતનો ઈન્કાર નથી : પણ દેનાર પહેલું શું દે ?,–એજ મહત્ત્વનો પ્રશ્ન છે. કોઈ આત્માને શરૂઆતમાં ધર્મની જિજ્ઞાસા થાય, ત્યારે એ ઉત્તમ કોટિનો હોવા છતાં એ વખતે ધર્મ બતાવનાર જેવા ગુરૂ મળે તેવું તે પામે ! ધર્મજિજ્ઞાસા ક્યારેક થાય : કાયમ નહિ. એ પેદા થઇ એટલે પછી તો જેવો દાતાર ! એની પાસે ઉમદામાં ઉમદા ચીજ મૂકી દેવી જોઇએ. ભલે એ ન લે, તો પણ એને એ તો જરૂર થાય કે:–' કરવાનું તો આજ !' ભલે પછી ઓછું કરે, પણ ઓછામાંજ કલ્યાણ માની લે તો માર્યો જાય. સમ્યગ્દર્શનનું સ્વરૂપજ 'સુ' માં છે : દેવ પણ 'સુ': ગુરૂ પણ 'સુ': ધર્મ પણ 'સુ': બાપ પણ 'સુ'—'કુ' કંઇ ન જોઇએ. મા, બાપ, વક્તા, શ્રોતા, બધું 'સુ' જોઈએ : 'કુ' આવે તો ગોટાળો. એટલાજ માટે કહ્યું કે–દેવ, ગુરૂ, ધર્મની પરીક્ષા કરી શિર ઝૂકાવજો, ઝૂકાવ્યા પછી મરતાં સુધી ઉંચું ન કરશો, અને શક્તિ મુજબ નક્કી ન કરો ત્યાં સુધી, જ્યાં ત્યાં ઝૂકાવતાએ નહિ. તે મિત્ર, તે

સંબંધી, તે માતા, તે પિતા, તે વાલી, અને તેજ વડીલ સાચા, કે જે પ્રભુની આજ્ઞામાં હોય ! પ્રભુના માર્ગે જે જોડે તે દુશ્મન પણ શિરતાજ : અને જે પ્રભુમાર્ગથી ખસેડે તે સ્નેહીને પણ પોતાના માથા ઉપર હોય તોય ખસેડી દેવાનો. શ્રી તીર્થંકરદેવે શ્રાવક-શ્રાવિકાની સ્થાપના, બધા સાધુસાધ્વી બની ન શકે માટે કરી : જોઇએ તે માટે નહિ ! દુનિયામાં પણ તમે માંદાને કહો છો કે-'આ ન ખવાય તો આ ખા'-એમજ આ અનંત દયાલુ પણ, દુનિયાનો દરેક પ્રાણી ધર્મથી વંચિત ન રહે એજ ઇચ્છે. "આ નહિ તો આ,-પણ ધર્મમાર્ગે આવ !" મૂખ્યતા તો આનીજ-સર્વવિરાતનીજ. ખરી વસ્તુ નિડરતાથી, નિર્ભિકતાથી કહેવી જોઈએ. સાંભળનારાને નશો ચઢે છે, પણ ખૂમારી ચાર દિવસ સંભળાવાય ત્યાં સુધી રહે : પાંચમે દિવસે ન સંભળાવીયે એટલે ઉતરી જાય : એ સાચી ખૂમારી ન કહેવાય. ખૂમારી તો જીંદગીભર રહેવી જોઇએ. આ જચે તો ગમે ત્યાં જાઓ, પણ પરાભવ નહિ પામો. શાસનનો સેવક તો 'શાસનની પ્રભાવના' કરનારો જોઈએ : તે 'પોતાની પ્રભાવના'માં પડે તો ચૂકી જાય. પ્રભુના શાસનમાં આવ્યા પછી સંયોગવશાત્ સંસારમાં રહેવું પડે, એ જુદી વાત છે : પણ 'મારૂં' ને 'હું'નુ વાયુ થઈ ગયું, તો હૃદયમાંથી જૈનશાસન ચાલ્યું જાય. સંસારમાં રહેવા માત્રથી જૈન શાસન ન ચાલ્યું જાય, પણ જો તેમાં રાચીમાચીને, તેમાંજ સુખ માની લેવામાં આવે તો ચાલ્યું પણ જાય. ભવાભિનંદી આત્માઓ, આવા શાસનપ્રેમી આત્માઓને ગાંડા વિગેરે કહે, એથી મુંઝાવાનું નથી. તેઓ ગાંડા કહે એમાંજ એમની

ભવાભિનંદિતા જણાઈ આવે છે. દુનિયાથી નોખા થવું અને દુનિયામાં ડાહ્યા કહેવરાવવું, એ કેમ બને ? બાકી તેઓ જ્યાં છે, ત્યાં રહેવા છતાં પોતાપણું બરાબર સાચવવું. ઘણા કહે છે કે–મૂખ્યપણે ઓઘો બતાવવો, એ કેમ પાલવે ? છતાં તમે જૂઓ છો કે–પાલવે છે. કારણ, આ ઓઘામાં ઝીણામાં ઝીણા જંતુને બચાવવાનો ગુણ છે. બેશક, એને સાચવતાં આવડવું જોઈએ. બધા સાધુ–સાધ્વી ન બની શકે માટે શ્રાવક–શ્રાવિકા, અને એટલા માટેજ ગૃહસ્થધર્મનું નિરૂપણ થયેલું છે. આ તો હજી મંગલ ચાલે છે.

મંગલનો એક અર્થ—

મંગલના શાસ્ત્રોમાં ઘણા અર્થો છે: તેમાં આ પણ એક અર્થ છે કે:—'**मां गालयति भवादिति मंगलम् ।**' અર્થાત્–'મને પોતાને સંસારથી ગાળે, એટલે કે–આત્માને સંસારથી તારે તે મંગલ.' મોક્ષસુખથી વંચિત રાખી સંસારમાં ફસાવી રાખનાર, જો શાસ્ત્ર હોય તો તે પણ અપમંગલ છે અને તે શાસ્ત્રના વ્યાખ્યાતા પણ અપમંગલ છે, તેમ જ તેને સાંભળનારાઓ પણ અપમંગળ રૂપ બને છે. સંસાર બહાર નીકળવા માટે મંગલ છે. જેમ આપત્તિ દૂર કરવા માટે દુનિયામાં મંગલ સેવાય છે, તેમ આત્માની અનંતી ઋદ્ધિને પ્રગટ કરવા માટે આ મંગલ છે. હવે એ મંગલ વિષે વિશેષ ક્રમશઃ જોઈશું—

[૨]

તીર્થ જયવંતુ છે.

શ્રી આચારાંગ સૂત્રના ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા મંગલાચરણ કરતાં, તીર્થની પ્રશંસા કરે છે. તીર્થની પ્રશંસા કરતાં જણાવે છે કે–તીર્થ સદાને માટે જયવંતુ છે. અમૂક ક્ષેત્રોની અપેક્ષાએ સદાને માટે અને અમૂક ક્ષેત્રોની અપેક્ષાએ અમૂક કાલ માટે: પણ જ્યારે જ્યારે વર્ત્તમાન હોય, ત્યારે ત્યારે જયવંતુજ હોય છે. જેના યોગે સંસારસાગરમાં ડૂબતા આત્માઓ તરે, તેનું નામ તીર્થ: એ તીર્થની પ્રશંસા માટે આ મહર્ષિ છ વિશેષણો આપે છે, જેને આપણે પશ્ચાનુપૂર્વિ ક્રમથી વર્ણવીએ છીએ. આ તીર્થનું વર્ણન પણ જો અખંડ-પણે સમજાઈ જાય–જે સ્વરૂપે છે તે સ્વરૂપે હૃદયમાં ઉતરી જાય, તોપણ આત્માનો સંસાર પરિમિત થઇ જાય. તીર્થનું સેવન, પાલન અને એની આજ્ઞાનો અમલ તો બહુ કઠીન છે, પણ એક વાર એનું સ્વરૂપ જેવું છે તેવું સમજાઈ જાય, –બરાબર હૃદયમાં ઠસી જાય, તો પણ કામ થઇ જાય. જે તીર્થને શ્રી જિનેશ્વરદેવો નમે, એમાં કમીના હોય? નજ હોય. સાથે એ પણ ધ્યાનમાં રાખજો કે–શ્રી જિનેશ્વરદેવો નમે કોને? અને જે તીર્થને તીર્થપતિ નમે, તે તીર્થ કેવું હોય? તીર્થંકરને, હવે એ તીર્થ દ્વારા પોતાને કાંઇ સાધવાનું નથી. તીર્થંકર થયા પછી તીર્થની જે સ્થાપના, એ તો જગત્ માટે છે: પોતા માટે નહિ. જે તીર્થદ્વારા પોતે તીર્થંકર

પદવી મેળવી, તે તીર્થને તેઓ નમે છે. ' आणाए धम्मो -આજ્ઞામાં ધર્મ ' એ તો શ્રી જિનેશ્વરદેવોએ પણ સ્વીકાર્યું, માન્યું અને આરાધ્યું ત્યારેજ એ તીર્થપતિ બન્યા. આપણે આજ સુધી એજ વર્ણન કરી ગયા કે-ભગવાન્ શ્રી મહાવીરદેવ ક્યાં ક્યાં અનુષ્ઠાનોના યોગે તીર્થંકર બન્યા ? એમના જેવા થઈશું ત્યારે તેઓએ કર્યું તેવું કરીશું : પણ જ્યાં સુધી તેવા ન થઈએ, ત્યાં સુધી જે ક્રિયા-ભાવના અને પ્રવૃત્તિના યોગે એ તીર્થપતિ બન્યા, તે ભાવના-ક્રિયા અને પ્રવૃત્તિ આપણે ખાસ સેવવાની છે. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં રહેનારે એ માનવું જોઇશે કે-શ્રી જિનેશ્વરદેવે કર્યું તેજ નહિ, પણ કહ્યું તે આપણા માટે ધર્મરૂપ છે. નાના મ્હોંઢે મોટી વાતો કરાય નહિ. કેટલી બધી યોગ્યતા કેળવી અને કેવી કેવી આરાધના કરી, ત્યારે તીર્થંકર બન્યા ? એ યોગ્યતા, એ બળ કેળવ્યા પહેલાં સમાન ક્રિયાની વાતો કરે તે પાછા પડે. આપણે માટે તો શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું તે ધર્મ અને તેમ કરીએ તો તેમના જેવા થવામાં પણ હરકત આવે તેમ નથી. શ્રી જિનેશ્વરદેવો દ્વારા શરૂઆતથી નમાયલું, માટે એ તીર્થ " अनुपमम्, उपमातीतं-उपमारहितं "-જેની સરખામણીમાં બીજી કોઇ પણ વસ્તુ મળી શકે તેમ નથી તેવું. (લાલન--लोकोत्तरं) લોકથી શ્રેષ્ઠ, લોકથી પ્રધાન. લોકવ્યવહાર અને તીર્થવ્યવહાર એક નહિ થાય. અનુપમ, એટલે જેની ઉપમા નહિ. લોકોત્તર કહ્યું ત્યાં લોક સાથે સરખું શી રીતે થાય ? લોકની સરખામણીમાં કેમ આવે ? લોક માગે-ઇચ્છે-કહે જૂદું, અને આ કહે જૂદું. (લાલન-'अत एव अतिकठीनं')

એમ કહેવાથી તે અસેવ્ય જેવું ગણાય. એવો ભાસ કરાવવાની ચેષ્ટા ન કરો, કારણકે–તે જેટલું કઠીન છે, તેટલુંજ મનોહર છે. એકવાર સમજાયા બાદ તો તે ઘણું સુંદર, મનોહર અને સ્હેલું છે. વેપારીને વેપારમાં તકલીફ ઓછી છે ? ઘણીજ. પણ વેપારના લાભને સમજે એટલે બધી તકલીફ ક્યાં જાય છે ? ઉડી જાય છે. શાથી ? લાભ માન્યો અને સમજ્યો કે–છ કલાક મહેનત કરૂં, તો ગરમાગરમ રસોઇ મળે, ખૂરશી ટેબલ મળે, સૌ શેઠસાહેબ કહી સલામો કરે ! આ બધો પ્રતાપ કોનો ? વેપારના. આ પ્રમાણે માન્યા પછી જેમ તકલીફ તકલીફ રૂપે નથી લાગતી, તેમ અહીં જ્યારે–' સેવાથી અનંત સુખ મળી જાય '–એમ સમજાઇ જાય, પછી તકલીફ રહે ક્યાંથી ? પણ શ્રદ્ધા બેસવી જોઇએ. વસ્તુને તેવા સ્વરૂપે ઓળખવી જોઇએ. એ વસ્તુ એવી છે કે–મોટામાં મોટો માણસ અને નાનામાં નાનું બાલક પણ એને સેવી શકે : છ ખંડનો માલીક ચક્રવર્તિ અને લાકડાની ભારીઓ વેચી પેટ ભરનારો કઠીયારો,–એ બેય સેવી શકે : પણ એ બધામાં યોગ્યતા જોઇએ. યોગ્યતા કેટલી ? ચક્રવર્તિ ચક્રવર્તિપણું મૂકી દે અને ભીખારી ભીખારીપણું મૂકી દે એટલી ! (લાલન–ધર્મ ચક્રીપણાની ઇચ્છા તો ખરીને ?) અલબત્ત, મૂકીએ છીયે તેના કરતાં શ્રેષ્ઠ અને સાધક વસ્તુની ભાવના તો ખરીજ. ચક્રવર્તિ, ચક્રવર્તિપણાની ભાવના અને ભીખારી, ભીખારીપણાની ભાવના મૂકી દે, એટલે સમજો કે—જૈનશાસન હાથમાં આવ્યું. ખરો સુખી તે, કે જે આ તીર્થને પામે. ન એને બીમારીમાં દુઃખ કે ન મરતાંયે દુઃખ. આપત્કાલે

પણ એને દુઃખ નહિ, કારણકે-દુઃખ આવે ત્યાં પણ સુખની કલ્પના કરી લે. વાત એ છે કે-આપત્તિને એ અશુભકર્મનો ઉદય માને છે અને એ આવેલા અશુભના ઉદયને શાંતિપૂર્વક સહવામાં તે આત્માનું શ્રેય સમજે છે: એટલે એ દૃષ્ટિએ તો આત્મા આપત્તિમાંય સંપત્તિ માને છે. વધુમાં પૌદ્ગલિક સંપત્તિને, એ ભયરૂપ અને હાનિરૂપ સમજે છે. એમાં લીનતા ન થઇ જાય, એટલુંજ નહિ પણ જલદી કેમ છૂટે, એજ તેના મનોરથો હોય છે. આ શાસન આવે, એટલે એને બહારની શ્રીમંતાઇ, ઠકુરાઇ, સાહ્યબી ખટકે છે, મુંઝાવનારી લાગે છે: આ બધું અત્યારે વિસ્તારથી કહેવાનો વખત નથી. જો કે-એવું પણ કહેનારા નીકળ્યા છે કે-બધાને ભીખારી બનાવવા બેઠા છે: પણ તેઓએ સમજવું જોઇએ કે-ભીખારીપણું, એ ચીજ જૂદી છે અને દુનિયાની ચીજની ઈચ્છાનો અભાવ, એ જૂદી ચીજ છે. દુનિયાદારીની કામના તજી, કેવલ સ્વપરના કલ્યાણની સાધનામાંજ લીન થનાર આત્માને ભીખારી કહેનારાઓજ પોતે ખરેખરા ભીખારી છે. જૈન સાધુ એટલે તો દુનિયાના શિરતાજ. ગામમાં ઘર નહિ, સીમમાં ખેતર નહિ, અને જેને એ વિગેરે કોઈ વસ્તુની સ્પૃહા પણ નહિ ! માટેજ તે શાસનની સેવા સારી રીતે કરી શકે. તીર્થનો પ્રભાવજ જૂદો છે, પણ હૃદયમાં-હૈયામાં એ સ્થિત થવું જોઇએ. આ તીર્થ કેવું ? 'अनुपमं' : પણ શબ્દની સામ્યતાને લઇને બીજા કોઇની પણ આની સાથે સરખામણી કરવાની મહેનત કરતા ના. આત્મા, સ્વર્ગ, નર્ક,-એ તો જૈનદર્શન પણ માને છે અને ઇતર દર્શનો પણ માને છે:

પણ એ બેયની માન્યતામાં આભ–જમીન જેટલું અંતર છે. આજ કારણે કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે:—

" त्वच्छासनस्य साम्यं ये, मन्यन्ते शासनान्तरैः ।
विषेण तुल्यं पीयूषं, तेषां हन्त हतात्मनाम् ॥१॥ "

*

'શાસનાન્તરની સાથે, તારા શાસનને જે આત્માઓ સમાન માને છે, તેઓ હણાઇ ગયા છે, કેમકે–વિષની સાથે અમૃતની સરખામણી કરે છે.'

'**अनुपमं**'–અનુપમનો હેતુ શો ? અનુપમ કેમ ? લોકની માન્યતાથી તદ્દન વિપરીતપણું નહિ આવે, તો અનુપમતા શી ? અહીં લોકની પૌદ્ગલિક ઇચ્છાઓને પોષણ નથી: અહીં લોકના તેવા તુચ્છ મનોરથને સ્થાન નથી: અહીં લોકવાસનાથી જૂદાને સ્થાન છે. આર્ત્ત અને રૌદ્રથી છોડાવી, ધર્મ–શુકલમાં જોડનારૂં આ શાસન છે. **આ લોકનાં પૌદ્ગલિક સુખોની અભિલાષા, એ આર્ત્ત છે અને તેના રક્ષણની ભાવના, એ રૌદ્ર છે.** બેયનો અભાવ એટલે આર્ત્ત–રૌદ્રનો અભાવ, ત્યારપછી ધર્મધ્યાન, તે પછી શુકલધ્યાન, પછી કેવળજ્ઞાન અને પછી મુક્તિ,–આ શાસનનો કાયદો ! આર્ત્તરૌદ્રને ન છોડવું હોય, તેને આ શાસન સાથે મેળ ન ખાય. (લાલન૦ આર્ત્ત–રૌદ્ર બંધ થાય એટલે નારકી–તિર્યંચ બંધ થાય.) પણ નરકતિર્યંચ-ગતિનો વાસ્તવિક ભય તો લાગવો જોઈએ ને ? તેના સ્વરૂપમાં પણ જેને સંપૂર્ણ શ્રદ્ધા ન હોય તેનું શું ?

આસ્તિક કોણ ?

પરમ ઉપકારી શ્રી સર્વજ્ઞદેવોએ વર્ણવેલા તિર્યંચ અને નરકગતિના સ્વરૂપમાં અને તે ગતિયો પમાડનાર કારણોમાં સાચી શ્રદ્ધા જામી જાય, તો નાસ્તિકતાના બધા વાયરા આપોઆપ ઉડી જાય. 'આત્મા, પુણ્ય, પાપ વિગેરે વિગેરે છે'–એમ બોલવા ગાત્રથીજ જો સમ્યગ્દૃષ્ટિ થઈ જવાતું હોત, તો તો બધા એવા થઇ જાત, પણ તેમ નથી. પુણ્ય, પાપ, સ્વર્ગ, નરકનો સાચો ખ્યાલ થઈ જાય, તો તો આત્મા ડગલે અને પગલે પાપથી કંપતો રહે. દુર્ગતિનું કારણ પાપ છે,–એમ માન્યા પછી તે પાપમાં આનંદ માને કે મનાવેજ કેમ ? પાપનાં કારણોને ઉપાદેય તરીકે મનાવનાર કદાચ, આત્મા આદિને માનવાની શેખાઇ કરતો હોય તો પણ, તે માત્ર નામનોજ આસ્તિક છે : પરન્તુ વાસ્તવિક રીતે તે આસ્તિક નથી. આત્મા, પરલોક, પુણ્ય, પાપ વિગેરે વિગેરે નથી, એમ જે કહી દે તેને તો પહોંચાય ! તેનાથી જગત્‌ને પણ બચાવી લેવાય ! બચવાની ભાવનાવાળા બચી શકે ! પણ 'છે–છે'–કહી ડોકું હલાવે અને કાર્યવાહી જૂદી કરે, તેને કોઈ રીતિએ પહોંચાય ખરૂં ? એવાની તો વ્રતાદિક ક્રિયા,–એ પણ શુદ્ધ ક્રિયા નથી, પરન્તુ દાંભિક ક્રિયા છે : એવા દાંભિક વ્રતધારિયો માટે તો ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર લખે છે કે:—

" दम्भेन व्रतमास्थाय, यो वांच्छति परं पदम् ।
लोहनावं समारुह्य, सोऽब्धेः पारं यियासति ॥१॥ "

*

'જે આત્મા દંભપૂર્વક વ્રતનો સ્વીકાર કરીને પરમ પદની વાંછા રાખે છે, એ ખરેખર લોઢાની નાવ ઉપર ચઢીને સાગરના કાંઠે જવાની ઇચ્છા કરે છે.'

વિચારો કે—લોઢાની નાવમાં બેસનારો સમુદ્રના પારને પહોંચે ? (લાલન૦ સાગરને તળીએ જાય !) ન જવું હોય તો પણ પેલું લોઢુંજ એને તળીએ લઇ જાય. જેનું હૃદય આસ્તિક નથી, જેને હૈયે પાપનો ભય નથી, જે આરંભ–સમારંભની વાતથી કંપતો નથી, જે એનાથી આઘો રહેતો નથી, જગત્‌ને એનાથી બચાવવા જે પ્રયત્ન કરતો નથી, જે સ્વપરના આત્માને આરંભ–સમારંભના માર્ગોથી રોકતો નથી, તેમજ ઉલટો પુષ્ટિ આપે છે તેને, કહો ભાગ્યવાન્‌ !, આસ્તિક કોણ કહે ? કદાચ કર્મયોગે પોતે છૂટી ન શકતો હોય, પણ તે કહે તો એમજ કે :—'હું પામર, કે જેથી છૂટી શકતો નથી.' પણ ઉલટો જે એમ કહે કે :—'આરંભ–સમારંભ વિના તે ચાલે ! '—તો તે આસ્તિક કયાંનો ? ભલે પછી મોટાં બૉર્ડ આસ્તિકતાનાં ચીતરાવે, પણ એનાથી વળે શું ? જરા આત્માને તો પૂછો ! શાસ્ત્ર કહે છે કે—ધર્મ જેમ દેવસાક્ષીએ, ગુરૂસાક્ષીએ, તેમ આત્મ–સાક્ષીએ પણ કરવાનો છે. રોજ આત્માને પૂછો કે—હૃદયમાં કંઇ પણ આવ્યું કે બધુંજ બહાર ? સમ્યક્‌ત્વની તમને માત્રા તો આપી, પણ એની ખાત્રી માટે રોજ આત્માને પૂછો કે—તારો અભ્યાસ સંસાર તરફ વધુ ઢળે છે કે જ્ઞાનીએ કહેલા તરફ ! જો જ્ઞાનીના કથન તરફ ઢળતો હોય, તો તો માનવું કે—કંઇક પામ્યો અને સંસાર તરફ ઢળતો હોય તો આત્માને કહેવું કે—હજી ઠગ લાગે

છે. શ્રી જિનેશ્વરદેવને ચાંલ્લા વિગેરે કરીને ફૂલાદિક મૂકનારને, તેઓ પારસલથી મુક્તિનગરમાં મોકલી આપે એમ માનવાનું નથી. આ તો વીતરાગ ! ન ભક્તિથી તોષાયમાન થાય કે ન નિંદાથી રોષાયમાન થાય ! ભક્તિ કરનાર પોતાની મેળે તરે અને નિંદા કરનાર આપોઆપ ડુબે : સૌ સૌનાં કૃત્યોનું જ ફળ પામે. આપણી પૂજા કે ભક્તિ લાંચ રૂપ નજ હોય. આપણા દેવ અને ગુરૂ કાંઈ લાંચ ન લે ! સાધુ વંદનાને પણ મહાવિઘ્ન માને : આથી તમારે ન કરવી, એમ નહિ હોં ! જ્યારે જ્યારે ગૃહસ્થ વંદના કરે, ત્યારે ત્યારે સાધુ વિચારે કે—આ વંદના મ્હને નહિ પણ આ સંયમને છે. જેને જગત્ વંદે તેને મારે કયી રીતે સેવવું જોઈએ, એ વિચારે તો તો એ આત્મા સન્માર્ગમાં ટકયો રહે અને મુંઝાય નહિ : પણ જો તે પોતામાંજ બધું માની લે, તો ગબડતાં વાર પણ લાગે નહિ.

ચઢે એ આશ્ચર્ય કે પડે એ ?

સત્કાર અને સન્માન સહન કરવાં બહુ કઠીન છે. સત્કાર અને સન્માને તો કેઇનાં સમ્યક્ત્વ છીનવી લીધાં ! કદી રહ્યાં તો નામ માત્ર ! વાહવાહની ભાવનાથી કેઈનાં સમ્યક્ત્વ ચાલ્યાં ગયાં. ત્યાં ટકવું એમાંજ કસોટી : બધાય ત્યાગનું પરિણામ ત્યાં આવી ઉભું રહે, પણ ગભરાશો મા ! ચઢતાં ચઢતાં પડી પણ જવાય. પડી ન જવાય માટે સાવધ રહેવું. કોઇ પડી ગયા માટે તે વસ્તુ ખોટી નથી. ચઢે એ આશ્ચર્ય, ચઢીને સીધો પહોંચે એ આશ્ચર્ય, પણ પડે એમાં નવાઇ શી ? ચીકણી જમીનમાં તો ન લપસે એજ આશ્ચર્ય :

લપસે તેમાં આશ્ચર્ય શું ? માર્ગ ચૂકાય તેમાં નવીનતા નથી. પડનારને સાંભળીને માર્ગ પર ગુસ્સો ન કરો. કોઇ તમને કહેઃ–'ફલાણા પડી ગયા' તો તમે કહેજોઃ–'ચઢયા ત્યારેને ! પણ પામર ! તું ને હું તો ચઢયા પણ નથી.' તમારાથી બને તો પડનારને આશ્વાસન દો. સમજાવો કેઃ–'મહાનુભાવ ! આટલું બધું પામીને આ દશા ?' જે કહે કેઃ–'ફલાણો પડયો !' તેને તમે કહો કેઃ–'એ તો ચઢયો તો હતો, પણ તૂં કોણ ?' આ બધી ભાવના કયારે આવે ? હૃદયમાં જ્યારે સાચી વસ્તુ જોઇએ તે રૂપે પરિણામ પામે તો !

*

अनुपमं—તીર્થ અનુપમ શાથી ? **जिनेश्वरैः आद्नितं** જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમાયેલું શાથી ? જે જે જોઇએ તે તે બધુંજ એનાથી મળે છે માટેને ? મોક્ષ પણ આનાથીજ મળે અને દુનિયાનાં સ્વર્ગાદિક સુખો પણ આના યોગેજ મળે. ઉપરાન્ત દુનિયાની સુખ, સંપત્તિ અને શાંતિ પણ આ તીર્થને આભારી છે : પરન્તુ દુનિયાની કાર્યવાહી માટે એની સેવા કરવાની નથી. ચિંતામણિ આટો માગનારને આટોય આપે, પણ માગનારથી મંગાય શું ? તમારે બધાને શું જોઇએ છે ? (સભામાંથી–મોક્ષ.) બરાબર જવાબ છે, પણ વિચારીને દેજો. મોક્ષના અર્થિને સંસાર છોડવાની વાતથી દુઃખ ન થવું જોઇએ, સંસાર છોડનાર પ્રત્યે હૃદયની ભક્તિ જાગવીજ જોઇએ, અને મુમુક્ષુ આત્મા પ્રત્યે દયા ચિંતવનારા તરફ દયા આવવી જોઇએ. વીસમી સદીના જમાનામાં યથેચ્છ મ્હાલી રહેલાઓ, ખરેખર મોક્ષના અર્થિની દૃષ્ટિએ તો દયાપાત્ર જ દેખાવા જોઇએ. આસક્તિ આદિના યોગે ભલે કદાચ ત્યાગનો

સ્વીકાર ન કરી શકાય, પણ ત્યાગની વૃત્તિમાં તો વાંધો નજ આવવો જોઇએ. શ્રી કૃષ્ણ મહારાજા અને શ્રી શ્રેણિક મહારાજા ભલે ત્યાગમાર્ગનો સ્વીકાર ન કરી શકયા, પણ તેઓની વૃત્તિ તે માર્ગ પ્રત્યે કેવી હતી? શ્રી શ્રેણિક મહારાજા કે શ્રી કૃષ્ણ મહારાજાને તો અવિરતિનો ઉદય છે, એમ પ્રભુ જેવાએ કહ્યું હતું: પણ આજના કેટલાકો, કે જેઓ વિરતિને પામવાના શકય પ્રયત્નો પણ નથી કરતા, તેઓ પોતાને અવિરતિના ઉદયવાળા છીએ, એમ કયી રીતિએ કહેવરાવી શકે છે? આપણો મુદ્દો એ છે કે–અવિરતિના ઉદયવાળાઓ ભલે ત્યાગ ન કરી શકે, પણ તેઓનું વલણ કયું હોય? શ્રી જિનેશ્વરદેવના શાસનનાં જન્મેલો, જૈન નામ ધરાવનારો કદાચ ત્યાગી ન બની શકે, પરન્તુ કોઇ ત્યાગી થાય ત્યારે તો તેની રોમરાજી વિકસ્વર થાય કે નહિ? ત્યાગ એને રોમ રોમ રમ્યો હોય: ત્યાગની સામે અને ત્યાગીની સામે એના હાથ ભેગા થાય. વીતરાગનો ભક્ત વૈરાગ્યનો વૈરી બને? વૈરાગ્યનો સંગી ન હોય, એ ચાલે: પણ વૈરી બને એ નિભાવાય? શ્રી જિનેશ્વરદેવના શાસનમાં રહેલો દાતાર ન હોય તે નભે, પણ એ કૃપણતાને વખાણે એ કેમ નભે? કૃપણ, અશીલવાન્ અને અતપસ્વી નભે, પણ એ પ્રત્યે ભાવના કયી? ‘કયારે દાન દઉં? કયારે શીલ પાળું? કયારે તપ કરૂં?’ બધાએ સર્વવિરતિ લઇ ન શકે, એટલા માટે તો પ્રભુને ઇતર ધર્મો કહેવા પડે છે. સર્વથા નિર્ગ્રન્થતા આવ્યા વિના –મન, વચન, અને કાયાના યોગોને રૂંધ્યા વિના–શૈલેશીકરણ કર્યા વિના મુક્તિ નથી, પણ કોઇ કહે કે–છઠ્ઠે ગુણઠાણે

રહેલા મહાત્માઓએ પણ ચૌદમા ગુણસ્થાનકે રહેલા પરમર્ષિઓની માફક હાલવું જ નહિ, એ બને ? એ તો ચૌદમા ગુણસ્થાનકે બને : છતાં પણ છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા એવા તે મહર્ષિયો પણ ઇચ્છે તો એજ. ભાવના એજ કે–સર્વથા અહિંસક બનું, મન–વચન–કાયાને સર્વથા રૂંધું. કારણકે–એ સર્વથા કાબુમાં ન આવે ત્યાં સુધી મુક્તિ નથી.

<u>ગુણપ્રાપ્તિનો ક્રમ કયો ?</u>

(સભામાંથી૦ માર્ગાનુસારી, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ, સૂત્રકરણ, અર્થકરણ તદુભયકરણ, વિનિયોગકરણ, આ ક્રમ બરાબર ?)

આ ક્રમે પણ પમાય : અને વગર ક્રમે પણ પમાય : ઉભય રીતિએ પમાય. એમાં કશી જ હરકત નથી પણ આમ જ પમાય એવું તો નથીજ. માર્ગાનુસારીનો પહેલો ગુણ– 'ન્યાયસંપન્ન વિભવ.' એમાં નીતિ તો ખરી જ ને ? હવે દેશવિરતિ શ્રાવકનાં પાંચ અણુવ્રત પૈકીના બીજા અણુવ્રતમાં મોટા અસત્યનો ત્યાગ છે અને ત્રીજામાં મોટી ચોરીનો ત્યાગ છે. મોટું અસત્ય અને મોટી ચોરીનો ત્યાગ : બાકીનો નહિ શાથી ? થઇ જાય છે એથી ! એ નીતિ કે અનીતિ ? એ વ્રત લેનારમાં માર્ગાનુસારીપણું છે ખરૂં કે નહિ ? હવે કોઇ એમ કહે કે–અનીતિનો અંશ હોય ત્યાં સુધી દેશવિરતિ આવે જ નહિ, તો એ ચાલે ? આ ક્રમનો હેતુ એ છે કે– દુનિયામાં અનેક પ્રકારના જીવોછે: એક પ્રકારના જ નથી. પંદર લિંગે સિદ્ધિ કહી : એમાં અન્યલિંગે પણ કહી. અન્યલિંગે કેવલ થાય, પણ ક્યારે ? વસ્તુ પમાય ત્યારે ! વસ્તુ

પામ્યા પછી—કેવળ થયા પછી, આયુષ્ય બાકી હોય તો કયા લિંગે રહે ? સ્વલિંગે કે અન્યલિંગે ? અન્યલિંગમાં કેવલ થવાનો વસ્તુના યોગે સંભવ છે. માટે કોઇ કહે કે—એ લિંગ પણ પ્રમાણ, તો ચાલે ? શાસ્ત્ર સૌથી ઉંચી વિધિ પહેલી કહે. તીર્થંકર થઈને મુક્તિ જવું એ ઉત્તમ, પણ એવા કેટલા ? બહુ થોડા. જ્યારે ગુણ વર્ણવવા બેસે ત્યારે ઉંચામાં ઉંચી કોટિના—છેલ્લામાં છેલ્લા વર્ણવે, કે જેને પામનારા થોડા જ હોય. શ્રી આનંદ અને શ્રી કામદેવ જેવા શ્રાવકો કેટલા ? તથા શ્રી ગૌતમ ભગવાન્ જેવા સાધુઓ કેટલા ? વર્ણનમાં તો કમીના નજ રાખે, પણ વર્ણન કરનારે બધા ભેદો ધ્યાનમાં રાખવા જોઇએ. શ્રી ઉદાયન મંત્રી છેલ્લી અવસ્થામાં યુદ્ધમાં ગયા છે: શ્રી સિદ્ધગિરિની યાત્રા તથા ઉદ્ધારની અભિલાષા છે. નિયમ છે, અભિગ્રહ છે કે—ઉદ્ધાર ન થાય ત્યાંસુધી એકાસણું કરવું. એમજ કરે છે. યુદ્ધમાં જીત્યા તો ખરા, પરન્તુ શરીરપરના પ્રહારોથી પાછા વળતાં એમના જીવનની છેલ્લી ઘડી આવી. વેદના સહન થતી નથી. અટવીમાં છે. એમના મનમાં બે વાત ખટકે છે : શ્રી સિદ્ધગિરિનો ઉદ્ધાર ન કર્યો તથા આ અંતિમ સમયે નિર્યામણા કરાવનાર કોઇ નથી. આંખમાંથી આંસુ આવ્યાં. પાસેના મંત્રીયોએ એમને પૂછયું:—'મંત્રીશ્વર ! કયા કારણે આપને આ પ્રસંગે આંસુ આવે છે ? આપે કરવાનું બહુ કર્યું છે. તેમજ અન્યાય, અનીતિ કરી નથી. તો આંસુનું પ્રયોજન ?'

ઉદાયન૦ 'મને બે દુ:ખ છે : એક તો શ્રી સિદ્ધગિરિનો ઉદ્ધાર ન કર્યો—ન થયો અને આ વખતે નિર્યામક કોઈ નથી.'

મંત્રીયો કહે છે કે-'મંત્રીશ્વર! આપના દીકરાઓ આપના વચનાનુસાર શ્રી સિદ્ધગિરિનો ઉદ્ધાર જરૂર કરશે, પણ આ અટવીમાં નિર્યામક મુનિ કયાંથી લાવવા ? છતાં અમે તપાસ કરીએ છીએ.'

મંત્રીયો સમયસૂચક હતા. વિચાર્યું કે:-'મંત્રીશ્વરના જીવનની છેલ્લી ઘડી છે. મુનિદર્શન વિના-નિર્યામણા વિના, મંત્રીશ્વરનું હૃદય સ્થિર નહિ થાય.'

*

એક અવંઠ એટલે સીધો સરલ વંઠ, કે જે જેટલું શીખવીએ તેટલું બરાબર બોલે તેવો હતો તેને સામંતોએ કહ્યું:-"તું મુનિનાં કપડાં પહેરી લે અને નીચે જોઇને ઈર્યાસમિતિ પાળતો, હાથમાં મુહુપત્તિ રાખીને મંત્રીશ્વર પાસે આવ અને મંત્રીશ્વર તને વંદન કરે એટલે '**ધર્મલાભ**' કહેજે. પછી સંભળાવજે:-'મંત્રીશ્વર! સમાધિમાં રહો, જન્મે તે મરે : તમે પુણ્યવાન્ છો : દુનિયામાં કાઇ કોઇનું છે નહિ : આત્મા એકલો છે. પાપનો પશ્ચાત્તાપ કરો!' અને મંત્રીશ્વર પચ્ચખ્ખાણ માગે ત્યારે—'અભિગ્રહં પચ્ચખ્ખાઇ, **અન્નત્થ**-ણાભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવ-ત્તિઆગારેણં વોસિરે'-કહેજે." મતલબ કે-મંત્રીયોએ એ વંઠને તમામ જરૂરી જરૂરી પાઠ ભણાવી દીધા. આ વખતે મુનિનાં કપડાં પહેરવા છતાં, સુભટના હૃદયમાં કાંઇ પરિ-ણામશુદ્ધિ નથી-માત્ર એકજ ઇરાદો કે, હું હુકમનો તાબેદાર : એ કહે તેમ મારે કરવાનું : અને જો મ્હારા નિમિત્તે મંત્રી-શ્વરને શાંતિ થતી હોય તો મ્હને વાંધો પણ શો ?

મંત્રીશ્વર પાસે તેઓ આવીને કહે છે કે:–'મંત્રીશ્વર! અહો-ભાગ્ય, ભાગ્યયોગ ફળ્યો, મહાત્મા મળ્યા!' મંત્રીશ્વર ઉદાયન ખૂશી થાય છે અને વિચારે છે કે:–'પુણ્ય જાગતું છે, કારણુ કે–અટવીમાં પણુ મુનિ મળ્યા.' મંત્રીશ્વર ઉદાયન તે મુનિને ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજીની માફક વંદે છે અને યથાયોગ્ય નિર્યામણા કરી મંત્રીશ્વર સમાધિથી સ્વર્ગસ્થ થાય છે. હવે મુનિવેષ ધરનાર પેલો વંઠ પણુ વિચારે છે કે:–'જે વેષને, આખાં દુનિયાને માન્ય એવા શ્રી ઉદાયન મંત્રીશ્વર જેવા નમે, અને જે વેષને નમવામાં એ મહામાત્ય પોતાની સદ્દગતિ માને, એ વેષ નહિ છોડું–નહિ મૂકું: **यावज्जीवं भवतु।**' એ વંઠ પણુ જીંદગી પર્યંત સંયમનું પાલન કરી સ્વર્ગે ગયા. કહો, કયી યોગ્યતા હતી? આત્માની યોગ્યતા આવી ગઇ. નવકાર આવડતો હતો? ઈર્યાસમિતિ કે ઈરિયા-વહિ જાણુતા હતા? કશુંએ નહિ: એકજ વાત કે–'જેને મંત્રી-શ્વર જેવા નમે, તે વસ્તુ જરૂર કીંમતી એટલે એ ન મૂકાય.'

દ્રવ્ય વિના ભાવ હોય?

બેશક, ભાવ વિના દ્રવ્યની સફલતા નહિ, પણુ દ્રવ્ય વિના પ્રાયઃ ભાવ પણુ નહિ. જ્ઞાની કહે છે કે–મનશુદ્ધિ વિના ક્રિયા (દ્રવ્ય) અનુષ્ઠાન ફળતાં નથી એ વાત સાચી, પણુ દ્રવ્યશુદ્ધિ વિના–બાહ્ય આલંબન વિના, ભાવશુદ્ધિ પણુ પ્રાયઃ અશકય છે: અનંતી ઉત્સર્પિણી–અવસર્પિણીએ મરૂદેવા માતા જેવું દૃષ્ટાંત બને. શ્રીમતી મરૂદેવા માતાએ પ્રથમ કશોજ ધર્મ કર્યો નથી, પણુ ત્યાંએ એ બન્યું શાથી? ઉંચામાં ઉંચા આલંબનથી! જો કે–મન બહુ ચંચલ છે: છતાં

પણ જ્ઞાનીઓ કહે છે કે–ભલે એ મન ઠેકાણે ન હોય, પરન્તુ ઉચ્ચ આલંબનો એને ઠેકાણે લાવશે. જ્ઞાનીઓ બહારનાં ઉપકરણો બહુ શુદ્ધ રાખવાનું કહે છે એનો હેતુ પણ એજ છે. મંદિરની આટલી બધી શોભા રાખવામાં પણ એ જ હેતુ પ્રધાન છે કે જેથી ત્યાં આત્મા તન્મય બને. દેવતાઓ શ્રી તીર્થંકરદેવનું સમવસરણ કેવું સુંદર રચે છે? દેશના તો સાંભળે ત્યારે–પામે ત્યારે, પણ સમવસરણ એવું રચે કે–કોશો સુધી દૂર રહેનારાને પણ એમ થાય કે–જરૂર, જોવા તો જવું. જોવા જાય તે એમ્ની પણ જાય: પછી તો પ્રભુના અતિશય કામ કરવાના છે. અતિશયો પાસે આવે એને કામના! પણ પાસે આવે ત્યારેને! પાસે લાવવાનું કામ બાહ્ય સામગ્રી બહુ કરે છે. અતિશયોના યોગે અનેક આત્માઓ આવે અને આવે એને દર્શન કરતાં જ ભાવ જાગે. પરમ તારક શ્રી તીર્થંકરદેવની પાસે આવ્યા પછી ભાગ્યે જ પામ્યા વિના જાય. પાખંડીયો, અભવ્યો કે દુર્ભવ્યો વિગેરે વિગેરે શિવાયના, કંઈક ને કંઈક પામીને જ જાય. સામાન્ય કેવલિને કેવલજ્ઞાન ખરૂં, પણ શ્રી તીર્થંકરદેવની વાત જૂદી: કેવલજ્ઞાન બેયને સમાન; પણ શ્રી તીર્થંકરદેવની બધી સામગ્રી જ જુદી. ઓછામાં ઓછા એક ક્રોડ દેવતા તો તે તારકની સેવામાં રહે જ. પ્રભુ પાસે ગમે તેવા કષાયોવાલો આવે તે પણ પ્રાય: શાંત થઈ જાય. આ પ્રભુનો અતિશય! જાતિવૈરવાળાં પ્રાણીયો પણ ત્યાં મિત્ર બને. પ્રભુવાણીનો મધુર ધ્વનિ એ છંટકાવ કરે. વાણી એકરૂપી પણ પરિણામે સર્વરૂપી. વાણીનો પણ કેવો અગાધ મહિમા! એક જાતની ભાષા બોલે, પણ સૌ પોતપોતાની ભાષામાં સમજે. આ બધું કોને? શ્રી તીર્થં-

કરદેવને ! સંસારસાગરમાં ભટકનારાં પ્રાણીયો માટે તો બાહ્ય આલંબન ઘણું મહત્ત્વનું હોય છે. અહીં–આ સ્થાનમાં આવીને અધર્મી કેટલા થાય અને કસાઇખાને જઈ ધર્મી કેટલા થાય ? જેટલા અહીં આવી સ્વધર્મી થાય, તેટલા તહીં જઇ ધર્મી થાય ? ધર્મપ્રાપ્તિનું સ્થાન કયું ? આ સારી જગ્યામાં ખોટું અને ખોટી જગ્યામાં સારૂં હોય જ નહિ,–કવચિત્ કોઇ કારણવશાત્ હોય તો તેની ગણના પણ નહિ !

સંખ્યાની અધિક્તા ક્યાં હોય ?

(સભામાંથી પ્રશ્ન–આટલું છતાં ભગવાનના શ્રાવક દોઢ લાખ અને ગોશાળાના ૧૧ લાખ એનું કારણ ?)

અનાદિકાલની વાસના જીવોની સાથે છે. આજે નાટકમાં ઘણા ભેળા થાય, પણ તત્ત્વજ્ઞાનની વાતોમાં કેટલા થાય ? શાસ્ત્ર કહે છે કે–અનાદિની દુષ્ટ વાસના એ કારણ છે. ગોશાળાનો મત કયો ? '**यद् भावि तद् भवति । જે થવાનું છે તે થાય છે**' ગમે તે ખાવું-પીવું, બોલવું–ચાલવું, એમાં વાંધો નહિ : આ કોને ન ગમે ? એમ કહેવામાં આવે કે–ઉપવાસ કરો, પણ ભૂખ લાગે તો ખાઈ લેવાય : એ ઉપવાસ કોણ ન કરે ? શ્રી જિનેશ્વરદેવના શાસનના ઉપવાસ કરનાર થોડા અને ફલાહારના ઉપવાસ કરનારા ઘણા : એનું કારણ ? લાલસા. ગોશાળો જીવોને ગમતું તે આપતો : અને ભગવાન્ તો ગમતું તે મૂકવાનું કહેતા. તમે એમ કહો કે–પૂજા, સામાયિક થાય તોયે ભલે, ન થાય તોયે ભલે : વ્યાખ્યાન સંભળાય તોયે ભલે, ન સંભળાય તોયે ભલે : તોયે જૈન ગણાશો, તો બધા જૈન કહેવડાવવા

આવે. પણ તમે કહો કે-જૈન કહેવરાવવા પૂજા તો કરવી પડે, એટલે ઝટ કહે કે-ઉભા રહો, વિચાર કરૂં. જ્યાં દુનિયાની ચીજો છોડવાનું જ કહેવાય, ત્યાં ઓછી સંખ્યા હોય. પ્રભુની દેશનાનો અતિશય એવો કે-દેશનાના સમયે તો સાંભળનારા નાચતા, પાખંડી પણ ડોલતા, પણ પાખંડીયો બ્હાર જાય કે તરત ઉલટું જ કરતા. ટોળું વધારવું હોય તો તો આજે વધારાય. મુક્તિના રસીયા બનાવનારાજ ખરા ઉપદેશક છે,-સંસારના રસીયા બનાવનાર ખરા ઉપદેશક નથી! માગ્યા તે આપીને લાખ્ખોને ભેગા કરનાર, તે તો ભાટ કે ભવૈયા છે. ન ગમતું હોય ત્યાં પણ ખીંચાઇને આવે, એ પ્રભુની વાણીનો પ્રભાવ છે. જેને સંસાર જ જોઈતો હોય, તેણે આ શાસનમાંથી રાજીનામું આપવું જોઇએ. ભલે મુક્તિ ગમે ત્યારે મળે: લાખ્ખો ભવે-અરે અનંત ભવે! પ્રબળ પ્રયત્ન કરશું ત્યારે મુક્તિ જાશું, આજ ને આજ મળવાની નથી, પણ ધ્યેય શું? પ્રભુના શાસનમાં રહેવાનો દાવો કરવો અને સંસારને સારો માનવો અને મનાવવો તથા રસપૂર્વક સંસારમાં રહેવું, એ ભયંકર દાંભિકતા છે. (સભામાંથી પ્રશ્ન૦ ક્રોડ દેવતા છતાં ગોશાળો ઉપસર્ગ કેમ કરી ગયો?) જો કે પ્રભુ માટે તો એ બનાવ આશ્ચર્યરૂપ બન્યો છે, છતાંય કર્મના સ્વરૂપની ગમ પડી જાય, તો આ પ્રશ્ન રહે નહિ. સુભૂમ ચક્રવર્તિનું ચર્મરત્ન પકડનાર ચોસઠ હજાર દેવતાને, જ્યારે સુભૂમનું આવી બન્યું ત્યારે, એક સાથે વિચાર થયો કે-હું એકલો મૂકી દઉં તેમાં શું વાંધો? આ બધાને સાથે વિચાર શાથી આવ્યો? સુભૂમના કર્મયોગે! તીવ્ર કર્મનો ઉદય આવે, ત્યારે સાથે રહેનારાઓની બુદ્ધિમાં વિભ્રમ થાય. ભગ-

વાન્ પાસે જ્યારે ગોશાળો આવ્યો, ત્યારે જો કે ભગવાને ખૂદે બોલવાની ના કહી હતી, છતાં સુનક્ષત્ર અને સર્વાનુભૂતિથી —એ બે મુનિઓથી ન રહેવાયું : શું એમાં એમણે ભૂલ કરી ? એ આજ્ઞાભંજક ? શાસ્ત્ર કહે છે કે–' નહિ, એમાં આજ્ઞા-ભંજનનો ઇરાદો નથી, પ્રભુની ભક્તિ છે. ' અને એવી બુદ્ધિ થઇ એનું કારણ પણ ભવિતવ્યતાજ એવી છે, અને એ રીતે એમનું મૃત્યુ સરજાયું છે. જ્ઞાનીની દૃષ્ટિએ જે વસ્તુ નિયત છે, ત્યાં પ્રશ્ન ન હોય ! કોઇ પૂછે કે–ભગવાન્ ખૂદ કોઇનું બુરૂં નહોતા ઇચ્છતા, છતાં ગોશાલો ઉપસર્ગ કરવા કેમ આવ્યો ? ભાઈ ! દુર્જનનું એ કામ છે કે–સજ્જનો સામે કાદવ ઉડાડવો. સજ્જનોને યેન કેન પ્રકારેણ સંતાપવા, એ દુર્જનોનું કામ છે. સારૂં–ખોટું જૂએ તો એ દુર્જન શાનો ? દુર્જનનું કામ એ કે–ન વિચારે, ન માને : એ તો લાખ ફેંકે, વાગે એટલા ખરા. અશુભ કર્મના ઉદય વખતે જીવો સારાને સારા તરીકે સમજી શકતા નથી.

ધર્મધ્વંસ વખતે મુનિ શું કરે ?

તીર્થની અનુપમતા સમજવા માટે હજુ,ચાર વિશેષણો છે : તેમાંથી તમારી–અમારી ફરજો સમજાશે. કેવી સમતા, શાંતિ, ક્ષમા રખાય અને શાસનરક્ષા માટે શા શા પ્રયત્નો થાય,–એ બધું આ શ્લોકમાંથી નીકળવાનું છે. એ આપણે ક્રમસર જોઈશું. કલિકાલસર્વજ્ઞ, ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કેઃ—

" धर्मध्वंसे क्रियालोपे, स्वसिद्धान्तार्थविप्लवे ।
अपृष्टेनापि शक्तेन, वक्तव्यं तन्निषेधितुम् ॥१॥ "

*

'ધર્મના નાશ સમયે, ઉત્તમ ક્રિયાનો લોપ થયો હોય કે થતો હોય તે વખતે અને સ્વસિદ્ધાંત એટલે શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલા સિદ્ધાંતના અર્થનો વિપ્લવ થતો હોય ત્યારે, તેને રોકવા માટે નહિ પૂછાયેલા એવા પણ સમર્થ આત્માએ અવશ્ય બોલવું જોઇએ.'

*

એવા સમયે બનાવટી અને નાશક શાન્તિના જાપો ન જપાય. ખોટી શાંતિ અને સમતાના પાઠ ભણવાથી વસ્તુને ગુમાવી દેશો. એ પાઠ ભણાવનારા કોઈ હોય તો તે સુગુરૂ નથી ! સન્માર્ગનો લોપ થતો હોય, ત્યારે શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ જેવા પણ કહે છે કે–સામર્થ્યવાન્ આત્મા પૂછાયા વગર પણ નિષેધ કરે. 'કરશે તે ભરશે'–તો તમે શું કરશો ? આવા પ્રસંગે ઘરના ખૂણે બેસવા કરતાં ખપી જવું સારૂં છે. જ્ઞાની કહે છે કે–સત્યનો રાગી ઉત્તમ ક્રિયાઓના લોપ વખતે મૂંગો ન રહે. જો છતી શક્તિએ મૂંગો રહે, તો પરિણામે આસ્તિકતા ચાલી જાય અને નાસ્તિકતા આવે. તમારૂં સામર્થ્ય ન હોય તો–' કોઇ બોલે, કોઇ સમર્થ જાગે, કોઈ ઉન્માર્ગીઓને રોકે '–એમ ભાવવું જોઇએ અને કોઇ જાગે ત્યારે ખૂશ થવું જોઇએ. ' એવો કોઇ જાગે તો સારૂં '–એમ હૃદયમાં વારંવાર થયા કરવું જોઈએ. સાચો સન્માર્ગપ્રેમ ત્યાં છે. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના ગુરૂવર્ય્ય આચાર્યદેવ શ્રીમદ્ દેવચંદ્રસૂરીશ્વરજી મહારાજા પણ પોતાની અમૂક અશક્તિનો પશ્ચાત્તાપ કરી,–'ક્યારે કોઇ પ્રભાવક જાગે ?' –એવા મનોરથ કરતા હતા. જેને જેને શાસનની અનુપમતા સમજાય, તેને તેને એવા મનોરથો થાયજ. તારણહાર શાસનની અનુપમતા સમજવા માટે વધુ હવે પછી–

[૩]

સાધક પોલા, માટે સાધન પણ પોલાં?

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરીશ્વરજી મહારાજા, મંગલાચરણમાં શ્રી તીર્થની પ્રશંસા કરે છે: પ્રશંસા કરતાં ફરમાવે છે કે:–'**तीर्थं जयति**–તીર્થ હંમેશ જયવંતુ વર્તે છે.' તીર્થ તે કહેવાય છે, કે જેના યોગે આત્માઓ આ સંસારસાગર તરી જાય. એ તીર્થ પણ શ્રી જિનેશ્વરદેવોથી આદિમાં નમસ્કાર કરાયેલું! શાથી?–એ તીર્થના યોગે એ પણ તીર્થપતિ બન્યા એથી: અને એટલા માટે જ એ અનુપમ છે. જગત્માં બીજી કોઇ પણ એને બંધબેસતી ઉપમા નથી. અનુપમ શાથી? '**अनादिनिधनगतम्**' અનાદિ અને અનંત છે માટે! જેની આદિ નથી અને જેનો અંત નથી, એવું આ તીર્થ છે. શ્રી તીર્થંકરદેવો પણ જેવું હોય તેવું જ કહે છે: શ્રી ગણધરદેવો પણ તેજ કહે છે: બીજું કાંઇ નવું કહેતા નથી. દુનિયામાં જે વસ્તુ નથી, તે વસ્તુ શ્રી તીર્થંકરદેવો કહેતા નથી અને શ્રી ગણધરદેવો એને રચતા પણ નથી. માટે જ આ તીર્થ અનાદિ અને અનંત છે. ધ્યાનમાં રાખજો કે–તીર્થમાં કદી પરિવર્તન થતું નથી: એ શાશ્વત છે. એમાં કશો ફેરફાર નહિ. જો એ ફરી જાય તો સારી દુનિયા ફરી જાય. હું કહી ગયો છું કે–સાધક ઢીલા હોય તો સાધના કરતાં વાર લાગે: એક ભવે ન કરે તો ઘણા ભવે સાધના કરે. સાધક જો બહુ પોલો હોય તો સાધના વિના રહી જાય, પણ જો સાધન પોલું થઇ જાય તો તો સાધના જ

રહી જાય : માટે સાધન તો અખંડિત જ જોઈએ તીર્થ, એ સાધન છે : આપણે બધા સાધક છીએ. આપણે પોલા હોઈએ એટલા માટે—આપણા પોલાણુની પુષ્ટિ માટે, સાધનને પોલું કરીએ તો શું થાય ? આજે એજ મોટી તકરાર છે. 'અમે પોલા છીયે માટે મજબૂતપણે એ તીર્થને સેવી શકતા નથી' —એ બચાવ ચાલે : પણ 'જેવા અમે પોલા છીએ તેવાં સાધન પણ પોલાં થાઓ '—એમ કહેવું કે ઇચ્છવું તે તો ન જ ચાલે. આજના સ્વચ્છંદાચારિયો કહે છે કે:—'આ જમાનામાં આ સાધન કામ ન લાગે'—તો તેવાઓ માટે તો શાસ્ત્ર કહે છે કે:—'એવા જમાનાવાદીયોને શ્રી જૈનશાસનમાં સ્થાન પણ નથી.' પોતાની અશક્તિનો આરોપ આમાં (સાધનમાં) કરવા માગે—સાધનનેજ શિથિલ કરવા મથે તેવા, શાસનમાં હોય તોયે શું અને ન હોય તોયે શું ? કદાચ એવાઓ તો બીજાને પણ નુકશાન કરે. કલ્યાણાર્થી આત્માએ તો ઉલટી એવી પ્રાર્થના કરવી જોઇએ કે:—'તારી આ ક્ષુદ્ર સેવાના યોગે એવું સામર્થ્ય પ્રાપ્ત થાઓ, કે જેથી હું ઇચ્છિત સેવા કરી શકું :' પણ તેને બદલે એમ કહેવાય કે:—'અમે કમતાકાત છીએ માટે સાધન વધુ ઢીલા બનાવો '—તે ચાલે ? માનો કે— ઉંચો માળ હોય, નીસરણી મોટી હોય અને પગથીયાં ચઢવાની તાકાત ન હોય, તો ચઢવાની તાકાત મેળવાય, કે ન ચઢી શકો માટે નીસરણીના નાશનો પ્રયત્ન કરાય ? તેમ તેઓને પણ સુજ્ઞ જનોએ કહેવું પડે કે—'તમે જો કમભાગી હો અને ન ચઢી શકો તો કંઇ નહિ, પણ જેઓ ચઢી શકે છે તેઓનાં સાધનોનો નાશ કરવાનો પ્રયત્ન તો નજ કરતા. '**अनादिनिधनगतं**'—વસ્તુ તરફ આગળી ન ચીંધાય :

જેને શ્રી જિનેશ્વરદેવો નમે ત્યાં ચેડાં કરો, એ ન ચાલે. “ **પુરુષવિશ્વાસે વચનવિશ્વાસઃ** ”–એતો નક્કી છેને ? પશ્ચાનુપૂર્વી ક્રમ આ માટે લીધો છે. યાદ રાખો કે–શ્રી જિનેશ્વરદેવ જેને નમે, જિનેશ્વરદેવો માટે પણ જેને નમવાનો કલ્પ નિયત થયો, ત્યાં તમારી અને અમારી એ સત્તા નથી કે–આડી આંખે જોઇએ. સેવા ન થાય તો દૂર રહી હાથ જોડો, પગે લાગો, સેવા કરનારને વંદન કરો, પણ એક પણ અક્ષર આની સામે અનુચિત બોલવો, તે પોતાની જાત માટે બહુ ભયંકર છે. એવો પણ કાળ હતો કે–આની સામે આંખ કાઢનારને જમીન ઉપર ઉભા રહેવું એય ભારે પડતું, આની સામે અક્ષર બોલનારને લે–મેલ થતી, ને ધર્મીની સામે વિરોધીને પગલું માંડતાં કંપ થતો ! આજે એ પણ જમાનો છે કે–આની સામે આંખો કાઢનાર અને યદ્વાતદ્વા બોલનાર, છચોક મરજીમાં આવે તેમ ફરી શકે છે. એવો પણ જમાનો કદી હોય, પણ તેવાઓએ નથીજ ભૂલવા જેવું કે–આ બધું માત્ર વર્તમાનમાં જ !–બાકી તમારા જેવા યથેચ્છવાદિયોનું ભવિષ્ય તો ભૂંડું જ નિર્માણ થઇ ચૂકયું છે. ધર્મીયોનું ધર્મી હૃદય શિથિલ થાય ત્યારે ત્યારે આમ થાય : નહિ તો શાસનની સામે આંખ કાઢનાર, ધર્મિની સમક્ષ કદી જ સફલ મનોરથ નથી થઇ શકતા.

સહિષ્ણુતા કે કાયરતા ?

ધર્મી સ્ત્રીપુરૂષોએ તો સમજવું જોઇએ છે કે:–‘આ તીર્થ તો દુનિયાનું તારક : એનો નાશ કરવા પ્રયાસ કરે–એના માટે યદ્વાતદ્વા બોલે, એ સહન ન થાય એ અસહિષ્ણુતા નથી :

વિશ્વતારક તીર્થના અવર્ણવાદને ન સહાય, એને અસહિષ્ણુતાનો દુર્ગુણ કહેનારા બીચારા છે, પામર છે : એમને ગુણની ખબર જ નથી–ગુણને સમજી શકતા નથી. ગુણ અને ગુણાભાસને સમ્યગ્દૃષ્ટિ બરાબર સમજે : અનુમોદના તથા પ્રશંસાના સ્વરૂપને સમ્યગ્દૃષ્ટિ બરાબર જાણે! ગુણ અને ગુણાભાસનો ખીચડો એ ન કરે, અનુમોદનાના યોગને પ્રશંસાપાત્ર યોગ કહે–ત્યાં પ્રશંસા કરે તો, સમ્યક્ત્વ હોય એનો ઇરાદાપૂર્વક નાશ કરવાનો પ્રયત્ન કરવા બરાબર છે : ત્યાં સમ્યક્ત્વ ટકી શકે નહિ. ત્યાં તો જે વસ્તુ જેટલી કીંમતી, તે મુજબ ક્રમ પ્રમાણે ગોઠવાય. ઝવેરી પાસે કેટલીય જાતનાં મોતી આવે, ઝવેરી ચવ પ્રમાણે નોખાં કરે, પણ બધું ભેળમભેળ ન કરે. સમ્યગ્દૃષ્ટિ પણ હરેક ગુણને તેના તેના યોગ્ય સ્થાનમાં મૂકે : એ વિવક કરે કે–આ ગુણ હૈયામાં જ રાખવા જેવો છે અને આ ગુણ જગત્‌માં ફેલાવવા જેવો છે. જેનામાં આ વિવેક નથી અને જેને એ વિવેકની પરવા પણ નથી, તેનામાં વાસ્તવિક સમ્યગ્દૃષ્ટિપણું પણ નથી. અપૂર્વકરણના યોગે અનાદિ ગ્રંથિનો ભેદ થયો અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ, એટલે સર્વવિરતિની ભાવના આવી : ભાવના આવી પણ પરિણામ ન પણ થાય. દુનિયામાં ભાવના અને પરિણામ સામાન્ય દૃષ્ટિએ લગભગ સરખાં દેખાય છે, પણ તેમાં ઘણું અંતર છે. 'ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ' એ ત્રણના ભેદ સમજો. આપણે પ્રવૃત્તિના પૂજારી અને પરિણામ તથા ભાવનાના પ્રશંસક : ભાવના અને પરિણામની પણ પૂજા ન હોય એમ નહિ : પણ જેવી પૂજા પ્રવૃત્તિની

હોય, તેવી પૂજા ભાવના કે પરિણામની ન હોય. સમ્યગ્દૃષ્ટિમાં સર્વવિરતિની ભાવના હોય, પણ પરિણામ અને પ્રવૃત્તિ ન પણ હોય. પ્રવૃત્તિમાં ન આવે તો વ્યવહાર નય કહે છે કે-વંદન યોગ્ય નથી. નિશ્ચય નયની વાત તો વળી એનાથીય અતિ કઠીન છે. નિશ્ચય નયનું તો સમ્યક્ત્વ જ સાતમે ગુણસ્થાનકે હોય છે. એક મહર્ષિએ સાતે નયનો પરસ્પર વાદ કરાવી, સમાધાન માટે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવ પાસે મોકલ્યો છે. ભગવાને સમાધાન કર્યું છે કે-એ બધાએ પોતપોતાની દૃષ્ટિએ વ્યાજબી છે, પણ જો બધાએ આગ્રહમાં જ પડી ગયા, તો તમારામાં સુનયપણું રહેવાનું જ નથી: પરસ્પરની અપેક્ષાને માન્ય રાખવામાં આવે, તોજ નયમાં સુનયપણું રહે છે-અન્યથા તેજ નયો દુર્નય યા નયાભાસની ગણનામાં આવે છે.

ભાવના, પરિણામ, ને પ્રવૃત્તિ.

ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ-એ ત્રણમાં મોટું અંતર છે. વ્યવહાર નય પ્રવૃત્તિને મૂખ્ય માને છે. પ્રવૃત્તિની ઉપેક્ષા કરીને કેવલ પરિણામ તથા ભાવના હોય ત્યાં 'પરિણામ અને ભાવના તો છે ને'-એમ માની પૂજવા મંડી પડચા, તો તો દુનિયાના દંભીયો પણ કહેશે કે-અમારામાં પરિણામ અને ભાવના છે. એટલે દંભીયો પૂજાવાના: એટલા માટે કહી ગયો છું કે-વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ અને ગુણનો અનુરાગ તથા એ ત્રણેની ક્રિયામાં અપ્રમત્તાવસ્થા જે ધર્મમાં હોય અથવા જે ક્રિયાથી આવે, તે મોક્ષ-સુખનો ઉપાય છે. વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ અને

ગુણનો અનુરાગ,—એટલું કહીને અટકયા નહિ : પણ એ ત્રણેની ક્રિયામાં અપ્રમત્ત હોય તો,—એમ જ્ઞાનીયોએ કહ્યું છે. એમ ન હોય તો ઘણાય કહે કે—'હું વિષયનો વિરાગી, કષાયનો ત્યાગી, તથા ગુણોનો અનુરાગી :' પણ માનવો શી રીતે ? જેનામાં વિષયનો વિરાગ પ્રગટે, તેનામાં વિષયવિરાગની ક્રિયા ન હોય ? તે વિષયોમાં રાચીમાચીને કેમ પ્રવર્તે ? કષાયોની મંદતા થાય ત્યાં ક્ષમા આદિ ગુણો ન દેખાય ? ગુણોનો અનુરાગ જાગે, ત્યાં સદ્-અસદ્નો વિવેક ન રહે ? બધા કહે કે—સંસાર ખારો છે, પણ પોલ કયારે પકડાય ? જ્યારે તેને છોડવાનું અગર તેનાથી ડરતા ડરતા રહેવાનું કહેવાય ત્યારે ! ખરાબ માની ત્યાંથી ખસવાની વાત આવે, નિર્લેપ બનવાની—વિરકત બનવાની વાત આવે, ત્યાંજ મુશ્કેલી ઉભી થાય છે. ક્રિયા, એ એવી ચીજ છે કે—ત્યાં ભલભલાની કસોટી થાય છે. ભાવના, પરિણામ અને પ્રવૃત્તિને એકાકાર ન કરો. વિધાનો પ્રવૃત્તિને ઉદ્દેશીને છે : વિધાનો પ્રવૃત્તિનાં દ્યોતક છે : આત્મા પ્રવૃત્તિમાન બને, તે માટે વિધાન છે. જે ભૂમિકાએ જેટલી યોગ્યતા હોય, તેટલી જ ક્રિયા કરે અને તેટલી જ જાહેરાત આપવી જોઇએ. મુનિ આચારે સર્વવિરતિ છે, અને સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હૃદયથી સર્વવિરતિને ઇચ્છનારો છે : પણ તેથી એનામાં સર્વવિરતિ આવી ગઇ છે એમ નહિ,—કિન્તુ એની ભાવના સર્વવિરતિ તરફ ઢળેલી છે. જો એમ ન હોય તો એ શ્રાવક નથી અને સમ્યગ્દૃષ્ટિ નથી : માર્ગાનુસારિ આત્માને પણ સંસાર પ્રત્યે બહુમાન ન હોય. (લાલન૦ વિચારે તો સાધુ થયોને ?) સાધુ થવાની ભાવનાવાળો—પણ એને સાધુ કહેવાય નહિ. એને ભાવ જાગે, એને

મનોરથ થાય કે–ક્યારે છૂટું, ક્યારે આ પામું. જ્યારે જ્યારે છૂટો થાય–પ્રમાદમૂક્ત થાય ત્યારે એજ ચિંતા કરે. સમ્યગ્-દૃષ્ટિને જો કોઇ સાધુ કહે, તો એતો એમજ કહે કેઃ–‘ભાઇ! મારામાં સાધુપણું ક્યાં છે? જ્યારે તે આવશે ત્યારે જ હું મારા આત્માને પૂર્ણ ભાગ્યશાલિ માનીશ.’ પણ તે એમ ન કહે કે:–‘હું હૃદયથી મુનિ છું, માટે મને પણ મુનિ તરીકે વંદના કરવામાં હરકત નહિ.’

વિરતિને વંદન—

શ્રી કૃષ્ણમહારાજમાં ક્ષાયિક સમ્યક્ત્વ હતું: એમણે ભગવાન્ શ્રી નેમિનાથ સ્વામિના અઢાર હજાર મુનિને વાંદ્યા છે. બધામાં ક્ષાયિકસમ્યક્ત્વ હતું? નહિ. પણ એ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ, એક પણ મુનિને–નાનામાં નાના પણ મુનિને–વંદન કર્યા વિના રહ્યા? નહિજ: કારણ કે–સમકિત જુદું છે અને વિરતિ જુદી છે, એમ તેઓ સારી રીતિએ સમજતા. ક્ષાયોપશમિક સમકિતવાળાને, હું ક્ષાયક સમકિતવાળો માટે ન વાંદુ, એમ તો નહિને? ક્ષાયિક સમ્યક્ત્વ એટલે જવાનો ભય નથી: મિથ્યાત્વના પુદ્ગલોના આવાગમનનો ભય નથી: આત્માને મુંઝવણ થવાનો સંભવ નથી: ભયનું કારણ નષ્ટ થયેલ છે. ક્ષયોપશમ સમક્તિવાળાને તે ભય છે, તે કારણે આત્માને મુંઝવણ થવાનોય સંભવ છે અને તે ગુણ ચાલ્યા જવાનો ભય પણ છેજ, તેમજ ઘણાને વખતો વખત ચાલ્યું પણ જાય છે. પણ ચારિત્ર્યમોહનીયના ક્ષયોપશમનો જે ગુણ મુનિમાં છે, તે પણ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિમાં ક્યાં છે? અહીં તો, જો શ્રી જિનેશ્વરદેવનો માર્ગ, પ્રવૃત્તિ

વિગેરે બધું સમજે તો ચાલે : પણ મનગમતી વાતો કરનારને અહીં સ્થાન નથી અને એવાની શરમ રાખવાનું કામ પણ ઉપકારી પુરૂષોનું નથી. ઉપકારી પુરૂષો પોતાની જાત ઉપર આવતા ખોટા આરોપોનો બચાવ કરવાની ભાવનાજ નથી રાખતા. તેઓએ તો પોતાનું જીવન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને–આગમને સોંપેલું છે, એટલે તે દરરોજ પોતાના આત્મામાં એજ જોયા કરે કે–ભૂલેચૂકે પણ પોતાથી આજ્ઞાવિરૂદ્ધ વર્તિ ન જવાય : તેવો સમય આવે તે પહેલાં તેઓ પોતાના પ્રાણોનો પણ પરિત્યાગ કરતાં ન અચકાય : પણ શાસ્ત્રાનુસારિ પ્રવૃત્તિ કરતાં કદાચ સારીય દુનિયા સામે હોય, તે છતાં પણ તેનું એક રોમ પણ ફરકવું ન જોઇએ. અસ્તુ. ક્ષાયિક સમકિત જવાનો ભય નથી, ક્ષયોપશમ સમકિતવાળાને એ ભય છે. આથી ક્ષાયિક સમકિતવાળો એમ માને કે–મારૂં સમક્તિ ઉંચું છે, માટે ક્ષાયિક સમકિત જેનામાં ન હોય એવા સંયમધરને ન વાંદુ–તો ? પણ ક્ષાયિક સમ્યક્ત્વને ધરનાર પુણ્યાત્મા એમ માનેજ નહિ : એ તો હૃદયના બહુમાનપૂર્વક સંયમધરના ચરણોમાં ઝૂકે. વાસુદેવના સમયમાં સારીયે દુનિયામાં શારીરિક બલમાં એમના જેટલું બલ,–શ્રી તીર્થંકરદેવ આદિ શિવાય–અન્ય કોઇનામાં ન હોય. શ્રી કૃષ્ણમહારાજ ભગવાન્ શ્રી નેમીનાથ સ્વામિના નાનામાં નાના સાધુને પણ વંદન કરતા અને વિચારતા કે–હું પામર અને બહાદૂર તે. જે શ્રી કૃષ્ણમહારાજા લાખ્ખો સુભટો વચ્ચે અડગપણે નિર્ભયતાથી ઉભા રહી શકતા, એ કહેતા કે–લાખ્ખો સુભટો વચ્ચે ઝુઝવું તે બહાદૂરી

કરતાં, સંસારના વિષયોની સામે નિર્વિકાર રહેવું, તે સાચી બહાદૂરી છે: ન તજી શકાય એ તજવામાં બહાદૂરી છે. મારૂં બળ પૌદ્‌ગલિક: એમનું બળ આત્માને એકાંત લાભદાયી. અને માટે એ ત્યાગી, વંદનીય, પૂજનીય અને સેવનીય છે. શ્રી કૃષ્ણમહારાજના હૃદયની આ ભાવના. એ મહાન્ ભાવનાના યોગે તો તે પુણ્યવાનમાં સર્વવિરતિ રોમેરોમમાં વ્યાપી રહી છે. અનુત્તરવિમાનવાસી દેવોના કષાયો કેટલા ક્ષીણ? એટલા બધા મંદ કે-જ્ઞાનીએ એમને વીતરાગપ્રાય: કહ્યા. ત્યાં જાય પણ કોણ? જેમનું આયુષ્ય સાત લવનું બાકી હોય તે! જો સાત લવ વધુ આયુષ્ય હોત, તો તો કેવળ થાત. માટે તો એ દેવોને 'લવસત્તમીયા' કહ્યા. આવાને પણ ગુણઠાણું કયું? ચોથું. અહીં એમના કરતાં કેઇ ગુણા કષાયો હોય, અહિં એવી વીતરાગતા ન હોય, છતાં પાંચમું-છઠ્ઠું ગુણઠાણું પણ હોય. શાથી? વિરતિ માટે!

તીર્થને નમવાનો હેતુ!

(લાલન૦ તીર્થને નમવાનો હેતુ શો?)

તીર્થે છોડાવ્યા માટે. અનંતા શ્રી તીર્થંકરદેવોએ એનું એજ કહ્યું અને એજ તીર્થની સ્થાપના કરી: તોયે છૂટયા કેટલા? થોડા, ઘણાજ થોડા: એક નિગોદનો અનંતમો ભાગ. જ્યારે જ્યારે જિનેશ્વરદેવને આ પ્રશ્ન પૂછાય, ત્યારે ત્યારે આ એકજ ઉત્તર કે-એક નિગોદનો અનંતમો ભાગ મુક્તિએ ગયો. બીજો ઉત્તર નહિ. મોક્ષમાર્ગને કહેનારા અનંતા થઇ ગયા, તોયે હજી સંસાર જીવતો ને જાગતો રહ્યો, માટે

ગભરાવું નહિ. શાસ્ત્ર પાપનો નિષેધ કરે, એથી કાંઇ પાપના રસિયાઓ ઓછાજ પાપ કર્મો બંધ કરવાના છે? પણ શાસ્ત્ર તો પાપનો નિષેધ જ કરવાનું: પાપને પાપજ કહેવાનું. અઢારે પાપસ્થાનકો દુનિયામાંથી બંધ થાય, એ કદી બન્યું નથી–બનતું નથી અને બનશે પણ નહિ. પણ તેથી શાસ્ત્ર કાંઇ પાપનો નિષેધ ન કરે? પાપથી થતી દુર્ગતિ ન બતાવે? સહવાસીયોને શાસ્ત્ર તથા મુનિઓ તો એજ કહે કે–પાપથી દુર્દશા થવાની. શાસ્ત્ર તથા મુનિઓ શું સામા આત્માને વિષયમાં જોડવાની દયા ચિંતવે? (લાલન૦ એતો ઝેર.) ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે–ધર્મ બહુ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારવાનો છે. 'વિષયની સામગ્રી ચાલી જાય છે'–આમ કહી લોકોને તેમાં જોડવા એ દયા છે? નહિજ. લક્ષ્મણા સાધ્વીએ ચટકયુગલની મૈથુનક્રીડા જોઇને વિચાર્યું કે:–'કેવું સુખ! અવેદી જિનને વેદના દુઃખની શી ખબર?' આ વિચાર આવતાંની સાથેજ વિચારમાં પરિવર્તન થયું. 'હું ભૂલી. જિન અવેદી ખરા, પણ વેદના સ્વરૂપથી કંઈ ઓછાજ અજ્ઞાત છે? વેદનો એમને ઉદય નહિ, પણ કાંઇ વેદનું સ્વરૂપ નથી જાણતા? આ પાપનું પ્રાયશ્ચિત્ત લેવું જોઇએ.' જ્ઞાની પાસે પ્રાયશ્ચિત્ત લીધું, ત્યાં પણ એમ પૂછયું કે:–'કોઇ આવો વિચાર કરે તો શું પ્રાયશ્ચિત્ત?' પોતાનું શલ્ય કાઢયું નહિ. ઘોર તપશ્ચર્યા કરી. શલ્યના કારણે સંસાર વધાર્યો અને પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ ન થઇ. (પ્રશ્ન૦ જ્ઞાની તો શલ્ય જાણેને?) બરાબર. બધું જ્ઞાની જાણે અને કોને શું કહેવું, શું આપવું, શું થવાનું છે, કોણ

તરશે-ડૂબશે શાથી? આ બધું જાણે! માટે એમની દૃષ્ટિમાં હોય તેમ એ વર્તે: ત્યાં પ્રશ્નજ ન હોય. અસ્તુ. આટલો વિચાર શ્રીમતી લક્ષ્મણા સાધ્વીએ કર્યો તો આ દશા. આટલાય વિચારનો જૈનશાસનમાં નિષેધ છે. સાધ્વીએ પ્રાયશ્ચિત્ત માટે તપ કર્યું તોયે શુદ્ધિ ન થઈ. પોતે પ્રભુને પોતાનું સ્વરૂપ ન કહ્યું. પોતાનું હૃદય પણ પોતાને ડંખે. દોષિત બહાર કહે કે-હું શુદ્ધ છું: પણ હૃદય તો તેનું પણ ડંખેજ. પાપ કરો નહિ: કરો તો આમ છૂપાવો નહિ: નહિ તો મરતાં સુધી એ પાપ ડંખશે-સદ્ગતિને બદલે દુર્ગતિએ લઇ જશે. બહાર સારો કહેવાતો પણ મહિંનો પાપી તરી જાય, એ કાયદો અહીં નથી. દુનિયાની છેવટની હદે પહોંચે, એતો પાપને પણ પુણ્ય માને: એના તો નિસ્તારની બારીજ રહેતી નથી. તે તો પાપને વ્યાજબી કહે, વધુમાં એમ પણ કહે કે:-'પાપ કરીએ તોજ રહેવાય, પાપ વિના ચાલેજ નહિ, અને જો પાપ કરવાની શાસ્ત્ર ના કહે તો એ શાસ્ત્ર ન જોઈએ.' આવાનો નિસ્તાર કયી રીતિએ થાય? આજના જમાનાની તકરાર તો આ છે ને?

બાલસંસ્કારનો પ્રભાવ—

બાલકને જે માર્ગે લઇ જઇએ તે માર્ગે લઈ જવાય. બાલકને શાહુકાર કે ચોર બનાવવા, તે વાલીના હાથમાં છે. પુણ્યવાન હોય તો ચોરનો દીકરો પણ શાહુકાર થાય ને પાપોદયે શાહુકારનો દીકરો પણ ચોર થાય: પણ એ અપવાદ, બાકી મોટા ભાગે માબાપ લઇ જાય ત્યાં બાલક જાય. જ-

ન્મના સંસ્કાર પડે તે મરતાં સુધી ભાગ્યે ભૂંસાય. તીવ્ર કર્મના ઉદયે ફરે, કે પલટો થાય તે વાત જૂદી. એતો આઠ વર્ષના બાળકને પણ થાય: પચાસ વર્ષનાને પણ થાય: એંસી વર્ષના બુઢ્ઢાને પણ થાય: ચાલીસ કે ત્રીસ વર્ષના જુવાનને પણ થાય: એનો પ્રતિબંધ ન હોઇ શકે. ભીલ્લનાં છોકરાં જન્મથી જીવોને મારતાં શીખે છે: શ્રાવકનાં છોકરાં જન્મથી કીડીને મારવાથીએ કંપે. આ કોણે શીખવાડ્યું? શ્રાવકના દીકરાને, કોઇ પણ પ્રાણીના પ્રાણ લેવાનું, કોઈ પણ પ્રાણીને કાપવાનું કે દુઃખી કરવાનું મન થાય? શ્રાવકના દીકરાને તો ત્યાં ઉલટીજ થાય. ભૂલથી પગે ચગદાઇ જાય અને દેખાય તો ચક્કર આવે. જૈનકુલના આ જન્મના સંસ્કાર એ સંસ્કાર ભૂંસાઈ જાય ત્યારે તો માનો કે—પરિણામે શ્રાવક તરીકે ઓળખાતા પણ કસાઇ પેદા થવાના છે. ન માનતા કે—સ્વચ્છંદપણે સેવાયેલી પ્રવૃત્તિ આત્માને કઠોર બનાવ્યા વિના રહે! આજ તો પશ્ચિમમાં પણ ઘોંઘાટ છે કે, મનુષ્યને મનુષ્ય રહેવા દેવા હોય તો હાલતાં ચાલતાં પ્રાણીયો ઉપર તકલીફના પ્રયોગો ન થવા જોઇએ. એ થાય તો મનુષ્યનું હૈયું મટી હેવાનનું હૈયું થાય છે. આથીજ કહું છું કે—ભાવના, પરિણામ અને પ્રવૃત્તિના રૂપકને સમજો: ભાવના એ પરિણામની પૂર્વાવસ્થા છે. ભાવના ઉત્તમ કોટિની થાય ત્યારે પરિણામના અંકુરો ફૂટે અને એના યોગે પ્રવૃત્તિ થાય.

અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર.

કોઇ વ્રત લીધું કે—આ ચીજ ન ખાવી. હવે એ ખાવાની ઇચ્છા થાય એ અતિક્રમ. માત્ર ઇચ્છા, એ અતિક્રમ.

જ્યાં સુધી ખાવા ઉઠે નહિ ત્યાં સુધી અતિક્રમ અને ખાવાને માટે ઉઠે એટલે વ્યતિક્રમ. ખાવાની ચીજ હાથમાં લે નહિ, ત્યાં સુધી વ્યતિક્રમ અને હાથમાં લે એટલે અતિચાર. જ્યાં સુધી મુખમાં જાય નહિ, ખાય નહિ ત્યાં સુધી અતિચારઃ જાય અને ખાય એટલે અનાચાર. અનાચાર થયો એટલે વ્રતભંગ. અતિક્રમ, વ્યતિક્રમ તથા અતિચારમાં વ્રતભંગ નહિ : જો કે એમાં મન આવ્યું તોએ શાસ્ત્ર કહે છે કે–વ્રતભંગ નહિ : વ્રતભંગ તો અનાચારે થાય. આવીજ રીતે ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ. સામાન્ય ઇચ્છા, તે ભાવના : ઉત્કટ ઇચ્છા, તે પરિણામ : પરિણામ થાય તો પ્રાયઃ પ્રવૃત્તિ થયા વિના રહે નહિ. સમ્યગ્દૃષ્ટિને સર્વવિરતિની ભાવનાજ કહી. ભાવનાના યોગે સીધા પ્રવૃત્તિના રૂપકને પકડી ન લો. ભાવનાવાળો, પ્રવૃત્તિવાળા જેટલી આજ્ઞા કયાં પાળે છે ? શાસ્ત્ર કહે છે કે–પ્રવૃત્તિવાળાને જે આજ્ઞા કહી તે ભાવનાવાળાને કરાય, તો તે તેનો અમલ ન કરી શકે. પરિણામમાં પણ, પ્રવૃત્તિ વિના એજ દશા : પ્રવૃત્તિ પછી તો લગામ છે–અંકુશ છે. મુનિવરો માટે મુનિપણાનો વેષ, એ અંકુશની ગરજ સારે છે. નિર્લજ્જ, નફ્ફટ અને જાતહીન નિવડે તેની વાત જવા દો, પણ જાતવાનને તો અંકુશજ છે. હાથીના પગલામાં બધાં પગલાં સમાય. જીંદગીના સામાયિકની વાતમાં બે ઘડીનું સામાયિક તો આવીજ જાય. બે ઘડીનું સામાયિક પણ સાચું કયારે ? જીંદગીના સામાયિકની ભાવના હોય તો ! સામાયિક કરનાર એજ ઇચ્છે કે—કયારે તે સુદિન આવે કે, યાવજ્જીવિત આ સમાયિક કરૂં. પુણીયા શ્રાવકનાં સામાયિક કિંમતી શાથી ? આત્મા તન્મય બનતો માટે ! સામા-

યિક લેતી વખતે કયી ભાવના અને પાળતી વખતે કયી ભાવના? સંવત્સરી પ્રતિક્રમણ પૂરૂં થાય કે તરત પાળવાની કેવી લ્હેર! વહેલો તે પહેલો. હા–આ–શ. પત્યું : આ ક્યાંથી નીકળે છે? કોનો પ્રતાપ? જે ભાવના જીવનમાં ઓતપ્રોત થવી જોઇએ, તે થઇ નથી માટેને? વિધિને વિચારો. સામાયિક લેતી વખતે તો આદેશ માગતાં 'સામાયિક મુહુપત્તિ પડીલેહું'–એમ કહેવાય છે. અને પારતી વખતે માત્ર 'મુહુપત્તિ પડીલેહું' એમ કહેવાય છે : તેનું કારણ વિચારો તો ઘણું સમજાઇ જાય. પારવાના શબ્દોથી આત્માને આનંદ ન થાય. હૃદયમાં તો એમજ થવું જોઇએ કે–આ સામાયિકમાંજ પરમ આનંદ છે. જીંદગી સુધી સામાયિકમાં રહેવાય તો કેવું સારૂં? પણ શું કરૂં કે–દુનિયાના આરંભસમારંભમાં ફસાયેલો છું માટે રહેવાતું નથી. હવે જ્યારે તે આદેશ માગે કે:–'इच्छाकारेण संदिसह भगवन्! सामायिक पारुं?'–ઉત્તરમાં ગુરૂ 'પાર.' એમ કહે? નહિ, ત્યારે 'નહિજ' એમ કહે? એમેય નહિ. ગુરૂ તો એમજ કહે કે:–'पुणवि कायव्वं' અર્થાત્ ફરી પણ કરવા યોગ્ય છે : પણ 'કર' એમ ન કહે : કારણ ગુરૂ જાણે છે કે–એ ઉઠવાનો છે. આજ્ઞા કરે તોય ભાગે. આજ્ઞા પળાવનારે આજ્ઞા પાળનારને એ સ્થિતિમાં ન મૂકવા. જેમ બીડી પીતાં છોકરાને જોઇ મોભો સાચવવા ઇચ્છનાર બાપ આંખ મીંચી લે : જો જોવાઇ જાય તો છોકરો પછી નફ્ફટ થઇ જાય : મોભો તુટી જાય. શ્રી જિનેશ્વરદેવના મુનિયો, ઉપદેશ કરે પણ આદેશ નહિ! 'કરવા જેવું છે'–આ પ્રમાણેની આજ્ઞાનું પાલન થાય. કદાચ તાકાત હોય તો શ્રાવક ફરીને પણ સામાયિક કરે :

તાકાત ન હોય તો 'યથાશક્તિ' કહી, 'ફરીને કરવા જેવું છે'–એ વચનનો સ્વીકાર કરે કે–યથાશક્તિ કરીશ. 'ફરીને કર'–એ આદેશ કરે તો ફરીને કરનારા બધા આજ્ઞાપાલક લાવવા ક્યાંથી ? માટે વસ્તુ પર પ્રેમ જીવતો–જાગતો રહે એ માટે ઉપદેશ કરે, પણ આદેશ ન કરે. પછી બીજા આદેશમાં 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક પાર્યું'–આથી ગુરૂ મહારાજ પણ સમજે કે–હવે આ પાળવાનોજ : એટલે ગુરૂ કહે કે:– '**आयारो न मुत्तव्वो**!'–આચાર મૂકવા યોગ્ય નથી : આ કથનનો શ્રાવક '**तहत्ति**' કહીને સ્વીકાર કરે. પછી 'સામાઇય વયજુત્તો' બોલે. આ પારવાના સૂત્રમાં પણ કેવી ઉમદા વસ્તુ ભરી છે ? પારતાં પણ એજ વાતને એ વિચારે છે કે:–સામાયિક વ્રતમાં યુક્ત એવો આત્મા, જ્યાં સુધી મન નિયમસહિત હોય ત્યાં સુધી જેટલી વાર સામાયિક કરે, તેટલી વાર અશુભ કર્મનો નાશ કરે, અને સામાયિક કરતી વખતે શ્રાવક સાધુના જેવો થાય છે : આ કારણથી ઘણીવાર સામાયિક કરવું જોઇએ. પછી મન, વચન અને કાયાના, તથા અવિધિના દોષની ક્ષમા માગી ઉઠે : પારતાં પારતાં પણ સામાયિકની આ વિચારણા : સામાયિક લેતાં જે ભાવ, તેજ પારતાં થાય કે–સામાયિક વારંવાર કરવું જોઇએ. આવું અનુપમ તીર્થ તે અનાદિ અનંત છે. ટીકાકાર મહર્ષિ એ તીર્થની જયનશીલતાને કયી કયી રીતિએ વર્ણવે છે, તે વધુ હવે પછી,—

વ્યાખ્યાન—

[૪]

તીર્થ જયવંતુ શાથી ?

ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસુરિજી મહારાજા તીર્થની પ્રશંસા કરતાં ફરમાવે છે કે–તીર્થ જયવંતુ છે: શાથી ? શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું એવું છે અને એથીજ તે અનુપમ છે. દુનિયામાં આ તીર્થની કોઇ જોડી નથી, કારણ કે–તે **"अनादिनिधनगतं"**–અનાદિ અને અનંત છે. કોઇ પણ કાળે આ વિશ્વમાં તે તીર્થનો અભાવ નથી હોતો: કારણ કે–ભરતક્ષેત્રમાં અમૂક કાળે તે તીર્થનો અભાવ હોય છે, પણ શ્રી મહાવિદેહક્ષેત્રમાં તો તે તીર્થનો કદીજ અભાવ નથી હોતો. વળી—

'वहुविधभाङ्गि–सिद्धसिद्धान्त–विधूनितमलमलीमसं'

*

'અનેક પ્રકારની અપેક્ષાઓથી સિદ્ધ એવા સિદ્ધાંતો દ્વારા પાપરૂપ મલને નાશ કરનારૂં'–આ તીર્થ છે. અર્થાત્–આ તીર્થમાં એવા સિદ્ધ સિદ્ધાંતો વર્તે છે, કે જે સિદ્ધાંતોમાં આત્મા ઉપર લાગેલા એવા કર્મરૂપ મલોને દૂર કરવાનું સામર્થ્ય છે અને તેથીજ તે તીર્થ—

"विहितैकैकतीर्थनयवादसमूहवशात्प्रतिष्ठितम्"

*

'વિહિત કરાયેલા એક એક તીર્થના નયવાદના સમૂહના વશથી પ્રતિષ્ઠિત થએલ છે.' આથીજ વિશ્વના એક પણ સુંદર વિચારને આ તીર્થમાં સ્થાન નથી એમ નથી: અર્થાત્–

વિશ્વમાં ફેલાયેલા સઘળા સુંદર વિચારોની ઉત્પત્તિ ભૂમિ, એ આ તીર્થ છે. અને એજ કારણે—

"समस्त–वस्तु–पर्याय–विचारापास्ततीर्थिकं"

*

'સમસ્ત વસ્તુઓના સમસ્ત પર્યાયોના વિચારથી સર્વ તીર્થિકોને અપાસ્ત કરનારૂં આ તીર્થ છે.' આ તીર્થની સમક્ષ વિશ્વનો એક પણ અસુંદર વિચાર પોતાનું અસ્તિત્વ ટકાવી શકે તેમ નથી. આવી આવી અનેક વિશેષતાઓથી વિશિષ્ટ બનેલું તીર્થ સદા સ્થાયિ હોય, એમાં આશ્ચર્ય શું છે? આવા તીર્થની અનુપમતામાં શંકા પણ કયા વિવેકી અને વિચક્ષણને હોય? શ્રી જિનેશ્વરદેવોથી નમસ્કાર કરાયેલા તીર્થમાં આવી વિશિષ્ટતાઓ ન હોય, તો અન્યત્ર હોય પણ ક્યાં? આવા તીર્થની જયનશીલતામાંજ કલ્યાણાર્થિ આત્માઓનો વિજય છે. માટેજ ટીકાકારમહર્ષિ ફરમાવે છે કે-આ તીર્થ સદાને માટે જયવંતુ છે. પરમ ઉપકારી શ્રી જિનવિજય મહારાજા પણ ભગવાન્ શ્રી મહાવીરદેવના સ્તવનમાં કહે છે કે:—

"જૈનાગમ વકતા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી;
કલિકાલે પણ પ્રભુ તુજ શાસન, વર્તે છે અવિરોધજી."

*

આપણે કેટલા ભાગ્યશાળી કે-આવા તીર્થને પામી શક્યા! આવા તીર્થને પામી તેની આરાધનામાં કચાશ કરીએ, આપણી સંસારરસિકતા એમને એમ જાળવ્યેજ રાખીએ, તો આપણા જેવા કમનસીબ કોણ? ભાગ્યયોગે આવા તીર્થની પ્રાપ્તિ થઇ, અને પછી પણ જો આરાધનામાં–એની સેવામાં–

આજ્ઞાપાલનમાં-એક એક સિદ્ધાંતોના સમર્થનમાં, આપણી શકિત તથા બુદ્ધિનો વ્યય ન કરીએ, તો આપણા જેવા કમનસીબ દુનિયામાં બીજા કોઇ પણ નહિ. આવા સિદ્ધાંતોના પાલન માટે મહાપુરૂષોએ શું શું કર્યું છે, તે જાણો છો? આવા સિદ્ધાંતો બતાવવા માટે શ્રી તીર્થંકરદેવોએ પણ તકલીફ વેઠવામાં જરા પણ કમીના રાખી નથી. સંયમ લીધું ત્યારથી, કેવળજ્ઞાન થયું નહિ ત્યાં સુધી છદ્મસ્થકાલમાં એક દિવસ પણ જમીનપર બેઠા નહિ! આ બધું શા માટે? તીર્થની સ્થાપના માટે! તીર્થના સ્થાપક તીર્થપતિયો. તેઓ શા માટે તીર્થ સ્થાપે? જગતનાં પ્રાણીયો આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ આ સંસારમાંથી છૂટાં થાય તે માટે! સંસાર વધારવા કે સંસાર ખીલવવા કે સંસારની મોજમજાહ વધારવા માટે તીર્થસ્થાપના નથી. જ્યાં સંસાર છે-ત્યાં શાંતિ, સુખ કે આનંદ નથી. અજ્ઞાન આત્માને સુખ, આનંદ ને શાંતિ દેખાતી હોય, તો તે પણ ઝાંઝવાનાં નીર જેવી છે. એ સુખ, શાંતિ ને આનંદ, પરિણામે અનેકગુણી અશાંતિ, તકલીફ અને દુ:ખને લઇ આવનાર છે. શાસ્ત્ર સંસારમાં સુખ નથી એમ કહે છે, તેનો આશય આ છે: નથી જ એમ નહિ, છે, પણ એ પરિણામે દુ:ખને લાવનારૂં છે માટે નથી જ,-એમ કહેવું સારૂંને! એક દિવસ નામના અને બીજાજ દિવસથી જીંદગી સુધી ભીખ માગવી પડતી હોય, તો તેવી નામનાને કોણ પસંદ કરે? આજે શેઠની વાહવા થતી હોય અને કાલે રાખ ઉડી જતી હોય, તો એ વાહવાને કોઇ માને? લક્ષ્મીનો એવો વ્યય કોઇ કરે ખરો, કે જેથી બીજા દિવસથીજ ભીખ

માગવી પડે ? ચાર દિવસ-આઠ દિવસ-પંદર દિવસ, એક મહિનો-છ મહિના-વરસ-બે વરસ-પાંચ, પચાસ, સો, હજાર વરસ-લાખ, ક્રોડ કે અબજ વર્ષ,-અરે પૂર્વો સુધી અને દેવતાના જીવનમાં પલ્યોપમો અને સાગરોપમો સુધી ભલે એ બધું હોય, પણ પછી શું ? પરિણામ શું ? જ્ઞાનીયો કહે છે કે-દેવતાઓનું સુખ અનુપમ છે. પૌદ્‌ગલિક ઉમદા સુખ-સામગ્રીની કમી નથી. પણ જ્યારે ચ્યવનનો સમય આવે, ત્યારે છ માસ પહેલાં પુષ્પમાલા કરમાય અને એ જાણે કે-હવે આયુષ્ય પૂરૂં થવા આવ્યું ! ત્યારે એ છ મહિના એટલી વેદના ભોગવે કે-પેલા સાગરોપમોનાં સુખ પણ ભૂલાઈ જાય અને છ મહિના શી રીતે પસાર કરે તે તો તે જાણે. જ્ઞાની કહે છે કે-સારી ચીજ પણ જો જવાવાળી હોય, તો બહેતર છે કે-ન મળે : જીંદગીના ભીખારીને ભીખ માગવામાં-ભીખારી પણું ભોગવવામાં વાંધો નહિ : શ્રીમંત બન્યા પછી, હજારોના હાથમાં આપ્યા પછી, હાથ ધરવાની દીનતા સહેવી, એ બહુ ભયંકર છે. માટે જ્ઞાની કહે છે કે-સંસારમાં સુખ છે તો નહિ, પણ માનો કે હોય તો પણ તે કારમું છે : માટે એમાં લીન ન થાઓ : આ લોકમાં ન મૂંઝાતા. પરલોકની સારી રીતે ચિંતા કરો. શેઠ, શાહૂકાર અને લોકોના પૂજ્ય પણ ગણાતા, જો આ લોકમાં તણાઈ ગયા, તો ભયંકર પરિણામની આગાહી તૈયાર છે. આ રજોહરણ-ઓઘો અમે પરલોક માટે લીધો છે. તમને બતાવવાનો તે પણ એટલા માટેજ. તિલક કરનારા પણ ધર્મક્રિયા કરે તે પરલોક માટેજ ! અને પરલોકમાં દુ:ખી ન થાઓ એટલા માટેજ આ બધી મહેનત છે. તમારી પરલોકની

જેટલી ચિંતા અમને છે, તેટલી આ લોકની ચિંતા નથી : તમારી આ લોકની ચિંતા કરવાનો અમને શ્રી જિનેશ્વરદેવોએ નિષેધ કર્યો છે. જે આત્માને પરલોકનો ખ્યાલ આવે છે, જે સમજે છે કે–બધી સામગ્રી મૂકી જવું છે, જે જાણે છે–માને છે કે, પરલોક જેવી ચીજ છે, એ આત્માને તો આ લોકનાં સુખ સુખ તરીકે ભાસતાં જ નથી. એને તો એ સુખમાં મુંઝવણ થાય છે. માટે અહીં કહી રહ્યા છે કે–આ તીર્થ પ્રભાવસંપન્ન છે, ઘણું મજેનું છે, જેવો મહિમા ગાયો તેવું છે, જેના મહિમાનો પાર નથી, એ જે તીર્થની આગળ એક પણ અયોગ્ય વિચાર ટકી શકતો નથી, અને કોઈ સુંદર વિચાર એમાં સમાતો નથી એવું નથી, અયોગ્ય વિચારને અહીં સ્થાન નથી, આ તીર્થની દુનિયામાં જોડી નથી, એને સ્થાપનારા પણ એને નમે છે. કહો, કેવું અને કેટલું મહિમાવતું એ તીર્થ ? એ આપણને મળ્યું.

તીર્થ હૈયે વસ્યું છે ?

યોગ તો થયો, હવે ક્ષેમની વાત ! વ્યવહારથી મળ્યું કહીએ, બાકી જો આ તીર્થ રોમેરોમ પરિણમી જાય તો કામ થઈ જાય. જેટલા જેટલા અંશે આપણામાં શિથિલતા કે પામરતા દેખાય, તેટલા તેટલા અંશે આના પરિણામનો અભાવ. આ તીર્થ પામીને પણ, આ લોકમાં પડી જઈ જો પરલોકને ભૂલી જવાય, તો એના જેવી કમનસીબી બીજી એકેય નથી. જેટલી આજે આ લોકની ચિંતા થાય છે, તેટલી જો પરલોકની ચિંતા થાય, તો માગો છો તે બધું મળી જાય. આ લોકના પૌદ્ગલિક સંયોગો ગળા સુધી વળગેલા

છે—આત્મા એમાં એટલો બધો લીન બની ગયો છે કે, એને પરલોક યાદ નથી આવતો : પરલોકનો ખ્યાલ પણ રહેતો નથી : પરલોકમાં શું થશે તેનું ભાન પણ નથી રહેતું : એનાજ યોગે આ બધી ભયંકર વિટંબણાઓ થઇ રહી છે. તીર્થનાં જે વખતે વખાણ કરીએ, ત્યારે છાતી ઉપર હાથ મૂકી પૂછવું જોઇએ અને કહેવું જોઇએ કે:–'ભાઈ! તીર્થ પામ્યો છું ? જો તું તીર્થને પામ્યો હોય, તો તને દુનિયાનો આટલો રંગ હોયજ નહિ.' કુમારપાળ મહારાજે સીત્તેર વર્ષની વયે શ્રી સિદ્ધગિરિજીનો સંઘ કાઢયા : પરમશ્રાવક એ, એ વયે બન્યા. પ્રાય: પચીસ વર્ષની વયે એકવાર સિદ્ધરાજની સભામાં, શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજનો એકવાર યોગ થયો હતો એ વખતે કુમારપાળ ઉપર એટલી છાપ પડી હતી કે—આ કોઈ મહાત્મા છે. એ વખતે સૂરીશ્વરજીએ કુમારપાળને એક ગુણ સમર્પણ કર્યો હતો અને તે પરનારી–સહોદરપણાનો ! ચોપન વર્ષે રાજગાદી મળી, પછી ધીમે ધીમે વસ્તુ પામ્યા, એમનું સમકિત ચળાવવા ઘણીયે ધાંધલ મચાવવામાં આવી : પાટણની પ્રજાની તે વખતે એ સ્થિતિ હતી કે—એક દિવસ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી તરફ, તો એક દિવસ સામા પક્ષ તરફ! હીંડોળાની જેમ લોકો ડોલતા. કોઇ કાળે બધા લોક સમાન હોય એવું નથી : ફક્ત સિદ્ધના આત્મામાં એમ છે–પણ તેવા થવા માટે તો આ બધું મૂકી દેવું પડશે. વાંધા માત્ર ત્યાં છે. પાટણના લોક તે વખતે એક દિવસ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીની જય બોલાવતા, તો એક દિવસ સામા પક્ષની જય બોલાવતા. શ્રી કુમારપાળ જેવા પણ મુંઝાઇ જતા કે–'इदं किं આ શું ?'

પણ એક વાસના એમના હૃદયમાં એટલી મજબૂત ઠસેલી હતી કે:–"જે શ્રી જિનેશ્વરદેવે કહ્યું તે સાચું: બીજું નહિજ." આ વાતના સુયોગે કદી એ મુંઝાતા, તો પણ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી એમને સ્થિર બનાવતા. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી તો માનતા હતા કે–આ સર્વે નાટક છે, રમત છે: ભોળાને ભમાવવાની નીતિ છે. શું કરીએ? સામો પક્ષ કરે તો કર્યા વિના છૂટકો નથી. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી આ બધું સમજાવતા. મહારાજા કુમારપાળ આ રીતે દિવસે દિવસે મક્કમ બનતા ગયા. ગાદી મળ્યા પછી કેટલોક વખત તો શ્રી હેમચંદ્રસૂરિજીને મળ્યા વિનાનોજ ગયો અને મળ્યા પછી પણ આ રીતે કેટલોક સમય ગયો. સીત્તેર વર્ષની વયે શ્રી કુમારપાળ પરમ શ્રાવક બન્યા. શાસ્ત્ર કહે છે કે–પરમ શ્રાવક શી રીતે બન્યા? લોકહેરીને તજી તો! જો આત્મા લોકહેરીમાં પડી જાય, તો શાસનની પ્રાપ્તિ અને એનું પાલન અશક્ય થાય છે. આવા સુંદર મહિમાવંત તીર્થ માટે આપણે આપણી જાતને પણ તેવી બનાવવી પડે. સારા સ્થાનમાં જવું હોય તો વ્યવહાર કહે છે કે–ઠીકઠીક થવું પડે. શ્રીમંતને ત્યાં, ઑફીસરને ત્યાં, રાજસભામાં જવું હોય તો છાજતી રીતે જવું જોઈએ. કેમ સલામ ભરવી, કેમ ઉભા રહેવું, કેમ બેસવું, આ બધું જાણવું પડે, વાતચીત કરવામાં સામાનો પ્રકૃતિસ્વભાવ જાણવાની કાળજી રાખવી પડે, રખે છેડાઇ ન જાય–રખે માન આપતાં અપમાન ન લાગે! ત્યાં આ બધા વિચાર કરો છો: આપી દેવાનો કાંઇ નથી તોયે આ બધા વિચાર કરો છો અને તીર્થમાં આવવા માટે કાંઇ વિચાર નહિ? તમારા

પૂર્વજોને વાંચો, સાંભળો, બરાબર યોગ્ય રીતિએ વિચારો તો માલૂમ પડશે કે–જૈનશાસનમાં આવવા ઇચ્છનારા, જૈનશાસનને પામેલા તથા જૈનશાસનને સેવવાની ઇચ્છાવાળાની વૃત્તિ અને પ્રવૃત્તિ કેવાં હોય? કુમારપાળ મહારાજ કંઇ જન્મના જૈન નહોતા. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના સહવાસથી શ્રી કુમારપાળનો આત્મા રંગાઇ ગયો. પણ પૂર્વે તો એ માંસાહારી હતા, ક્ષત્રિય હતા, એમનામાં જૈન સંસ્કાર હતાજ નહિ. એવા પણ ધર્મિ થયા પછી એક દિવસ ઘેબર ખાવા બેઠા. ખાતાં ખાતાં કાંઇક પૂર્વની સ્મૃતિ થવાથી ઝટ છોડી દીધું. ઘેબર ભક્ષ્ય છે, ખાવા યોગ્ય છે, અભક્ષ્ય નથી, છતાં ખાતાં ખાતાં કાંઇક પૂર્વસ્મૃતિ થવાથી ઝટ આઘું મૂક્યું.

શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી પાસે જઈને પૂછયું કે–'મહારાજ! ઘેબર ભક્ષ્ય કે અભક્ષ્ય?'

સૂરીશ્વરજી કહે છે કે–'કુમારપાળ! તારે માટે અભક્ષ્ય.'

કુમારપાળ૦ 'ખવાઇ ગયું, પ્રાયશ્ચિત્ત આપો.'

ભક્ષ્ય ચીજ, ખાવા યોગ્ય ચીજ, છતાં સૂરીશ્વરજીએ એમને માટે અભક્ષ્ય કહી અને એવી ઉમદા ચીજને શ્રી કુમારપાળ મૂકી દેવા પણ તૈયાર થયા. શ્રી જિનેશ્વરદેવના કહેલા સિદ્ધાંતના પાલનમાં વાંધો આવે એવી તો કોઈ ચીજ ન જોઇએ : સર્વસ્વ જાઓ, પણ આજ્ઞાપાલન ન જાઓ. કહેવાય છે કે–શ્રી કુમારપાળ મહારાજાએ ગણધરગોત્ર બાંધ્યું. શ્રેણિક મહારાજા પહેલા તીર્થપતિ અને કુમારપાળ મહારાજા તેમના ગણધર થવાના. આ ગણધર ગોત્ર કયી રીતે બાંધ્યું, એ નહિ વિચારો? દેવ, ગુરૂ અને આગમ પર કેટલી બધી

આસ્થા ? કંટકેશ્વરી દેવીએ રાત્રે આવીને શ્રી કુમારપાળને કહ્યું-નહિ છોડું, મારી નાખું, પરંપરાથી ચાલ્યો આવતો ભોગ કેમ ન આપે ? આખું રાજ્ય, પ્રજા, મંત્રીમંડળ, બધા નારાજ હતા. શ્રી કુમારપાળે એ સ્થિતિમાં પણ એ દેવીને સમજાવી કે-'શ્રી જિનેશ્વર જેવા દેવ અને શ્રી હેમચંદ્ર સરખા ગુરૂ તથા તેમના કૃપાધર્મને પામેલો હું, તારી આ માગણીને તાબે નહિ થાઉં. જો તું કુળદેવીનો હક્ક કરતી હોય, તો હું કહું છું કે-મારા ધર્મમાં તુ સહાયક થા: એમ ન બનતું હોય ને એથી ઉલટી ભાવના થતી હોય, તો તારે જે કાંઈ કરવું હોય તે સર્વ કરવાની છૂટ છે, પણ હું શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા આઘી મૂકીને એક કદમ પણ નહિ ભરૂં.' આપણે કહીએ કે-તીર્થ પામ્યા, તીર્થ પર અમને રાગ: બરાબર, પણ એ રાગ કયા ખૂણામાં, કયી જગાએ છે, તે નહિ બતાવો ? નહિ વિચારો ? બે-પાંચ લાખ રૂપીયાની ખોટ જાય, જાતને દુઃખ થાય, ત્યાં તમે બધું કરો: પણ પ્રભુમાર્ગની વાત આવે, પ્રભુ-માર્ગ વિરૂદ્ધ થઇ રહ્યું હોય, ત્યાં ફરજ બજાવવાની વાત આવે ત્યારે હશે-હશે થાય, તો સમજવું કે-તીર્થ હજી અહીં (હૈયે) નથી આવ્યું: માત્ર મ્હોંઢે કહેવાય છે-હૈયે નથી. ઘરનો એક કરો પડી જાય, એક માણસ ચાલ્યું જાય, બાર મહિનામાં બે પાંચ હજારની ખોટ આવે, તેવે વખતે ઘણાને રોતા જોયા છે. વારંવાર આંખમાંથી આંસુ નિકળે અને કહે કે-મહેનત કર્યા છતાં ચાલ્યું ગયું. પણ ધર્મ ખાતર રોતો હોય તેવો આદમી જો ન મળે, તો શું કહેવાય ? પણ શાસનને માટે આંસુ સારનારા જગત્‌માં જીવે છે. નથી જીવતા, એમ ન

માનતા. જ્યાં સુધી શાસન જીવે છે, ત્યાં સુધી પ્રભુના શાસન માટે પણ આંસુ સારનારા અખંડપણે જીવતા રહેવાના છે. ભગવાન્ શ્રી મહાવીરદેવે કહ્યું છે કે–પાંચમા આરાના અંત સુધી શાસન જવાનું નથી, પણ મુદ્દો એ છે કે–એમ માનીને તમારે અને અમારે બેસી રહેવાનું નથી. પ્રભુમાર્ગની રક્ષા ખાતર જે કાંઇ કરવું ઘટે, તે અમારે અને તમારે પણ કરી છૂટવું જોઇએ.

પ્રભાવક કોણ?

મહારાજા શ્રી કુમારપાળે દેવીને સ્પષ્ટરૂપે ધ્વનિત કર્યું કે–કરવું હોય તે કર, પણ મારા હૃદયની માન્યતા ફેરવવાની તાકાત તારામાં નથી. વસ્તુ પામેલા એ આત્માઓને આ લોક કરતાં પરલોકની દરકાર કેટલી બધી હતી? તમે બધા પરલોક, પુણ્ય, પાપ, પુણ્ય-પાપના ફળ તરીકે સ્વર્ગ, નર્ક માનો છો, માટે તમારી સાથે પરલોકના ઉદ્દેશથી વાત કરૂં છું. ત્રણ ખંડના સ્વામી શ્રીકૃષ્ણ મહારાજ જેવાને શ્રી નેમિનાથસ્વામિએ કહી દીધું કે–તેં કાર્યવાહી એવી ભૂંડી કરી છે કે, તારા માટે એ કાર્યવાહીના યોગે એક વાર તો નરકે ગયા શિવાય છૂટકો નથી. શ્રેણિક મહારાજે એક એવું પાપ કર્યું કે તે વખતે ક્લિષ્ટ અધ્યવસાયમાં જ નરકનું આયુષ્ય બાંધ્યું, ત્યારબાદ પછી ક્ષાયિક સમ્યક્ત્વ મેળવ્યું, ભગવાન્ શ્રી મહાવીરદેવના ભક્ત બન્યા, અરિહંતપદની એવી અનુપમ આરાધના કરી, કે જેના યોગે તીર્થંકર–નામકર્મ નિકાચ્યું: તો પણ નર્કે ગયા વિના તો નજ ચાલ્યું. એક વખતે શીકારે ગયા હતા. ગર્ભવતી હરણીને

પાતે બાણ માર્યું. ગર્ભિણી હરણીનું પેટ ચીરાયું, ગર્ભ બહાર નીકળ્યો અને બન્ને તરફડી તરફડી મૂઆં. આ વખતે શ્રેણિક મહારાજા કહે છે કે-મારૂં બાણ કેવું અમોઘ છે! હું કેટલો પરાક્રમી અને કલાકુશળ! એક બાણે બે જીવોનો નાશ કરી શકયો: કેવો બહાદૂર! શાસ્ત્ર કહે છે, એ ભાવનાના યોગે નિકાચિત નર્કાયુ બાંધ્યું અને પછી તીર્થંકર નામકર્મ નીકાચ્યા છતાંયે નરકે જવું પડયું. ભગવાન્ શ્રી મહાવીરદેવે કહ્યું કે-તારે નર્કે ગયા વિના છૂટકો નથી. પાપ અને પાછી પાપની પ્રશંસા? એનું પરિણામ શું? જ્ઞાની કહે છે કે-પરલોક માનતા હો તો પાપ ન કરો, થઇ જાય તો પણ તેના પ્રશંસક તો નજ બનો. પાપ કર્યે જવાં, પાપનાં વખાણ કર્યે જવાં અને પરલોકને માનનારો આસ્તિક છું, એમ કહેવું એ બને? કોઇ માણસ પોતાને બાદશાહ કહેવરાવે તો કોઇ ના નથી પાડતું,-પણ દુનિયા તો ત્યારેજ માને, કે જ્યારે તેનામાં બાદશાહી જાૂએ. પાપ કરનારા પાપ કરે, ઉપરથી પાછાં વખાણ કરે, અને પરલોકને માનવાનું કહે, એ મેળ કેમ મળે? પરલોકને માનનારા રાજીથી પાપ કરે? પ્રાણાતિપાત, મૃષાવાદ, ચોરી, સ્ત્રીસંગ અને પરિગ્રહ વિગેરે રાજીથી કરે, કરાવે અને અનુમોદે? આ સારૂં કર્યું, એમ બહાર જઇ બોલે? અરે હૈયામાં પણ એમ થાય? આ માટે પહેલાં બહુ કહેવાયું છે. કુટુમ્બમાં ઉત્તમ વિચારની હારમાળા ચાલવી જોઇએ. જો તમારાથી ન થાય તો બહારનો એક આદમી સ્મરણ કરાવવા રાખો. કુટુંબમાં એવો આદમી રાખો, કે જે મરતાં સમાધિ સમર્પે!

એમ નહિ કરો તો તો લક્ષ્મીવાન્ મરશે ત્યારે તેનાં કુટું-બીયો તો વીલમાં પડી જશે, અને ગરીબ મરશે તો ગરી-બનાં કુટુંબીયો રોશે. મરનારની તો બૂરી હાલત જ થવાની. શ્રીમંત મરે ત્યારે બધા ભેગા થઇ શું કરે? વીલ કરાવે, સીલ કરે, ક્યાં મૂક્યું એ પૂછે–ગાછે, માગી લે, સંતાડાય તે સંતાડે, ચૂલા તળે દાટે. ગરીબ મરે ત્યારે 'હવે શું થશે'–એમ કહી પાછળનાં રોવા માંડે. મરનારની હાલત તો બૂરીજ. તમારી અને મારી દૃષ્ટિમાં ભેદ બહુ છે. દૃષ્ટિ જૂદી હોય ત્યાં સુધી ધારેલું પરિણામ કદી આવે નહિ. ગમે તે ભોગે દૃષ્ટિ એક થવીજ જોઇએ. થવા માંડી છે અને થઇ પણ છે, પણ બરાબર અખંડપણે થવી જોઇએ અને તેમ થાય એ ઇચ્છું છું. શ્રી જિનેશ્વરદેવના શાસનને પામનારા બધાને પરલોક, પુણ્ય, પાપ, સદ્ગતિ, દુર્ગતિ માન્ય હોય, ત્યાં દૃષ્ટિમાં ભેદ કેમ હોય? મદમાં, નશામાં, મોટાઇમાં, હું અને મારાપણામાં ઘણું ગુમાવ્યું. પોતાની પ્રભાવના ઇચ્છનારો જૈનશાસનનો સેવક નથી. 'હું' અને 'અમે'–એ ન ભૂલાય ત્યાં સુધી પ્રભુના શાસનની સાચી અને વાસ્તવિક પ્રભાવના થઇ શકતી નથી. શાસ્ત્રમાં આઠ જાતિના પ્રભાવક કહ્યા છે તે,– 'શાસનપ્રભાવક' –પણ 'જાત પ્રભાવક' નહિ. પોતાની શક્તિનો ઉપયોગ તે શાસન માટે કરતા, માત્ર જાત માટે નહિ તમે શાસન માટે કરવા માગો છો કે જાત માટે? શાસન માટે કરો છો કે જાત માટે? જાત તો એક દિવસે સળગી જવાની છે. લગાવવું હોય તો અત્તર લગાવો, મઢવી હોય તો સોને મઢો, રસનામાં પડીને અભક્ષ્ય ખાઈ ખાઇ ભલે ફૂલાઇ જાઓ, પણ એ જાતની એક દિવસે રાખજ થવાની છે, એ ન ભૂલો.

(**સભામાંથી૦** બાળી આવીએ છીયે ને?)

અરે, ભાઇ! એ તો બીજાની કે તમારી? છો તો જ્ઞાની: છો તો સમજદાર: બાળનારા પણ ખોપરી આખી ન રહે તેમ વાંસડેથી ફોડી બાળવાના. છાતીપર બંધ બાંધે કે-રખે ઉઠી ઘેર ન આવે. આગળ હાંલ્લીવાળાને કહે કે-તારે પાછું ન ભાળવું. બધું ઢગસરજ કામ. છાતીના બંધ છોડતી વખતે પણ છાતી પર વજન મૂકવાનું. આ જાતની તો દશા થવાની છે. છતાં એના માટે પ્રપંચ કર્યે જાઓ અને ધર્મની દરકાર ન કરો, તો પરલોક હૃદયના કયા ખૂણે વસે છે તે તો કહો? કહું છું તે કડવું લાગતું હશે. ભલે કડવું લાગે, તમે પરલોક માનો, પરલોકની વાતોમાં હાજી હા ભણો, અને જરાય અમલમાં ન જણાય, એ કેમ ચાલે? તમને એનો ભય નથી લાગતો? આવા નિર્ભય? જ્ઞાનીએ નિર્ભય બનવાનું કહ્યું છે. તે આવી જાતના નહિ! નિર્ભય એવા બનો, કે જેમાંથી નિર્ભયતાના આત્મગુણો પ્રગટે. આજની કહેવાતી નિર્ભયતાએ નઘરોળ બનાવ્યા છે: પાપના ભીરૂ મટાડી દીધા છે. પાપથી ભયવાન્ બનવાનું કે નિર્ભય? ધર્મનો અધિકારી કોણ? પાપમાં રાચનાર કે પાપથી ભીરૂ? આ પાટ પરથી પાપની પુષ્ટિ થાય તેવી એક પણ વાત કહેવાની હોયજ નહિ. દુનિયાની એક પણ કાર્યવાહીને પુષ્ટિ મળે તેવું આ પાટ ઉપર બેસનાર ન ઇચ્છે. એક દિવસમાં નવ નવ વાર '**करेमिभंते!**' બોલનાર મુનિવરો પાપની પુષ્ટિ થાય, આરંભ-સમારંભ વધે અને જગતની અર્થ-કામની લાલસા મજબૂત થાય તેવી વાત કરે જ શાના? ખરેખર, શ્રી જૈનશાસનમાં પ્રભાવક તેજ થઇ

શકે છે, કે જેઓ પ્રભુની આજ્ઞા મુજબ અંગીકાર કરેલી પ્રતિજ્ઞાઓને વળગી રહેવામાં કોઇની પણ શરમથી ન અંજાય: સન્માર્ગની રક્ષા માટે પોતાના માનાપમાનની દરકાર ન રાખે: અને પ્રભુના શાસનની સેવામાં જ પોતાનું સર્વસ્વ સમજે.

ગુલામ કોણ ?

જે દીક્ષાને અનંત શ્રી તીર્થંકરદેવોએ અને શ્રી ગણધર-દેવોએ સેવી, જેની સેવાના યોગે અનંત આત્માઓ મુક્તિ-પદના ભોક્તા થયા અને એ પરમ ઉપકારી પુરૂષોએ પણ એજ ફરમાવ્યું કે–દીક્ષા વિના આત્માને ઇષ્ટ એવા એકાં-તિક અને આત્યંતિક સુખની પ્રાપ્તિ જ નથી : તે દીક્ષા જો આ આત્માને ન જચે તો એ કેવી કમનસીબી ગણાય ?, એ વિચારો. આત્માના ઉદ્ધારની બાબતમાં બેદરકાર ન બનો. શું બે ઘડીની સામાયિક કરનાર આત્માને જીંદગીના સામાયિકની ભાવના ન હોય એ બને ? જૈનશાસન દુનિયાનો પરલોક સુધારવા સરજાયલું છે : આ લોકને નિયમિત કરવા, પરલોકને સુધારવા–વિશુદ્ધ કરવા જ, આ શાસનની સ્થાપના છે : પણ અનીતિ, પ્રપંચ, જૂઠ, પાપ, વિષયવાસના, આરંભ, સમારંભ વિગેરે વધારવા, ખીલવવા કે અનુમોદવા માટે આ શ્રી જૈનશાસનની સ્થાપના નથી. શાસન સ્થાપનારા પણ પહેલાં કહ્યું તેમ સ્થાપવા માટે, સંયમ લીધા પછી કેવળજ્ઞાન ન થયું ત્યાં સુધી, જમીન પર બેઠા નહિ : ઉભા ને ઉભા. સુવાની તો વાત જ નહિ. ભૂમિ ઉપર તો બેઠા જ નહિ. કદી બેઠા તો વીરાસને, ઉત્કટાસને કે તેવા જ કોઇ આસને. શ્રી ઋષભદેવસ્વામિની છદ્મસ્થાવસ્થાનાં હજાર વર્ષમાં આવી

ગયેલી જૂદી જૂદી નિદ્રાને ભેળી કરો, તો એક અહોરાત્રિની! ભગવાન્ શ્રી મહાવીરદેવની છદ્મસ્થાવસ્થાનાં સાડાબાર વર્ષમાં નિદ્રા અંતરમૂહૂર્તની! તપશ્ચર્યા,–મહિનાના, બે માસના, ચાર માસના, છ માસના ઉપવાસ વિગેરે અને પારણે પણ એક જ વાર: જ્યાં ગયા ત્યાં હાથમાં દાતાર નાખે તે લઇ લે, વાપરે ને ત્યાંથી જ બંધ: તે પાછી તપશ્ચર્યા શરૂ થાય. ભગવાન્ શ્રી મહાવીરદેવને એ સાડાબાર વર્ષમાં પારણાના દિવસ ત્રણસેં ઓગણપચાસજ: વર્ષ પૂરૂં પણ નહિ. છત્રીસ કલાકનો ઉપવાસ કરનારો શ્રાવક, પારણા વખતે પા કલાક મોડું થાય તો તેના મુખમાંથી કયા શબ્દ નીકળે? 'સારૂં થયું કે–પા કલાકની તપશ્ચર્યા વધી'–આ ભાવના જોઇએ. તપશ્ચર્યા તો પરલોક માટે જેટલી ઉપકારી છે, તેટલી આ લોક માટે પણ છે: પણ આ લોકના ઉપકાર માટે મારે તમને તપસ્વી નથી બનાવવા, માટે બોલતો નથી. આ લોક માટે તો તમે બધું કરવા તૈયાર છો. વૈદની, ડૉકટરની, ઘરની, બજારની, કેવી ગુલામીમાં રહેવું પડે છે તે તમે સમજો છો: ફક્ત ધર્મની–શાસ્ત્રની ગુલામી નથી ગમતી. તમે કોના શેઠ છો એ તો કહો! ખોખાના—ઝુંપડીના શેઠ છો? શેઠ હો તો તમને શાસ્ત્રને નમતાં શરમ આવે? તમે ત્યાં ગુલામ છો, માટે જ આની ગુલામીમાં શરમ આવે છે. હું ખાત્રીથી કહું છું કે—તમે દુનિયાદારીની ગુલામી સ્વીકારો છો, ત્યાં ઝૂકો છો, માત્ર ત્રણ લોકના ધણીની ગુલામી નથી ગમતી! ખરેખર, શ્રી જિનેશ્વરદેવની, એટલે કે—પરમ વીતરાગદેવની આજ્ઞા, સેવા અને શ્રી વીતરાગે ઉપદેશેલો ત્યાગમાર્ગ જેના હૃદયમાં જચ્યો

નથી, તેના જેવો આ જગત્માં બીજો કોઈ ગુલામ નથી. અરે, તમે જેની ગુલામી કરો છો, એને તમે કહો છો કે–હું તારો, પણ પેલા ના કહે છે : કહે છે કે–અમે તમારા નહિ. કદી કોઇ કહે કે–અમારા. તોએ શાને માટે ગુલામી કરો છો એ તો બોલો ? સ્વાર્થ માટે. હું તો બીનઅનુભવી અને તમે બધા અનુભવી, પણ શાના ? સંસારરૂપ કર્દમના કે બીજાના ? અરે કહોને કે–ફસેલા અનુભવી આવા હોય ? અનુભવના અર્થની તો ખબર નથી. વિષ પ્રાણનો નાશ કરે, એ શાથી જાણ્યું ? ખાઈ જોઇને જાણ્યું કે જાણકારના કહેવાથી જાણ્યું ? તેજ રીતે સર્વદર્શિ શિષ્ટ પુરૂષોના અનુભવે અહીં પણ ત્યાજ્ય વસ્તુ તજાય. ત્યાજ્યના અખતરા ન હોય–ત્યાજ્યના અખતરા કરનારા તો વીરના શાસનના સ્વરૂપથી અજ્ઞાત છે. ત્રણ લોકના નાથની ગુલામી નથી ગમતી અને ક્ષણિક વસ્તુની ગુલામી કેમ ગમે છે ? બજારમાં કે ઘરમાં શેઠ છો ? શરીરના તમે શેઠ છો ? જો શરીરના શેઠ હોત, લક્ષ્મીના માલિક હોત તો આવા હોત ? ત્યાં બધે તમારી શી સ્થિતિ છે તે વિચારો. ફક્ત ધર્મમાંજ તમે અક્કડ. આ બધું વિચારો તો તો તરતજ આ ધર્મધ્વજ સામે નજર જાય. આ વિચારો તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને શિર ઝૂકયા વિના ન રહે. ખરી વાત છે કે—પંચમકાળ, હુંડાવસર્પિણી, અને કૃષ્ણપક્ષીયા જીવ,–એને ધર્મધ્વજ બતાવવો, ત્યાં પ્રેમ કરાવવો, અને એ આપવો એ કાંઇ નાના સુના ખેલ નથી ! ત્યાં કાંઇ મસ્તક નમે ? નાટકની પરીયો આગળ મસ્તક નમે, સીનેમામાં આવતા ચોરટાઓ કે

ઉઠાઉગીરો સામે આંખ ફાડી ફાડી જોવાય, ન્હાના ગરમા-ગરમ ઘુંટડા ગળે ઉતરે, ફક્ત શાસ્ત્ર તરફ આંખ કરડી રહે ! ખરેખર, કેવી ભયંકર દુર્દશા છે? પરમોપકારી શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા તો કહે છે કે—પંચમકાળના જીવો જેવા ચોથા કાળમાં નહોતા. દુનિયાદારી માટે જીવી રહેલા પ્રાણીયોની જે ઉદારતા, ક્ષમા, શાંતિ, ઉદ્યમ, પ્રયત્ન, મહેનત, ગુલામી વિગેરે દુનિયા માટે છે, તે જો શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આવી જાય, તો તો આજે કામ થઇ જાય. દુનિ-યાદારીનાં માણસોને ગમ ખાતાં કેવી સરસ આવડે છે ! માથે પાઘડી ભલે, પણ તમારાથી મોટો કોઈ આવે અને કહે કે–'બેસો !'–તો તરતજ નીચી મુંડીયે નમી જાય. ને અહિં સાધુ કંઈક કહે તો તરતજ બોલી ઉઠે કે:–'સાધુ અમને કહે? અમે કોણ? જેન્ટલમેન.' પણ અહિં કંઇ પો-પાબાઇનું રાજ્ય નથી. કર્મસત્તા ભયંકર છે. માનો કે ન માનો, સદ્દહો કે ન સદ્દહો, પણ જે દિવસે એ સત્તા ઉદયમાં આવશે, –તે દિવસે એના સકંજામાં પકડાયા પછી ઇંચભર ચસી શકાશે નહિ. સંભળાય છે કે, પંચમજ્યૉર્જ–હિંદુસ્તાનના માલીક પણ કર્મસત્તાથી રીબાય છે: બહુ માંદા છે: ડૉકટરો નાડ પકડી તપાસ્યા કરે છે: કર્મસત્તા કોને છોડે છે? કહેવાનું તાત્પર્ય એ છે કે–દુનિયાના મહાન્‌માં મહાન્‌ સમ્રાટ્‌ને પણ કર્મની સત્તા છોડતી નથી. બાકી આપણે કે જેમને સમસ્ત વિશ્વનુંજ કલ્યાણ ચાહવાનું હોય, તે તો એમજ ઇચ્છે કે–દર્દીની હાલત જલ્દિ સુધરો. આખરે જ્યારે આયુષ્ય આવી રહેશે, ત્યારે કોઇનું કાંઇ ચાલે એમ છે? ઉંધે રસ્તે ચાલનારાને કહેવાય છે

કે—મરીને કયા કાકાને ઘેર જવાના ? કોઈ આડતીયો બા-ડતીયો છે? ' સાધુને ગાળો દેતાં, અને પ્રભુના શાસન સામે—સિદ્ધાંતો સામે છડેચોક ફીટકાર કરતાં '—જેઓને શરમ નથી આવતી, તેઓને સમજાવે કે—પરિણામે મરી જશો અને પાપના ઉદયે પીટાશો, પીડાશો, સડી જશો, અને રોમ રોમ કીડા પડશે. શ્રી વીરવિજય મહારાજ પણ શું કહે છે? સાંભળો—

" તીરથની આશાતના નવ કરીએ—

આશાતના કરતાં થતાં ધનહાણી:
હાંરે ભૂખ્યા ન મળે અન્ન-પાણી:
હાંરે કાયા વળી રોગે ભરાણી:
હાંરે આ ભવમાં એમ—

—તીરથની આશાતના નવ કરીએ. "

એ બધું વાંચો. એ લખનાર તમારા હિતસ્વી હતા. દુનિયાની સત્તા પૂરેપૂરી જ્ઞાની ન હોવાથી તેની શિક્ષામાંથી હુંશીયારીના યોગે યા બનાવટી પૂરાવા વિગેરેના યોગે કદાચ બચી જશો, પણ કર્મસત્તા તો ક્ષણેક્ષણના મનના વેગને પણ જાણી સત્તામાં દબાવશે: ત્રીજી મીનીટે કાનપટ્ટી પકડી ઢસડી જશે: કાકા, મામા ને ફુઆ કે ગાડી, વાડી ને લાડી નહિ બચાવે. પાઘડીના રંગમાં ન રંગાઓ, રાતા પીળામાં ન મુંઝાઓ. દુનિયાની વાયડી વાતોમાં વાયડા ન બનો. અણસમજુના પ્રલાપને આધીન ન થઇ જાઓ. અનંતજ્ઞાનીના વચન પર વધુ વિશ્વાસુ બનો. એ મહાત્માઓ તો તમારા અને અમારા ભવિષ્યના ભલા માટે—આત્માના ભલા માટે રાજઋદ્ધિ તજી, ત્યાગ સ્વીકારીને આ બધું લખી ગયા: મહા મહેનત

કરી લખી ગયા. તરવાનો રસ્તો એ મહાત્માઓ આપી ગયા. અને ત્યાં કહેવું કે-શાસ્ત્રને આઘાં મૂકો એમ ? કયા શબ્દોમાં કહું તો તમને અસર થાય, કે જેથી પરિણામે તમે પાપથી બચો ? જરા વધુ કરડા શબ્દો કહું, તો કહે છે કે-મહારાજ ઘણું કહે છે પણ ભાઈ ! આ તો બચાવના રસ્તા છે. શાસ્ત્રમાં આવે છે કે-સ્વાર્થ ખાતર પતિએ પત્નીને મારી અને પત્નિએ પતિને માર્યો, બાપે દીકરાને માર્યો અને દીકરાએ બાપને માર્યા. એવી સંભાવના હોવા છતાં પણ ત્યાં વિશ્વાસ મૂકવામાં વાંધો નહિ અને આ અનંતજ્ઞાનીઓની આજ્ઞામાં વિશ્વાસ મૂકવામાં તમારૂં લૂંટાઇ શું જાય છે ?, એ તો કહો ! જે તીર્થને પામ્યા છો તે તીર્થ- હિંસા, મૃષા, ચોરી, વ્યભિચાર, લોભ, ક્રોધ, માન, માયા, પ્રપંચ, ઈર્ષ્યા, કલહ, કજીયા, વિગેરે બધાં પાપથી બચાવનારૂં છે: દુઃસહ્ય પાપથી બચાવનારૂં છે: ભૂંડું કરનારનુંએ ભલું કરવાની સલાહ આપનારૂં છે: પ્રાણ લેવા આવનારનુંએ હિત ચિંતવવાની સલાહ આપનારૂં છે. આવું અનુપમ તીર્થ પામ્યા તો છો. હવે ન આરાધાય તો એના જેવી કમનસીબી બીજી કોઈ નથી, એ નક્કી માનજો !

[૫]

તીર્થારાધનાની તાકાત કેળવો !

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજ, તીર્થનો મહિમા કહી આવ્યા. એમાં એમ ફરમાવી ગયા કે-**तीर्थं जयति** તીર્થ જયવંતુ વર્તે છે. શાથી ? એનામાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી અને એક પણ સુયોગ્ય વિચારનો એમાં તિરસ્કાર નથી. એ તીર્થના સિદ્ધાન્તો એવા તો સિદ્ધ થએલા છે, કે જેની સેવાથી સેવકના સઘળા પાપરૂપ મલો દૂર થઈ શકે એમ છે. એટલા જ માટે એ શાશ્વત રહેવાને સરજાયેલું છે. જેની ઉપમામાં કોઇ જોડી નથી અને એટલાજ માટે સઘળા શ્રી જિનેશ્વરોથી શરૂઆતમાં એ નમસ્કાર કરાયેલું છે. જે તીર્થને સાક્ષાત્ જિનેશ્વરો નમે છે, તે તીર્થની આપણને પ્રાપ્તિ થાય તો એ તીર્થની સેવા માટે આપણે જેટલું શક્ય હોય તેટલું કરવું જોઈએ. શાસ્ત્રે જેમ શક્તિ ગોપવવાનો નિષેધ કર્યો છે, તેમ શક્તિના અતિરેકનો પણ નિષેધ કર્યો છે. જેમ શક્તિ છૂપાવવી નહિ, તેમ શક્તિથી આગળ પણ જવું નહિ. શક્તિ છૂપાવીએ તો ગુન્હેગાર બનીએ, અમલ ન કરીએ તો વંચિત રહીએ, અને શક્તિથી આગળ વધી જઇએ તો કરી શકતા હોઈએ તે પણ ગુમાવી બેસીએ. માટે આવું અતિશય મુશીબતે મળી શકે તેવું તીર્થ પામ્યા પછી, એની આરાધનામાં જીંદગીનો જેટલો સમય વ્યતીત થાય તેટલો કરવો જોઇએ. એક વાતની સૂચના કરવાની છે, અને તે એ છે કે-દિવસે દિવસે બહુ-

રનું વાતાવરણ બગડતું જાય છે–ભાવનામાં પરિવર્તન થતું જાય છે. જરા પણ શાંતિ ગુમાવવી, આકરા થવું કે હૃદયની ભાવનામાં ઉગ્રતા કરવી, એ બધું જોખમમાં છે. લેશ પણ બોલ્યા વિના જો શાંત રહી શકશો, શ્રી જિનેશ્વરદેવે કહેલો મૌનગુણ કેળવી શકશો, શાસનને રોમરોમ પરિણમાવી શકશો, તોજ તમે તમારૂં પોતાનું કલ્યાણ કરી શકશો તથા સામાનું કલ્યાણ પણ કરી શકશો: નહિ તો સ્વ અને પરનું બગડવાનો સમય આવી લાગશે. ગમે તે સંયોગોમાં જરા પણ ઉકળાટ લાવ્યા વિના, શાંતિથી જે કાંઇ આ જ્ઞાનીએ સંસાર તરવા માટે આપણને બતાવ્યું છે તેને સાંભળી, જીવનમાં જેટલા પ્રમાણમાં ઉતારી શકાય તેટલા પ્રમાણમાં ઉતારવા, શક્તિ મુજબ પ્રયત્ન કરવો એટલી જ અત્યારે આવશ્યક્તા છે. આ તીર્થમાં રહેનારે એક પણ અયોગ્ય વિચારને સ્થાન નહિ દેવું. દિવસોથી એ વાત હું કહી રહ્યો છું. સમ્યગ્દૃષ્ટિ આત્મા તે છે, કે જે અપરાધીનું પણ ભૂંડું ન ચિંતવે. આ ભાવનાને રોમરોમ પરિણમાવવી જોઇશે: કારણ કે–શ્રી જિનેશ્વરદેવના શાસનને પામ્યા પછી, એની આરાધનામાં એટલાં બધાં વિઘ્નો છે કે—એ વિઘ્નોની સામે જે આત્મા અડગ રહે–એ વિઘ્નોને જીતે, તેજ આત્મા આ તીર્થને આરાધી શકે. જેનામાં આ કૌવત ન હોય, તે તીર્થને હારી પણ જાય. આ જીંદગીમાં હારી જઇ તીર્થ ગુમાવી દેવાય, તો અનંતા કાલે મળેલ માનવજીંદગી વ્યર્થપ્રાયઃ બની જાય. આપણો ઇરાદો એ છે કે–અનંતકાલે મળેલ માનવ જીંદગી નિષ્ફળ ન જાય. આપણા સાથીયો, આપણા

પરિચયમાં આવનારાઓ, સહવાસમાં આવનારાઓ, ને આપણા પર વિશ્વાસ રાખનારાઓની પણ માનવ જીંદગી નકામી ન ચાલી જાય, એજ ઇરાદો છે. એ ઇરાદાની સફલતા માટે આપણામાં જેટલી તાકાત હોય, તે મૂજબ શ્રી જિનેશ્વરદેવના શાસનને આરાધ્યે જવાનું છે. હવે ટીકાકાર મહર્ષિ આ આચારશાસ્ત્રના કહેનાર પરમર્ષિનો નામનિર્દેશ કરવા સાથે, તે કહેવાનો હેતુ અને પોતાની આજ્ઞાધીનતા આદિ દર્શાવવા ફરમાવે છે કેઃ—

" आचारशास्त्रं सुविनिश्चितं यथा,
जगाद वीरो जगते हिताय यः ।
तथैव किञ्चिद्वदतः स एव मे,
पुनातु धीमान् विनयार्पिता गिरः ॥१॥ "

*

'જે ભગવાન્ શ્રી મહાવીરદેવે સુવિનિશ્ચિત આચારશાસ્ત્રને જગત્ના હિત માટે જે રીતિએ ફરમાવ્યું, તેજ રીતિએ કંઇક કહેતા એવા મારી વિનયાર્પિત વાણીને તેજ ધીમાન્ ભગવાન્ પવિત્ર કરો.'

*

આથી ટીકાકાર મહર્ષિ પોતાની કેટલી આજ્ઞાધીનતા બતાવે છે, એ શોચો. ખરેખર, આવી જાતની આજ્ઞાધીનતા વિના કલ્યાણ થવુંજ નથી. શ્રી જિનશાસનના જ્ઞાતા અને રસિક આત્માઓએ આજ્ઞાધીનતાને તો મૂર્ત સ્વરૂપજ સમર્ષ્યું છે અને એમાંજ તે મહર્ષિયોની ભવભીરૂતા

અને મુક્તિની કામનાનું અનુપમ દર્શન થાય છે. 'યથેચ્છાચારિયો માટે આ શાસન નથી'–એ આમાંથી ધ્વનિત થાય છે. 'પોતાની મહત્તામાં માનનારા' પણ આ શાસનના સારને નથી પામી શકતા, એ પણ આમાંથી ફલિત થાય છે. ટીકાકારમહર્ષિના એ કથન-દ્વારા સમજી શકાય તેમ છે કે–આ શ્રી આચારાંગશાસ્ત્રના કહેનાર ભગવાન્ શ્રી મહાવીરદેવ છે. એમાં કહેલા આચાર અતિશય નિશ્ચિત છે. જેનાથી જગતનું ભલું થાય એવા એ આચાર છે. જગતનું ભૂંડું થાય, જગતનું કોઈ પણ પ્રાણી દુઃખી થાય, જગતના કોઈ પણ આત્માને કલેશ થાય, જગતનાં પ્રાણીયો આધિ, વ્યાધિ અને ઉપાધિના ફંદમાં ફસે, તે માટે આ શાસ્ત્ર નથી: પણ સઘળાનું ભલું થાય, કલ્યાણ થાય, સારૂં થાય, આ લોક અને પરલોકમાં સુંદર થાય, અહિં કે તહિં કોઈ દુઃખી ન થાય ને સદાને માટે અનંત શાંતિના ભોક્તા થાય, માટે આ આચારશાસ્ત્રનું વિધાન છે. એ ભાવનાવાળાએ આ આચારોને અમલમાં મૂકવા માટે, અનાદિકાલથી વળગેલી કુવાસનાઓને છોડવી જ જોઇએ. જે વસ્તુ કલ્યાણ માટે કહી, તે વસ્તુ જો આપણને ખટકે, એના પાલન માટે આપણો આત્મા શૂરવીર ન બને, તો સમજી રાખવું ઘટે કે–એ દોષ, આ શાસ્ત્રના કહેનાર ભગવાન્ શ્રી મહાવીરદેવનો કે શ્રી ગણધરદેવનો કે ટીકાકાર મહર્ષિ શીલાંકસૂરિજીનો નથી, પણ એ દોષ આપણી જાતનો છે. હરેક આત્માએ પોતાના આત્માનો, આત્માની શક્તિનો, આત્માની નિર્બળતાનો, આત્મામાં રહેલા દોષોનો બહુજ

ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે અને તોજ આચારાંગ શાસ્ત્ર ફળે : નહિ તો આ આચાર એટલા બધો કઠીન, એટલો મુશ્કેલીથી બની શકે એવો, જીવનમાં ઉતારવો એટલો તો અગવડભર્યો છે કે–પૂરતી મક્કમતા કેળવ્યા વિના, આત્માને મજબૂત બનાવ્યા વિના, આ આચાર–આ કથન–આ શ્રી વીરની વાણી હૃદયમાં ઉતરે તેમ નથી. આપણને બધાને એ વાણી હૃદયમાં કેટલા પ્રમાણમાં ઉતરી છે? એ શ્રી વીરની વાણીના સેવન માટે–રોમરોમમાં વાણીના પરિણમન માટે–એનું બને તેટલું સંરક્ષણ કરવા માટે, આપણામાં કેટલા પ્રમાણમાં તૈયારી આવી છે, તેનો રોજ વિચાર કરવો જોઈશે. આ શ્રી જિનવાણીની આરાધનાથી અનંતા આત્મા મુકિતએ ગયા છે, સંખ્યાબંધ આત્માઓ મુકિતએ જાય છે, અને અનંતા આત્માઓ મુકિતએ જશે. જે રીતે આરાધના કરીને તે આત્માઓ મુકિતમાં ગયા, જાય છે અને જશે, તે રીત બતાવવા પણ, સમજવા પણ, સમજાવવા પણ, જાણે આ સમય યોગ્ય ન હોય એવી જાતિના દેખાવ વર્ત્તમાનમાં થઈ રહ્યા છે. જે ભગવાન્ શ્રી મહાવીરદેવે કહેલું અને તે તારણહારના માર્ગે ચાલતા મુનિપુંગવોએ યથાશક્તિ આચરેલું, તે સાંભળવું, વિચારવું, અને બતાવવું,–એમાં પણ મોટી મુશ્કેલીયો ખડી કરવામાં આવે છે. જે ચીજ, જે આત્માને જીવનમાં ઉતારતાં મુશ્કેલ ન પડી, જે વસ્તુ જે આત્માઓએ આનંદપૂર્વક હૃદયમાં ઉતારી, જે વસ્તુને જે આત્માઓએ અમલમાં મૂકી, જે વડે સ્વપર કલ્યાણ સાધી જગત્‌માં દૃષ્ટાંતભૂત બન્યા, તે ચીજને વાંચવી, તે ચીજને જીવનમાં ઉતારનાર મહા-

પુરૂષોના જીવનને સાંભળવું, એમાંય મુશ્કેલી ઉભી થાય એ આશ્ચર્યજનક નથી લાગતું ? આજ્ઞાનો અમલ કરવા નહિ ઈચ્છતા કેટલાક કહે છે કે:–' શ્રી તીર્થંકરદેવોએ કર્યું તેજ કરવું.' પણ એ કાયદો નથી. તે મહાપુરૂષે કર્યું તેજ આપણે ન કરી શકીએ : જે રીતે તીર્થપતિના આત્માએ પણ પૂર્વભવોમાં તીર્થમાર્ગ આરાધ્યો, તે રીતે નહિ આરાધી શકાય તો મુક્તિ મળશે, એવું તમારૂં અને મારૂં અંતર સાક્ષી પૂરે છે ? ના, અંતર તો કહે છે કે–જે રીતે તીર્થપતિના આત્માએ આરાધ્યું તે રીતે આરાધીયે તોજ મુક્તિ થાય. આથીજ કહેવું પડે છે કે–શ્રી જિનેશ્વરદેવની આજ્ઞારૂપ આદર્શને બરાબર સન્મુખ રાખો ! ભગવાન્ શ્રી મહાવીરદેવે પ્રરૂપેલા સિદ્ધાંતોને આઘા મૂકી યથેચ્છપણે વર્તવું અને સાધુ કે શ્રાવક તરીકે ઓળખાવવાની ઈચ્છા રાખવી, એ વ્યર્થ છે. સજ્જન સમાજ સમક્ષ તે ઈચ્છા દાંભિકતારૂપેજ ઓળખાય છે, એમાં કશોજ શક નથી. એ આજ્ઞારૂપ સિદ્ધાંતના આદર્શને આઘો મૂકીએ, તો આપણામાંથી આપણાપણું નાશ પામે છે ! આદર્શ સામે રાખી ઉપાસના કરવાની તો હજી તાકાત નથી. આપણે આ આરાધના માટેની તાકાતની વાત કરીયે છીયે, બીજી તાકાત માટે તો વાત જ કરવા માગતા નથી. એવી તાકાત અનેકે મેળવી, છ ખંડની સાહ્યબી અનેકે મેળવી, સમ્રાટ્પણું મેળવ્યું અને ખાલી હાથે ચાલ્યા ગયા. માટે એ તાકાતની જરૂરત નથી. તે તાકાત જોઇએ છે, કે જેના યોગે આ શાસ્ત્રને અખંડપણે સેવી શકીએ. સેવા ભલે આપણાથી થોડી થાય, ભલે સઘળી આજ્ઞા જીવનમાં ન ઉતારી શકીએ, પણ સઘળા

આજ્ઞાના આદર્શ તો સામે કાયમ ખાતે રહેવા જ જોઇએ. એ આદર્શ બધી રીતે સાચવવા તૈયાર રહેવું જોઇએ. તૈયારી ન હોય તો કયે રસ્તે જવું, તે અત્યારે મોટો ભયંકર અને વિકટ પશ્ન છે. હું એકલોજ આ વિચાર કરૂં તે થાય નહિ. આ આગમમાં તે તાકાત છે કે-ચોવીસે કલાક, અરે સારીયે જીંદગી શાંતિમાં રાખે : પણ વિનિયોગ,-તમને પણ આના સ્વાદનાં બિંદુઓ દેવાં એના અંગે-ના વિચાર ચાલે છે. તમે તમારી કરણીનો-ફરજનો વિચાર ન કરો, તો સામો આદમી એકલો વિચારે તેનું પરિણામ શું ? આ વિચાર કરવા બધું ભૂલી જવું પડશે. આ શાસ્ત્રનેજ હૃદયમાં સ્થાપવું પડશે. હૃદયમાં સો વસ્તુ બીજી અને એક આ, તો એ ન ટકે. સો વસ્તુનો હુમલો આ એકપર ! એમાં એક દબાય એમાં નવાઇ શી ? બધી વસ્તુ કરતાં આ કીંમતી છે, એ તમારા જીગરમાં બરાબર કોતરાઇ જવું જોઇએ ! તોજ માર્ગ સહેલો થાય. માત્ર 'હાજી-હાજી' કરો તો માર્ગ સહેલો ના થાય. 'હાજી' તેનું નામ કે, આ વાત રગેરગે પરિણામ પામવી જોઇએ-જીવનમાં નિયત થવી જોઇએ. 'જીવતાંએ આનું શરણું અને મરતાંએ આનું શરણું.'—એમ હૃદયપૂર્વક મનાવું જોઇએ.

'जय वीयराय' સૂત્રનાં અદ્ભૂત રહસ્યો—

દરરોજ 'जय वीयराय'માં પ્રભુ પાસે શાની પ્રાર્થના કરો છો ? આ "जय वीयराय" જે શ્રાવક રોજ બોલે છે, તે દરેકના હૃદયમાં એ પ્રાર્થનાસૂત્રનું રહસ્ય ઠસી જાય અને દરેક જો એ પ્રાર્થનાસૂત્રના મર્મને સમજી જાય, તો આ શાસ્ત્ર

સમજતાં—સમજાવતાં આટલી બધી મહેનત પડેજ નહિ. પણ એ સૂત્રદ્વારા કરવામાં આવતી પ્રાર્થના નથી સમજાતી, વીતરાગ નથી ઓળખાતા: એ સમજાઈ નથી—એ ઓળખાયા નથી. જેની આટલી આટલી સેવા કરો તેનું સ્વરૂપ નથી ઓળખાયું. ઓળખવાની ભાવના પણ તેવી નથી જાગી. એથીજ આટલી બધી નિર્બલતાએ ઘર કર્યું છે. એ નિર્બલતાએ છાતીપર મોટી શિલા ગોઠવી છે, કે જે શિલા ઉઠાવવાની અત્યારે તાકાત રહી નથી. એક '**जय वीयराय**' દ્વારા કરવામાં આવતી પ્રાર્થના, જો બરાબર વિચારાય તો શું બાકી છે? '**जय वीयराय जगगुरु**'—'હે જગદ્‌ગુરૂ વીતરાગ! તું જય પામ!' જે વીતરાગને જગત્‌ના ગુરૂ માનીએ, તે પુણ્ય પુરૂષની આજ્ઞા શિવાય બીજે કેમ જઇએ? તે તારકની આજ્ઞા વિના જીવાતા જીવનમાં આનંદ કેમ રહે? એની આજ્ઞાના એક એક શબ્દે તમારાં કાળજાં કોરાવાં જોઇએ. જે વખતે 'જય વીયરાય' બોલાય, ત્યારે જો એ બરાબર વિચારાય—મનન પૂર્વક હૃદયમ વિચારાય, હાથ ઉંચા રાખી સામી દૃષ્ટિથી બોલાય, તો ખરેખર આંખમાંથી આંસુ ટપકે. હે વીતરાગ! તું જયવંતો રહે. તું જયવંતો છે, ત્યાં સુધી જ હું જીવતો છું. જે દિવસથી તારો જય ગયો, ત્યારથી મારો ક્ષય. એમનો જય જવાનો નથી: એમનો ક્ષય નથી. એતો પહોંચી ગયા, પણ એના શાસનની—એની આજ્ઞાની જયવંતી સ્થિતિ બરાબર જીવતી રાખવાની ફરજ આપણી છે. જો આપણે જીવવું હોય તો આપણી એ અનિવાર્ય ફરજ છેજ: જે દિવસથી એની જય બંધ થઇ, તે દિવસથી આપણે જીવતાં

છતાં ન જીવતા જેવા જ છીએ. તમે તો રોજ કહી રહ્યા છો કે–હે જગદ્ગુરૂ વીતરાગ! જયવંતા હો! આ કથનમાં ભાવના તો એજ ને કે–તારા જય વિના અમારો જય કોઈ કાળે થવાનો નથી. ત્રીસ અકર્મભૂમિમાં, છપ્પન્ન અંતરદ્વીપમાં, મનુષ્યોની કાયા મોટી, બલ ઘણું, આયુષ્ય લાંબું, કષાયો થોડા, તોય તેમની મુક્તિ નથી થતી: અને અહીં શરીર નાનું, આયુષ્ય નાનું, ને કષાયો ઘણા તોય મુક્તિ થઈ શકે છે. ત્યાં અસિ, મસિ, કૃષિ નથી તોય મુક્તિ નહિ, અહીં એ ત્રણે છતાં સિદ્ધિપદે જઈ શકાય. આનું કારણ શું? માત્ર વીતરાગ જ્યાં જયવંતા વર્તે છે, ત્યાં મુક્તિ અને મુક્તિનો માર્ગ: જ્યાં તે નથી ત્યાં મુક્તિ પણ નથી, અને મુક્તિનો માર્ગ પણ નથી! ત્રીસ અકર્મભૂમિમાં અને છપ્પન્ન અંતરદ્વીપમાં મનુષ્યો મોટી કાયાવાળા, ઘણા બળવાળા, અસંખ્યાત વર્ષોના આયુષ્યવાળા, કષાયો મંદ, જ્યાં અસિ, મસિ, કૃષિનો વ્યાપાર નથી, ત્યાંથી બહુ બહુ જાય તો દેવલોક જાય: જ્યારે આ કર્મભૂમિમાં અસિ, મસિ ને કૃષિના વ્યાપાર છે, કષાયો ધોધમાર ચાલુ છે, ત્યાંથી અમૂક કાળે ઠેઠ સિદ્ધિપદે પણ જઈ શકાય છે: અને આજે પણ મુક્તિમાર્ગને આરાધવાની સામગ્રી મળી શકે છે, એનું કારણ શું? એજ કે–જગદ્ગુરૂ વીતરાગ જયવંતા વર્તે છે. માટે ભાગ્યવાનો! જાત કરતાં પણ વીતરાગના જયને પહેલો ઇચ્છજો. એના જય આગળ, આ જાતની કિંમત કાંઈ ન ગણજો. હૃદયના ભાવને સમજી શકો છો ને? બજારમાંથી કાપડ લેવું હોય તો તેની પરીક્ષાશક્તિ તમારામાં છે, શાક તાજું છે કે વાસી છે

વિ. ની પરીક્ષા કરતાં આવડે છે: દુનિયાદારીના પદાર્થો ખરીદવાની આવડત છે. એ પરીક્ષક બુદ્ધિ અને આવડત અહીં કામમાં આવી જાય તો કામ થઇ જાય. એક દિવસ હડતાળ પડે અને ગામમાં શાક–દૂધ આદિ ખાદ્ય પદાર્થો ન મળે તો તમે શું કહો? અમારાથી જીવાય નહિ! તો પછી આના વિના–આ શાસ્ત્ર વિના–આ આજ્ઞા વિના કેમ જીવાય? નહિજ જીવાય! જીવવું હોય તો ખરી ચીજ તો આ છે: પેલી બધી ચીજો-જેમાં તમારી પરીક્ષાશક્તિ વિગેરે છે, તે કાંઇ જીવાડનારી નથી. બહુ તો ખોખું રહે ત્યાં સુધી ખોખાને પોષનારી છે. કોણ જાણે–ખોખાને પણ પોષશે કે નહિ? એની ખાત્રી શી? જીવવા માટે તો એક આજ ચીજ છે. આ વાત હૈયામાં અંકિત થઇ જાય, તો 'जय वीयराय' સૂત્રમાં કરવામાં આવતી પ્રાર્થના સાર્થક થાય. એ 'જય વીયરાય'માં તમે તો બહુ કહ્યું. શ્રી વીતરાગ પાસેની તમારી માગણીનો પાર નથી રહેતો. જય કહીને અટક્યા નથી. બીજા પદમાં તમે તમારી ભાવના વ્યક્ત કરો છો:–

"होउ ममं तुह पभावओ भयवं !"

*

'હે ભગવન્! મને તારા પ્રભાવથી હો!'

*

ભગવાનના પ્રભાવથી શું માગો છો તે કહેશો? હવે તમે જે શ્રેણિબંધ માગણી કરો છો તે ગણાવું? એ ગણાવવાની વાર છે. એની તો આજે બધી પંચાત છે. આ બધું કોની આગળ બોલો છો? શ્રી જિનેશ્વરદેવની આગળ! શ્રી જિનેશ્વરદેવ એ કાંઇ સામાન્ય વ્યક્તિ નથી. શું શ્રી જિનેશ્વરદેવ તમારા

હૈયાને ન જાણે ? આ નાનીસુની વ્યક્તિ છે ? આનાથી દુનિયામાં બીજી કયી મોટી વ્યક્તિ છે ? તમારો રાજા તો એ ! મનુષ્ય દેહનો રાજા ભલે બીજો હોય, પણ આત્માનો રાજા તો આજ ! આ ખોખા પર ભલે બીજી રાજસત્તા હોય, પણ આત્મા પર સત્તા કોની ? એ શ્રી વીતરાગદેવની ! જે દિવસે એની સત્તાનો અંકુશ નીકળી ગયો, પછી રહ્યું શું ? જય વીયરાય કેવી ઉમદા વસ્તુ છે ! એક એક શબ્દના મર્મ સમજાય, એ પદોની કિંમત હૃદયમાં અંકાય અને એ અનંતજ્ઞાનીએ ગોઠવેલા શબ્દોનો મહિમા હૃદયમાં ઉતરે, તથા એક એક શબ્દમાં રહેલા અનંતા ભાવને સદ્દહી શકો તો કામ થઇ જાય. જેને આ ગમતું હોય તેને માટે આ વાત છે. જેને 'જય વીયરાય' ન ગમતા હોય, જેને આ પ્રાર્થનાજ ન ગમતી હોય, તેને માટે આ વાત નથી. જેની આગળ પ્રાર્થના થાય છે, તે સર્વનું સર્વથા યોગક્ષેમ કરનાર છે : સ્વર્સ્વ એ તારકની પાસે છે.

ધર્મગુરૂ શા માટે ?

નારદ, વસુ અને પર્વત,–એ ત્રણેના ગુરૂ ઉપાધ્યાયે જ્યારે ચારણમુનિના મુખમાંથી એમ સાંભળ્યું કે–આ ત્રણ શિષ્યોમાંથી બે નરકગામી છે, ત્યારે એ ઉપાધ્યાય ખિન્ન થયા હતા. 'જેઓનો હું પાઠક, જેઓ મારા વિદ્યાર્થિ, જેઓને હું ભણાવું, તેઓ નરકે જાય ?'–આ વિચારે એ ખિન્ન થયા અને પરિણામે એમને નિર્વેદ થયો. વસુ એ રાજપુત્ર હતો, પર્વત એ ખૂદ પોતાનો પુત્ર હતો અને નારદ એ ઋષિપુત્ર–સિદ્ધપુત્ર હતા. ચારણમુનિના શબ્દો સાંભળી

ઉપાધ્યાય મુંઝાયા. મુનિયો ખોટું કહે નહિ. 'જેને હું ભણાવું તે નરકે જાય?'–આ વિચારે હૃદય દ્રવિત થઈ ગયું: શિષ્યોની પરીક્ષા કરી અને યોગ્યની પીઠ થાબડી: અને એના પરિણામે સંસાર વર્જી ત્યાગ સ્વીકાર્યો. આ ઉપરથી વિચારો કે-તમારે માટે અમને શું લાગવું જોઇએ? તમે સંસારમાં, વિષય-કષાયમાં, દુનિયાના રંગરાગમાં લીન થાઓ તેથી અમને આનંદ થાય? તમારી સદ્ગતિની, તમારી મુક્તિની અમને ભાવના હોય. તમે સંસારમાં રવડી મરો, એવી અમારી ભાવના ન હોય. હવે તમારે ખૂલ્લા એકરાર કરવા પડશે! તમારે જાહેર કરવું પડશે કે-ધર્મગુરૂઓની જરૂર તમને શા માટે છે? અમૂક માટે ધર્મગુરૂની જરૂર છે, એમ ખૂલ્લું જણાવવું પડશે. ધર્મગુરૂ કોના થવાય? સંસારના રંગરાગમાં લીન થવા માગે એના? વિચાર કરજો, માતા-પિતા, સ્નેહી વિગેરેને પૂછી નક્કી કરજો કે—ધર્મગુરૂ શા માટે જોઇએ? (લાલન૦ ભવનિર્વૃત્તિ માટે.) કહી દો તેથી સંતોષ ન થાય. નિશ્ચયપૂર્વક કહો. બીજી વાતોનો તો તમે નિશ્ચય કરીજ ચૂકયા છો. ઘર શાને માટે? રહેવા માટે! દુકાન? બાર માસના રોટલા માટે! નોકરી? સુખેથી જમવા માટે! મુડી? પ્રસંગ નિવારવા માટે-ગૃહસ્થાઈની પૉઝીશન સાચવવા માટે, ને સ્નેહી વિગેરેને કે પોતાને આપત્તિમાં સહાય કરનાર થાય તે માટે! તેમ 'ધર્મગુરૂ શા માટે?' એનો એકરાર-એનો નિશ્ચય કરો. ઉતાવળ ન કરો. મનન કરો-ચિંત્વન કરો. કહી રહ્યો છું કે—દિવસે દિવસે મિથ્યાત્વનો વાયુ, વિષય-કષાયનો વાયુ, દુનિયાના રંગરાગનો વાયુ વધતો જાય છે-હવા ઝેરી બનતી જાય છે, માટે તમને

એવી ઔષધિની જરૂર છે, કે જેથી ઝેરી હવા અસર ન કરે. તમને એ ઝેરી અસર થાય એનો અમને પણ આઘાત થાય. તમને થતી ઝેરી અસરનું દુઃખ અમને જરૂર થાય છે. એ દુઃખનો બોજો મોટો ખડો થાય છે. અમારી પાસે આવનારાને સુખી કરવાની ફરજનો બોજો અમારા પર મોટો છે. એમ ન માનતા કે—તમારે આધારે વીતરાગદેવ અને નિર્ગ્રંથ ગુરૂ તથા તેમનો કહેલો ધર્મ જીવે છે. વીતરાગ એમની વીતરાગતાના પ્રતાપે જગત્માં જયવંતા વર્તે છે: નિર્ગ્રંથો એમની નિર્ગ્રંથતાના પ્રતાપે જગત્માં જયવંતા વર્તે છે: આગમ એની નિર્દોષતાના પ્રતાપે જગત્માં જયવંતુ વર્તે છે: ધર્મ જગત્નું ભલું કરવાના ભાવથી ભરેલો હોઈ જયવંતો વર્તે છે: કોઈ તમારા-મારાથી જયવંત વર્તતો નથી. તમે અને હું તો એની સેવા કરીએ તો વિજય છે,-નહિ તો નહિ. એના યોગે આપણે છીયે: આપણા યોગે એ નથી. આ વાત વિચારશો, અસ્થિમજ્જા બનાવશો, તો દરેક જગ્યાએ જ્યાં જશો ત્યાં સામાને વસ્તુ ઠસાવી શકશો. સામાને પણ જરૂર એમ થાય કે-આનામાં કાંઈક છે: જરૂર, મૂળ ઉંડાં છે: આની ભાવના ઝળહળે છે. સામાને આવું દેખાય. તમારી વાણી, વર્તાવ, પ્રવૃત્તિ જરૂર શ્રી જિનેશ્વરદેવના અનુયાયીને છાજતીજ દેખાવી જોઇએ. શ્રી જિનેશ્વરદેવના અનુયાયી એટલે કે-સેવનાર તરીકે, નિર્ગ્રંથના ઉપાસક તરીકે, તમારે જગત્માં જરૂર દેખાવું જોઇએ. તમને આજે દબાઇ ગયેલા જોઉં છું. તમે તમારા સ્થાન પર સ્થિર નથી. તમારૂં હૃદય સ્થિર રહેતું નથી. તમે એવા સ્થિર બનો કે-સામો ઝૂકે અને

કહે કે:–ના, ના, આમાં કાંઇક છે. 'હે ભગવન્! તારો જય હો !'–એમ રોજ કહો છો અને પછી એની પાસે જે માગણી કરો છો, તે બધા માટે આ મહેનત છે. સરજયન પાસે જે વાત રજુ કરી, એની પાસે જે લખાવી લાવો, તેજ કમ્પાઉન્ડર આપે–સરજયને કહેલુંજ અપાય છે. બાપ, મા, બંધુ, સર્વસ્વ એ વીતરાગ !–તે શિવાયનું બધુંજ ભૂલી જવું જોઇએ. એક એક પૂર્વપુરૂષને યાદ કરજો. ફલાણા તરી ગયા, ફલાણા તરી ગયા, પણ એમ ને એમ તરી ગયા ? તમે ઘણું સાંભળ્યું, સંભળાવનારે પણ ઘણું ઘણું સંભળાવ્યું. હવે તો સાંભળેલાનો અમલ થવો જોઇએ છે. વિચાર કરો, જો આ ચીજ હૃદયમાં આવી જાય તો ધાર્યા કામ પસાર થાય. જે તમે માગો છો, તેજ જ્ઞાનીએ આગમમાં લખ્યું છે. તમારી માગણીયો બહુ છે. ડૉક્ટર પાસે જાઓ તો નાડ બતાવો, આખું શરીર બતાવો, ભૂંગળું મૂકે તો મૂકવા દો, શરીર પર ટકોરા મારે તો મારવા દો, ઉંધા ફેરવે તો ફેરવાઓ, પેટમાં હાથ ઘાલે તો ઘાલવા દો, આંખો ફાડે તો ફાડવા દો, જીભ બહાર કઢાવે તો કાઢો, મોટો ડૉક્ટર જેમ કહે તેમ કરો અને પછી તમે કહો કે:–' ડૉક્ટર સાહેબ ! મને મટે એમ કરો.' અને એ લખી આપે તે કંપાઉન્ડરને આપવું પડે. બાટલો નાનો કે મોટો, જે હોય તે આપે. એમાં કમ્પાઉન્ડરનો ગુન્હો નહિ. કેસ કઢાવી ચીઠ્ઠી લાવ્યા તે મુજબ અપાય. અહીં પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મૂજબ અપાતું ન લાગે તો ઉઠીને ચાલ્યા જવું. એક સેકંડ પણ થોભવું નહિ. ખોટું અપાતું

હોય છતાં પણ સભા શોભાવવા, મહત્તા ખાતર કે ભલું લગાડવા ખાતર બેસવું, એ બુદ્ધિમત્તા નથી. હવે તમે શું માગ્યું છે, તે જૂઓઃ-

"भवनिव्वेओ, मग्गाणुसरिआ, इट्ठफलसिद्धी ॥
लोगविरुद्धच्चाओ, गुरुजणपूआ, परत्थकरणं च ।
सुहगुरुजोगो, तव्वयणसेवणा, आभवमखण्डा ॥"

*

'૧. ભવનિર્વેદ, ૨. માર્ગાનુસારિતા, ૩. ઇષ્ટફલસિદ્ધિ, ૪. લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ, ૫. ગુરૂજનની પૂજા, ૬. પરાર્થકરણ, ૭. શુભગુરૂનો યોગ,—અને ૮. આ સંસાર પર્યંત તે શુભ ગુરૂના વચનની અખંડ સેવા.'

*

તમે ઓછું માગ્યું છે? કેટલો મોટો ખજાનો માગ્યો છે? સૌથી પ્રથમ તમે શું માગ્યું? ભવનો નિર્વેદ! કહો, આ આગમ દ્વારા એજ અપાય છે કે બીજું? કહો, એ ભવનિર્વેદ કયી રીતે અપાય? આ વસ્તુને ખૂબ વિચારો. માગણી કરવામાં જે 'ભવનિર્વેદ' માગ્યો છે, તેમાં કાંઈ પોલ તો નથી ને? સમજપૂર્વક માગો છો કે એમ ને એમજ? સમજપૂર્વક માગી આવ્યા હો તો એમનીજ આજ્ઞા મૂજબ—એજ ભવનિર્વેદ કરાવવાના પ્રયત્ન થાય, એમાં ગભરામણ શી? એ ભવનિર્વેદ હ્રદયમાં ઠસી જાય તો વાત આગળ ચાલેને! અસ્તુ.

[૬]

તીર્થ ચિંતામણી તુલ્ય છે.

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી તીર્થનો પ્રભાવ કહી ગયા. એમ કહી ગયા કે–તીર્થ હંમેશ માટે જયવંતુ વર્તે છે. એની સામે ગમે તેટલા વિપ્લવ જાગે, હલ્લાઓ થાય, ચાહ્ય તેવા પ્રયત્નો થાય, પરંતુ એ તીર્થ જે સ્વરૂપમાં છે તે સ્વરૂપમાં રહેવાનું છે: કારણ કે–એમાં સદ્‌વસ્તુના પર્યાયોનો એવી રીતિનો વિચાર કરવામાં આવ્યો છે કે–તેમાં એક પણ દુષ્ટ વિચારને સ્થાનજ મળ્યું નથી. દુનિયામાં વિહિત કરાયેલા એક એક વિચારને આ તીર્થમાં પૂરેપૂરૂં સ્થાન છે. જેમ અયોગ્ય વિચારને અહીં સ્થાન નથી, તેમ એક પણ સુયોગ્ય વિચારનો અભાવ પણ નથી. એક એક સિદ્ધાંતોને એવી રીતે સિદ્ધ કર્યા છે કે–તેને સેવનારમાં કર્મનો મલ રહેવા પામેજ નહિ. માટેજ તીર્થ શાશ્વતું છે. એની સામે કોઇના વિનાશના પ્રયત્નો ચાલી શકે તેમ નથી. શાશ્વતું છે માટેજ અનુપમ છે અને માટેજ સઘળા શ્રી જિનેશ્વરોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. આવા તીર્થની પ્રાપ્તિ થવી, એ જેવું તેવું સદ્‌ભાગ્ય નથી. તીર્થ પામ્યા પછી પણ એમાં મક્કમ ટકવું, એ ખરૂં સદ્‌ભાગ્ય છે. સદ્‌ભાગ્યના યોગે આવું તીર્થ મળ્યા પછી જો એ તીર્થની આરાધના ન થાય, જોઇતી રીતે પરિણામ ન પામે, તો એના જેવી બીજી એક પણ કમનસીબી નથી. જેને ચિંતામણી મળે, તેને ભીખ માગવાનું કાયમ રહે? જો કાયમ રહે તો કહેવું જોઇએ કે–તે આદમી

કમનસીબ છે, પણ ચિંતામણી પ્રભાવહીન નથી. જેમ જેને ચિંતામણી મળે તે આદમી ભાગ્યવાન હોય તો ભીખ માગતો ન રહે, તેમ આ તીર્થ પામે તે પણ જો આને પચાવી જાણે તો સંસારમાં રખડતો ન રહે. તીર્થ મળે અને સંસાર ખસેજ નહિ, એ કયી રીતે બને? આ તીર્થનો જે જાતિનો મહિમા છે, તે બરાબર હૃદયમાં કોતરાઈ જવો જોઇએ. ખાલી તીર્થની પ્રશંસા કર્યેથી વળે નહિ. સારૂં મળે તેને સાચવવાની જોખમદારી બહુ મોટી છે. જેને એ મળી જાય તે તેની જો રક્ષા કરતો નથી, તો મળેલ વસ્તુની કિંમત એ સમજી શકયો નથી એમજ કહેવાય. તીર્થ એ યોગ–ક્ષેમ કરે છે. જે વસ્તુ મળી નથી, તેની પ્રાપ્તિ કરાવવી તે યોગ : પ્રાપ્ત થએલી વસ્તુનું સંરક્ષણ કરવું તે ક્ષેમ. સારામાં સારી ચીજ મળી, ઉંચામાં ઉંચી વસ્તુ હાથ લાગી એ મોટામાં મોટું સદ્‌ભાગ્ય. મળેલાને સાચવવામાં અને સેવવામાંજ ખરી કસોટી છે. જેને તીર્થ મળે એને ઘરની, બારની, કુટુંબની, પરિવારની, દુનિયાની અને તેની સાહ્યબીની અપેક્ષા રહેતી નથી : બધાથી એ આત્મા પર હોય છે : સર્વથી પોતાને એ પર તરીકે જૂએ છે : દુનિયાથી પોતાને ન્યારો સમજે છે : દુનિયાથી ન્યારા થવામાં પોતાનું શ્રેય જૂએ છે : કેમ ન્યારા થવાય, એની કાર્યવાહી કરે છે : મળેલું અખંડપણે કેમ જળવાઈ રહે, તેની તેને હંમેશ ચિંતા હોય છે. આ બધું હોય તો તો તીર્થ મળ્યું તે સફળ થાય. કોઇ કહે–'સંપૂર્ણ આરાધવાની તાકાત આવે, શરૂઆતથીજ તેવી તાકાત હોય, ત્રુટી શરૂઆતથીજ ન થાય, તોજ આરાધવું :' તો એ બને? શાસ્ત્ર કહે છે કે–ભાવના જરૂર એવી હોય કે, સંપૂર્ણ તાકાત

ક્યારે આવે અને શરૂઆતથી જરાપણ ત્રુટી ન થાય એવી યોગ્યતા ક્યારે આવે! પણ કોઇ કાળે એવું બન્યું નથી કે–શરૂઆતથીજ સંપૂર્ણ આરાધના થાય અને ત્રુટી ન આવે. ભણવા જનારો પહેલેથીજ એમ માને કે–એકવાર સાંભળવાથી યાદ આવે તોજ ભણવું, તો તે ભણી શકે? પચીસવાર કહે તોયે યાદ ન રહે, સો વાર ઘુંટે તોયે ભૂલે, નક્કી કરેલામાંએ ચૂકે, તો પણ કહે કે–ભૂલાય, ચૂકાય, પણ ઉદ્યમ કરીએ તો એકકા–હુશીયાર થવાય. ચાલવા પણ એમ ને એમ શીખ્યા હતા? ટીચાઇને, અથડાઇને, પછડાઇને શીખ્યા હતા. જન્મ્યા કે તરત તો નહિને? બાળકના પગ જમીન પર ગોઠવવામાંએ ઘણી મુશ્કેલી પડે છે. ચાલવાની વાત તો વેગળી છે, પણ જમીનપર પગ ઠરાવવામાં, અરે ગોઠવવામાં કેટલી મુશ્કેલી? ચાલતાં શીખતાંએ પછાડો ખાવી પડે, ડાચું, નાક, ઢીંચણ, છુંદાઈ જાય: આ બધું બન્યું તો આજે કેવા ચાલી શકો છો! પડવાની કે વાગવાની બીકે ચાલ્યાજ ન હોત, હિતૈષીયોએ તમને ચલાવવાની તૈયારીજ ન કરી હોત, તમારી દયા ખાધી હોત, તો તમે જીવત કે મરી જાત? હિતૈષીયો સમજે છે કે–ભલે પડે, ભલે વાગી જાય, ભલે રડી પડે, પણ મારે એને એક વાર જમીનપર પગ ગોઠવીને ચાલતો તો કરવો છે. ચાલતાં શીખવતાં પણ આંગળી આપે અને વળી ખેંચી લે: વળી આંગળી આપે અને ખેંચી લે. (**સભા૦** બધાને અનુભવ છે.) એ અનુભવ અહીં તમે ભૂલી જાઓ છો, માટે યાદ કરાવું છું. હવે કોઇ કહે કે–'આંગળી છોડી દીધી તે બાળકને પટકવા, રોવરાવવા:' –તો તે ન્યાય કે અન્યાય? શરીરની સુખશાંતિ માટે જે જે

સાધનોનો ઉપયોગ કરો છો, હિતૈષીયોની ક્રિયાના જે અર્થ કરો છો, તે અર્થ અહીં કરો તો કદીયે વિપરીત ભાવના પણ નહિ થાય. પૂરો વિચાર કરી, સમજી, વસ્તુને સ્થિર કરી, મક્કમ બનાવો કે–તેમાં પરિવર્તન ન થાય. હિત માટેના પ્રયત્નોને વ્યવહારમાં યોગ્ય માનો છો: માતા, પિતા, કુટુંબીયો, વડીલો, બજારના હિતૈષીયો જે સલાહ આપે, શીખામણ માટે કટુ શબ્દો પણ કહે, આળસુ છો એમ કહે, કાનપટ્ટી પણ પકડે, ધોલ પણ મારે, અપમાન પણ કરે, તમે નાલાયક છો એમ પણ કહે, આ બધામાં તમે તરત માનો છો: અને અહીં આવો ત્યાં બધી ભાવના પલટાય શાથી? શરીર પર પ્રેમ છે તે આત્મા પર પ્રેમ નથી: માટે કહેવું જોઇએ કે–હજી આત્માને સંપૂર્ણ ઓળખ્યો નથી.

તમારૂં શું?,—શરીર કે આત્મા?

શરીરની સેવા લગભગ ચોવીસે કલાક કરો છો. આ સેવામાં એક બે કલાક કાઢો, તેમાંએ શરીરની સેવા પહેલી. આ કેવી દશા? આ બધી વસ્તુ તમારા હૈયામાં પ્રવેશ પામે તે માટે આ વાત છે. શરીરમાંજ સર્વસ્વ માન્યું, શરીરની સારવારમાંથીજ પરવારો નહિ, ત્યાં શું થાય? તમે બધાને ખવરાવો, પીવરાવો, સાચવો, કુટુંબીયોનું ભલું કરો, તે તમારા પોતાના શરીરની રક્ષા માટે! એમાંથી પરવારો ત્યારે અહીં આવોને! શરીરપરના મમત્વને તમે ખસેડી નથી શકતા, ત્યાં સુધી આત્મા પ્રતિના મમત્વને કયી રીતે જગાડી શકાય? સેવા કરવાની છે આત્માની અને ચાલે છે શરીરની: મુંઝવણ અહીં છે. અહીંજ મતભેદ થાય છે. શરીર પોતાનું કે

આત્મા પોતાનો ?, એમાંએ શંકા–એ કયી રીતે બને ? તમારા એ શરીરપરના મમત્વપર કાપ ન મૂકીયે, ત્યાં સુધી ભગવાન્ શ્રી મહાવીરદેવની આજ્ઞા હયામાં કયી રીતે ઘુસે એ બતાવો! જે આદમી શરીરને પારકું સમજે, તે એની સેવામાં ચોવીસે કલાક સમર્પે ? આ તો કહે છે કે–ભગવાન્ શ્રી મહાવીર-દેવનો ધર્મ સંભળાવો. તે એ કંઇ મુઠ્ઠીમાં પકડી મ્હોંમાં ઘલાય એવો છે ? આગમમાંથી મુઠ્ઠી ભરી ખીસ્સામાં નખાય એમ છે ? મુઠ્ઠી અનાજ–અનાજ છે ? રસબસ છે કે પવાય ? ધર્મ સંભળાય કયી રીતે અને કયારે ? ભગવાન્ શ્રી મહાવીર-દેવનો ધર્મ કંઇ સામાન્ય નથી. ત્યાં સંસારરસિકો સ્થિર ન થઈ શકે: ભાગાભાગજ થાય: દોડાદોડી અને અથડાઅથડી પણ થાય. સમજ્યા ! હસવું ભૂલી જાવ. હસીને બગાડયું. એમ હસાયજ નહિ. ગંભીર બનો. વિચાર કરો. હસીયે કયારે ? આપણું અકબંધ હોય ત્યારે ! ઘેર લગ્નોત્સવ હોય, મંડપ બંધાયો હોય, અને એક બાજુ લાહ્ય લાગે તે વખતે આંસુ આવે કે હસાય ? રોજો નહિ, મુંઝાજોય નહિ, ને હસજો પણ નહિ: ગંભીર બનો ! રોવાનું પામરોને: આપણે રોવાનું નહિ. આપણે તો બહુ કરવું પડશે. મોક્ષમાર્ગ આરાધવો એ કાંઈ નાના છોકરાના ખેલ નથી. આરાધન કરતાં કરતાં ખપી જઇએ તો દુઃખ કે આનંદ ? આનંદ હોવો જોઇએ. ખપવાના તો છીએજ ને ! ઘર–કુટુંબ–મારૂં કરતાં મરો એ ઠીક કે ભગવાન્ શ્રી મહાવીરદેવનો માર્ગ, એની આજ્ઞા, એને પોતાનું કરતાં મરો એ ઠીક ? સમાધિમરણ કોને ? આનું ચિંતવન કરતાં કરતાં મરે તેને ! આના તરફની સદ્ભાવના

જીવતી ને જાગતી રહે અને મરી જવાય તો મૂઆએ જીવતા: પણ જો બીજી ભાવના ઘર કરી ગઇ તો જીવતાંય મુએલા જેવાજ છીએ. ગઇ કાલે 'જય વીયરાય' સંબંધી કહ્યું હતું. તમે ત્યાં જે પ્રાર્થના કરો છો—જે લખાવી આવો છો, તેજ અપાય છે. અમે તમારા નથી, એમના છીયે. આ જીવનની બધી આબાદી, શાંતિ, એ બધું એનામાં રહીએ તો! એમની આજ્ઞામાં ન રહીયે તો આબાદી દૂર થાય. તમે કહો ગમે તેમ, પણ અમે ઓછા માનીએ એવા છીયે? અમારે જીવવું છે! જીવવું છે એટલે શ્વાસની દરકાર છે એમ નહિ: જે શ્રી જિનેશ્વરદેવને માને તેનેં કશાની દરકાર હોતી નથી: એને અશાંતિ કે મુંઝવણ હોતીજ નથી: એને તો સ્વપરનો વિવેક હોય, ઉભયના હિતની ભાવના હોય: રૂચે એણે માનવું, ન રૂચે એને મનાવવા આગ્રહ નથી. અસાધ્ય દરદીઓને ભલભલા ડૉકટરો કે ધન્વંતરી વૈદ્યો પણ સારા નથી કરી શકતા. જ્ઞાનીયો કહે છે કે—અસાધ્ય દરદીનાં દરદ મટાડવાની પંચાયતમાં પડતાજ નહિ: માટે જેને રૂચે તેને કહું છું: ન રૂચે તેને કંઇ કહેવાપણું હોતું નથી. વ્યવહારમાં પણ માબાપ એકવાર, બેવાર, પાંચવાર કે પચીસવાર પુત્રને સમજાવે અને ન સમજે તો કહી દે કે—ભાઈ! તું તારૂં ફોડી લે. તેવીજ રીતે જ્ઞાનીયો કહે છે કે—'અસાધ્ય વ્યાધિનો ઉપાય નથી.' કાલે "જય વીયરાય"માં શી પ્રાર્થના કરી ગયા? જય વીયરાયમાં જે ત્યાં બોલો છો તે સાચું કે બનાવટી? હૃદયથી કે બહારથી છે? ઠગવાની ક્રિયા કે આત્મસાક્ષીની? અહિં છઠ્ઠું ધૂનન અધ્યયન વાંચવાનું છે. પહેલાં ભૂમિકાશુદ્ધિની જરૂર

છે. જય વીયરાય બોલતી વખતે એ ત્રણ લોકના નાથને ઓળખવા જોઇએ. ધ્યાન પર આવવું જોઇએ કે—એની સેવા જેટલી લાભ કરનારી છે, એટલીજ એની આશાતના હાનિ કરનારી છે. સાચા હૃદયથી થયેલી સેવા લાભ કરનારી છે. ત્યાં દંભ કેળવાય તો ભયંકર હાલત બને છે. મંદિરમાં દુનિયાદારીની વાતચીત ન થાય: હાંસી, મશ્કરી અને કજીયા વિગેરે એ પવિત્ર સ્થાનમાં ન થાય.

જે માગો છો તેજ મળે છે કે બીજું?

'જય વીયરાય' વીતરાગ પાસે બોલનારની કયી દશા હોય? જે બોલો છો—જે પ્રાર્થના કરો છો, જે રોગ કાઢવા માટે જે ઔષધ નિર્માણ કરાયેલ છે, તેજ ઔષધ અપાય છે કે બીજું? અમે કમ્પાઉન્ડર એના–તમારા નહિ. જેને જચે તે અહીં આવે, ન જચે તેને આવવા આગ્રહ કે આમંત્રણ નથી. સભા શોભાવવા કે ભલું મનાવવા આવવાની જરૂરત નથી. નાહક સમય બગાડવાનું કામ શું? માગીએ છીએ તે મળે તેમ છે અને બીજું મળે તેમ નથી, એ ખાત્રી હોય તો આવવું. તે ન મળે તો દુ:ખ થવું જોઈએ. ઝવેરીઓ હીરા લેવા જાય કે પથરા? હીરા ન મળે તો પથરા લઇને આવે? નહિજ. પોતાની મહેનત નિષ્ફળ ગઇ એમ માને. તેમ અહીં શું ન મળે તો નિષ્ફલતા માનો? અહિં તમે શું કામ આવો?, એ નહિ વિચારો તો તમે ઠગાશો. અમારૂં કાંઇ જવાનું નથી. તમે આમને માનો છો એવું અમને લાગે છે, આમનો આશ્રય માગો છો એવું અમે માનીયે છીયે, એને લઇને તમે ન પામો તેનું દુ:ખ થાય છે અને દયાનો ઝરો છૂટે છે.

તમારા ઉંધા વર્તાવથી દીલગીરી થાય છે. એના યોગે કાંઇક કડવા શબ્દ કહેવાની ફરજ પડે છે. અને એ ફરજ વ્યાજબી છે, એવું હજી સુધી તો બરાબર લાગે છે. તમે અમારા પર આધાર રાખો અને જો અમે તમને સમતાથી સાચી શીખામણ ન આપીએ ને જરૂર પડે તો કરડા પણ ન થઇએ તો અમે ગુન્હેગાર બનીએ. હૃદયમાં સાચું લાગે તો હા કહેજો, પણ હા કહો તો ચેતનવંતી હા કહેજો. શાંતિ, સમતા અને ક્ષમા શબના જેવી ન જોઇએ. સાચી શાંતિ જોઇએ. જે શાંતિ, સમતા અને ક્ષમા પોતાનું અને પારકાનું હિત ન કરે, અહિત કરે, તે શા કામની ? જે માબાપ છોકરાને સદાચારી ન બનાવે, તે માબાપ છે કે છોકરાના દ્રોહી છે? દીકરાને સુવાડી મૂકે, ચલાવે નહિ, બેસાડી રાખે, સુઈ રહે અને સુખી થા, એમ કહે એ માબાપ ? માબાપ તો તે, કે જે જેમ દિવસ જાય તેમ અંકુશ વધાર્યે જાય. કેડે બેસાડવું સારૂં લાગે, પણ અમૂક વખત સુધી ! તે સમય પછી બાળક કેડે બેસવાનો આગ્રહ કરે તો મારે, રોવડાવે. કહે કે–મને કેડે બેસાડવું ગમે છે, બેસનારને પણ ગમે છે, પણ બેસાડી રાખીએ તો શું થાય? માબાપ તો તે, કે જે કેડે બેસાડવાના સમયેજ કેડે બેસાડે : જરા પણ કેડે બેસાડવાની લાયકાત ગઇ કે ઉતારી મૂકે : આંગળી આપે, મૂકી દે, જોયા કરે કે–રખે પડે ! એનો ઇરાદો એ કે–બાળક ચાલતો બને. જો એ મૂજબ ન ચલાવાય તો એવી ટેવ પડે કે–બાળક, બાળક રહી જાય ! અમૂક વય સુધી બાળકને રમત ગમત કરવા દો, તે પણ મરજી મૂજબ તો નહિ જ! ચપ્પુ હાથમાં લે તો ખુંચવી લ્યોને ? રૂએ તોયે

લઇ લ્યોને? (**સભામાંથી૦** અનુભવસિદ્ધ છે.) એ બધો અનુભવ અહીં લાગુ કરો તો બધો પાર આવે. ગમે તે સંયોગોમાં–ગમે તે પરિસ્થિતિમાં, અમે શ્રી મહાવીરદેવનો માર્ગ છૂપાવવા માગતા નથી. જીવીએ ત્યાં સુધી, શ્વાસની ધમણ ચાલતી હોય ત્યાં સુધી, આપણે આ પ્રઘોષ કરવાના છે. જે અહીં મુંઝાયો તે ગબડયો. શરીર જાય તેની શી હાનિ? નવું મળે. આ જાય તો? સર્વસ્વ જાય. કંટેશ્વરી દેવીએ શ્રી કુમારપાળ મહારાજાને ત્રિશૂળ માર્યું અને શરીરમાં કોઢ રોગ થયો: શરીર બળવા માંડયું: કુમારપાળને એમ થયું કે–શરીરની ચિંતા નથી પણ કોઢ રહી જાય ને મને કોઢીઆ તરીકે જગત્ જૂએ, તો દુનિયામાં જૈનશાસનની નિંદા થાય. લોકો કહે–"લ્યો, ધર્મ પામ્યા, ફળ કાઢયું!" માટે ઉદાયનમંત્રીને કહે છે કે–અત્યારે ને અત્યારે ચિતા ખડકાવી મને સળગાવી દો! ઉદાયન મંત્રી કહે છે કે–'રાજન્! જીવતા હશો તો ઘણો ધર્મ થશે. જીવવા ખાતર દેવીનું માનો અને બલિદાન આપો.' કુમારપાળ કહે છે કે–'શરીરની રક્ષા માટે હિંસા કરૂં તો કાલે દયાનો પ્રચાર કરીશ એની શી ખાત્રી? લોકો પણ કહેશે કે—આપના શરીર ખાતર તો હિંસા કરવા તૈયાર થયા હતા અને પારકે ઘેર શાના ડહાપણ કરવા આવો છો? શરીર તો ફરી પણ મળશે, પણ શ્રી મહાવીર જેવા દેવ, શ્રી હેમચંદ્ર સરખા ગુરૂ, અને દયાધર્મ ફરી ફરી મળે નહિ. ધર્મની સેવામાં શરીર જાય તેનો વાંધો નહિ.' ઉદાયન પણ ખૂશ થઇ ગયો કે–ધર્મી તે તો આવા હોજો. દુનિયાના અનુભવો અહીં લાગુ કરો. બાળકને ચાલતો કરવા કેટલું

કરવું પડે છે? અત્યારે ભલે બાળકને ભૂંડું લાગે, પણ પરિણામે ક્રમે ક્રમે એ બાલક જાતે ખાતો–પીતો–બોલતો થઇ જશે, એટલે દુનિયા પણ કહે કે–માબાપ સારાં કે બાલકને આવા બનાવ્યો. પણ માબાપ જો બાલકને એદી બનાવે તો? હવે કહો કે–'જૈનધર્મગુરૂ તમને કેવા બનાવવા મથે તો ધર્મ-ગુરૂ કહેવાય?' જય વીયરાયમાં તમે જે માગી આવો છો, તે પામી શકો તેવા બનાવે તો ને!'

ગુરૂ સગા જોઈએ છે કે ઓરમાન?

'જય વીયરાય!' ત્વં જય! શું કામ? તમે જયવંતા રહો એ માટે. એની જયમાં આપણી જય છે માટેને? આપણે કંઇ ગાંડા–બાંડા છીયે કે જેની તેની જય બોલીએ? એની જયમાં આપણી જય ન હોત તો જય બોલત? એ કેવા છે? વીતરાગ. તમારા આત્માને પૂછો કે–એ કોણ છે? તું કેમ આવ્યો છે? અને શા માટે હાથે–પગે તિલક કરે છે? રોજગાર ધંધો મૂકી શ્રી વીતરાગ પાસે આવવાનું શું કારણ? 'એ કોણ છે અને તું એમની પાસે કેમ આવ્યો?'—એ વિચાર કરવામાં આવે તો ચક્કર પલટાઇ જાય. એ એવી વ્યક્તિ છે કે જેણે સર્વસ્વ મૂક્યું, ઘોર ઉપસર્ગ–પરિષહ સહ્યા, ભયંકર તકલીફ વેઠી આત્માના કર્મમલને દૂર કર્યા, અનંતુ જ્ઞાન પેદા કર્યું, આખા જગતને જોયું ને આપણા ભલા માટે હતું તેટલું બતાવ્યું! માટે એને ઓળખનાર આત્માની દશા ફર્યા વિના રહેજ નહિ. "ઇચ્છામિ ખમાસમણ"નો દેનાર આજ્ઞા વિરૂદ્ધ ચાલતા બાપનો પણ ન રહે. સૂત્રના જો એક એક શબ્દપર વિચાર કરવામાં આવે, શ્રી જિનેશ્વરદેવના

શાસનના એક એક સૂત્રનું રહસ્ય સમજીને તેના એકએક પદનો જાપ કરવામાં આવે, તો આત્મા જરૂર સિદ્ધિ પામ્યા વિના રહે નહિ: માત્ર હૃદયપૂર્વક થવું જોઇએ. ન થતું હોયતો ગભરાશો નહિ, પ્રયત્ન કરજો, પણ જે કાંઇ કરતા હો તે મૂકી ન દેતા: ત્યાં જવું ન છોડતા. નહિ તો છો તેવાયે નહિ રહો: જતા આવતા છો તો આટલાયે ધ્વનિ કાનમાં પડે છે: આજે કડવા લાગે છે તે કાલે મીઠા લાગશે. વેલણુ ઘાલીને પણ પાયેલી દવા કામ તો કરે. હૃદયના આનંદથી પૂરેપૂરી પીવાય તો જલદી અસર કરે, રોઈ રોઇને અરધી–પડધી પીવાય તો ચાર દિવસ મોડી અસર કરે, પણ અસર તો થાય. બાલકની છાતી પર પગ મૂકી, મ્હોંઢું ફાડી વેલણથી દવા પાવામાં બાળકની લાતો, ગાળો, શ્રાપ ને તિરસ્કાર ખાવાની કેટલી તાકાત કેળવવી પડે છે, એ વાત માતાને પૂછો. માતાનો ઇરાદો તો એજ કે–દીકરો જીવતો રહે. એવી રીતે બળજબરીથી માતાના હાથે દવા પવાયેલાં બાળકો આજે નિરોગી અને બળવાન થઈને ફરે છે. જે માતા એવી ફીકર ન કરે તે માતા નહિઃ તે માતા કહેવાતી હોય તો તે ઓરમાન માતા, પણ સગી માતા નહિ. અમે સગા ગુરૂ કે ઓરમાન ગુરૂ? અમે તમ.ને પારકા નથી માનતા: તમે ગાળ દો, હોહા કરો, ધાંધલ કરો, તોયે અમે તો જે દેવાનું છે તે દઈશુંજ. "મારા"ને સારા બનાવવા એ સહેલું નથી, પણ મારાને સારા બનાવવાના પ્રયત્ન તો કરૂં ને? મારા એટલે એમના (વીતરાગના)! જે એમના નહિ તે મારા નહિ. એમના ન હોય તેમને મારા કરવા માંગતો

નથી ! એમના મટી મારા થવું હોય તો મહેરબાની કરી આઘા રહેજો. એમના થવું હોય તો આવજો. એમણે બધું છોડી દીધું હતું ને સંસારથી ચાલી નીકળ્યા હતા. તમારે પણ એવા બનવું હોય તો આવજો. જે ઔષધ માગી આવ્યા તે લેવું હોય તો આવજો. એના મટીને આવો તો એક પળ પણ મેળ નહિ મળે. જો તમે હૃદયમાં એને ચાહતા હો–એ જે પદે ગયા તે સિદ્ધિપદ મેળવવાની ભાવના હોય, તો તો તમારી ગાળો, તિરસ્કાર, ધાંધલો સહીને પણ તમને હું આ કહેવાનો, કહેવાનો, તે કહેવાનોજ !

(સભા૦ સપૂત ગાળો દે ?)

હમણાં સપૂત–કપૂતની વ્યાખ્યા બાજુ રાખો. હાલ તો ગાંડા–ઘેલા બધાને આપણા માની વાત કરો. લાત મારનાર બાળકને પણ મા સોડમાં સુવાડે. મુતરે તોય બાળકને ખોળામાં બેસાડી ખવડાવે. અરે, ભાણામાં મૂતરના છાંટા પડ્યા હોય તોય મા ગુસ્સે ન થાય. મૂતરશે માટે તળાઇમાં ન સુવાડે એમ ? તળાઇમાંજ સુવાડે, પણ ભોંય ન સુવાડે. માતા સમજે છે કે–બાળકમાંથી બાળકપણું ગયા પછી કહેવાપણું નહિ રહે. માબાપની પણ ફરજ છે કે–કપુતને સપુતની જેવા બનાવવા મહેનત કરવી. અભવિ જેવા લાગે ત્યારે વાત જૂદી, પણ અનંત જ્ઞાની કહે છે કે–તમે હૃદયના જ્ઞાતા નથી : વાત વાતમાં મુંઝાતા નહિ, કરૂણા ભાવના જીવતી રાખજો અને અપકારી ઉપર પણ

ઉપકાર કરવાના પ્રયત્ન કર્યે જવા. ગમે તેમ બોલે ને વર્તે, પણ ગભરાવું નહિ: ફરજ બજાવ્યા વિના રહેવું નહિ. ગમે તે સંયોગમાં આ કરૂણામય ઘોષ અખંડપણે ચાલુ રાખવો છે. મરકીથી બચાય, પ્લેગની ભયંકર હવાથી બચાય, પણ ધર્મથી વિરૂદ્ધ જતી હવાથી બચવું કઠીન છે. એ હવા સ્પર્શી ન જાય, એની કાળજી રાખવાની ખાસ જરૂર છે. ગમે તેવાને પણ પોતાના બનાવવાની ભાવના છે. પોતાનાને સારા બનાવવાનું કામ મારૂં પણ છે. એ બનાવતાં ગાળ, શ્રાપ, લાત, તિરસ્કાર, વિગેરે ખમવાની ધીરજ જોઇએ. વાત એટલી કે-સગપણનો સંબંધ જોઇએ. દુનિયામાં કહેવત છે કે-બાલ્યકાળમાં સગી મા મરશો મા: ઓરમાન માના પનારે કોઈ પડશો મા. ઓરમાન માના પનારે પડેલા જીવે તે પણ મરવાની આળસે. કોઇ ઓરમાન મા સારી પણ હોય, પણ તે અપવાદ. ઓરમાન માની નિશ્રાએ પડેલાં છોકરાંનાં મ્હોં પર નૂર નહિ: એને કોઈ પૂછે કે-કેમ છે? કહે કે-જેમ છે તેમ છે: મા ગઇ તે કંઇ વેચાતી લવાય! તમે પણ સગી માને વશ પડજો: ઓરમાન માને વશ ન પડજો. સગી મા તમારા મ્હોં કે આંસુ તરફ નહિ જૂએ, પણ ભલા તરફ જોશે. બાળકનું ભલું કરતાં બાળક ઉછળે બી, પણ મા સમજે-હોય, બાળક છે. સમજદાર થશે, હાલતો-ચાલતો થશે, બોલતો થશે, ઠીકઠાક થશે, એટલે આપોઆપ પગે માથું મૂકતો આવશે અને તે વખતે જેટલું કહીશું તેટલું સાંભળશે.

*

હજી તો શ્રી જિનેશ્વરદેવના અનુયાયીને શ્રી જિનેશ્વરદેવની ઓળખ કરાવવાનું ચાલે છે. આ એવું સ્થાન નથી કે-પેઠા ને નીકળ્યા : પેઠેલાનો બહાર નીકળતાં પગ ન ચાલે. પેસતાં જોસબંધ આવે પણ નીકળતાં પગ ન ઉપડે. નીકળતાં તો આત્મા અહીં હોય ને ખોખું ત્યાં જાય. પણ આત્માને જે ઘેર મૂકીને ખોખાને અહિં લાવે તેનું શું થાય ? કેટલું પરિવર્તન ! એવી દશા ફેરવશોને? એ ફેરવવા માટે જરૂરી પ્રયત્ન કરવા જોઇએને? 'જય વીયરાય' માં પછી બીજા પાદમાં તમે શું કહ્યું ? તમારો અને અમારો સંબંધ નિકટનો છે. માબાપ તમારી ખાવા-પીવાની અને વેપાર વિગેરેની ચિંતા કરે, ત્યારે અમે તમારા માટે શું કરીએ તે કહો.

સાચા હિતૈષિઓ કોણ ?

" होउ ममं तुह पभावओ भयवं । "

અને ત્યાર પછી કેટલું બધું માગ્યું ! આ કહ્યા પછી બહાર અવળા ચાલો તો તમારી કિંમત નાશ પામે છે. 'હે ભગવન્ ! તારા પ્રભાવથી હો !' શું હો ? માગણીનો ધોધ ચાલ્યો ! પણ માગતાં પહેલાં હૈયાને પૂછ્યું કે-'સાચું માગે છે કે ઠગવિદ્યા કરે છે ?' વીતરાગે તો કહ્યું-આવો અને આજ્ઞા પાળો તો સિદ્ધિપદ મળે : ન પાળો તો સંસારમાં રહી જાઓ : અને આજ્ઞાને ઠોકરે મારો તો રખડી જાઓ. પાળે તે તરી જાય, ન પાળે તે રહી જાય અને ઠોકરે મારે તેનું શું થાય, એ જાણો છો ? અનંતકાળ સંસારમાં રખડવું પડે

અને ધર્મની પ્રાપ્તિ દુર્લભ થાય: ન પળે તો કાંઇ નહિ, પણ આજ્ઞાને ઠોકરે મરાય? દાતાર નહિ બનો તે શાસનમાં નભશે, પણ ઝુંટવી લેનારા બનો તે નહિ ચાલે! શ્રી જિનેશ્વરદેવની પૂજા ન કરે તે કહે કે–લાચાર, નથી કરી શકતો, પણ એમ કહે કે:–' કરી કરી હવે, પૂજામાં શું પડયું છે?' તો કયી હદ? તમારાથી વડીલોની–માલીકની સેવા ન થાય તો થાય ત્યારે કરજો, પુણ્યોદય જાગે ત્યારે કરજો, આવતે ભવે કરજો, ભવાંતરે કરજો, પણ તેની સામે યથેચ્છ પ્રલાપ ન કરતા. મ્હેમાન ઘેર આવે એને ન બોલાવો તે ભલે, પાટલા પર બેસાડી ઘીની વાઢી ઉંધી ઢોળી ન જમાડો તે ભલે, પણ અપમાન તો ન કરતા. મ્હેમાન સમજશે કે–એની ભાવના અગર સ્થિતિ નથી, પણ અપમાન કરો તો એ એનાથી ન સહાય. મ્હેમાનને આવતો રાખવો હોય તો બેસો તો કહેવું પડે. ધક્કો મારો તો ઘરે ફરી પગ મૂકે? સેવા ન થાય તો ભવાંતરે પણ કરવાની ભાવના છે ને? કે આવાજ રહેવું છે? શ્રી જિનેશ્વરદેવનું શાસન શું કહે છે? દુનિયાની જેટલી ચીજો છે તે તમારી નથી: તમે વળગી રહો તોયે એ તમારી સાથે આવવાની નથી: તેની પૂંઠે પાયમાલ થઇ જાઓ તોયે આપત્તિ વખતે તમને એ શાંતિ આપનારી નથી. જે ચીજ શાંતિ આપનારી છે ત્યાં નમતા થાઓ: સેવાય તો સેવો–ન સેવાય તો હાથ જોડો, પણ વિરૂદ્ધ બનતા નહિ. આ વાત છેલ્લી હદે શ્રી જિનશાસને કહી. આટલું એ નહિ કરો તો ભવાંતરમાં બહુ ભયંકર હાલત થવાની. તમે જૂઓ છો કે–દુ:ખી ઘણા છે. કોઇને

ખાવાપીવાનું મળતું નથી, કોઈની એવી દશા છે કે-સામે જોવું ગમતું નથી, અને તમે બધા બરાબર કુટુંબપરિવાર-વાળા છો. તમે આવા બન્યા તેનું કારણ કહો! પૂર્વે કર્યું છે માટે ને? જેના યોગે આ મળ્યું છે, એ મળેલામાં લીન થાઓ-એવા લીન થાઓ કે મૂળને ભૂલી જાઓ, તો તો દીકરો બાપને ભૂલી જાય એવી વાત થઈ. નામ કેમ આખું લખાવો છો? બાપ મરે તોય નામામાં બાપનું નામ લખાવો છો ને? આ બાપને ન ભૂલો અને સાચા બાપને ભૂલી જાઓ, એ ક્યાંનો ન્યાય? તમારી ભૂલો બતાવવાને મને કારણ છે. દુનિયામાં બધા તમને સારૂં કહેનારા છે. દુનિયા એવી છે કે-ગાંડાને પણ ડાહ્યા કહે: મનમાં સમજે કે-અમારા બાપનું શું જાય છે? એનું બગડવાનું છે. તમને તમારી ભૂલ વીણી બતાવનાર કોઇ નથી. મને વિચાર થાય છે કે-એવી ભૂલોમાં પડ્યા રહ્યા અને પેલાઓના ફુલાવ્યા ફુલાઇ રહ્યા, તો આખરે પોલ કુટવાની છે અને પીડા પામવી પડશે. એ વખત ન આવે માટે શોધી શોધીને હું ભૂલ બતાવું છું. ભૂલ ન બતાવું અને તમને દાનવીર, શૂરવીર, ધર્મવીર, કહ્યા કરૂં એમાં તમારૂં કલ્યાણ છે? કહ્યા વિના તમને ભૂલની ખબર પડે શી રીતે? બજારમાં પણ સાચા હિતૈષીયો કાણ? અણીને વખતે આવીને કહે કે-બહુ ચઢયા છો પણ બજાર જોઈને કામ કરજો, તેજીમાં ભરાઇ ગયા છો પણ બજાર મંદી તરફ જાય છે, ડાહ્યાઓને પૂછીને કામ કરજો નહિ તો નળીયાં વેચવાં પડશે અને આબરૂ લાખની તે કાખની થવાની? જેને લાગણી હોય તેજ આ બધું કહે ને? અમે શું કહીએ? લાલ

પીળામાં, દુનિયાના રંગરાગમાં ન ફસતા : દહાડા ભરાઇ રહ્યા છે : તૈયારીયો થઇ રહી છે : ભીંત પડશે, વીજળી પડશે, ઉલ્કાપાત થશે, જ્વાલામુખી ફાટશે, ખપી જશો, પત્તો નહિ લાગે : કયાં જશો તેનું ઠેકાણું નથી ! તમે ખાઓ-પીઓ, બંગલા-બગીચામાં રહો, મોટરો ફેરવો, નાટકચેટક જૂઓ, એમાં અમને દુઃખ થવાનું કાંઇ કારણ ? અમને એ થાય છે કે-આમાં ને આમાં ફસી ગયા તો ભયંકર દુર્દશા થશે. આ બધું ઘેર વિચારવા કહું છું. મનન કરજો. એમ લાગે કે-એ બધું ભયંકર છે, આત્માને મલીન કરનારૂં છે તો છોડજો. તમે રંગરાગ ભૂલો નહિ અને તમને કોઇ છોડવાનું બતાવે પણ નહિ તો થાય શું ? ધર્મગુરૂની હદ શાસ્ત્રે માબાપ કરતાં ઉંચી કહી છે. માબાપ ગમે તેવાં તોયે મોહવશ અને સ્વાર્થવશ : ગુરૂ તો નિર્મોહી. એજ સાચી ભૂલો બતાવશે. જૂઠું બોલીને આવશો તો કદાચ માબાપ હાથ ફેરવશે, પણ ધર્મગુરૂ નહિ ફેરવે : અનીતિ કે અન્યાયથી પાંચસે કમાઇને આવે તો માબાપ એનો સ્વીકાર કરી કદાચ હુશીયાર કહેશે, ગુરૂ નહિ કહે : બાયડી પરણો તો માબાપ ખૂશ થાય, ગુરૂ ન થાય : પાટલે બેસી માલપાણી જમો તો માબાપ ખૂશ જ થાય, પણ ગુરૂ તો કહે-ભોળા ! ઇંદ્રિયોમાં ન ફસાતો : રસમાં લીન ન થા : ઇંદ્રિયોના રસમાં લીન થયો તો બધું ગયું : પૂર્વની કમાઇનું ફળ ચાલ્યું કે પછી ભયંકર દશા આવે છે. રંગરાગ, વિષયકષાય અને ઇંદ્રિયો પર જેમ બને તેમ વધારે અંકુશ મૂક, કે જેથી ભવિષ્યમાં રૂડું બને. તમે ગમે તેમ કહો, પણ જ્યાં સુધી મારી પાસે

આવવાના, ત્યાંસુધી આવનારને આ વસ્તુ કહ્યા વિના હું રહેનાર નથી. ઈરાદાપૂર્વક લેવા આવનારને હું ન બતાવું તો ગુન્હેગાર ખરાને !

સરજ્યન અને કંપાઉન્ડર

તમે શું માગી આવ્યા ? ભ–વ–નિ–વ્વે–ઓ. સંસારમાં આત્મા એટલો લીન બન્યો છે કે–છટકતો નથી: હે ભગવન્ ! તારા પ્રભાવે મ્હને ભવ પ્રત્યે નિર્વેદ થાઓ ! તમે જેમાં રહ્યા છો, તે પ્રત્યે નિર્વેદને? તમે જે સંસારમાં રહ્યા છો, તે સંસાર ખરાબ છે કે નહિ ? ખરાબ છે છતાં રહ્યા છો એમને ? રહેવાની ઈચ્છા નથી માટે જ એવી પ્રાર્થના કરીને અહીં આવો છો ને? તમે જેને ખરાબ કહો, તેને હું સારો કહું તો ઓઘો લાજે કે નહિ ? આ સંસાર તજવાની ભાવના લાવ્યા વિના છૂટકો નથી. ભવાંતરે પણ લાવવાની તો છેજ. નથી રૂચતું તેને માટે પણ આ કથન લાભદાયી છે : દુર્ગતિમાં પણ નિમિત્ત પામીને કદાચ યાદ કરી શકશે કે–સાધુ તો ઘણુંએ કહેતા હતા કે–' સંસાર છોડો '–પણ ન છોડયો. શાસ્ત્ર કહે છે કે–સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યો ત્યાં રહેલા બીજા શ્રી જિનેશ્વરદેવની મૂર્તિના આકારના મત્સ્યોને જોઈ સમ્યક્ત્વ પામે છે. એ સમુદ્રમાં દરેક આકારના મત્સ્યો હોય છે. શ્રી જિનેશ્વરદેવની મૂર્તિના આકારના મત્સ્યો જોઇ ખ્યાલ કરતાં જાતિસ્મરણના યોગે એમ થાય કે–આવા દેવ પામીને પણ હારી ગયા. ત્યાં સમ્યક્ત્વ પામી દેવાદિગતિએ જાય. તમે ઉંચા–નીચા, વાંકા–ચુંકા, આડા–અવળા થાઓ, બબડો, પણ હું મારૂં આ આપવાનો. હું કમ્પાઉન્ડર

શ્રી જિનેશ્વરદેવરૂપ સરજ્યનનો: મારૂં કામ એમની લખેલી દવા આપવાનું: તમે પહેલીજ દવા 'ભ–વ–નિ–વ્વે–ઓ' લખાવી લાવ્યા: ભવ ખરાબ છે તે ધ્યાન ખીંચ્યું: એ સરજ્યને કહ્યું કે–આ દવા દો અને હાથેજ પાઓ. કેટલાક દરદી એવા છે કે–ઘેર જઈ દવા ઢોળી દે. દુનિયાના કમ્પાઉન્ડર તો પગારદાર,–એ એટલી મહેનત ન કરે. અમે પગારદાર નથી. અમારે તો વાટવું, ઘોળવું, પાવું, બધુંય અહીં. ઉલટી કરો તો હાથ ધરીએ, પણ ઉલટી અહીં કરજો. કેટલાકને ઉલટી થાય ને કેટલાક આંગળાં ઘાલીને ઉલટી કરે. અહીં ઉલટી કરશો તો ઝટ દવા મળશે. અહીં 'ભવનિવ્વેઓ' માટે આવ્યા છો. નિર્વેદ, એટલે સંસારને કારાગાર સમજવો તે. કારાગાર એટલે કેદખાનું! તમે સંસારને કેદખાનું સમજો છો? મુદત નહિ પાકી હોય માટે પડ્યા રહ્યા હશો? મારા જેવો તમારી સીપારસ કરી મુદત કપાવે તો તમે તૈયાર છો? તમે એટલું કહો કે–તમારા વચન ખાતર તૈયાર છીયે તોયે બસ. કેટલાક કેદી પણ એવા રીઢા હોય છે કે–બહાર કાઢે તોયે ના કહે: એને તો કેદમાંજ મજા આવે. તમે એવા તો રીઢા નથી. માગો છો બરાબર પણ અવસ્થા રીઢા જેવી બની ગઈ છે: ખસવું વસમું લાગે છે. શ્રી જિનેશ્વરદેવ આગળ જઇએ: આપણને હીનકોટિના માનીએ: કહીએ કે–એ તારક અને હું ડુબેલો, એ શુદ્ધ અને હું મલીન, એ કર્મરહિત અને હું કર્મથી આવરિત, એની હયાતિમાં મારી હયાતિ અને એના અભાવમાં મારો નાશ. હે વીતરાગ! આ સ્વરૂપે પણ નિરંતર તું જયવંતો રહે. ભગવન! તારા પ્રતાપે મને સંસારનો

નિર્વેદ હો. સંસારને કારાગાર સમજી નીકળવાને તાકાતવાન બનું, એ મારી દશા કર. 'ભ-વ-નિ-વ્વે-ઓ.' આ દશા આવ્યા વિના આગળનો એક પણ ગુણ વાસ્તવિક રીતિએ આવે તેમ નથી. મૂળ પાયો જોઇએજ. પાયા વિનાનો મહેલ ટકે ? પાયા વિનાનો મહેલ,-બેસનારને, રહેનારને અને એની છાયામાં ઉભા રહેનારને પણ ભયંકર છે. એ લોભ ન કરતા કે-એ રૂપાળો, રંગીલો, સુંદર દેખાતો, દેવવિમાન જેવો છે. એવા મહેલમાં પણ-પાયાવગરનો હોય તો કોઇ બેસવાનું કહે તો કહેજો કે-ના ભાઇ ! નહિ બેસું: ક્યારે ગબડે એની શી ખાત્રી ? મારે શું કહેવાનું છે ? ધર્મપ્રાસાદનો પાયો 'ભવનિવ્વેઓ' જોઇએને ? ભવ કારાગાર ન લાગે તેને આ ન જચે. ઔષધ પાનારને જેને ભવ મીઠો લાગતો હોય તેનો ઉધમાત તો સહન કરવો પડે. હું કહી ગયો છું કે-તમારી પાસે કોઇ શ્રી જિનેશ્વરદેવના માર્ગ વિરૂદ્ધ બોલે તો સમજાવજો, ના માને તો નવકાર દેજો: આપણાથી એમનું બૂરૂં ન ચિંતવાય અને એમના ભેગા ડૂબાય પણ નહિ ! જમીન એવી છે કે-ભૂલે તે લપસે: કાઢનારે સાવચેત રહેવું જોઇએ: સામાનું કાંડું પકડવું ને પગ ન ખસવા દેવો: એ પડે તોયે અક્કડ રહી ઉભો કરવો: સૂઇ જાય તોયે ખસ્યા વિના ઉભો કરવો: ઉંચકીને લઇ જવો: લાતો ખાવી પણ ગબડવું નહિ. સામાનું કલ્યાણ કરવું, એ નાનાં છોકરાંની રમત નથી. મુંઝાયા વિના શ્રી જિનેશ્વરદેવના માર્ગમાં અડગ રહી, માર્ગને પ્રચારવા, ખીલવવા, એના વધુ આરાધક અને રક્ષક બનવા-બનાવવા, કાર્યવાહી કરવાની જેમ અમારી

ફરજ, તેમ તમારી પણ છે. આપણો નાતો સગો છે,–ઓરમાન નથી. અમે સગા ગુરૂ ને તમે સગા શ્રાવક : આપણા બેયના તારક શ્રી જિનેશ્વરદેવ. જેમ દૂધમાં ઘી તેમ આત્મામાં સિદ્ધિપદ છે. માખણ કાઢવાની ગોળીમાં રવૈયો ક્યારે ફરે ? દૂધનું દહીં કેવું લીસું થાય ત્યારે ! રવૈયા ખીંચનારા કેવા હોય ? મજબૂત, પસીને રેબઝેબ થાય તોય ખીંચ્યેજ જાય એવા હોય. ખીંચતાં એવો ઘોંઘાટ થાય કે–ઉંઘતા જાગે. ખીંચવાની વાત તો દૂર છે. હજી તો ગોળીમાં દૂધ નાખવાની વાત છે, ત્યાં તા પંચાત છે, પોષક દૂધની સાથે નાશક દૂધ પણ હોય છે. ગોળીમાં તો પોષક દૂધજ નખાય. એ દૂધને ઓળખવા માટે યંત્રો કાઢવાં પડશે. અસ્તુ. આગળ શું શું આવે છે, તે હવે પછી—

[૭]

શાસન ૨૧૦૦૦ વર્ષ રહેવાનું છે, પણ તે શી રીતે ?

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજીએ મંગલાચરણ કરતાં, તીર્થની પ્રશંસા કરીને એમ બતાવ્યું કે—આ તીર્થ સદાને માટે જયવંતુ છે અને અમૂક ક્ષેત્રમાં જયાં સુધી એ રહેવાનું છે ત્યાં સુધી જયવંતુ જ રહેવાનું છે: કારણ કે—એનામાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ સુયોગ્ય વિચારનો બહિષ્કાર પણ નથી. તેના સિદ્ધાંતો અનેક રીતિએ એવા સિદ્ધ થએલા છે કે—તેને સેવનારો જરૂર સંસારથી મુકત થાય જ: માટે જ તે તીર્થ આ વિશ્વમાં શાશ્વત કાળ સુધી રહેવાનું છે. દુનિયામાં એની સરખામણીમાં ઉભું રહી શકે એવું કોઇ તીર્થ નથી અને માટે સઘળા શ્રી જિનેશ્વરોએ શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. એ તીર્થ પામેલાઓએ પોતાની જાતના ભલા માટે, આત્માના કલ્યાણની ખાતર, એને અખંડિતપણે સેવવા —સાચવવા માટે, જેટલી શકિત હોય તેટલી વેડફી નાખવી જોઇએ. આ તીર્થમાં પોતાના ભલાપણાની ક્રિયામાં સામાનું ભલું પણ એકાંતે સમાયેલું છે, એમાં કશો શક છેજ નહિ. એક એક વ્રતનો વિચાર કરો. આપણે અહિંસક બનીએ તે એટલાજ માટે કે—કોઇપણ પ્રાણીને ઇજા ન થાય: આપણે મૃષાવાદનો ત્યાગ એટલા માટે જ કરીએ કે—કોઇને પીડા ન થાય: કોઇ ચીજ અનુમતિ વિના ન લેવી, કારણ કે—લઇએ તો સામાને દુઃખ થાય. અબ્રહ્મમાં તો અનેક જીવોનો

સંહાર બેઠેલો છે, માટે એનો ત્યાગ ન કરીએ તો એ સંહારના ભાગીદાર થઇએ: પરિગ્રહના યોગે અનેક આત્માને તકલીફમાં મૂકવા પડે છે તે ન મૂકવા પડે, માટે પરિગ્રહનો ત્યાગ. જે જે ક્રિયાઓ પોતાના કલ્યાણ માટે યોજાએલી છે, તે બધી ક્રિયાઓમાં પોતા સાથે પારકાનું ભલું નિયત છે. સામાને પાપથી રોકવાના પ્રયત્નમાં પણ ભાવના એ કે–એ દુર્ગતિએ ન જાય. જૈનશાસનમાં એવી કયી ક્રિયા છે, કે જેમાં પોતાના ભલા સાથે પારકું ભલું ન હોય? પરન્તુ વાત એ છે કે–વસ્તુ વસ્તુ તરીકે જચવી જોઇએ.

*

શરૂઆતમાં ટીકાકાર મહર્ષિ તીર્થનો મહિમા ગાતાં બતાવી ગયા કે–એક પણ સુવિચાર માટે બહિષ્કાર નથી અને એક પણ અયોગ્ય વિચારને સ્થાન પણ નથી. જેણે વસ્તુની સુંદરતા જાળવવી હોય, તેણે કચરો ન પડે તેની કાળજી રાખવી જોઇએ. ચિત્રકાર ચિત્ર દોર્યા કરે, પણ તેના પર ધૂળ પડે તો ચિત્ર રદ થાય, માટે બારી બંધ કરે તેમાં વાંધો છે? એની ભાવના ચિત્ર મલીન ન થાય એ છે. એક પણ અયોગ્ય વિચારને શાસન ન નિભાવે, તે શાસનની સુંદરતા માટે જરૂરનું ખરૂંને? કોઇ કહે કે–જીવનાર હશે તો જીવશે: આયુષ્ય નહિ હોય તો જીવનાર નથી એમ માની અગ્નિથી બચાવ ન કરે, અગ્નિની ચિતામાં પડે, અગ્નિની જ્વાળા આવે તોયે ખસે નહિ, અગ્નિ બુઝાવવાના ઉપાયો ન કરે, તો એ યોગ્ય છે? ઘરમાં રહેલી મીલ્કતને પાણીથી તણાતી, અગ્નિથી બળતી, કે ચોરથી ચોરાતી બચાવો કે નહિ? વિશ્વા-

સઘાત કરી કોઇ લઇ ન જાય તેની કાળજી રાખો કે નહિ ? સાચવવાના પ્રયત્ન કર્યા પછી જાય તો કહો કે-પ્રયત્ન કર્યો પણ ગયું, તેનો ઉપાય નહિ. પ્રયત્ન ન કરો ને જાય તો દુનિયા તમને ડાહ્યા કહે કે મૂર્ખા ? શ્રી મહાવીરદેવે કહ્યું કે-શાસન એકવીસ હજાર વર્ષ ચાલવાનું એ નક્કી : પણ સાથે એ પણ કહ્યું કે-સાચવનાર યુગપ્રધાન પણ ૨૦૦૪ થવાના. એ થશે જ માટે એ રહેશે જ. પેઢીને ચલાવનારા હશે તો પેઢી રહેશેને ? યંત્રથી ચાલનારી ચીજોની ચાવી તો ફેરવવી પડેને ? કોઇ કહે કે-શાસન ટકવાનું છે, માટે મહેનત કરવાની જરૂર નથી : તે કયાં સુધી સાચો છે તે વિચારો. અનંતજ્ઞાનીયોએ જે જોયું છે તે બનવાનું તો છેજ : એમાં પરિવર્તન કોઈ કરી શકે તેમ નથી : પરંતુ અલ્પજ્ઞાની આત્માઓની ફરજ છે કે-એની રક્ષા માટે ઘટતો પ્રયત્ન કરવો જોઇએ. જેઓ શું જરૂર છે એમ કહે છે, એ સૂચવે છે કે-તેઓને હજી વસ્તુની મહત્તા ઠસી નથી. જે વસ્તુ માટે પૂરો પ્રેમ હોય, તે વસ્તુ માટે અસદ્‌ભાવના જાગતી નથી. શ્રી કુમારપાલ મહારાજાને મરણાંત કષ્ટમાં પણ એ ભાવના ન થઇ કે-કયાં આ ધર્મ સ્વીકાર્યો કે જેથી દુર્દશા થઈ ! જે વસ્તુ પ્રત્યે સદ્‌ભાવ હોય-પ્રેમ હોય-મમત્વ હોય, એ વસ્તુની રક્ષા માટે ચાહ્ય તેવાં સંકટો આવે તો પણ આત્મા નારાજ નથી બનતો. ગૃહસ્થાવાસમાં તમને ઓછી મુશ્કેલીયો આવે છે ? કોઇ દિવસ કંટાળ્યા ? પ્રેમ છે : મારૂં છે, એમ નક્કી કર્યું છે. ઘર ચલાવવામાં કમ જોખમદારી નથી : જૂદા જૂદા સાથે કેમ બોલવું, ચાલવું, આ બધું તમારે

શીખવું પડે છે: પણ ત્યાં કંટાળો આવે છે? મૂકી દઉં, એમ ભાવના થાય છે? '**इदं मदीयं**–આ મારૂં'–એ અંકાઇ ગયેલી વાત છે. કદાચ મૂકવું પડે તો હૈયામાં ઘણી પીડા થાય. શરીરમાં સહજ ફેરફાર થાય તો–ચિંતા થાય કે–શરીર બગડયું, સુધારવા પ્રયત્ન એકદમ કરવો જોઇએ. એટલું મારાપણું જ્યાંસુધી તમને શાસન પ્રત્યે ન આવે, ત્યાંસુધી તમે આત્માને પૂર્ણપણે ઓળખ્યો એ માનવાને જૈનશાસન ના પાડે છે. ધર્મિ કહેવરાવવું ગમે છે, કોઇ અધર્મિ કહે એ ગમતું નથી, પણ ધર્મી બનવાનો પ્રયત્ન થતો નથી! કોઈ તમને જૂઠા કહે તે ખમાય નહિ, ત્યારે તમે સાચા જ છો? એમ પણ નથી. સાચા છો નહિ ને જૂઠા કહે તે ખમાતું નથી, એ કેમ ચાલે? સાચા બનવા કેટલો પ્રયત્ન કરવો જોઇએ? ધર્મિ કહેવરાવવું સહેલું છે, એથી ધર્મી બનવું એ કંઇગુણું કઠીન છે. પૂર્વ પુરૂષોએ અનેક આપત્તિયો સહીને પણ આ આગમને સાચવ્યું તે કયી ભાવનાએ? એ બધા પુષ્પની શય્યા ઉપર સુઇ રહેતા હતા એમ? એમને આવેલા સમય આપણા ઉપર આવ્યા હોત તો આજે શું થાત? આપણી કેટલી નિર્બળતા છે તે જૂઓ. બળનો ઉપયાગ ઉત્તમમાં ઉત્તમ વસ્તુના સંક્ષરણ માટે થવો જોઇએ! બલવાન્ કે ધીર બને તે શાને માટે? કોઈનું ભૂંડું કરવા, બગાડવા કે ખરાબ કરવા? નહિ. શાસનમાં જેટલા બળીયા બન્યા તે બધાએ બીજાનું ભલું જ કર્યું. અહીં બલ તથા ભાવના જૂદી જાતિનાં જોઇએ છે. જેટલા પ્રમાણમાં હૃદયમાં વસ્તુ ઉતારી શકાય, તેટલા પ્રમાણમાં ભાવના જાગૃત થાય. ભગવાને પણ કહ્યું, ગણધરોએ

પણ કહ્યું, અને આચાર્યોએ પણ કહ્યું કે–શાસન જયવંતુ છે: પણ એને જયવંતુ રાખવા આપણે આપણી શક્તિ ખરચવી પડશેને? આપણેજ જયવંતુ રાખી શકીએ છીએ, એવું અભિમાન લાવવાની જરૂર નથી: પણ આપણે કાળજી તો રાખવી પડશેને? આ મહાત્માઓએ લખેલું વાંચો તો ખબર પડે કે–કેટલો શ્રમ સેવ્યો છે, સાચા–ખોટાના વિવેક માટે કેટલી મહેનત લીધી છે! સમ્યક્ત્વ અને મિથ્યાત્વ, વિરતિ અને અવિરતિ, પ્રમાદ અને અપ્રમાદ, સત્ય અને અસત્ય–આ બધાનું પૃથક્કરણ કરવા કેટલી મહેનત કરી! પણ એ બધું ન કરતાં, ફાવશે તે કરશે એમ માન્યું હોત તો? તમે દુનિયાના પ્રવીણ બનવા માટે જેટલો અભ્યાસ કર્યો છે, તેટલોય તીર્થના રક્ષક બનવા માટે કરવો પડશેને? આજ સુધી તો કર્યો દેખાતો નથી. આ મહાપુરૂષોને બરાબર ઓળખ્યા નથી અને તેઓની કાર્યવાહી જાણવાની દરકાર પણ કરતા નથી.

શ્રી 'કુમારપાળ ચરિત્ર'–નો એક પ્રસંગ.

કોઇ કહે કે–ધર્મની વાતમાં બોલવાની શી જરૂર?–એમ બોલનારની મતિ ઠેકાણે નથી, એમ મને લાગે છે. જાતની રક્ષા કરો, જે વસ્તુ મૂકી જવાની તે વસ્તુ પાછળ ગાંડા–ઘેલા થઇને ફરો, જવાની વસ્તુ જાય તે વખતે આંખમાંથી પાણી નીકળે, શોક ન શમે, હૃદયમાં દુ:ખ થાય, ડુમો ભરાય, શોકનાં ચિહ્નો ધારણ કરે, ખાવું પીવું ન ભાવે, આ બધું થાય, અને ધર્મ માટે કાંઈ નહિ! ત્યાં મારાપણું છે અને અહિં મારાપણું નથી, તો કલ્યાણ કયી રીતે થાય? જો મોક્ષસુખ જોઇતું હોય અને આપત્તિમાંથી છૂટવું હોય તો આ

શાસન–આ તીર્થપર મારાપણું પેદા કર્યા વિના છૂટકો નથી. ભોગ નહિ આપવાથી એક રાત્રિએ ત્રિશુળ બતાવી દેવી કહે છે:–'માન.' ત્યારે કુમારપાળ કહે છે:–'તું કુલદેવી છો માટે માતા છો: માતાની ફરજ છે કે–બાળકને ધર્મરક્ષામાં સહાય કરે: માતા પ્રાણીના ઘાતને ન ઇચ્છે. આ કબૂલ રાખતી હોય તો ભલે, છતાં હઠ પર આવી હોય અને તારૂં ધાર્યું કરવું હોય તો તારી એક પણ હિંસક વાતને હું માનતો નથી. સૂઝે તે કર—' કુમારપાળને રાજ્ય પ્રિય હતું, અઢાર દેશની માલીકી મૂકી દેવા તૈયાર ન હતા, છતાં પણ આ પ્રસંગે એ ન આવ્યું કે–કયાં આ ધર્મ સ્વીકાર્યો? આવું થાય તો કહો કે–હૈયામાં ધર્મ ઉતર્યો જ નથી. દેવીએ કોપાયમાન થઇ ત્રિશુળ માર્યું, કોઢ થયો, શરીરમાં બળતરા થવા માંડી, છતાં કુમારપાળને એકજ ચિંતા થવા માંડી કે–'આથી ધર્મની ગ્લાનિ થશે.' પણ 'મને શું થશે' એની ચિન્તા ન થઈ. આથી તેમણે વિચાર્યું કે–'બળી મરૂં જેથી લોક જૂએ નહિ અને ધર્મને કલંક લાગે નહિ.' ગુરૂદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા સમર્થ હતા. બચાવ કર્યો. બચાવ થતા, રક્ષણ થતું, પણ મૂદ્દો કુમારપાલની મનોભાવનાનો છે. કોઈ કહે કે–બનનાર વસ્તુ બનશે, નાહકની માથાકૂટ શી? એવા નિશ્ચયવાદી હો તો ખાવાનું શું કામ? શરીરને ટકવું હોય તો ટકશે. નાહકના લોચા વાળવા અને કાઢવા એ શું કામ? ત્યાં તો બરાબર વર્તવાનું? અને અહીંજ થવાનું હશે તે થશે! ખારૂં મમત્વ ક્યાં? જેને મારૂં માનો એ ચોવીશ કલાક યાદ પણ ન

આવે, તેના માટે વિચાર પણ ન થાય, મનમાં કંઇ થાય નહિ, તો એ મારૂં શાનું ? જ્યાં મારૂં માન્યું છે તે માટે તો મરી પડો છો, લોહીનું પાણી કરો છો, તકલીફ વેઠો છો, શરીરની દરકાર પણ કરતા નથી: એટલું જ આને (આ તીર્થને) મારૂં માનો ! તમારૂં આ નથી તો કોનું છે ? શ્રી મહાવીરદેવનું શાસન આપણું નહિ કે ખરૂં ? અમારે તો એ જાતિની મારાપણાની સદ્‌ભાવના પેદા કરવી છે કે–એના યોગે જેટલી હોય તેટલી બધીએ અયોગ્ય વાસનાઓ આપોઆપ ચાલી જાય. આ તીર્થ પર મારાપણું જાગશે તે ઘડીએ, સામાનું ભલું કરવાની જે ભાવના અને સાચી દયા આવશે, તે કોઇ અપૂર્વજ આવશે. ત્યારે તો તીર્થ રોમેરોમ પરિણમશે. આને આઘું મૂકી કાંઇ નહિ કરી શકાય અને જો એમ કર્યું તો છે તેને પણ ગુમાવી દેશો.

<u>પહેલાં ભવનિર્વેદ શા માટે?</u>

'जयवीयराय' દ્વારા કરેલી માગણીમાં પ્રથમ માગ્યું શું ?

"भवनिव्वेओ"

—આ શબ્દ બોલતાં સંસારમાં આસક્ત થયેલા આત્માઓને શું થવું જોઇએ ? ખરેખર, આંખમાંથી આંસુ આવવાં જોઇએ કે હૃદય ભરાઇ આવવું જોઇએ, અને આ ભયંકર પીડારૂપ સંસારથી કંપારી છૂટવી જોઇએ. દરદથી રીબાતો દરદી ડૉકટર પાસે શું બોલે તે તો તમે જાણો છો ને ? જાણવા છતાં પણ જેને આત્માની ચિંતા જ ન હોય તેનું શું ? દયા આવે છે તેથી બોલ્યા વિના રહેવાતું નથી. તમે એમ ને એમ ચાલ્યા કરો અને અમે જો કલ્યાણકારી સલાહ ન

આપીએ, તો ધારેલી સિદ્ધિ કેમ થાય ? તમે પહેલું માગ્યું શું ? ભવનો નિર્વેદ ! રોજ એમની પાસે શું માગો છો ? એજ. મ્હેં ઘણી વખત કહ્યું છે કે-જેવા હો તેવા બહાર આવો. નહિ આવો તોય ભગવાન્ તો ઓળખે છે. અહીં દંભ ન ચાલે. આ જગ્યા જૂદી છે. તીર્થસ્થાને બંધાયેલ કર્મ વજ્રલેપ સમાન છે. કપટપ્રપંચ અહીં ન ચલાવાય. ' ર વાનિવ્વેઓ ' -બોલતી વખતે એ ભાવના ન હોય તો આ સર્વજ્ઞ છેતરાશે નહિ. આ તો સર્વજ્ઞ છે. હરેકના વિચાર જાણે છે. ભોળાને ભમાવવા જતા હો તો ઠીક, પણ શ્રી સર્વજ્ઞદેવ આગળ ? તમે આટલા બધા દિગ્મૂઢ, વિચારશૂન્ય કેમ બન્યા છો ? વિચારમય બનો. વિચારની ધૂન ચોવીસે કલાક જીવતી જાગતી રાખો. તમને હિતૈષી લાગે તેને પૂછો કે-અમારૂં સુખ અને કલ્યાણ કયાં ? આધિ, વ્યાધિ અને ઉપાધિ ન જોઇતી હોય તો કયાં જવું ? અને કયી કાર્યવાહી કરવી જોઈએ ? વિચારવાની તાકાત વિના, સત્યને સમજવાની તાકાત વિના, સત્યને સત્યના આકારમાં મૂકવાની તાકાત વિના, કયાં સુધી બેસી રહેશો ? તમે જે ચીજ માગી આવ્યા તે તો બતાવીએ ને ? અમે તો એ દેવના સેવક છીએ. કાંઇ તમારા ઓછા જ છીયે ! અમે તો જે એમણે બતાવી હોય તે દવા નાખીએ. અમે તો કંપાઉન્ડર. કોઇ કહે કે-'કડવી દવા ન નાખશો'-તો અમારાથી ફેરફાર થાય ? અમે ફેરફાર કરીએ અને નવાજુની બને તો શું થાય ? અમે કહીએ કે-દરદી રોયો હતો માટે આપી, તો કામ આવે ? 'જય વીયરાય' એ તો પ્રાર્થનાસૂત્ર છે. ચૈત્યવંદન તો ઘણાએ કરો છો, પણ જંકિંચિ શું ?, નમુથ્થુણં શું ?, એ

જાવંતિ શું ?, એ વિગેરે કદિ વિચાર્યું ખરૂં ? એમાં તમે પ્રભુ પાસે કયી જાતની પ્રાર્થના કરો છો એનો કદિ ખ્યાલ કર્યો ? એ સૂત્રામાં સારી રીતિએ પ્રાર્થના કરી માગી આવ્યા છો તે તો આપવું પડશે : એમાં નહિ ચાલે. સંસારની વાસના ઢીલીઢબ કરવી હોય, ત્યાં કાચાપોચા શબ્દોનું કામ નથી. દેવાદાર પાસે લેણું લેવા વેપારી જાય, ત્યાં પહેલાં તો શેઠસાહેબ, ભાઇસાહેબ, મહેરબાન, વિગેરે કહે, દાઢીમાં હાથ ઘાલે, બનતું બધું કરે, પણ જ્યારે જાણે કે–આ કાંઈ સીધું માને તેમ નથી, ત્યારે વેપારી શું કરે ? તે ઘડી વેપારી એક એક શબ્દ એવો કાઢે કે જાણે તીર ભોંકાય ! પેલો સમજે કે–શેઠનો પીત્તો ઉકળ્યો, હવે આપવું પડશે. ત્યાં તો લોભની ભાવના–એટલે ખરાબ ભાવના પણ આવે, પરન્તુ અહીં તો કેવળ ઉપકારની જ ભાવના–સામાના ઉત્તમ પ્રકારના હિતની જ ભાવના છે, માટે જે જે શબ્દો નીકળે તે ભલે કડવા પણ હોય, છતાં તેમાં હિતના ફુઆરા જ હોય. ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વિગેરે પુણ્ય પુરૂષોએ પણ સમયે સત્ય કહેતાં અણુભર સંકોચ નથી રાખ્યો. જેવાને તેવા તરીકે બરાબર ઓળખાવ્યા છે. એ પ્રસંગે તો વિકટ સ્થિતિ હતી : આજે સંયમમાં કંઈ તેવી તકલીફ નથી : એ વખતની દૃષ્ટિએ આજની સ્થિાત સંયમ માટે અનુકૂળ છે. એમને હતી તે સ્થિતિ હોત તા આપણે ધર્મિ રહેત કે કેમ ?, તે પણ શંકા સ્પદ છે. એમનાં કામ એજ કરે. આ ભવનિર્વેદ વિગેરે શબ્દો એમને જે રીતે હૈયે વસ્યા હતા, તે રીતે આપણને વસવા જોઈએ. 'ભવનિંવ્વેઓ'–એ તમે સાચા દીલે

માગો છો કે એના સેવક કહેવરાવવા પૂરતું માગો છો? ‘ભવનિર્વેઓ’નો અર્થ શો?–આટલું સમજો તો રસ્તો સાફ થઇ જાય. હું તો રોજ એજ કહું છું અને સ્થળે સ્થળે હરેક અર્થિ આત્માને એ જ કહેવાની ઇચ્છા છે. તમારી પહેલી માગણી પણ એ છે: અમને આજ્ઞા પણ પહેલી એ જ: એટલે કે–સંસારની અસારતા અને દુઃખમયતા સમજાવવાની છે, કારણ કે–ભવનિર્વેઓ વગર આગળનું આવી શકતું નથી. અમને આજ્ઞા એ છે–કે જે આવે તેને પહેલો ભવનિર્વેદ જગાડવો! પ્રાર્થના સમજી જાઓ. ભવ કેવો? અનાદિથી આત્મા સાથે જોડાયલો: અજ્ઞાની આત્માઓને પ્રેમ પણ એનો અને પરિચય પણ એનો જ! સલાહકાર પણ સંસારના રસીઆ અને જોડીદાર પણ તેવા! તમે સંસારમાં બરાબર રહી શકો એની સંભાળ લેનારા પણ ઘણા! આ સ્થિતિમાં ભવનિર્વેદ કરવો તેના માટે સંયોગ વિપરીત છે કે અનુકૂળ? પ્રતિકૂળ છે ને? જે સાથીયો તમારા વગર મજેથી ચલાવી લે તે તમને સારૂં લગાડવા કહે છે કે–તમારા વિના નહિ ચાલે. અને તમે બધા ભોળા એવા કે–માની લો છો. એ તમારા વગર એક દિવસ પણ ભૂખ્યા રહે એવા નથી, છતાં એ કહે કે–તમારા વગર ન ચાલે, તો તે પણ તમે માની જાઓ. આજે શાસનનું શું થઇ રહ્યું છે, તેનો કાંઈ વિચાર આવે છે?

શ્રી સ્કંદકસૂરિ અને તેમના ૫૦૦ શિષ્યો—

આટલી ઝુંપડીની ચિંતા અને જગતનું શ્રેયઃ કરનાર શાસનની ચિંતા જ નહિ? જાતની ચિંતા કરો એટલી તો શાસનની કરો! ધર્મપ્રેમ કેવો જોઇએ? દુનયાની વસ્તુ માટે

ખુવાર થઇ રહ્યા છો. અને ધર્મમાં વાંધા આવે છે? ખરેખર, કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ એક પુણ્યપુરૂષની ભાવના લખતાં ફરમાવે છે કે:—

" तुल्ये चतुर्णां पौमर्थ्ये, पापयोरर्थकामयोः ।
आत्मा प्रवर्तते हन्त ! न पुनर्धर्ममोक्षयोः ॥१॥ "

*

'ચારે પુરૂષાર્થોમાં પુરૂષાર્થપણું તુલ્ય હોવા છતાં ખેદની વાત છે કે—આત્મા પાપરૂપ અર્થ અને કામ પુરૂષાર્થની સાધના માટે પ્રવર્તે છે, પણ ધર્મ અને મોક્ષરૂપ પુરૂષાર્થની સિદ્ધિ માટે પ્રવૃત્તિ નથી કરતો.'

*

અને ખરેખર એ વાત સાક્ષાત્ અનુભવાય છે. શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ શ્રી સીમંધર સ્વામીજીને વિનંતિ દ્વારા અહીંનાં દર્દ કહ્યાં અને કહી દીધું કે—મારે તો હે નાથ! તારા શિવાય બીજો કોઇ આધાર નથી. અહિં તો આ હાલત છે. ન રહેવાયું એટલે ત્યાં કહ્યું. ભાવ-દયાના અંકુરો ફૂટે છે, ત્યારે ધોધ દાબ્યો રહેતો નથી : બહાર નીકળે જ : નથી નીકળતો એટલી ખામી છે. તાત્ત્વિક દયા પ્રગટે ત્યાં બીજી દયાનું રૂપક જૂદું થાય. એ દયા જૂદી જાતિની છે. શ્રી બપ્પભટ્ટી જેવા સોળ વર્ષની ઉંમરે ચઢતી જુવાનીએ છ વિગય તજે અને એ જોઇ ગુરૂ પ્રસન્ન થાય, એ કયી દયા? એમ ન થયું કે—આ વયમાં છ વિગયનો ત્યાગ હોય? પણ વાસ્તવિક પ્રેમ હોય ત્યાં જ આ દયા આવે. શ્રી સ્કંદકસૂરિવરના પાંચસો શિષ્યો ઘાણીમાં પીલાયા. ચારસેં

નવાણું પીલાઇ ગયા. એ આત્માઓને સ્કંદકસૂરિએ એવી કોટિના બનાવ્યા હતા કે–આવા ઉપસર્ગોમાં પણ અડગ રહે. ઉપસર્ગ પણ જેવો તેવો નહિ: પીલવાના યંત્રમાં પીસાવાનું. ત્યાંએ તૈયાર. એક પણ ના નથી કહેતો. શાસ્ત્ર કહે છે કે–માસખમણને પારણે માસખમણ કરે, પણ ગુરૂઆજ્ઞાભંજક હોય તો તે અનંત સંસારી થાય. પાંચસો પૈકીના એક પણ 'ના' નથી કહેતા. યંત્રમાં પીલાય છે. પીલાવું, એ કંઇ નાની સૂની વાત છે? પીલાય, લોહીના ફુવારા છુટે હાડકાં તૂટે, નસો તૂટે: સ્કંદકસૂરીશ્વરજી પણ નિર્યામણા કરાવે અને પીલાનારા પણ ગુરૂ સામે આંખ તથા કાન રાખી હૃદયપૂર્વક કબૂલ કરે કે–કૃપાલો! આપ કહો છો તે બરાબર છે. એવી રીતે ચારસેં નવાણુંનેય નિર્યામણા કરાવી, ક્ષપક શ્રેણિએ ચઢાવી, કેવળજ્ઞાન પમાડી, મુક્તિએ મોકલ્યા.

(**સભા૦** આમ પીલવાનું કારણ?)

કારણ જાણવું છે એમ ને? શ્રી સ્કંધકસૂરીશ્વરજી જ્યારે કુમારાવસ્થામાં હતા ત્યારે તેમના પિતા જિતશત્રુ રાજાની પરિષદ્માં બેઠા હતા. જિતશત્રુ રાજાના જમાઇ કે જે કુંભકાર કટકનગરનાં નરેશ હતા, તેમનો પાલક મંત્રી પણ આ પરિષદ્માં બેઠો હતો. વિવિધ ચર્ચાઓમાંથી ધર્મચર્ચા નીકળતાં એ પાલક મંત્રીએ જ્યારે નાસ્તિકતાનું પ્રતિપાદન કર્યું, ત્યારે ધર્મબુદ્ધિ એવા શ્રી સ્કંદકકુમારથી તે સહી શકાયું નહિ અને તેથી એજ પરિષદ્માં નાસ્તિકતા ને આસ્તિકતાનું વર્ણન કરી પાલક મંત્રીની બધીજ નાસ્તિક વાણીનું તેમણે ખંડન કર્યું. દલીલ ને યુક્તિમાં નહિ ફાવતાં પાલક મંત્રી

તે ઘડીએ તો મૌન થઇ ગયો, પણ એના હૈયામાં ડંખ રહ્યો. આ વાતને કેટલોક સમય પસાર થયા બાદ શ્રી સ્કંદક કુમારે વીસમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રત સ્વામિની પાસે પાંચસો રાજકુમાર સાથે દીક્ષા અંગીકાર કરી. સિદ્ધાન્તાભ્યાસથી તેઓશ્રી ગીતાર્થ બન્યા અને એક વાર તેઓએ પોતાના સંસારી બનેવીને બોધ પમાડવા માટે કુંભકાર કટકનગર જવાની પ્રભુ પાસે આજ્ઞા માગી. પ્રભુએ ફરમાવ્યું કે–'ત્યાં જવાથી તારા શિવાયના બધાજ આરાધક ભાવને પામશે.' શ્રી સ્કંધકસૂરીશ્વરજીએ વિચાર્યું કે–'ભલે, મારે નિમિત્તે ૫૦૦ તો આરાધક થશે!' અને આજ્ઞા લઈ વિહાર કર્યો. જ્યાં કુંભકાર કટકનગર નજદિક આવ્યા, ત્યાં પાલક મંત્રીને ખબર પડી. પોતાના નાસ્તિક મતનું ખંડન કરી સભામાં માનભંગ કરેલું એ વાતનો એને ખ્યાલ આવ્યો ને ખૂબ રોષ ચઢયો. પોતે રાજાને સમજાવ્યો કે–'આ આપનો સાળો એ સાધુ નથી પણ એ વેષમાં ૫૦૦ સુભટોને છૂપાવીને અહીં તમારૂં રાજ્ય છીનવી લેવા આવ્યો છે.' અને જે ક્ષેત્રમાં શ્રી સ્કંદકસૂરીશ્વરજી મહારાજ બીરાજ્યા હતા, ત્યાં નજદિકમાં છૂપી રીતે શસ્ત્રો દટાવી પછી રાજા સમક્ષ કાઢી બતાવ્યાં. બીચારો અજ્ઞાન રાજા આ કાવત્રાખોર મંત્રીની જાળમાં ફસાયો અને એણે આ ૫૦૧ મુનિવરોને જીવતા ને જાગતા ઘાણીમાં પીલવાના હુકમમાં સંમતિ આપી દીધી. દુર્જનો શું નથી કરતા? સત્યનું મંડન થાય અને અસત્યનું ખંડન થાય તેય એમનાથી જીરવાતું નથી! શ્રી સ્કંદકકુમારે તો લોકો અધર્મે ન પામી જાય અને નાસ્તિકતામાં ફસાઇ ન જાય માટે જ

ખંડન કર્યું હતું ને? ખુદ ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામિએ પણ એમાં ભૂલ થઈ એમ કહ્યું નથી. જગતને અકલ્યાણ-કર માર્ગે જતું બચાવવા માટે શકિતશાળી આત્માએ પ્રયત્ન કરવોજ જોઈએ. એમ કરવામાં દુર્જનોથી ગભરાયે ન ચાલે. માટે તો કહું છું કે- દુર્ગતિએ જનારા આત્માઓને સાચા અને પુણ્યશાલિ આત્માઓ સાથે જાણે વૈર જ ન હોય, એવો અનુભવ તેઓ અત્યારસુધી કરાવતા આવ્યા છે, માટે આજે તેવું દેખાય તેમાં કાંઈ નવાઈ નથી.

(**સભા**૦ બધાને સાથે આવું વેઠવું પડયું ?)

વેઠવું પણ પડે. સામુદાયિક કર્મ હોય તો એમ પણ થાય. માટે તો શાસ્ત્રકાર કહે છે કે—પાપથી બચો. પાપના ઉદય સમકાળે પણ આવે. શ્રી સ્કંદકસૂરીશ્વરજીએ ચારસેં નવાણુંને કેવળજ્ઞાન પમાડયું, પાંચસોમા એક બાલ મુનિ હતા. ચારસેં નવાણુને નિર્યામણા કરાવનાર પુણ્યપુરૂષને આ બાળ મુનિપર મોહ થયો, એનું દુઃખ એ જોઈ ન શકયા અને તેથી સ્કંદકસૂરિ પહેલાં પોતાને પીલવાનું કહે છે. જ્ઞાની કહે છે કે–આવા સમર્થ જ્ઞાની મોહના ઉદયના યોગે ભૂલ્યા. ચારસેં નવાણુંની નિયામણા વખતે એમને પોતાની હાજરીની જરૂર લાગી અને પાંચસોમા બાલમુનિ વખતે જરૂર નહિ લાગી, એ મોહ હતો પણ દયા નહિ! પાલક તો શ્રી સ્કંદકસૂરિજીને વધુ પીડા થાય એ જોવા ઇચ્છતો હતો, એટલે એણે માન્યું નહિ. ગુરૂએ બાલમુનિ સામું જોયું. બાલમુનિ પણ સજ્જજ છે. જૈનશાસનની દયા જુદી છે. બાલમુનિ પણ પીલાઇ

કેવળજ્ઞાન પામી મુક્તિએ ગયા. પાંચસેને કેવળજ્ઞાન પમાડી મુક્તિ અપાવનાર કેટલા સમર્થ જ્ઞાની અને એમનો વિરાગ કેવો ઉત્કટ હશે! કોઇ કહે પીલાતા કેમ જોઈ શકાય? પણ જ્ઞાનીયો શરીર પીલાય તેને બહુ વજન નથી આપતા, આત્મા ન પીલાવો જોઈએ. આત્માની ભાવનાઓ ન ફરી જાય એને માટે જ પ્રબંધ થવો જોઈએ. અહીં 'ભવનિવ્વેઓ'માં પણ ભાવદયાની ચિંતા છે, દ્રવ્યદયાની નથી. 'ભવનિવ્વેઓ' નહિ થાય ત્યાંસુધી ભવરૂપ ઘાણીમાં પીલાવાથી છૂટવાના નથી. આત્માના દયાળુ બનો કે તરત બીજાની વાસ્તવિક દયા આવશે. શાસનસેવા કરવાની શા માટે? આત્માની દયા માટે! તારક આ છે એ તો ખાત્રી છે ને? આજ્ઞા પર પ્રીતિ ધરો તો આત્માની દયા થાય. પાંચસેને કેટલો આજ્ઞાપ્રેમ! એ માનતા કે—ગુરૂની આજ્ઞામાંજ કલ્યાણ.

કડવું પણ હિતકારી હોય તેજ અપાય.

અનંતજ્ઞાનીને શું એ ખબર નહોતી કે—તમે બધા દુનિયના ભાગમાં લીન થયેલા છો માટે છોડવું કઠીન પડશે? એમનામાં દયા નહોતી? છતાં કેમ છોડવાનું કહ્યું? જાણતા હતા કે—કલ્યાણ છોડવામાં જ છે. વૈદ જાણે છે કે—ઉકાળો પીતાં દરદીને દુઃખ થાય છે: પાનાર માબાપ પણ એ જાણે છે કે—છોકરાથી શી રીતે પીવાશે? ગંધ પણ લેવાતી નથી એવો ઉકાળો શી રીતે પીવાય? છતાં મ્હોઢું પહોળું કરી, વેલણ ઘાલીને પણ પાય છેને! બચ્ચાંને સુવાડીને માતા, બાળકનું મ્હોં પહોળું કરી વેલણથી દવા પાતી વખતે બાળકની ગાળો, લાતો, તિરસ્કાર વિગેરેને ગણતી નથી. કેવી

તાકાત કેળવી છે ! જેની મા જીવતી હોય તે બધા માને પૂછજો. મા કહેશે કે-એ લાતો ન ખાધી હોત તો આજે તું આ સ્થિતિમાં ન હોત ! માને તો એ લાતમાં આનંદ આવે, મા તો હસે કે-દવા દીકરાને ગળે ઉતરી. લાતને ન ગણે. સંસારના જીવો ઉપર ઉપકાર કરનાર પણ ગાળો તથા તિરસ્કાર ખમવાની તાકાત કેળવે. એ એવી ગાળો વિગેરેની દરકાર ન કરે. જેને અમારા માનીએ, તેને સુધારવા પૂરતો પ્રયત્ન કરવો જોઈએ કે નહિ ? છોકરાની લાતો વિગેરે ખાવાની તાકાત કેમ કેળવી તે મા જાણે. માના ઉપકારની અવધિ નથી : મૂતરે તોય છોકરાને ખોળામાં લે : ભાણામાં મૂતરના છાંટા પડે તોય ગુસ્સો ન કરે. એ સમજે છે કે-મૂતરવાની બુદ્ધિએ મૂતર્યું નથી, પણ મૂતરાઇ ગયું છે. માને ગ્લાનિ ન થાય. અણુસમજુને પણ માતાએ એવા બનાવ્યા કે-જૂઓ તમે બધા કેવા ડાહ્યા થઇને બેઠા છો ! આ માતાનો પ્રતાપ. માતાએ તો આવા બનાવ્યા : અમારે કેવા બનાવવા, એ પ્રશ્ન બાકી રહે છે. તે વખતે તો પગ નાના હતા તે લાત નાની મારતા : હવે મોટા થયા એટલે તેવાઓની લાતો પણ ભયંકર : પણ તે લાતો ખાઇને પણ જેવા બનાવવા હોય તેવા બનાવવા જોઇએ કે નહિ ? કેવા બનાવવા ?-એનો ઉત્તર '**भवनिव्वओ**' આ શબ્દ આપે છે. ભવની ભયંકરતા બતાવવામાં આવે તે વખતે જેને ભવ મીઠો લાગે તે કૂદે, ઉછળે, પણ તેથી એ બતાવનારને ગભરાયે પાલવે ? ડરી ઓછુંજ જવાય ! અમારે તમને કેવા બનાવવા એ નક્કી કરો. માએ તો ખાતાં-પીતાં, ઉઠતાં-બેસતાં, બોલતાં-ચાલતાં શીખ-

વ્યું, અમારે તમને શું શીખવવું?-એ તમે કહેશોને? તમને શું શીખવીએ તો અમે અમારૂં સ્થાન દીપાવી શકીએ?

(સભા૦ સાધુ બીજું આપે તો?)

અરે ભાઈ! તમે નક્કી થાઓ તો સાધુ બીજું આપીજ ન શકે: આપે તો પણ પકડી પાડો! દવા લેવા વૈદ્યને ત્યાં જાઓ, પણ ન મટે તો બીજો વૈદ કરોને? પથારીમાં સુવાડી રાખે તો એ વૈદ કામનો નહિ ને? વેપારી ગમે તેવો ઉઠાઉગીર હોય, પણ ગ્રાહકને માલૂમ પડે કે-એ ઉઠાઉગીર છે, તો પેલો કહે પાંચ તો આ કહે બાર આના: દોઢ રૂપીયે લેવું હોય તોય બાર આના કહે. એને ત્યાંથી લેવું હોય તો પણ ઉઠવાનો ડોળ કરે, ઉઠે: પણ પેલો હાથ પકડે. પેલા વેપારી ઠેકાણે આવે ત્યારે જ પૈસા કાઢે. ગ્રાહક ભોઠ થાય તો વેપારી બેના બાર પણ લે. તમે નક્કી કરો કે—'કેવા બનવું કે જેથી કોઈ ઠગી શકે નહિ.' 'હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા'—એ કહેવત છે. નોકર શાક વાસી લાવે અને કહે કે-આપ્યું તેવું લાવ્યો તો શું કહો? તમે કેવા બનવા માગો છો? અને તમારે ધર્મગુરૂ શા માટે જોઇએ?—એ નક્કી કરો. તમે જે માગો છો-ભગવાન્ પાસે જે એકરાર કરો છો, તે બનાવટ છે કે સાચુંજ તે નક્કી કરજો. સાંભળનાર એ પ્રભુ સર્વજ્ઞ છે. ત્યાં કપટ ન કરતા. દુનિયાની સત્તા શબ્દજાળમાં આવી જાય, પણ એ દેવ ન આવે. સત્યના અર્થિ બનવું હોય તો ભોળવવાની વાત ભૂલી જાઓ. અહીં પણ જૂઠું બોલે, તે બહાર શું ન કરે? જે બોલો તે સાચું બોલજો. હિંસાથી કે જૂઠથી નથી જીતવું. અઢારે પાપસ્થાનકથી છૂટા થશો, ત્યારે એમના

ભેગા થવા જોગા થશો. એમની આજ્ઞા મુજબ વર્તશો તો મુક્તિ મળશે. આજ્ઞા મુજબ મુક્તિ જવું છે એમાં તો શંકા નથી. એ માટે તમારી પહેલી માગણી પણ 'ભવનિંવ્વેઓ'ની છે! અને અમને પહેલી આજ્ઞા પણ ભવનિંવ્વેઓની છે, માટે એજ અમે આપીએ છીએ. અમારાથી એજ આપી શકાય. એ વિનાનું બીજું આપવું એ વિરાધના!

[૮]

ધર્મકુશળ બનવા માટે કર્મકુશળ બનવાની જરૂર ખરી !

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી, મહારાજા, શ્રીઆચારાંગસૂત્રની આદિમાં મંગળાચરણ કરતાં ફરમાવી ગયા કે–શાસન જયવંતુ વર્તે છે. તીર્થ છે ત્યાં સુધી હંમેશ જયવંતુ છે. એનો કદિ પરાજય થયો નથી, થતો નથી અને થવાનો પણ નથી. એકે એક યોગ્ય વિચારને ત્યાં સ્થાન છે અને એકે એક અયોગ્ય વિચારનો એમાંથી બહિષ્કાર છે. ખરાબ વિચાર એમાં એક પણ નથી અને કોઇ પણ સારો વિચાર એમાં નથી એમ પણ નથી. તેના સિદ્ધાંતો અનેક રીતિએ એવા સિદ્ધ થયા છે કે–એને સેવનારો જરૂર સંસારથી મુક્ત થાય જ. એટલા માટે જ એ તીર્થ સદાકાલ રહેવા માટે સરજાએલું છે : એની જગત્‌માં જોડી પણ નથી : અને માટે જ સઘળા શ્રી જિનેશ્વરોએ શરૂઆતમાં એને નમસ્કાર કરેલ છે. તીર્થંકરો પણ એને નમે છે : કારણ કે–એ અનૂપમ છે, શાશ્વત્ છે અને એના સિદ્ધાંતો સેવનારના કર્મરૂપ મલને દૂર કરે તેવા છે. તેમાં એકે એક યોગ્ય વિચારને સ્થાન છે, એક પણ યોગ્ય વિચાર ત્યાં નથી તેમ નથી. એક પણ અયોગ્ય વિચારને ત્યાં સ્થાન નથી, માટે જ એ તીર્થ હંમેશ જયવંતુ છે. માટે જ વખતોવખત કહેવામાં આવે છે કે–તીર્થ પામ્યા બાદ સાચવવાની, એનું રક્ષણ કરવાની જોખમદારી ઘણી મોટી છે. એ પામ્યા બાદ આત્માના આખા જીવનનો પલટો થવો જોઇએ. આ તીર્થના સેવકની ફરજ છે કે–એક પણ અયોગ્ય

વિચારને ટકવા ન દેવો અને એક પણ યોગ્ય વિચારના સ્વીકારમાં આનાકાની ન કરવી. તીર્થ સદૈવ જયવંત છે એમાં તો શંકા નથી. ભલે જયવંત છે, છતાં તીર્થનો સેવક એની રક્ષા માટે પ્રયત્ન ન કરે? જો પ્રયત્ન ન કરે તો શાસન જીવતે છતે પણ તીર્થનો સેવક તો રક્ષક ન જ કહેવાય. આ તીર્થના સેવકની ફરજ કયી? એક પણ અયોગ્ય વિચારને પોતામાં ન આવવા દે અને એક પણ સુયોગ્ય વિચારને જવા ન દે. એના સિદ્ધાંતોના સેવનમાં આત્માને ઢીલો પડવા ન દે કે એમાં અસ્થિરતા આવે એવો વિચાર થવા ન દે. શ્રી તીર્થંકરદેવો કેવળજ્ઞાન પામ્યા બાદ પણ તીર્થને નમે છે, એવા તીર્થને જે પામે તે પરમ પુણ્યવાન. આપણે પામ્યા માટે આપણે પણ પરમ પુણ્યવાન. પરમ પુણ્યવાન કહેવરાવ્યા પછી જોખમદારી ઘણી મોટી છે. અધિકાર મેળવ્યા પછી અધિકાર સાચવવાની જોખમદારી ઓછી નથી. તીર્થ પામ્યા એમ કહીએ અને સાચવવાની જોખમદારી સમજીએ નહિ, તો તીર્થ પામ્યા તે કામનું શું? ચિંતામણિ મળ્યા પછી ભીખ માગવા જાય, તો લોકો એને મૂર્ખો જ કહેને? આ તીર્થ પામ્યા બાદ—આ તીર્થનો મહિમા હૃદયમાં ઉતર્યા બાદ, આત્મા એકે એક અયોગ્ય વિચારથી હમેશાં કંપતો રહે: જ્યારે અયોગ્ય વિચારને સ્થાન આપવાની ભાવના થઇ, કે તીર્થ હારી જવાય. એક પણ સુંદર વિચારને હૃદયમાં સ્થાન આપવા પ્રયત્ન ન થાય, સિદ્ધાંતોથી ખસવાની ભાવના આવે અને તેના શાશ્વત્‌પણામાં શંકા થાય, તો એ તીર્થ હારી જવાય. શ્રી તીર્થંકરદેવોથી સેવાયલા અને જગત્‌માં જેની જોડી નહિ

એવા તીર્થને પામેલા આત્માને એ તીર્થના શાશ્વતપણામાં શંકા હોય જ નહિ : તેના સિદ્ધાંતોમાં શંકાની ભાવના પણ ન હોય : એવા આત્માને એક પણ સુંદર વિચારના સ્વીકારમાં આનાકાની ન હોય : અને એક પણ અયોગ્ય વિચાર લાવવાની મૂર્ખાઇ ન હોય. આ તીર્થ પામેલા માટે આટલી બધી જોખમદારી છે. અસ્તુ.

*

શ્રી આચારાંગ શાસ્ત્ર, ભગવાન્ શ્રી મહાવીરદેવે સારાય જગત્ના હિત માટે કહેલ છે. આપણે એ સૂત્રનું 'ધૂત' નામનું છઠ્ઠું અધ્યયનન વાંચવું છે, તો તે પહેલાં ઘટતી તૈયારી કરવી જોઇએ. ધૂનન થાય ત્યાં તો મજબૂત આદમી ટકે. તમારા હાથે અનાદિ કાળથી જે વિષય–કષાયાદિના પાયા મજબૂત કર્યા છે, તેને તમારા હાથે જ ખોદાવવાના છે : તમારૂં બાંધેલું તમારે ખોદવાનું છે : ત્યાં મારાપણું રહી જાય તો તે ન બને.

(**સભા૦** કમ્મે સૂરા ધમ્મે સૂરાનો અર્થ શો ?)

આ વાત કહેવાઇ ગઈ છે. ગઇ કાલે પણ કહેવાઇ છે. એનો આશય એ જ છે કે–જે આત્મા કર્મમાં શૂરવીર હોય તેને, કદાચ સુગુરૂનો યોગ મળે અને ધર્મ પામી જાય, તો જરૂર એ આત્મા ધર્મમાં પણ કમાલ કરે. પણ ધર્મશૂર બનવા ઇચ્છનારે કર્મશૂર બનવું જ જોઇએ, એ કાયદો શ્રી જિન-શાસનમાં નથી. એક આત્મા અયોગ્ય ક્રિયામાં એટલો બધો ઉન્મત્ત બની ગયો છે કે જેની સીમા નહિ : એને કોઇ મહર્ષિ મળી જાય, અને તેમનાં વચનો તેનામાં પરિણામ પામી જાય, તો એ આદમી પોતાના જે બળનો ઉપયોગ દુનિયાના

નાશમાં કરી રહ્યો હતો, તે દુનિયાને તારવામાં કરી શકે. બળ કામમાં તો આવવાનું જ. મન-વચન-કાયાના યોગના વેગને, ચૌદમે ગુણઠાણે પહોંચ્યા શિવાય, સંપૂર્ણપણે રોકી શકાય તેમ નથી. નદીના વેગબંધ વહ્યા આવતા પૂરને કોઇ રોકવા પ્રયત્ન કરે તો તણાઇ જાય. પાણીના પૂરમાં એ તાકાત છે કે-મોટા પહાડના પહાડને પણ ભેદીને જગ્યા કરે. નદીના પૂરને રોકવાનો પ્રયત્ન ન કરતાં, જો એની દિશા ફેરવી પાંચ-સાત કે દશ નીકો કરી એના વેગને બધે જવા દે, તો નાશ કરનાર પૂરનેય સ્વાધીન બનાવી દે, એમાં કશી જ શંકા નથી. અહીં પણ તે હદ આવ્યા શિવાય મન, વચન, ને કાયાના બલને રોકાય નહિ, પણ આશ્રવમાર્ગમાંથી સંવરમાર્ગમાં લવાય. સુગુરૂયોગે એ થાય, પણ એ કાયદો તો નથી જ કે-સંવરમાર્ગે આવતાં પહેલાં આશ્રવમાર્ગ કેળવવો જોઇએ. વ્યવહારમાં જે બુદ્ધિમાન્ છે તે અહીં આવે તો મૂર્ખા બને, એમ તો નથીને ? જે બુદ્ધિનો ઉપયોગ ત્યાં કરે છે તે અહીં કરે : બુદ્ધિ ઉંધે માર્ગે જતી હતી તે સીધે માર્ગે જાય, તો કામ થઇ જાય. અહીં બુદ્ધિ કેળવનારે ત્યાં કેળવીને આવવું, એ કાયદો નથી.

માગણીનું સ્વરૂપ સમજો.

'જય વીયરાય' સાધુ તથા શ્રાવક રોજ બોલે છે. કોઈ સાતવાર બોલે તો કોઈ ત્રણવાર, તો કોઇ એકવાર. સાતવાર નહિ, ત્રણવાર નહિ, પણ એકવાર તો બોલો છોને ? કોની પાસે બોલો છો ? પ્રભુની પાસે. મૂર્તિ એ શું ચીજ છે ? "જિન પડિમા જિન સારિખી." એટલે મૂર્તિને શ્રી

જિનેશ્વરદેવ માનીને સેવીયે છીયે. જેઓ એમ ન માને તેને બાજૂ પર મૂકો. અહીંની ક્રિયા વજનદાર હોવી જોઇએ કે પોલી ? મૂર્તિને શ્રી જિનેશ્વરદેવરૂપ માનો છો, માટે ક્રિયા ઢીલી–પોચી ન કરો. દુનિયાનો વ્યવહાર નભાવવા વચનની જે કીંમત છે, તે અહીં સમજો. વચનની કીંમત ત્યાં કરતાં અહીં કેઇ ગુણી અધિક આવવી જોઇએ. વ્યવહારમાં વચનથી ફરી જાઓ તો તમને કોઇ ધીરે નહિ અને બહુ તો તમારો આ લોક સીધો ચાલે નહિ: પણ અહીં બોલીને ફરી જાઓ તો અનેક ભવ બગડી જાય. શ્રી જિનેશ્વરદેવની આગળ જેટલું બોલાય છે, તે બોલતાં રોમરાજી વિકસ્વર થવી જોઇએ. બધા વિચારની છાયા આત્મા પર પડવી જોઇએ. એક એક શબ્દ હૃદયને ભેદીને નીકળવો જોઇએ: ફોનોગ્રાફની ચૂડી માફક નહિ, પણ બરાબર અંતરને સ્પર્શીને બહાર આવવો જોઇએ. પ્રભુની આગળ બીજું બોલો છો તે હાલ બાજૂ રાખો–પણ જય વીયરાયમાં તમે જે માગણી કરો છો, તે એટલી બધી મોટી છે કે જેનો સુમાર નથી. એમાં છે તે ઔષધ એકવાર ખાઇ લ્યો તો કામ થઇ જાય.

(**સભા૦** જે વસ્તુની માગણી કરીયે છીયે, તે મેળવવા પ્રયત્ન ન કરીયે તો વિરાધકપણું ખરૂં ?)

આનું સમાધાન તો કરૂં છું, પણ એ સમાધાનથી શિથિલતા ન આવે તેની કાળજી રાખવાની સૂચના કરૂં છું. પ્રયત્ન ન કરવા માત્રથી વિરાધકપણું ન આવે: દુર્ભાવ આવે તો વિરાધકપણું આવે. કમતાકાતના યોગે કે હૃદયની વિશુદ્ધિના અભાવે, પ્રયત્ન ન કરાય એમાં વિરાધકપણું

આવે તો તો જુલમ થઇ જાય: પણ એ પણ ખરૂં કે-પ્રયત્નમાં બેદરકારી કરીએ તો એ છેટું ને છેટું જાય અને જેમ છેટું જાય તેમ આપત્તિ આવે, માટે બેદરકારી પણ ન હોવી જોઈએ.

(**સભા૦** માગણી તો મોટી છે, અને તાકાત ન હોય તો?)

શ્રી જિનેશ્વરદેવના શાસનનો કાયદો છે કે-જે ચીજ શ્રી ગણધરભગવાન્ માગે તે બાળક પણ માગે: મેળવે ભલે શકિતના પ્રમાણે, પણ માગણી તો એકજ! માગણીમાં ભેદ નહિ: અમલમાં ભલે ભેદ હોય. પ્રભુના શાસનમાં સર્વ-વિરતિ, દેશવિરતિ અને સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ રહી શકે છે. એકનો સર્વ ત્યાગ છે, બીજાનો થોડો ત્યાગ છે, અને ત્રીજાનો ત્યાગ નથી-માત્ર ત્યાગની ભાવના જ છે: પણ બધાયનું ધ્યેય એકજ છે. ત્રણેની માંગણી એકજ. અમલની વાતમાં આ પ્રશ્ન સંભવિત. અહીં તો માન્યતાની વાત છે. જેટલા દરદી આવે તેમાં, કોઇનું દરદ ચાર મહીને મટે એવું હોય, કોઇનું છ મહીને મટે તેવું હોય ને કોઈનું અઠવાડીયે મટે તેવું હોય. એ બધા મનમાં સમજતા હોય, પણ બધા ડૉકટરને કહે શું? ઝટ મટાડો. ભલે ક્ષય હોય, પેટમાં ભયંકર દર્દ હોય, નહિ જેવો તાવ હોય, પણ એ બધાય કહે કે-ઝટ મટાડો. કોઇએ એમ કહ્યું કે-મોડું મટાડો? મનમાં સમજે કે-દરદ મોટું છે, ચૌદ દહાડે મટે એવું છે, તોય કહે કે-ચાર દહાડે મટાડો. ડૉકટર કહે કે-ઉતાવળ ન કરો, આ બીજાનું દરદ ચાર દહાડે મટે તેવું છે, પણ તમારા દરદને

વખત લાગશે : તોય દરદી કહે કેઃ-'એની પાસે પાંચ લેતા હો તો મારી પાસેથી પચાસની ફી લો, પણ મને બે દહાડે મટાડો.' ભલે મટે ગમે ત્યારે, પણ બધા દરદીઓની માગણી કયી ? માગણીનું વાસ્તવિક રૂપ નથી સમજાયું. વ્યવહારમાં જૂઓ કે-એક માણુસ પેઢી પર જઈ કલાક બેસી આવે ત્યાં પચાસ હજાર કમાય અને બીજો છ કલાક બેસે તોયે માંડ રોટલા મળે, તો પણ એની ઇચ્છા કયી ? એજ કે-મારે પણ મોટર જોઇએ: મળે કે નહિ તે વાત જૂદી. પ્રાર્થનાના ને પ્રાપ્તિના ભેદ સમજો. ચોથા આરાના જીવો મુક્તિની ઇચ્છા કરે અને પાંચમા આરાના જીવો શાની ઇચ્છા કરે ?

(સભા૦ મુક્તિની.)

કારણુ ? મુક્તિ અહીંથી અત્યારે મળે તેમ નથી. ચોથા આરામાંયે કોઇ જીવને ખૂદ જ્ઞાનીયે કહ્યું હોય કે-મુક્તિ માટે પાંચપચાસ ભવની વાર છે, છતાંય તે માગે તો મુકિતજ ને ? મગાય તો એજ. દેવગતિ માગે તો તો આપત્તિ વધી જાય. માગવાની તો મુક્તિ-જ. બીજું ગમે તે મળે તોય માગણી તો એજ. પ્રાર્થના તો ઉંચી જ હોય. પ્રાર્થનામાં ભેદ તો પરિણામે ભેદ થવાના અને પ્રાપ્તિ ફરી જવાની.

ભાવના બધાની એકજ—

ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ, આ ત્રણ ભિન્ન વસ્તુઓ છે, એ કહેવાઈ ગયું છે. ચૌદમે ગુણસ્થાનકે પહોંચવા જોગી પ્રવૃત્તિની તાકાત બીલકુલ નથી. ચૌદમે ગુણઠાણે પહોંચીએ

તેવી દશાના તેવા પરિણામ પણ નથી થતા: સવારે રાઇ પ્રતિક્રમણ કરનારાઓ શું વિચારે છે? ભગવાન્ શ્રી મહાવીરદેવે છ મહીનાનો તપ કર્યો. એ તપ છે ઉંચો, પણ થાય તેમ નથી: તાકાત નથી: પરિણામ પણ નથી: ભાવના જરૂર છે. ઉતરતે ઉતરતે જ્યાં સુધી તાકાત નથી ત્યાં સુધી આમ કહે: છ મહીનાનો તપ કરવાની વાતમાંય ભાવના તો જરૂર કે-હું પણ એ તપ કરૂં: એવો વખત ક્યારે આવે: પણ તાકાત નથી અને પરિણામ પણ તેવા થતા નથી. પરિણામ શક્તિને પણ આધીન છે. પરિણામ પ્રકાશમાં આવે તે પ્રવૃત્તિ. સંસાર છોડવાની વાતમાં ભાવના છે કે-છાડું, પણ એવા પરિણામ થતા નથી. જો જ્ઞાન થાય તો વ્યસની સમજે છે કે-વ્યસન ખરાબ છે, ભયંકર છે, વ્યસનની સામગ્રી ન મળતાં બેહાલ થાઉં છું, રોજ થાય છે કે છોડું તો સારૂં, પણ છોડું એવા પરિણામ થતા નથી. છૂટી જાય તો સારૂં એ ભાવના છે. ખોટાને ખોટા તરીકે નહિ માનનારા જો ભણેલા કહેવાતા હોય, તો પણ તે ભણેલા નથી, કારણ કે-તેમનું જ્ઞાન તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. 'મૂકાય તો સારૂં'-એ ભાવના અને 'મૂકું'-એ પરિણામ! પરિણામ થયા બાદ કાર્ય. પરિણામ ચાલ્યા પણ જાય: માટે શાસ્ત્ર કહે છે કે-શુભ પરિણામ આવે કે ઝટ કાર્ય કરો. શુભ પરિણામ દુર્લભ છે, માટે ઝટ અમલ કરો. પાપના પરિણામમાં વિચાર કર્યા વિના કદમ પણ ન ભરો અને શુભ પરિણામના અમલમાં વિલંબ ન કરો. ચોથા ગુણઠાણે પણ ભાવના તો ઉંચી: ભગવાને સંઘમાં ગૃહસ્થ અને સાધુનો યોગ સાથે કેમ રાખ્યો? રીતિનીતિ તો ન્યારી

છે. તમારૂં એક ગામ—અમારૂં કોઇ ગામ નહિ: તમારે ઘર છે—અમારે તે નથી : તમારે માથે પાઘડી અને અમારે તે નહિ : તમારામાં અને અમારામાં ભેદ તો ખરોને? છતાં શાસનનાં ચાર અંગમાં તમે પણ ખરાને? કારણ?—ધ્યેય, પ્રાર્થના, ભાવના એકજ છે માટે! અમે મોક્ષ ઇચ્છીએ છીએ અને તમે બીજું ઇચ્છા છો? અમે અહિંસક ભાવને ઇચ્છીએ છીયે અને તમે હિંસકભાવ ઇચ્છો છો? અમે સત્યવાદ ઇચ્છીએ છીએ અને તમે અસત્યવાદ ઇચ્છો છો? અમે અચૌર્યભાવમાં રમીએ છીયે અને તમે ચોરી કરવા ઇચ્છો છો? અમે સ્રીસંગનો ત્યાગ ઇચ્છીયે છીયે અને તમે શું તેનો સંસર્ગ ઇચ્છો છો? અમે નિર્ગ્રંથપણામાં માનીએ છીએ અને તમે પરિગ્રહપણું ઇચ્છો છો? નહિજ. અહીં અત્યારે માત્ર ઇચ્છાનીજ વાત ચાલે છે. બંધનને ઢીલાં કરવા માટે ધૂનન કરવાનું છે: માટે ભાવનામાં—વિચારમાં ખૂબ મજબૂત બનો! મોહના મહેલના પાયાને મૂળમાંથી હલાવવાના છે: મોહમાં ફસી જે કાર્યવાહી કરો છો તે કાપવાની છે: માટે આપણે પ્રાર્થનાનો વિચાર કરી રહ્યા છીએ. જેની સલાહ લેવી હોય તેની સલાહ લો, જ્યાં વિશ્વાસ હોય ત્યાં પૂછો, અને સમજો કે—"**सुखं कुत्र वर्तते?**" સુખ ક્યાં વર્તે છે? અમને પણ તમે તોજ માનો કે—જ્યાં સુધી અમે ભગવાન્ શ્રી મહાવીરદેવના હોઇએ: એ ગેરંટી છે. અમનેજ માનવા તમે બંધાયલા નથી. આજ્ઞાથી વિરૂદ્ધ બનેલી વ્યક્તિ પ્રત્યેના રાગને શ્રી જિનેશ્વરદેવના શાસનમાં મિથ્યાત્વ કહેલ છે. વ્યક્તિમાં રહેલી સદ્‌વસ્તુનો રાગ હોઇ શકે. જ્યાં એ

વસ્તુ ન દેખાય ત્યાં રાગની જરૂરજ નથી, પરંતુ ત્યાં તો ત્યાગજ હોય. ધ્યેય એક ન હોય તો તમારો અને અમારો યોગ બને ?

જૈનશાસનની મૈત્રી ભાવના શું છે!

जय वीयराय जगगुरु । તારી જયમાં અમારી જય, માટે હે જગદ્‌ગુરૂ વીતરાગ ! તું જયવંત રહે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી તું જ્યાં સુધી જયવંતો, ત્યાં સુધી અમારી જય. તમારા કરતાં ઉંચા શરીરવાળા, ત્રણ ગાઉના શરીરવાળા, અસંખ્યાત વર્ષોના આયુષ્યવાળા, ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યો પણ અકર્મભૂમિમાં છે. છતાં તેઓની ત્યાંથી સીધી મુક્તિ થતી નથી. એનું કારણ ત્યાં વીતરાગ અને વીતરાગનું શાસન નથી માટે ! જેની જયમાં આપણી જય રહેલી હોય તેનીજ આપણે જય બોલાવીએ : દેવની, ગુરૂની, ધર્મની અને બહુ તો શાસનદેવની જય બોલાવીએ : પણ બીજાની નહિ. જય વીયરાય બોલતાં ખરે હૃદયમાં ડૂમો ભરાવો જોઇએ : પણ તે ક્યારે ભરાય ? વસ્તુ સમજાય તો ! ચલચિત્ત થઇ જાઓ છો તેનું કારણ ? ચિન્તવન કરતા નથી એજ. બાકી શ્રાવકની કરણી પણ જ્ઞાની પુરૂષોએ એવી ગોઠવી છે—એમાં એટલો બધો સમય નિયત કર્યો છે કે—જો તેમ કરવામાં આવે તો આત્મા સંસારના કોઈ પણ પદાર્થ તરફ ઢળે નહિ. પણ કરણી લગભગ મૂકી દેવાઈ છે. ત્રિકાળ જિનપૂજનમાં એક કાળ આરાધો, તેમાં પણ અધુરૂં ! પૂજાનાં ઉપકરણો પણ એવાં અનુપમ હોવાં જોઈએ કે જે જોઇ ઇતર પણ જોવા થંભે. પશ્ચિમના લોકો આબુ ઉપર શું જોવા આવે છે ? કોતરણી.

પણ એ જોતાં જોતાં કોને માટે આ કોતરણી કરાઇ, એ એમના હૃદયમાં વાસ કરી જાય છે. ભાવશુદ્ધિ માટે દ્રવ્ય શુદ્ધિની બહુ જરૂર છે. દિવસે દિવસે સ્થિતિ વધે તેમ ઉપકરણો ઉત્તમ ઉત્તમ રાખવાં જોઇએ. વિચારો કે-અહીં જે મનોવૃત્તિ રહે છે, તે બજારમાં કેમ નથી રહેતી ? સ્થાન ફર્યું તેથી ! અહીં દ્રવ્યશુદ્ધિ છે. કોઇને ન થાય તે વાત જૂદી. જ્યાં દ્રવ્યશુદ્ધિ ઉંચા પ્રકારની, ત્યાં ભાવના પણ ઉંચા પ્રકારની થાય. મહારાજા કુમારપાલ મધ્યાહ્નકાલની પૂજા હર-રોજ 'ત્રિભુવનપાલ વિહાર' નામના મંદિરમાં કરતા. ચતુરંગી સેના સાથે જતા. શ્રીમાનો તેમની ભેળા ભળતા. એમને પણ એમ થાય કે-મહારાજા કુમારપાલ જેવા આટલો આટલો સમય કાઢે, તો આપણે કેમ ન કાઢીએ ? મહારાજા કુમારપાલ ઠાઠમાઠપૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરતા. શાસ્ત્રમાં વિધિ છે કે-શ્રીમંત ઠાઠમાઠથી ઉપાશ્રયે સામાયિક કરવા આવે. ઋદ્ધિમાન્ ઋદ્ધિ લઇને આવે : સાહ્યબી સાથે આવે અને જોનારાને થાય કે-શેઠ પણ સામાયિકનો વખત કાઢી સામાયિક કરવા જાય છે. બતાવવા માટે કાંઇ આ નથી, પણ એ ક્રિયાથી ઇતર આત્માને ભાવના જાગૃત થાય કે-આટલી પ્રવૃત્તિમાં પણ આ શેઠ સામાયિક ભૂલતા નથી. અપ્રશસ્ત ગર્વ ન આવી જાય તેની કાળજી રાખવી જોઇએ. પારકું ભલું કરતાં પોતાનું ઉંધું ન વળે, એ બહુ સાચવવાનું છે. ઉપદેશકે પણ કલ્યાણની કામનાથી ઉપદેશ દેવો : કોઇને તે ન રૂચે એથી નારાજ નહિ થવું : ઉપદેશ એ અનુગ્રહ શિવાયની બીજી બુદ્ધિથી દેવાનો નથી. ખ્યાતિ, પૂજા, પ્રસિદ્ધિ માટે ઉપદેશ દે તો તે ધૂળ

ઉપર લીંપણ જેવું છે. શ્રી જૈનશાસનમાં મૈત્રીભાવનાનું સ્વરૂપ લખતાં કહે છે કે:—

“ परहितचिंता मैत्री । ”

*

‘પારકાના હિતની ચિંતા એ મૈત્રી ભાવના છે.’

*

અમે તમને ઉપદેશ આપીએ કે–આ ન ખાવું, તે ન પીવું, તે શાથી? અમે ન ખાઈએ અને તમે કેમ ખાઓ તેથી? એ ઈર્ષ્યાથી નહિ, પણ કેવળ તમારા હિતનેજ માટે!

ભાષાસમિતિનો ભંગ શેમાં?

શાસ્ત્રશ્રવણ દુર્લભ છે. તેર કાઠીયા ત્યાંએ સતાવે છે. ઘેરથી વ્યાખ્યાનનું શ્રવણ કરવા આવે: માનીનેજ આવે કે–મનુષ્ય જન્મ મળ્યો છે: દેવપૂજા, ગુરૂવન્દન, વ્યાખ્યાનશ્રવણ, એ બધું થાય તેટલું ઉત્તમ છે: પણ પેલો મોહ ત્યાંએ પોતાના સુભટો મોકલે. મોહ વિચારે કે–ભાઇબંધ ભાવનાએ ચઢયા છે. પ્રયત્ન એવા કરો કે–ત્યાંથી છટકે. આળસ વિગેરે કાઠીયાને તો દૂર કર્યા, પણ છેવટે વ્યાખ્યાનમાં પેલો માન કાઠાયો આવીને ઉભા રહે. કહેતાં કહેતાં મુનિ કહે કે–‘તમે આવા.’ તરત પેલો માન કાઠીયો ભાઇબંધને ઉશ્કેરે. તરત બોલે કે–સાધુનો આ આચાર આપણને આવો કહેનાર એ કોણ? આવું શાથી બોલાય? માનથી! ધન્નાજીએ શાલિભદ્રને કાયર કહ્યા હતા. શાલિભદ્રે એમ ન વિચાર્યું કે–મને કાયર કેમ કહ્યો? વિચાર્યું કે–‘કાયર છું માટે કાયર કહ્યો અને તે પણ મારી કાયરતા દૂર કરવા માટે:

મને કાયર કરવા માટે નહિ, પણ મારામાં શૂરવીરતા આવે માટે મને કાયર કહ્યો. એમાં વાંધા શો ?' અહીં શું ? મહારાજ કહે છે એ બધું ખરૂં,—પંચ કહે તે માબાપ, પંચ પરમેશ્વર, પણ મારી ખીલી તો નજ ખસે ! મહારાજ કહે તે ખરૂં પણ—પણ શું એ બોલાને ? પણનો પાંચમણીયો રાખો એ ન પાલવે. હું કહું છું કે—મીઠા કરતાં કડવું સાભળવાના વધુ રસીયા બનો ! તમારી ખામી કહેનાર મળે ત્યારે તમારા ઉદ્ધારની તૈયારી થઈ એમ માનો ! તમને સારા તો સૌ કહેશે : જેને તમારી ગરજ હોય તે કદી તમને ખોટા કહે ? તમને કોઈ ખોડ ન બતાવે તો કયી તાકાત છે કે—ખાડ જૂઓ ? કોઇ દિવસ ખોડનો વિચાર કરો છો ? નિયમ કરો કે ખોડ જોવી. ખોડ જોવીએ નહિ ને સાંભળવીએ નહિ, તો કલ્યાણ શી રીતે થાય ? ગામ જવું હોય તો બધું પૂછો. ગાડી ક્યા ટાઇમે ઉપડશે, ક્યા પાટે આવશે, ટીકીટ ક્યાં મળે છે, પૈસા કેટલા—એ બધું નક્કી કરો : અને અહીં કંઇજ નહિ ? ગાડી પાંચ ને પાંચે ઉપડતી હોય તોયે ત્યાં ટાઇમ પહેલાં જઇને બેસો. ગાડી ટાઇમસરજ ઉપડે. કદાચ મીનીટ મોડી થાય. વહેલી તો ઉપડે જ નહિ. એવો મઝેનો કાયદો છે તોયે વહેલા જઇ બેસો. ત્યાં સામાન્ય પટાવાળો કહે કે-કેમ અહીં ઉભા છો ? તો તરત કહે કે—ભાઈશાબ ! આઘા ઉભા રહીએ ? સમજે છે કે—દંડ થાય. અહીં જો સાધુ કહે કે—આ ભુલ છે, ઠીક નથી, તો ન ખમાય : સાધુ અમને ખોટા કહે ? એમની ભાષાસમિતિ કયાં ગઇ ? ભાગ્યશાળી ! ભાષાસમિતિનો અર્થ સમજો. ઉન્માર્ગે જતી જનતાને જે શબ્દોથી રોકાય તે શબ્દો બોલાય એજ

ભાષાસમિતિ : પણ ઉન્માર્ગે જતા રોકવા નહિ અને મીઠું બોલવું, એ તો ભાષાસમિતિનો ભંગ છે. છોકરો સાપને પકડવા જાય ત્યારે મા કેવી બૂમ મારે ? કારમી બૂમ મારે કે–છોકરૂં ભડકી જાય, પટકાય પણ : હાથ મરડાય તો મરડાવા દે, પણ બાલકને બચાવે. એ તો સમજો છોને ? બચાવવાની ક્રિયાથી આપણું ચાલ્યું જાય કે રહે ?

પ્રભુ શ્રી વીરનું દૃષ્ટાંત વિચારો !

અમારી દયા તમે ન ખાઓ : તમારા શ્રેયની ચિંતા કરી તમે આગળ ધપો : ગમે તેવા પ્રસંગે પણ ગભરાઓ નહિ. ભય કોનો અને કોને ? હિંસા કરવી નથી, જુઠું બોલવું નથી, ચોરી કરવી નથી, સ્ત્રીસંગ કરવો નથી, અને પરિગ્રહ રાખવો નથી, તો પછી ભય શાનો ? ભય તો તેને, કે જેને હિંસા કરવી હોય, કોઇને મારવા હોય, ઉંધું–ચત્તું બોલવું હોય, ગલ્લા ગેપ કરવા હોય, કોઈના ઘરમાં ઘુસવું હોય કે મારૂં–તારૂં કરવું હોય ! જેને કોઇનું ભૂંડું કરવું નથી, એટલું જ નહિ પણ માત્ર ભલું જ કરવું છે, તેને ભય શો ? ભલું કરતાં છતાં પણ કદાચ આપત્તિ આવી પડે, તો માનવું કે–જરૂર પૂર્વે કાંઈ ન કરવાનું કર્યું હશે અને તેથી બંધાયેલ કર્મ ઉદયમાં આવ્યું હશે. તો તેથી ગભરાવાનું શું ? તે કર્મ ખપ્યું એટલો લાભ જ છે. સુધર્મા ઈંદ્રે ભગવાન્ શ્રી મહાવીરદેવને વિનંતિપૂર્વક કહ્યું હતું કે–છદ્મસ્થકાલમાં આપને ભયંકર ઉપસર્ગો થવાના છે, તો અનુમતિ આપો તો આપની સાથે રહું. ભગવાને કહ્યું કે–ઈંદ્ર ! એ કદી બન્યું નથી, બનતું નથી ને બનવાનું પણ નથી કે–તીર્થંકરો કોઇના બળથી કેવળ-

જ્ઞાન ઉપાર્જે. વાત પણ ખરી છે કે-તેઓ તો પોતાના બળથીજ ઝૂઝે. શ્રી તીર્થંકરદેવો તો સઘળા અશુભ કર્મના ઉદયને પ્રસન્નતાથી ભોગવી લેવાને સજ્જ હોય છે. એમ ન હોય તો ગાવાળીયો એમને ઉપદ્રવ કરી જઈ શકે ? નહિજ, તેમ ન બને.

*

જેની આંખની ભ્રૂકુટી વાંકી થતાં ઇંદ્રોનાં સિંહાસનો કંપે, અને સઘળાં ભુવનો ઉથલપાથલ કરવાની જેમનામાં તાકાત છે, એમને ગોવાળીયો ઉપદ્રવ કરી જાય ? ગોવાળીયો કાનમાં ખીલા ઠોકી જાય ? તિર્યંચો કુતુહલ કરી જાય ? જેમની આંખનાં પોપચાં ઉંચાં થાય, તો સામે ઉભા રહેવાની ઇંદ્રોની પણ તાકાત નથી,-એ પણ ધ્રૂજે. જગતના નાશ અને રક્ષણ બેયનું બલ એમનામાં છે, પણ એ આત્મા એટલો પવિત્ર અને કરૂણામય બન્યા છે કે-કોઈને હેરાન કરેજ નહિ. એ તો એમ કહે છે કે-પૂર્વે જે કાર્યવાહી કરી છે, તે બધીનો બદલો ચૂકવવાનો છે. બધું બળ કેવળજ્ઞાન મેળવવામાં ખરચવાનું છે, નહિ તો કેવળજ્ઞાન ક્યાં રસ્તામાં છે ? સાડા બાર વર્ષમાં ભગવાનને કેટલા ઉપસર્ગો ! પણ એ તો નિશ્ચય હતો કે-બળ કેવળજ્ઞાન ઉત્પન્ન કરવામાં વાપરવાનું છે: કોઇને ત્રાસ કરવામાં નહિ ! બધાનું ભલું કરવામાં બળ વાપરવાનું છે-કોઇના ભૂંડામાં નહિ ! જો તમે બીજાનું ભૂંડું ઈચ્છયું તો પહેલાં તમારૂં જ ભૂંડું થવાનું. કદાચ દુનિયામાં જીત્યા તોયે આત્મદૃષ્ટિએ હારેલા જ છો. હૃદયમાં કોઇના ભૂંડાની ભાવના પણ ન કરો. સર્વ સુખી થાઓ એજ ઇચ્છો. દુશ્મનો પણ

સુખી થાઓ એમ ઇચ્છો. આ વાત જાત માટે છે! બાકી સત્ય અને કલ્યાણકારી વસ્તુની રક્ષા માટે તો કરવા યોગ્ય સર્વ કરવાનું. આપણી સમતા ગાંડાની સમતા જેવી નથી. જૈનશાસનની સમતા, શાંતિ અને ક્ષમામાંએ ડહાપણ છે.

માબાપની ફરજ.

છોકરાના ગુન્હાને જો માબાપ હસી કાઢે, તો શાસ્ત્ર, દુનિયા તથા નીતિકારો કહે છે કે–એ માબાપ છોકરાનાં હિતૈષી નથી: છોકરો ચોરી કરીને આવે અને હાથ ફેરવે, એ માબાપ છોકરાનાં હિતૈષી નથી: સાચાં માબાપ તો કહે કે–જ્યાંથી લાવ્યો ત્યાં મૂકી આવ, જેની ચીજ હોય તેને પાછી આપી આવ, માફી માગી આવ, અને કહી આવ કે–'મેં ભૂલથી ચોરી કરી, પણ હવે નહિ કરૂં: એમ કહે તોજ ઘરમાં પેસ! બસ, આટલું થાય તો છોકરાની જીંદગી સુધરી જાય. માબાપ રૂપીઆની રૂપીઆભાર ચીજ ખવરાવે, પણ છોકરો હઠ લે કે–આપો તો ન આપે, રોવા દે. બાળકને એમ થવું જોઇએ કે–માબાપ મારી ખોટી હઠને નહિ જ પાષે. પ્રેમ હોય, પણ મોહ ન હોવો જોઇએ. જો કે આજનો તો પ્રેમ પણ મોહના ઘરનો છે: પ્રશંસાપાત્ર નથી. મારૂં બાળક મોક્ષમાર્ગે જાય અને પાપ માર્ગોથી અટકે, એવું ક્યાં અને કેટલાં માબાપ ઇચ્છે છે ? તમારો પ્રેમ કેવો છે તે જાણું છું. ખેર ! પણ ત્યાંએ અનીતિ, જૂઠ, પ્રપંચ તમારા બાળકને શીખવાડો, અગર તમારૂં બાળક તે તરફ જાય તો દરકાર ન કરો, તો કયી કોટિનાં માબાપ કહેવાઓ ? આર્ય દેશ, આર્ય કુળ, આર્ય જાતિ, અને પરમાત્મા શ્રી મહાવીરદેવનું શાસન મળ્યું છે, એ કયી રીતે સફલ

થઇ શકે, તે બધું વિચારો અને તેને અનુસરતી કાર્યવાહી કરો. અસ્તુ. આ જીવનમાં એ નક્કી કરો કે–શ્રી વીતરાગ અને વીતરાગના માર્ગની જયમાં જ જય. એ પ્રભુના માર્ગની રક્ષા કરતાં કાયા ખપી જાય તો પણ વાંધો નથી!

(**સભા૦** તાકાત હોય તો હુંકારો દેવાયને!)

તમારી સરલતા માટે ખૂશ થાઉં છું. કમતાકાત માટે પશ્ચાત્તાપ કરો. પશ્ચાત્તાપની અગ્નિમાં શિથિલતા બળીને ખાખ થઇ જશે અને શૂરવીરતા આપોઆપ પેદા થશે.

[૯]

શુભ વિચારનો અમલ શીઘ્ર થવો જોઇએ.

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મંગલાચરણમાં તીર્થની પ્રશંસા કરતાં કહી ગયા કે–તીર્થ હંમેશ જયવંતુ વર્તે છે: કારણ કે–એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ સદ્દવિચારનો બહિષ્કાર નથી. એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ એવી રીતે સિદ્ધ થયા છે કે–જેની સેવાથી નિયમા આત્મા નિર્મલ થયા વિના રહે નહિ: માટેજ એ શાશ્વત છે અને તેથીજ એની બીજી કોઇ ઉપમા નથી: એ અનૂપમ છે અને એજ હેતુને લઇને સઘળા શ્રી તીર્થપતિઓથી તે નમસ્કાર કરાયેલું છે. આવું તીર્થ પામ્યા, એ કાંઈ જેવું તેવું સદ્દભાગ્ય નથી. એ પામ્યા બાદ એનું પાલન કેમ અધિક પ્રકારે થઇ શકે, એ ચિંતા ન થાય તો ન પામેલા કરતાં પામેલા વધુ કમનશીબ ગણાય. જ્ઞાનીએ કહેલી બધી વાતોનો વિચાર આત્મા સાથે એકાંતે કરવાનો રહ્યો. દરેક ઉપદેશની વાતને જો આત્મા પોતાની સાથે ઘટાવે, તો જરૂર અમલ થાય. ક્રિયાઓ ઉપયોગહીન ન હોવી જોઇએ, પણ જીવતી–જાગતી હોવી જોઇએ. શબ્દો બોલાય ત્યારે ઇંદ્રિયો આડી-અવળી હોય, મ્હોઢું ક્યાં હોય અને વચન ક્યાં જતાં હોય, –આ સ્થિતિમાં વસ્તુ ન પમાય. જે પ્રાર્થનાસૂત્ર હંમેશાં બોલો, તેમાંની વાતો તમને યાદ ન હોય ? તમે એ વાતોને વિચારો નહિ, મનન કરો નહિ અને કોઈ યાદ કરાવે તો ઉલટો ગુસ્સો થાય તો શું થાય? મૂર્તિને શ્રી જિનેશ્વરદેવ

કલ્પીને, હમેશાં એ શ્રી જિનેશ્વરદેવ સમક્ષ બોલીએ, પ્રાર્થના કરીએ અને પ્રાર્થેલી વસ્તુનું સ્મરણ પણ ન હોય, એટલુંજ નહિ પણ કદાચ કોઇ એનું સ્મરણ કરાવે તોયે કંટાળો આવે—હૈયે કાંઇ કાંઇ થવા માંડે, એનું કારણ શું ? વીતરાગ પ્રભુની મૂર્તિ સન્મુખ મુખ અને નેત્રો સ્થપાય અને શબ્દે શબ્દ હૃદયસ્થ કરી આજ્ઞા વિચારાય, તો એ પ્રમાણે કરનાર આદમી મંદિરમાંથી બહાર નીકળે ત્યારે કેવો હોય ? એના વિચાર કેવા હોય ? ભલે પરિણામ અથવા પ્રવૃત્તિ ન હોય, પણ ભાવના તો જોઇએને ? પ્રવૃત્તિએ ન હોય, પરિણામે ન હોય અને ભાવનાએ ન હોય ત્યારે હોય શું ? પ્રવૃત્તિ અને પરિણામ ન હોય તે નિભાવાય, પણ ભાવના ન હોય એ કેમ નિભાવાય ? ભાવના થાય ત્યારે આત્મા એકાકાર થઇ જાય. ઉત્તમ ભાવનાવાળાથી પાપક્રિયા થઈ પણ જાય, પરન્તુ ત્યાં એ રાચેમાચે નહિ : એ ક્રિયાની એ પ્રશંસા તો કરેજ નહિ : ચોવીસે કલાક હૃદયમાં તો ડંખ્યાજ કરે. ગૃહસ્થ અને સાધુની સ્થિતિ જૂદીજ છે, પણ જે યોગ છે તે ભાવનાને આભારી છે. પ્રવૃત્તિ અને પરિણામ તો એક નહિ, પણ ભાવનાએ એક ન હોય તો મેળ મળે શી રીતે ? બે અલગ ચીજને જોડનાર કોઈ ચીજ જોઇએ કે નહિ ? કાગળ પર ટીકીટ ચોડવી હોય તોયે ગુંદર જોઇએ છેને ? તમને અને અમને જોડનાર ભાવના ! તે ન હોય તો તમારે ને અમારે મેળ મળે ? ભેગા રહેવાય ? તમારે ને અમારે કાંઇ નાતજાતનો કે લેવડદેવડનો સંબંધ છે ? ભાવનાના યોગે આપણો સંયોગ ગોઠવાયો છે. જો ભાવના ખસી જાય તો

કોઇ પણ ભોગે આપણા બેનો યોગ ન પાલવે. પ્રાર્થનાસૂત્રમાં એવી ગોઠવણી છે કે–ત્યાં પ્રાર્થના કરી આવેલો અહીં એકતાન થયા વિના રહેજ નહિ. ધર્મ હૃદયમાં વસ્યા પછી–ધર્મ હૃદયમાં ઉતર્યા પછી, બીજી ભાવનાઓ તો સ્વયં નાશ પામે. વાંધો એ છે કે–વસ્તુનો ભાવ જે પ્રમાણમાં હૃદયમાં ઉતરવો જોઇએ તે ઉતરતો નથી. કહેનારા કહે ખરા કે–'ધર્મ એજ શરણ, ધર્મ એજ આધાર, ધર્મ વિના જગત્માં બીજો આધાર નથી '–પણ આ બધું પ્રાયઃ હોઠે રહે છે, પણ હૈયે નથી ઉતરતું : એનીજ આ બધી વિટંબણા છે. ધર્મ વિના કોઈ સામગ્રી મળે નહિ, મળે તો ટકે નહિ, કદાચ ટકે તો તે સુખ આપતી નથી, માટે–'જીવતાંએ શરણ તો ધર્મજ અને મરતાંએ શરણ તો ધર્મજ !'–એ સમજાય, એ બરાબર હૃદયમાં ઠસી જાય, તો ધર્મ શિવાય બીજે જે પ્રેમ બંધાયો છે, તે બધો પ્રેમ ધર્મ તરફ ઢળે અને એમ બને તો આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત થાય. શુદ્ધ પરિણામ થવા એ મુશ્કેલ અને થાય તો ટકવા મુશ્કેલ, માટેજ શુદ્ધ પરિણામ થાય તો તરત તે પરિણામને અનુસરતી પ્રવૃત્તિ કરી દેવી. બહિરાત્મા તથા અંતરાત્માના સ્વરૂપને સમજ્યા વિના, પરમાત્મા શી રીતિએ બની શકાય ? બહિરાત્મ અવસ્થા મૂકવી નથી, અંતરાત્માવસ્થા પ્રાપ્ત કરવી નથી અને સીધું પરમાત્મા બનવું છે તે કેમ બનાય ? પરમાત્મા બનવા માટે તો બહિરાત્મદશા મૂકી, અંતરાત્મદશા પ્રગટ કરવી પડશે. આત્માના ગુણોનો વિચારજ કરવામાં ન આવે ત્યાં થાય શું ? આત્માના ગુણો કાંઇ બહારથી નથી લાવવાના, પણ

છે તેને પ્રગટ કરવાના છે. એ પ્રગટ કરવાને બધાં શુભ આલંબનો સેવવાનાં છે. અંતરાયભૂત વસ્તુઓથી આઘા રહેવાનું છે. ઉત્તમ આત્માઓને ઉત્તમ પરિણામ આવે તે પણ ક્વચિત્ અને તે પણ ચંચળ : માટે ઉત્તમ પરિણામ આવે ત્યાં ઉત્તમ પ્રવૃત્તિ કરવામાં વિલંબ કરવો, એ આત્મ-કલ્યાણકાંક્ષી આત્માને માટે ઉચિત નથી.

શાસ્ત્રમાં શ્રાવકોને સાધુનાં માબાપ કહ્યાં છે.

વસ્તુને વસ્તુગતે જાણીએ અને સમજીએ, તો ભાવના જીવતી-જાગતી કેમ ન રહેવી જોઇએ ? પ્રાર્થનાસૂત્ર (જય-વીયરાય) બોલતી વખતે આત્મા એકતાન બનવો જોઈએ. શ્રી જિનેશ્વરદેવ સમક્ષ બોલીએ છીયે,-ત્યાં બોલીને ફરાય નહિ એટલું સમજવું જોઇએ. પ્રાર્થનાસૂત્ર બોલતી વખતે આટલી સાવચેતી હોય તો આત્મા કેવો અને કેટલો સુંદર બની શકે એ વિચારો. મહાપુરૂષોને પ્રાણાંત ઉપસર્ગોમાં પણ દુર્ભાવના ન્હોતી આવતી તેનું કારણ શું, એ વિચાર્યું છે ? આ પ્રાર્થનાના ભાવથી તે મહર્ષિદેવો ઓતપ્રોત થયા હતા. રાજાના મારાઓ જ્યારે શ્રી ખંધક મુનિવરની ખાલ (ચામડી) ઉતારવા આવ્યા, ત્યારે તે મુનિવર આનંદ પામ્યા અને શું વિચાર્યું તે જૂઓ:—

"મુનિવર મનમાંહી આણંદ્યા, પરિષહ આવ્યો જાણી રે:
કર્મ ખપાવા અવસર એહવો, ફરી નહિ આવે પ્રાણીરે. અહો.૧
એ તો વલીય સખાઇ મળીયો, ભાઇ થકી ભલેરોરે:
પ્રાણી કાયરપણું પરિહરજે, જેમ ન થાયે ભવફેરો રે. અહો. ૨"

*

વિચારો, આ કેવી સુંદર વિચારણા છે? કયી જાતિની ભાવના છે? ઉપસર્ગ કરનારને પણ ઉપકારી માનવા, એ જેવી તેવી ધીરતા નથી! વધુમાં એ મહર્ષિ ફરમાવે છે કે:—

"રાયસેવકને મુનિવર એમ કહે, કઠિન ફરસ મુજ કાયારે:
બાધા રખે તુમ હાથે થાયે, કહો તિમ રહીયે ભાયારે. અહો. ૧"

*

આ જાતિની ધીરતા ક્યારે આવે? ચેતન અને જડનો વિવેક થાય ત્યારે! આ જાતિની ધીરતામાં જેટલું બળ છે, તેટલું જગતની અન્ય કોઈ વસ્તુમાં નથી. જગત્માં સાચો બળવાન જ તે છે કે-જે આવા પ્રકારની ધીરતાને કેળવે. નક્કી કરવું પડશે કે-ધર્મ શા માટે કરવાનો? શરીરથી છૂટવા માટે કે શરીરની સાથે વળગી રહેવા માટે? સંસારની સાહ્યબી, એ ધર્મનું ધ્યેય છે કે સંસારથી મુક્તિ એ ધર્મનું ધ્યેય છે? ખરેખર, ખરી વાત તો એજ છે કે-આ બધા મહાત્માઓ પ્રાર્થનામાંના ભાવથી ઓતપ્રોત હતા. મુદ્દો પ્રાર્થનાની એકતાનતાનો છે. રોજ 'જયવીયરાય' બોલો ને માગણીની હારમાળા ગોઠવો, પણ વસ્તુ તરફ પ્રેમ ન હોય કે સદ્ભાવના ન હોય તો એ નભે? માગણી તો ડાહ્યા વાણીયાની જેમ કરો છો. એ શબ્દો શ્રી ગણધર ભગવાને ગુંથેલા છે! કેવી શાંતિથી, વિનયપૂર્વક અંજલિ કરીને માગો છો! ત્યાંથી માગીને પછી અહીં (ગુરૂ પાસે) આવો છો તે શા માટે? એના અમલ માટે! અમલ ન થાય તો પશ્ચાત્તાપનો અગ્નિ ચાલુ રહેવો જોઈએ. જે આત્મા પાપને પાપ તરીકે માને નહિ, પાપથી ધ્રૂજે નહિ, પાપ કર્યે જાય અને જેને પાપનો ભય નહિ,

તે આત્મા મુક્ત કયી રીતે થાય ? વ્યવહારમાં તમે જે કામ કરો છો, તેની તમને ચિંતા નથી હોતી ? તમે આવા બુદ્ધિશાળી, લાખોનો વહિવટ કરનારા, છતાં મને એ થાય છે કે—એ તમારી બુદ્ધિનો ઉપયોગ અહીં કેમ કરતા નથી ? ત્યાં ઇચ્છા છે—અહીં ઇચ્છા નથી એમ છે ?' 'ઇચ્છા નથી' એમ કહેવું એ ભારે પડે છે : ઇચ્છા છે એમ કહેવામાંય પંચાત લાગે છે : ત્યારે છે શું ? પણ તો જે સમયે જે કામ નિયત થયાં હોય તે ટાઇમસર થયે જાય : અને અહીં તો એમ કહેવાય કે:—'બને તેટલું કરીએ, થાય તેટલું કરીએ.' અને ત્યાં તો-'આ કરવું જ જોઇએ, આ કર્યા વિના તો ચાલેજ નહિ, છૂટકો જ નહિ, વ્યવહારમાં રહીએ ને કર્યા વિના ચાલે ? ન કરીએ તો પોઝીશન ન રહે, શાખ રહે નહિ, આબરૂ રહે નહિ.' -આ બધું ત્યાં, પણ અહીં તો-'બને તેટલું કરીએ, થાય તેટલું કરીએ.'-એજ ને ? પેલું બધું સાથે આવવાનું હશે કેમ ? સજ્ઝાયમાં તો બોલો છો કે-પુણ્યને પાપજ સાથે આવવાનું. કેમ ખરૂંને ? જે વસ્તુ તમને આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે, જે વસ્તુ તરફ તમને આકર્ષિત કરવામાં આવે છે, જે વસ્તુ તરફ તમારૂં ધ્યાન ખેંચવામાં આવે છે, તેમાં ફેરફાર હોય તો બોલો ! શાસ્ત્રમાં શ્રાવકોને સાધુનાં માબાપ કહ્યાં છે. શ્રાવકને માબાપ જેવા પણ કહ્યા છે અને સાપ જેવા પણ કહ્યા છે. તમે જો માબાપ બનો તો અમારૂં કામ થઇ જાય. માબાપ બનશો ? પણ જેઓને પોતાના છોકરાનાં માબાપ થતાં નથી આવડતું, તે સાધુઓના શી રીતે થશે ? મહાવ્રતધારીનાં માબાપ થવું એ સ્હેલું છે ? શ્રાવકો માબાપ જેવા થાય તા તો સાધુઓની બધી ચિંતા ટળી

જાય : સાધુઓના સંયમની ચિંતા તમને પેદા થાય–સાધુઓનું સંયમ કેમ વધે, કેમ ટકે, કેમ શુદ્ધ થાય, કેમ ફેલાય, એની ચિંતા શ્રાવકો જ કરે તો બાકી શી રહે ? વ્યવહારમાં દીકરો સારો કેમ થાય, લાખના ક્રોડ કેમ કરે, મોટરો કેમ ફેરવે, –એ બધી ચિંતા માબાપને થાય છે ને ? એમજ સાધુઓનાં સંયમ કેમ પળાય, કેમ વધે, કેમ જગત્‌માં તે સંયમનો ફેલાવો થાય,–એ ચિંતા શ્રાવકો કરે એમાં અમને આનંદ કે દુ:ખ ? માગણી કરૂં છું કે–તમે તેવાં માબાપ બનો. તમે માબાપપણું મૂકી દીધું એની આ પંચાત છે. તમને આ વસ્તુ તમારી પોતાની લાગવી જોઇએ. શ્રી જિનેશ્વરદેવનો સંયમ એટલે આખા જગત્‌ને માટે શાંતિનો પયગામ ! સુખનો ધોરી માર્ગ !! દુ:ખની જેમાં સંભાવનાય નહિ !!! આ નાનીસુની વાત છે ? શ્રી જિનેશ્વરદેવનું સંયમ જેના હાથમાં આવે તે અહિંસક બને, સત્યવાદી બને, કોઇની ચીજ ઉઠાવવાની ભાવનાથી મુક્ત બને, એનામાંથી વ્યભિચાર–દુરાચાર–અનાચાર નીકળી જાય, પૈસાટકા–સંસારના રંગરાગની મમતા છૂટી જાય, એની ઉગ્રતા શમતી જાય, અક્કડતા ધીમી પડતી જાય, જાળ કપાતી જાય, લોભ નાશ પામતો જાય, પ્રપંચ–ઇર્ષ્યા વિગેરે ટકવા ન પામે અને કોઇની પર આળ મૂકતાં આત્મા કારમી રીતે કંપે. **આત્મા પરનો સમ્યક્ પ્રકારનો કાબુ એટલે સંયમ** ! ઇંદ્રિયો કાબુમાં આવે તે સંયમ ! વાસના અને ઇંદ્રિયો ઉપર કાબુ મૂકનારો આત્મા જગત્‌ને ત્રાસરૂપ હોય ? વાસના અને ઇંદ્રિયો પર કાપ મૂકો ને શાસન સાથે ઓતપ્રોત થાઓ, તો ડગલે ડગલે જિનશાસનના ફૂવારા છૂટે. વ્યાખ્યાન-

શ્રવણ પણ એટલાજ માટે કે–આત્મા નાનામાં નાના જંતુની પણ હિંસા કરતો બચી જાય. અવ્યાબાધ પદ જેને જોઈતું હોય, તે પોતે દુનિયા માટે અવ્યાબાધ બને ! પોતે અવ્યાબાધ બને તે અવ્યાબાધ પદ મેળવે. જ્યાં વ્યાબાધા (પીડા) નથી તે સ્થાન–અવ્યાબાધ પદ : એ જેને જોઇએ તેણે કેવા બનવું જોઇએ? એનાથી કોઇ પણ પ્રાણીને વ્યાબાધા (પીડા) ન થાય ! એવા બને તે ત્યાં જાય. આમાં અશાંતિ હોય ? જગતના જીવો ઇંદ્રિયોની આધીનતામાં એટલા મજબૂત બન્યા છે ને એ આધીનતાને એટલી કેળવી છે કે–છોડતાં ગભરામણ થાય છે. એ સંબંધ તોડાવવો હોય તો ધડાકો થાય. જેનું બંધન મજબૂત તેનો કડાકો મજબૂત : કડાકો મજબૂત તેમ ધોંધાટ મજબૂત. કડાકો ભયંકર થાય તો તણખા પણ ઝરે : બાજૂમાં ઘાસ હોય તો સળગે પણ : બાજૂમાં દારૂ કે ધાસલેટના ડબા હોય તો શું થાય ? અનાદિનાં બંધનો તોડવાનો પ્રયત્ન ચાલે છે. બંધનમાં પડેલાને ચિંતા થઇ પડી છે કે–બંધન તૂટે એ ઠીક નહિ : ત્યાં મમતા લાગી છે : એનાજ બધા ઉત્પાત છે.

ભવનિર્વેદ આવે શી રીતે ?

આપણે જયવીયરાયની માગણીમાં આવો. માગણીનું મૂળ કયું ? '**जय वीयराय ! जगगुरु ! होउ ममं तुह पभावओ भयवं !**' પછી શું ? **ભવનિવ્વેઓ**. પહેલું જ એ. ખરેખર, શ્રી વીતરાગની પાસે સાચા હૃદયથી '**ભવનિવ્વેઓ**' માગણી રૂપે ક્યારે બોલાય ? પહેલી આજ માગણી કયો આત્મા કરી શકે ? ભવ એટલે શું ? ભવ એટલે સંસાર : આધિ,

વ્યાધિ અને ઉપાધિનો પિંડ તે સંસાર : આધિ, વ્યાધિ અને ઉપાધિનું પોટલું તે સંસાર : આધિ એટલે માનસિક પીડા : વ્યાધિ એટલે શારીરિક પીડા : ઉપાધિ એટલે એ બેયની માતા! આ ગમે? આધિ-વ્યાધિ ન જોઇતી હોય તો ઉપાધિ છોડવી પડે : ઉપાધિ છોડાય નહિ તો આધિ અને વ્યાધિ છૂટે નહિ અને ત્યાં સુધી સંસાર પણ છૂટે નહિ. આનાથી કંટાળ્યા હો તો 'ભવનિવ્વેઓ' સાચા હૃદયથી મગાય. ઘરે, બજારમાં, સ્થળે-સ્થળે એક એક આદમી એવો રાખો કે-વખતો વખત તમારા કાનમાં આવાં બ્યૂગલ ફૂંકે. ખાતાં, પીતાં, સૂતાં, ઉઠતાં, બેસતાં, હરતાં, ફરતાં, ગમ્મત કરતાં, બધે કાનમાં આ બ્યૂગલો ફૂંકયા કરે. અમે તો સાધુ : અમારી પાસે તમે કલાક-બે કલાક આવો : એમાં-એ તમારી દૃષ્ટિ ઘડીઆળ તરફ : સ્હેજે ત્યાં દૃષ્ટિ રહે. અંતે તમે કોણ? જવાનો નિર્ણય કરીને આવેલા આદમી. રહેવાનો નિર્ણય કરીને થોડાકજ આવો છો! તમારી દૃષ્ટિ ઘડીઆળ તરફેય હોય. રસ આવે અને ઘડીઆળ તરફ દૃષ્ટિ ન જાય તે વાત જૂદી, પણ દૃષ્ટિ ગઈ અને કાંટાને જરા આગળ ગયા દીઠા કે-તમને એમ થાય કે હવે બંધ થાય તો ઠીક. કોઠીમાં અનાજ ભરવું હોય, તો મ્હોંઢું સીધું હોય તો ભરાય : વાંકે મ્હોંઢે ભરાય? તમારૂં મ્હોંઢું ઘડીઆળ તરફ : હું ઘાલું કયાં? આ વાત વિચારવા જેવી છે. ઘરમાં, કુટુંબમાં, મિત્રોમાં, ચોમેર આ સંસ્કાર ઘૂસવા જોઈએ. કોઇ તમને પૂછે કે-'શરીરે કેમ છે?' તો કહેજો કે-'જોની ભાઇ! શરીરે ઠીક ન હોત તો નીકળત શાના? પૂછવાનું તે પૂછતો નથી અને બીજું પૂછે છે.' પણ તમારા આજના વ્યવહારો એવા

ખોટા થયા છે કે-એ વ્યવહારે ભીંત ભૂલાવી દીધી. દીકરો બહારથી ઘેર આવે કે માબાપ પૂછે-'કેમ ભાઇ! શું કરી આવ્યા? કયી રીતે કમાઈ આવ્યા? તમે વકરો ઘણો કર્યો છે, કમાણી કરી છે તે જાણ્યું, પણ કયી રીતે તે તો કહો.' બાપાજી ડાહ્યા હોય તો કહી દે કે-'અનીતિથી કરેલી કમાણી તો મારી નાખનારી છે. એવી કમાણીના યોગે પાટલે બેસી મિષ્ટાન્ન ખાવા કરતાં જમીનપર બેસી સુકકા રોટલા ખાવા મજેના છે. અમારા દીકરા થવું હોય તો હાથ જોડીને કહીએ છીએ કે-પાપ ન કરો, અન્યાય-અનીતિ ન કરો, જૂઠ પ્રપંચાદિ ન કરો.' આવી રીતે આ બધું મા દીકરીને કહે, બાપ દીકરાને કહે, ભાઇ ભાઈને કહે, દીકરો માબાપને કહે, પત્નિ પતિને કહે, એમ પરસ્પર એક બીજાને કહે તો પરિણામ કેટલું સુંદર આવે? તમે ઘણા ઘણા સાધુઓના પરિચયમાં આવ્યા છો: તમને જાતનો પણ અનુભવ છે: તમારી જાતનો અનુભવ પણ કહે છે કે-આ બધાં બંધન છે! ત્યારે મને એ વિચાર થાય છે કે-સાધુઓના પરિચયના ફળને, અરે તમારી જાતના અનુભવને પણ ઠોકરે મારી તમે તદ્દન આવા ભાન-ભૂલા જેવા કેમ બન્યા છો? કેમ તેવા બનવા માંડયું છે તે સમ-જાતું નથી. શા માટે આવું બધું કહેનારાં તમારા ઘરમાં માણસો ન હાય? એવા સંસ્કાર કેળવો. યુગબાહુ તરવારના ઘાથી મૂર્ચ્છિત થયા, ત્યારે મદનરેખા ન મળા હોત તો શું થાત?

યુગબાહુ ને મદનરેખા-

મોટા ભાઇ વિષયવાસનાને આધીન થયેલા: નાના ભાઇની પત્નિ પર કુદૃષ્ટિ કરી: નાના ભાઇને મારવાની પેર-

વીમાં પડેલા : સતીના શીયલને લુંટવાના ઇરાદાવાળા થયેલા : અને એ મહાસતી મદનરેખા પણ ભરયુવાનીએ ચઢતી, દુનિયા જેને વિષયનો સંયોગ કાળ કહે છે તે અવસ્થાવાળી, રાજકુળમાં ઉછરેલી, પેટમાં ગર્ભ છે, આ સંયોગોમાં મોટા-ભાઇએ નાનાભાઇને મારવાના ઈરાદાથી તરવાર મારી. મદનરેખા પોતાની જીંદગીને જોખમમાં જૂએ છે. જાણે છે કે-પતિના મરણ બાદ શીલ લુંટવાનો બળાત્કાર કરશે. કહો, પતિની આ અવસ્થામાં મદનરેખાને શું થાય? પણ એ શ્રાવિકા હતી: શ્રી જિનેશ્વરદેવનો ધર્મ એને જચેલો હતા: સંસારના સ્વરૂપને એ સમજતી હતી: સતીપણાની એને કિંમત હતી: પત્નિની પતિ પ્રત્યેની ફરજ એ જાણતી હતી. પતિ ઘાયલ હતો: યુગબાહુ અત્યારે કષાયને આધીન થયેલ હતા: આંખો લાલ હતી: નક્કી મોટા ભાઇને મારી નાખું, એ એની ભાવના હતી: એવા વખતે બીજી પત્નિ હોય તો શું કહે? 'મારૂં શું થશે?' તો તે વખતે પણે શું થાય? 'આ તમારો ભાઇ જોયો?'–એમ કહે તો ગુસ્સા બેવડો થાય. એ રૌદ્ર પરિણામે મરીને કયાં જાય? મદનરેખા આ બધું જાણે છે. એ કહે છે કે-'ક્ષત્રિય છો! ક્ષત્રીયનો ધર્મ છે કે મરેલાને મારે નહિ. જેના પર તમે ગુસ્સો કરો છો, તે તો તેની પાપબુદ્ધિએ–એની પાપકાર્યવાહીથી મરેલો જ છે. મરેલા પર ગુસ્સા હોય? સાચા ક્ષત્રીય હો તો ક્ષમા આપો. કહો કે-તારૂં પણ કલ્યાણ થાઓ. અત્યાર સુધી જીંદગીમાં કરેલા એકે એક પાપની આલોચના કરો. સમય ટુંકો છે: કાળ આવી લાગ્યો છે: ભાઇને મારવાના કે રાજ્યના આ-

ડાઅવળા વિચારો તમને દુર્ગતિમાં લઇ જશે. પાપ કરનાર તો મરેલો પડયો છે: એને ક્ષમા આપો: વીરતા હોય તો એનું પણ ભલું ઇચ્છો. ભાઇ પ્રત્યેના અત્યાર સુધી થયેલા દુષ્ટ વિચારોને કાઢી મૂકો: પ્રમાણિકપણે ભાઇનું ભલું ઇચ્છો: એની પણ માફી માગો: અરિહંત, સિદ્ધ, સાધુ અને શ્રી જિનેશ્વરદેવે કહેલા ધર્મનું શરણુ લ્યો અને ચારે આહારનો ત્યાગ કરો.' યુગબાહુ પલટાયો. એકદમ પલટાયો. હાથ જોડે છે: હૃદયથી નમે છે: વિચારે છે કે–આવી પત્ની ન મળી હોત તો મારી દશા શું થાત? આ મહાસતી મદન-રેખાએ, ભયંકર રૌદ્રધ્યાનમાં ચઢેલા પતિને એવો બનાવી મૂકયો કે–એ મરીને પાંચમા દેવલોકે ગયો.

પરલોકની તપાસ રાખનારા ઉભા કરો!

તમારે ત્યાં છે કોઇ એવી સ્ત્રિયો? એક અહીં છેડો વાળે અને એક તહીં છેડો વાળે: આંખમાં પાણી લાવીને કહે કે–'મારૂં શું થશે?' પેલો પથારીમાં પડેલો પણ એમને એમ ન કહે કે–'જીવતાં સુધી મજૂરી કરી તમને પાળ્યાં–પોષ્યાં: હવે તો જંપવા દો!' વધુમાં મરવા પડેલો–પથારીમાં પડેલો, જો કોઇ ન રૂએ તો એમ વિચારે કે–'મારા માટે કોઇને લાગતું નથી.' એટલે પેલાઓને ન લાગતું હોય તોયે લગાડવાનો ઢોંગ કરવા પડે. પાછળ રોનાર–કૂટનાર છે, એમ રોતા જૂએ તો મરનારને પણ શાંતિ વળે! આ કેવી દુર્દશા છે એ વિચારો! મરનારે કહી દેવું જોઇએ કે–'જીવ્યા ત્યાં સુધી મજુરી કરી, હવે દુનિયાની વાતો છોડી દો: એવું સંભળાવો કે–મને કંઇ શુભ ભાવના જાગે.'

હું તમને ભલામણ કરૂં છું કે-કુટુંબમાં આવાં માણુસો યોજો. સ્ત્રિયોને, બાળકોને આવાં બનાવો, એમનામાં આવા સંસ્કાર રેડો. એવી ભાવના પ્રેરો કે-જે જીવતાંએ સમાધિ આપે અને મરતાંએ સમાધિ આપે. દુનિયામાં આપતકાળ પણુ આવે : લાખોની મીલકતના સ્વામીને દુઃખદ અવસ્થા ભોગવવાનો સમય પણુ આવે : એ વખતે પણુ આ સંસ્કાર હોય તો બધા કહે કે-'હોય, પાપનો ઉદય છે. સમભાવે વેદવો જોઇએ.' આવા ઉદ્ગાર કાઢનાર મેળવો. સારી સ્થિતિમાં ચિંતવે અને કહે કે-'આ બધું કંઇ કામનું નથી :' ખરાબ વખતે સમજાવે કે-'પાપનો ઉદય છે.' સાહ્યબી વખતે સમજાવે કે-'મુંઝાવું નહિ.' જીવતાં વારંવાર સમજાવે કે-'આરાધવાનું આરાધો !' મરતાં સમજાવે કે-'મુંઝાઓ મા.' આવું કહેનાર જોઇએ. એ ક્યારે બને ? '**ભવનિવ્વેઓ**' નક્કી થાય તોને ! ભવ તમને નથી ગમતો ? ભવ અને તમે, ત્યાં ન ગમે એ બને ? ભવ ન ગમે, તમને ? જે દિવસે ભવ નહિ ગમે, તે દિવસે દેવ-ગુરુ પ્રત્યે સાચી ભક્તિના ફુવારા ફુટશે : ભવની બહાર નીકળવાની ભાવના જાગશે, ત્યારે તો મનુષ્યલોકમાં રહેવા છતાં દેવતા કહેવાશો. દરદી સમજી જાય કે-વૈદ પ્રમાણિક છે અને એની દવા જરૂર વ્યાધિ કાઢનારી છે, તો પછી ગમે તેવા કડવા ઉકાળા પોતાના હાથે પી જાય, ગટગટાવી જાય. કોઇ કહે કે-'કડવી છે.' તોય કહે કે-'જેવી છે તેવી પણુ રોગ કાઢનારી છે, માટે પીધા વિના ચાલે નહિ.' તમને પણુ '**ભવનિવ્વેઓ**' નક્કી થશે ત્યારે આ વાત કડવી નહિ લાગે. હૃદયમાં જે બીજું ભૂત ભરાણું છે, તે કાઢવા પ્રયત્ન કરવાનો છે. એ વાસના જાય તો ધાર્યું કામ થાય. કુટુંબને, સ્નેહીને એવાં બનાવો કે-

તમારા પર ચોકી રાખે, અંકુશ રાખે. જંગલી ઘોડા પર લગામ ઘાલ્યા વિના સ્વારી થાય ? જો સ્વારી કરે તો એ ઘોડો સ્વપરનાશક છે. સ્વારીને લાયક ઘોડો ક્યારે બને ? મ્હોંઢામાં ચોકઠું ઘુસે ત્યારે ! અંકુશ આવ્યો. તમારે પણ અંકુશ જોઇએ. બજારમાં જૂઠું બોલો, અનીતિ કરો કે તુરત તમારી સ્ત્રી તમને ઠપકો આપે. સ્ત્રીને એવી કેળવો. અરે, સ્ત્રીને એવી બનાવો કે–તમે કોઈને ઠગીને આવતા હો, તો ઘરમાં જતાં જ તમારો પગ કંપે. તમને એમ થાય કે–જો સ્ત્રીએ આ વાત જાણી હશે, તો જરૂર તે ઉચિત શબ્દોમાં કહ્યા વિના રહેનાર નથી. ધર્મિની વાણી, ભાવના, વિચારો, એવા હોય કે–પાડોશીપર પણ એ સંસ્કારો પડે: પાડોશના આત્માઓ પણ ધર્મ પામે. શ્રી શાલિભદ્રજીના રબારીના ભવની વાત વિચારો. ખીરને માટે શાલિભદ્ર રૂએ છે: શાલિભદ્રની માતા રૂએ છે: એનું દુઃખ પાડોશીઓને થાય છે. એ કહે છે કે–'અમારા સહવાસમાં તું રૂએ એ કેમ બને ?' આ તો આ લોકના દુઃખની વાત છે: આપણે તો પરલોકના દુઃખનો વિચાર કરવો છે. આ લોકનું તો સમજ્યા. કુટુંબમાં એ સ્થિતિ ઉભી કરો કે–જે તમારા પરલોકની તપાસ રાખે. પગમાં કાંટો વાગ્યો હોય તે કાઢવા કેટલું થાય ? સોય ઘાલે, ન નીકળે તો હજામને બોલાવે અને કઢાવે, કાંટો નીકળ્યા પછી દાબીને લોહી કાઢી નાખે અને પાક વિગેરે ન થાય તે માટે પથ્થરથી કુટે, ગરમ ગોળના ચપકા દે, વિગેરે. તમે ડામરની સડકો પર બૂટ પહેરી ફરનારા, એટલે તમને કાંટાની આ બધી વાતની ખબર ન પણ હોય, પણ ગામડાવાળા જાણે. પૂછી જોજો. શરીરમાં પેઠેલો કાંટો રહી જાય તો શરીર

સડવે : પગ પાકે, શરીર સડે, કીડા પડે, વેદના ભોગવી મરી જવું પડે. આ સાડા ત્રણ મણના શરીરમાં એક કાંટો આટલું બધું કરે, ત્યારે આ આત્માને હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, વિગેરે કાંટાઓ કાંઇ નહિ કરે ? શું ન કરે ? આ ભયંકર કાંટાઓની ચિંતા જ નહિ ? જરા તાવ આવે કે–વૈદ્ય અને ડૉકટરની દોડાદોડ : માબાપ કૂદાકૂદ કરી મૂકે : આ લાવો, તે લાવો, સારામાં સારો ડૉકટર લાવો. બીજી વાત નહિ. અને દીકરો જો અસત્ય આદિ દોષોથી દોષિત થઇને આવે તો શું ? સમ્યગ્દૃષ્ટિ બનવું છે, નિર્ગ્રન્થના અનુયાયી બનવું છે, અને શ્રી વીતરાગના પૂજારી બનવું છે, પણ એકેય વસ્તુને સમ્યક્ પ્રકારે વિચારવી નથી, અને બધું ચાલતું હોય તેમ ચાલવા દેવું છે, એ કયી રીતે બને એ કહો ! આત્માને હાનિ કરનારાં ભયંકર વ્યસનો તરફ આટલા બધા બેદરકાર કેમ છો ? છોકરાં દુર્વ્યસની બને તો માબાપ ન રોકે ? ભલે, આ લોકમાં છોકરાં ખુરશી પર બેસે, પણ પછી ? પરલોકમાં મરીને કયાં જશે તેની ચિંતા નહિ કર-વાની કેમ ? છોકરાઓએ બાપને કહેવું જોઇએ કે–'ઘણું કર્યું, હવે તો આત્મસાધન કરો !' માબાપ પણ છોકરાને કહે કે–'અમે તો ફસ્યા, પાપમગ્ન બન્યા, પણ અમારો અનુભવ એ સૂચવે છે કે–એ અનુભવના અખતરા ન હોય.' જે અટવીમાં પોતે ભૂલા પડયા, ત્યાંજ બચ્ચાંને ધકેલવાં, એ કેટલો ભયંકર જુલમ છે ? કેટલી ભયંકર ખરાબી છે ? ?

અશાંતિ અને દુઃખનું કારણ શું છે ?

દોષથી બચવું છે અને શાંતિ–સુખ–આનંદ જોઇએ છે, તે શી રીતે મળશે ? આપણે શાંતિ જોઇએ તો શાંતિનું

પાલન કરવું પડેને ! પારકાને દુઃખી કરવાની ભાવનાથી સુખી થવાય ? કોઇનું મ્હોંઢું કાળું કરવા ઇચ્છનારે હાથમાં કાદવ લીધો, એટલે સામાનું મ્હોંઢું તો કાળું થશે ત્યારે થશે, પણ તે પહેલાં પોતાનું તો મન અને હાથ બન્નેય કાળાં કરવાં પડયાં,—એમાં તો જરાપણ શંકા નથી જ. સામો હુંશીયાર હોય તો ઠેઠ સુધી સામે જૂએ અને એ વખતે મ્હોંઢું ફેરવી નાખે તો બચી પણ જાય ! તો એવો બેવકૂફ કોણ હોય કે—સામાનું મ્હોં કાળું કરવા, કાળું થવાનું નક્કી નથી છતાં, પોતાના હૈયાને તથા હાથને કાળા કરે ? કોઇનું પણ કાળું કરવાની ભાવના હૈયામાં ન આવવી જોઇએ. સામાનું કાળું તો ભાગ્યને આધીન, સામો ભૂલે તો થાય, પણ પહેલાં પોતાનું તો કાળું થઈ જ જાય. સામાનું કાળું કરવાનો વિચાર આવે કે તરત પોતાનું તો બગડે. જ્ઞાની પુરૂષોએ બહુ બહુ શીખામણો દીધી છે. કોઇ તરફથી ખરાબ શબ્દ આવે તો ગુસ્સે ન થાઓ : જો એ કહે છે તે સાચું હોય તો તમે સુધારો કરો અને ખોટું હોય તો એની કીંમત ન આંકો. મનુષ્યપણાની ભાવના નાશ પામી જાય ત્યાં જૈનત્વ આવે ક્યાંથી ? અને જૈનત્વ વિના ધૂનન થાય શી રીતે ? ધૂનન થાય ત્યારે તો બધું હાલે. સ્થિર જગ્યામાંએ ન ટકી શકાય, તો ધરતીકંપ થાય ત્યાં શું થાય ? મજેના શાંત સ્થળમાં પણ મજબૂત ન રહી શકાય, તો પાયાનાં મૂળીયાં હાલે ત્યાં શું થાય ? ત્રણ લોકના નાથની પાસે જે જાતિની માગણી કરો છો, તેમાં એકતાન બનો. એ ભાવના અને એ સંસ્કાર, ઘરમાં અને કુટુંબમાં ફેલાય તો પાપનો આપોઆપ નાશ

થાય. આજે જ એ પાપ ચાલી જાય. બધા એમજ કહે કે–‘ જીંદગી નાની છે માટે પાપની જરૂર નથી : થોડું મળશે તો થોડું ખાઈશું, લુખું મળશે તો લુખું ખાઈશું, પણ પાપ નથી કરવું !’ સ્નેહી, માબાપ, શેઠ, નોકર, બધા આમ કહે તો આત્મા–કોઇ કોઇ અપવાદરૂપ આત્માઓ બાદ કરતાં–અવશ્ય સુધરે. જમતાં સ્રી પણ એજ કહે કે–‘શા માટે પાપ કરો છો ? અનીતિ ન કરો, પ્રપંચ ન કરો, કાળાં–ધોળાં ન કરો, એવી રીતે મારે સાડી તથા અલંકાર ન જોઇયે. પાપમાં, પ્રપંચમાં પડી જીંદગી ન બગાડો, પણ જેટલું મળે તેટલામાં સંતોષ માની પ્રભુના માર્ગની આરાધના કરી આત્મકલ્યાણ સાધો !’ વિજય શેઠ અને વિજયા શેઠાણી : એ દંપતીયુગલ કેવું પુણ્યવાન્ ! પુણ્યાનુબંધી પુણ્ય હોય તો એવો સુયોગ મળેને ! વિજયશેઠને કૃષ્ણ પક્ષમાં શીયલ પાળવું એવો નિયમ હતો. ભવિતવ્યતાના યોગે પત્નિ પણ એવી જ મળી કે–જેને શુકલ પક્ષમાં શીયલ પાળવું, એવો નિયમ હતો. એ બેનો સંયોગ થયો : એ બેનાં લગ્ન થયાં : વિજયા જ્યારે તૈયાર થઈ, પતિ પાસે ગઈ, ત્યારે વિજય શેઠ કહે છે કે:–‘ મારે કૃષ્ણ પક્ષમાં શીલ પાળવું ’– એવો નિયમ છે અને તેના ત્રણ દિવસ બાકી છે. માટે મહારા નિયમમાં સહાયક થા.’ વિજયા શેઠાણી વિચારે છે કે–‘એમને ત્રણ દિવસ બાકી છે, અને પછી મારે પંદર દિવસ બાકી છે.’ પોતે ખિન્ન થાય છે. વિજય શેઠ ખિન્નતાનું કારણ પૂછે છે. કારણ જાણ્યા બાદ ખૂશી થાય છે. બેય પવિત્ર આત્મા છે. બેય પોતાને ધન્ય માની કહે છે–ભવતુ. સોનું અને સુગંધ

મળ્યું : જોઇતું હતું ને વૈદે કહ્યું : ભાવના હતી તે ફળી : આમાં હાનિ શી ? અમારે બેયને સર્વદા સર્વથા બ્રહ્મચર્ય હો. બેયના વિચાર ક્યા ? વિષય ખરાબ છે,–એમ બેય માનતાં હતાં માટે તો નિયમ લીધો હતો. અને એવોજ સુયોગ મળ્યો એટલે માન્યું કે–' વિષયથી બચ્યા. ' પછીથી એ બેએ ત્યાં જ નિર્ણય કર્યો કે–' અખંડ બ્રહ્મચારી રહેવું અને એ વાતની ખબર માતાપિતાને ન આપવી : છતાં એમને ખબર પડે કે–ઘરબાર છોડી નીકળી જવું ! ' બેયના આવી રીતના દરેક વાતમાં પુણ્ય વિચારો હોય એ ઘરસંસાર કેવો ચાલે ! રામાયણમાં આવે છે કે–ગાદી કોને આપવી, એનો રાજા દશરથને વિચાર થઇ પડ્યો હતો. કોઈ ગાદી લે નહિ. આજે ગાદી માટે શું થાય ? અરે, ગાદીની વાત જવા દોને ! પાશેર દુધ ઓછુંવત્તું થાય તોય મારામારી ! શ્રી જિનેશ્વરદેવના ત્યાગમાર્ગની છાયા નીચે જે પુણ્યાત્માઓ જીવે, તે સ્થાનમાં ક્લેશ હોયજ નહિ. શ્રી શાલિભદ્રજીની માતા, જ્યારે પેલો વેપારી સોળ રત્નકંબલ લાવ્યો, ત્યારે કહે છે કે–મારે વહુ બત્રીસ છે : તરત બત્રીસ ટુકડા કરી એકેક ટુકડો આપી દે છે. પોતાનું શું ? મોટું કોણ ? સાસુ કે વહુ ? સારી ચીજ પહેલું કોણ વાપરે ? સાસુ કે વહુ ? પણ કહેવાય છે કે–આજની સાસુ તો ઘીદૂધ પણ તાળામાં રાખે : છોકરો પોતાનો, સ્ત્રી પોતાનાજ છોકરાની અને એનાથી ઘીદૂધ તાળામાં ? પેલી વહુ પણ વિચારે કે–લાગ આવવા દો, હાથમાં આવે ત્યારે પીવાય નહિ તો ઢોળી તો નાખુજ. હાનિ થોડી : કજીઆ ઘણો. આ બધું શાથી ? શ્રી જિનેશ્વરદેવના શાસનની છાપ

અને પ્રભુમાર્ગને અનુસરતી ઉદારતા, પ્રેમ, વાત્સલ્ય, વિગેરે નાશ પામ્યું તેથી! તમે કહો છો–શાંતિ લાવો. ક્યાંથી લવાય? જરા પણ ઉદારતા ન આવે, જરા પણ ત્યાગ ન રૂચે, તો શાંતિ આવે ક્યાંથી? અશાંતિનાં કારણોથી શાંતિ મળે? સાસુ એમ કહે કે–'દીકરાની વહુ પહેલી'–તો ઝટ પેલી પણ પગે પડે કે–'ના! માજી તમે પહેલાં, હું પછી.' આવડત જોઇએ. માણસાઇ જોઈએ. પણ આ તો બધી ભાવનાજ જૂદી. શ્રી શાલિભદ્રજીની માતા બત્રીસની આટલી બધી ચિંતા કરતી હતી, તો બત્રીસે પણ એની મર્યાદામાં કેટલી રહેતી! કેવલ સાસુજ નહિ, પણ માતા તરીકે માનતી અને પૂજતી. જ્યારે શ્રી શાલિભદ્રે દીક્ષાની રજા માગી અને માતાએ હા કહી, ત્યારે બત્રીસમાંથી કોઈની તાકાત નહિ કે વચ્ચે બોલે. સમજે કે–માતા જે કહે–કરે તે વ્યાજબીજ હોય. થોડી ઉદારતા કેળવાય, થોડો સદ્ભાવ રાખવામાં આવે, તો અપવાદ તરીકે કોઈ આત્મા એવો અયોગ્ય હોય તેની વાત જૂદી, બાકી પરિણામ ઘણુંજ સુંદર આવે. શ્રી જિનેશ્વરદેવના માર્ગથી છેટા થવાય, ત્યાગને–ઉદારતાને વેગળી કરવામાં આવે, એટલે ઉત્પાત શિવાય બીજું શું થાય?

લોકવિરૂદ્ધત્યાગની પીઠિકા

માટેજ ' ભવનિવ્વેઓ 'ની વાત કરીએ છીએ. 'હે પ્રભો! અમે તારા સેવકપણાને યોગ્ય હોઇએ, તો ત્હારા પ્રભાવે અમને ભવ પ્રત્યે નિર્વેદ થાઓ!'–આ માગણી બરાબર હૃદયમાં ઉતરી જાય, ઠસે, તો બધી પંચાત મટી જાય. સંસારનો નિર્વેદ થાય એટલે બંગલાઓ કારાગાર જેવા લાગે, અલંકારો

ભારભૂત લાગે અને ભોગ રોગ જેવા લાગે: સામાયિક લેતાં આનંદ આવે, પારતાં આંસુ આવે : વ્યાખ્યાન સાંભળતાં પ્રેમ થાય, ઉઠતાં મુંઝવણુ થાય-પગ ન ચાલે. આ મહાત્માઓએ તમારા માટે કેટલી મહેનત કરી છે? ખરાબ થવાય તો ખરાબ કામ થાય : અને તેમ થાય તો દુર્ગતિમાં જવું પડે! આ બધા માટે લાખ્ખો શ્લોકો-ઢગલાબંધ ગ્રંથો ઉપકારી મહાત્માઓ લખી ગયા અને એ દ્વારા સમજાવે છે કે-આ માર્ગે ન જતા. આ વાત તમને કોઈ કહે-સમજાવે, તેમાં આમળો કેમ ચઢે? આમળો એટલે સમજો છો? દોરી બળે પણુ વળ ન મૂકે! એ દશામાં ન જવાય એમાંજ કલ્યાણુ છે. બુદ્ધિનો સદુપયોગ કરો. શ્રી જિનેશ્વરદેવના સાચા અનુયાયી બનો. શાંતિ જોઈતી હોય તો શાંતિના આપનાર બનો. કોઈના ભૂંડાની ભાવના ન રાખો. પારકાના ભલાની ભાવના રાખો. કોઇના ભલા માટે કોઈ યોગ્યને કાનપટ્ટી પકડીને પણુ સમજાવવો પડે તેમાં ગભરાઓ મા. વ્હાલામાં વ્હાલા દીકરાને એના ભલા માટે ધોલ મારવી પડે, તો માબાપ કોઇને પૂછે નહિં. એવી ધોલ લગાવી દે કે-બાલકને પણુ થાય કે આ માબાપ સામે, આપણી અયોગ્ય કાર્યવાહી ચાલી શકે તેમ નથી. આટલું થાય તો જૈનશાસનનો સાચો આનંદ આજ લુંટી શકો.

[૧૦]

નિષ્કપટ આત્મસમર્પણ.

ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા મંગલાચરણ કરતાં તીર્થની પ્રશંસામાં ફરમાવી ગયા કે–'આ તીર્થ જયવંતુ વર્તે છે.' શાથી ? એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી તેમજ એક પણ યોગ્ય વિચારનો અભાવ નથી : એના સિદ્ધાંતો અનેક પ્રકારે એવી રીતિએ સિદ્ધ થએલા છે કે–તેના સેવનથી આત્મા જરૂર નિર્મલ થઇને મુક્તિપદને પામે જ : માટે જ એ શાશ્વત્ રહેવા સરજાયેલું છે : અને એજ કારણે જગત્માં એની જોડી નથી : અને એથી જ સર્વ તીર્થપતિયો વડે નમસ્કાર કરાયેલું છે.' આવા તીર્થને પામ્યા બાદ, જે જાતિનો આચાર એમાં વર્ણવાયો છે, એને જીવનમાં ઉતારવો જોઇએ. તે વિના કદી પણ કલ્યાણ થઇ શકે તેમ નથી, માટે બીજા શ્લોકમાં ટીકાકારમહર્ષિ ફરમાવે છે કે–'સુવિનિશ્ચિત શ્રી આચારસૂત્રને ભગવાન્ શ્રી મહાવીરદેવે જગત્ના કલ્યાણ માટે કહ્યું છે.' આ શાસ્ત્રનું છઠ્ઠું અધ્યયન વાંચવાનું છે. પહેલી એની પીઠિકા થઇ રહી છે. પછી પહેલા અધ્યયનથી પાંચમા સુધી શું શું આવે છે, તે સામાન્ય સામાન્ય જોઈ લીધા પછી, છઠ્ઠું શરૂ થશે. ધૂનન કરવાની યોગ્યતા લાવવા માટે અહીં પ્રાર્થનાસૂત્ર (જયવીયરાય)ની વિચારણા ચાલે છે. ધૂનન મૂળમાંથી કરવાનું છે. અનાદિકાળથી સંસારનાં જે મૂળીઆં મજબૂત થયેલાં છે, તેને મૂળમાંથી હલાવવાનાં છે. એ ધૂનન કરવું હોય તો એ [illegible] છે કે–

કરનારે તેમજ કરાવનારે એક ધ્યેય પર મક્કમ થવું જોઇએ. હમેશાં શ્રી વીતરાગદેવ પાસે તમારી અને અમારી પ્રાર્થના કયી છે? આપણે શું ઇચ્છીએ છીયે? શું માગીયે છીયે? એ માગણીને અનુસરતી ભાવના થઇ જાય, તો ધૂનનથી જે કાર્યવાહી કરવા માગીયે છીયે, તે બહુ સ્હેલી અને સુકર થઇ જાય: કઠીનતા ન રહે. અનાદિની વાસના પર કાપ મૂકવો, એને વર્જવી, એ નાનુંસૂનું કામ છે? ધૂનન તો કાર્ય છે: પ્રવૃત્તિ છે: પ્રવૃત્તિ પહેલાં ભાવના તો શુદ્ધ બનાવવી જ જોઇએ. ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ,–એ ત્રણેના સ્વરૂપને ધ્યાનમાં રાખવાની જરૂર છે. પ્રાર્થના, એ ભાવનારૂપ છે. પ્રાર્થના આત્મા સાથે એકાકાર થવી જોઇએ: તોજ આત્મા શ્રી જિનેશ્વરદેવના માર્ગમાં ટકે, નહિ તો ખસી જાય: ચંચળ થવાનાં સાધનો એટલાં બધાં છે કે–ટકી શકાય નહિ. વિધિપૂર્વક ત્રિકાળપૂજન, વિગેરે વિગેરે શ્રાવકપણાની કરણી કરે તો સાત વાર ચૈત્યવંદન થાય: હાલ એ વાતને બાજૂ રાખો: પણ એકવાર તો ચૈત્યવંદન થાય છે અને તેમાં પ્રાર્થના બોલાય છે ને! એકવાર બોલવામાં પણ બોલનારનો આત્મા તો એકતાન થવો જોઇએને? પ્રાર્થનાસૂત્ર (જયવીયરાય) તો આખા ચૈત્યવંદન બાદ છેલ્લું આવે છે. પહેલાં ઇરિયાવહિ, ચૈત્યવંદન, જંકિંચિ, નમુથ્થુણં, જાવંતિ, ખમાસમણ, જાવંત–કે–વિ–સાહુ, પછી સ્તવન જેમાં પ્રભુના ગુણગાન ને પોતાના દોષ પ્રકાશે, ત્યાર બાદ આ પ્રાર્થનાસૂત્ર બોલે. આ બધામાં જે વસ્તુઓ યોજાઇ છે, તે બધી એવી તો અનુપમ છે કે–જો એ ભાવનાપૂર્વક બોલાય તો પ્રાર્થનાસૂત્ર વખતે એ

આત્માની દશા એકાકાર બની જાય. પણ એ સમયે ભક્તિનાં પૂર વ્હેવાં જોઇએ. લોકોક્તિ છે કે–ચંદ્રનાં દર્શનથી સાગરમાં કલ્લોલ આવે: તેમજ શ્રી જિનચંદ્રના દર્શનથી હૃદયમાં ભક્તિસાગરના ઉછાળા આવવા જોઇએ. એ શ્રી જિનેશ્વરદેવની ઓળખાણ માટે નમુથ્થુણં (શક્રસ્તવ)માં એક એક વિશેષણ છે, તે વિચારાય તો આત્મા સમર્પાઇ જાય. શક્રસ્તવમાં પ્રભુની ઓળખાણ આપવામાં, સ્વરૂપ દર્શાવવામાં, હેતુ વિગેરે બતાવવામાં કમીના રાખી નથી. આ બધું કર્યા પછી પ્રાર્થનાસૂત્ર આવે છે. એમાંની માગણી સમજો તો આત્મા બહુ દઢ બની જાય અને દઢતા આવે તો ગબડી ન જવાય: ધૂનન પચે. આ બધી સ્થિતિ પ્રાપ્ત કરવા આ પ્રાર્થનાસૂત્ર પર જેટલો થાય તેટલો વિચાર કરવો જરૂરી છે. 'હે ભગવન્! તારા જયમાં અમારો જય છે.' એટલે કે– તારા અભાવમાં અમારી દુર્દશા છે. તું ન મળે તો અમારી હાલત કફોડી! કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા તો શ્રી વીતરાગસ્તોત્રમાં ત્યાં સુધી કહે છે કે:—

"यत्राल्पेनापि कालेन, त्वद्भक्तेः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु, कृतं कृतयुगादिभिः ॥१॥"

*

'હે વીતરાગ! જે કાલમાં થોડા પણ સમયમાં તારી ભક્તિનું ફલ મેળવી શકાય છે, તે એક કલિકાલ હો: અમારે કૃતયુગાદિથી સર્યું.'

*

આ પ્રમાણે માનનાર આત્મા પ્રાર્થનામાં કેવો એકાકાર થાય એ વિચારો. શ્રી આનન્દઘનજીએ કહ્યું કે:-

" ચિત્ત પ્રસન્નેરે પૂજનફલ કહ્યું રે,
પૂજા અખંડિત એહ:
કપટરહિત થઇ આતમઅરપણોરે,
આનંદઘન પદ રેહ. ॥૧॥"-

*

કપટરહિતપણે આત્મા અર્પાય ત્યાં ખરી ભક્તિ છે. જ્યાં કપટ અને પ્રપંચ હોય ત્યાં સમર્પણજ ન હોય. સમર્પણ થશે ત્યારે સાચી ભકિત થશે! એ નક્કી થવું જોઇએ કે–'મારૂં સઘળું સુખ, શાંતિ, આબાદી વિગેરે પ્રભુની આજ્ઞાના પાલનમાં જ સમાયેલ છે.'

<u>ભવનિર્વેદ પ્રથમ કેમ?</u>

'होउ मम तुह पभावओ, भयवं! भवणिव्वेओ।'-

*

'હે ભગવન્! તારા પ્રભાવથી મને હો: તારો પ્રભાવ મારામાં પડી શકતો હોય, તારો પ્રભાવ ઝીલવાની મારામાં લાયકાત આવી હોય, જો હું લાયક બન્યા હોઉં, તો હે ભગવન્! ત્હારા પ્રભાવથી મને ભવનો નિર્વેદ થાઓ!'

*

પ્રભાવ તો પ્રભુમાં ઘણોએ છે, પણ સામાની એ લાયકાત તો જોઇએ ને! દાતાર તો ઘણુંએ દે, પણ હાથ કાણા હોય તો? શ્રી જિનેશ્વરદેવે તો એટલું બધું દીધું છે અને મૂર્તિરૂપે એટલું બધું દે છે કે–એવો દાતાર જગત્માં બીજો છે કોણ? એ તો એજ દે. લેનાર યોગ્ય જોઇએ: લેનારમાં લેવાની તાકાત

જોઇએ : લઈને પણ પચાવવાની શક્તિ જોઇએ એ ન હોય તો ત્યાં દાતારનો શો દોષ? પહેલીજ માગણી : 'ભવનિવ્વેઓ'– ભવનો નિર્વેદ! પહેલી માગણી મજબૂત થાય તો આગળનું બધું આવે, પણ પહેલી માગણીમાંજ પોલ હોય તો? 'હે ભગવન્! આ ભવમાં (સંસારમાં) આત્મા એટલો બધો રક્ત બની ગયો છે કે–એનું વર્ણન થઈ શકે તેમ નથી. લાંબી–ચોડી વાતો ભલે કરતો હોઉં, પણ હે ભગવન્! મારો આત્મા ભવમાં એવો લીન છે કે–એક પણ વાત વાસ્તવિક-પણે હૃદયમાં ઉતરતી નથી.' ભવની આસક્તિમાં પડેલો આત્મા નિર્વિણ્ણ ન થાય ત્યાં સુધી, એ મોક્ષ માટે પ્રયત્ન કરી નથી શકતો. એ વિના આગળની બધી વાતો હૃદયમાં ઉતરી શકતી નથી. આ આત્માજ સંસારરૂપ છે અને એજ મોક્ષરૂપ પણ છે. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે:—

" अयमात्मैव संसारः कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं, मोक्षमाहुर्मनीषिणः ॥ १ ॥"

*

'આ આત્મા પોતેજ સંસાર છે અને પોતેજ મોક્ષ છે. પંડિત પુરૂષો કહે છે કે–કષાયો અને ઇંદ્રિયોથી જીતાઇ ગયેલો આત્મા સંસારરૂપ છે અને કષાય તથા ઇંદ્રિયો ઉપર જીત મેળવનારો આત્મા મોક્ષ રૂપ છે.'

*

વાત પણ ખરી છે કે–જ્યાં સુધી આ આત્માને સંસારપર નિર્વેદ થયો નથી, ત્યાં સુધી મોક્ષની ક્રિયામાં–

મોક્ષના અનુષ્ઠાનમાં એને આનંદ કયી રીતે આવે? કેટલાક લોકો કહે છે કે-'મંદિર અને ઉપાશ્રયની ક્રિયામાં અમને આનંદ નથી આવતા.' પણ આનંદ આવે કયાંથી? સંસાર પ્રત્યે નિર્વેદભાવ હોય તો અહીં આનંદ આવેને? શરીર સુસ્ત હોય, મ્હોંઢામાં મોળ છૂટતી હોય, માથું દુઃખતું હોય, કળતર થતી હોય અને પથારીયે પટકાયેલ હોય, તે લગ્નોત્સવ જૂએ શી રીતે? વરઘોડાનાં વાજાં વાગે તે સાંભળે તોયે અકળાય અને બોલી જાય કે-'મને જપવા દો: તમે તમારે કરતા હો તે કરો, પણ મને પડી રહેવા દો!' તેમ સંસાર પ્રત્યે નિર્વેદભાવ આવ્યા વિના, અહીં પણ એમજ કહે કે-'સાધુ તો કહે અને જ્ઞાની કહી ગયા એ બધી વાત ખરી, પણ આપણાથી થાય?' આટલાજ કારણ માટે પહેલી માગણી એ છે કે-'હે ભગવન્! તારો પ્રભાવ હોય, તારો પ્રભાવ હું ઝીલી શકતો હોઉં, તારો પ્રભાવ મારા આત્માને સ્પર્શી શકતો હોય, મારામાં એ યોગ્યતા હોય, તો હે ભગવન્! તારા પ્રભાવની રૂઇએ હું માગું છું કે-મને ભવનો નિર્વેદ હો!' આ સૂત્રના કહેનારે અને રચનારે ધ્યાન કરી જોયું કે-'જ્યાં સુધી આ વસ્તુ આવે નહિ, ત્યાં સુધી મોક્ષનું સાચું અર્થિપણું જાગે નહિ'. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પણ 'શ્રી જયવીયરાય' નામના પ્રાર્થનાસૂત્રનું વિવરણ કરતાં લખે છે કે:—

"भवतु. जायतां ××× मम ××× तव प्रभावतः, त्वत् साम-र्थ्येन, भगवन्! ××× भवनिर्वेदः संसारनिर्वेदः। न हि भवाद्

निर्विण्णो मोक्षाय यतते, अनिर्विण्णस्य तत्प्रतिबन्धान्मोक्षे यत्नोऽयत्न एव निर्जीवक्रियातुल्यत्वात् ।"

*

'હે ભગવન્! મને તારા પ્રભાવથી–તારા સામર્થ્યથી સંસાર પ્રત્યે નિર્વેદ થાઓ: કારણ કે–સંસારથી નિર્વેદને નહિ પામેલો મોક્ષ માટે યત્ન કરતો નથી: સંસારથી નિર્વેદ નહિ પામેલા આત્માને સંસારનો પ્રતિબંધ હોવાથી, તેનો મોક્ષમાં જે યત્ન છે તે નિર્જીવ ક્રિયાતુલ્ય હોવાથી વસ્તુતઃ અયત્નજ છે.'

*

સમજાય છે? 'સંસાર ઉપર નિર્વેદ ન આવે ત્યાં સુધી મોક્ષ માટે સાચો પ્રયત્ન જ નથી થતો. સંસારનો રાગ એ ભયંકર રોગ છે અને એ રાગની પ્રશંસા અને પુષ્ટિ કરનારા ત્યાગીઓ, એ વસ્તુતઃ ત્યાગીયો જ નથી.'—આ વાત સમજવામાં હવે કશી પણ હરકત આવે તેમ છે? 'ત્યાગીના વેશમાં રહીને ધર્મના બહાને, એમની પાસે ધર્મ લેવા આવનારને, આરંભસમારંભના શિક્ષણદ્વારા આત્મનાશક ઉન્માર્ગે ચઢાવનારા, એ વસ્તુતઃ ત્યાગી નથી.'–આ વાત તમને આ પ્રાર્થનાસૂત્ર સમજાવે છે! જેમ જેમ વિચારશો, તેમ તેમ તમને આ પ્રાર્થનાસૂત્રમાંથી ઘણું ઘણું મળશે.

મિથ્યાદૃષ્ટિ અવસ્થાના અપુનર્બંધક માર્ગાનુસારિપણાના વર્ણનમાં પણ, એ વસ્તુ આવે છે કે–તે આત્મા પણ ભયંકર સંસાર પ્રત્યે બહુમાનવાળો ન હોય! સમ્યગ્દૃષ્ટિ આત્મા તો સંસાર પ્રત્યે રૂચિવાળો નજ હોય, પણ સમ્યક્ત્વને નહિ પામેલા માર્ગાનુસારી આત્માને પણ એમ થયા કરે કેઃ–'જરૂર સંસાર ભયંકર છે: વિકટ છે: ડગલે ને પગલે ભયંકરતા પ્રત્યક્ષ દેખાય છે: મને સત્ય ધર્મની પ્રાપ્તિ ક્યારે થાય?' મિથ્યાત્વમાં બેઠેલો આત્મા પણ ઉત્તમ વિચારોમાં વધતો વધતો, એટલો બધો મધ્યસ્થ બને કે–'શાસ્ત્ર ગહન છે અને મતિ તો અલ્પ છે: શાસ્ત્રમાં આપણી ચાંચ ખૂંચે તેમ નથી: માટે શિષ્ટ પુરૂષો કહે એજ પ્રમાણ હોય!' આ ભાવનાવાળો–આ વિચારવાળો, પછી એમ ન કહે કે–'મને આમ લાગે છે અને મને તેમ લાગે છે.' એ તો એમજ કહે કે–'મારી મતિ ક્યાં ને આ ગહન શાસ્ત્ર ક્યાં?' મતિ અલ્પ છે માટે શાસ્ત્ર સમજવું કઠીન છે: તેથી શિષ્ટ પુરૂષો કહે તેને પ્રમાણ રાખે છે. મતિ અલ્પ હોવાને લઇને શાસ્ત્રની ગહનતા ન સમજી શકાવાથી, મતિને આઘી મૂકી શિષ્ટ પુરૂષોનું કહેલું પ્રમાણ કરે: અર્થાત્ તે માને કે–'જ્ઞાનીનું કહેલું બુદ્ધિમાં ઉતરતું નથી, માટે બુદ્ધિ મુજબ દોડવું કામ નહિ લાગે, પણ શિષ્ટ મહાજનો કહે તે બુદ્ધિમાં ઉતારવા પ્રયત્ન કરવો પડશે.'

ધર્મ, એ સામાન્ય બુદ્ધિથી પર હોય કે કેમ?

જે વસ્તુ અનંતજ્ઞાનીયોએ કહી, તે સામાન્ય બુદ્ધિથી

સર્વ પ્રકારે ગ્રાહ્ય હોય ? શ્રી તીર્થંકરદેવો પણ કેવળજ્ઞાન થયા પૂર્વે ધર્મતીર્થની સ્થાપના કરતા નથી. કેવળજ્ઞાન પેદા કરી, વિનંતી શકિત મેળવી, ત્રણે જગતના અને ત્રણે કાલના સઘળા પદાર્થો–સઘળા પર્યાયોની સાથે–એકી સમયે જોયા અને જાણ્યા પછી, ધર્મતીર્થની સ્થાપના કરી. હવે આ ધર્મ, સામાન્ય બુદ્ધિથી સર્વ પ્રકારે ગ્રાહ્ય હોય તે બને ? ધર્મ, એ સામાન્ય બુદ્ધિથી પર વસ્તુ છે : તેમાં સમાઈ જાય તેવો નથી. શ્રી ઇંદ્રભૂતિજી, ભગવાન્ શ્રી મહાવીરદેવ પાસે સમવસરણમાં આવ્યા : જ્યાંથી નીકળ્યા ત્યાંથી તો પરિપૂર્ણ અભિમાનના યોગે નીકળ્યા હતા : એમના પાંચસેં શિષ્યો ઉત્તમ બીરૂદાવળી બોલતા હતા : અને એ સાંભળીને શ્રી ઇંદ્રભૂતિજી પોતામાં જે ન હતું તે માનીને ચાલ્યા આવતા હતા : સમવસરણમાં બેઠેલા ભગવાન્ શ્રી મહાવીરદેવને જોયા કે તરત પલટો થયો : ઈંદ્રભૂતિ મુંઝાયા : મનમાં થયું કે–'હું ધારૂં છું તેવી આ વ્યકિત નથી.' અનેક પ્રકારના વિચારોને અંતે તેઓએ નિર્ણિત કર્યું કે–અન્ય કોઈ નથી, પણ સકલદોષરહિત અને સર્વગુણસંપન્ન એવા છેલ્લા તીર્થપતિ છે.' આ રીતિએ તે મહાપુરૂષે નિર્ધાર કરી લીધો. બસ, 'અરિહંત છે.'–એવી ખાત્રી થઇ અને પરિણામે શિષ્યત્વ સ્વીકાર્યું તેમજ સ્વીકાર્યું તે એવું સ્વીકાર્યું કે–તે પછી કદી પણ સામે મસ્તક ઉંચું નથી કર્યું : સર્વસ્વ એ તારકના ચરણે જ ધરી દીધું અને એજ પોતાનો એક આદર્શ બનાવ્યો કે—"**तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं**"– 'તે જ સાચું અને શંકા વિનાનું કે જે શ્રી જિનેશ્વરદેવોએ પ્રવેદ્યું.' તે પુણ્ય પુરૂષોએ પોતાની બુદ્ધિનો ઉપયોગ શ્રી તીર્થંકરદેવના કથનને ઝીલવામાં અને ગુંથવામાં કર્યો છે. પ્રભુના કથન

દ્વારા વસ્તુને વસ્તુરૂપે સમજી, તે સમજેલી વસ્તુનેજ શ્રીસંઘ માટે દ્વાદશાંગીમાં ગુંથી છે. આ વસ્તુને વર્ણવતાં શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી કહે છે કે:—

"तव–नियम नाणरुक्खं, आरुढो केवली अमियनाणी ।
तो मुयइ नाणवुट्ठिं, भवियजणविबोहणट्ठाए ॥ १ ॥

*

तं बुद्धिमयेण पडेण, गणहरा गिण्हिउं निरवसेसं ।
तित्थयरभासियाइं, गंथंति तओ पवयणट्ठा ॥ २ ॥"

*

'તપ, નિયમ અને જ્ઞાનરૂપ વૃક્ષ ઉપર આરૂઢ થઈને અમિતજ્ઞાની શ્રી કેવલજ્ઞાની ભગવાન્, ભવ્ય જીવોના બોધ માટે જ્ઞાનરૂપ પુષ્પોની વૃષ્ટિને કરે છે: તેને સંપૂર્ણ બુદ્ધિમય પટદ્વારા ગ્રહણ કરીને, શ્રી ગણધરદેવો તે શ્રી તીર્થંકરદેવના કથનરૂપ પુષ્પોને પ્રવચન માટે ગુંથે છે.'

*

આ રીતિએ પ્રભુના કથનમાંજ સ્વશ્રેય: માનતા તે મહર્ષિ, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા સમક્ષ પોતાની બુદ્ધિને યત્કિંચિત્જ સમજે છે. તે પરમર્ષિની બુદ્ધિ એવી અજબ હોય છે કે–જેના બળે "उपन्नेइ वा, विगमे वा धुवेइ वा–" આ ત્રિપદી માત્રથીજ એક અંતર્મુહૂર્તમાંજ આખી દ્વાદશાંગીની રચના કરી શકે છે! તે છતાં પ્રભુની આજ્ઞા સામે તે બુદ્ધિનો ઉપયોગ થતો નથી. એક વખત ખિન્ન થયેલા શ્રી ભગવાન્ ગૌતમસ્વામિજીને પ્રભુ પૂછે છે કે:—

*

" किं सुराणां वचस्तथ्यं जिनानाम्—

*

' શું દેવતાઓનું વચન સત્ય કે જિનોનું ? '

ઉત્તરમાં શ્રી ગૌતમસ્વામિજી મહારાજા કહે છે—

" जिनानाम् "–'શ્રી જિનેશ્વરદેવોનું–'

*

આ સ્થિતિ આપણા શિરતાજ ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજીની શાસનપતિ શ્રી જિનેશ્વરદેવ સમક્ષ હતી. સર્વજ્ઞ માન્યા પછી સામે થવાની કે કુત્સિત કુતર્કો કરી પોતાનું બુદ્ધિબલ બતાવવાની ધૃષ્ટતા, કલ્યાણકામી આત્માઓની હોઇજ નથી શકતી. કેવલજ્ઞાન જેવા અમિત અને અનંત જ્ઞાનદ્વારા જણાતી સઘળી વસ્તુઓ, શ્રી કેવલજ્ઞાની ભગવાનોથી પણ સર્વ પ્રકારે વચનગોચર નથી કરાવી શકાતી, એ વાત ખાસ સમજવા જેવી છે. પ્રત્યક્ષ અનુભવથી સમજી શકાતી વસ્તુ, વચનદ્વારા કયી રીતિએ સમજાવી શકાય ? તમનેજ કોઈ પૂછે કે:–'સાકર કેવી ?' તો તમે કહો કે–'મીઠી.' સામો ફરી પૂછે કે–'કેવી મીઠી ?' તો તમે કહો કે–'ગોળ જેવી.' પૂછનાર પૂછે કે–'એથી શું સમજાય ? બરાબર સમજાવોની કે–સાકર કેવી !' તો કહેવુંજ પડે કે–'ભાઈ ! શું સમજાવે ? મ્હોંઢામાં મૂકી જો એટલે સમજાશે કે સાકર આવી મીઠી છે.' અને ચાખ્યા પછી અન્ય પૂછનારની સમક્ષ એની પણ એજ દશા અને એજ ઉત્તર ! આથી તો શ્રી વીરવિજયજી મહારાજ કહે છે કે:–

" વેધકતા વેધક લહે, બીજા બેઠા વા ખાય. "

*

બુદ્ધિવાદનું સ્થાન કેટલું?

ધર્મ, એ સામાન્યબુદ્ધિથી પર વસ્તુ છે. આથી એમ નથી માની લેવાનું કે-સામાન્ય બુદ્ધિવાળો ધર્મ માટે લાયક નથી: પણ એટલુંજ સમજવાનું છે કે-વિશિષ્ટ જ્ઞાનીયોની કે તેવા જ્ઞાનીપુરૂષોના કથનની નિશ્રા વિના સમજી શકાય તેમ નથી. સુધર્મ એ છદ્મસ્થ બુદ્ધિથી કલ્પી શકાય તેવી વસ્તુ નથી. ધર્મને આરાધવાની ભાવનાવાળાએ નિશ્રા તો કબુલવી જ જોઈએ. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં વિહાર બે પ્રકારના કહ્યા છે: એક જ્ઞાનીનો અને એક જ્ઞાનીની નિશ્રાનો: પહેલો વિહાર ગીતાર્થનો,-જ્ઞાનીનો: પ્રભુના માર્ગને જાણનાર તે ગીતાર્થ-સમર્થ જ્ઞાની. બીજો જ્ઞાની ન હોય પણ જ્ઞાનીની નિશ્રા કબુલે તેનો. સામાન્ય બુદ્ધિ હોય તોપણ, વિશિષ્ટ બુદ્ધિની નિશ્રાએ ચાલતો થકો આત્મા ધર્મ પામી શકે છે. 'મારી બુદ્ધિ મુજબજ ધર્મ નિયત થવો જોઇએ'-એમ નહિ. જો બુદ્ધિમાં ઉગે એજ ધર્મ, તો તો કહેવાય છે કે-'**मुण्डे मुण्डे मतिर्भिन्ना**' મુણ્ડે મુણ્ડે ભિન્ન મતિ હોય છે. આદમી એટલી મતિ: અરે કહોને, આદમીના કલાક, ક્ષણ, એટલી મતિ: ક્ષણે ક્ષણે વિચારનું પરિવર્તન. જો એમ પરિવર્તન થાય, તો તો પછી 'આજ ધર્મ'-એમ નિશ્ચય પૂર્વક નહિ કહી શકાય: કારણ કે-જે આત્માને, જે સમયે, જે બુદ્ધિ થાય, તેને તે ધર્મ કહે: અને જો તેમ થાય તો તો મિથ્યા દર્શનોમાં જે જાતનો અનર્થ થયો છે, તેવો અનર્થ અહીં ખૂબ ઉભો થાય, આથી તદ્દન સ્પષ્ટજ છે કે-સામાન્ય બુદ્ધિ કલ્પે તે ધર્મ હોઈ શકતો નથી. વિશિષ્ટ બુદ્ધિની નિશ્રાના

સ્વીકારથી, સામાન્ય બુદ્ધિવાળામાં પણ ધર્મ ઉતરી શકે છે. જે મુનિપણું જ્ઞાની મુનિવરોમાં હતું, તેજ મુનિપણું માસતુષ મુનિમાં પણ હતું, કે જેમને–' मा रुष मा तुष ' એટલા અક્ષરો પણ ગોખતાં આવડતા નહોતા. જે ગુરૂ એમને સમજાવનાર હતા તે પાછળ રહી ગયા અને માસતુષ મુનિને કેવળજ્ઞાન થયું. જે ધર્મ ગુરૂ પામ્યા તેજ એ પામ્યા હતા. શાથી ? નિશ્રાથી. એ કહેતા કે–" આ કહે તે મને પ્રમાણ. " સામાન્ય બુદ્ધિમાં નિશ્રાના યોગે તે ધર્મ પ્રતિબિંબિત થાય છે. સામાન્ય બુદ્ધિવાળો આત્મા, પોતાની જ બુદ્ધિ મુજબ ધર્મ કલ્પવા માગે, તો એ દૃષ્ટિએ તે ધર્મનોપર બને, પણ વિશિષ્ટ બુદ્ધિની નિશ્રા સ્વીકારે તો હૃદયમાં તે ધર્મ ઉતારી શકે. સર્વજ્ઞદેવના ધર્મમાં બુદ્ધિનો ઉપયોગ ગ્રાહક તરીકે થાય, નહિ કે–ચિકિત્સક તરીકે ! ધર્મમાં મરજી મુજબના ફેરફાર કરવા માટે બુદ્ધિવાદનો વાયડો ઉપયોગ કરવો, એ તો એક જાતનું ભયંકર મિથ્યાત્વ છે. વસ્તુની સાધકતા કે બાધકતાના વિચાર માટે બુદ્ધિવાદનો ઉપયોગ ખૂશીથી થઇ શકે : એ માટે શ્રી જૈનશાસનમાં એક રતિભર પણ નિષેધ નથી : પણ એ બુદ્ધિવાદ સ્વચ્છંદપણામાંથી જન્મેલો ન હોવો જોઇએ. બાધક વસ્તુના ત્યાગ માટે અને સાધક વસ્તુના સ્વીકાર માટે, બુદ્ધિવાદનો જેટલો ઉપયોગ કરવો હોય તેટલો કરવાની, શ્રી જિન–શાસનમાં છૂટ છે. વ્યવહારમાં પણ બુદ્ધિનો ઉપયોગ ગ્રાહક બનવા માટે થાય, પણ વેપારીને થકવવા માટે, કંટાળો આપવા કે એનો વેપાર ન ચાલે એ સ્થિતિ કરવા માટે ન થાય ! એવા વર્તન માટે

કંટાળીને વેપારીને કહેવું પડે કે—'જા ભાઈ, તારી અહીં જરૂર નથી.' કેટલાય ગ્રાહક એવા પણ હોય છે કે—લેવું ન હોય પણ માથું ફોડાવવા આવે. ' આ કાઢ, તે કાઢ. '—એમ ઢગલો કરાવે અને પછી ખોટી રીતે—'આનો ભાવ ઠીક નથી, આ માલ ઠીક નથી, આમાં આ વાંધો ને આમાં આ વાંધો. '—એમ કહી ચાલતા થાય. આમ ન થવું જોઇએ. આવા ગ્રાહક કામના નહિ. તેમ અહીં પણ સમજી લેવું જોઇએ.

(પ્રશ્ન૦ પારકી બુદ્ધિએ ચાલે તે સ્વતંત્ર કે પરતંત્ર ?)

જેની બુદ્ધિએ ચાલીએ એ અજ્ઞાન હોય તો તો ત્યાં પરતંત્રતા : પણ જો એ સર્વજ્ઞ હોય તો ત્યાં સ્વતંત્રતા : એ તો સાચા સ્વતંત્ર થવાનો માર્ગ છે. બજારમાં નાનો વેપારી—શરૂઆતનો વેપારી, મોટા કુશળ વેપારીની સલાહ મુજબ ખૂશીથી ચાલે. એમ ચાલવામાં એ લાભનો અર્થી પોતાને પરતંત્ર ન માને. એ તો ઉલટું એમ સમજે છે કે—આની સલાહે ચાલવાથીજ હું આગળ ઉપર સ્વતંત્ર વેપારી બની શકીશ. વિદ્યાર્થી શિક્ષકની આજ્ઞા માનવામાં પરતંત્રતા માને અને એમ માનીને આજ્ઞા ન માને, તો એ મરતાં સુધી મૂર્ખો ને મૂર્ખોજ રહેને ? શિક્ષક જે કાંઈ કહે છે તે સ્વતંત્ર બનાવવા માટે. કાનપટ્ટી પકડે, ધોલ મારે, સોટી મારે, તે ભવિષ્યમાં કોઈની પણ સહાય વિના પોતાનું કામ રીતસર કરી શકાય તેવી સ્થિતિમાં લાવવા માટે ! કક્કો કે એકડો ઘુંટાવવા માટે શિક્ષક આંખ કાઢે, મારે, તેમ છતાં વિદ્યાર્થી ન માને તો હિતૈષી શિક્ષક વિદ્યાર્થીનાં માતપિતાને પણ

જણાવે છે કે–'તમારા બાળકને સુધારવા માટે તમારે પણ ઘણુ પ્રયત્ન કરવાની જરૂર છે.' આ બધું શા માટે? એટલાજ માટે કે–વિદ્યાર્થીના ભલાની શિક્ષકના હૃદયમાં લાગણી છે. એ પરતંત્રતા સ્વતંત્રતા માટે છે. એજ સ્વતંત્રતા છે એમજ કહોને. અનંતજ્ઞાનીએ આજ્ઞા મુજબ વર્તવાનું વિધાન કર્યું, તેનો હેતુ એજ કે–'આ બીચારા કદી પણ પરતંત્ર ન રહે અને સદાને માટે સ્વતંત્ર બને.'

મુકિતનું કારણ કયું લીંગ?

ગૃહીલિંગે કેવળજ્ઞાન પામી એક સમયે ચાર જણા મુક્તિ જાય અને અન્યલિંગે દશ જાય, એનું કારણ શું? અન્યલિંગી અન્યલિંગમાં હોવા છતાં પણ ત્યાગનો અનુભવી છે: પેલો ત્યાગથી આઘો છે: યાદ રાખો કે–અન્યલિંગમાં રહેલાનો ત્યાગ પ્રશંસાપાત્ર નથી. અશક્ત આદમી લાકડી લઇ ધીમે ધીમે ચાલે, તે કલાક–બે કલાકે એક માઇલ ચાલે અને પહેલવાન એક કલાકના પન્નર માઇલ ચાલે. હવે પેલો અશક્ત ચાલનારો સીધે માર્ગે જતો હોય અને પેલો દોડનારો પહેલવાન ઉંધે માર્ગે જતો હોય, છતાં પણ પહેલવાનને સામે કોઇ શુદ્ધ માર્ગદર્શક મળી જાય અને તેને સીધે માર્ગે ચઢાવી દે, તો પેલો અશક્ત પુંઠે રહી જાય અને પહેલવાન આગળ ચાલ્યો જાય: કારણ કે–પહેલવાને જવાની તાકાત તો કેળવી છે: માત્ર રસ્તાનું ભાન નથી. બેશક, ઉંધે માર્ગે ખરચાતી તાકાત સારી નથી: એ તાકાત આત્માને હાનિ કરનારી છે: પણ એને કોઇ સદ્ગુરૂ મળી જાય ને સીધે રસ્તે દોરે, તો એ એવો દોડે કે–વહેલો

પહોંચી જાય ; કારણું કે–તેની તૈયારી છે. આ અશક્ત પાસે તૈયારી નથી. ગૃહીલિંગમાં રહેલો મ્હોઢે કહે કે–'બધું મૂકવાનું છે પણ શું કરીએ ? વ્યવસ્થા થાય એટલે મૂકી દઇએ.' પેલો તો મૂકીને આવેલો છે–માત્ર અન્યલિંગમાં છે : એને તો સીધા માર્ગની જરૂર છે : આણે તો હજી મૂકયું પણ ક્યાં છે ? આ તો કહે કે–'બધું ખરૂં પણ....' સંસારની જાળજ એવી છે. સુતરનું ગુંચવાયેલું કોકડું ઉકલે નહિ : કાતર જ મૂકવી પડે : તીવ્ર દૃષ્ટિવાળો પણ ઉકેલી ન શકે : એક તાંતો કાઢે ત્યાં બે ભરાય : એક ગાંઠ ઢીલી કરવા જાય કે બે મજબૂત થાય : ઉકેલાય પણ નહિ અને કાતર મૂકતાંય જીવ ચાલે નહિ, એ કોકડું ઉકલે શી રીતે ? ઘણાય રાજા–મહારાજા અને શેઠ–શાહુકારો જ્યારે નીકળ્યા ત્યારે તત્ક્ષણ નીકળ્યા છે. જ્ઞાનીને પણ કોઇ કહે કે–'જઈને આવું છું'–તો જ્ઞાની પણ કહેતા કે–"**मा पडिबंधं कुणह।**"–ભાવનાએ તો ચઢયા છે એમ જ્ઞાની પણ જાણે છે, પણ કહી દે કે–'પ્રતિબંધ ન કરતા.' જ્ઞાનીને સ્થિતિની ખબર છે. જ્ઞાની કહે છે કે–વ્યવસ્થા એ જાળ છે : એને ઉકેલવાની માથાકૂટમાં રોકાઓ નહિ.

સાધનને સાધન તરીકે પીછાનો !—

સંસારની વિષમ જાળને ભેદવા માટે એમ જ કહેવાય કે–એને કાપવાનું કરો. તમે બધા બુદ્ધિના ભંડાર ઉકેલવાનું કહો છો ! જ્ઞાની પણ ઉકેલવાની ના કહે છે, કાપવાનું કહે છે. સંસારની ખૂબી ન્યારી છે : જેમ સમય જાય ને સંયોગ વધે, તેમ આત્માની સંસારની જાળ વિસ્તરે અને પછી એ જાળ વળી ધર્મનું રૂપ લેતી જાય છે. પેલો એમ

માને કે–'આ કર્યું, આ પતાવ્યું ને નીકળ્યો'–પણ એ પતાવા જાય ને પહોળું થતું જાય: પછી પેલો પતાવટને પણ ધર્મ માને. જાળ એ ધર્મનું રૂપ લે. પછી તો Duty–ફરજ! એ ફરજમાંથી પરવારે ત્યારે આવે ને? માટે શાસ્ત્રકારે પહેલી ભાવના 'ભવનિવ્વેઓ' રાખી.

(પ્રશ્ન૦ સ્વલિંગે એક સમયે કેટલા?)

એકસો આઠ. અન્યલિંગે સિદ્ધ થાય એમાં અન્યલિંગની મહત્તા નથી અને ગૃહીલિંગે સિદ્ધ થાય એમાં ગૃહીલિંગની મહત્તા નથી: પણ સ્વલિંગે સિદ્ધ થાય એમાં સ્વલિંગની મહત્તા છે. ગૃહીલિંગ કે અન્યલિંગમાં રહેલાને કેવળજ્ઞાન થાય, પણ આયુષ્ય બાકી હોય તો તે સ્વલિંગમાં જ આવી જાય. મહત્તા સ્વલિંગની છે. ગૃહીલિંગ કે અન્યલિંગ સાધક નથી અને કારણ પણ નથી: ત્યાં રહ્યા કોઈ સાધી જાય એ વાત જૂદી છે. સ્વલિંગમાં સિદ્ધ થાય ત્યાં સ્વલિંગ એ કારણ છે. ચંડકોશીઓ સર્પ ભગવાનને કરડીને જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, માટે જાતિસ્મરણનું કારણ ભગવાનને કરડવું એ છે? એ તો અકસ્માત્ થયો. જેમને કરડયો એમનામાં કૌવત હતું ને રૂધિર લાલને બદલે ધોળું નીકળ્યું, માટે એ જાતિસ્મરણ પામ્યો. એ ન હોત તો ન પામત. કારણને કારણ માનવાં: કારણ ન હોય તેને કારણ તરીકે ન આલેખવાં: શાસ્ત્રમાં ગૃહીલિંગ તથા અન્યલિંગને મોક્ષનાં કારણ નથી કહ્યાં. વસ્તુસ્વરૂપને જેટલા પ્રમાણમાં સમજવું જોઇએ, તેટલા પ્રમાણમાં સમજવાની જરૂર છે. ન સમજાય તો આખી વસ્તુ મારી જાય.

(પ્રશ્ન૦ વસ્તુ પ્રાપ્ત થયા પછી લિંગનો આગ્રહ શા માટે ?)

ઝવેરી પત્થરના ઢગલામાંથી પણ હીરો લઈ શકે, પણ જે ઝવેરી ન હોય તેણે તો હીરા માટે ઝવેરીને ઘેર જવું પડે. એની તાકાત નથી કે–પથરામાંથી હીરો શોધી લાવે. એ તો હીરાના નામે પથરા લાવે. એ તાકાત તો ઝવેરીની આંખમાં છે. ઝવેરીને ત્યાં એ એકલો ન જાય : દલાલને સાથે લઇ જાય : દલાલને કહેશે કે–'દલાલી ખાજે પણ માલ સારો અને ચોકખો અપાવ.' એક આદમી હીરાની કિંમત પાંચ હજાર આંકે અને બીજો પચીસ હજાર આંકે : હાનિ કે લાભ નાનોસૂનો નહિ. એક નંગમાં શ્રીમાન્ પણ બની જાય અને પરીક્ષામાં ભુલે તો પાઘડી પણ ફરી જાય. ઇલાયચી કુમાર નટડી પર મોહી વાંસડે ચઢી કેવળજ્ઞાન પામ્યા. તમારે નાટકડી ઉપર મોહ પામી વાંસડે ચઢવું છે ? કેવળજ્ઞાન નહિ પણ કવળજ્ઞાન પણ નહિ રહે : હાડકાંએ ભાગી જશે. કોઈ પૂછે કે–એ નટી ઉપર મોહ્યા અને નાચતાં નાચતાં કેવળ થયું, પણ હું કહું છું કે–તેમની પૂર્વની આરાધના તો જૂઓ ! ભરત મહારાજા આરીસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા એ વાત કરે, પણ તે પુણ્યપુરૂષની પૂર્વની આરાધના અને આ ભવના ધર્મપ્રેમને તથા ઉત્તમ વર્તનને યાદ કરવામાં ન આવે એ કેમ ચાલે ? વિપરીત સ્થાને અને વિપરીત કારણે જે કાંઈ કામ થયાં, તે પ્રાયઃ પૂર્વની આરાધનાના યોગે ! માટે જે સાધન હોય તેને જ સાધન તરીકે ઓળખો ! રામાયણમાં આવશે કે–યુદ્ધભૂમિમાં ઘણાએ સંયમ પામ્યા : તેથી યુદ્ધ-

ભૂમિ એ કંઇ સંયમનું કારણ છે ? કારણ તો હોય તેજ કહેવાય. કારણને અને અકારણને ઓળખો. જેની આજ્ઞાએ ચાલવાથી ભવિષ્યમાં પરતંત્રતા વધતી હોય ત્યાં પરતંત્રતા, પણ જેની આજ્ઞાથી ભવિષ્યમાં સ્વતંત્ર–સદાના સ્વતંત્ર બનાતું હોય, ત્યાં વર્ત્તમાનમાં પરતંત્રતા હોય એ પણ સ્વતંત્રતાજ છે. સર્વજ્ઞની નિશ્રાએ ચાલનારા અંધશ્રદ્ધાલુ નથી, પણ જાગતી જ્યોત છે. આગલ કોણ છે ? કેવળજ્ઞાની ! ગમે તેવી અંધારી રાત હોય, પણ હાથમાં ફાનસ હોય તો ? બેશક, ફાનસ પણ આંધળાના હાથમાં ન હોવું જોઇએ. જો આંધળાના હાથમાં ફાનસ હોય તો આંગળી પકડનાર જોઇએ.

શાસ્ત્ર કહે છે કે–અજ્ઞાની માટે જ્ઞાનીની નિશ્રા જોઇએ. આંધળાના હાથમાંનું ફાનસ તો ઉલટું એને વાગે, માટે આંગળી પકડી દોરનારો જોઇએ : તેમ અજ્ઞાની માટે જ્ઞાનીની નિશ્રા તો જોઇએજ. જે સ્વતંત્રતા માગો છો, તેને વિચારો : યોગ્ય લાગે તેને પૂછો : ચોવીસે કલાક વિચારતાં શીખો. જીવન નાનું છે : કરવાનું ઘણું છે : આ જીવન નિષ્ફળ ગુમાવ્યું તો એના જેવી બીજી એકે દુર્દશા નથી. પરલોક માનો, પુણ્યપાપ માનો અને એની ચિંતા નહિ ? શ્રદ્ધા થયા પછી વિચારણા નહિ એ કેમ ચાલે ? બોલવાનું અને ચાલવાનું એક જ સરખું સુંદર બનાવવા માટે પ્રયત્નો તો ચાલુ ને ચાલુ કરવા જોઇએ. ધર્મી તરીકે તમે વસ્તુ સત્ય હોવા છતાં નાહક મુંઝવણ ઉભી ન કરો. સાધુના આચાર, વિચાર અને પ્રવૃત્તિનો અભ્યાસ કરવો ઘટે. અભ્યાસ ન હોય તો સાંભળ્યા પછી નિર્ણય કરો. 'ભવનિવ્વેઓ' પછી 'માર્ગાનુ-

સારિતા !'–'માર્ગાનુસારિતા' વિના 'ભવનિર્વેદ' ટકે ? 'માર્ગાનુ-સારિતા' પણ શા માટે? ઈષ્ટફળસિદ્ધિ : ઇષ્ટ ફળની સિદ્ધિ માટે ! ઇષ્ટ ફળ કયું ? મોક્ષથી અવિરોધી ફળ તે. મોક્ષ સાત રાજલોક ઉંચે છે. ત્યાં ક્યારે જવાય ? બધાંએ બંધન વિખેરી નાખો ત્યારે ! કહોને, ધૂનન થાય ત્યારે ! ધૂનન શાનું ? સ્વજનધૂનન, કર્મધૂનન, ગારવત્રિક–ધૂનન, શરીર ને ઉપકરણની મૂર્ચ્છાનું ધૂનન, અને સત્કાર–સન્માનધૂનન ! આ બધાં ધૂનન કરે તો કેવળજ્ઞાન પામીને એક સમયમાં મોક્ષે જાય. આવા સ્વતંત્ર થવા માટે શ્રી સર્વજ્ઞદેવની આજ્ઞા માનવી, એ પરતંત્રતા કહેવાય ? સ્વતંત્રતાના અર્થને સમજો. પછી–"લોગાવત્ર-વ્વાઓ ।" શાસ્ત્રમાં જે વાત બોલાય તેને સમ્યક્‌પણે વિચારવી જોઇએ. સામાન્ય લોકની વિરૂદ્ધતાથી ધર્મનો ત્યાગ કરીએ, તો તો બધાને સંસારમાં ફરજીયાત રહેવું પડે : કોઈથી મુક્તિમાં જઇ શકાય નહિ. જે લોકને ભવ મીઠો લાગે અને જે વિષયાસક્તિ માટે સર્વ કાંઇ કરવા તૈયાર હોય, તેની દૃષ્ટિએ વિરૂદ્ધ લાગતી ચીજનો છતી શક્તિએ ત્યાગ, એ ધર્મ નહિ–પણ એ તો શ્રી જિનેશ્વરભગવાનની આજ્ઞાનું ખંડન છે.

[૧૧]

માર્ગાનુસારિતાની જરૂર શા માટે?

ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજાએ મંગલાચરણ કરતાં તીર્થની પ્રશંસા કરી અને એમ કહી ગયા કે–'આ તીર્થ જયવંતુ વર્તે છે, કારણ કે–એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી અને એમાં એક પણ સદ્દવિચારનો બહિષ્કાર પણ નથી: એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ એવી રીતિએ સિદ્ધ થએલા છે કે–એની સેવા કરનારો જરૂર નિર્મલ થઇ, મુક્તિપદ પામ્યા વિના રહેજ નહિ: માટે જ એ સદાકાળ શાશ્વત્ રહેવા સરજાયેલું છે તથા એથી જ એને બીજી કોઇ પણ ઉપમા મળી શકે એમ નથી અને તેથી જ એ સર્વ તીર્થંકરદેવોથી નમસ્કાર કરાયેલું છે.' આટલું કહ્યા બાદ ટીકાકારમહર્ષિ બીજા શ્લોકમાં કહે છે કે–'આ આચારશાસ્ત્ર ભગવાન્ શ્રી વીરે જગત્‌ના હિત માટે કહ્યું.' કોઇના પણ નુકશાન માટે નહિ પણ પ્રાણીમાત્રનું ભલું થાય એ માટે, આ શાસ્ત્રની રચના શ્રી ગણધરદેવે કરી. એમાં છઠ્ઠું અધ્યયન ધૂત નામનું છે. એમાં ધૂનન કરવાની વાત છે. અનાદિકાલથી લાગેલી સઘળી વસ્તુનું ધૂનન સમ્યક્ પ્રકારે થઈ શકે, તે માટે પ્રાર્થનાસૂત્ર (જયવીયરાય)ની વાત ચાલુ છે. આ વસ્તુઓ ધૂનન કરવા યોગ્ય છે, એ ઠસ્યા પહેલાં ધૂનનની ક્રિયા થાય તો મુંઝવણ થાય: જે વસ્તુને પોતાની માની છે તે ચાલી જાય તો જરૂર દુઃખ થાય: પરવસ્તુમાં સ્વત્વનો આરોપ છે તે ન ખસે ત્યાં સુધી ધૂનનમાં આનંદ ન આવે:

'વસ્તુ છે પર, પણ માની છે સ્વ'–એથી જ એ દુર્દશા થઈ છે કે–'પર વસ્તુની આબાદીમાં ને નાશમાં આ આત્મા પોતાની આબાદી અને નાશ માની બેઠો છે.' ફરજ છે કે–કોઇ પણ રીતે સૌથી પહેલાં પરમાંથી પોતાપણાની બુદ્ધિ કઢાવી નાખવી જોઈએ : માટે હંમેશ પ્રાર્થનાસૂત્ર બોલાય છે અને એમાં પહેલી માગણી–" ભવનિવ્વેઓ "ની છે. એ આવ્યા પછી તો પાછળની વસ્તુઓ કઠીનતા વિના સ્હેલાઇથી આવે તેવી છે. નિર્વેદનો અર્થ જ એ કે–'જેના જેના પર રાગ હોય તે બધાં બંધન છે અને તેનાથી કયારે છૂટું!' એ બંધનો જ્યારે ખસી જશે ત્યારે તો કેવલજ્ઞાન થશે : પણ ખસી જાય એ ભાવના આવે તોયે કામ થઇ જાય. મોહનીય ગયું એટલે બધાં બંધન ગયેલાં જ છે. મોહનીય ન જાય ત્યાં સુધી બધાંયે ફાંફાં. એ કાઢવા માટે આ બધી મ્હેનત. નિર્વેદ પછી સંવેગનું પ્રગટીકરણ. પ્રધાનતા ભલે સંવેગની અને સંવેગ કરતાંય ઉપશમની હોય, પણ એ પ્રધાનતાની અપેક્ષાએ ! શ્રી પાર્થનાસૂત્રમાં પહેલું–'ભવનિવ્વેઓ' પછી 'માર્ગાનુસારિતા' અને તે પછી 'ઇષ્ટ ફળની સિદ્ધિ' વિગેરે. ખરાબથી વિમુખ થવું નહિ, માર્ગાનુસારી બનવું નહિ અને ઇષ્ટ ફળની સિદ્ધિની માગણી કરવી, તે શી રીતે ફળે ? 'ઘરનું કામ મૂકીને શેઠનું કામ પહેલું કરવું પડે',–એ ભાવના ન હોય તો નોકરીમાં કોણ રાખે ? ભાવના થયા બાદ પણ રીતિસર કામ ન કરે તો પગાર કોણ આપે ? રોજ આવી પ્રાર્થના કરાય, છતાં એનો વિચાર જ નહિ, ચાલતું હોય એમ ચાલવા દેવું, તો " ઇષ્ટફલસિદ્ધિ " થાય શી રીતે ?

આમ ને આમ? રોજ એના એ વીતરાગ: એના એ તમે: અને એનું એ પ્રાર્થનાસૂત્ર: તેમજ એની એ યાચના: છતાં પરિણામ કંઇ નહિ! આનું કારણ શું?

(બાલ૦ ગોખાઈ ગયું.)

ગોખાઈ ગયું, ઉતરી નથી ગયું. જ્ઞાની જે કાંઇ સૂત્રોની વાતો ગંભીરપણે કહે છે, તેમાં આકલવિકલ કેમ થાઓ છો? જ્ઞાની કહે છે કે–બધું મૂકો, લેવાની વાત જ નહિ, બસ બધું મૂકો. એ કથનમાં અરેરાટી કેમ થાય છે? એમ થવું જોઇએ કે–અમે મૂકી નથી શકતા, માટે પ્રેરક તો આવાજ જોઇએ. 'આવા પ્રેરક હોય તોજ કલ્યાણ થાય' –આવી ભાવના આવે તો પ્રેરક પ્રત્યે બહુમાન અને સદ્ભાવ થાય અને તેમ થાય તો પ્રેરક કહે એ વસ્તુના અમલ માટે ઉત્સુકતા થાય. ઉત્સુકતા થયા પછી અમલ થતાં વાર ન લાગે. પરિણામ અને પ્રવૃત્તિ કયારે? ભાવના મજબૂત થાય ત્યારે ને! ભાવનાની મજબૂતી માટે આ પ્રયત્ન છે. 'ભવનિર્વેદ' થયા પછી પણ 'માર્ગાનુસારિ' ન થવાય, તો 'ભવનિર્વેદ' પણ ખસી જાય: માટે 'માર્ગાનુસારિતા'ની જરૂર. જો 'માર્ગાનુસારિતા' ન આવે તો ભવનો રાગ આવી જાય ને તે કંઇ ગુણો વધી પણ જાય.

બાહ્યલિંગની મહત્તા—

ભાવની પ્રધાનતાનું પ્રતિપાદન કરતું શ્રી જૈન–શાસન, દ્રવ્યશુદ્ધિની પ્રધાનતા જરા પણ ઓછી નથી આંકતું. ઉત્તમ આલંબનો, એ ભાવશુદ્ધિનાં મૂખ્ય કારણો છે. ચિત્તશુદ્ધિ માટે વચનશુદ્ધિ તથા કાયશુદ્ધિની આવશ્યકતા કંઈ ઓછી

નથી. ચિત્તશુદ્ધિ વગર વચનશુદ્ધિ તથા કાયશુદ્ધિ વાસ્તવિક રીતિએ ફળશે નહિ એ વાત ખરી, પણ વચનશુદ્ધિ તથા કાયશુદ્ધિ વિના એ ચિત્તશુદ્ધિ–મનઃશુદ્ધિ પણ પ્રાયઃ થતી નથી. સિંહ જેવું શિકારી જાનવર, જે આવે તેના પર ત્રાપ મારે તેવું, મનુષ્યની ગંધ પણ સહન ન કરે તેવું, પણ પાંજરામાં પૂરાઇ જાય પછી કેવું બને છે ? પ્રાણઘાતક જાનવર દ્વારા કલાના જાણકારો આજીવિકા ચલાવે છે : પ્રાણુ પોષે છે : એની સાથે ગેલ કરી, ખેલ કરી, નિર્વાહ ચલાવે છે : શાથી ? આવડતથી. ગમે તેવું ક્રૂર, ભયંકર, ખરાબ ટેવમાં ઉછરેલું, છતાં એકવાર કોઈ પણ ઉપાયે પાંજરામાં પૂરાય તો બધું ફરી જાય : એને પૂરવા માટે દેવદારનાં પાટીઆનું પાંજરૂં ન ચાલે : વજ્રનું જોઈએ. લોઢાના સળીઆ પણ પાતળા નહિ, પણ મજબૂત–ન વળે, ન તૂટે એવા જોઇએ. પાંજરામાં ઘુસ્યો એટલે પંદર આની બલ તો ગયું : શરૂઆતમાં બારણું બંધ થાય ત્યારે તેનો આકાર અને દેખાવ જોયા હોય તો દેખનાર જાણે કે–શુંએ કરી નાંખશે ! પણ કરે શું ? એના માટે તો એ પાંજરા રૂપી કીલ્લો બંધાઇ ગયો. પાંચ–સાત હાથ જમીનમાં ફાવે તેટલા આંટા માર્યા કરે. આંટા મારતાં મારતાં ગુસ્સો એની મેળે શમે. એની લાલાશ, એની ઉગ્રતા, એની ધમાચકડીના પરિણામે, પોતે જાતે એમાં એવો પછડાય કે–ઉઠવાની પણ તાકાત ન રહે. આદમી દેખીને ઘુરકતો, આંખ લાલ કરતો, તે હવે આદમી સામે દીન આંખે જૂએ. હુંશીઆર કારીગર એને કહે કે–કુત્તરાની જેમ કેમ પડ્યો છે ? ફેર લાલાશ આવે,

ફેર ઘૂમે અને ફેર પછડાય : ફેર કારીગર તિરસ્કાર કરે, ગોદા મારે, સળીઆ મારે, પણ પેલો કરે શું ? જાળી સુધી આવે અને પછડાય: પરિણામ એ આવે કે–આંગળી ઉંચી ન કરે : દીનપણે આદમી સામે જોયા કરે. ખાવાનું કેટલું આપે ? મરી ન જાય એટલા પૂરતું : એની પાસે કામ લેવા પૂરતું. એને એવો બનાવે કે–જરૂર પડયે આદમી કહે કે :–"બહાર આવ" તો તરત બહાર આવે : એને ગેલ કરવાનું કહે તો છોકરા સાથે ગેલ કરે : પોતે નીચે પડયો રહે, છોકરો પોતા ઉપર ચઢી જાય અને પોતે એક નાના બાળકથી પણ હાર્યો એમ દેખાડે. સિંહ એક બચ્ચાથી હારે ? પાંજરામાંથી બહાર કાઢે ત્યારથીજ એ દેખે તેવી રીતે સામે ભરેલી પીસ્તોલ ધરી રાખે. સિંહ પણ સમજે કે–વાંકો ચાલ્યો તો પીસ્તોલ તૈયાર છે. એના યોગે એ હિંસક જનાવર પણ બહાર અને અંદર આવવાની અને જવાની તથા ખેલ કરવાની અને ગેલ કરવાની આજ્ઞા ઉઠાવે. શાથી ? પાંજરામાં પૂરાયો એથી ! એની ઇચ્છાઓ ઉપર કાપ મૂકાયો એથી ! !

(લાલન૦ આનું નામ દ્રવ્ય.)

મન સિંહ કરતાં પણ બૂરૂં. કાયાનું પાંજરૂં વજ્ર જેવું બનાવી, એમાં મનને પૂરો : પછી ભલે ઉચું–નીચું થાય પણ કરે શું ? કાયા ન માને તો મન શું કરે ? મન કહે કે–'આ ખાવું છે'–પણ હાથ લઇને મ્હોંમાં મુકે તોને ! મન એમ કહે કે–'મારૂં'–પણ મારે કોણ ? મનને તિરસ્કાર કરવાનું મન થાય, પણ જીભ હાલે તોને ! મનને ઘણું ઘણું

જોવાનું મન થાય, પણ આંખનું પોપચું હાલે તો ને! મનને વશ કરવા માટે, એકવાર તો વચન તથા કાયા પર પૂરતો અંકુશ રાખવો પડશે. યદ્યપિ શાસ્ત્રકારે-'મનશુદ્ધિ વિના ક્રિયાની સફળતા નથી'-આ પ્રમાણે કહીને ભાવનાશુદ્ધિને ઉંચી કોટિમાં મૂકી, પણ સાથે સાથે એ પણ કહી દીધું કે-'વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ વિના મનશુદ્ધિ પણ સુશકય નથી બનતી, માટે એની પણ પ્રધાનતા છે.' ગૃહસ્થ લીંગમાં ભાવનાશુદ્ધિ થઈ, ક્ષપકશ્રેણિ આવી, કેવળજ્ઞાન થયું, કંઈ કમીના ન હતી, છતાં શ્રી ભરતમહારાજાને સુધર્મા ઇંદ્ર કહે છે કે:-'ભગવન્! આ લીંગ અંગીકાર કરો!'-શાથી? દ્રવ્યની મહત્તા જીવતી અને જાગતી રાખવા માટે! દ્રવ્યના યોગ વિના પામનાર તો કોઈક. કોઈકના દૃષ્ટાંતને લઈને દ્રવ્યની ગૌણતા થાય, તો તો દુનિયાનો તરવાનો માર્ગ લુપ્ત થઇ જાય. મુનિનો વેષ છે: જ્ઞાનીની દૃષ્ટિએ એનામાં મુનિપણું નથી: છતાં એ મુનિને જોનાર ધર્માત્મા, કે જેને મુનિપણું નથી એમ ખબર નથી, ત્યાં સુધી એ વેષને વંદન ન કરે તો સમ્યક્ત્વને દોષ લાગે. હવે વિચારો કે-જ્ઞાનીએ દ્રવ્યની, બાહ્ય સાધનની કેટલી બધી મહત્તા આંકી છે!

ઓઘો અને તિલક-એ અંકુશ છે.

આ ઓઘો, એ કેવો મજેનો અંકુશ છે. નાના જેવા અંકુશથી પણ, હાથી જેવા મોટા જાનવરને ચલાવો તેમ ચાલે અને બેસાડો તેમ બેસે. અંકુશ મોટો હોવો જોઇએ એમ ન કલ્પો. અંકુશ એ ચીજ એવી છે કે-પેલાને તાબામાં

શકે. એમજ ઓઘો: એ પણ જાતવાનને માટે મજેનો, સારામાં સારો અંકુશ છે. એવું મજેનું સાધન છે કે-ગમે તેવા દુષ્ટ પરિણામને અટકાવે. જાતવાન, કુળવાન, ભવભીરૂ માટે તો ઓઘો એ પરમ અંકુશ છે: એકાંત કલ્યાણકર છે: જેને માથે જાત નથી, કુળ નથી, જેને ભવનો ડર નથી, તે તો આ લઇને રસ્તા વચ્ચે નાચે તો પણ કોણ રોકે? આ ચીજ ઉત્તમ આત્મા માટે એવો અંકુશ છે કે-ડગલે ને પગલે વિચાર કરાવે કે-આમજ બોલાય, આમજ ચલાય, આમજ ઉઠાય, આમજ બેસાય, આમજ ખવાય અને આમજ પીવાય-વિગેરે! એ આ ઓઘો કહે છે: એમાંથી એ ધ્વનિ નીકળે છે. ધ્વનિ એટલે શબ્દો નથી નીકળતા, પણ એ બધું યાદ કરાવે છે. તમારી પાસે ચરવલો તો બે ઘડી, ચાર ઘડી કે છ ઘડી અથવા તો વધુમાં વધુ અમૂક નિયત કાલ સુધી હોય, પણ કપાલમાં તિલક તો પ્રાયઃ કાયમ હોય ને! તિલકની કિંમત હોય તે દરેક પાપથી કંપે: એને એમ થાય કે-' હું જૈન, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો પાલક: શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને શિરે ચઢાવનારો!' એ માણસ બજારમાં, ઘરમાં, ધંધેધાપે કેમ વર્તે? કેમ બોલે?? એની કાળજી કેવી તીવ્ર હોય??? તિલક તો મોટો અંકુશ છે: તિલક કરનારો જૂઠું બોલે ત્યારે સામો કહે કે-'આવડું મોટું તિલક કરી જૂઠું બોલો છો!' પેલો પણ ખોટું ન લગાડે. એ તો એમ માને કે-'તિલકના યોગે વગર પૈસાના ચોકીદાર મળે છે.' તિલક કરનારને વગર તિલક-વાળો એમ કહે કે-'કપાળે તિલક કરો છો, મોટું ધર્મીપણાનું

ચિહ્ન કરો છો અને અધર્મ આચરો છો ?' પેલો માને કે-'હું પુણ્યવાન્ ! તિલકના યોગે રક્ષક મળ્યા.' પેલાઓ કહે કે-'અમે તો કશું કરતા નથી : પૂજા નથી કરતા, સાધુ પાસે નથી જતા, દહેરે ઉપાશ્રયે નથી જતા, તે ગમે તેમ કરીએ, પણ તમે બબ્બે કલાક દહેરે જનારા, સાધુનાં પાસાં સેવનારા, વ્યાખ્યાન સાંભળનારા, તે આવું કરો ?' એ બધા આમ ગમે તે ભાવનાએ બોલે, ભલે નિંદા માટે બોલે, પણ ધર્મી તો માને કે-' આ અમારા રક્ષક છે.' એવા વખતે આ ચિહ્નો, ક્રિયા, બાહ્ય આલંબન, આત્માને બચાવવા મજબૂત સાધન-રૂપ નિવડે છે. ભાવના અને પરિણામ ક્વચિત્ આવે : આવે તો ટકતા નથી : પણ ક્રિયાની જરૂર ખરી કે નહિ ? તેલ-મરચાં વેચનાર આખો દિવસ મહેનત કરે તો સાંજે આઠ આના કમાય, પણ ઝવેરીને ત્યાં રોજ વખતોવખત ગ્રાહક આવે તેમ નથી : એક બે આવે તો પણ બેડો પાર : પણ એ ઝવેરી એમ કહે કે-'ગ્રાહક આવે ત્યારે જ દુકાન ખોલું' -તો ચાલે ? દુકાન રોજ ખોલે તો પણ બે-પાંચ-દશ આવે અને આવે ત્યારે કામ થાય, પણ દુકાન ખૂલ્લી હોય તો આવે ને ! દુકાન બંધજ હોય તો ? શાસ્ત્ર કહે છે કે-'પરિણામ ક્વચિત્ આવે પણ ક્રિયા રોજ જોઇએ : જ્યારે બરાબર પરિણામ આવશે ત્યારે અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન થશે. આ બધી તૈયારી અંતરમુહૂર્ત માટેની છે. એ અંતરમુહૂર્ત આવશે ત્યારે આત્મા કર્મની સામેના સંગ્રામમાં સ્થીર બની, વીણી વીણીને એકે એક કર્મને દૂર કરશે : પણ એ અંતરમુહૂર્ત લાવવા કાંઇક તો કરવું પડશેને ? એ અંતરમુહૂર્ત માટે જ આ રજોહરણ અને તિલક. ઝવેરીને ત્યાં આવનારા બે, પાંચ

કે ભલે ગ્રાહક ગમે ત્યારે આવે, પણ દુકાન ખોલવાની ક્રિયા તો રોજ કરવી પડેને ? એમ એ અંતરમુહૂર્ત લાવવું હોય તો આ ક્રિયામાં મગ્ન રહેવું જોઇએ ને ? આ તો કહે છે કે– 'દહેરે જઈએ છીયે પણ ભાવના નથી આવતી : આજ ગયા પણ ભાવના ન આવી !' પણ ભાવના કાંઇ રસ્તામાં પડી છે કે–એમ ને એમ આવી જાય ? ભાવના ન આવે ત્યાં સુધી શ્રી જિનેશ્વરદેવની પાસે જઇ પોતાની સ્થિતિ વર્ણવો અને સદ્‌ભાવનાની યાચના કરો. સંસારતારક નિર્ગ્રંથ ગુરૂદેવો પાસે જાઓ અને કહો કે–'ભાવના કેમ આવતી નથી ? અમારામાં ભાવના લાવો !' સાધુઓ હિતબુદ્ધિએ જે કાંઈ દોષો બતાવે અથવા દોષોને આવવાની સંભાવના કલ્પી બચાવવાને માટે જે યોગ્યરૂપે કહે તે એકવાર એમ લાગે કે–ટોણા મારે છે, તો પણ હું તો કહું છું કે–એ જે ટોણા મારે તે પણ ખાઓ, તો ભાવનાને આવ્યા વિના છૂટકો ક્યાં છે ? પ્રયત્ન તો અખંડ જોઈશે. ભાવના અને પરિણામ જોઇતાં હોય, તો આલંબન–સાધન–તરવાના માર્ગોને હૃદયની ઇચ્છાથી અખંડપણે સેવો : સેવ્યા વિના છૂટકો થવાનો નથી : આ વિના મનઃશુદ્ધિ થાય ? આકાશ ને પાતાલમાં ભ્રમણ કરનારૂં મન અંકુશ વિના ઠેકાણે આવે ?

આલંબનશુદ્ધિની આવશ્યક્તા—

વ્યાખ્યાનમાં શબ્દો નીકળ્યે જતા હોય, પણ તમારૂં મન સ્થિર ન હોય તો શું થાય ? પ્રાર્થના માટે પણ કહ્યું છે કે– 'બધી ઇંદ્રિયો એકતાન જોઇએ :' નેત્રો પ્રભુની મુખમુદ્રા પર લીન હોય : પ્રભુ જે દિશામાં હોય તે શિવાયની ત્રણે દિશાનું નિરીક્ષણ વર્જ્યું હોય : પણ તમારી આંખ ટકે શાની ?

આથી 'નિસીહી' થાય, 'નિસીહીપૂર્વક' જવાય, તો તો બહારની ચીજો આત્માને સ્પર્શે પણ નહિ. પૂજન માટે ઘેરથી પ્રયાણ કર્યું કે-એમ તેવો પ્રસંગ આવે તોયે એ ક્રિયાને નિપટાવ્યા શિવાય, બીજી કોઇ ક્રિયા કરવાનો પ્રયત્ન ન કરવો જોઇએ. પૂજા કરવા નીકળે કે માબાપ, ભાઈ, સ્નેહી બધા સમજી જ લે કે-'હવે સાંસારિક કામ માટે બોલાવાય નહિ : બોલાવીએ તો પણ એ સાંભળશે નહિ.' દુનિયાનાં સઘળાં પાપોનો અભાવ કરવાનું સામર્થ્ય આ વેષમાં પણ છે. આની ભાવનાવાળાને દુનિયાનાં સઘળાં પાપ તરફ તિરસ્કાર સ્વયમેવ જાગે : એને કહેવાની જરૂર પડે નહિ : એ સમજે. એ ભાવનાવાળો સમજે કે-જ્યાં બધાં પાપ મૂકવાની-તજવાની વાત આવે છે, તો થોડા પાપથી-અને એટલા પાપથી મુક્ત તો થવું જ જોઇએ.' આ ભાવના તો કુદરતી આવે : લાવવી ન પડે. ભાવના તથા મનઃશુદ્ધિની જરૂર તો બહુ છે, પણ એના કરતાં જેનાથી એ મનઃશુદ્ધિ થાય, ભાવના થાય, એની પહેલી જરૂર છે. આત્મા રોજ ક્રિયા કરે અને પરિણામ ન ભાળે, તો અંદરથી આત્માને અવાજ થવો જોઇએ કે-'પરિણામ કેમ નથી દેખાતું ?'-તો તરત એ આત્મા એ ક્રિયામાં વધુ ને વધુ જોડાતો જાય : તન્મય બનતો જાય. પ્રસન્નચંદ્ર રાજર્ષિ મનથી પડ્યા, પણ એ પડેલાને બચાવ્યા કોણે ? ચઢાવ્યા કોણે ? બહારના સાધને ! મુનિને માટે મુનિપણું પામ્યા પછી પણ શાસ્ત્રે આજ્ઞા કરી કે-'મુનિએ સ્ત્રી, પશુ, પંડક વર્જીત સ્થાનમાં રહેવું.' શાથી ? વ્રત અંગીકાર કર્યાં, સર્વથા બ્રહ્મચારી બન્યા, હવે એ આજ્ઞાની જરૂર શી ? જરૂર છે મુનિપણાની રક્ષા માટે ! જો આલંબન શુદ્ધ ન હોય-આલંબન બગડે, તો

મુનિપણું જતાં વાર ન લાગે. એ તો મીણનો ગોળો: અગ્નિનો તાપ ન લાગે ત્યાં સુધી કઠીન રહે: એને નરમ ન બનાવવો હોય તો અગ્નિથી આઘો ને આઘો રાખો. મુનિએ મુનિપણું સાચવવું હોય તો અયોગ્ય આલંબનથી આઘા ને આઘા રહેવું. માટે ભૂમિકાને યોગ્ય ઉત્તમ આલંબનરૂપ ક્રિયાઓ કદી પણ તજવી ન જોઇએ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કેઃ—

" प्रमाद्यावश्यकत्यागान्निश्चलं ध्यानमाश्रयेत् ।

योऽसौ नैवागमं जैनं वेत्ति मिथ्यात्वमोहितः ॥ १ ॥

*

तस्मादावश्यकैः कुर्यात्, प्राप्तदोषनिकृन्तनम् ।

यावन्नाप्नोति सद्ध्यान—मप्रमत्तगुणाश्रितम् ॥ २ ॥ "

*

'જે પ્રમાદી આત્મા આવશ્યક ક્રિયાઓનો ત્યાગ કરી નિશ્ચલ ધ્યાનનો આશ્રય કરે છે, તે મિથ્યાત્વથી મોહિત થયેલો શ્રી જિનેશ્વરદેવના આગમને જાણતો નથી.'

*

'માટે જ્યાં સુધી સાતમા ગુણસ્થાનને આશ્રીને રહેલા સદ્ધ્યાનની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી મોક્ષના અર્થિ આત્માએ, આવશ્યકો દ્વારા પ્રાપ્ત દોષોનો નાશ કરવો જોઇએ.'

*

વાત પણ ખરી છે કે—આલંબનની શુદ્ધિ વિના શુદ્ધ માર્ગે આવેલો એવો આત્મા કયી રીતિએ શુદ્ધ માર્ગમાં ટકી શકે?

બહારના આલંબનની જરૂરી શુદ્ધિ ગઇ, તો ભાવનાનો નાશ થાય એમાં શું આશ્ચર્ય ? શુદ્ધ આલંબન વિના ભાવના એક દિવસ રહે, બે દિવસ રહે, પણ કયાં સુધી રહેવાની ? કુલથી અહિંસક જૈનનો દીકરો, કસાઈના લત્તામાંથી નીકળે તો પહેલીવાર ઉલટી થાય, બીજી વાર ચક્કર આવે, ત્રીજી વાર કમકમાટી થાય, ચોથી વાર આંખો મીંચાય, પણ પછી આગળ શું થાય ? 'હશે, રોજનું થયું.' કયાં ગયું પેલું બધું ? આલંબને આત્માને કયી કોટિમાં મૂકયો ? શાસ્ત્ર કહે છે કે–'એક વાર પાપ કર્યું તો પરંપરા ચાલી : એક પાપ સો પાપને કરાવે.' ચીકણી જમીન પર પગ ખસ્યો કે આખું શરીર ખસે. 'પગ ખસ્યો તેમાં શરીરને શું ?'–એમ ન કહેતા. બધો આધાર પગ ઉપર છે. પગ ખસે માટે પગનેજ વાગે એમ નહિ, પણ પગે છુંદાય, હાથે છુંદાય, શરીરે છુંદાય ને હાડકાં આંખાંયે ભાંગી જાય. સારૂં આલંબન ગયું કે આત્માને ગબડતાં વાર કેટલી ? આલંબનશુદ્ધિની બહુ આવશ્યકતા છે. ત્રિકાલ જિનપૂજન, ઉભય ટંક આવશ્યક, નિરંતર વ્યાખ્યાનશ્રવણ, સામાયિક, પૌષધ, દાન, શીલ, તપ, ભાવ, અનુષ્ઠાનાદિ સર્વ, આટલા બધા પ્રમાણમાં એક પછી એક યોજાયાં, એનું કારણજ એ કે–આત્મા શુદ્ધ આલંબનમાં રમતો રહે તો મન જાય કયાં ? શ્રાવક માટે ભાવના કેવી ઉંચી ! અમૂક સમય શિવાયનો આખો દિવસ ધર્મક્રિયામાં ગાળનારો શ્રાવક, થોડો સમય ન ચાલ્યે વ્યવહારિક પ્રવૃત્તિ કરે : એની ભાવના કેવી રહે ? વ્યવહારિક પ્રવૃત્તિમાં–'લાચાર છું, આના વિના ચાલે તેમ નથી, ક્યારે છૂટાય ?'–આ વિચા-

રમાં રમતો આત્મા શુદ્ધ રહી શકે એમાં આશ્ચર્ય શું છે? આજની પ્રવૃત્તિ તો એકદમ અતિશય ત્રાસજનક છે. ધર્મ-ભાવના ન ટકતી હોય તેનું કારણ આજની પ્રવૃત્તિ છે. ઉંઘતાંએ ટેલીફોન કાને ધરવો પડે : ઘડીભરની સ્થિરતા નહિ : હૃદયમાં તો બળતરા હોય : ટેલીફોનથી બહારની બળતરા ! આજના વેપારીનું, આજની દુનિયાના આદમીનું જીવન એટલું બધું કલુષિત બની ગયું છે કે—એને વાત કરવાની ફુરસદ નથી ! ગમે તેવા સ્નેહીને પણ એ કહી દે કે:—'જા, ભાઇ જા, મને ફુરસદ નથી, કંટાળો ન આપ, ચાલ્યો જા.' આવો આદમી ન ઘરનો, ન બહારનો—ન કુટુંબનો, ન દેહરા ઉપાશ્રયનો—ન સમાજનો કે ન ધર્મનો—કશાનો નહિ ! શ્રાવકના વેપાર નિરાળા હોય : બહુજ લુખ્ખા હોવા જોઇએ. એ વાત મુંઝવણ કરાવે તેવી છે, પણ હોય એ કહ્યા વિના ચાલે ? શ્રાવક જો સંતોષી થઈ જાય, તો તેના ભાલસ્થલ ઉપર નૂરના ઓવારા ઉડે. એવો તેજસ્વી બને કે—સામો નમી પડે. આજે તો શ્રીમાનો પર તેજ ક્યાં છે? ધમાલ ને ધમાલ ! પાંચ માગનાર અને દશ લેનાર ! ! તમારા દુઃખનો અંત નથી !!! સુખ શામાં છે, ક્યાં છે, તે ખરેખર તમને સમજાતું નથી !!!! દિવસે દિવસે તમારૂં જીવન સુધરે છે કે બગડે છે? તમે મોટા, ડાહ્યા, સમજદાર થયા : કહો તો ખરા કે—તમારી પ્રવૃત્તિ કયી વધી અને કયી ઘટી? શ્રી હીરસૂરિ મહારાજના વખતમાં પાલણપુરના વર્ણનમાં એમ આવે છે કે—'રોજ મંદિરમાં એક મૂડો ચોખા થતા. મૂડો એટલે પચાસ મણ. ત્યાંના શેઠીઆઓ પાલખીમાં બેસીને

વ્યાખ્યાને આવતા.' ધર્મની જાહોજલાલી આનું નામ! જાહો-જલાલી વખતે ધર્મીની આ ભાવના, આ વૃત્તિ, આ કાર્ય-વાહી હતી. શ્રાવકો ક્રિયાચુસ્ત હતા. ધર્મ માટે-'ફુરસદ નથી' -એમ કહેવાય? આ તો ચોમાસામાંએ વેપાર! તમારે માટે નિવૃત્તિનો સમય ક્યો તે તો કહો! તમે બે કલાક પણ ભેળા થાઓ, તે પણ ભેળા કરનારમાં તાકાત હોય તો! અહીં તમને ઉંઘવા દઉં તો કાલે ભાગી જાઓ. સ્થિતિ એ જોઈએ કે-બે કલાક તો તમારી જાતે આવો : એ બે કલાક વિના તમને ચેન ન પડે : ગમે તેમ, ભલે સમજ ન પડે, પણ સૂત્રના મંત્રાક્ષરોથી આત્માને પવિત્ર કરવાની ભાવનાએ આવો ત્યારે કામ થાય! આ બે કલાકની કિંમત સમજો. બાવીસ કલાકની પ્રવૃત્તિમાં અટકાયત કરનાર આ બે કલાક છે : બાવીસે કલાકમાં આત્માને જ્યાં જ્યાં પડતો હોય, ત્યાં પડકાર કરનાર આ બે કલાકનું શ્રવણ છે : ધર્મશ્રવણના બે કલાક બહુ જરૂરી છે : એ બે કલાક વિના જીવન લુખ્ખું સમજો : બે કલાકમાં તરબોળ બનો તો બે કલાક બાવીસ કલાકના પાપને રોકનાર બને : બે કલાક જરૂરના લાગે તો પણ કામ થાય! બાહ્ય આલંબનની અતિ જરૂર છે. ભગવાન્ ઋષ-ભદેવની મૂર્તિ તો અહીં પણ છે અને શ્રી સિદ્ધગિરિજી ઉપર પણ છે : પણ એ સ્થાન કેવું? એ આલંબન કેવું? એ જગ્યાએ ચઢવા માંડે કે-ગમે તેવા વિચારનો આદમી જો તેનામાં તથાપ્રકારની ભવ્યતા હોય, તો તે પણ ત્યાં તો જરૂર ડોલે : ત્યાંનું વાતાવરણ, પરમાણું, હવા, સ્પર્શના બધું ઉંચી કોટિનું છે. સીત્તેર વર્ષે કુમારપાળ મહારાજા પરમ

શ્રાવક બન્યા: સિદ્ધગિરિનો સંઘ કાઢયો: શ્રી હેમચંદ્રસૂરિજી સાથે હતા: બેયની ઉંમર સીત્તેર વર્ષની હતી: લગભગ સરખી: છ માસનો ફરક હશે: બેયનું આયુષ્ય ચોરાશી વર્ષનું: હેમચંદ્રસૂરિજી તો વિહાર કરતા જ હતા, કારણ કે–ન્હાનપણથી સંયમી હતા. જ્યારે સંઘ નીકળ્યો ત્યારે શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ કુમારપાલને કહ્યું–' રાજન્! તું ઠેઠ સુધી ચાલી શકશે?' શ્રી કુમારપાળે કહ્યું કે:–' ભગવન્! હું બહુ ભટક્યો છું, ઘણું સહન કર્યું છે, પણ એ બધું રાજ્યાર્થે, સંસારાર્થે હોઇ નિરર્થક ગયું: આજે શ્રી જિનેશ્વરદેવ, આપ સરીખા ગુરૂ અને આવો ઉત્તમ ધર્મ મળ્યો છે અને શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ જતાં ચાલું નહિ તો મારા જેવો કમનસીબ કોણ? હું આપની સાથે ચાલીને યાત્રા કરીશ!' કુમારપાળે પચીસ વર્ષની ઉંમરથી માંડીને લગભગ રાજ્ય ન મલ્યું ત્યાં સુધી, સિદ્ધરાજના મારાઓના ભયથી નાસભાગ કરી છે: કેવી નાસભાગ? જબરી! આ આવ્યા, આ આવ્યા,–એમ ને એમ નાસભાગમાં એ બધી ઉંમર ગઇ છે: ખાવાનું, પીવાનું, બેસવાનું કંઇજ ઠેકાણું નહિ! આ બધું યાદ કરી કરી કુમારપાલ મહારાજા કહે છે:–'આજ તો ચાલવું એ ધર્માર્થે અને મોક્ષાર્થે છે. આપ જેવા ગુરૂ મળ્યા છે પછી શું? આપની સાથે ચાલીનેજ યાત્રા કરીશ.' સીત્તેર વર્ષની વયે કુમારપાળ મહારાજાએ છ રી પાળતાં યાત્રા કરી. રસ્તામાં આવતાં ઝાડને પણ પુષ્પમાળા ચઢાવતાં કહેતા કે–'શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ જતાં, યાત્રિકને છાયા–વિશ્રાંતિ આપનાર ઝાડો પણ યાત્રામાં સહાયક છે માટે પૂજનીય છે.' અરે જમીનને પણ નમતા. એવા મહા-

પુરૂષો પણ બાહ્ય આલંબનને કેટલાં મજબૂત બનાવતા? એવા કુમારપાળ યથેચ્છપણે ઝાડ તોડે, પત્તાં તોડે, વનસ્પતિપર પગ મૂકે? જે જગ્યાએથી પરમ પવિત્ર શ્રી સિદ્ધગિરિજી દૃષ્ટિએ આવ્યો, તે જગ્યાએ પડાવ કરી અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. ધન્ય છે આ જગ્યાને કે-અહીંથી અમને શ્રી સિદ્ધગિરિજીનાં દર્શન થયાં. અરે, ભગવાન્ જ્યાં જ્યાં ભિક્ષાએ ગયા છે, ત્યાં ત્યાં ભક્તોએ થુભો બંધાવી છે. મહારાજા કુમારપાલ પણ પરમ ભક્ત છે. આ શું? આલંબન. આજે પણ યુદ્ધભૂમિમાં કોઈ સામાન્ય આદમી જાય તોયે એને શુરવીરતાના છાંટા આવે છે, તો પવિત્ર ભૂમિમાં પાવન થયા વિના કેમ રહે? જ્ઞાનીએ કહેલ બાહ્ય આલંબનની અવગણના કરનારા, આત્માની અવગણના કરનારા છે.

(પ્રશ્ન૦ ભાવ વિનાની ક્રિયા શાસ્ત્રે તુચ્છ કહી છે ને?)

બરાબર છે. એ તો કહ્યું કે–'ભાવ વિનાની ક્રિયા વાસ્તવિક રીતે નિષ્ફળ કહેવાય :' પણ એકલા ભાવમાત્રને જપનાર ને આલંબનની અપેક્ષા નહિ કરનારનો ભાવ ટકશે કે કેમ?

(પ્રશ્ન૦ અજ્ઞાનમૂલક ક્રિયા નિષ્ફળને!)

જ્ઞાનીની નિશ્રા વગરની અજ્ઞાનમૂલક ક્રિયા વસ્તુતઃ નિષ્ફળ! શાસ્ત્ર કહે છે કે–એક તો જ્ઞાની, સ્વયંજ્ઞાની મુક્તિમાં જાય અને જ્ઞાની ન હોય તે પણ જ્ઞાનીની નિશ્રાએ વર્તે તો મુક્તિમાં જાય. મારવાડની ભૂમિમાં ફરવું વિકટ છે, પણ પેલો ભીલ્લ માર્ગ બતાવે તે મુજબ ચાલનાર બધા ઘરે પહોંચે. સ્વયંજ્ઞાની નથી અને જ્ઞાનીની નિશ્રા પણ નથી, એની ક્રિયા અજ્ઞાનમૂલક! કોઇ માણસ ભલે નવકારનો અર્થ ન જાણે, પણ

એમ માને કે–'ભગવાને કહ્યું છે અને ગુરૂ કહે છે કે–નવકારનો ગણનારો પાવન થાય, માટે એ અનૂપમ છે :' આવું હૃદયમાં સ્થાપી ગણવા માંડે કે કર્મ ખસવા માંડે ! 'નમો અરિહંતાણું–' શબ્દમાં જે ભાવ લાવવો જોઈતો હતો, તે પેલાએ શ્રદ્ધા-માંથી કાઢયો ! એને એ શ્રદ્ધા છે કે–'ભગવાન, ગુરૂ, નિર્ગ્રંથો, ત્યાગીયો બધા કહે છે કે–'નવકાર જેવું મંગલ ! એકે નથી.' 'સંસારથી મને જે તારે તે મંગલ :' એ અર્થ સમજીને જે ભાવના લાવવી જોઇતી હતી, તે મહાપુરૂષના વચનપરની શ્રદ્ધાથી આ લાવે છે. અરે ! સંપૂર્ણ જ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ શ્રદ્ધા વિના ચાલતું નથી. અમૂક જાતિનું જ્ઞાન થયા વિના, આત્માપરના મલરૂપ દોષો દેખાતા નથી. કેવલજ્ઞાન વિના આત્મા પણ દેખાતો નથી. ઘણા કહે છે કે–'ભાવ વિનાની ક્રિયા નકામી કહી :' પણ તેઓ ભૂલી જાય છે કે–તે તે ક્રિયામાં ભાવનાશુદ્ધિનું ધ્યાન ખીંચવા માટે ! અને તેથીજ સાથે સાથે જ કહ્યું કે–'દ્રવ્ય વિના ભાવ પણ નથી !' ભાવનું કારણ દ્રવ્ય. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ,–એ ચાર નિક્ષેપાની વિચારણામાં કહ્યું કે–ભાવનું કારણ દ્રવ્ય. પહેલું કારણ કે કાર્ય ? શાસ્ત્રના એક જગ્યાના વાકયને કદી ન પકડાય. કારણ વિના કાર્ય બને ?

" કારણજોગે કારજ નીપજેજી,
ક્ષમાવિજય જિનઆગમ રીતરે "

*

અરે, દુનિયાની પણ એ રીત છે. માટી વિના ઘડો થાય ? ઘડો જોઇએ તે માટી લાવેને ! ઘડો બન્યા પહેલાં પણ માટી હોય, બનતી વખતે પણ માટી હોય અને બન્યો

એટલે પણ માટી તો ખરીજને? ઘડો માટીમય કે માટી બહાર? ઘડો માટીમય ન બને તો ઘડારૂપે રહે ક્યાંથી? કારણ વિના કાર્યોત્પત્તિ ન હોય. હવે એ માટી પણ ઘટરૂપ થાય ક્યારે? જ્યારે એના અંગે જરૂરી મહેનત થાય ત્યારે ને? શાસ્ત્ર કહે છે કે–'દ્રવ્ય આલંબન ન સ્વીકારે એની ભાવના પણ વાંઝણી હોય છે.' 'જીરણ શેઠે ભાવનાથી કામ કાઢ્યું' –એમ કહી દે છે, પણ જીરણશેઠે શું કર્યું તે જાણવાની દરકાર નથી. ભગવાન ચાર મહિનાની પ્રતિમામાં હતા: જીરણશેઠ તે ઉદ્યાનમાં જતા: વંદન કરતાં ભગવાનના એકેએક અંગનાં ગુણગાન કરતા અને આવતી વખતે વિનંતિ કરતા કે– 'ભગવન્! આપ ભિક્ષા માટે નીકળો ત્યારે આ રંકને પાવન કરજો!' ભગવાન્ બોલે પણ નહિ, સામું પણ ન જૂએ, આંખનું પોપચું પણ ઉંચુ ન કરે, છતાં જીરણશેઠ રોજ જાય અને દર્શન કરે: અંગેઅંગના ગુણ ગાય: હાથ આવા, પગ આવા, મુખ આવું, વિગેરે અંગોનાં પણ ગુણગાન કરીને પછી પ્રાર્થના કરે કે–'પ્રભો! ભિક્ષા લેવા નીકળો ત્યારે આ રંકને પાવન કરજો.' આ બધું દ્રવ્ય ખરૂં કે નહિ? કહે છે કે– 'અભિનવ શ્રેષ્ઠિએ દાન દીધું પણ ભાવના નહોતી તો ન ફળ્યું અને જીરણશેઠે દાન ન દીધું પણ ભાવનાથી કામ થયું!' આટલુંજ પકડી રાખે: પણ એને જવાબ આપનાર તો કહી શકે છે કે–'ભાઇ! જીરણશેઠની હકીકત બરાબર વાંચ તો ખરો! ચાર ચાર મહિના સુધીની એ લાગટ ક્રિયાને કેમ ભૂલી જાય છે?' જીરણશેઠની ભાવના કેવલ વાંઝણી હતી કે ફળવતી? એમની ભાવનામાં દ્રવ્યના ફુવારા કેટલા હતા?–

એ જૂએ નહિ અને આલંબનને ધક્કા મારે ! શું ખાલી ભાવનાથી જ કામ થાય ? ભાવના જાગે કેહિ ? ભાવના કરે કે-'મુનિને દઉં.' ને મુનિ આવે એટલે બારણાં બંધ કરે તો ? શાસ્ત્ર કહે છે કે-'જે ભાવના ભાવનાશિની તેજ ભાવના ભવ વધારનારી પણ બને છે. એમ કહીએ કે-'અમારા ભાવ સારા છે.'-ને પછી ગમેતેમ વર્તિએ એનો મેળ મળે શી રીતે ? ત્યાગના અર્થિ ને રાગના સેવક એ બને ? વીતરાગના ભક્ત અને વૈરાગ્યના વૈરી એમ બને ? એમ કહે કે-'શ્રી જિનેશ્વરદેવ, નિર્ગ્રંથ ગુરૂ અને એમણે કહ્યું તે ધર્મ એ ખરાં, પણ મારો સંસાર પહેલો !' આ નાટક નહિ તો શું ? એમ માનનારને સંસારજ રહેને ? અભિનવશેઠે દાન દીધું પણ પામ્યો નહિ : સોનૈયા પડ્યા એજ પામ્યો : કારણ કે-એની ભાવના ન હતી અને જીરણશેઠની ભાવના એવી હતી કે-દાન ન દીધું તોયે જો દુંદુભી જરા મોડી વાગી હોત તો કેવળજ્ઞાન પામત ! આ વાતથી ભાવના સાબીત થાય. આ રીતે છે એ વાત સાચી, પણ ભાવનાને આગળ કરનાર ભાવના પ્રગટી ક્યાંથી એ ન વિચારે એ કેમ ચાલે ? શ્રી જીરણશેઠ પ્રભુ જે દિવસે ભિક્ષા નીકળ્યા તે દિવસે પણ પોતે આંગણામાં રાહ જોઇ ઉભા છે. ભગવાન તો નિરીહ છે. 'રોજ આવે છે માટે એને ત્યાં જાઉં,'-એ વિચાર એમને નથી. ભગવાન નીકળ્યા : યોગ્ય લાગ્યું ત્યાં ગયા : જેને ત્યાં ગયા તે ભાગ્યશાળી એવો કે-અડદાદિનું દાન દેવરાવ્યું. જીરણશેઠ તો ભાવના ભાવે છે કે-' ભગવાન ક્યારે આવે ?' અહીં સોનૈયાની વૃષ્ટિ થઇ : દેવદુંદુભી વાગી : "અહો દાનં અહો

દાનં "ની ઉદ્ઘોષણા વિગેરે પંચ દીવ્ય પ્રગટ થયાં: ત્યારે જીરણુશેઠે જાણ્યું કે–'ભગવાને દાન લીધું.' શેઠે તો એ વિચાર્યું કે–'હું કેવો હીણભાગ્ય કે પ્રભુ મારે ત્યાં ન પધાર્યા.' શાસ્ત્ર કહે છે કે–'એની ભાવના એવી ઉંચી હતી કે, દુંદુભી થોડી મોડી વાગી હોત તો કેવળજ્ઞાન થાત !' દુંદુભીથી જીરણુશેઠની ભાવના તૂટી ગઇ: ત્યાં એ વિચાર કરે છે કે:–'મારે અંતરાય હશે કે, ભગવાન ન આવ્યા.' આ ભાવનાને ક્રિયા વગરની કહેવાય ? એમની ભાવનાના નામે ક્રિયાની અવગણના કરનારાં, એમની વાતને પૂરી સમજતાં પણ નથી ! શાસ્ત્ર કહે છે–'સમ્યક્ત્વ વિનાની ક્રિયા છાર ઉપર લીંપણ જેવી.' સમ્યક્ત્વ ક્યારે થાય ? દેવ, ગુરૂ અને ધર્મને સમ્યક્ પ્રકારે માને તો. શ્રીમાન્ હરિભદ્રસૂરિજી કહે છે કે–'ક્રિયા, નિયમ, પ્રતિજ્ઞા, એ પડતા આત્માને ટેકવનાર છે.' એના અમલ વિના ભાવના ફલીભૂત ન થાય. બાહ્ય આલંબનશુદ્ધિની અતિ આવશ્યકતા છે. એ ભાવનું કારણ છે. પ્રધાન દ્રવ્ય તેજ કે જે ભાવ ઉત્પન્ન કરે. ભાવ ઉત્પન્ન કરનાર દ્રવ્યની ઉપેક્ષા કરે તેની સિદ્ધિ થઇ નથી, થતી નથી અને થશે પણ નહિ.

હવે ચાલો પ્રાર્થનાસૂત્રમાં આગળ—

પ્રાર્થનાસૂત્રમાં સૌથી પ્રથમ માગણી 'ભવનિર્વેદ' ની છે: કારણ કે–ભવનો નિર્વેદ થયા વિના મોક્ષ માટે વાસ્તવિક યત્ન થતોજ નથી. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા સ્પષ્ટપણે કહે છે કે–'ભવથી નિર્વેદ નહિ પામેલા આત્માનો મોક્ષ માટે જે યત્ન છે, તે અયત્નજ છે'–એ આપણે કાલ જોઇ ગયા છીએ. હવે એ 'ભવનિર્વેદ' ટકાવી રાખવા

માટે ' માર્ગાનુસારિતા ' અતિ જરૂરની છે. 'માર્ગાનુસારિતા'ના વિવરણમાં શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે:—

' मार्गानुसारिता असद्ग्रहविजयेन तत्त्वानुसारिता '

*

'અસદ્ગૃહના વિજયદ્વારા તત્ત્વને અનુસરવું, એજ ખરી તત્ત્વાનુસારિતા છે.'

*

અસદ્ગૃહની હયાતિમાં સાચી તત્ત્વાનુસારિતા આવતી જ નથી. તત્ત્વાનુસારિતા, એ ભવનિર્વેદને પુષ્ટ બનાવનારી વસ્તુ છે. જેમ જેમ તત્ત્વાનુસારિતા વધતી જાય, તેમ તેમ ભવનિર્વેદ પણ પુષ્ટ બનતો જાય છે. 'તત્ત્વાનુસારિતા' પછી ' ઇષ્ટફલસિદ્ધિ 'ની માગણી, કે જેથી ઉપાદેયને અંગીકાર કરવાની પ્રવૃત્તિ નિર્વિઘ્નપણે થઈ શકે. ઉપાદેયને નિર્વિઘ્નપણે અંગીકાર કરવા માટે–' લોક-વિરૂદ્ધ '–કાર્યોનો અવશ્ય ત્યાગ થવો જોઇએ. આ રીતે 'ભવનો નિર્વેદ'–'માર્ગાનુસારિતા'–'ઇષ્ટફલસિદ્ધિ' અને 'લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ'–એ ઇચ્છનાર આત્માને ઉત્તમ કાર્યવાહી સાથે કદી પણ વિરોધ હોય ? રોજ પ્રભુની સમક્ષ અગ્રપૂજા કરતાં સાથીઓ કરી ચાર ગતિનો છેદ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ અને તે દ્વારા મોક્ષની માગણી કરનારા આત્માઓને, પ્રભુપ્રણિત અનુષ્ઠાનો તરફ વિરોધ હોય એ બનેજ કેમ ?

[૧૨]

"શઠં પ્રતિ શાઠ્યં" એ ધર્મ નથી.

ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા, મંગલાચરણ કરતાં એમ કહી ગયા કે-'તીર્થ જયવંતુ વર્તે છે, કારણ કે-એનામાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી તેમજ એક પણ સુંદર વિચારનો બહિષ્કાર નથી : એના સિદ્ધાંતો અનેક રીતિએ એવી રીતે સિદ્ધ થયા છે કે-એની સેવાથી, સેવા કરનારો જરૂર કર્મમલથી રહિત થઇ મુક્તિ જાયજ : માટે એ શાશ્વતકાલ રહેવા સરજાયેલું છે, માટેજ દુનિયામાં તેની જોડી નથી અને સઘળા શ્રી જિનેશ્વરોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે.' આવા તીર્થની પ્રાપ્તિ થઇ એ અહોભાગ્ય, પણ જો એનો વાસ્તવિક અમલ જીવનમાં ન થાય તો કાર્યસિદ્ધિ થઈ શકે નહિ. 'આચારને અમલમાં ઉતારવા માટે જો સાધ્ય નિશ્ચિત થઇ જાય, તો આચારને જીવનમાં ઉતારવાની સ્હેલાઈ બહુ થાય.'-એ વસ્તુ સમજવા માટે પ્રથમ આપણે પ્રાર્થનાસૂત્ર અંગિકાર કર્યું છે. તમે અને અમે, હરેક શ્રી જિનમૂર્તિ પાસે હરરોજ પ્રાર્થનાસૂત્ર દ્વારા, એકજ વસ્તુની યાચના કરીએ છીએ : એ યાચનામાં ભેદ નથી. તમારી અને અમારી પ્રવૃત્તિમાં ભલે ભેદ હોય, પણ ધ્યેય તો એકજ છે : માટે બન્નેની પ્રાર્થના શાસ્ત્રકારે એકજ કહી છે. એ પ્રાર્થનામાં આપણે જે માગી રહ્યા છીએ તેનું નિરીક્ષણ કરીએ છીએ. વીતરાગ પાસે આપણે શું માગીએ છીએ ? 'હે વીતરાગ ! હે ભગવન્ ! તું જયવંતો રહે :' કારણ કે—

તારી જયમાં અમારી જય છે. એમની જયમાં આપણી જય ન હોય તો જય બોલાવીએ નહિ. એમની જયમાંજ આપણા આત્માની જીત છે, આપણા આત્માનો ઉદય છે. 'હે ભગવન્ ! તારા પ્રભાવથી હો. 'શું હો ?'–એની વિચારણા ચાલે છે. એ વિચારણામાં જેટલી દઢતા થઈ જાય તેટલો ઉદય નિકટ છે. એમ થાય તોજ શ્રી જિનેશ્વરદેવે કહેલા આચારો હૃદયમાં ચોટે, જીવનમાં ઉતારવાની ભાવના થાય, અને આચારમય બનવા માટે સઘળી શક્તિ ખરચાય. જે માટે પ્રાર્થના થાય છે તે વસ્તુ નક્કી કરો. પ્રાર્થના કેવલ શાબ્દિક ન થવી જોઈએ. આટલી લાંબી માગણી કરનારની દશા કેટલી ઉમદા જોઇએ ? એક એક શબ્દમાં જ્ઞાનીએ કહેવા-જોગું બધું કહ્યું. યાચનામાં પ્રથમજ 'ભવનિર્વેદ'–પછી એને સફલ કરવા 'માર્ગાનુસારિતા'–એના ફલ તરીકે 'ઇષ્ટફલ સિદ્ધિ' અને પછી 'લોગવિરૂદ્ધચ્ચાઓ' એટલે લોકવિરૂદ્ધનો ત્યાગ. એક નીતિવાક્ય છે કે :–"यद्यपि शुद्धं लोकविरुद्धं नादरणीयं नाचरणीयं ।"–'જો કે શુદ્ધ હોય તથાપિ લોકવિરૂદ્ધ હોય તો તે આદરણીય અને આચરણીય નથી.' આ નીતિ-વાક્ય છે. નીતિમાં ધર્મની ભજના છે. ધર્મમાં નીતિ નિયમા હોય છે. ધર્મ નીતિને બાધિત કરી શકે, પણ નીતિ શાસ્ત્રને બાધિત કરી શકે નહિ. 'शठं प्रति शाठ्यम् ।'–આ નીતિવાક્ય છે. નીતિ કહે છે કે–'શઠ પ્રત્યે શાઠ્ય વર્તન કરવું.' ધર્મશાસ્ત્ર એમ વર્તવા 'ના' કહે છે : 'એ ધર્મીનું કામ નથી'–એમ સ્પષ્ટ કહે છે. એટલે ધર્મ છે ત્યાં નીતિ તો આવેલી જ છે. નીતિવાક્યનો ધર્મશાસ્ત્રને બાધ ન થાય

ત્યાં સુધી સ્વીકાર થાય. જે શુદ્ધના સેવનમાં સ્વપરનું કલ્યાણ સમાયું હોય અને નહિ સેવવામાં સ્વપરનું અ-કલ્યાણ સમાયું હોય-તે શુદ્ધને, સામાન્ય લોકની વિરૂદ્ધતા જોઇ મૂકી દઇએ, તો જગત્‌નું અને આપણું કલ્યાણ કયી રીતિએ થાય ? જે શુદ્ધના સેવનમાં સ્વપરનું કલ્યાણ નિયત થયું છે અને જેના ત્યાગમાં સ્વપરનું અહિત નક્કી થયું છે, તે શુદ્ધના સેવનનો ત્યાગ શી રીતે થાય ? શુદ્ધ નામનું ન જોઇએ : કહેવા માત્રનું શુદ્ધ ન જોઇએ.

(લાલન૦ મતભેદ થાય તો ?)

મતભેદ માટે બુદ્ધિવાદના પ્રસંગે ઠીક કહેવાયું છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાના બુદ્ધિભેદને વજન નથી આપતો. એ સમજે કે-' આપણે તો છદ્મસ્થ છીયે : બુદ્ધિ નાની : એમાં ભેદ થવો નક્કી : ભેદ થાયજ : જો આપણે આપણા બુદ્ધિના ભેદને વળગી રહીયે, તો શાસ્ત્રનું સત્ય માર્યું જાય.' બુદ્ધિનો ઉપયોગ શાસ્ત્રને સમજવા, હૃદયસ્થ કરવા અને જગત્‌માં ફેલાવવા માટે છે : વિતંડાવાદ કરવો એ તો બુદ્ધિનો દુરૂપયોગ છે.

*

ધ્યાનનો અધિકારી કોણ ?

(લાલન૦ નિશ્ચયદૃષ્ટિ આવ્યા વિના બાહ્ય ક્રિયા શું કામની ?)

બાહ્ય ક્રિયાઓ કરતાં એકાંતમાં ધ્યાન કરવું શું ખોટું ? નિશ્ચય નયનું અવલંબન માત્ર ધર્મક્રિયા કરવા-ની વાતમાંજ ? સારી જીંદગી સુધી દુનિયાના પાપ બાવ-

હાસોમાં રચ્યો–પચ્યો રહે અને ધર્મક્રિયા વખતે નિશ્ચયની વાત કરવી, એ તો શ્રથીલતા છે. બાકી નિશ્ચયદૃષ્ટિ હૃદયમાં ધરવાની તો છે. મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ તો ધ્યાતાનું–ધ્યાન કરનારનું સ્વરૂપ વર્ણવતાં ફરમાવે છે કે :—

“ अमुञ्चन् प्राणनाशेऽपि संयमैकधुरीणताम् ।
परमप्यात्मवत् पश्यन्, स्वस्वरुपापरिच्युतः ॥ १ ॥

*

उपतापमसंप्राप्तः, शीतवातातपादिभिः ।
पिपासुरमरीकारि–योगामृतरसायनम् ॥ २ ॥

*

रागादिभिरनाक्रान्तं, क्रोधादिभिरदूषितम् ।
आत्मारामं मनः कुर्वन्निर्लेपः सर्वकर्मसु ॥ ३ ॥

*

विरतः कामभोगेभ्यः, स्वशरीरेऽपि निःस्पृहः ।
संवेगहृदनिर्मग्नः, सर्वत्र समतां श्रयन् ॥ ४ ॥

*

नरेन्द्रे वा दरिद्रे वा, तुल्यकल्याणकामनः ।
अमात्रकरुणापात्रं, भवसौख्यपराङ्मुखः ॥ ५ ॥

*

सुमेरुरिव निष्कम्पः, शशीवानन्ददायकः ।
समीर इव निःसङ्गः, सुधीर्ध्याता प्रशस्यते ॥ ६ ॥”

*

'બુદ્ધિમાન્ ધ્યાતા તે કહેવાય છે કે-જે પ્રાણોના નાશમાં પણ સંયમની એક ધૂરીણતાને મૂકનાર ન હોય: બીજા આત્માઓને પણ પોતાના આત્માની માફક જોનાર હોય: પોતાના સ્વરૂપથી અપરિચ્યુત, એટલે કે-પોતાના સ્વરૂપમાં સ્થિત હોય: ટાઢ, પવન અને તડકા આદિથી ખેદને પામનાર ન હોય: અજરામર બનાવનાર યોગ રૂપ અમૃત રસાયનનો પીપાસુ હોય: મનને રાગાદિકથી અનાક્રાંત-નહિ દબાયેલું, ક્રોધાદિકથી અદૂષિત અને આત્મભાવમાં રમણ કરતું કરતો સર્વ કાર્યોમાં નિર્લેપ હોય: કામભોગોથી વિરક્ત હોય: પોતાના શરીર ઉપર પણ સ્પૃહા વિનાનો હોય: સંવેગરૂપ હ્રદયમાં નિર્મગ્ન થયેલ હોય અને સર્વત્ર સમતાનો આશ્રય કરનાર હોય! નરેંદ્ર કે દરિદ્રને વિષે તુલ્ય કલ્યાણની કામના કરનારો હોય: અર્થાત્-રાજા કે રંક, ઉભયનું સમાનપણે કલ્યાણને ઈચ્છનાર હોય: સર્વ જીવો પ્રત્યેની કરૂણાનું પાત્ર હોય: સંસારનાં સુખોથી પરાઙ્મુખ હોય: ઉપસર્ગો કે પરિષહોમાં સુમેરૂની માફક નિષ્પ્રકંપ હોય: ચંદ્રમાની માફક આનંદનો આપનાર અને પવનની માફક સંગ વિનાનો હોય!' આવા બુદ્ધિશાળી ધ્યાતાજ પ્રશંસાનું પાત્ર બને છે.

*

આત્માને ન છેતરો!

આ તો સંયમનું ઠેકાણું નહિ, સંવેગનું નામનિશાન નહિ, સંસારસુખોની અભિલાષાઓનો પાર નહિ અને ઈંદ્રિયોની આધીનતા તો એવી કે-ન ભક્ષ્યાભક્ષ્યના વિવેક,

ન તીથિઅતીથિનો વિચાર, કે નહિ રાતદિવસનું ભાન! શરીરની આસક્તિ તો એટલી બધી કે-અમૂક વિના ન ચાલે અને અમૂક વિના ન ચાલે!! શાન્તિ અને સમતા એવી કે-દેવ, ગુરૂ અને ધર્મનું અપમાન ઠંડે કલેજે સહન થાય અને જાત ઉપર આવે તો એક પણ આક્ષેપ સહન ન થાય!!! આવો આત્મા પોતાના ગુણસ્થાનકને ઉચિત એવી ક્રિયાઓની અવગણના કરી, એકાંતમાં બેસી, ધ્યાન કરવાની વાત કરે,-એ કેવલ આડંબર કિંવા અજ્ઞાન શિવાય બીજું કશુંજ નથી. આજ કારણે શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાએ, આવશ્યકને નહિ આચરતા પ્રમાદીને મિથ્યાત્વમોહિત તરીકે ઓળખાવેલ છે. :અપ્રમત્તાવસ્થા છે નહિ. આહાર વિના કે શયન વિના ચાલતું નથી, બહારનાં બધાં આલંબનની જરૂર છે અને માત્ર આવશ્યક આવે ત્યાં-'એના વગર ચાલે'-એમ કહેવું એ ટકે કેમ? શરીર ટકાવવા બધાં સાધન જોઇએ અને આત્માને ટકાવવા સાધન ન જોઇએ? આનું નામ મતભેદ નથી પણ મતિનો વિપર્યાસ છે. આ બુદ્ધિભેદથી તો પરિણામે આત્મા સત્યથી ખસી જાય. ગાડીમાં જનારાઓએ બધું જાણવું તો જોઇએને કે-આ ગાડી કયા પાટે આવે, કયાં જાય, કયાં બદલાય! એ જાણવાની દરકાર ન કરતાં-'હું તો આજ ગાડીમાં બેસીશ'-એવી જીદ કરે, તો ટીકીટના પૈસા નકામા જાય ને અથડાઇ મરે. આત્મા જે જે ભૂમિકાએ હોય તે તે ભૂમિકાની ક્રિયા લંઘે નહિ. હા, એ ભાવના રાખે કે-'કયારે એવો વખત આવે કે બાહ્ય આલંબન વિના પણ ટકી શકું.' પરિણામની શુદ્ધિ માટે યત્ન કરે એ ઠીક છે, પણ પરિણામની શુદ્ધિમાં હેતુ-

ભૂત ક્રિયાઓનું વર્જન કરે એ કેમ નભે? જે આદમી હજારો આદમી સમક્ષ ભૂલ કરતાં નથી કંપતો, તે આદમી એકાંતે ભૂલ નહિ કરે એની શી ખાત્રી? આટલા બધા મનુષ્યો સમક્ષ પણ પોતાની મરજી મુજબ આંખ ફેરવનાર આદમી એકલો હોય ત્યાં શું ન કરે? શાસ્ત્રે એટલા માટે તો કહ્યું કે-'મુનિયોએ ભિક્ષા માટે એકલા ન જવું.' જે આદમી સમષ્ટીમાં ન ઠરે, ઉત્તમ સંયોગોમાં સ્થિર ન રહે, તે આદમો એકાંતે સ્થિર રહેવાની વાતો કરે, તે મને તો ઠીક નથી લાગતું. જ્ઞાનીએ સમુદાયની કિંમત બહુ આંકી છે. સમુદાય સમક્ષ ગ્રહણ કરેલી વસ્તુ મૂકતાં વાર લાગે: આત્મા ડંખે: આ જાણે છે, તે જાણે છે, બધા જાણે છે, એ વિચારે, પાપવાસના થાય તો પણ આત્મા પાપક્રિયાથી બચી જાય! આમાં-ધર્મની બાબતમાં, દંભ-પ્રપંચ કરનાર, અન્યને ઠગવા સાથે પોતાના આત્માનેય ઠગે છે: અન્ય તો કદાચ ન પણ ઠગાય, પણ પોતાનો આત્મા તો જરૂરજ ઠગાય: માટે દંભાદિકથી અલગ રહેવામાંજ આત્મશ્રેય રહેલું છે. એકવાર તમે કહ્યું હતું કે-'હુ એકાંતમાં સ્થિર રહી શકું છું.' માનો કે-ભોળી જનતાએ માન્યું પણ તેથી તમારૂં શું? અમે કહીએ કે-'અમે જગત્પૂજ્ય': ભોળું જગત્ માને: પણ જો પૂજ્યતા ન હોય તો કર્મ કાંઈ મૂકવાનું છે? આડંબરથી, ચાલાકીથી, હુંશીયારીથી, એવું વર્તન કરાય કે-મુગ્ધ જનતા બધું માને, પોલ ચાલી પણ જાય, પણ તે પછી શું? જ્ઞાનીના વચનને માનનારો, કર્મના સ્વરૂપને જાણનારો, પરલોકાદિને માનનારો, આવા આડંબરને શરણે

કહિ ન થાય : આવો આડંબર કદી ન સેવે. નીતિ તો કહે છે કે–'આડંબરથી પૂજાવાય'–પણ ધર્મ કહે છે–'આડંબર કરશો તો માર્યા જશો.'

*

આડંબરથી મુક્તિ નથી.

(પ્રશ્ન૦ બાહ્યથી શુદ્ધ દેખાતો પણ અશુદ્ધ પ્રરૂપક હોય તો ?)

શાસ્ત્રકારોએ એવાઓને તો "અદૃષ્ટકલ્યાણા" તરીકે ઓળખાવ્યા છે. તેવાઓના કથનને સાંભળવા કરતાં કાનમાં ખીલા ઠોકવા સારા, કારણ કે–તે સાંભળવાથી આત્માનો ધર્મ નાશ પામે છે. જેની પ્રરૂપણા ખોટી, ત્યાં વસ્તુતઃ ચારિત્રશુદ્ધિ પણ કેમ હોય ? હાં, આડંબર તો અવશ્ય હોય.

(લાલન૦ શ્રદ્ધા તો ગઈ, રહ્યું શું ?)

નાટકીયાપણું. જે શુદ્ધ શાસ્ત્રાનુસારી ચારિત્રને અનુસરતો હોય, જેણે ચારિત્રને સમજી પોતે અંગિકાર કરેલ હોય, જેને શાસ્ત્રાનુસારી ચારિત્ર ઉપર સદ્‌ભાવ હોય, જેના યોગ એ ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા હોય, એના મુખથી સૂત્રવિરૂદ્ધના ઉદ્‌ગાર નીકળે શાના ? કોઇ કહે કે–'ફલાણો આદમી તમારા વિરૂદ્ધ બોલે છે, પણ છે તમારા પર પ્રીતિવાળો !' ભલા આદમી ! પ્રીતિવાળો છે અને વિરૂદ્ધ બોલે છે,–એ મેળ મળે ? જેને શ્રી જિનેશ્વરદેવે કહેલા માર્ગ પ્રતિ રાગ હોય, જે એ માર્ગનો પાલક હોય, તે માર્ગની વિરૂદ્ધ બોલે ? કોઇ ચીજ પોતાથી ન પળાય એ વાત જૂદી છે : શાસ્ત્ર કહે છે કે–

'બધાની શક્તિ સરખી ન હોય'–પણ એથી એ સિદ્ધ નથી થતું કે–'કરણીયને અકરણીય કહેવું :' તેની ફરજ તો એજ કહેવાની છે કે:–" **કરવા યોગ્ય તો આ.**" કોઇ પૂછે કે:–' તમે કેમ નથી કરતા ? ' તો કહે કે–" હું પામર છું. " પણ પોતાને સમજદાર મનાવવા છતાં પણ કરે પણ નહિ અને ઉપરથી એમ કહે કે:–'ન કરીએ તો પણ ચાલે'–એ કેમ ચાલે ? શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આડંબરની કિંમત કશીએ નથી. અહીં નિશ્ચય લાવીને ઉભો રાખે અને બહાર આરંભ–સમારંભ બધું ચાલુ રાખે, એ શું કહેવાય ? આજે તો એવું પણ ચાલી પડયું છે કે–' જ્ઞાનીએ કહેલી ચીજને અમલમાં મૂકવા જેટલો વીર્યોલ્લાસ હોતો નથી અને તેવા છીએ એમ બતાવવાની ભાવના જાગી છે.' આજ કારણે બધી મારામારી છે. હું કહું છું કે–'તમે જેવા હો તેવા ઓળખાઓ. વ્યવહારમાં પણ એ ટેવ પાડો તો એ ટેવ અહીં આવશે'. પણ આ વસ્તુ જચે તો એ ટેવ પડે ને ? તમે વ્યવહારમાં સ્નેહી વિગેરેને કહો છો કે–'તારા વગર ન ચાલે !' તે વખતે આત્માને પૂછો કે–'એ સત્ય છે કે અસત્ય ?' જો સમજાય તો તરત એને કહો કે–'તને ખીંચવા બોલું છું, પણ તારા જેવા કોઇ ન હોય તોપણ ચાલે તેમ છે.' જૂઠું એટલું બધું ચાલ્યું છે કે–'વસ્તુ પ્રત્યે સદ્‌ભાવ નથી જાગતો.' સમ્યગ્‌દૃષ્ટિ એનું નામ કે–જે બરાબર સત્યનો ગવેષક હોય. શ્રેણિક મહારાજાએ, સમ્યક્ત્વ પામવા પહેલાં જ્યારે અનાથી મુનિને જોયા, ત્યારે એમને એ મુનિની દયા આવી. 'આ વય, આ રૂપ અને આવો સંયમ ! નક્કી આ બીચારાને

આ વયને યોગ્ય ભોગસામગ્રી નહિ મળી હોય, માટે બાવો બની ગયો હશે! હું એની પાસે જાઉં, એને જોઇતી સામગ્રી પૂરી પાડું!' પોતે મુનિની પાસે જઈ કહે છે કે–" તમારે નાથ ન હોય તો હું નાથ થાઉં, તમને ભોગસુખની બધી સામગ્રી પૂરી પાડું, પણ તમે આ વયમાં આ જાતિનું કાયકષ્ટ ન કરો!" એ વખતે અનાથી મુનિએ સ્હેજ મ્હોં મલકાવ્યું. પોતે બોલ્યા–"રાજન્! નાથ વિનાનો આદમી મારો નાથ શી રીતે બને?–એ વિચારવા જેવું છે." રાજા શ્રે.ણિક ઝટ ચોંકયો. ગુણ પામવાની યોગ્યતા જૂઓ. શ્રેણિકને શું શું થાય છે? શ્રેણિકને લાગ્યું કે–'મગધ દેશનો માલીક એક આદમીનો નાથ થવા તૈયાર થાય, તેને આવો ઉત્તર આપનાર જરૂર ઉંચિ કોટિનો–મારાથી કંઈ ગુણી ઉંચી કોટિનો હોવો જોઇએ. કેટલી બેપરવા!' વિષયાધીન, દુનિયાના રંગરાગમાં મ્હાલનારો, દુનિયાના રંગરાગનો અર્થી આવો ઉત્તર આપી શકે? એ તો તરત પગ પકડે, પણ આ તો મહાત્મા હતા: એ તો પોતાના અને પારકા હૃદયને તપાસવાની તાકાતવાળા હતા. આજ તો વિષયકષાયમાં મ્હાલનારો પણ કહે કે–'અમે તો ઘેર બેઠાંજ સાધુ છીએ.' એને કોઈ પૂછે કે–" ભાઇ! સાધુ છે તો ઘેર શું કામ રહ્યો છે?" પણ એને એ વિચાર ન આવે કે–'**माता मे वंध्या,** મારી માતા વાંઝણી, એના જેવો ન્યાય થાય છે.' માતા વાંઝણી તો તું કયાંથી? ઘેર બેઠાં સાધુ? મેળ તો મેળવો. સાધુપણું આવ્યું તો ઘર રહ્યું શું કામ? વસ્તુનો વિચાર આડંબરે ભૂલાવી દીધો છે. શ્રેણિક મહારાજે ત્યાં પલટો

ખાધો. એમને થયું કે-'આવા ઉત્તર ઉંચી કોટિના આત્મા શિવાય કોણ આપે?' શ્રેણિક રાજાનું મસ્તક ઝૂકયું. પોતે પૂછે છે કે-' હું અનાથ કયી રીતે?' મુનિ અનાથી પોતાની જીવનકથા કહે છેઃ-' રાજન્! ન માનતો કે હું ભટકતો ભીખારી છું : તારા જેવા મારે બાપ, કુટુંબપરિવાર, સુખ-સાહ્યબી, અને દેવાંગના જેવી સ્ત્રી વિગેરે બધું હતું : હું પણ માનતો કે-આમાં મજા છે: આ બધા મારા રક્ષક છે. પણ મેં જોયું કે-આપત્કાલમાં એમાંથી કોઇથી પણ મારૂં રક્ષણ ન થયું. મને દાહજ્વર થયો ત્યારે મા પણ રોતી આંખે દેખતી રહી, બાપે પણ જોયા કર્યું, વૈદ્યો પણ નાડી પકડી બેસી રહ્યા અને દેવાંગના જેવી સ્ત્રીઓ પણ ખૂણે ઉભી ઉભી રોતી રહી. એ વખતે મને લાગ્યું કે-આ રક્ષક, આ રક્ષક, એ બધું ખોટું છે : એ વખતે મેં નક્કી કર્યું કે-આમાં રક્ષક કોઈ નથી, રક્ષક ધર્મ છે. અભિગ્રહ કર્યો કે-આ વ્યાધિ શમે કે તરત એ ધર્મને શરણે જાઉં. વ્યાધિ શમી એટલે એ બધું મૂકીને આવ્યો: નાથ વગરનો હતો તે નાથવાન બન્યો. રાજન્! આટલાજ માટે હું તમને પણ કહું છું કે-તમે અનાથ છો!' અને એજ વખતે શ્રેણિક પણ તે વાતને કબૂલ કરે છે. આ યોગ્યતા! શ્રેણિક મહારાજા જેવા પણ સમ્યક્ત્વ પામ્યા પછી ત્રિકાળ જિનપૂજન વિના કોઇ દિવસ રહ્યા નથી: એક પણ દિવસ **શ્રી** જિનેશ્વર ભગવાનના સમાચાર મેળવ્યા વિના રહ્યા નથી: સમાચાર લાવનારને એક પણ વખત ઈનામ આપ્યા વિના રહ્યા નથી: સમાચાર મળે કે તરત સિંહાસનથી ઉઠી, પાંચ સાત કદમ દૂર જઈ, વંદન

કર્યા વિના રહ્યા નથી: રાજગૃહીના ઉદ્યાનમાં ભગવાન્ આવ્યાના સમાચાર સાંભળ્યા કે તરત રાજસભા બંધ કરી દેશનામાં ગયા વિના રહ્યા નથી! એ માનતા કે–રાજસભા તો કાયમ છે, પણ ભગવાન્ કદાચિત્ આવે તો ગયા વિના રહેવાય? આંખો મીંચીને, પગપર પગ ચઢાવીને, ધ્યાની બનતાં એમને નહોતું આવડતું? અરે મહાનુભાવ! ગણધરદેવ પણ નિરંતર પ્રતિક્રમણ કરે: સ્વયં દ્વાદશાંગીના પ્રણેતા, ચાર જ્ઞાન ધારણ કરનાર, છતાંયે આવશ્યક ન મૂકે: અને આજના મારા જેવા આવશ્યક મૂકે અને તમારા જેવા ઘરમાં પેસે તે ચાલે? એનો અર્થ તો એ કે–તેવા પણ પૂર્વપુરૂષો કરતાં આપણો આત્મા ઉંચી કોટિનો માનીએ છીએ!? વિચારો તો ખરા કે–આજનું સત્ત્વ કેટલું? છાપરાનું નળીયું ખખડે, અરે હાલે તો છાતી ધડકે: જરા મચ્છર બેસે તે પણ ન ખમાય: અને સાતમા ગુણઠાણાના ધ્યાનની વાતો કરે! જ્ઞાની પુરૂષોએ કેવલ ઉપકારની ખાતર કહેલાં અનુષ્ઠાનો મૂકી 'सोऽहं'–'सोऽहं'નો જાપ કરનારાઓને પૂછો કે–'सोऽहं' શું?, એ તો કહે! તે હું, પરમાત્મા તે હું, પણ કયારે? માંહિ રહેલો કચરો કાઢે ત્યારે કે એમ ને એમ? જે રીતિએ પરમાત્માએ કચરો કાઢયો, તે રીતે કચરો કાઢવો પડશે કે નહિ? માટે યાદ રાખો કે–આડંબરથી જરાયે મુક્તિ નથી. આડંબર મૂકીને કરવા યોગ્ય હોય તે અવશ્ય કરો.

*

સ્વાર્થ એજ મહાપાપ.

વ્યવહારમાં શ્રીમાન્ થવા માટે શું કરવું પડે? એમ ને એમ થવાય? પહેલી તો નોકરી પણ કરવી પડે: કેવી

નોકરી ? પચાસ રૂપીયાના પગાર પૂરતી ? નહિ, શેઠ જતે દિવસે ભાગીદાર બનાવે એવી. એવી નોકરી કરનાર પગાર તરફ ન જૂએ : શેઠના હૈયામાં પેસે તેવી નોકરી કરે. પગાર પૂરતી નોકરી કરનાર માટે તો શેઠને એટલુંજ થાય કે-'કામ તો કરે છે, વાંધો નથી :' પણ પગાર તરફ ન જોતાં બધું કામ ઉપાડી લેનાર માટે શેઠને જરૂર એમ થાય કે-'મારી ગેરહાજરીમાં જરૂર આ માણસ કામ ચલાવે તેવો છે.' ચાર છ મહિને શેઠજ કહે કે-'ભાઇ ! તું નોકર નહિ પણ આજથી તારો બે આની ભાગ.' વળી થોડા દિવસ પછી ચાર આની કરે અને અરધો અરધ ભાગ પણ કરે. આખી પેઢીનો બોજો સોંપી દે. પરિણામ એ આવે કે-શેઠની સામે શેઠ જેવી પેઢી કાઢી શકે તેવો એ બને : પણ આમ કરે તોને ? આંખો મીંચી બેસી રહે અને 'સોऽहं'ની જેમ, તે શ્રીમાન્ અને હું !-એવું ધ્યાન કરે તો શ્રીમાન્ થાય ? આજના ધ્યાન કરનારને ખાતી વખતે ગરમાગરમ રસોઈ જોઇએ, તીખાં તમતમતાં શાક જોઇએ, ત્રણ શેર દૂધ જોઇએ અને એમાં પાશેર ઘી જોઈએ ! એમ કહે કે-'દૂધમાં ઘી નાખવાથી નસો કુંણી રહે તથા તેથી આસન સારૂં કરી શકાય અને આવું બધું કરી ધ્યાની બને !! ભલા, એ ધ્યાની ક્યાંના ? તેલ ચોળાવે, દુધમાં ઘી પીએ અને ધ્યાન કરે એમને ધ્યાની કહે કોણ ? શાસ્ત્રકારોએ ધ્યાતાનું જે સ્વરૂપ કહ્યું છે, તે તો આપણે જોઇ આવ્યા. એ યોગ્યતા વિના જો આવી રીતે તેલ ચોળાવીને, ગરમાગરમ રસોઇ જમીને, તથા દૂધ અને ઘી ઝાપટીને ધ્યાની થવાતું હોય તો કોણ ન

થાય ? સર્વે થાય. જે ભૂમિકાએ જે ક્રિયાઓ હોય તે છોડવી જોઇએ નહિ. એ ક્રિયાઓથી ધીમે ધીમે આત્મા ચઢતો જાય છે: પાપથી બચે છે: શુદ્ધ માર્ગનો ગવેષક બને છે: શુદ્ધ માર્ગની પ્રીતિવાલો બને છે. અનુષ્ઠાનોનું આલંબન નાનુંસુનું નથી. આલંબન બરાબર લઇએ તો ઠેઠ લઇ જાય. આ વસ્તુ કેવી છે ? નાનીસુની છે ? નવાને વાંચતાં પણ મુંઝવણ થાય તેમ છે: અર્થ કરતાં અકળામણ થાય: ચાર વાર વંચાય તો પણ ભૂલાય ! ત્યારે જે મહાપુરૂષો આ લખ્યેજ ગયા હશે, તેઓને વસ્તુ કેટલી પરિણમી હશે તે વિચારો. વિચારી વિચારીને લખવા બેસે તો આટલું બધું લખી શકે ? વસ્તુજ પરિણમી ગઈ. ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ સ્હાડાત્રણ ક્રોડ શ્લોક રચ્યા. આયુષ્ય ચોરાશી વર્ષનું: અમૂક વર્ષે દીક્ષા લીધી: થોડાં વર્ષ તો અભ્યાસમાં પણ ગયાં હશે ને ! સિદ્ધરાજ અને કુમારપાળને પ્રતિબોધ કરવામાં પણ સમય ગાળતા: વ્યાખ્યાન રોજ ચાલુ: ચર્ચાનો પાર નહિ: પાંચ જાય ને દશ આવે એ ચાલુ: આ સંયોગોમાં સ્હાડા ત્રણ ક્રોડ શ્લોક રચ્યા, એમને જ્ઞાન કેવું પરિણામ પામ્યું હશે ! એવા પણ કહેતા કે-'જે ભૂમિકાએ હોયે ત્યાંની ક્રિયા છોડાય નહિ.' ઉભય કાલ એ પણ આવશ્યક કરતા: ક્રિયા છોડતા નહિ. આત્મકલ્યાણની ક્રિયાની વાત છે: દુનિયાદારીની ક્રિયાની નહિ. એમાં તો તમે એક્કા છો. એ ક્રિયામાં તો એવા એક્કા કે-દેવને, ગુરૂને અને ધર્મને પણ ભૂલી જાઓ. જાતને, સ્વરૂપને બરાબર ઓળખો અને તેવુંજ કહો કે જેથી જગત્ ઠગાય નહિ, મૂંઝાય નહિ. સાચો વેપારી તો

કહી દે કે-'અમે બે આના ખાવા બેઠા છીયે માટે અમારાથી સાવધ રહેજો !' કેવલ ધર્મ માટે નીતિ પાળનારા તો બહુ થોડા છે.

આત્માની ચિન્તાજ નહિ?

આબરૂ જમાવવા માટે, પેઢીની પીઠ મજબૂત કરવા માટે અથવા પેઢી જામે તો ઘરાકની સંખ્યા વધે તે માટે નીતિ પળાય,-એને શાસ્ત્રે ધર્મની કોટિમાં ન મૂકી. પક્ષીને જાળમાં ફસાવવા અનાજ નખાય એ દાન કહેવાય ? આ બધું કહું તે કરડું લાગે, પણ કંઇ કહ્યા વિના છૂટકો છે ? ધર્મ માટે નીતિ પાળનાર વેપારી તો કહી દે કે-'અમે જૂઠું બોલવા માગતા નથી, છતાં અમે વેપારી, માટે તારે તો માનવું કે વેપારી બોલી પણ જાય, માટે સાવચેત રહી માલ ખરીદવો.' ઘણીએ વાર જોવાયું છે કે-ઘણાઓએ પ્રથમ નીતિથી વિશ્વાસ જમાવી પછી ઘણાનું કાસળ કાઢયું છે. ઘણાનો અર્થ બધા ન કરતા. સમષ્ટિમાં દોષ ઘુસે તેને સામાન્ય રૂપે કહેવાય. એ દોષ દૂર થાય તો સુંદર. 'દોષ નથી'- એમ કહો, એટલે કે—જો તમે દોષરહિત બનો તો તો ઘણો આનંદ થાય. ગુણો ભર્યા હોય તો આનંદ ન થાય? દોષ બતાવવો એને નિંદા, કલંક કે આળ ચઢાવવું કહેવાય ? તમારામાં રહેલા દોષ અમને ખટકે છે. એ દોષ નીકળી જાય તે માટે પ્રયત્ન છે. લક્ષ્મી અને દુનિયાની લાલસા ભલભલા આદમીનું ભાન ભૂલાવે છે. આડંબરથી વેગળા રહેજો. કુટુંબપરિવારને કહી દેજો કે-'અમારી ખાતર પાપ ન કરતા : અમને તમારૂં ભલું કરી નાખનારા માનતા હો

તો ન માનતા : અમે જે કાંઇ તમારૂં ભલું કરીએ છીએ તેમાંએ સ્વાર્થ છે.' સ્રીને સારાં કપડાં અને અલંકાર વિગેરે લાવી આપો છો તે એના ભલા માટે? ખૂણે જઇને આત્માને પૂછજો, એટલે અંદરથી બરાબર જવાબ મળશે. છોકરાને ગરમ દૂધ પીવરાવો છો, ગરમાગરમ રસોઇ ખવરાવો છો, મોજમજાહ કરાવો છો, તે બધું એના ભલા માટે? તમારા હ્રદયમાં એનું સાચું ભલું વસી જશે ત્યારે બધી ક્રિયા ફરી જશે. તમે જે કાંઇ કુટુંબની કાર્યવાહી કરો છો, તે ઉપકાર માટે નહિ–પણ સ્વાર્થ માટે! સ્વાર્થ એજ મહાપાપ. સંબંધીનું ભલું કરવાની ભાવના થશે, ત્યારે તો રૂપ–રંગ–ઢંગ–વાતચિત બધું ફરી જશે. આજે નથી સ્રી પતિના આત્માની ચિંતા કરતી કે નથી પતિ સ્રીના આત્માની ચિંતા કરતો! નથી માબાપ સંતાનના આત્માની ચિંતા કરતાં કે નથી સંતાન માબાપના આત્માની ચિંતા કરતાં!! બધાંએ પરસ્પર ખોખાં (શરીર) પંપાળે છે. દવાઓ પણ ખોખાની થાય છે: આત્માની નહિ. છોકરાને તાવ આવે તો ધમાધમ થાય, પણ જૂઠું બોલે તો હુંશીયાર થયો એમ કહેવાય: અરે, એવાં ઉઠાં ભણાવે કે–'આ જમાનામાં જૂઠું ન બોલીયે તો પેટ ન ભરાય.' કલંક બધું જમાના ઉપર! પોતાનો દીકરો જૂઠું બોલીને આવે અને માબાપ રાજી થાય? એને તો એમ થવું જોઇએ કે–'અમારૂં સંતાન જૂઠું બોલે એનું પરિણામ શું આવશે? એની ગતિ બગડી જશે!' આ બધું અર્થ–કામની વાસનાએ થાય છે. પ્રયત્ન કર્યા પછી ન થાય ત્યાં કર્મોદય કહેવાય.

(લાલન૦ ચાર સંજ્ઞામાં આવે ને ?)

ચાર સંજ્ઞા કહો કે સોળ કહો, એ બધું અર્થ–કામની વાસનામાં આવી જાય. હું કહી ગયો છું કે–'સંસાર એ રોગ: મોક્ષ નિરોગાવસ્થા: તથા શ્રી જિનેશ્વરદેવે કહેલો ધર્મ એ ઔષધ: અને અર્થ–કામ એ કુપથ્ય !' કુપથ્ય પરનો પ્રેમ ન છૂટે, કુપથ્યસેવન ન મટે, ત્યાંસુધી ધર્મઔષધનું સેવન બરાબર થાય નહિ, સંસારરોગ જાય નહિ અને મુક્તિરૂપી નિરોગાવસ્થા પમાય નહિ. શ્રી જિનેશ્વરદેવ ધનવંતરી વૈદ્ય છે: એ પરમ ઉપકારીએ સંસારી આત્માઓની નાડીપરીક્ષા કરી રોગ પરખ્યો છે: શ્રી જિનેશ્વરદેવ જેવા તારકના શાસનને પામવા છતાં પણ, આજનાં ઘણાં માબાપોને એ ચિંતા છે કે–'ધર્મની વાતોથી બાળક સાધુ થઇ જશે !' પણ એ ચિંતા નથી થતી કે–'ધર્મની પ્રાપ્તિ વિના ઉડાવગીર થઈ જશે.' ઉઠાઉગીર થાય તે સારો કે સાધુ થાય તે સારો ? છોકરાને રાજગાદી મળે તો સારૂં કે સાધુપણું મળે તો સારૂં ? જેવા છો તેવા પ્રગટ થાઓ તો આત્મા ડંખશે અને વૈરાગ્ય નિકટ આવશે. મને તો એ થાય છે કે–શ્રી જિનેશ્વર જેવા દેવ પામ્યા, આવું મજેનું શાસન પામ્યા, રોજ આવી ઉમદા પ્રાર્થના કરો છો, પ્રાર્થનામાં કેવું કેવુંય માગો છો અને સાધુ રોજ ઉપદેશ દે, છતાંયે કાળાના ધોળા થાય ત્યાં સુધીએ કંઈ ન થાય ? જે પ્રત્યેક ક્રિયાએ ત્યાગ અને વૈરાગ્યના ઝરા છૂટે, ત્યાં મરતાં સુધીયે વૈરાગ્ય ન થાય એ બને ? વીતરાગના ભક્તને વૈરાગ્યનો સંબંધ કેમ નહિ ? આ તો જમતાં રોટલી, શાક, અને ચટણી વિ. માં ગુલતાન: પછી વેપારમાં પણ પ્રવીણ:

અને બધા વિષયમાં લીન : એમાંથી પરવારે ત્યારે આ વિચારેને ! ચાર મહિના માટે પણ બ્રહ્મચર્યનું સેવન કરવાનું વ્રત કેટલાએ લીધું ? વર્ષાઋતુ અને તેથી જીવોત્પત્તિ વધુ, એમાં વેપારરોજગાર કેટલાએ બંધ કર્યા ? બારે માસ મજુરી કરવાજ જન્મ્યા છો કે શુ ? રૂપીઆની થેલીજ પંપાળવા જન્મ્યા છો ? તમે જન્મ્યા છો શા માટે ? ચાર મહિના બ્રહ્મચર્ય ના પળે ? જૈનના દીકરાને પરસ્ત્રીની પ્રતિજ્ઞા ન હોય ? આમાં તો ઓઘો નથીને ? ઓઘાની વાતમાં તો કહી શકો કે–'નથી લેવાતો'–પણ પરસ્ત્રીનો ત્યાગ ન થાય ? ચાર મહિના બ્રહ્મચર્ય, પરસ્ત્રીનો ત્યાગ, આ તો સામાન્ય છે ને ? દેવપૂજન, સામાયિક, પૌષધ કાંઇએ નહિ ? ત્યારે તમારે કરવાનું શું ? દીક્ષા રહી, પણ આ બધામાં એ ના ? કહી દોને કે–'કાંઇએ કરવું નથી !' જીવન પર અંકુશ નહિ ને પાપ—પુણ્યનો વિચાર નહિ : સ્વચ્છંદી વર્તન ને ઉન્માર્ગે ચાલવું એમજને ? આઠ મહિના તો આઘા રહ્યા, પણ ચોમાસાના ચાર મહિના તો નિવૃત્તિ-શાંતિ ભોગવો ! વેપાર રોજગાર બંધ કરી ધર્મમાં જીવન સમર્પો ! ! પૂજા, વ્યાખ્યાન-શ્રવણ, સામાયિક, પૌષધ, દાન, શીલ, તપ, ભાવનામાં આત્માને જોડો ! ! ! ત્રણ ખંડના માલીકો પણ ચોમાસાના ચાર મહિના નગરીની બહાર નહિ જવાના અભિગ્રહ લેતા : જિનમંદિર શિવાય બજારમાં પણ નહિ જવાના નિયમવાલા એ વખતે હતા. તમારે કંઈ નિયમ છે ? દીક્ષામાં તો કહે કે–'નથી લેવાતી'–પણ આ વાતોમાં શું કહે ? 'કરવું જ નથી' –એમ કહોની ! શ્રાવકનો એકેએક દીકરો, દરરોજ નિયમિત

શક્તિ પ્રમાણે અષ્ટપ્રકારી પૂજા કરે: ઉભયકાલ પ્રતિક્રમણ કરે: એ તો ગરીબથી પણ બને: ન કરે તોયે એ વખતે કરે શું? સામાન્ય રીતે મોટે ભાગે તો સવારે ઉંઘે ને સાંજે આથડે એજને? બીજા વખત માટે તો કોઈ કહે કે–' નવરાશ નથી '–પણ આ ટાઇમમાં શું કહે? નિરાંતે સાત વાગે ઉઠે, વ્હેલા ઉઠે તો બેસી રહે કે ગપ્પાં મારે, પણ આ ન થાય એનું કારણ? વસ્તુ પરત્વે રાગ નથી એજ કારણ! માટે જ ધૂનનની વાત કરતાં પહેલાં આપણે પ્રાર્થના સૂત્રની વાત લીધી.

વ્યાખ્યાન—

[૧૩]

મુનિ મૌન ધરે તે કેવું?

ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા, મંગલાચરણ કરતાં તીર્થની સ્તુતિ કરે છે અને એમાં તીર્થની પ્રશંસા કરતાં એમ ફરમાવી ગયા કે–'આ તીર્થ જયવંતુ વર્તે છે: કારણ કે–એક પણ અયોગ્ય વિચારને એમાં સ્થાન નથી અને એક પણ સદ્‌વિચારનો એમાં ઇન્કાર નથી: એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ એવી રીતે સિદ્ધ થયા છે કે–એને સુયોગ્ય રીતિએ સેવનાર આત્મા, અવશ્ય કર્મમલથી રહિત થઇ મુક્તિપદ પામે જ: અને એટલા માટેજ એ શાશ્વત્ છે, જગત્‌માં એની કોઈ જોડી નથી અને સઘળા શ્રીજિનેશ્વરદેવોથી આદિમાં નમસ્કાર કરાયેલું છે: આ આચારશાસ્ત્ર ભગવાન્ શ્રી મહાવીરદેવે જગત્‌ના હિતને માટે કહ્યું છે.' આ આચાર બતાવ્યા એમાં કેવલ પ્રાણીમાત્રનું હિત સમાયેલું છે: કોઇ પણ પ્રાણીનું એનાથી અહિત નથી: એ આચારોને અમલમાં ઉતારવા ઘણી તકલીફ વેઠવી પડે તેમ છે, પણ એ આચારોને અમલમાં મૂકયા વિના સિદ્ધિ થઈ શકે તેમ નથી. આપણે અહીં છઠ્ઠું 'ધૂત' નામનું અધ્યયન વાંચવું છે. એ ધૂનનની યોગ્યતા આવે, તે હેતુથી પ્રથમ પ્રાર્થનાસૂત્રની વિચારણા ચાલે છે. હંમેશાં જે પ્રાર્થના કરીએ છીયે–જે માગણી કરીએ છીયે, તેમાં જે ભાવના છે તે સમજી શકીએ, તો વસ્તુ સહેલાઈથી પ્રાપ્ત થઇ શકે. 'હે ભગવન્! તારો જય હો, તારી જયમાં અમારી જય

છે, તારા પ્રભાવથી હો....'—આ રોજની પ્રાર્થના ! શું હો ? ભવનિર્વેદ ! 'જ્યાં સુધી ભવનિર્વેદ નથી, ત્યાં સુધી વાસ્તવિક રીતિએ મોક્ષમાર્ગમાં પ્રયત્ન કરી શકાતો નથી !' માટેજ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા લખે છે કે—'જ્યાં સુધી ભવનિર્વેદ નથી, ત્યાં સુધી ભવનો પ્રતિબંધ કાયમ રહે છે અને ભવનો પ્રતિબંધ કાયમ રહે ત્યાં સુધી મોક્ષમાર્ગ માટે કરાતો યત્ન તે વસ્તુતઃ મોક્ષ માટેનો યત્ન જ નથી.'

(પ્રશ્ન૦ નિર્વેદનો પર્યાય શું ?)

સંસારને કારાગાર સમજી, એમાંથી નીકળવાની ઇચ્છા તે નિર્વેદ. તે વિનાની ક્રિયા પણ નિર્જીવ જેવી : જીવવાળી નહિ. જવું છે ત્યાં અને વળગી રહેવું અહીં એ બને ખરૂં ? જોઇએ મુક્તિ અને બાઝવું સંસારને એ બને ? એ પહેલી માગણીમાં ગંભીર હેતુ છે. ભવથી નિર્વેદ ન થાય ત્યાં સુધી ભવથી છૂટવાની ભાવના થતી નથી, મુક્તિની વાસ્તવિક ભાવના જાગતી નથી અને એ ભાવના વગરનો પ્રયત્ન ફળે પણ કયી રીતે ? પછી માર્ગાનુસારિતા : નિર્વેદ તો થયો, પણ માર્ગ સીધો હાથમાં ન આવે તો ? સન્માર્ગ કોના હાથમાં આવે ? અસદાગ્રહ, કદાગ્રહ, દુરાગ્રહ,—જે કહો તે બધા એકજ છે. તેને જે જીતે તેના હાથમાં સન્માર્ગ આવે. જ્યાં સત્ય દેખાય ત્યાં ઝૂકે : 'હું માનું તે સાચું'—'મારી બુદ્ધિ કહે તે પ્રમાણ'—'અંતરનો અવાજ આવે તે વ્યાજબી'—એમ કહેવું એને ન પાલવે. સંસારીની એટલે કે—વિષયકષાયમાં ડૂબેલાની બુદ્ધિ કેટલી ? એની બુદ્ધિ જાય ક્યાં સુધી ? અજ્ઞાન અથવા અલ્પજ્ઞાન છે ત્યાં સુધી પોતાની

બુદ્ધિ પર ચાલવાનો આગ્રહ, તે વસ્તુતઃ દુરાગ્રહ છે. છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર છે. તીર્થપતિ પણ કેવળજ્ઞાન થયા પછીજ તીર્થ સ્થાપે છે. માટે જેઓ એમના શાસનમાં છે તેઓએ તો એમણે કહ્યું તેજ કહેવાનું.

(પ્રશ્ન૦ શ્રુતકેવલી પણ છદ્મસ્થ ગણાયને ?)

કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી બધાય છદ્મસ્થ. શ્રુતકેવળી દેશના દેવા બેસે ત્યારે સામાને ખ્યાલ ન થાય કે–'આ કેવળી નથી.'–પણ શાસ્ત્ર કહે છે કે–'એમને પણ અનુપયોગ સુલભ છે.' ઉપયોગ મૂકે તો ખ્યાલ આવે, પણ અનુપયોગ સુલભ છે. ચૌદ પૂર્વીમાં એ તાકાત હોય છે કે–'દેશના દેતાં દેતાં શંકા પડે તો આહારક શરીર બનાવી, શ્રી તીર્થંકરદેવ જ્યાં વિચરતા હોય ત્યાં મોકલી, એમની પાસેથી પ્રશ્નનો ખુલાસો મેળવી લાવીને ઉત્તર દે : પણ કોઇને ખબર સરખીય ન પડે કે આમ થયું.' 'ભૂલ થાયજ'–એ કાયદો નહિ : પણ છદ્મસ્થ છે ત્યાં સુધી ભૂલનો સંભવ તો ખરો. એ બધાય શ્રી જિનેશ્વરદેવોએ કહેલુંજ કહે. શ્રી જિનેશ્વરદેવ પોતે તો સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી દેશના ન દે : પોતે તીર્થ સ્થાપનાર છે, તેથી તે તો સર્વજ્ઞ થાય ત્યાં સુધી પ્રાયઃ મૌનજ રહે : અને શાસનમાં રહેલાએ તો શ્રી જિનેશ્વરદેવનું કહેલું કહેવાનું છે : પોતાના ઘરનું કશુંજ કહેવાનું નથી : એટલે કેવળજ્ઞાન થયા વિના પણ દેશના દે.

(લાલન૦ 'મુનિનો અર્થ મૌન ધરે તે'–એમ ખરોને ?)

એ મૌન એકેન્દ્રિયનું નહિ : પાપક્રિયામાં મૌન રહેવું–પાપમાર્ગની પ્રવૃત્તિમાં ન બોલવું એ મૌન છે ? અશુભ પ્રવૃત્તિને રોકવા માટે તો બોલવું એજ ખરૂં મૌન ! મુંગા રહેવું એવું મૌન

તો એકેન્દ્રિય જીવોને કાયમનું છે. મૌનનો અર્થ એ કે–પાપકારી વચન ન બોલે: સ્વપરઘાતક વચન ન બોલે: સ્વપરરક્ષા થાય–ભલું થાય, ત્યાં ન બોલે તે મૌની નથી પણ મૂર્ખ છે. મૌન રાખે તે મુનિ એ ખરૂં, પણ એ મૌન એકેંદ્રિયનું નહિ: મુનિપણાને છાજતું મૌન. જેમ મુનિવર શ્રી મેતાર્ય મૌન રહ્યા તેમ! જો સાચું બોલે તો ક્રૌંચ પક્ષીનો જીવ જાય અને ખોટું બોલે તો સ્વઆત્મા હણાય: માટે ત્યાં મૌન વ્યાજબી. ધર્મનો ઘાત થતો હોય, આત્મકલ્યાણકારી ક્રિયાનો નાશ થતો હોય અને સિદ્ધાંતનો લોપ થતો હોય, છતાંએ મૌન રાખવું, એ મુનિપણાને છાજતું નથી. આજ કારણે કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ફરમાવ્યું કે–'ધર્મનો ધ્વંસ, ક્રિયાનો લોપ અને પોતાના સિદ્ધાંતનો નાશ થતો હોય, તો શક્તિમાને વગર પૂછયે પણ અવશ્ય બોલવું જોઇએ.' અને વાત પણ ખરી છે: 'તારક વસ્તુનો નાશ થતો હોય, તે વખતે છતી શક્તિએ મૌન રહેવું, એના જેવો બીજો આત્મઘાત પણ કયો છે?'

શાંતિ શાથી જળવાઇ રહે?

(પ્રશ્ન૦ પણ એ બોલવાથી અશાંતિ થતી હોય તો?)

ધર્મ અને સત્ય સિદ્ધાંતનો લોપ થયા પછી રહેલી શાંતિ એ શાંતિ છે? એમાં તો ભયંકર અશાંતિની ચિતાઓ ખડકાયેલી છે. જે કાંઇ શાંતિ દેખાય છે, તે આ સિદ્ધાંતની હયાતિના પ્રતાપે છે. અરે, ત્યાં સુધી લખ્યું છે કે–'ચંદ્રસૂર્ય નિયમિત ગતિ કરે છે તેમાં પણ ધર્મનોજ પ્રભાવ છે!' દુર્જનોમાં એવી તાકાત કેમ નથી આવતી કે–બધા સજ્જ-

નોને કચડી શકે ! આવે ક્યાંથી ? સજ્જનો પાસે જીવતો અને જાગતો ધર્મ બેઠો છે: ધર્મ હોય ત્યાં સુધી દુર્જનોના એ મનોરથો કદીજ ન ફળે, કારણ કે-ધર્મનો પ્રભાવ કાંઈ જેવો-તેવો નથી. દુર્જનો તો ઈચ્છે કે-'જગત્પર સજ્જનો જોઇએજ નહિ, અમારૂંજ રાજ્ય જોઇએ.' કેમકે-સજ્જનો એમને વાતવાતમાં આડખીલી રૂપ લાગે છે. સજ્જનો જીવે તે દુર્જનોને ખટકે, પણ એથી કંઇ દુર્જનના મનોરથ નજ ફળે ! અને ન ફળે તેમાં પણ ધર્મનોજ પ્રભાવ. સજ્જનો કંઈ સામનો કરવા ઓછાજ જાય છે ? પણ ધર્મનો પ્રભાવજ એવી પેરવી કરે છે કે-પેલાનું સીધું પણ ઉંધું થઇ જાય, એની બુદ્ધિમાં વિભ્રમ થઈ જાય, એની કાર્યવાહીનું ચક્કર ખસી જાય અને એની યોજના ઉલટપાલટ થઈ જાય. જો સજ્જન સજ્જનતા ન છોડે, તો આખરે દુર્જનના હાથ હેઠા પડ્યા વિના ન રહે. અપવાદની વાત જવા દો. બહુલતયા આ વાત છે. જો આમ ન હોય તો સજ્જનમાં સજ્જનપણું રહેજ નહિ. સજ્જનને જૂઠું બોલવું નહિ, પ્રપંચ કરવો નહિ, -એમ બધાએ પ્રતિબંધ: પેલાને તો બધીએ ભાગોળ મોકળી. દુર્જનને આટલી બધી છૂટ, છતાં સજ્જન આપત્તિને માને નહિ: એને કર્મોદય વિના આપત્તિ આવે નહિ: એનું કારણ ? એ યોગ્ય સ્થાને છે માટે ! એનામાં એ સદ્ગુણ છે કે-'આપત્તિને સંપત્તિ માની શકે છે.' સજ્જન તો એમ માને કે-'આપત્તિ અશુભના ઉદય વિના આવે નહિ અને જો આવેલી આપત્તિ-અશુભના ઉદયને લઈને આવેલી આપત્તિ, સાવધ બનીએ તો આત્માને વળગેલા ઘણા કચરાને લઇને

ચાલી જાય.' ધર્મીને ધર્મના પ્રતાપે તો આપત્તિ આવેજ નહિ, પણ પૂર્વે કરેલ અધર્મ ક્યાં જાય ? એ કારણે આપત્તિ આવે તો એ માને કે–'આવી સુયોગ્ય અવસ્થામાં આપત્તિ આવે એ તો અનુપમ : અજ્ઞાનાવસ્થામાં આપત્તિ આવત તો શાંતિપૂર્વક સહેવાત નહિ, માટે સારૂં થયું કે–આવી સુયોગ્ય સ્થિતિમાં આપત્તિ આવી.' આવી માન્યતા હોય ત્યાં દુ:ખ શું ? આ ભાવનાના યોગે તો ધર્મની ખીલવટ થાય. ધર્મ, ધર્મક્રિયા અને સિદ્ધાંતના નાશ પછી જો શાંતિ માનતા હો તો તે ખોટું છે: તદ્દન અણુસમજ છે. સજ્જનનાં હૃદય તો તપાસો ! ત્યાંની શાંતિ જૂઓ તો ખરા !! જો હૃદયમાં શાંતિ ન હોય તો માનવું કે–' આ વસ્તુ પરિણુમીજ નથી.' બહાર તો બધું કરવું પડે : ઉગ્રતા પણ લાવવી પડે : સામાના ભલા માટે મ્હોંપર ઉગ્રતાનો દેખાવ કરવો પણ પડે : પણ એથી હૃદયને શું ? એજ માટે ઉપદેશાય છે કે–' પારકાનું ભલું કરવા જતાં, પોતાનું ન બગડે એની પૂરી કાળજી રાખવાની છે.' હૃદયમાં તો મલીનતા નજ આવવી જોઇએ.

(પ્રશ્ન૦ શાંતિના સ્થાપનારા શાન્તિની સ્થાપનાનો પ્રયત્ન કરતા હોય, પણ એનાથીજ દુર્જનોને અશાંતિ થતી હોય અને એ કારણે એઓ પાછા અશાંતિને ફેલાવતા હોય, તો શાંતિના સ્થાપનારાને પણ અશાંતિના પ્રચારનો દોષ લાગે છે કે નહિ ?)

જો એમ દોષ લાગતો હોય તો તો જુલમ થઈ જાય. સુધર્મા ઇંદ્રે ભગવાન્ શ્રી મહાવીરદેવની પ્રશંસા કરી કે–'અત્યારે

ભરતક્ષેત્રમાં એક મહાવીરનોજ આત્મા એવો છે, કે જેને અસંખ્યાત ઇંદ્રો પણ ધ્યાનમાંથી ચલાયમાન કરી શકે એમ નથી : એ વીર છે, ધીર છે, મક્કમ છે, સ્થિર છે.'–વિગેરે વિગેરે ભગવાનના ગુણોની પ્રશંસા કરી. સંગમ તે સહી ન શક્યો. એ કહે છે કે–'એક માનવીની આટલી બધી પ્રશંસા ? મનુષ્યરૂપ કીડાને ચળાવવાની તાકાત દેવોની નહિ એ બને ? એ હું ન સાંભળું.' એ આવેશના પરિણામે કષાયથી વ્યાપ્ત બનેલા એ સંગમે, લગભગ છ મહિના સુધી ભયંકર ઉપસર્ગોથી ભગવાનની કદર્થના કરી. આ છ મહિના ભગવાનને થયેલી તકલીફનું કર્મ, ઈંદ્ર મહારાજને લાગે ખરૂં ? પ્રશંસા કરતી વખતે એમને એ ભાવના પણ હતી ખરી કે–'આ પ્રશંસાથી સંગમ જેવો કોઈ જાગે અને ભગવાનને તકલીફ આપે ?' નહિજ. શ્રી ગૌતમસ્વામી મહારાજ ભગવાનને પૂછે છે કે–'ભગવન્ ! શ્રાવસ્તિ નગરીમાં ગોશાળો પોતાને 'જિન, જિન' કહેતો ફરે છે–તો શું શ્રાવસ્તિમાં એ જિન છે ?' ભગવાન્ જાણતા હતા કે–'બોલીશ તે સાંભળીને એને ગુસ્સો આવશે, કષાયથી ધમધમતો એ અહીં આવશે, ધમાલ કરશે, ભયંકર બની તેજોલેશ્યાથી બે મુનિના પ્રાણ પણ લેશે અને મને પણ તેજોલેશ્યા મૂકી છ મહિના સુધીની પીડામાં ઉતારશે.' છતાં ભગવાન્ મૌન ન રહ્યા. ભગવાને કહ્યું:–'તે જિન નથી : એ તો મંખલી પુત્ર ગોશાળો છે.' જો મૌન રહે તો સામાન્ય લોક એમ માને કે–'એમાં પણ કાંક છે ખરૂં.' આવી માન્યતાથી તો હજારો લોકો એ ઉન્માર્ગે ઢળી જાય : બીજા ઉન્માર્ગે ન જાય તે માટે જે સત્ય કહેવાય તે દુર્જનને ન જચે અને તેથી આ-

શાંતિ કરે, તે એના સ્વભાવને આધીન છે. શ્રી સ્કંદકસૂરીશ્વર તથા તેમના પાંચસેં શિષ્યોને પાપાત્મા પાલકે ઘાણીમાં પીલ્યા, એમાં કારણ તો સૂરીશ્વરજીનું સત્ય કથન હતુંને? વૈરનું કારણ એ કે–'પાલકે એક વખત નાસ્તિકતાનું પ્રતિપાદન કર્યું હતું અને સૂરીશ્વરજીએ એથી હજારો જીવો ઉન્માર્ગે ન જાય માટે એનું ખંડન કર્યું હતું.' એજ વૈરનું કારણ અને એજ કારણ માટે એ પાપાત્માએ આવા પાંચસેં એક મુનિઓને ઘાણીમાં ઘાલી પીલ્યા. દુર્જનોની નીચતાની કાંઈ અવધિ છે? દુર્જનો શું ન કરે? પાડોશી દાન દે, એને ત્યાં મુનિઓ–મહાત્માઓ આવતા હોય, પણ બીજો પાસેનો કૃપણ હોય છતાં મને–કમને બોલાવવા પડે, પણ એ રોજ મનમાં બળ્યા કરે કે–'આ પાપી અહીં ક્યાંથી આવી વસ્યો?' મનમાં ગાળો દીધા કરે: કર્મ બાંધ્યા કરે: આ બધાનું કારણ પેલો દાતાર ખરો કે નહિ? એને કર્મ લાગે? આવું જો માનો તો તો કોઈ મુક્તિજ ન જઈ શકે: શ્રી જિનેશ્વરદેવો પણ મુક્તિ ન જઈ શકે: તે તારકના પણ વૈરી હતા: તે તારકને જોઈને પણ બળનારા, તિરસ્કાર કરનારા, ગાળો દેનારા અને એમ કરીને કર્મ બાંધનારા હતા: તો જો એ નિમિત્તનું કર્મ શ્રી જિનેશ્વરદેવને લાગતું હોય, તો મુક્તિએ શી રીતે જાય? સૂર્ય બધાને આનંદ આપે પણ ઘુવડને શું? જો એમ કર્મ લાગતું હોય, તો તો વીતરાગની પણ મુક્તિ ન થાય અને મુક્તિ ગયેલાને પણ પાછા આવવું પડે. જેને પકડેલી વસ્તુ મૂકવી નથી એનો ઉપાય છે? આબુજીની કોરણી જોઈ ઘણાએ આનંદ પામે છે: છતરો પણ આનંદ

પામે છે: છતાંય કેટલાક એવા પણ પડયા છે કે-એ જોઇને સળગી મરે છે! તો જો ધર્મક્રિયા કરતાં એવું પાપ લાગતું હોય, તો ધર્મક્રિયા કરવીજ કઠણ થઈ જાય. એક પણ સારી ક્રિયા બતાવો, કે જેમાં ચાંદુ પાડનારા દુનિયામાં ન હોય! એક પણ ઉત્તમ વ્યક્તિ એવી બતાવો, કે જેની મશ્કરી અને નિંદા કરી કર્મ બાંધનારા દુનિયામાં ન હોય!! શાસ્ત્ર તો કહે છે કે-'જેટલાં સંવરનાં સ્થાન, તેટલાંજ હીનપુણીયાને માટે આશ્રવનાં સ્થાન અને ભાગ્યવાનને તો જે આશ્રવનાં સ્થાન, તેય સંવરનાં સ્થાન.' કર્મક્ષયની ક્રિયાઓ પણ નિર્ભાગીઓને કર્મબંધ કરાવનારી પણ થાય: જો એમ કર્મ લાગી જાય, એવી માન્યતા માનીએ તો તો અપેક્ષાએ કજીઆના ઉત્પાદક તીર્થના સ્થાપક પોતેજ થાય. તીર્થ ન હોત તો બોલવું શું કામ પડત? પણ વસ્તુત: તેઓ પરમ ઉપકારી છે, કારણકે-જગતને તારવાની કલ્યાણ બુદ્ધિથી એ પરમાત્માએ તીર્થ પ્રવર્તાવ્યું છે. એ તો હીનભાગ્યતા એની, કે જે આવા અનુપમ શાસનને પામીને અજ્ઞાનવશ સત્ય ન સમજતાં, એમા ઝઘડા પેદા કરે.

પૂર્વાચાર્યોએ કેવી રીતે કામ કર્યું છે?

(લાલન૦ તીર્થ સ્થાપ્યા પહેલાં સમુદાય ભેગો હતો ને?)

એવું કોઇ કાળે ન હોય. બધાના વિચારો અને ક્રિયાઓ જૂદી. આ તારકોએ તો તીર્થ સ્થાપીને એ કર્યું કે-'ધમાચકડી કરનારામાંથી થોડાકને ઓછા કર્યા: બધાએ અઢાર પાપસ્થાનકે સહિત હતા, એમાંથી થોડાકને એથી

રહિત બનાવ્યા : કેટલાકને આ અઢારે પાપસ્થાનકો સેવવા યોગ્ય નથી એવા વિચારવાળા બનાવ્યા !' આથી અજ્ઞાનીયો મિથ્યાત્વ આદિના જોરે ઉધમાત કરે અને એના યોગે કજીયા ઉભા થાય.

(લાલન૦ પ્રભુના અતિશયો પણ હદવાળા છેને ?)

અલબત્ત,ભગવાન વિચરતા હોય ત્યારે સવાસો જોજનમાં કોઇને પીડા ન થાય : આ અતિશય છે,–પણ પોતે જ્યાં હતા ત્યાં રાજગ્રહીમાં જ મૃગાલોઢાની પીડા કેવી ભયંકર હતી ? નિકાચિત કર્મ હતું. સૂર્ય સર્વને પ્રકાશ આપે, પણ જે જાતજ એવી હોય, કે જેને એના ઉગવાથી અંધાપો થાય, ત્યાં થાય શું ? અપવાદ બધે હોય. જો એમ અતિશય ચાલતો હોત, તો એકને પણ એ ભગવાન્ મિથ્યાદૃષ્ટિ રહેવા ન દેત. 'सर्वेऽपि सुखिनो भवन्तु !–બધા સુખી થાઓ !' –આ ભાવનાળા ભગવાન એવા ઉદાર હતા કે–બધાને મોક્ષે પહોંચાડયા પછી પોતે જાત. એમના દર્શનથી હજારો આદમી ધર્મ પામતા હતા, સમ્યક્ત્વ પામતા હતા : એમના ગમનથી, એમના દેખાવથી, એમની કાર્યવાહીથી, એમના અતિશયથી, એમના મહિમાથી, સંખ્યાબંધ આત્માઓ ધર્મ પામતા હતા : એમની વાણી સાંભળીને કેટલાય આત્માઓ પોતાનું કલ્યાણ કરતા હતા : ભગવાન્ તો પરિપૂર્ણ અતિશયસંપન્ન આત્મા હતા, પણ પાખંડી તો નક્કી કરીનેજ આવે કે–'કાંઈ છીદ્ર નીકળે છે ?' ભગવાનની વાણીમાંથી પણ છીદ્ર ગોતવા આવનારા હતા. છીદ્ર ગોતવા આવનારો સારૂં તો સાંભળતો જ નથી. સમજે છે કે–'સારૂં સાંભળ્યું અને જો ઘુસ્યું તો બુદ્ધિ ફરી જાય !'–એટલે એનો નિર્ણય જ એ કે–'સારૂં

મૂકી દેવું અને ખોટું પકડવું!' એજ એનું ધ્યેય!! તમે તમારી દૃષ્ટિ એવી બનાવો કે—સત્ય આવે ત્યાં ખોટું મ્હારાપણું ખસી જાય. સારા સારા વિદ્વાનો પણ મૂંઝાય છે, એનું કારણ એ છે કે—'મારાપણું જતું નથી.' એ એમ માને છે કે—'અમે ઘણા વખતથી માનેલ તે મૂકાય?' પણ તમે કોણ? અલ્પજ્ઞાનીને 'સાચું માનવું અને ખોટું મૂકવું'—એ ઉત્તમ ભાવના તો હોવી જ જોઇએ. આ રીતે વસ્તુને સમજો!

*

મુનિએ કાંઇ બોલવું જ નહિ, એવો કદાગ્રહ ન હોય. એટલા માટે તો વચન—ગુપ્તિની સાથે ભાષાસમિતિ પણ રાખવી પડી. બેશક, મુનિ પાપકાર્યમાં વપરાતી વાણીને રોકે, સાવદ્ય વચન ન બોલે, પણ જો લાભકારી ભાષા ન બોલે, તો વાગ્ગુપ્તિ એ વસ્તુતઃ વાગ્—ગુપ્તિ નથી. રક્ષક રક્ષા નહિ કરે તો ભક્ષક કરશે? કલ્પી લ્યો કે—'ધર્મના સિદ્ધાંતનો વિપ્લવ થાય તે પ્રસંગે મુનિ મૌન રહે અને તમને ફુરસદ નહિ!' ત્યારે આનો પાલક અને રક્ષક કોણ? મુનિ મૌન ભજે, ગૃહસ્થ ઘર ભજે, તો પછી આને ભજે કોણ? માટે તો કહ્યું કે—'ગમે તેવી સમતાવાળો, ગમે તેવો સ્થિર, ગમે તેવો શાંત, ગમે તેવો તપસ્વી પણ, આવા વખતે—ધર્મધ્વંસ થતો હોય, ક્રિયાનો લોપ થતો હોય, સિદ્ધાંતના અર્થનો વિપ્લવ (નાશ) થતો હોય, તે વખતે જોયા ન કરે: કોઈ ન પણ પૂછે, તો પણ નિષેધ કરે. જરૂર એ વખતે એ બોલેજ. છતી શક્તિએ એમ ન કરે તો વિરાધક દશા પામે!' પૂર્વાચાર્યોએ જો આજે કહેવાય છે તેવી શાંતિ પકડી હોત, તો આજે આ ન હોત. એ વખતે તો

બહુ વિષમતા હતી. આ કાલ તો એટલો સુંદર છે કે–ન આરાધે તેનું કમભાગ્ય : આ કાલમાં ભગવાનના સિદ્ધાંતનો પ્રચાર ન કરે તે નિર્ભાગી છે : સ્થિતિ–સંયોગ મ્હોય એવા માનો, પણ સિદ્ધાંતના પ્રચાર માટે એવા અનુકૂલ છે કે–ન પૂછો વાત. અમૂક સમયે તો આ બહાર મૂકવામાં પણ તકલીફ હતી. એક વખતે રાજ્યની સ્થિતિ કયી હતી ? મ્હોંના કાયદા હતા : પ્રજાની અને રસ્તાની, બધી સ્થિતિ વિકટ હતી. આજે તો સામાની ભાવના ગમે તેવી હોય, પણ કાયદાની કલમનો ટેકો ન હોય, તો એની બધી ભાવના ધૂળમાં મળી જાય. એ વખતે તો જબાન એ કાયદો હતો. પૂર્વે મંદિરમાં ઘંટ વગાડવા ભારે હતા : શિખર ચઢાવવું ભયંકર હતું : મૂર્તિયો સાચવવી મુશ્કેલ હતી : વસ્તુ બોલવી કઠીન હતી : સાધુપણું કે સાધ્વીપણું પાળવું, એ પણ ભયંકર હતું: છતાં એ સ્થિતિમાં પણ મહાપુરૂષોએ સત્ય વસ્તુને જીવંત–વ્યાપિની રાખી છે. આપણે માટે તો એવા સુખનો જમાનો છે કે–અત્યારે ન આરાધાય તો કહેવું જોઇએ કે–'કમાણી ધૂળ મળી ગઈ.' નળીયું ખખડવાથી ભડકવા જેટલા સત્ત્વહીન બનીએ, તો કહેવું જોઇએ કે–'ધર્મ માટે લાયક જ નથી.' એ વખતે તો પૂરી શક્તિવાળો ધર્મી તરીકે જીવી શકતો અને આજે તો થોડી શક્તિવાળો પણ ધારે તો ધર્મી તરીકે જીવી શકે છે.

(લાલન૦ સાધનો અનુકૂલ છે ?)

નહિ, સાધનો અનુકૂળ છે એમ તો નહિ જ. ઘણાં સાધનો તો ભયંકર છે, પણ આરાધનાર ધારે તો સાધનોનો સદુપયોગ કરી શકે.

(લાલન૦ મારો પણ એજ આશય છે.)

સારી વાત. પણ આશયને અનુરૂપ બોલતા થાઓ! શ્રી જિનેશ્વરદેવના માર્ગને પામ્યા પછી, ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા તો કહે છે કે–'કલિકાલમાં જન્મેલા અમે, મૂળમાં ખામીવાળા અમે, હુંડાવસર્પિણી કાલનો દોષ પણ અમારા માથે, એવા નાથ વિનાના અમને, હે ભગવન્! જો આ વસ્તુ ન મળી હોત, તો અમારૂં શું થાત?' એની રક્ષા માટે કમીના હોય? એ મહાપુરૂષે આ શાસનની સેવા કરવામાં કશીજ કમીના રાખી નથી. આ શાસનના ધુરંધર સૂરિપુરંદરો પણ આગમની આજ્ઞામાંજ પોતાનું અને પરનું આત્મશ્રેય સમજતા. આવા એક સમર્થ જ્ઞાની પણ પોતાની મતિ ઉપર મદાર ન્હોતા બાંધતા અને જગતના શ્રેય માટે શાસ્ત્રીય સત્યનો જોસબંધ પ્રચાર કરતા! એ પ્રચારમાં અશાંતિના પ્રચારની શંકા કરવી, એ પોતાની જાત ઉપર શંકા કરવા બરાબર છે: અને વાત પણ ખરી છે કે–'જ્યાં શુભ વસ્તુ હોય, શુભ કથન હોય, સામાના હૃદયમાં ઘાલવાની ઉત્તમ ભાવના હોય, એમાંથી અશાંતિ નીકળે કયાંથી?' પાખંડી ધર્મ નહોતા પામતા, એમાં દેશનાની ખામી હતી? ભગવાન્ તો અતિશયસંપન્ન હતા: એમની વાણીમાં પણ અતિશય હતો કે–'પોતે બોલે એક ભાષામાં, પણ સૌ સમજે પોતપોતાની ભાષામાં: તિર્યંચો તિર્યંચની ભાષામાં સમજે: સૌ સૌની ભાષામાં સમજે.' સમકાલે સર્વના સંશય છેદે. જાતિ વૈરવાળાં પ્રાણીયો પણ મિત્રપ્રાય: બને. કષાયથી ધમધમતા આવે, તે પણ ત્યાં આવીને શાંત બની જાય! પણ જ્યાં સુધી એક વાર દુષ્ટ ભાવના જાય નહિ, ત્યાંસુધી પેલી

સારી વસ્તુની છાયા તેના ઉપર પડે નહિ. મિથ્યાત્વ એ મલ છે, ઝેર છે: સારામાં ખોટાની બુદ્ધિ ને ખોટામાં સારાની બુદ્ધિ, એ મિથ્યાત્વ: મિથ્યાત્વ એ મોટો મલ છે, દોષ છે: આથી એ દોષને દૂર કરવા માટે અને જેનામાં તે દોષ ન હોય તેને તે દોષથી બચાવવા માટે, સત્યનું એટલે કે-હિતકર વસ્તુનું પ્રકાશન અવશ્ય કરવું જ જોઈએ. હિતકર વસ્તુ કહેવામાં પૂર્વાચાર્યોએ કદીજ મૌન સેવ્યું નથી. જો એવું મૌન તે પરમર્ષિઓએ સેવ્યું હોત, તો આજે આપણી પાસે આટલું પણ ન હોત. માટે હિતકર વસ્તુના નાશ વખતે તો 'મૌન-મૌન'-એમ કરવું તે પાલવેજ નહિ. એ વખતે મૌન, મુનિને તથા મુનિપણાના અર્થિને ઘટે નહિ.

માર્ગાનુસારિતા ક્યારે આવે ?

અસદાગ્રહ અથવા દુરાગ્રહ તજે એટલે માર્ગાનુસારીતા આવે: માર્ગાનુસારી તે કે જેનો મિથ્યાત્વ-મળ નથી ગયો, પણ માર્ગ તરફ સદ્‌ભાવ છે. કહે કે-'શાસ્ત્ર ગહન છે અને મતિ તો અલ્પ છે.' માર્ગાનુસારીપણું પણ બહુ કઠીન છે: તેનામાં ભદ્રિકપણું જોઇએ: ધર્મશ્રવણ પ્રત્યે પૂર્ણ રૂચિ હોય: એવા આત્મામાં વિનયાદિ ગુણો તો સહજ હોય: કારણ કે-અર્થિપણા સાથે તે ગુણો પ્રતિબદ્ધ છે. પૈસા કમાનારામાં વિવેક કેટલો છે ? તેનામાં નમ્રતા, વિનય, શાંતિ, ક્ષમા, સલામ ભરવાની રીત, પગે પડવું, પગની ધૂળ ચાટવાની રીત, આ બધું આવી જાય છે: એ બધું કોણે શીખવાડ્યું ? સારો મ્હેમાન આવે તો એની પુંઠે પુંઠે ફરવું, એ કોણે શીખવાડ્યું ? સાહેબ પાસે કેવી રીતે જવાય ?, કેવી રીતે

ઉભા રહેવાય ?—એ જાણો છો ને ? એ તો ના જાણુતા હો તો પણુ જાણીજ લેવું પડે, કારણુ કે—શેરો ખોટો મારે તો બાર વાગી જાય : ત્યાં પ્રમાદ જરાય ન હોય : ત્યાં તો વગર કહ્યે કીટ બની જાવ : માટેજ કહું છું કે—'ધર્મના અર્થી બનો તો નમ્રતા, શાંતિ, લઘુતા, વિનય, વિવેક, બહુમાન, બધાય ગુણો દોડી દોડીને તમારામાં આવશે : લેવા નહિ જવા પડે. જે ગુણો દુનિયામાં કેળવો છો, સાહેબ પાસે જે વિનય કરો છો, એ બધું દેવ—ગુરૂ પાસે કરો તો કામ થઇ જાય. પણુ આ તો 'ત્યાં આડું—અવળું ન જોવાય અને અહીં તો યથેચ્છ રીતે વર્તાય.'—આ દશા હોય ત્યાં શું થાય ? આજનો ભણેલો ઑફીસમાં હોય તો ઑફીસનું છ કલાક કામ કરી, સાહેબ પાસે જાય ત્યારે કેવો ધીમે પગલે જાય ? કારણુ કે—બૂટ પહેરવા અને અવાજ કરવો નહિ. સાહેબ કામમાં હોય, ઉંચી આંખ ન કરે, ત્યાં સુધી સામે ઉભો રહે : બોલાય પણુ નહિ અને સાહેબ જૂએ તો જોઇ જાય માટે આડું—અવળું પણુ ન જોવાય : સહી કરો એમ પણુ ન કહેવાય. કેવી કફોડી દશા ? ઉભાજ રહેવું પડે : એને એમજ થાય કે—'કયારે સાહેબ જૂએ, કાગળ હાથમાં લે, સહી કરે અને છૂટું ! આ કાંઇ સ્વતંત્રતા છે ? જો અર્થ—કામમાં પડેલા સ્વતંત્ર રહી શકતા હોત, તો જ્ઞાનીને આ બતાવવું ન પડત. ખરી ગુલામી જ અર્થ—કામની અસક્તિમાં છે. ત્યાં સ્વતંત્રતા એ તો—

" न भूता न भविष्यति. "

*

આપણો મુદ્દો તો એજ છે કે—'અર્થીપણાથી બધું આવે. નાના શ્રીમાનનું ઘર કાંઇ મોટા શ્રીમાન્ ભરતા નથી, છતાં

નાનો શ્રીમાન્ સ્હેમાં શું કામ દબાય છે? વખતે કામ પડે: માટે મહેરબાની હોય તો સારૂં: એ માટે ઠપકો આપે તો પણ ગમ ખાઈ ગળી જાય! આ અર્થ-કામની લાલસા કે કંઈ બીજું? ધર્મ પામવા માટે પણ ધર્મના અર્થીપણાનો ગુણ જોઈશે. ત્યાંજ વાંધો છે. બરાબર અર્થીપણું આવી જાય પછી વાંધો નહિ રહે.

(પ્રશ્ન૦ વાંધા ક્યાં?)

વાંધા બતાવીશ તો ભારે પડશે! પહેલાં સીધા સમજો, પછી વાંધા બતાવીશ. દરજી કપડાં પર કાતર મૂકે છે ત્યારે તમે બૂમ નથી મારતા, કારણ કે-ત્યાં તમને સાંધાની કિંમત છે! તાકો પહેરીને નીકળો તો કોઈ ગમાર કહે અને સીવેલું પહેરીને નીકળો તો પૉઝીશન જળવાય એમ સમજો છો. અહીં વાંધા એક બે છે? ગણના નથી. પહેલાં સાંધા સમજાય માટેજ પ્રાર્થનાસૂત્ર લીધું છે. અહીં બે કલાક કહેવાયેલું પા કલાક પણ કુટુંબને કહેવાનો અભિગ્રહ કરો, તમે પોતે એનું મનન કરો અને ત્યાં જઈને પણ એમને કહો કે—'આજે આ આચારોનું વર્ણન થયું: એ આચારોને જીવનમાં ઉતારવા જોઇએ: જો ન ઉતારીએ તો મનુષ્યભવ હારી જઇએ.' બે કલાકમાં જો આવો પા કલાક પણ તમારો ભળે, તો જૂઓ કે-કારતક શુદ પૂનમ સુધીમાં કેટલું પરિવર્તન થાય છે! બે કલાકને બાવીસ કલાક ભુંસી નાખે છે, પણ એનું મંડન પા કલાક કરો તો ચોથે દિવસે ચમત્કાર જણાય. તમારાં બાલકો પણ કહેશે કે—'બાપાજી! આ ન થાય, રાતે શું કહેતા હતા? દૂધ ખાતર પણ આ ન થાય.' નોકર

પણ શેઠને કહે કે—'આ હોય ?' એ વખતે, જ્યારે સાંજે કુટુંબ ભેગા બેસો, ત્યારે બધાએ સાધર્મિક તરીકે બેસવાનું. દીકરો બાપને પણ કહે : બાપ દીકરાને પણ કહે : દબાવાનું નહિ. આઠ દિવસ આમ વર્તશો તો તમારા ઘરમાં ચોકીદારો જાગશે. બધે તમને ટકોરા મારનારા જોઇએ. આમ કરવું છે કે હાજીઓ જ ભણવો છે ? આમ વર્તો પછી જે સ્થિતિ થાય, તે વખતનું સઘળું અનેરૂં થશે : વસ્તુનો અભાવ નહિ રહે : ત્યારે તો એમ થશે કે-'કયારે શુભ દિન આવે અને દીક્ષા લઉં !' કુટુંબ પણ કહેશે કે-'તમે નીકળો, અમે ઓચ્છવ કરીશું.' પણ તમને તો ભયજ ત્યાં છેને ? વાત ઘેર કરવી જ નહિ, એ તમારો નિર્ણય છે. સારૂં લાગતું હોય તો વાત ઘેર લઈ ગયા વિના રહો ? મોટરમાં જતા હો ને સારી ચીજ ભાળો કે તરત નોકરને લાવવાનું કહો. ઘરમાં ફરનીચર, ટેબલ, ખુરશી, ગાદી, તકીયા, હાંડી, ઝુમ્મર બધુંય છે, પણ શ્રી જિનમંદિર છે ? પૌષધશાળા છે ? સામાયિક આદિનાં સુંદર ઉપકરણો છે ? સંયમનાં ઉપકરણો છે ? છે ત્યાંથીએ નીકળવા માંડયાં છે. સામાન્ય સ્થિતિવાળા પણ શ્રી જિનમંદિર તો રાખી શકે. સોનાનું મંદિર રાખવું એવો કાયદો નથી : નાનો ગોખલો પણ ચાલે : પણ જરૂર હોય તો ને ? કહોને તેવો પ્યાર નથી, તેવું અર્થીપણું નથી. પોતાની બુદ્ધિ મુજબજ નહિ, પણ આગમની આજ્ઞા મુજબ ચાલો !—પોતાની જ બુદ્ધિ મુજબ ચાલવાનો આગ્રહ તે કદાગ્રહ છે. આ કદાગ્રહ પર વિજય મેળવે ત્યારે માર્ગાનુસારિતા—તત્ત્વાનુસારિતા આવે. એ શા માટે ? ઈષ્ટફળ-સિદ્ધિ માટે ! ગૃહસ્થ જાણે છે કે—'આરાધ-

નાની પ્રવૃત્તિ માટે ફલ જોઇયે તે મળે: એ પણ પરંપરાએ મુક્તિ મળે તે માટે છે: એટલે કે-સંયોગો હો તો તેવા હો.' કુટુંબની જરૂર નથી, મળે તો સહાયક મળો. દેવતા પણ કહે છે કે—'મનુષ્યલોક મળો તો પણ ધર્મીના કુટુંબમાં મળો.' દેવતા જાણે છે કે-'સીધું મુક્તિપદે જવાય તો સારી વાત, પણ એ થવાનું નથી: મનુષ્ય લોક તો મળવાનો છે: તો પછી ધર્મી કુટુંબમાં મળો.' જેમ અટવીમાં સાથીની જરૂર છે, પણ સાથી મળજો-લુંટારો ન મળજો!

<u>લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ—</u>

અસ્તુ. હવે ચાલો આગળ—

" लोकविरुद्धच्चाओ "

*

—આનું વિવરણ કરતાં કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા લખે છે કે:—

" लोकविरुद्धत्यागः । सर्वजननिन्दादिलोक—

—विरुद्धानुष्ठानवर्जनम् । "

*

'લોકવિરૂદ્ધનો ત્યાગ એટલે 'સર્વજનનિંદા' આદિ લોકવિરૂદ્ધ અનુષ્ઠાનોનું વર્જન.'

*

આથી સમજી શકાશે કે-આજના કેટલાક 'લોગવિરૂદ્ધચ્ચાઓ'-આ સૂત્રાક્ષરનો ઉપયોગ, ધર્મ ક્રિયાઓ કરનારની સામે કરે છે, એ કોઇ પણ રીતિએ વ્યાજબી

નથી : કારણ કે—મોહ અને અજ્ઞાનને આધીન થયેલા આત્માઓ, વાતવાતમાં ધર્મકાર્યોને વિરૂદ્ધ તરીકે ઓળખાવે અને એથી જો ધર્મકાર્યોનો ત્યાગ કરી દેવામાં આવે, તો તો ધર્મ જેવી ચીજ ચોથા આરામાં પણ ન ટકી શકે! “ધર્મ જેવી વસ્તુ પણ અજ્ઞાની અને મોહાધીન આત્મા-ઓને અધર્મરૂપ ભાસે’—એમાં કશુંજ આશ્ચર્ય નથી. આજે દીક્ષા જેવી પરમ તારક વસ્તુ પણ અજ્ઞાન આત્માઓને કારમી થઈ પડી છે. એથી કલ્યાણાર્થિ આત્માઓ તેનો પરિત્યાગ કરે એ કેમ બને? આજે કેટલાય આત્માઓને ઉદ્યાપન આદિ ધાર્મિક મહોત્સવો અકારા લાગી રહ્યા છે અને એથી એમાં થતા લક્ષ્મીવ્યયને ધુમાડા તરીકે તેઓ તરફથી ખૂલ્લે ખૂલ્લી રીતે ઓળખાવાય છે, આથી કંઇ પ્રભુ-વચનના પ્રેમીયો કે જેઓ ઉદ્યાપન આદિ ધાર્મિક મહોત્સ-વોને પોતાના સમ્યક્ત્વની નિર્મલતામાં અને અન્યને બોધિ-બીજની પ્રાપ્તિમાં કારણ તરીકે માને છે તથા તેજ કારણે તેમાં થતા લક્ષ્મીવ્યયને શાસનપ્રભાવનાના કારણ તરીકે સમજે છે, તેઓ તેની આરાધના કરતાં કેમ અટકી જાય? આ કારણે તો પરમ ઉપકારી પરમર્ષિયોએ કેટલાંક લોકવિરૂદ્ધ કાર્યોની ગણના કરાવીને, આપણને લોકવિરૂદ્ધ કાર્યોને સમજવાની સર-લતા કરી આપી છે.

લોકવિરૂદ્ધ કાર્યોની ગણના.

લોકવિરૂદ્ધ કાર્યોની ગણના કરાવતાં તે પરમર્ષિયો ફરમાવે છે કે:—

"सव्वस्स चेव निंदा, विसेसओ तह य गुण समिद्धाणं ।
उजुधम्मकरणहसणं, रीढा जण पूयणिज्जाणं ॥ १ ॥

*

बहुजणविरुद्धसंगो, देसाचारस्स लंघणं चेव ।
उव्वणभोओ अ तहा, दाणाइवियडमन्नेओ ॥ २ ॥

*

साहुवसणम्मि तोसो, सइसामत्थम्मि अपडियारो अ । "

*

'સર્વજનોની નિંદા'–એ લોકવિરૂદ્ધ છે અને તેમાં પણ ગુણસમૃદ્ધ પુરૂષોની નિંદા, એ વિશેષપ્રકારે લોકવિરૂદ્ધ છે: સરલ આત્માઓના ધર્મકાર્યની હાંસી, જનપૂજનીય પુરૂષોનું અપમાન, બહુજનવિરૂદ્ધનો સંસર્ગ, દેશાચારનું લંઘન, ઉત્કટ ભોગ, બીજા પાસેથી દાનાદિકનું વિકટન, સાધુપુરૂષોના વ્યસનમાં તોષ અને છતા સામર્થ્યે તેનો અપ્રતિકાર–આ બધાં કાર્યો લોકવિરૂદ્ધ કાર્યો ગણાય છે.'

*

આવાં કાર્યોના સેવનનું ધર્મિ આત્માઓએ અવશ્ય વર્જન કરવુંજ જોઇએ. સર્વજનની અને તેમાં પણ ગુણવાન પુરૂષોની નિંદા, એ ઘણુંજ અધમ કાર્ય છે: નિંદક આત્મા, એ ઘણાજ ભયંકર આત્મા છે: નિંદાની ટેવવાળો આત્મા દેવ, ગુરૂ કે ધર્મની નિંદા કરતાં પણ અચકાતો નથી. સરલ આત્માના ધર્મકાર્યની હાંસી કરવી, એ પણ જેવું તેવું નિંદનીય કાર્ય નથી. કારણ કે—એ હાંસીના પરિણામે તે આત્મા ધર્મકાર્યથી પાછો પડે છે અને એના પાપનો ભાગીદાર એ હાંસી કરનાર

આત્મા થાય છે. હાંસી દ્વારા કોઇ પણ આત્મા ધર્મથી વિમુખ થાય, એવો પ્રયત્ન ધર્મિ આત્માઓ માટે કોઇ પણ પ્રકારે યોગ્ય નથી. જનપૂજનીય પુરૂષોનું અપમાન કરવાની પ્રવૃત્તિ પણ ધર્મી આત્માઓ માટે શોભાપ્રદ નથી. બહુ જનથી વિરૂદ્ધનો સંસર્ગ, એ પણ હિતકર નથી. દેશાચારનું લંઘન, એ પણ લોકવિરૂદ્ધ છે. ઉલ્બણ ભોગ એ પણ લોકવિરૂદ્ધ છે: ઉલ્બણ ભોગ એટલે વિષયોની અતિશય આસક્તિ, વિષયોની તીવ્ર આધીનતા: એ આધીનતાના યોગે સ્વપરનો પણ વિવેક નષ્ટ થઇ જાય છે: સ્વમાં પણ મર્યાદાનું ઉલ્લંઘન થાય છે. એને નથી રહેતું રાત્રીદિવસનું ભાન કે નથી રહેતો પર્વતીથિના ખ્યાલ. આ ચોમાસા જેવા ખાસ ધર્મકર્મના સમયમાં પણ બ્રહ્મચર્ય જેવા ઉત્તમ આચારનું પાલન ન થાય એ શું? ખરેખર, એ તીવ્ર વિષયલાલસાનું પરિણામ છે. લોકવિરૂદ્ધ કાર્યથી બચવા ઇચ્છનારાઓ, જો પોતાની વિષયાસક્તિ ઉપર પણ કાપ મૂકે, તોય સ્વ અને પરનું ઘણું ઘણું હિત સાધી શકે! 'लोकविरुद्धच्चाओ'–આ સૂત્રાક્ષરનું અવલંબન કરનારે, પોતાનું જીવન ઘણુંજ માર્ગાનુ-સારિ બનાવવું પડશે: એકે એક યથેચ્છ વર્તન ઉપર અંકુશ મૂકવો પડશે: એના નામે એક પણ ધર્મક્રિયાને ગૌણ કે શિથિલ બનાવવાની વાહીઆત વાતો કરતાં એકદમ અટકી જવું પડશે: પણ આ બધું વિચારવું છે કોને? 'लोकविरु[illegible]च्चाओ' –આ સૂત્રાક્ષરના ભાવને સમજનારથી કોઇની પણ દાનાદિ ધર્મક્રિયાનું વિકટન કેમ થાય? તે આત્માને સાધુજનની આપત્તિમાં આનંદ કેમ આવે?? અને છતે સામર્થ્યે સાધુપુરૂષો ઉપર આવી પડતી આપત્તિનો પ્રતિકાર કરવાનું કેમ ચૂકાય???

આ એકે એક લોકવિરૂદ્ધ કાર્યનો ધર્મિએ અવશ્ય ત્યાગ કરવો જોઇએ. 'હે ભગવન્ ! તારા પ્રભાવથી મને ભવનો નિર્વેદ, માર્ગાનુસારિતા અને ઇષ્ટફલસિદ્ધિની સાથે લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ પણ હો !' કહો કેવી સુંદર પ્રાર્થના છે ? આવી સુંદર પ્રાર્થના અહર્નિશ કરનાર આત્મામાં કેટલી પવિત્રતા હોવી જોઇએ ?–એ વિચારો.

ગુરૂજનની પૂજા.

પ્રાર્થનાસૂત્રમાં 'लोकविरुद्धच्चाओ' ની માગણી પછી 'गुरुजनपूजा' ની માગણી આવે છે.

"गुरुजण–पूआ"

*

गुरुजनस्य पूजा । उचितप्रतिपत्तिर्गुरुपूजा । गुरवश्च यद्यपि धर्माचार्य्या एवोच्यन्ते तथापीह मातापित्रादयोऽपि गृह्यन्ते ।"

*

'ગુરૂજનની પૂજા એટલે ઉચિત પ્રતિપત્તિ : જો કે ગુરૂ તરીકે ધર્માચાર્યોજ કહેવાય છે, પણ આ સ્થળે માતાપિતાદિ ગુરૂજનોનું પણ ગ્રહણ થાય છે.'

*

મોક્ષનો અર્થિ આત્મા, પ્રાર્થનાસૂત્રમાં ઉપરની માગણીયો સાથે ગુરૂજનની પૂજાની પણ માગણી કરતાં કહે છે કે–'હે ભગવન્ ! તારા પ્રભાવથી મને ગુરૂજનની પૂજા પણ હો !' માતા, પિતા, કલાચાર્ય આદિ સર્વ ગુરૂજનોની ઉચિત્ત પ્રતિપત્તિ કરવાની વૃત્તિ, ધર્માર્થિ આત્મામાં સ્વાભાવિક રીતેજ જાગૃત થાય છે. ગુરૂજનોની ઉચિત પ્રતિપત્તિ કરવામાં ધર્માત્મા

કદી પણ શિથિલ ન હોય, પણ એ ભૂલવાનું નથી કે–'પ્રતિપત્તિમાં અનુચિતપણું નભાવી લેવાને પણ ધર્મનો અર્થિ આત્મા કદીજ તૈયાર નથી હોતો.' ઉચિત મર્યાદાઓના લંઘનમાં ગુરૂજનની ગુરૂતા પણ નષ્ટ થઈ જાય છે. આથી એ પણ સમજી શકાય તેવું છે કે–'માતાપિતાદિએ પણ પોતામાં માતાપિતાદિપણું કેળવવું જોઈએ.' માતાપિતા તે છે કે જેઓ પોતાના સ્વાર્થના ભોગે પણ પોતાના સંતાનનું આત્મહિત પ્રથમ ચિંતવે ! સંતાનના આત્મહિતને નષ્ટ કરનારાં માતાપિતા પોતામાં રહેવા જોઈતા માતૃત્વ અને પિતૃત્વ ધર્મનો ઘાત કરે છે, એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. સાચા કલાચાર્યો પણ તે છે, કે જેઓ પોતાના વિદ્યાર્થિના આત્મશ્રેયની ચિંતા ખાસ રાખે : તે વિના સાચું કલાચાર્યપણું પણ નથી આવતું. વસુરાજા, પર્વત અને નારદને માટે આકાશમાં જતા ચારણમુનિના મુખથી જ્યારે 'ક્ષીરકદંબક' નામના પાઠકે સાંભળ્યું કે–'તેમાંના બે નરકગામી અને એક સ્વર્ગગામી છે'–ત્યારે એ પાઠકને પણ એમ થયું કે–'હું જેનો પાઠક–હું જેનો ભણાવનાર–હું જેનો કલાચાર્ય, તે નરકે જાય ?' ખરેખર, આ સંસાર અસાર છે. માતા, પિતા, વડિલ, બંધુ, કલાચાર્ય,–એ બધા આવા વિચારના જોઇએ. જેણે જેણે ગુરૂ બનવું હોય, તેના આ વિચાર જોઈએ. અરે, નોકર પણ સ્વામી માટે એજ વિચારે. પુણ્યબુદ્ધિ મંત્રી પોતાના રાજા માટે શું વિચારે છે ? 'પગાર ખાઇને રાજ્યની કાર્યવાહી તો સૌ કરે, પણ પ્રભુના શાસનને પામેલ મારા જેવો સેવક છતાં મારો સ્વામી ઉન્માર્ગ–ગમનથી દુર્ગતિએ જાય તો મને કલંક : યેન કેન ધર્મ પમાડવો જોઇએ.'

શેઠની ભાવના એ જોઇએ કે-'મારો નોકર પણ કેમ ધર્મ પામે! દેવ, ગુરૂ, ધર્મને કેમ સેવે!!' નોકરની ભાવના પણ એ જોઇએ કે-'મારો માલીક ધર્મરસિક થઇને ધર્મને આરાધે.' નોકરે એવી કાળજી રાખવી જોઇએ. આજ તો નોકર કહે છે કે-'પચાસ રૂપીઆ લઇશ.' શેઠ કહે છે કે-'મજુરી કર.' કામ ન હોય તો પણ હેરાન કર્યા કરે: શેઠનું બગડે તેમાં નોકરના બાપનું કાંઇ ન જાય, એ આજની ભાવના. ધર્મ જવાથી બધું ગયું. 'દેરે-ઉપાશ્રયે નહિ જનાર, વ્યાખ્યાન નહિ સાંભળનાર, એવા નોકર મળે તો ચૌદ કલાક કામ કરે,' -એવી ઇચ્છાથી નોકર ગોતશો તો ભીખ મગાવશે. આગળ તો નોકરની પરીક્ષા થતી હતી. પૂછાતું હતું કે-'તું કોણ છે? કયા દેવને માને છે? તારા દેવ-ગુરૂ-ધર્મને બરાબર માને છે ને?' પેલો કહે કે-'દેવબેવને નથી માનતો'-તો તરત કહેતા કે-'ઘેર જા! જે દેવને નથી માનતો તે મને શું માનવાનો?' એ આદમી કપાલે કાળું તિલક કયારે કરે તે કેમ સમજાય? શ્રાવકને ત્યાં આવેલા ઇતર નોકરો, શ્રાવકના આચારવાળા બની જાય. અહીં તો સારૂં દેખાય ત્યાં શિર ઝૂકે: ખોટું દેખીએ ત્યાં અક્કડ રહીએ: કોઇ અભિમાની કહે એની દરકાર નહિ. સારાના સેવક અને ખોટાને ખસેડવાનું. તાકાત ન હોય તો પોતે એનાથી આઘા રહેવું. 'આ તો સારૂંયે ઠીક ને ખોટુંએ ઠીક!'-'અહીં પણ હું ને તહીં પણ હું:'-'સારૂંએ મારૂં ને ખોટુંએ મારૂં!'-'સ્યાદ્વાદના નામે એવા લોચા ન વળાય. સારૂં તે મારૂં ને ખોટું તે મારૂં નહિ: સારૂં ત્યાં હું ને ખોટું ત્યાં હું નહિ, એ ગોખજો.

(**લાલન૦** ખોટાની તો ઉપેક્ષા.)

ઉપેક્ષા ક્યારે? ખોટાને સારૂં બનાવવાની–સુધારવાની તાકાત ન હોય ત્યારે! તાકાત હોય તો પ્રયત્ન કરવાનો. શક્તિ કારગત ન લાગે ત્યાં ઉપેક્ષા ખરી. મૈત્રી ભાવનાનો અર્થ એ કે–'પ્રાણી માત્રનું ભલું કરવું: સ્નેહી સ્વજનનું જ નહિ, દુશ્મનનું પણ!' સદ્‌ગુણ–સદ્‌ભાવના દેખાય ત્યાં પ્રમોદ: પ્રશંસા નહિ પણ પ્રમાદ. પ્રશંસા ક્યારે? ગુણ પરિણામે સારો હોય તો! ગુણ ન હોય ત્યાં કરૂણા.

(**લાલન૦** પરદુઃખવિનાશિની કરૂણા.)

ગુણાભાવ તે પણ દુઃખ છે. કરૂણા બે જાતની: ૧. દ્રવ્ય કરૂણા અને ૨. ભાવ કરૂણા. દુ:ખીનાં દુઃખ દૂર કરવાની ભાવના તે દ્રવ્ય કરૂણા અને ધર્મહીન પ્રત્યે–ઉન્માર્ગે ચાલનાર પ્રત્યે–વિષયકષાયના માર્ગે અથવા તો પાપના માર્ગે ચાલનાર પ્રત્યે–દયા તે ભાવ કરૂણા. એને સુધારવા માટે જે શબ્દ કહેવાય તે કહેવા છતાં–પ્રયત્ન કરવા છતાં, અસર ન થાય ત્યારે ઉપેક્ષા: પણ પ્રથમથીજ નહિ. માતાપિતાદિ ગુરૂજન ખરા, પણ ગમે તેવા તોયે થોડા ઘણા સ્વાર્થમાં બેઠેલા: ભલું કરે તે પણ મર્યાદામાં: માબાપ છોકરાનું સારૂં ઇચ્છે, પણ ત્યાંએ એ ભાવના તો ખરી કે—'એ પણ અમને પાળતો રહે.'–આવું જોતા રહીને માબાપ ભલું કરે: માબાપ વિગેરે સારૂં બતાવે બધું, પણ તે મર્યાદામાં. અપવાદ બધે હોય: નિ:સ્પૃહ માબાપ પણ હોય: પણ તે કેટલા? આંગળીને વેઢ આવે એટલા!

(**લાલન**—જે પાળે તે પિતાને!)

હા ! પણ આત્માને પાળે તે કે માત્ર શરીરને પાળે તે ? કયા પિતાએ પુત્રના આત્મપાલનની ચિંતા કરી ?

(**લાલન**—કૃષ્ણજી જેવાએ.)

બરાબર ! આખરે દાખલો કયો લેવો પડયો ? તમારે પણ અહીંજ આવવું પડયું. આજનું બાળક પણ સ્વાર્થ સુધીજ—'બાપાજી—માજી' કરે. બાપાજી રમણી લાવી આપે, ઠીકઠાક થાય, પછી બાપાજી જરા કહે તો કહી દે કે—'બાપાજી ! બહુ થયું, હવે બહુ બોલશો તો અલગ રહીશ. અત્યાર સુધી મારો સ્વાર્થ તમારામાં હતો. હવે હું જોઉં છું કે, મારો સ્વાર્થ ત્યાં વધુ છે.' આ સ્થિતિ પણ પ્રાયઃ માબાપજ શીખવે છે. નાનપણમાં નીશાળે જાય ત્યારે ગજવામાં ખાવાનું આપે ત્યારે કહે કે—'ખાનગીમાં ખાજે અને પારકામાં ભાગ પડાવજે.' આથી 'મારૂં મારા બાપનું અને તારૂંમારૂં સહીયારૂં.'—એ કહેતી છે. પછી એ મોટો થાય ત્યારે બાપાજીને પણ એ એમજ કહે કે—'મારામાંથી શાનો આપું ? તમારામાં મારૂં લાગે વળગે, બાકી હું ન આપું.' સંસ્કાર, કેળવણી, અભ્યાસ, એવા અપાયા એનું એ પરિણામ. પ્રથમથીજ કહેવામાં આવ્યું હોત કે—'આ બધું અનિત્ય છે અને—'એના મમત્વમાં પડનારા રીબાય છે'—વિગેરે સંસ્કાર પાડયા હોત, તો એ બાળક ભીખ માગીને પણ સેવા કરત. આ તો માને પણ કહી દે કે—'માજી ! તમે ઘરડાં થયાં, પણ તમને કહી દઉં છું કે—'તમારે એને (બઇરીને) કંઈ કહેવું–કરવું નહિ.' મા કહે—' મૂર્ખા ! જન્મ મેં આપ્યો : ભીનામાંથી સૂકામાં સૂવાડનારી હું : તારી ખાતર કેટલીએ

ચીજોનો ત્યાગ મેં કર્યો : ઉછેર્યો મેં અને આ બાલે છે શું ?' બાળક કહે–' બહુ થયું, એ લવરી રહેવા દો, છાનાંમાનાં બેસી રહો !' ઓઘાની વાત તો દૂર રહી, પણ સંસારને પણ સુખી બનાવવો હોય તો પણ, પ્રભુના માર્ગને સમજો અને જીવનમાં ભવનિર્વેદ આદિ ભાવોને ઉતારો !

નિશ્ચાની આવશ્યકતા—

ટીકાકારમહર્ષિ શ્રી શિલાંકસૂરિજી મહારાજા, મંગલાચરણ કરતાં ફરમાવી ગયા કે–'આ તીર્થ જયવંતુ વર્તે છે : કારણ કે–એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી અને એકેય સુંદર વિચારનો ઇન્કાર નથી : એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ એવી રીતિએ સિદ્ધ થયા છે કે–એનું હૃદયપૂર્વક સેવન કરનાર આત્મા કર્મમલથી શુદ્ધ બની મુક્તિપદને મેળવેજ : માટેજ એ શાશ્વત્ છે–કોઇ કાલે વસ્તુરૂપે એનો અંત થવાનો નથી : દુનિયામાં એની સામે ટકી શકે તેવી કોઇ વસ્તુ નથી, માટે જ સઘળા શ્રી તીર્થંકરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાએલું આ તીર્થ છે.' ભગવાન્ શ્રી મહાવીરદેવે આ આચાર શાસ્ત્ર–આ આચારો, જગત્ના કલ્યાણ માટે કહ્યા છે. એ આચારો જીવનમાં ઉતારવા, એ સ્હેલું કામ નથી. તે માટે એકવાર શુદ્ધ ભાવના, ભાવનાની મજબૂતાઇ અને ધ્યેયની નિશ્ચલતા તો થવી જ જોઇએ. એટલા માટે જ પ્રાર્થનાસૂત્ર (જયવીયરાય)ની વિચારણા ચાલે છે. રોજ ને રોજ વીતરાગદેવ પાસે જે વસ્તુની માગણી કરીએ તે વસ્તુ અને તે વસ્તુની પ્રાપ્તિની ભાવના, એ રોમેરોમ કેમ ન પરિણમવી જોઇએ ? ભસવું અને લોટ ફાકવો એ બે ન બને : એ તો મ્હોંમાં આવે અને ઉડી જાય : પણ ઉપભોગમાં ન આવે. બોલવું કાંઈ, હૃદયમાં કાંઇ, વર્તવું કાંઇ–એ કેમ બને ? એ સંભવિત છે કે–શક્તિના અભાવે વર્તનમાં ફેર પડે, પણ વિચાર અને

ઉચ્ચારમાં કેમ ફેર પડે ? કદી કોઇ મૃષાભાષણ કરે, પણ–'મૃષા બોલવું સારૂં '–એમ કહે અને–'મૃષા બોલવું જોઇએ'–એમ માને એ કેમ ચાલે ? એક માણસ પાપ કરે, છતાં પાપને પાપ કહે તેને પહોંચાય : એનામાં સુધારો થવાનો સંભવ પણ ખરો : પણ જે પાપ કરે અને પાપને પાપજ ન કહે, એને તો સુધરવાની કોઇ બારી જ નથી. પાપ કરે તે જૂદી વસ્તુ છે, પણ એને પાપ માને તો એને સુધારી શકાય છે : સંયોગ મળે તો એમાં સુધારો થવાનો સંભવ છે : પણ પાપ કરે, ખોટું કરે, છતાં એને પાપ કે ખોટું માને નહિ, કહે નહિ અને બીજાનું સાંભળે પણ નહિ એનું શું થાય ? તમારા અને અમારા વર્તનમાં ભેદ પડે : અરે, તમારામાંએ પરસ્પર એક બીજાના વર્તનમાં ભેદ પડે : પણ આપણા બધાયનાં–ભાવના, સાધ્ય અને ધ્યેય તો એકજ : એમાં ભેદ પડે એ ન ચાલે : ભેદ પડે તો તો દિશા જ પલટાઇ જાય. જો ધ્યેય એક હશે તો વસ્તુ, આજે–કાલે–વરસે અરે ભવાંતરે પણ પમાશે. વસ્તુ પ્રત્યે સદ્દ્ભાવ તો જોઇએને ! જે વસ્તુ રોજ માગો છો, તેનો તો જાપ કરવો જોઇએ. પ્રભુ પાસે જે બોલો છો, તે હૃદયથી કે માત્ર મ્હોંથી ? અહીં હાજી–હાજી કરો એમાં કાંઇ વળે નહિ. પરિણામ લાવવું હોય તો તો ધર્મને સર્વસ્વ સમજવું જોઇએ. એ નક્કી કરવું પડશે કે–'આત્માના ઉદ્ધાર માટે, સ્વપરના કલ્યાણ માટે, ધર્મ શિવાય બીજો એક પણ આધાર નથી–ઉપાય નથી–શરણ નથી. એ સંસ્કાર ઘરમાં, બજારમાં બધે ફેલાવવા પડશે અને એ સંસ્કારમાં પોતાના આત્માને સ્થિર

કરવો પડશે. બે કલાક સારા અને બાવીશ કલાક પાછા હતા એને એ,–તો પરિણામ શું ? સ્થિતિ એવી યોજો કે–જ્યાં જાઓ ત્યાં એ સંસ્કાર જ દેખો : એનાજ ભણકાર ! તો તો વસ્તુ પામવા વખત આવે. માટે પ્રથમ પ્રાર્થનાસૂત્ર (જયવીયરાય) લીધું. તેમાં પહેલી માગણી–'ભવનિર્વેદ'ની કરી. એના વિના માર્ગાનુસારિતા આવે નહિ અને માર્ગાનુસારિ બનવા અસદ્ગ્રહનો વિજય કરવો પડે. અજ્ઞાની તથા અલ્પ જ્ઞાની હોવા છતાં, જે પોતાની બુદ્ધિ પર આગ્રહ કરે તે અસદ્ગ્રહ કહો, કદાગ્રહ કહો કે દુરાગ્રહ કહો, એ બધું એકજ ! અજ્ઞાની તથા અલ્પજ્ઞાનીએ પોતાની બુદ્ધિ પર બહુ વજન ન મૂકવું જોઇએ. બુદ્ધિનો ઉપયોગ સત્યને સમજવા કરવો. પોતાની બુદ્ધિમાં આવે એજ ખરૂં, એ આગ્રહથી તો સ્વયં મરે અને બીજાને મારી નાખે. શાસ્ત્રનો–સત્યનો, જેટલો બુદ્ધિથી થઈ શકે તેટલો સ્વીકાર કરે અને જ્યાં બુદ્ધિ સ્વીકાર કરવા અસમર્થ બને, ત્યાં સત્યપ્રેમીએ માનવું જોઇએ કે–બુદ્ધિ અલ્પ છે અને શાસ્ત્ર તો ગહન છે,–માટે સમજાતું નથી.

(**લાલન**—ત્યાં નિશ્રા આવે. નિશ્રાની જરૂર.)

અહીંજ વાંધો છે. નિશ્રાની અવગણના છે અને તે પણ કેવળ ધર્મમાર્ગમાંજ ! વ્યવહારમાર્ગમાં તો નહિ !! ત્યાં તો સમજે છે કે–'યોગ્ય રીતે ન વર્તાય તો પૂરૂં થવું મુશ્કેલ :' વ્યવહારમાર્ગમાં તો બધાની સલાહ લે. કોઈ કાયદાની બારીકીમાં આવી ગયો, તો તરત વકીલ પાસે જાય : કહે કે:–'મરી ગયો, સલાહ આપો !'–વકીલ માગે તે પૈસા આપે.

શરીર નરમ થાય કે-ઝટ વૈદ્ય કે ડૉકટર પાસે જાય. વ્યાપારની આફતમાં ઝટ કુશલ વ્યાપારી પાસે દોડી જાય. આ બધી નિશ્રા છે ને ? ત્યાં નિશ્રામાં વાંધો નથી. વ્યવહારમાં હજીએ નિશ્રા જીવતી જાગતી છે અને રહેવાની પણ ! પરન્તુ એક ધર્મમાર્ગમાંજ આજના પોતાની જાતને સ્વતંત્ર ગણાવતા લોકોને, જ્ઞાનીપુરૂષોની નિશ્રામાં રહેવું પાલવતું નથી : પણ જ્યાં સુધી સ્વયં જ્ઞાતા ન બની શકાય, ત્યાં સુધી નિશ્રા તો અંગિકાર કરવીજ પડે. વ્યવહારમાં બધે નિશ્રા કબુલ રખાય છે. નિશ્રા વિના નાનાથી મોટા થવાય જ નહિ : નિશ્રા હોય તોજ નાનાથો મોટા થવાય અને મોટામાંથી માનવંતા થવાય : અને નિશ્રાથી જ સુખપૂર્વક જીવી શકાય. અહિંસાની વાતો કરે, પણ 'જીવ શું ?-જીવનું સ્વરૂપ કેવું ?-જીવની દશા કયી ?-જીવની હિંસાથી થાય શું ?' તેમજ 'ભાવ પ્રાણ કયા ?-દ્રવ્ય પ્રાણ કયા ? આત્માનો ઉદય અને અસ્ત શું ?-અને કયારે થાય ?'-આ બધું પૂછો તો કહે કે-'જાણુતો નથી :'-'તો ભાઈ ! અહિંસાની વાત શાની કરે છે ?' આ સ્થિતિમાં અહિંસાની વાત આવે કયી રીતે ? સંયમની વાત કરે પણ પૂછો કે-'સંયમ કોને કહેવાય ?-અસંયમ કેટલા પ્રકારનો ? મને રૂચે તે કરૂં, હું ધારૂં તે કરૂં, આમાં અસંયમ ખરો કે નહિ ?'-આ પ્રશ્નો પૈકીના એક પણ પ્રશ્નનો સીધો ઉત્તર નહિ આપે. સંયમની વાત કરનારને અસંયમ અને અસંયમના હેતુઓ જાણવા તો જોઇએજ ને ? નાના માર્ગેથી ઘેર જનારે, કયાં ખાડા, કયાં ટેકરા, કયાં ભય,-એ જાણવું તો જોઇએને ? અહિંસા, સંયમ અને તપ, એ એવી વસ્તુ છે કે-એમાં કદી પોતાનીજ બુદ્ધિ મુજબ ચલાય નહિ. અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મની આરાધના

માટે તો ઉત્તમ જ્ઞાનીપુરૂષોની નિશ્રા અંગિકાર કરવી જ જોઈએ. મોક્ષમાર્ગની આરાધના માટે જ્ઞાનીપુરૂષોની નિશ્રાનો સ્વીકાર થાય, તો પરિણામ બધું સીધું આવે. અજ્ઞાની કે અલ્પજ્ઞાની આત્માએ પોતાની બુદ્ધિ પર મદાર બાંધવો ન જોઇએ. જો તે પોતાની જ બુદ્ધિ ઉપર મદાર બાંધે તો જરૂર પડ્યા વિના રહે નહિ. જૈનશાસન કહે છે કે–શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું તે પ્રમાણ માનવું. અશક્તિ હોય તો કરનારને હાથ જોડો, તાકાત આવશે ત્યારે અમે પણ કરીશું, એમ કહો: 'ભલે અમે થાય એટલું કરીયે, પણ સાચું તો તેજ કે–જે શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું છે: એમાં અમારી બુદ્ધિ તથા ડહાપણ નકામું–' એમ કહો. જ્યાં સુધી અસદ્ગ્રહ ન જાય ત્યાં સુધી માર્ગાનુસારિતા ન આવે. જ્યાં શીખામણ સાંભળવાની યોગ્યતા જ ન હોય, ત્યાં પરિણામ શું આવે? અહીં કાંઈ બુદ્ધિનો ઇન્કાર નથી. 'બુદ્ધિ હોવી જ ન જોઇએ, બુદ્ધિનો ઉપયોગ કરવો જ નહિ, બુદ્ધિની ખીલવટ જ ન કરવી'–એમ કહેવાનું નથી. બુદ્ધિની તો બહુજ જરૂર છે. ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે–' ધર્મ એ ધર્માર્થિ આત્માઓએ સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક વિચારવા યોગ્ય છે.' અને છે પણ તેમજ. 'સાધ્યની સિદ્ધિ માટે સાધનનું આલંબન લેવું.' –એમાં કોઇનો જ ઇન્કાર ન હોય: પણ બુદ્ધિ ઉપર મદાર બાંધી જ્ઞાનીપુરૂષોની નિશ્રાની અવગણના કરવી, એ કોઈ પણ રીતિએ હિતકર નથી. જૈન શાસ્ત્ર તો કહે છે કે–'વિચાર પણ અધુરાનેજ કરવા પડે છે. જ્યાં સુધી વિચાર કરવા પડે ત્યાં સુધી અધુરા: માટે અધુરાએ જરૂર જ્ઞાની પુરૂષોની નિશ્રામાં રહેવું જ જોઇએ.'

જીવલોકમાં સારભૂત શું ?

પ્રથમ ભવનો નિર્વેદ: તે પછી અસદ્ગ્રહના વિજયપૂર્વક તત્ત્વાનુસારિતા અને પછી ઈષ્ટ ફલની સિદ્ધિ : આ માટે વિરૂદ્ધ કાર્યોનો ત્યાગ અને ગુરૂજનોની ઉચિત પ્રતિપત્તિ: આ બધું આપણે વિસ્તારથી વિચારી ગયા. હવે જગત્‌માં મનાતી ઉત્તમ વસ્તુની માગણી માટે પરમોપકારી પરમર્ષિયો ફરમાવે છે કે:-

"परत्थकरणं च"

*

"परार्थकरणं—सत्त्वार्थकरणं, जीवलोकसारं पौरुषचिह्नमेतत् ।"

*

'પ્રાણી માત્રનું ભલું કરવું, એ આ જીવલોકમાં **સારભૂત** છે અને એ પુરૂષાર્થનું ચિન્હ છે.'

*

ખરેખર, પરાર્થ એ જીવલોકમાં સારભૂત છે : પુરૂષાર્થ પણ ત્યારેજ દીપે છે! સ્વાર્થ એ વિશ્વમાં ભારભૂત છે, ત્યારે પરમાર્થ એ સારભૂત વસ્તુ છે. શાસ્ત્રકાર મહર્ષિ કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા-' ભવનિર્વેદ, માર્ગાનુસારિતા, ઈષ્ટફલસિદ્ધિ, લોકવિરૂદ્ધત્યાગ, ગુરૂજનપૂજા અને પરાર્થકરણ '-ને લૌકિક સૌન્દર્ય તરીકે ઓળખાવે છે; અને તે પછી તે આત્માને લોકોત્તર ધર્મના અધિકારી તરીકે બતાવે છે. વાત પણ ખરી છે કે-'ભવનિર્વેદ આદિ આવ્યા પછીજ શુભ ગુરૂનો યોગ ફળે છે.' માટે જ પ્રાર્થના સૂત્રમાં ઉપરની વસ્તુઓને પ્રાર્થ્યા પછી શુભ ગુરૂના યોગની પ્રાર્થના કરવામાં આવે છે

અને સાથે–'શુભ ગુરૂના વચનની સેવા, સંસાર રહે ત્યાં સુધી અખંડિત રહે'–એવી પણ પ્રાર્થના કરવામાં આવે છે.

શુભ શબ્દનું રહસ્ય.

ઉપરની વસ્તુઓ પામ્યા પછી તેના ટકાવનો આધાર અને તેની સફળતાનો આધાર–શુભ ગુરૂના યોગ ઉપર છે. શુભ ગુરૂજ ઉપરની વસ્તુઓને ટકાવવાનું અને ફલદ્રુપ કરવાનું સામર્થ્ય ધરાવે છે, એમાં બે મત નજ હોઇ શકે. શુભ ગુરૂ વિના ભવના નિર્વેદને અને માર્ગાનુસારિતા આદિ સદ્-ગુણોને બીજું કોણ ટકાવી શકે ? કોઈજ નહિ ! આથી ગુરૂની બાબતમાં ઘણાજ સાવધ રહેવું ઘટે. શુભ ગુરૂના યોગમાં જરા પણ ભેદ ન થવો જોઇએ : એમાં ભેદ થાય તો પરિણામ શું ? સ્ટીમર કાણી થાય તો બંદર આવે કે તળીયું ? ગુરૂ કહ્યાથી બધું આવી જતું હતું, તો શુભ ગુરૂ કેમ લખ્યું ? કારણકે–જેટલી સારી ચીજ તેની નકલ નીકળે છે. અસલની નકલ હોયજ. સાચા સીક્કાના પ્રચારની સાથે નિયમા ખોટા સિક્કાનો પ્રચાર પણ હોય છેજ. સારાપણું ને ખોટાપણું સાથે ને સાથે જ છે : માટે 'સુ'–'શુભ'–'શુદ્ધ' વિગેરે વિગેરે શબ્દો ઉપર ઉપકારી પુરૂષો ભાર મૂકયા વિના રહેતા જ નથી. બુદ્ધિ પણ 'સુ' ને 'કુ' બંને હોય, પણ આપણે તો 'સુ' જોઇએ : તેમ ગુરૂ પણ 'સુ'જ જોઇએ. આથી જ 'सुहगुरुजोगो' અને 'तव्वयण सेवणा'નું વિવરણ કરતાં, પરમ ઉપકારી મહર્ષિ ફરમાવે છે કેઃ–

"शुभगुरुयोगो–विशिष्टचारित्रयुक्ताचार्यसम्बन्धः, तथा तद्वच-

नसेवा–सद्गुरुवचनसेवना, न जातु चिदयमहितमुपदिशति, आभव-मासंसारमखण्डा–सम्पूर्णा । ”

*

'શુભ ગુરૂનો યોગ–એટલે વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યનો સંબંધ તથા સદ્‌ગુરૂના વચનની સેવના, આ સંસાર પર્યંત અખંડિત એટલે સંપૂર્ણ હો !–કારણકે સદ્‌ગુરૂ કદી પણ અહિતનો ઉપદેશ કરે નહિ.'

*

વિશિષ્ટ ચારિત્રે કરીને સહિત ગુરૂનો યોગ જોઇએ : એવા ગુરૂનો યોગ થયા બાદ–' **तव्वयण–सेवणा–आभवमखंडा** ! '–' સદ્‌ગુરૂના વચનની સેવના અખંડપણે, આ ભવ પર્યંત એટલે આ જન્મ પર્યંત નહિ, પણ સંસારમાં જ્યાં સુધી રહું ત્યાં સુધી પણ ખરી !–'એક વખત ગુરૂમાં શુભપણાનો નિશ્ચય થઇ જાય, પછી એમના વચનમાં શંકા ન થવી જોઇએ : શુભપણું ચાલ્યું જાય તો આ માગણી ન થાય. સાચો સીક્કો ભલે રોજ તીજોરીમાં રહે, પણ એમાં ખોટો માલૂમ પડ્યો તો ડાહ્યો માણસ તે, કે જે એને ફેંકી દે. હજાર સીક્કામાં પાંચ ખોટા આવે તો લોભવશ થઈ સમજુ માણસ રાખે નહિ : નવસેં પંચાણું ભલે થાય, પણ ખોટા તો તુરત ફેંકી જ દેવાનો. કારણ કે–એ જાણે છે કે, પકડાયા તો બાર વાગી જાય. ખોટા સીક્કાઓની કિંમત ઉપજાવવાનો પ્રયત્ન સરખોય તે કરે નહિ : કારણ કે–કોઈ વખત કલંકિત થવામાં એ કારણભૂત છે. એવો લોભ ડાહ્યા વેપારીને ન હોય. 'શુભ ગુરૂના વચનની અખંડપણે સેવા આ ભવ પર્યંત હો !'–એના વચનની સેવામાં ગુમા-

વવાપણું છે નહિ: આત્માનો એકાંતે સુધારોજ છે. આ પ્રાર્થનામાં કાંઈ બાકી છે? આ મુજબ થઇ જાય તો–**'ભવનિવ્વેઓ'થી** માંડી, **'તવ્વયણસેવણા આભવ-મખંડા'**–સુધીની આ બધી માગણી જો બરાબર ભાવના રૂપે પણ સ્થિર થઇ જાય, તો પછી આત્મા ઘરમાં, ખાવા પીવામાં, મોજશોખમાં, રંગરાગમાં આનંદ ન પામે. માગણી વખતની વિધિ, મર્યાદા, કેવી સરસ છે? મર્યાદા, માગણી, મુદ્રા, બધુંજ સુંદર: કોઇ પૂછે કે–'માગણી બાદ તમારા વિચા-રમાં પરિવર્તન થયું? ભવની પ્રવૃત્તિ વધી કે ઘટી? પ્રા-ણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ–અરે અઢારે પાપસ્થાનકની પ્રવૃત્તિ વધતી જાય છે કે ઘટતી જાય છે? પરિગ્રહ મળતો નથી એ જૂદી વાત છે, પણ અંતરંગમાં વધે છે કે ઘટે છે? જીંદગી સુધી ન મળે પણ ભાવના કયી? મેળવવાની કે છોડવાની?'–આવા પ્રશ્નોના શો ઉત્તર હોય એ કદિ વિચારો છો? મળવું એ સંયોગાધીન છે–પુણ્યોદયા-ધીન છે અને જાય ત્યાં પાપોદય છે, પણ મનોવૃત્તિ શી જોઇએ? જાય અને આવે એ પુદ્ગલનો યોગ છે: એના-થીજ આત્મા સુખી કે દુ:ખી એમ કાંઇ જ નથી: ઢગલા-બંધ હોય તો સુખી અને ન હોય તો દુ:ખી, એમ પણ નથી: બહુ પરિગ્રહ હોય તે બહુ સુખી જ હોય, એમ કહી શકાય તેમ નથી! મમ્મણ શેઠ પાસે લક્ષ્મીનો પાર નહોતો અને પુણીયા શ્રાવક પાસે સાડા બાર દોકડાથી અધિક ન હતી: મમ્મણ શેઠ શ્રીમંતાઇમાં ઉંચી કોટિનો, જ્યારે પુણીયો શ્રાવક નિર્ધનોમાં ઉંચી કોટિનો: છતાં પણ એ પુણીયો

શ્રાવક ત્રિકાલ જિનપૂજન, ગુરૂભક્તિ, દાન અને કાયમ ધર્મક્રિયા કરતો : સામાયિક અખંડપણે કરતો : ત્યારે મમ્મણ શેઠ દિવસે પણ મજુરી, રાત્રે પણ મજુરી અને વર્ષાદની ઝડીયોમાં પાણીમાં પડી લાકડાં લાવતો: તેલ ને ચોળા ખાતો ! પરિણામે મમ્મણ સાતમીએ ગયો અને પુણીયા શ્રાવકની સારામાં સારી નામના આજ સુધી ચાલી આવે છે. આ વસ્તુ અહર્નિશ વિચારવા જેવી છે અને પ્રાર્થનાસૂત્રદ્વારા કરાતી માગણી જીવનમાં ઉતરી જાય, તેવા પ્રયત્નો પણ અવિરતપણે કરવાની ખાસ જરૂર છે: કારણ કે–આત્માનું વાસ્તવિક શ્રેય એમાંજ સમાયું છે.

કુવ્યસનોથી થઈ રહેલી ખરાબી—

શાસ્ત્રે મોક્ષ સાધ્ય માન્યું અને ધર્મને તેનું સાધન માન્યું : દુનિયાએ કામને સાધ્ય માન્યો અને અર્થને તેનું સાધન માન્યું : કામની જડ મોળી ન પડે, ત્યાં સુધી થાય શું ? કામ એટલે સ્પર્શેન્દ્રિયનો વિષયજ નહિ : પરંતુ પાંચે ઇંદ્રિયોના વિષયની લાલસા–એ કામ છે. એમાંએ રસના ભયંકર છે : એના યોગે બધીયે ઇંદ્રિયો બ્હેકી ઉઠે છે : ખાવાનો શોખ, એજ રસનાનો અર્થ કે બીજો ? એ શોખ એવો ભયંકર લાગ્યો છે કે–ભક્ષ્યાભક્ષ્યનો પણ વિચાર નહિ. કેટલાકને તો દ્વિદળની પણ ખબર નહિ હોય ! કેટલાક તો હજી પૂછે છે કે–'કંદમૂળ કયાં કયાં કહેવાય ?' ભક્ષ્યાભક્ષ્યનો વિચાર લગભગ નાશ પામ્યો છે. વિચારવાની ફુરસદ પણ હોય નહિ ત્યાં શું થાય ? જૈનશાસનની ભક્ષ્યાભક્ષ્યની વાત બહુ જૂદી છે. આજે તાજી લાવેલી ચીજના પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં

જો ફેરફાર થાય તો તે અભક્ષ્ય છે: જૈન શાસ્ત્ર એને અભક્ષ્યની કોટિમાં મૂકે છે. જૈનકુળમાં જન્મેલાની સ્થિતિ એ જાતિની હોવી જોઇએ કે, બહાર કે ઘેર–કોઈ પણ સ્થળે, અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ ન કરે અને ભક્ષ્ય વસ્તુના ભક્ષણમાં પણ નિયમિત બને. આજે હૉટેલો કે જ્યાં આ જાતિનો ભક્ષ્યાભક્ષ્યનો વિચાર નથી, ત્યાં ખાવું એ ભક્ષ્ય કે અભક્ષ્ય? એથી શરીરની મજબૂતી વધતી જાય છે એમ? નહિ જ. પણ એક જાતનો આત્મનાશક શોખ વળગ્યો છે. વારૂ, મનુષ્યે ખાવું કેટલી વાર જોઇએ? કેટલા કલાક ખાવું જોઇએ? રાત્રે, દહાડે, સવારે, બપોરે,–બસ ચાલુ જ એમ? ઉંઘવાના સમય શિવાય ઘણાનું મ્હોંઢું ભાગ્યે જ બંધ રહેતું હોય: રહે એ અપવાદ: ઘણા એટલે બધા ન સમજતા. જેનું મ્હોંઢું આખો દિવસ ચાલે તે કયી કોટિનો? પૂર્વે પણ મુખવાસ ખાતા હતા, પણ તે જમે ત્યાં જ અગર દીવાનખાનામાં! પણ ત્યાંથી નિપટાવીને જ ઉઠે: પછી આખો દિવસ નહિ. મુખવાસ મુખશુદ્ધિ માટે છે, મુખમાં ગંદવાડ કરવા માટે નથી. 'ખાતાં ખાતાં બોલવાથી તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે'–એમ શાસ્ત્ર કહે છે. હવે મ્હોંઢું ચાલુ રાખનારાની દશા કયી? આ વાત હું કરૂં એટલે ઝટ કહે કે–"આ જમાનામાં ચાલે?" ભાઈ! ત્યારે આવી વાત કયા જમાનામાં ચાલે? બોલવું એ શબ્દ છે: શબ્દ એ જ્ઞાનનું કારણ છે: માટે અશુદ્ધ મુખે ન બોલાય. પણ મ્હોંઢું બંધ રહે તો એ નિયમ પળેને? આજની દશા એ છે કે–જ્યાં જાય ત્યાં, મોઢું ખાલી થયું કે જે સાધન મળ્યું તે લઇને મ્હોંમાં નાંખ્યું. એક–એક આદમી દશ–દશથી

માંડી પ્રાયઃ પચાસ–પચાસની સંખ્યા સુધીનાં પાન ખાય ! મને એ થાય છે કે–'એ ખવાતાં શી રીતે હશે? મુંઝવણ પણ ન થાય ? આ સ્થિતિથી એટલે કે યથેચ્છ ભક્ષણથી બુદ્ધિ બગડી. તમે કહો છો કે–'રોગ વધ્યા, બુદ્ધિ બગડી :'–પણ એમ ન થાય તો થાય શું ? આંખો મીંચીને જે હોય તે ખાય, એની બુદ્ધિનો સદુપયોગ થાય શી રીતે ? જે પેટમાં કચરો ભરવાનું જ કામ ચાલુ રાખે, એ વિચારે કયા વખતે ? આ બધી ચીજો આત્માને પાગલ બનાવે છે. આથી તો વિષયવાસના બળવત્તર બને છે. આંખ અને કાન વિગેરે એવાં બને છે કે–ન જોવાનું જૂએ, ન સાંભળવાનું સાંભળે, ન બોલવાનું બોલે : કશો ખ્યાલ જ ન રહે. આ દશામાં અખંડપણે સદ્‌ગુરૂના વચનની સેવના રહે ક્યાંથી ? એ તો અખંડા ન રહે પણ ઉલ્ટી ખંડંખંડા થઇ જાય. આ સ્થિતિ સુધર્યા વિના સુધારો શી રીતે થાય ? 'આહાર તેવો ઓડકાર'–આવે એમાં આશ્ચર્ય શું છે ? આથી તો અનીતિ પણ વધી. પચીસ–પચાસના પગારમાં પાંચ–દશ ચાહના પ્યાલા, આખો દિવસ પાન, બીડી–હવે તો બીડી નહિ પણ સીગારેટ–જોઇએ, પછી પૂરૂં થાય શી રીતે ? પછી હાથ મારવાનું મન થાય, સટ્ટો પણ કરે ! આવે તો ઠીક–નહિ તો કોને દેવા છે ? આ બધું કોણે શીખવ્યું ? પેલી બધી કુટેવોએ અને ખરાબ વ્યસનોએ ! મર્યાદિત જીવન હોય તો આમ બને ? બે વાર ભોજન લેવાનું હોય–યોગ્ય ચીજનું ભોજન બે વાર કરાય, તો જીવનમાં ઘણો સુધારો થઇ જાય. સટ્ટો બહુ ભયંકર ચીજ છે, પણ કહેવાય નહિ કેમ ? બધા એને આધીન : સટ્ટા કરનારનાં

પરિણામ, ભાવના અને ધૂન કેવી? જરાએ શાંતિ છે? ચોવીસે કલાક તેજી–મંદીના વિચાર. કેટલા ટકા વધ્યા અને કેટલા ઘટયા? વધ કે ઘટ કેવી? ફેવરની કે અનફેવરની? સ્થિતિ પરાધીન: તાર આવે એના પર ભાવ. આ ભાવનાને લઇને આર્ત્તની સાથે રૌદ્ર ધ્યાન આવતાં પણ વાર નહિ. જોવામાં આવે છે કે–પંદર પંદર વર્ષના છોકરાઓ સટ્ટો કરે છે. કહે કે–'દાવ મૂકયો છે, પાંચ આવે કે દશ જાય.' આવે તો ઉડાવે અને જાય તો માથું ફેરવે. આખરનો ખ્યાલ નહિ. કામની સામગ્રી–વિષયની ભાવના વધી ગઈ. આ સ્થિતિમાં ભવનિર્વેદની ભાવના શી રીતે આવે? એ ભાવના ન આવે તો જૈન આત્માને ખરેખર મૂંઝવણ થવી જોઇએ અને તેનું રોજ દુ:ખ થવું જોઇએ. એ દુ:ખના શમન માટે શાંતિ અને સંતોષપૂર્વક ધર્મ બરાબર આરાધવોજ જોઈએ. આજે બીમારોને ડૉકટર પણ ગરમ પાણી પાય છે: શાસ્ત્ર તો પ્રથમથી જ કહે છે, પણ માનવું છે કોને? એક વાર ખાવું એને વૈદક પણ વખાણે છે. તમે કેટલીવાર ખાઓ છો? વિષયના અતિસંગથી ક્ષય થાય છે, એ તો આજના સુધરેલા ગણાતાઓને પણ કબુલ્યા વિના છૂટકો નથી. આ બધાં કુવ્યસનોમાં જે જે ફસાયા હોય, તેઓએ એકદમ એકી સાથે કાયમને માટે બંધ ન કરી શકાય, તો ચાર મહિના માટે અભ્યાસ તરીકે પણ તેનું સેવન બંધ કરવું જ જોઇએ. 'એકથી અધિક વખત અને અમુક ગણત્રી શિવાયની વસ્તુ નહિ ખાવી અને બ્રહ્મચર્યનું પાલન કરવું.'–આ રીતના નિયમનું પાલન કરવા સાથે યોગ્ય અંકુશ

નીચે રહેવામાં આવે, તો અયોગ્ય વ્યસનો આપોઆપ ઘટવા માંડે : એક વારથી ન નભે તો બેથી અધિકવાર નહિ અને તે પણ ઘેરજ ! જ્યાં–ત્યાં નહિ !! શ્રી જૈનશાસનનો કાયદો કેવો મજેનો છે ? મુઠસી પચ્ચખ્ખાણ કરે તો, દિવસે જ્યારે જ્યારે વાપરે એટલો સમય કલાક–બે કલાક ખૂલ્લા : બાકીનો સમય ભોજનથી વિરતિ : મરતાં પહેલાં ચારે આહારનો ત્યાગ કરવો જોઇએ, પણ આજે તો હાર્ટ ફેઇલનાં દરદ, તે ક્યારે ચાર આહાર તજે ? મુઠસી પચ્ચખ્ખાણ હોય તેને ઉભા ઉભા કે સુતા સુતા મરાય તો પણ ચિંતા શી ? જીવન એવું બનાવો, અભ્યાસી એવા બનો કે-જેથી મરણની ભીતિજ ન રહે. આ તો કહે છે કે–મરણ આવશે ત્યારે જોશું ! તે વખતે શું જોશો ? ચાર છ મહિના સુધી એવું જીવન ઘડો કે–ચાર છ મહિને ખબર પડે કે, ધર્મ એ એક અજબ વસ્તુ છે. જીવનપર અને ઇંદ્રિયોપર નિયંત્રણ મૂકી દો, પછી જૂઓ કે કેવું સુંદર થાય છે ! નક્કી કરો કે–બજારમાં તો ખવાયજ નહિ અને ઘરમાં પણ અભક્ષ્ય તો નહિજ : બીજે કદી ખાવાનો પ્રસંગ આવે તો ખાવાને અયોગ્ય એવી ચીજનું ભક્ષણ તો નજ કરવું. આ થાય તો વિષયવાસના, કામની તીવ્રતા આપોઆપ શમી જશે. રોગ શમાવવા આજે લાંઘણો કરાવવામાં આવે છે : તમારાથી મહિનાના ઉપવાસ ન થાય : અરે,–એક ઉપવાસ પણ ન થાય, તો જે થઈ શકે તેમ છે તે તપ તો કરો ! એકથી અધિક વાર ન ખાવું એ પણ તપ છે : બેથી અધિકવાર ન ખાવું એ પણ તપ છે : ત્રીજીવાર ન ખાવું, બહારની વસ્તુ નજ

ખાવી, વ્હાલામાં વ્હાલી વસ્તુનો ત્યાગ કરવો,–આ બધા તપના પ્રકાર છે. જેમ અગ્નિમાં તપાવવાથી સોનું શુદ્ધ થાય છે, તેમ આત્માને તપરૂપ અગ્નિમાં તપાવો, કે જેથી કર્મમળ બળી જશે અને આત્મા શુદ્ધ બનશે. ડાહ્યા વૈદો તો કહે કે–' ભાઇ! મારી દવા છે તો ઉત્તમ અને તારો રોગ પણ મેં પરખ્યો છે, પણ કુપથ્ય છોડાશે તો પછી રોગ મટશે. જો કુપથ્ય ન છોડવું હોય તો મહેરબાની કરી મારી દવા કરતો મા.' અહીં પણ આત્મશુદ્ધિ માટે શ્રી જિનેશ્વરદેવનો ધર્મ હૃદયમાં ઉતારવો હશે, આત્માને ધર્મમાં તન્મય બનાવવો હશે, તો આ બધાં વ્યસનો તો છોડવાંજ પડશે. અને કદાચ એકદમ છૂટી શકે તેમ ન હોય, તો તે છોડવા જેવાં છે–એમ માની તેને છોડવા માટે પ્રબળ પ્રયત્નો આદરવા પડશે. અયોગ્ય ખાનપાનથી આત્મા વિકૃત બને છે અને પરિણામે અગમ્યગમન પણ વધતું જાય છે અને એમાંથી જ આજના બધા વિષમ વિચારો પેદા થાય છે, એ આજે સ્પષ્ટપણે દેખાઇ રહ્યું છે. અખંડ બ્રહ્મચર્યની ઉપાસના કરવાની જ એક કામનાવાળા જૈન કુલમાં, પરનારી–સહોદરતા તો અવશ્ય હોવીજ જોઇએ, એમાં શંકા જ શી? પરસ્ત્રીનું વ્યસન તો જૈનકુળમાં હોવું જ ન ઘટે. જૈનકુળને એ તો મોટું કલંક લગાડનાર છે. આજે દૃષ્ટિ ઉપર અંકુશ નથી. નાટક, ચેટક, સીનેમા વિગેરેનો ચડસ જબરો છે. એ પણ વિકૃત ભાવનાનું એક મોટું કારણ છે. નાટકને કોઇ વૈરાગ્યનું કારણ કહેતું હોય તો તે ભ્રમણા છે: એમાં બહુલતયા વિષય–વાસનાને પોષનારી સામગ્રી છે. ચાર કલાકમાં કદી ચાર મીનીટ વૈરાગ્યનું લટકું હોય એની અસર શી? વીત-

રાગ–વીતરાગની મૂર્તિ વૈરાગ્ય ન કરે અને નાટકીયો વૈરાગ્ય કરે એમ? વૈરાગ્ય લાવવો હોય તો વીતરાગને જૂઓ! એ વીતરાગની મૂર્તિને બરાબર નિહાળો!! સાધુઓને, ત્યાગીઓને, સંયમને, સંયમનાં ઉપકરણોને ધારી–ધારીને જૂઓ!!! એવી વસ્તુઓ દૃષ્ટિ સન્મુખ રાખો કે–જે જોવાથી દૃષ્ટિ સુધરે. દૃષ્ટિ ન સુધરે ત્યાં સુધી સુંદર વસ્તુ પમાય નહિ. ઘણા કાળની ટેવ છે તે જો એકદમ ન જાય તો ધીમે ધીમે છોડો. કહેવા ખાતર પણ આ ચાર–છ મહિના કરી તો જૂઓ, પછી ઘણું જ મજેનું લાગશે. શીલવંત આત્માઓની સ્તુતિને તો આવશ્યક ક્રિયામાં પણ સ્થાન છે. સવારના પ્રતિક્રમણમાં સતા અને સતીઓનાં નામ લેવાય છે. જ્યાં પુણ્યાત્માનાં સ્મરણ જાગતાં હોય, ત્યાં આત્મા જરૂર પાપવાસનાથી પાછો હઠે. ભરહેસરની સજ્ઝાય બોલો અને વિષયવાસના રહે? એ બોલનાર પરસ્ત્રી પુંઠે ભટકે? પછી તીથિ, પર્વ, દિન કે રાત કાંઈ પણ ન જૂએ એ કેમ બને? જૈનકુળમાં જન્મેલાને એ વસ્તુ ન શોભે! જૈન જાતિમાં નાનો પણ દોષ હોય તો અમને બહુ ખટકે. જે જૈનોમાં વનસ્પતિના ભક્ષણમાં પણ વિવેક હોય, તીથિ આદિએ વનસ્પતિનો પણ ત્યાગ હોય, કંદમૂળાદિને તો ખવાય જ નહિ, ત્યાં ખરાબ બદી ઘુસતી હોય તો કહેવી જ પડે: ન કહેવાય તો નીકળે કેમ? ભયંકર પરિણામવાળી વસ્તુને દૂર કરાવવા ઉગ્રતાથી પણ કહેવું પડે. આનંદપૂર્વક કરેલા અભક્ષ્યના ભક્ષણથી અને અપેયના પાનથી સારી એટલે ધર્મની બુદ્ધિનો નાશ થાય છે: નહિ તો વીતરાગનો પૂજારી અર્થકામનો આટલો લોલુપી હોય? એ કામ અને અર્થ પાછળ પાગલ બને? સુંદર આચાર ગયા એટલે વિચાર

ઉપર પણ ખરાબ અસર થઈ. નહિ તો જ્યાં છોડવાની જ વાત હોય, એવા વીતરાગના ભક્તને અર્થકામની ભાવના ભયંકર રીતે સતાવે ? જે વસ્તુની માગણી કરો છો, એને જીવનમાં ઉતારવા ચાર મહિના તો શુદ્ધ આચાર-વિચાર રાખો ! બ્રહ્મચર્યનું પાલન અને આરંભાદિ બંધ હોય તો જૂઓ, કયી અસર થાય છે ! શાસ્ત્ર તો કહે છે કે-'ચોમાસામાં વેપાર, રોજગાર, આરંભ, સમારંભ, બંધ કરી કેવલ ધર્મની સાધનામાં લીન રહેવું.'

× × ×

ભીમા શેઠનું દૃષ્ટાંત.

મંત્રીશ્વર ઉદાયનના પુત્ર વાગ્ભટ શ્રી શત્રુંજયના ઉદ્ધાર માટે, શ્રી શત્રુંજયની તલેટીમાં આવાસો સ્થાપીને સૈન્યની સાથે રહ્યા છે. પાટણના મંત્રીશ્વર-રાજા કુમારપાળના મંત્રીશ્વર, શત્રુંજયનો ઉદ્ધાર કરવા જાય-એ વાત કંઈ છૂપી રહે ? ગામોગામ સમાચાર પહોંચી ગયા. ચૈત્યના ઉદ્ધારની વાતને સાંભળીને ઘણા શેઠીયાઓ, પોતાની લક્ષ્મીના વ્યયથી પુણ્યમાં ભાગ લેવાની ઇચ્છાએ આવી પહોંચ્યા. મંત્રીશ્વર ટીપ કરવા નહોતા નીકળ્યા : પાટણના મંત્રીશ્વરને ટીપની જરૂર પણ નહોતી : પણ પુણ્યકાર્યમાં ફાળો આપવાના ઇરાદે ગામેગામના શ્રીમાનો પોતાની મેળે આવી પહોંચ્યા. આજની દશા વિચારો ! કોઇ સામાન્ય માણસ ઉત્તમ કાર્ય માટે ટીપ કરવા આવે તો કયી રીતનું વર્તન થાય છે ? કોઇ ટીપ લઇને આવે તો ખૂશી થવું જોઇએ. કોઇ ઠેકાણે ધર્મસ્થાન બંધાય છે, એની તમને ટીપના બ્હાને ખબર આપવા

આવનારને તો વધાવવો જોઇએ. એ આવે એમાં તમારી મહત્તા કે હાનિ ? શી ભાવના થાય છે તે આત્માને પૂછો અને શી કરવી જોઇએ તે નક્કી કરો ! મંત્રીશ્વર વાગ્ભટ ઉદ્ધાર માટે જાય છે, એ સાંભળીને અનેક શ્રીમાનો પોતાની લક્ષ્મીના સદ્‌વ્યયથી–પુણ્યકાર્યમાં ભાગ લેવાની લિપ્સાથી વગર આમંત્રણે આવી પહોંચ્યા. તેઓથી સેવાતા મંત્રીશ્વર પોતાના પટમંડપમાં સભા ભરીને બેઠા છે. આ વખતે 'ટીમાણુક' ગામમાં વસનાર 'ભીમ' નામના કુતપિક, કે જેની પાસે માત્ર છ દ્રમકની મુડી છે, તેણે કટકમાં ઘી વેચીને શુદ્ધ વ્યવહારદ્વારા એક રૂપીઓ અને એક દ્રમક પેદા કર્યો : એક રૂપીઓ અને સાત દ્રમકની મુડી-વાળા તે મહાનુભાવે, એક રૂપીઆનાં પુષ્પોથી મનના આનંદપૂર્વક શ્રી ઋષભદેવ ભગવાનની પૂજા કરી. અને પાછા આવેલા તેણે કટકની અંદર ભમતાં પટમંડપમાં આસન ઉપર બેઠેલા અને કોટીશ્વર વ્યવહારીઓથી સેવાતા મંત્રીશ્વર વાગ્ભટને જોયા. જોવાની અભિલાષાથી અંદર જવાની ઇચ્છા છતાં પણ તેને અંદર કોણ જવા દે ? દ્વારપાલો દ્વારા દૂર ધકેલાતા એવા પણ તેણે મંત્રીશ્વરને જોયા અને વિચારવા લાગ્યો કેઃ—

" अहो ! मर्त्यतया तौल्य—मस्य मेऽपि गुणैः पुनः ।
द्वयोरप्यन्तरं रत्नो—पलयोरिव हा महत् ॥ १ ॥

*

एतादृक्षं महातीर्थ—मप्युद्धर्तुमयं क्षमः ।
न कायमानमप्यस्मि, नवीकर्तुमहं सहः ॥ २ ॥"

*

'આશ્ચર્યની વાત છે કે–મનુષ્યપણાથી તો આમની અને મારી સમાનતા છે, પણ ખેદની વાત છે કે–ગુણોથી તો આ મહાપુરૂષની અને મારી વચ્ચે રત્ન અને પથ્થરની માફક મોટું અંતર છે: કારણ કે–આ મહાનુભાવ આવા પ્રકારના મહાતીર્થનો ઉદ્ધાર કરવા માટે સમર્થ છે અને હું મારી કાયા જેટલું પણ નવું તીર્થ કરવાને સમર્થ નથી.'

*

વિચારો! આ મહાનુભાવની ભાવના કેટલી ઉત્તમ છે? આજના શક્તિસંપન્નો આજે કયી ભાવનામાં રમે છે અને આ પુણ્યવાન કયી ભાવનામાં રમે છે, એ ખાસ વિચારવા જેવું છે. મહાન્ પુણ્યોદય વિના આવી દશામાં આવા વિચારો આવવા, એ ઘણુંજ મુશ્કેલ છે. આ દશા પ્રાપ્ત કરવામાં જ સાચું આત્મશ્રેય છે. ઉત્તમ વિચારોમાં મગ્ન થયેલા તે મહાનુભાવને દ્વારપાલોએ ગળેથી પકડીને દૂર કર્યો: એ મંત્રીશ્વરે જોયું અને બોલાવીને પૂછ્યું! તે મહાનુભાવે પોતાની સઘળી હકીકત કહી: એમાં તે મહાનુભાવે કરેલી શ્રી જિનપૂજાની હકીકતને સાંભળીને, મંત્રીશ્વરે આનંદમાં આવીને સર્વ સમક્ષ સ્તુતિ કરતાં કહ્યું કે:—

" धन्यस्त्वं निर्धनोऽप्येवं, यो जिनेन्द्रमपूजयः ।
धर्मबन्धुस्त्वमसि मे, ततः साधर्मिकत्वतः ॥ १ ॥"

*

'નિર્ધન એવા પણ જેણે આ પ્રમાણે શ્રી જિનેંદ્રદેવની પૂજા કરી તે તું સાધર્મિપણાથી ખરેખર મારો ધર્મબંધુ છે!'

*

આ પ્રમાણેની સ્તુતિ કરીને મંત્રીશ્વરે તે મહાનુભાવને બલાત્કારે પોતાના અર્ધાસન ઉપર બેસાર્યા. જ્યાં આ પ્રકારની સાધર્મિભક્તિ હોય અને આ પ્રકારનો સાધર્મિકપ્રેમ હોય, ત્યાં શું કમીના રહે? આ રીતના વ્યવહારથી એ ભીમા શેઠ પણ વિચારે છે કે:—

" अहो ! जिनधर्ममहिमा, जिनार्चनलीलायितं ।
यदहं दरिद्र—शिरोमणिरपि मानितः ॥ "

*

'અહો શ્રી જિનેશ્વરદેવના ધર્મનો મહિમા અને શ્રી જિનેશ્વરદેવની પૂજાનું કેવું લીલાયિત છે, કે જેથી દરિદ્રશિરોમણિ એવો પણ હું આ રીતનું માન પામ્યો.'

*

ધર્મિની ઉચિત પ્રતિપત્તિથી આત્મા કેવો ધર્મરસિક બને છે, એ સમજવા જેવું છે. કોઇ પણ ધર્માત્માને જોતાં ધર્મપ્રેમીનું હૃદય હર્ષિત બન્યા વિના રહેવુંજ ન જોઇએ. શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરનાર તરફ સન્માન ન ઉપજે, તો બીજા કોની તરફ ઉપજે? હવે આજ વખતે સાધર્મિઓ મંત્રીશ્વર શ્રી વાગ્ભટને કહે છે કે:-

" प्रभविष्णुस्त्वमेकोऽपि, तीर्थोद्धारेऽसि धीसख ! ।
बन्धूनिव तथाप्यस्मान्, पुण्येऽस्मिन् योक्तुमर्हसि ॥ १ ॥ "

*

'હે મંત્રીશ્વર! આપ એકલા પણ તીર્થોદ્ધારમાં સમર્થ છો, તો પણ બંધુઓ જેવા અમને આ પુણ્યકાર્યમાં જોડવાને યોગ્ય છો.'

*

આ પ્રમાણે કહીને તેઓ સોનૈયાના ઢગલાઓ દેવા લાગ્યા. કહો, કેવો ધર્મપ્રેમ ? કેવી ઉદારતા ?? અને કયી રીતભાત ??? પુણ્યકાર્યમાં પોતાની જાતે વિનંતિ કરીને આપવા જવું, એ ઓછી ઉદ્દારતા છે ? લક્ષ્મી ઉપરની મૂર્ચ્છા ઉતર્યા વિના આવી ઉદારતા આવવી–એ અશક્ય પ્રાયઃ છે. મંત્રીશ્વરે એ પુણ્યવાનોનાં નામો પણ વહીમાં લખવા માંડયાં. આ સમયે મહાનુભાવ ભીમ, કે જેની પાસે અત્યારે માત્ર સાત દ્રમકનીજ આખી મુડી છે, તે વિચારે છે કે–'જો મારા પણ આ સાત દ્રમો તીર્થોદ્ધારના પુણ્યકાર્યમાં લાગે, તો ખરેખર હું કૃતાર્થ થાઉં.' પણ આ વિચારનો અમલ કરતાં તેને ઘણોજ સંકોચ થાય છે: કારણ કે–કયાં સોનૈયાના ઢગલા અને કયાં સાત દ્રમક! દ્રમક, એ તે સમયમાં ચાલતું નાણું છે. સાતે સાત દ્રમકને સમર્પિ દેવાની ભાવના, એજ અજબ છે. વિચક્ષણ મંત્રીશ્વરે જોયું કે–'ભીમા શેઠ કંઇક આપવા ઇચ્છે છે, પણ અલ્પ હોવાથી આપી શકતા નથી :' એટલે તરતજ કહ્યું કે:–' હે સાધર્મિક! આપને પણ આ તીર્થના ઉદ્ધારમાં આપવાની ઇચ્છા હોય તો આપો, કારણ કે–આવો સમય એ મહાપુણ્યે મળી શકે છે.' આથી ખૂશ થયેલા તે પુણ્યશાલિએ પણ પોતાની પાસેના સાતે દ્રમકોને પણ આનંદપૂર્વક આપી દીધા. ઓચિત્યના જ્ઞાતા મંત્રીશ્વરે પણ સર્વની ઉપર ભીમા શેઠનું નામ લખાવ્યું. આ જોઇ સઘળા વ્યવહારીઓના મુખ ઉપર શ્યામતા છવાઇ ગઈ: અને તેથી મંત્રીશ્વરે એમને કહ્યું કે:—

" कस्मादेवं क्रियते ? अनेन गृहसर्वस्वं दत्तं, युष्माभिस्तु

शतांशमात्रमपि न। यदि सर्वस्वं दीयते, तदा भवतां सर्वोपरि नाम स्यात्, इति मन्त्रिवचसा मुदिता लज्जिताश्च।"

*

'કયા કારણથી આમ કરવામાં આવે છે? આણે તો ઘરનું સર્વસ્વ આપી દીધું અને તમારો તો સોમો હિસ્સો પણ નથી: જો તમે પણ સર્વસ્વ આપતા હો, તો આપનું નામ સર્વની ઉપર મૂકવામાં આવે!–આ પ્રમાણેના મંત્રીના વચનથી સર્વે ખૂશ થયા અને પોતાની અજ્ઞાનતાથી લજ્જા પામ્યા.'

*

મંત્રીશ્વરની વિચારશક્તિ અને વસ્તુનો વિવેક કરવાની શક્તિ, કેવી અને કેટલી અનુકરણીય છે–એ ઉપર ખૂબ ધ્યાન આપવાનું છે. ભીમા શેઠનું દાન જેટલું પ્રશંસનીય છે, તેટલોજ મંત્રીશ્વરનો વિવેક પ્રશંસનીય છે. આ બેય ગુણો ખીલવવા જેવા છે. આજે આ બેય ગુણો આવી જાય તો શી ખોટ છે? બધુંય છે. માત્ર આ ઉદારતા અને વિવેકની ખામી છે. આવાં દૃષ્ટાંતો સાંભળી જીવનમાં ઘણું ઘણું ઉતારવાનું છે. પછી વાગ્ભટ મંત્રીએ વિચાર્યું કે–'ભીમાશેઠે આપી તો દીધું પણ હવે શું કરશે?' એટલે પહેરામણી તરીકે અમૂક આપવાનો પ્રયત્ન કર્યો: ભીમા શેઠે કહ્યું કે–'મંત્રીશ્વર! કાણી કોડી માટે કોટિ દ્રવ્ય કોણ ગુમાવે?' –આ પ્રમાણે કહીને ભીમા શેઠ પત્નીથી ભય પામતા ઘેર ચાલ્યા ગયા. ઘરની સ્થિતિ તો બજારમાંથી લાવે ત્યારે રસોઈ થાય એમ છે. વળી ભાગ્યશાળી એવા છે કે–ઘેર

પણ કુભાર્યા છે : પણ આજની એમની પુણ્યભાવનાએ બધું ફરી ગયું : ઘેર ભાર્યામાં પણ પરિવર્તન થઇ ગયું : કુભાર્યાની સુભાર્યા થઇ ગઈ. ઘેર આવેલા પતિને પત્નીએ પણ પ્રિય વચનથી સંતોષ પમાડયો અને પતિ પાસેથી સર્વ વૃત્તાંત સાંભળીને કહ્યું કે–"આપે તીર્થમાં ફાળો આપ્યો એ ઘણુંજ સારૂં કર્યું અને સારામાં સારૂં એ કર્યું કે–'મંત્રીશ્વરે આપેલું ગ્રહણ ન કર્યું. " આ પછી ગાયનો ખીલો નાખવા માટે ભૂમિ ખોદતાં ચરૂ નીકળ્યો. આ જોઈને શેઠ વિચારે છે કે–'આજે મારો પુણ્યોદય છે કે જેથી આ કળશ મળ્યો : અને એ કારણે આ કળશ પણ પુણ્યકાર્યમાં દેવા યોગ્ય છે'–એમ વિચારીને પત્નિને પૂછયું અને પત્નિએ પણ તેમાં અનુમતિ આપી. કહો, કુભાર્યા પણ કેવી સુભાર્યા બની ગઇ ? જો કે–એ નીકળેલા કળશને લઇને ગયા તે મંત્રીશ્વરે ન લીધો અને દેવે પણ કીધું કે–'તમારી ભક્તિથી તુષ્ટમાન થઇને મ્હેં આપ્યો છે, માટે ભોગવો અને ધર્મની પ્રભાવના કરો !'–એ વાત જૂદી છે,–પણ તે ભીમા શેઠની ભાવના કેવી ? ધર્મના પરિણામે સર્વ કાંઇ મલ્યું : કુભાર્યા પણ સુભાર્યા બની ગઈ. આ ધર્મનું પરિણામ. સાચા ધર્મના રસીયા બનો તો દુ:ખી નહિ થાઓ ! વિષયવાસના–લાલસા–એ બધું, તમને ધર્મમાં રસ નથી એનું પરિણામ છે. હજી બાજી હાથમાં છે : ભયંકર આપત્તિ આવે તે પહેલાં ચેતો ! નહિ ચેતો અને ચાલુ છે તેવીજ પ્રવૃત્તિમાં રહેશો,–ધર્મ નહિ કરો–તો જે સુખ છે તે પણ નહિ રહે.

<u>ધર્મ યોગ્ય આત્માઓ માટે છે.</u>

આ દશકાનું પરિવર્તન જૂઓને! દશકા પહેલાંની સ્થિતિ આજ છે? ઘણા કહે છે કે-'અમે સુખી નથી'-પણ રાડો પાડયે સુખી થવાય? ખાતર પાડયે કે કોઈનું ઝૂંટવી લેવાથી સુખી થવાતું હોત, તો તો ચોટ્ટા બધાયે સુખી થઇ જાત. પાપજ જો સુખનું કારણ હોત, તો તો પાપી માત્રને ત્યાં બાદશાહી હોત. તમે જાતે દુઃખી થયા છો: કોઇએ દુઃખી કર્યા નથી. દુઃખી થવાની કાર્યવાહી હજી પણ ચાલી રહી છે. જ્ઞાની પુરૂષોનાં અનુભવયુક્ત વચનોને હૃદયમાં ઉતારો. આ શાસ્ત્રની વાણી સાચા અનુભવીઓની છે: જગતના સંપૂર્ણ જ્ઞાતાની આ વાણી છે. તમને ખરાબ કરનાર-વિષયની વાસના, ખોટો લોભ, ખોટાં વ્યસનો-વિગેરે વિગેરે છે. અનીતિ, જૂઠ, પ્રપંચ વિગેરેને સેવતી વખતે કંપારીએ ન થાય એ કેમ નભે? અનીતિ, જૂઠ અને પ્રપંચ કરનારો હુશીયાર છે એમ ન માનતા. અત્યારે જે કાંઇ દેખાતું હોય, તે એ હુંશીયારીથી નથી પણ પૂર્વના પુણ્યથી છે: એ પુણ્ય પરવાર્યા પછી તો ભીખ માગતાંએ પેટ નહિ ભરાય. હાલ આ વાત એકદમ નહિ જચે, પણ જચાવ્યા વિના છૂટકો નથી. દુઃખ-દુઃખ તો કરો છો, પણ દુઃખ આવ્યું ક્યાંથી? અશુભ બાંધ્યું હતું તેથી ને? દુઃખને પણ વેદતાં શીખો! વાત વાતમાં કહે કે-'દુઃખ આવ્યું શું કામ? ધર્મ કરવા છતાં દુઃખ આવે કેમ?' પણ-'ભાઇ! પાપ કર્યું હતું શું કામ? પાપ કરો અને પાપનો નતીજો ન મળે એ બને? સુખી બનવું હોય તો, ધર્મ તથા ધર્મી પ્રત્યે સદ્ભાવના ખીલવો.'

'ભવનિવ્વેઓ'થી માંડી 'તવ્વયણસેવણા'–સુધીની માગણીને સમજી જાવ, તો ધર્મને આવવાનાં દ્વાર ખૂલી જાય. પાપને પુણ્ય ન માનો. મોજશોખ, રંગરાગ–એ પાપ છે. પાપને પુણ્ય માનશો તો વેઠવું પડશે. આ વસ્તુ (ધર્મ) હશે તો પૈસો જશે તોયે પ્રસન્નતા રહેશે. 'આભવમખંડા'– પછીના ભાગમાં તો હદ કરી છે. એમાં તો એવી માગણી છે કે ન પૂછો વાત. તમે રોજ બોલો, મોટેથી બોલો, પણ બહાર વર્તન એનું એજ એ કેમ ચાલે ? આ ઉપરથી જે બોલો છો તે છોડી ન દેતા. એ બોલો છો તો આજે આટલુંએ સાંભળો છો. એ બોલવાનું તો જીવતું–જાગતું જોઇએ. શરમના શેરડા પડે છે તે એ બોલવાના પ્રતાપે : માટે બોલવાનું મૂકતા નહિ. બોલવું કાયમ રાખો અને વસ્તુ સમજો. ખરૂં ધૂનન ત્યારે થશે ! ધૂનન કરવાને લાયક થાઓ. શ્રી આચારાંગ, એ દ્વાદશાંગી પૈકીનું પ્રથમ અંગસૂત્ર છે. ઉત્તમ આચાર વિના આત્માની શુદ્ધિ નથી. અયોગ્ય પ્રવૃત્તિપર અંકુશ હોય નહિ, ત્યાં સુધી આત્માને પોતાના સ્વરૂપની ઝાંખી થાયજ નહિ. પહેલો રસનાપર કાપ મૂકો, પછી બધી ઈંદ્રિયો આધીન થશે. તાવ આવે એટલે અંગોપાંગ ઢીલાં થઈજ જાય. રસનાને ખીલવનારી સામગ્રી બહુ વધી પડી છે. જે હિંસાથી, શાસ્ત્ર કહે છે કે—'ભાવાંતરમાં અલ્પ આયુષ્ય અને સરોગાવસ્થા છે'–તે હિંસાથી આજે પુષ્ટિ મનાય છે. એ કદી બને ? છતાં મનાય છે : વતાય છે : ન કરતા હોય તે ધન્યભાગ્ય : બચે તેને ધન્યવાદ : બહુલતાની આ વાત છે : બહુલતાએ એ કાર્યવાહી થાય છે : એ રોગયા

વિના-એને રોકવાના પ્રયત્ન વિના, આ વસ્તુ અંતરમાં ઉતરવી કઠીન છે. ધર્મ જચે ક્યારે? યોગ્યતા હોય તો! ધર્મ પણ યોગ્યનેજ દઇ શકાય છે.

એક કવિએ કહ્યું છે કેઃ—

" उपदेशो न दातव्यो, यादशे तादशे नने। "

*

'જેવા તેવા માણસને ઉપદેશ-એ દેવા યોગ્ય નથી.'

*

ભાષામાં પણ કહ્યું છે કે—

"મૂરખને જ્ઞાન કદી નવ થાય,
દેતાં પોતાનું પણ જાય!"

[૧૫]

સંસારપર નિર્વેદ લાવવાનો ઉપાય-

ટીકાકારમહર્ષિ શ્રી શિલાંકસૂરિજી મહારાજા, મંગલાચરણ કરતાં ફરમાવી ગયા કે–'આ શાસન જયવંતુ છે, કારણ કે–એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી તેમજ એક પણ સદ્વિચારનો ઇન્કાર નથી : એના સિદ્ધાંતો એટલીબધી અપેક્ષાથી એવી રીતે સિદ્ધ થએલા છે કે—એની સેવા કરનારા આત્માઓ જરૂર કર્મમળથી રહિત થઇ, શુદ્ધ બની, મુક્તિપદે પહોંચી જાય અને એટલાજ માટે એ શાશ્વત્ છે, એની જગત્માં જોડી નથી અને સઘળા શ્રી જિનેશ્વરદેવોએ શરૂઆતમાં નમસ્કાર કરાયેલું આ તીર્થ જયવંતુ છે.' એ શાસનમાં આચારની મૂખ્યતા છે. એ શાસનના આચારો જીવનમાં ન ઉતરે, ત્યાં સુધી આત્માની સિદ્ધિ થઇ શકતી નથી. પણ એ આચાર કઠીન છે : સ્હેલા નથી. એ આચારને જીવનમાં ઉતારતાં મુશ્કેલી ન નડે તે માટે અને તે પ્રત્યેની ભાવના દૃઢ કરવા તથા જે વસ્તુની જરૂર છે તેને સ્થિર કરવા ખાતર, તમે અને અમે, રોજ શ્રી વીતરાગદેવ પાસે પ્રાર્થના સૂત્ર (જયવીયરાય)માં જે માગીએ છીએ, તેની વિચારણા કરી રહ્યા છીએ. આપણે રોજ જેની માગણી કરીએ છીયે તે સમજાય–આપણે માગીએ છીગે તે હૃદયનું હોય, તો તો આ આચાર કઠીન પડે તેમ નથી. સાધુ કે શ્રાવક રોજ શ્રી જિનમંદિરે આવી પ્રભુનું પૂજન, સ્તુતિ, પ્રશંસા, ગુણગાન

ફરી, છેવટે પ્રાર્થનાસૂત્રમાં જે માગણી કરે છે, તેને સ્હેજ ફરીને આપણે જોઈ લઈએ.

" जयवियराय जगगुरु !"

*

'હે વીતરાગ ! હે જગદ્ગુરૂ ! તું જય પામ.' હે વીતરાગ! તારી જયમાં અમારી જય છે, તું વીતરાગ છે માટે અમારી જય છે–એ ભાવના છે. શ્રી વીતરાગની હયાતિ આત્માને જાગૃત કરનારી છે–આપણા આત્મગુણોને ખીલવનારી છે. પછી–

" होउ ममं तुह पभावओ भयवं ! "

*

'હે ભગવન્! તારા પ્રભાવથી મને હો:' જે વસ્તુ તમારા આત્માની જાગૃતિ માટે રોજ માગો છો—રોજ હાથ જોડીને જે માગો છો, તે હૈયામાં ન હોય–એની ભાવના પણ ન હોય, તો તો એ દંભ કહેવાયને? જે કહીએ, તે શક્તિના અભાવે કદાચ એકદમ અમલમાં ન મૂકાય તે ચાલે, પણ ભાવનામાં પણ ન હોય એ કેમ ચાલે? તમારી માગણી નાનીસૂની છે? માગણી કઠીનમાં કઠીન કરી છે. શાથી? એના વિના આત્માનું કલ્યાણ થઈ શકે તેમ નથી તેથી! શું હો? "भवनिव्वेओ" ભવનિર્વેદ. સંસારથી નિર્વેદ. સંસાર એ કારાગાર છે, એમાંથી છૂટવાની ભાવના જાગૃત થાય તે. કોની પાસે માગો છો? ભગવાન્ પાસે. 'હે ભગવન્! તારા પ્રભાવથી, તારો પ્રભાવ અમારા પર પડતો હોય તો–તારા પ્રભાવને ઝીલવા લાયક અમે બન્યા હોઈએ તો, અમને સૌથી પહેલાં ભવનો નિર્વેદ થાઓ.' એના વિના આગળની

કોઈ કાર્યવાહી સાબીત થાય તેમ નથી, કારણ કે-'ભવ ગમે એને ધર્મ નહિ ગમે: ધર્મ ગમે એને ભવ નહિ ગમે.' શ્રી વીતરાગદેવ પાસે રોજ ભવનિર્વેદની માગણી કરનારા હૃદયમાં, સંસાર પ્રત્યે ભાવના કેવા પ્રકારની હોય તે વિચારો અને જો એનો અમલ પણ કરતા થઇ જાવ તો ઝટ સંસારનો અંત આવે. આ માગણી કાંઈ એક દિવસની નથી: રોજની છે. એ માગણી ફળે એ ઈચ્છો છો કે વાંઝણી રહે એ ઇચ્છો છો ? ફળે તો ઠીક કે ન ફળે તો ઠીક ? ફળ માટે તો રોજની માગણી છે. પણ ફળે કયારે ? માગણી કરો, હાથ જોડીને વિનંતિ કરો, શબ્દો બોલો, પણ વિચાર જ ન કરો તો કેમ ફળે ? માગણી બાદ ભાવના કરો, વિચાર કરો, તો તો ધર્મ અંતરાત્મામાં વસે: નહિ તો છેટે રહેવાનો. ધર્મી કહેવરાવવા માત્રથી ધર્મી બનાતું હોત, તો તો એક પણ અધર્મી ન રહેત.

(પ્રશ્ન૦ ભવ, કારાગારરૂપ ન લાગે ત્યાં શું કરવું ?)

વાંધા ત્યાં છે એમ કહો ને ! મૂળમાંજ વાંધા. આજ કારણથી ધર્મને અંતરમાં ઘાલવો મુશ્કેલ પડે છે: એથી જ ધર્મ નથી જચતો. જ્ઞાનીએ સંસારની જે અસારતા અને જે કારાગારતા, જે જે રૂપે કહી છે તે તે રૂપે વિચારો: સમજાય તો માનો, નહિ તો ભગવાન્ શ્રી તીર્થંકરદેવ પણ કોઇનું કાંડું પકડીને કલ્યાણ કરાવી શકતા નથી. યોગ્ય આત્માને તો એમ પણ થાય, પણ અયોગ્યનું કાંડું પકડયે પણ શું થાય ? ખૂદ ભગવાન્ શ્રી મહાવીરદેવે શ્રેણિક મહારાજને કાલસૌકરિક કસાઈ માટે કહ્યું કે-'એને હિંસા કરતાં રોકવા-

ની તાકાત નથી.' ભગવાન્ અસંખ્યાત ઇંદ્રોથી પૂજિત હતા, અને એક એક ઇંદ્રના તાબામાં અનેક દેવતાઓ હતા: એક એક દેવતાની એ તાકાત હોય છે કે-ભુવનને ઉંધું-ચત્તું કરી નાખે, છતાં ભગવાને કહ્યું કે-'કાલસૌકરિકની સ્થિતિ એ છે કે-એમાં સુધારો થાય એમ નથી.' ધર્મ એ ઘોળીને દવાની જેમ પવાતો હોત, તો તો એ તારક બધાને પાત.

પુનર્જન્મને માનનારા બાલદીક્ષામાં શંકા કરે ?

આખો મનુજ ભવ, એ ધર્મની મોસમ છે: આખો મનુષ્યભવ ધર્મ માટે નિર્મિત છે. મનુષ્યભવ, ભોગસુખ-રંગ રાગ-મોજમજાહ માટે છેજ નહિ: નારકીઓ દુ:ખદાવાનલથી સંતપ્ત છે, તિર્યંચો વિવેકવિકલ છે અને દેવતાઓ વિષયો-માં પ્રસક્ત છે: ત્યારે મનુષ્યોનેજ એક ધર્મસામગ્રીની પ્રાપ્તિ છે અને એજ કારણે મનુષ્યભવની દુર્લભતાનાં વર્ણન છે. જેઓ મનુષ્યજીવનને પણ કેવલ ભોગજીવન બનાવી દે છે, તેઓને મન આ જીવનની કશી કીંમત જ નથી,-એમ કહીએ તો ચાલી શકે. ધર્મની સામગ્રી વિશિષ્ટ પ્રકારની હોવાને લીધે જ મનુષ્યભવની મહત્તા છે. એવા મહત્ત્વ ભરેલા મનુષ્યભવને પામ્યા એ પરમ પુણ્યોદય છે, પણ તેની સફ-લતા કોને માટે ? મોજમજાહ કરનારા માટે ? વિષયવિલાસ અને દુનિયાના રંગરાગમાં લીન થાય તેને માટે ? નહિજ, એને માટે તો ભયંકર છે: કારણ કે-જે મનુષ્યભવ મુક્તિએ લઇ જાય, એ મનુષ્યભવ સાતમીએ પણ લઇ જાય છે. જ્ઞાનીએ મનુષ્યભવની પ્રશંસા કરી, તેનુ કારણ એક એજ છે કે-મનુષ્યભવ ધર્મસાધનામાં પરમ ઉપયોગી છે: છતાંયે

બધા જીવો ધર્મની સાધનામાં જીંદગી સુધી રક્ત રહે તેવું બનતું નથી, પણ એવા આત્માઓ પણ શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં થઇ ગયા છે કે—જેઓએ પોતાના ક્રોડપૂર્વના આયુષ્યમાંથી માત્ર આઠ જ વર્ષને બાદ કરી, આખી જીંદગી સર્વવિરતિની આરાધનામાં ગુજારી આત્મકલ્યાણ સાધી લીધું.

(પ્રશ્ન૦ ક્રોડપૂર્વના આયુષ્ય વખતે આઠ વર્ષનો બાળક સમજે શું ?)

જે પૂર્વભવના સંસ્કારને ન માને તેનેજ આ પ્રશ્ન ઉઠે : અર્થાત્-પરલોકને ન માને તેનેજ આ પ્રશ્ન ઉઠે છે : પણ જે પરલોક માને છે તેને આ પ્રશ્ન ઉઠતો જ નથી. કોઈ પૂછે કે-'એક જણ શેઠને ત્યાં કેમ જન્મ્યો ? એક જણ રાજાને ત્યાં કેમ જન્મ્યો ? બીજા સામાન્યને ત્યાં જન્મ્યા અને આ સીધા ઝટ ઝવેરીને ત્યાં કેમ પેદા થયા ? આ બધું શાથી ? અકસ્માત્થી એમ ? કેટલાયે મનુષ્ય મજુરી કરી મરી જાય છે ને ખાવાયે મળતું નથી અને તમને ટાઇમસર, પાટલે બેસી, ગરમાગરમ રસોઇ મળે છે, આનું કારણ શું ?' કોઇ પૂછે કે-'એક માતાના ઉદરથી બે સાથે પેદા થાય, તેમાંથી એક વિદ્વાન્ બને અને એક ઠોઠ રહે,-એનું કારણ શું ? માબાપ એક, ભણાવનાર શિક્ષક એક અને સંયોગો પણ એકજ સરખા, છતાં એક હુંશીયાર થાય અને એક બુડથલ જ રહે, એનું કારણ શું ?' જે આત્માઓ પરલોકને ન માનતા હોય, જે આત્માઓ પૂર્વની કાર્યવાહીને ન માનતા હોય, તેઓને તો આ બધાના જવાબમાં મૌનજ થવું પડે તેમ છે. એક વ્યભિચારી અને એક સદાચારી : કેટલાક એવા છે

કે-ગમે તેવા ભયંકર પ્રસંગે પણ દુષ્પરિણામ ન થાય, હજારો સ્ત્રીઓ હોય છતાં આંખનું પોપચું પણ ઉંચું ન થાય અને કેટલાકની નજર ક્ષણે ક્ષણે ભટકયા કરે-એનું કારણ ? નાની ઉંમરના પણ કેટલાક એવા ઉઠાઉગીર બને છે કે-એની આગળ પાઘડીવાળા પણ ધૂળ ફાકે ! શાથી ? પૂર્વના સંસ્કાર જ મનાય. ત્યાં એ ન પૂછાય કે-'શું સમજે !' આજે એ વાત પણ તમે સાંભળો છો કે-'એક પાંચ વર્ષની છોકરી કેટલીય ભાષા જાણે છે. કયાં ભણવા ગઇ હતી ? જૈનશાસનમાં જન્મેલા કે પરલોકને માનનારાથી પૂછાયજ કેમ કે-'એ શું સમજે ?' અતિમુક્ત કુમારની માતાએ કહ્યું કે-'તું શું સમજ્યો ?' અતિમુક્તક કહે છે કે-'માતા ! સમજ્યો તે કહેવાની તાકાત નથી.' કેટલીક વાત એવી છે કે-'વચનથી કહી ન શકાય, પણ હૃદયથી સમજાય :' તમારી પાસે એવી ઘણી વાતો છે. એવો પણ વ્યાધિ થાય છે કે—'જે દરદીને પણ સમજાય નહિ :' વૈદ્ય કે ડૉકટર પૂછે કે—'શું થાય છે ?' ત્યારે દરદી કહે કે-'કાંક થાય છે.' વૈદ પૂછે કે-'કાંઇક, પણ શું થાય છે તે તો સમજાવ.' દરદી કહે કે-'નાડ જોઇને સમજો, પણ મારાથી રહેવાતું નથી.' એ વખતે કોઈ કહે કે-'તને દુઃખ થતું નથી'-તે ચાલે ? એ કહે કે-'ભાઇ ! દુઃખ તો બહુજ થાય છે, શબ્દોમાં ન કહેવાય—નથી કહેવાતું : પણ દરદ એવું થાય છે કે-મારાથી રહેવાતું નથી.' આવું કોણ કહે છે ? અરે ! ભણેલાગણેલા હજારોને સલાહ આપનારા પણ આવું બોલે છે. અરે, હજારોના ચિકિત્સકને પણ એવો પ્રસંગ આવે અને એમ કહે કે-'મને પણ ગમ નથી પડતી, પણ કાંક

થાય છે, એ ખરૂં છે.' જે આદમી હૃદયની સમજણ-હૃદયની ભાવના બતાવી ન શકે, તે સમજી નથી શકતા, એવું ન માનતા. આજનો કાયદો પણ, સાત વર્ષનો બાલક ગુન્હો કરી શકે છે, એ વાત કબુલ રાખે છે. ખરી વાત તો એ છે કે-'સર્વજ્ઞની સર્વજ્ઞતા પર જોઈતો વિશ્વાસ પેદા થઈ જાય, તો બધીએ કુશંકાઓ આપોઆપ નષ્ટ થઇ જાય.' કેટલાંય માબાપ પોતાની મેળે કહે છે કે-'અમારો છોકરો છે તો નાનો, પણ એવો હુશીયાર છે કે-અમારી બુદ્ધિ પણ 'એવું કામ કરી શકતી નથી.' આ તો વ્યવહારની વાત છે હોં! માબાપ કહે છે કે-'બે વસ્તુ મૂકુ તેમાંથી સારી જ લે, ખોટી ન લે.' તમે આ બધી તપાસ કરો ત્યારે ને? અનુભવથી જૂઓ, તપાસ કરો! નાના બાળકની શક્તિ કયી કયી છે, તે જૂઓ તો હેબતાઈ જાઓ કે-'અમે ન કરીએ તે બાલક કયી રીતે કરે છે?' કારણ કે-'એ પૂર્વના સંસ્કારને લઇને આવેલો છે.' શિક્ષક ઘણી મહેનત કરે, છતાં એક વિદ્યાર્થી ઠોઠ રહે અને એક વિદ્યાર્થી પહેલો નંબર રાખે-પહેલે નંબરે પાસ થાય: એક વિદ્યાર્થી વાંચી વાંચીને થાકી જાય તોય ન આવડે, અને એક વિદ્યાર્થી માત્ર એકજ વાર સાંભળે, ઘેર આવીને જૂએ પણ નહિ, લેશન પણ ન કરે, તોયે પહેલે નંબરે પાસ થાય: એક જણ એકડો છ મહિના સુધી ઘુંટે તોયે સીધો ન કાઢે અને એક જણ એક દહાડામાં એવો ઘુંટે કે-તરત મોતીના દાણા જેવો કાઢે: શિક્ષક એક જ છતાં કેટલાક તો નાપાસ થાય, વર્ષોવર્ષ નાપાસ થાય અને ભણવું મૂકી દઇ ઘેર આવે, ત્યારે બાપ પણ કહી દે કે-'ઘેર બેસ.'

કારણ ? પૂર્વના સંસ્કાર. દલીલસર યુક્તિસંગત વાત કરવી હોય તેને પહોંચાય, પણ 'ઉંહુ'નો તો કોઈ ઉપાય જ નથી.

સમજાવાય નહિ તેથી દીક્ષાને અયોગ્ય કહેવાય ?

(પ્રશ્ન૦ કાલનો ભેદ છે,–એમ કહેવામાં આવે છે.)

હું આ કાલની વાત કરૂં છું. એ કાલે તો કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની અને સમર્થ શ્રુતધરો પણ હતા. એ કાળની વાત નથી કરતો. આ કાલમાં બનતી વાત કરૂં છું. આ કાળમાં જે સામગ્રી હોય તેટલા પૂરતી વાત કહેવાય છે. કેવળજ્ઞાનજ લેવું, ગૌતસ્વામી જેવાજ થવું, એમ નથી કહેતો : ભાવના રાખવી, પણ એવા ન થવાય તો થઇ શકાય તેટલા સારા પણ ન થવું એમ નથી.

(પ્રશ્ન૦ યોગ્ય પરિણામ નાની વયમાં આવે તો તેને કેળવવા તો ખરાને ?)

બરાબર, અને માટે જ યોગ્ય પરિણામ થયા પછી યોગ્ય સહવાસમાં અને યોગ્ય રીતભાતમાં રાખવાની આજ્ઞા શાસ્ત્રે કરી છે. દરેકે યોગ્ય પરિણામ પછી યોગ્ય સહવાસમાં જ આવી જવું. સંસ્કાર કેળવવા છે ને ! વ્યવહારમાં પણ હુશીયાર થયો કે–હુંશીયારીના કામમાં જોડી દો છો : સ્હેજ આવડત થઈ કે–છોકરાને દુકાને બેસાડાય છે. બાપાજી, કાકાજી શું કરે છે તે જૂએ–એ માટેને ? બાપાજી ગ્રાહક સાથે કેમ વાત કરે છે, દાઢીમાં કેમ હાથ ઘાલે છે, મીઠું મનાવી પૈસા કેમ પડાવે છે, કાપડ કેમ ફાડે છે,–આ બધું પેલો જૂએ તે માટે ને !

(પ્રશ્ન૦ બીજાને સમજાવી શકે નહિ તો ?)

બીજાને સમજાવી શકે તેજ દીક્ષા લે એ કાયદો નથી. પેલા (સંસારીઓ) કહે કે-'કેમ ?' તો આ (દીક્ષિત થનાર) એકજ વાત કહે કે-'મને આ (સંસાર) નથી ગમતો અને આ (ધર્મ) ગમે છે.' વ્યવહારમાં પણ એક ડૉકટર થાય, એક વકીલ થાય અને એક થાય કાપડીઓ : કારણ કે-તેને તેને તે તે થવું ગમે છે. શાસ્ત્ર સાંભળવાથી ઉત્તમ ભાવના જાગી અને વિવેક થયો કે-'આ ઠીક નથી અને આ ઠીક છે'. કોઈ પૂછે કે-'શાથી ?' એનો જવાબ એજ કે-'શાસ્ત્ર કહે છે, જ્ઞાની કહે છે, માટે મને એમ લાગે છે અને આ ગમે છે.' કોઈ પૂછે કે-'શાથી ?'-'મહાપુરૂષના વચનથી.' છતાં પેલો આગ્રહ કરે કે-'સમજાવ !' તો કહે કે-'સમજાવવાની તાકાત કેળવી શક્યો નથી, પણ મને ગમે છે.' આ રીતની મક્કમતા એજ યોગ્યતા છે. યાદ કરો કે-'શ્રી વજ્રસ્વામિજીનો મામલો રાજદરબારમાં ગયો, ત્યાં પણ ન્યાય કયી રીતિએ કરવામાં આવ્યો ?' શ્રી વજ્રસ્વામિજી માટે ન્યાયશીલ નૃપતિએ એજ ન્યાય આપ્યો છે કે-'આ નાના બાલકનું હૃદય જેના તરફ ખીંચાય, તેના તરફ તેને જવા દેવો'-અને એ પ્રમાણે માતાએ અનેક મોહક વસ્તુઓથી લલચાવવા માંડયો, છતાં તે બાલક ન લલચાયો અને ગુરૂએ બતાવેલા રજોહરણને લઈને નાચ્યો, કે તરત જ એ બાળક ગુરૂને સોંપાયો. જેટલું જાણીયે એટલું પણ બરાબર ન સમજાવી શકાય, એમ પણ બને છે : અને કેટલાક સમજે પણ નહિ : છતાં બધા એ તો કહે કે-'જ્ઞાનીએ કહ્યું કે—એ બધી ક્રિયા કલ્યાણ કરનારી છે : માટે

કરીએ છીએ.' કોઈ કહે 'સમજ્યા વિના શું કામ કરો છો ?' તરત કહી શકાય કે–'કરતો હતો તો આટલા પણ ઉત્તર આપી શકું છું અને જેમ જેમ સમજાશે તેમ તેમ વધુ ઉત્તર આપી શકીશ : ઉત્તર અપાય કે ન અપાય–પણ એથી કલ્યાણ છે, એની તો અમને પૂરી ખાત્રી છે જ !' કેટલાક એવા પણ હોય કે–'જીંદગી સુધી ભાવથી ક્રિયા કરે અને સમજી શકે નહિ.' કેટલાયને પાનાંઓ યાદ હોય, પણ બોલી ન શકે. ડૉકટરો પણ કોઇ એવા મુંગા હોય કે–સમજે બધું, પણ દરદીને આશ્વાસન આપી ન શકે. કેટલાય એવા હોય કે–'બારીકી જાણે બધી, પણ સમજાવવામાં લોચા વળે.' આપણે કહી ગયા કે–'જ્ઞાન અને જ્ઞાનીની નિશ્રા, બેય આત્માને તારે છે.' છોકરાને કહે કે–'આ કેમ થાય ?' તો એ કહે કે–'બાપાજી કહે છે માટે !' અટવીમાં ચાલતા હજાર મુસાફરને કોઇ પૂછે કે–'આમ ક્યાં જાઓ છો ?'–'ભીલ લઇ જાય ત્યાં.' પેલો કહે કે–'તમે કોઇ જાણો છો ?' પેલા કહે કે–'ના ભાઇ ! અમે નથી જાણતા. પણ સારા માણસે ખાત્રી આપી છે કે–આ ભીલ માર્ગનો જાણકાર છે, માટે એ લઇ જાય તેમ અમારે ચાલવાનું : ભલેને અટવીમાં જંગલ, પહાડો, ભયંકર હોય, પણ અમને ખાત્રી છે કે–સ્હેલામાં સ્હેલે રસ્તે એ અમને ઠેકાણે પહોંચાડશે.' છતાં પેલો કહે કે–'સમજાવો, શી રીતે પહોંચાડશે ?' પેલા હજારે જણને કહેવું પડે કે–'ભાઇ ! માથાફોડ મૂક, અમને જવા દે : અમને કશી ખબર નથી, પણ બધું એ ભીલ જાણે છે : નાહક તારી સાથે માથાફોડમાં રહીયે તો ભીલ ચાલ્યો જાય, સાથીઓ

ચાલ્યા જાય અને અમે રખડી પડીએ.' અરે, વચ્ચે થોડો રસ્તો એવો પણ આવે કે, ત્યાં પેલો ભીલ કહે કે-'જલદી ચાલો, જેટલા વહેલા નીકળ્યા તેટલા આબાદ:' ત્યારે કોઈ પૂછે કે-'શા માટે ? ભય કયાં છે ?' ભીલ કહે કે-'હમણાં બોલ્યા ચાલ્યા વિના સીધા ચાલો, કારણ કે-અત્યારે ભયની વાત કરવાનો વખત નથી : વાત કરવા રહીએ તો પ્રાણ જોખમમાં આવી જાય તેમ છે.'

શ્રી વજસ્વામિથી સમજ્યાં પણ બોલાયું નહિ.

વજસ્વામિને જાતિસ્મરણમાં બધું યાદ આવ્યું : અષ્ટાપદ ઉપરની શ્રી ગૌતમસ્વામિજીની દેશના પણ યાદ આવી : એ અષ્ટાપદ ઉપર ચઢવાનો પ્રયત્ન કરતા તાપસો, ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજીને દેખવા માત્રથી પ્રતિબોધ પામ્યા. તે તાપસોની સંખ્યા પંદરસોની હતી. પંદરસોમાંના પાંચસો ઉપવાસને પારણે ઉપવાસ કરતા હતા : બીજા પાંચસો છટ્ઠને પારણે છટ્ઠ કરતા હતા : અને ત્રીજા પાંચસો અટ્ઠમને પારણે અટ્ઠમ કરતા હતા. પારણામાં પણ સુકાં પાંદડાં વિગેરે ખાતા હતા, છતાં પણ તે શ્રી અષ્ટાપદ ગિરિના એક ઉપવાસવાળા એક, છઠ્ઠાવાળા બે અને અઠ્ઠમવાળા ત્રણથી અધિક પગથીઆં ચઢી શકયા ન હતા. તેઓએ જ્યારે ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજીને આવતા જોયા, ત્યારે તેઓને એમ જ થયું કે-'અમે તપથી કૃશ થયા છતાંયે ચઢી શકતા નથી, તો આ કેમ ચઢી શકશે ?' પણ ભગવાન શ્રી ગૌતમસ્વામિજી મહારાજ તો સૂર્યના કિરણના અવલંબનથી ચઢી ગયા. આ જોઈને તરત પંદરસો તાપસોને એમ થયું કે-'જેમનામાં

આ તાકાત છે, આવા જે શક્તિસંપન્ન છે, તેમની યોગ્યતામાં કયી ખામી હોય ? એજ અમારા ગુરૂ, એજ અમારૂં શરણ.' હવે આ પંદરસો કાંઇ પણ જાણતા હતા ? નહિ જ. ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજી પધાર્યા, એટલે પંદરસોએ પગે પડયા અને કહ્યું કે–'આપ જ ગુરૂ.' ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજી મહારાજે કહ્યું કે–'તમારા અને અમારા ગુરૂ મોજૂદ છે.' પેલા તાપસો કહે છે કે–'તમારા પણ ગુરૂ છે ? એ કેવાક છે ?' એ કેવાકના વર્ણનમાં માર્ગની પ્રાપ્તિ કરાવી. ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજીની લબ્ધિ જોઇને પાંચસેંને કેવલજ્ઞાન થયું, પાંચસેંને રસ્તામાં કેવલજ્ઞાન થયું અને પાંચસેંને ભગવાનને સમવસરણમાં જોઇને કેવલજ્ઞાન થયું. ભગવાન્ શ્રી ગૌતમ-સ્વામિજીને જે જ્ઞાન થયું નથી, તે એ પંદરસોને થયું. પંદરસો શું જાણતા હતા તે બતાવો. કંઈ જ નહિ ! એમણે મહિમા જોયો અને એમ થયું કે–'આત્મા શુદ્ધ હોય તોજ આ બને.' કોઇ પૂછે કે–'તત્ત્વ શું ?' તો કે–'તત્ત્વ ગુરૂ જાણે.' વસ્તુને વસ્તુ તરીકે સમજો-જાણો તો બધા વિકલ્પો ઉડી જાય. પેલા પંદરસો તાપસો વિકલ્પ કરે કે–'આ કોઈ જાદુગર, હીપનોટીસ્ટ, મેસ્મેરીઝમવાળો કે ઈંદ્રજાળીયો તો નહિ હોય !' તો શું થાય ? અજ્ઞાન ગમે તેટલું હોય, પણ સમજવાની બુદ્ધિ હોય તો બધો ઉપાય થાય. સતપુરૂષો પ્રત્યે સદ્ભાવના હોવી, એજ ધર્મપ્રાપ્તિનો અમોઘ ઉપાય છે. શ્રી વજ્રસ્વામિજી જાણતા બધું, પણ એ વયમાં ભાષા વગર બોલે શું ? જ્ઞાની કહે છે કે–'તમે અનંતા માતપિતાને મૂકીને આવ્યા,–ભલે ઇચ્છાએ કે અનિચ્છાએ-પણ અનંતાને રોવડાવીને આવ્યા !,

એ વાત ખરીને? જ્યાં જ્યાંથી આવ્યા, તે બધા રોયેલા કે નહિ? એ બધાં આંસુ ભેગાં કરીએ તો ક્યાંઇ માય ખરાં? આમ ને આમ રખડશો તો હજી અનંતાને રોવડાવશો અને તમારે પણ રોવું પડશે. હજી એ ઇચ્છા છે? અનંતાને રોવડાવવાનું અટકતું હોય, એ ખાતર આ ભવમાં કદી એક બે જણ કે થોડા ભવમાં થોડા રૂએ એથી શું? તમને માતપિતાની બહુ દયા, બહુ ભક્તિ આવતી હોય તો ઘણાને ન રોવડાવવા પડે એવી ક્રિયા કરો. જમાનો એવો આવે છે, સ્થિતિ એવી કફોડી થતી જાય છે કે—વસ્તુનું જ્ઞાન નહિ પામો તો ધર્મમાં રહેવું મુશ્કેલ છે. શ્રી જિનેશ્વરદેવનું શાસન મળવું બહુ દુર્લભ છે. એ હાથથી ગયું તો એના જેવી કમનસીબી એક પણ નથી. તમારૂં જીવન વ્યર્થ વેડફાઇ જશે. દુનિયાની દલીલો, તર્કોને આડે ન આવવા દો. એવા તર્ક કરનારાને કહી દો કે–'ભાઈ! હાથ જોડીએ તને: તું જીત્યો અને અમે હાર્યા: તું વિદ્વાન્ અને અમે મૂર્ખ: પણ તું તારે માર્ગે જા અને અમને અમારા માર્ગે જવા દે.' નાહક તેની સાથે પંચાતમાં ન પડશો. પરમતારક શ્રી દ્વાદશાંગીને પામીને પણ અનંતા ડૂબ્યા. કારણ? એક જ વાત પકડે: એવી પકડે કે–જેથી માર્ગ જ ન પામે અને એમાં ને એમાં અટવાય. શરૂઆતનો વિદ્યાર્થી પૂછે કે:—'માસ્તર એકડો આમ કેમ?–આમ કેમ નહીં?' માસ્તર કહે–'મેં જેવો લખ્યો તેવો ઘુંટ.' પેલો કહે કે–'ના, એમ તો નહિ ઘુંટું, આમ નહિ પણ આમ જ થાય.'–આવાને માસ્તર પણ શું કહે? 'આમ એકડો કેમ થાય?'—એ કંઇ પ્રશ્ન છે?

એનો જવાબ શો ? હજી પૂછે કે–'માસ્તર ! જરા આમ વાળું તો ?' તો તો માસ્તર સમજાવે કે–'ભાઇ ! આમ નહિ પણ આમ વળાય.'–પણ ઉઠાવીને એમ જ કહે કે–'હું તો આમ જ ઘુંટીશ :' માસ્તર કહે કે–'દુનિયા આખી આમ ઘુંટીને ભણી છે, તું નવો વિદ્યાર્થી આવ્યો.' છતાં પેલો કહે કે–'દુનિયા ભલે ભણી, પણ હું તો આમજ ઘુંટવાનો.' આવાને માટે માસ્તર ઘેર જવા શિવાય બીજું કહે પણ શું ? તર્ક પણ બુદ્ધિ અને યુક્તિ પૂર્વકના હોવા જોઇએ, પણ યદ્વા–તદ્વા મ્હોં–માથા વિનાના તર્કોનો અર્થ શો ? શ્રી વજ્રસ્વામિને વૈરાગ્ય તો જન્મતાં જ થયો, પણ વાચા નથી : સમજાવવાની શક્તિ નથી : કરવું શું ? મનમાં વિચારે છે કે–'મા મોહમાં ન પડે–બાલ્યકાલના મોહમાં ન ફસે, એ માટે રસ્તો કયો લેવો ?' રસ્તો શોધ્યો : ઉઉઉઉઉ, ઉઉઉઉઉ, કરવાનો. એમણે માન્યું કે–'રોઇશ તો પ્રેમ ઘટશે :' સમજે છે બધું, પણ બોલે શી રીતે ? એ એવા રૂએ કે–ન પૂછો વાત. મા એવી અકળાય કે–જેનો પાર નહિ : એવું એ રૂએ. કોઇ પૂછે–'એમણે માતાને દુઃખી કરી ને ?'–'નહિ, દુઃખી કરવાની ભાવના ક્યાં હતી' ? શું હતું ? એ જે હતું તે એ જાણે. જે જે વાત આવે તેનાં સમાધાન, દરેક સંયોગો, વસ્તુ અને યુક્તિ પૂર્વક વિચારો ! એકજ ન પકડી રાખો. અહીં ને અહીં જ ઉભા રહેવાનો આગ્રહ ન રાખો. ઘાણીનો બળદ ગોળ ફરે, પણ એને ગોળ ફેરવવા માટે આંખે પાટા બાંધવા પડે. ઉઘાડી આંખે એ નહિ ફરે : ચાલેજ નહિ. ત્યારે ડાહ્યા ગણાતા માણસો ઉઘાડી આંખે એવું કેમ ફરે,

કે જેથી ત્યાંનો ત્યાંજ રહે ? પાટા બંધાઈ ગયા હોય, તે વાત જૂદી. જો અહીં ને અહીં જ રહેવાનો આગ્રહ કરશો તો પ્રાપ્તિ નહિ થાય. જેવો જીવ તેવો પ્રાપ્તિનો ક્રમ શાસ્ત્રકારે કહ્યો છે. કોઇ ઉપદેશથી પામે, કોઈ વગર ઉપદેશથી પામે અને કોઈ વૃક્ષાદિ નિમિત્તોના યોગે પામે! એક બીમારને જોઇને પાંચને વૈરાગ્ય આવે, પાંચને કંપારી થાય, પાંચને ઉલટી થાય, પાંચને દુઃખ થાય, પાંચને તાવ આવે. પચીસ માણસમાં આ રીતે પાંચને જૂદું જૂદું થાય. આ સંયોગે જેવા જેવા જીવ તેવી તેવી અસર કરી. શ્રી શાલિભદ્રનો જીવ રબારી, એ પણ રોયો, મા પણ રોઇ, પાડોશી પણ રોયાં, રોવું બધાનું જૂદું. ખીર બની, મા બહાર ગઇ, માસખમણના તપસ્વી મુનિ પારણાની ભિક્ષા માટે ગોચરી નીકળેલા આવતા દેખ્યા, ભાવના ફરી, મુનિને જોવાથી એ વખતે અશુભ કર્મ ખસ્યું અને એના પુણ્યના પ્રાગ્ભારનો ઉદય થયો: મુનિને દેખીને એને એ થયું અને કેટલાક એવા પણ હોય છે કે–મુનિને જોઇ અપશુકન માની, મુંડીઆ માની, મારવા દોડે: કારણ ? જેવી આત્માની યોગ્યતા ! મગમાં પણ કાંગડુ હોય છે. એ એવું હોય કે–'લાખ મણ લાકડાં બળે, વરસો સુધી સળગે, પાણી બળી જાય, એ કાંગડું બળીને રાખ થાય તે ભલે, પણ પાકે નહિ:' કારણ ? યોગ્યતાનો અભાવ. આથી વસ્તુની યોગ્યતા–અયોગ્યતા તપાસીને પરિણત થવું જોઇએ: તોજ સત્યાસત્યની પરીક્ષા થઇ શકે: અન્યથા પરીક્ષકશક્તિ આવી શકતી નથી. વિચારો કે–શ્રી અતિમુક્ત મુનિવરની માતાએ કેવી પરીક્ષા કરી ?

એટલું પૂછ્યું કે–'તું શું સમજ્યો ?' શ્રી અતિમુક્તે કહ્યું કે–'માતા ! જે સમજ્યો તે કહી શકતો નથી. ભગવાન્ કહે છે કે–સંસાર પાપ છે !'–આટલું સાંભળી માતા કહે છે કે–'ધન્યોऽસિ'–'તું ધન્ય છે કે–આટલી નાની વયમાં સમજ્યો અને છોડવાને સજ્જ થયો.' માતાને એમ થયું કે–'રખે મારા બાલકની ભાવના ફરી જાય, માટે હવે તો અહીં રાખવા કરતાં ત્યાં રાખવો સારો.' આનું નામ પરીક્ષક માતા ! એ પુણ્યવતી માતાએ વિચાર્યું કે–'ભગવાને સંસારને પાપ રૂપ કહ્યો, એ વાત મારા બાળકને જચી અને હું કમતાકાત કે હજી સુધી તજી નથી શકતી.' શ્રાવકના કુલમાં જન્મેલા પગ તળે કીડી આવે તો બૂમ મારી ઉઠે, કોઈને મરતાં દેખે તો ધ્રુજે, પણ એજ મોટો થાય, લોભીઓ થાય, અનાજનો વેપારી થાય, એ વખતે કેટલાય જીવો પગ નીચે આવતા હોય, પણ નઠોર બની જાય: કારણ કે–પાપનો સહવાસ થયો ! અતિમુક્તની માતાએ નક્કી કર્યું કે–'હવે તો ત્યાં મૂકવામાં જ બાલકનું કલ્યાણ છે.' આ માતા પરીક્ષક કે અપરીક્ષક ? આજે તમે જેટલો બોજો કલ્યાણાર્થી આત્માપર નાખો છો, તેટલો બોજો વાલી કે વડિલ પર નથી નાખતા, એ ભૂલ થાય છે. પૂર્વના પાપોદયથી દુર્ગુણ આવે તે વાત જૂદી છે, બાકી બાળકમાં દુર્ગુણ આવે, એ ગુન્હો માતાપિતાનો ગણાય. માબાપના દુર્ગુણ ન આવવા દેવાના પ્રયત્નો હોય, તે છતાં બાળકમાં દુર્ગુણ આવે તો છોકરાના પૂર્વના પાપોદયને મનાય, પણ માબાપનો તેવો પ્રયત્ન ન હોય તો પાપોદય હોવા છતાં પણ, એ દુર્ગુણો માટે માબાપ ગુન્હેગાર છે–

જવાબદાર છે. યોગ્યતાના પ્રમાણમાં પ્રાપ્તિ અને એ પ્રમાણમાં વર્તન : પરિણામ, ભાવના, વય, સ્થિતિ અને સંયોગના પ્રમાણમાં પરીક્ષા હોય ! અને એમ વર્તે તોજ વાલી વાલીરૂપ રહી શકે છે. આપણો મુદ્દો ક્યાં હતો ? એજ કે-આઠ વર્ષનો બાળક શું સમજે ?, આ જાતની શંકા પરલોકના માનનારાને તો નજ થાય. પરન્તુ આ બધું લઘુકર્મી આત્માઓ જ આચરી તો ઠીક પરંતુ સમજી પણ શકે છે. આટલા માટેજ આપણે જયવીયરાયની-પ્રાર્થનાસૂત્રમાંની રોજ શ્રી વીતરાગદેવ પાસે સાધુ અને શ્રાવક દ્વારા કરાતી માગણીઓ સંબંધી વિચારી રહ્યા છીએ.

[૧૬]

જેની ચરણસેવા તેની આજ્ઞા માનવાની કે નહિ?

ટીકાકારમહર્ષિ શ્રી શિલાંકસૂરિજી મહારાજા, મંગલાચરણ કરતાં ફરમાવી ગયા કે-'આ શાસન જયવંતુ વર્તે છે, કારણ કે-એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ સદ્દવિચારનો ઈન્કાર નથી. એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ એવા સિદ્ધ થયેલા છે કે-તેની સેવા કરનારા આત્માઓ કર્મમલથી રહિત થઈ મુક્તિપદે જઈ શકે: એટલાજ માટે એ શાશ્વત્ છે અને માટેજ એ અનૂપમ છે: અને એથીજ સઘળા શ્રી જિનેશ્વરદેવોથી નમસ્કાર કરાયેલું છે. એવું આ તીર્થ જયવંતુ વર્તે છે. એ તીર્થમાં આચારની મૂખ્યતા ખાસ કરીને માનવામાં આવેલ છે. એ આચારનું સંપૂર્ણ પાલન, ધૂનન (ત્યાગ) વિના થઈ શકતું નથી.' એ ધૂનન થવાની હદે પહોંચવા અથવા ધૂનનને ધૂનન તરીકે સમજી શકીએ માટે વચમાં પ્રાર્થનાસૂત્ર લાવ્યા છીએ. વીતરાગ પાસે રોજ જે પ્રાર્થના કરીએ, જે વસ્તુની રોજ યાચના કરીએ, તે બરાબર સમજાય-એ ભાવના હૃદયમાં દૃઢ થાય, તો ધૂનન કરવું સ્હેલું થાય. એ પ્રાર્થનાસૂત્રની વિચારણામાં "**भवनिव्वेओ**" થી લઇને "**तव्वयणसेवणा**" સુધી વિચારી ગયા. **सुहगुरुजोगो** । શુભ ગુરૂનો યોગ બધી વસ્તુને ટકાવનાર છે. એ શુભગુરૂનો યોગ મળે પછી— '**तव्वयणसेवणा**' એટલે કે-એ શુભગુરૂના વચનની સેવના, "**आभवमखंडा**" એટલે કે-આ સંસારમાં રહું ત્યાં સુધી

અખંડિત હો! અહીં સુધીની આ પ્રાર્થનાને અંગે સામાન્ય રીતે કહેવા જેવું કહેવાઇ ગયું. ક્રમસર આ કાર્યવાહી કરતાં, અખંડપણે શુભ ગુરૂની સેવા કરવાના યોગે ગુણો પમાય, સંસાર છૂટે અને આ ભવે જ મોક્ષ મળે તો તો કાંઇ બાકી રહેતું નથી: પણ બધા જીવો તદ્દભવ મુક્તિગામી ન હોય, એને માટે બાકી રહે છે. પ્રાર્થનાના યોગે શુભ ગુરૂનો જોગ મળ્યો, અખંડપણે એના વચનની સેવા થાય, ક્ષપકશ્રેણિ આવે, કેવળજ્ઞાન થાય અને મુક્તિ મળી જાય તો તો કાંઈ બાકી રહેતું નથી, પણ ન થાય તો? ત્યાં કહે છે કે:-

" वारिज्जइ जइ वि नियाण–बंधणं वीअराय तुहसमए ।
तह वि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं ॥ "

*

'હે વીતરાગ! જો કે તારા શાસનમાં નિયાણું બાંધવું વારેલું છે,-(નિયાણાનો નિષેધ છે)-તોપણ હું તો નિયાણું કરૂં છું કે-(માગું છું કે)-તમારા ચરણોની સેવા મને ભવે ભવે હોજો! (મળજો.)'

*

સૂત્રકાર કેટલા બધા ઉપકારી છે એ શોચો. ભવાંતરમાં અમૂક ચીજની માગણી તો કરાવે છે, પણ લોક બીજી જાતિની માગણી કરતા ન થાય, માગણીનું સ્વરૂપ સમજે ને માગણી નિયાણાના રૂપમાં ન ઉતરી જાય, એની કેટલી કાળજી રાખે છે? પહેલાંજ કહી દીધું કે-'હે વીતરાગ! તારા શાસનમાં નિયાણું કરવાનો નિષેધ છે:'-ધર્મ-ક્રિયાના ફલ તરીકે વિષયાદિકની વાસનાથી પૌદ્ગલિક પદાર્થની માગણી, એનું નામ નિયાણું: એ નિયાણું ધર્મને

દૂષિત કરનારૂં છે. જે વસ્તુની પ્રાપ્તિ કરવાની છે, તે નિયાણા દ્વારા ન થાય : પૌદ્‌ગલિક સુખની અભિલાષા, ઇચ્છા અને આશા–એને જ્ઞાનીએ નિયાણાની કોટિમાં મૂકેલ છે : એ નિયાણાનો શ્રી વીતરાગદેવના શાસનમાં નિષેધ છે.–'હે દેવ ! તું તુષ્ટમાન થઇને–'આ આપ અને તે આપ'–એ બધું આ શાસનમાં નથી, એ વાતને સ્પષ્ટ કરે છે. 'હે વીતરાગ ! તારા શાસનમાં નિયાણું બાંધવું વારેલું છે–(મના છે)–તોય હું નિયાણું કરવાનો : પણ મારૂં નિયાણું, જેને આપ નિયાણું કહો છો તેવું નથી : આપે ના પાડયા છતાં હું નિયાણું કરવાનો તેમાં આપની આજ્ઞાનો ભંગ નહિ પણ પાલન છે : કારણ કે–હું જે માગું છું તેનો આપના આગમમાં નિષેધ કરેલો નથી : એ માગણી નિયાણા રૂપ જ નથી. હે ભગવન્ ! હું માગું છું તે,–દેખાવમાં નિયાણું ભલે હો–પણ વસ્તુતઃ એ નિયાણું કહેવાતું નથી ! માટે જો કે નિયાણાનો નિષેધ છે, તો પણ હું તો માગણી કરૂં છું કે–જ્યાં સુધી મારો સંસાર હોય—હું સંસારમાં રહું, ત્યાં સુધી મને હે નાથ ! તારા ચરણની સેવા ભવે ભવે હો !'–આ માગણીમાં કાંઇ પૌદ્‌ગલિક અભિલાષા છે ? નહિ જ. એ સેવાપ્રાપ્તિ માટે ઉત્તમ કુળ, ઉત્તમ દેશ, ઉત્તમ જાતિ અને ઉત્તમ સામગ્રી મળે એનો ઇન્કાર નથી. માગણી કરતાં એવી શીખો કે–એમાં બધું આવી જાય, બધું સમાઇ જાય : માગણી કરતાંએ ન આવડે, તો એના જેવી બીજી મૂર્ખતા કયી ? માગણી એવી કરવી જોઇએ કે–જેમાં બધું આવી જાય. શ્રી જિનેશ્વરદેવની સેવા માગી, એમાં આર્ય દેશ, આર્ય જાતિ, આર્ય

કુળ—એમાંએ શ્રાવક કુળ, એ બધું આવી જાય કે નહિ? પણ દુન્યવી સાહ્યબી માગે તો નિયાણું થઇ જાય. શ્રી જિનેશ્વરદેવની ચરણસેવા માગી એટલે પરોક્ષતઃ બધું આવી ગયું. સેવા એટલે શું? સેવા માત્ર તિલક કરવાથી નહિ, પણ આજ્ઞા પણ ભેગી! તિલક કરે અને આજ્ઞાથી આઘો રહે તો? આજ્ઞામાં મતિકલ્પનાનો આરોપ કરવો તે ન ચાલે. ચરણસેવામાં આજ્ઞાની સેવા તો બેઠેલી જ છે. ચરણ-સેવા માગનારને તેની આજ્ઞા માન્ય હોય કે નહિ? જેની આજ્ઞા કલ્યાણ કરનારી હોય, તે માન્ય ન કરવાનું કારણ? આજ્ઞા માનવી ન હોય તો સેની પૂજા શા માટે? જેના વચન પર—કથન પર—હુકમ પર, પ્યાર ન હોય તેની સેવા શું કામ? સેવા કરનારાને મન તો આજ્ઞા પહેલી! બધું પછી, પણ આજ્ઞા પહેલી. આજ્ઞાએ ન જચે તો કહી દેવું કે—'ભગવાનની આજ્ઞા પ્રત્યે પ્રેમ નથી:' આજ્ઞાના પ્રેમ વિના જે કોરી પૂજા માત્રથી જ પોતાને શ્રી જિનેશ્વરદેવનો પૂજારી કહેવડાવવા માગે છે, તે સાચો પૂજારી નથી પણ વસ્તુતઃ ઢોંગી છે! લોક જાણે કે—'આ તો શ્રી જિનેશ્વરદેવની પૂજા કરે, એટલે આજ્ઞાનું કેટલુંયે પાલન કરતો હશે:' પણ જ્યારે એ પૂજા કરનારો આજ્ઞા ન માને, આજ્ઞાથી ઉલટું કરે, તો કહે કે—'સેવાના નામે, દુનિયાને એ ઠગે છે:' જેના ચરણની સેવા માગીએ એની આજ્ઞા તો રોમ રોમ ઠસેલીજ હોય! એ નિશ્ચય જ હોય કે—'શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા તો કેવલ કલ્યાણને માટે જ છે. આ નિશ્ચય થઈ ગયા પછી તો મતિ-કલ્પનાનો આપોઆપ નાશ થાય: મતિકલ્પનાને સ્થાન મળે

જ નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્મા ડગલે ડગલે વિચાર કરે કે–'આજ્ઞા વિરૂદ્ધ તો કાંઇ નથી થતું ને?' વિરૂદ્ધ થતું દેખાય તો પસ્તાય, ભૂલની માફી માગે. પણ આ બધું બને ક્યારે? આખું જીવન સમર્પિત થાય ત્યારે ને! પણ જ્યાં 'હું' અને 'મારૂં' હોય ત્યાં કામ ચાલે નહિ. જ્યાં એની આજ્ઞા–ત્યાં 'હું' અને 'મારૂં': જ્યાં એની આજ્ઞા નહિ–ત્યાં 'હું' અને 'મારૂં' નહિ જ. જ્યારે આ સ્થિતિ આવશે, ત્યારે તમારામાં અનુપમ ઉદારતા આવશે: એ ઉદારતામાં આખી દુનિયા સમાઇ જાય: છતાં તેમાં પણ મર્યાદા તો ખરી જ. સમ્યગ્દૃષ્ટિની ઉદારતામાં ઔચિત્યનો ભંગ હોય જ નહિ. આજે કહેવાય છે કે—'કોઇને પણ નમસ્કાર કરવા જેટલી ઉદારતા શું કામ ન રાખવી?'—પણ એવી ઉદારતા સમ્યગ્દૃષ્ટિથી નજ સેવી શકાય, કારણ કે—તેથી ઘણા જ અનર્થો થવાનો સંભવ છે: યોગ્યતા મુજબજ નમસ્કાર હોય. "इच्छामि खमासमणो"–જેવા સુત્રનો સર્વત્ર ઉપયોગ ન જ થાય અને જો થાય તો તે સૂત્રની આશાતના કરવા બરાબર છે. સમ્યગ્દૃષ્ટિની ઉદારતામાં સ્થાન સર્વેને હોય તેમજ દુષ્ટ બુદ્ધિ કોઇ પણ પ્રત્યે નજ હોય, પણ પ્રદાન તો યોગ્યતા મુજબ અને યોગ્ય રીતિએજ હોય! હૃદય વિશાલ હોય, સંકુચિતતા ન હોય, પણ આજે જે વિશાલતાની વાતો ચાલી રહી છે તે નભે નહિ: કહેવું કે–'બધા ભાઇઓ છીએ, મિત્રો છીએ અને અમને પરસ્પર પ્રેમ છે: પણ એનો અર્થ અમે બધામાં ભેળા છીએ એ નજ થવો જોઇએ!' કોઈનું પણ ભૂંડું કરવાની ભાવના નથી–એ

વાત સાચી, પણ એનો અર્થ એ નથી કે-સર્વને સલામ જ ભરવી જોઇએ! સહવાસમાં આવનારને એમ તો લાગવુંજ જોઇએ કે-આ અયોગ્યના પૂજારી નથી જ : એક પણ અયોગ્ય વસ્તુને અહીં સ્થાપન મળી શકે તેમ નથી. અયોગ્યને સલામ ભરવાથી તો એ વધુ અયોગ્ય બને છે અને જેનું ભલું કરવા માગીએ છીયે તેનું આપણા હાથે જ બુરૂં થાય. નોકરના ભલા માટે શેઠે નોકરને નોકર તરીકે જ સાચવવો જોઇએ, નહિ તો કદાચ નોકરને દુર્બુદ્ધિ જાગે અને ઉલટું નોકરનું ખરાબ થાય. અર્થાત્-શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા જેના અંતરમાં ઉતરી જાય, તેનામાં પરના શ્રેય માટે સર્વસ્વનો ભોગ આપવાની અનુપમ ઉદારતા હોય, પણ તે ઉદારતા એવી તો ન જ હોય કે જેથી પોતાનું અને પરનું-એમ ઉભયનું અહિત થાય. માટેજ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ કે સર્વવિરતિ આત્મા રોજ પ્રભુને એજ પ્રાર્થે છે કે—'જ્યાં સુધી સંસાર રહે ત્યાં સુધી શુભ ગુરૂના યોગ સાથે તેમના વચનની સંપૂર્ણ સેવા મળો તેમજ હે ભગવન્! ભવે ભવે તારાં ચરણની સેવા મળો!'

લોકવિરૂદ્ધ અને લોકવિરોધનો તફાવત–

ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા, મંગલાચરણ કરતાં ફરમાવી ગયા કે–'આ શાસન સદા જયવંતુ વર્તે છે, કારણ કે–એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી તેમજ એમાં એકે એક યોગ્ય વિચારનો સદ્ભાવ છે : માટે જ એ શાશ્વત્ છે : એનો અભાવ કોઈ પણ કાળે નથી : ભલે અમૂક ક્ષેત્રે થાય, તે પણ ભરત અને ઐરવત એમાં જ : મહાવિદેહમાં તો સદાયે શાસન છેજ : ત્યાં તો સદાયે ચોથો આરો છે : ત્યાં જૂદા જૂદા આરા નથી. ત્યાં કોઇ કાળ એવો ન આવે કે–જે કાલમાં શાસન ન હોય, માટે શાશ્વત્ છે અને એથી જ અનુપમ છે : કારણકે–એની જોડીમાં ઉભી રહે એવી કોઈ ચીજ નથી : માટેજ તે શરૂઆતમાં જ સઘળા શ્રી જિનેશ્વરદેવોથી નમસ્કાર કરાયેલું છે : માટે જ આ શાસન સદાય જયવંતુ વર્તે છે. એ શાસનમાં–તીર્થમાં આચારની મૂખ્યતા છે.' એ આચારમાં ઘણી ઘણી કઠીનતા છે. એનું વર્ણન કરીએ તે પહેલાં, આપણે હંમેશ શ્રી જિનેશ્વરદેવ પાસે જે ભાવના વ્યક્ત કરીએ છીયે, રોજ જે વસ્તુની માગણી કરીયે છીયે, તે જો બરાબર દૃઢ થઇ જાય, તો જે આચાર જીવનમાં બરાબર ઉતારવા માગીએ છીએ, તે સ્હેલાઇથી ઉતરી શકે : માટે તમે અને અમે રોજ શ્રી વીતરાગદેવ પાસે જે વસ્તુ માગીએ છીયે, તેની વિચારણા કરી રહ્યા છીયે. એ માગણી પ્રાર્થનાસૂત્રમાં (જયવીયરાયમાં)

છે, જે આપણે રોજ શ્રી વીતરાગદેવ પાસે બોલીયે છીયે. માગણીની વસ્તુ ગણાવી ગયા. પ્રથમ તો ભવનો નિર્વેદ : એ ટકાવી રાખવા માટે માર્ગાનુસારિતા : એ ટકી રહે માટે ઈષ્ટફળ સિદ્ધિ : એમાં કોઈ જાતનો વાંધો ન આવે માટે લોગવિરૂદ્ધચ્ચાઓ એટલે લોકવિરૂદ્ધનો ત્યાગ. નિન્દાદિ લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ. નિંદાદિ કાર્યોને શાસ્ત્રમાં લોકવિરૂદ્ધ તરીકે ગણાવવામાં આવેલ છે તેનો ત્યાગ. "લોગવિરૂદ્ધચ્ચાઓ" —આ સૂત્રપદ કયી વસ્તુનો ત્યાગ સૂચવે છે, એ બરાબર વિચારો. શાનો ત્યાગ છે?, એ બરાબર સમજો. લોકવિરૂદ્ધનો ત્યાગ અને લોકવિરોધનો ત્યાગ, એ બેમાં ભેદ પડે કે નહિ? કંઈ ભેદ જણાય છે? લોક જેનો વિરોધ કરે એનો ત્યાગ કે નિયત થયેલાં લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ? આખી વસ્તુ ફરી જાય છે. 'લોકવિરૂદ્ધ' અને 'લોકવિરોધ'—એ બેમાં રહેલા મુદ્દાના ભેદને સમજો. લોક જેનો વિરોધ કરે, તે કાર્યનો ત્યાગ નહિ—પણ જે કાર્ય લોકમાં વિરૂદ્ધ હોય તે કાર્યનો ત્યાગ છે. શાસ્ત્ર કહે છે કે—ધર્મીએ લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ કરવો જોઇએ, પણ નહિ કે સામાન્ય લોક જેનો જેનો વિરોધ કરે, તે સર્વનો ત્યાગ કરવો. અત્યારે તો એમ મનાય છે કે—ગમે તેવો લોક જેનો જેનો વિરોધ કરે, તેનો ત્યાગ કરવો, પણ એમ નથી : કારણ કે—લોક એક સ્થિતિવાળો નથી. કોઈ આનો વિરોધ કરે, તો કોઈ એનો વિરોધ કરે. ક્ષણમાં આનો વિરોધ, તો ક્ષણમાં એનો વિરોધ. હવે એ અર્થ લઇને જો ત્યાગ કરવાનું કહે, તો તો કોઈપણ આત્માને ધર્મમાં સ્થિર કરી શકાય જ નહિ. અર્થ એ છે

કે–લોકવિરૂદ્ધ એટલે સમજુ લોકમાં જે જે કાર્ય નિંદ્ય હોય તેનો ત્યાગ. લોકવિરૂદ્ધ કાર્યો નિયત થયેલાં છે અને એ આપણે જોઈ પણ ગયા છીએ. જો એ પ્રમાણે ન હોય તો પાંચ આદમી આનો વિરોધ કરે અને પાંચ આદમી એનો વિરોધ કરે, તો પરિણામ શું આવે ? જો એમ લોકવિરોધનો ત્યાગ હોય, તો ભગવાન્ શ્રી મહાવીરદેવને જેમ જિન કહેનારા હતા, તેમ વિપરીત કહેનારા પણ એમનીજ હયાતિમાં પણ હતા કે નહિ ? અને હતા તો ભગવાનને છોડી દેવા ? ભગવાનની મૂર્તિને જેમ માનનારા પણ છે, તેમ નિંદનારા પણ છે, તો શું જિનમૂર્તિની પૂજા છોડી દેવી ? લોકવિરૂદ્ધનો ત્યાગ, એનો અર્થ એ નથી કે–'લોક જેનો જેનો વિરોધ કરે, તેનો તેનો ત્યાગ કરવો !' જેમ લોકવિરૂદ્ધ ત્યાજ્ય ગણાય છે, તેમ જો લોક જેનો જેનો વિરોધ કરે તે સર્વનો ત્યાગ એમ મનાય, તો તો કોઇ પણ આત્મા આ સંસારમાંથી મુક્તિને સાધી શકે જ નહિ. પહેલો ભવનિર્વેદ : એને ટકાવવા માર્ગાનુસારિતા : એને ટકાવવા ઈષ્ટફળ સિદ્ધિ : અને એને બાધા ન આવે એટલા માટે લોકવિરૂદ્ધનો ત્યાગ.

(પ્રશ્ન૦ લોકવિરૂદ્ધ એટલે શું ?)

લોક જેનો વિરોધ કરે તેનો ત્યાગ નહિ, પણ લોકવિરૂદ્ધનો ત્યાગ. વિરૂદ્ધ કાર્યો તો નિયત છે. રોજ નવાં નવાં નક્કી કરવાનાં નથી. નિયત થયેલ લોકવિરૂદ્ધ કાર્યો ધર્માત્મા ન આચરે, પણ દિ ઉગ્યે લોક ઉત્તમ કાર્યોમાં જે નવો નવો વિરોધ કરે, તેને ત્યાગવાનો ધર્માત્મા વિચાર પણ ન કરે. ગાડરીયા પ્રવાહને આધીન થવાનું હોય જ નહિ. વિરૂદ્ધ અને

વિરોધના ભાવને તથા ભેદને સમજો. લોક તો ફાવે ત્યાં, ફાવે તેનો વિરોધ કરે. લોકવિરૂદ્ધ થતાં કાર્યોને ધર્માત્માએ જેમ પ્રાણાંતે પણ ન સેવવાં જોઈએ, તેમજ લોક જે નવો નવો વિરોધ કરે તેથી ભય પામીને ધર્માત્માએ પ્રાણાંતે પણ કરણીય કાર્યોનો ત્યાગ નજ કરવો જોઇએ. શાસ્ત્રમાં સ્થલે સ્થલે લોકવિરૂદ્ધ કાર્યોની ગણના કરવામાં આવી છે. ધર્માત્મા એનો ત્યાગ કરવાની પૂરી કાળજી કરે અને તેનો ત્યાગ કરી પોતાના ધર્મસાધનાના માર્ગને નિષ્કંટક બનાવે.

(પ્રશ્ન૦ પાપની નિંદા ન કરે?)

દોષને કાઢવાનો પ્રયત્ન તે વસ્તુતઃ કોઈની નિંદા જ નથી : ભલે તે સ્વની કે પરની હોય. જનતાના ભલા માટે એક અયોગ્ય આદમીની જાણ કે પીછાણ કરાવવી પડે, ત્યાં પણ શાસ્ત્રે નિંદા નથી કહી. કુદેવથી બચાવવા—કુદેવના પાશમાં કોઈ ન ફસે માટે કુદેવનું વર્ણન કરવું પડે તેમાં, તેમજ કુગુરૂ કે કુધર્મના પાસામાં કોઈ ન ફસે માટે તેનું બ્યાન કરવું પડે તે નિંદા નથી : કારણકે—એ જનતાના ભલા માટે છે. જગતના ભલા માટે ખોટાને ખોટા તરીકે બતાવવું તે નિન્દા નથી : પોતાના દોષને દોષ તરીકે ઓળખી કાઢવાનો પ્રયત્ન તે નિન્દા નથી : પારકાના દોષને દોષ તરીકે ઓળખી, સમય આવે ત્યારે કહીને કઢાવવા પ્રયત્ન કરવો, તે કાંઈ નિન્દા નથી!

(પ્રશ્ન૦ છાપાઓમાં નિંદા આવે છે એનું શું?)

પેટભરા પત્રકારોની તમે વાતજ ન કરો. તેવા

પત્રકારોએ પોતાના પત્રકારત્વને લજાવ્યું છે. એવાં છાપાંઓનો પ્રચાર, એ સમાજમાં શ્રાપરૂપ છે. જેઓને સત્યાસત્ય તપાસવાની દરકાર નથી, જેઓ-એ પોતાના પેટ માટે પાપનો ભય તજ્યો છે અને જેઓ કેવલ સ્વાર્થની સાધનામાં જ સજ્જ છે, તેઓ તરફથી સત્ય વસ્તુના પ્રચારની આશા રાખવી, એ આકાશકુસુમની આશા રાખવા જેવું છે. જ્યાં સુધી જનતા પોતાનો ધર્મ ન સમજી જાય, ત્યાં સુધી પાપાત્માઓ પોતાની અધમાધમ વૃત્તિને પોષવામાં કદીજ પાછા પડે તેમ નથી, એ વાત નિશ્ચિત થઇ ચૂકેલીજ છે.

અસ્તુ. આવો હવે પ્રસ્તુત વિષય ઉપર. એ વાત સ્પષ્ટજ છે કે–નિંદાદિક લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ કરવાનો, પણ અજ્ઞાન લોક જેનો જેનો વિરોધ કરે એનો ત્યાગ નહિ!

શ્રી રામચંદ્રજી અને સીતાનું વૃત્તાંત–

લોકના વિરોધથી મુંઝાઇને સત્યનો ત્યાગ કરવાનું પરિણામ કેવું ખરાબ આવે છે અને એનાથી સત્યને કેટલી હાની થાય છે, એ વસ્તુ શ્રી રામાયણમાં આવશે. છતાં આ વાત ટૂંકામાં આજ પ્રસંગે કહી દઉં.—શ્રી સીતાજીની સપત્નીઓ, કે જે ઇર્ષ્યાળુ અને માયાવી હતી, તેઓએ શ્રી સીતાજીને કહ્યું કે–" રાવણ કેવા રૂપવાળો હતો તે ચીતરીને બતાવો." ઉત્તરમાં શ્રી સીતાજીએ કહ્યું કે–" મેં રાવણનું સર્વ

અંગ જોયું નથી, માત્ર તેના ચરણોજ જોયા છે. તેને હું શી રીતે ચીતરૂં ?" આ સાંભળીને તે માયાવિની સપત્નીઓએ કહ્યું કે-"તેના ચરણોને પણ તમે ચીતરો, કારણ કે-તે જોવાની અમને ઇચ્છા છે." આથી પ્રકૃતિએ કરીને સરલ શ્રી સીતાદેવીએ રાવણના ચરણોને આલેખ્યા. બસ, હવે બીજું જોઇએ શું ? ધારેલી ધારણાની સફલતા કરવા માટે જોઇતું સાધન મળી ગયું. સ્વાર્થી અને પ્રપંચી આત્માઓની દશાજ ભયંકર હોય છે. મળેલા સાધનનો દુરૂપયોગ કરવાની કળામાં કાંઇ તે આછી ઉતરે તેમ ન હતી. સીધીજ તે વાત શ્રી રામચંદ્રજી પાસે મૂકી અને સ્પષ્ટ શબ્દોમાં બોલી નાખ્યું કે—

"× × × ×, × × × ×।
रावणस्य स्मरत्यद्य—प्यसौ सीता तव प्रिया ॥ १ ॥

*

सीतास्वहस्तलिखितं, रावणस्य क्रमद्वयम् ।
पश्यैतन्नाथ ! जानीहि, सीता तस्यैव नाथते ॥ २ ॥"

*

'હજુ સુધી પણ હે નાથ ! આપની પ્રિયા આ સીતા રાવણનું સ્મરણ કરે છે. સીતાએ પોતાના જ હસ્તે આલેખેલા ચરણદ્વયને આપ જૂઓ અને જાણો કે-સીતા તે રાવણને જ નાથ તરીકે માને છે.'

*

આ પછી તે સપત્નીઓએ પોતે ઉપજાવી કાઢેલા દોષને પોતાની દાસીઓ દ્વારા લોકમાં પ્રકાશિત કર્યો અને લોકમાં અફવા ચાલી. એ અફવાથી

બુદ્ધિમાનોના હૃદય ઉપર પણ અસર થઈ ગઈ અને ઠેઠ શ્રી રામચંદ્રજી સુધી વિનંતિ કરવા આવ્યા : પણ રાજતેજની આગળ બોલવું કઠીન છે. રાજતેજથી કંપતા તેઓને અભય આપી, શ્રી રામચંદ્રજીએ તેઓને હિતકર વાત કહેવાની છૂટ આપી. છૂટ પામીને તે આગેવાનો પૈકીના એક મૂખ્ય આગેવાને કહ્યું કે-'હે સ્વામિન્! ન કહેવા લાયક વાત પણ કહેવી પડે છે કે-આટલા દિવસ સુધી રાવણને ત્યાં રહેલાં સીતાજી દૂષિત કેમ ન હોય? જે વાત યુક્તિથી ઘટી શકતી હોય, તે અવશ્ય માનવી જોઇએ : માટે આથી રાજ્યને કલંક ન લાગે તે પ્રમાણે આપે કરવું જોઇએ.' એ વખતે શ્રી રામચંદ્રજીએ આવેલા નગરના આગેવાનોને યોગ્ય શબ્દોમાં સાંત્વન આપ્યું અને શ્રી રામચંદ્ર જેવા રાજાએ પણ નિર્ણય કર્યો કે-'સીતાનો ત્યાગ કરવો.' જૂઓ-આ લોક અને લોકનો વિરોધ શું કામ કરે છે? આ લોકે માનેલા વિરોધના ત્યાગથી કયું પરિણામ આવે છે તે જૂઓ. શ્રી રામચંદ્રજીને તેવા નિર્ણય ઉપર આવેલા જોઈને, શ્રી લક્ષ્મણજી કહે છે કે-'લોકની વાણીથી આપ સીતાજીને ન તજો, કારણ કે-મુખના બંધ વિનાનો લોક તો મરજી મુજબ અપવાદને બોલનાર છે. સારા રાજ્યમાં શાંતિપૂર્વક રહેનારો લોક પણ જો રાજદોષને ગ્રહણ કરવામાં તત્પર હોય, તો તે રાજાઓ માટે શિક્ષા કરવા યોગ્ય છે અને તેમ ના હોય તો ઉપેક્ષા કરવા યોગ્ય તો છેજ."

આ પ્રમાણે શ્રી લક્ષ્મણજીએ કહેવા છતાં પણ, શ્રી

રામચંદ્રજી શ્રી સીતાજીનો ત્યાગ કરવાના પોતાના વિચારો જ્યારે નથી ફેરવતા અને સેનાપતિને–'સીતાને અરણ્યમાં તજી આવો'–આવી આજ્ઞા કરે છે, ત્યારે શ્રી લક્ષ્મણજી રોતા રોતા પગમાં પડીને શ્રી રામચંદ્રજીને વિનવે છે કે–'મહાસતી સીતાજીનો આ ત્યાગ ઉચિત નથી.' આ વિનંતિના ઉત્તરમાં શ્રી રામચંદ્રજી તરફથી જવાબ મળ્યો કે–'હવે તારે કાંઈપણ બોલવું યોગ્ય નથી.' આથી શ્રી લક્ષ્મણજી શ્યામ મુખે રૂદન કરતા પોતાના સ્થાન ઉપર ચાલ્યા ગયા. આ પછી શ્રી રામચંદ્રજીએ 'કૃતાંત વદન' નામના સેનાપતિને આજ્ઞા કરી કે–'સીતાને શ્રી સમ્મેતશિખરજીની યાત્રાનો દોહદ છે, માટે એ બ્હાનાથી તેને વનમાં લઇ જા.' સેનાપતિ તો આજ્ઞાને આધીન: એનું હૃદય કંપે છે, પણ કરે શું? આજ્ઞાનો અનુચર. સીતાજીને તીર્થયાત્રાને બ્હાને રથમાં બેસાડીને લઇ જાય છે. દુર્નિમિત્તો અનેક થવા છતાં પણ શ્રી સીતાજી શંકારહિતપણે રથમાં બેસી, ઘણે દૂર પહોંચી ગયાં. એક ભયંકર અરણ્યમાં રથ આવી પહોંચ્યો. સેનાપતિ પણ વિચારમગ્ન અવસ્થામાં ઉભો રહ્યો, કારણ કે–શ્રી સીતાજી-ને રથમાંથી ઉતારે કોણ? સેનાપતિથી બોલી પણ શકાતું નથી. શું કહે? પોતે મુંઝાય છે. અન્યાય થાય છે, એમ સમજે છે–પણ રામચંદ્રને કહે કોણ? લક્ષ્મણ જેવાનું ન માન્યું, એ રામચંદ્રને કોણ કહી શકે? પોતે આઘે ઉભો રહીને રૂએ છે. એ જોઇને સીતાજી પૂછે છે કે–'ભાઇ! છે શું?' સેનાપતિ કહે છે–'દેવી! રામચંદ્રજીનો હુકમ છે કે–આપનો અહીં ત્યાગ કરી આવવો.' આ સાંભળી સીતાને મૂર્ચ્છા આવે છે:

આઘાત થાય છે: તકલીફ ઘણી થાય છે. પોતે ગર્ભવતી છે. પછી મૂર્ચ્છા વળે છે ત્યારે કહે છે કે-'કેવો અન્યાય! પરીક્ષા વિના દંડ? હે સેનાપતિ! તું જઈને કહેજે કે-વગર પરીક્ષાએ દંડ દેવો, એ તારા જેવા રઘુવંશમાં પેદા થયેલા વિવેકીને છાજતું નથી: પણ એ દોષ તારો નથી, મારા કુકર્મનો છે: પણ એક સંદેશો તું જરૂર આપજે કે-" **ખલ પુરૂષોની વાણીથી જેમ મારો ત્યાગ કર્યો, તેમ મિથ્યાદષ્ટિની વાણીથી જિનધર્મનો ત્યાગ ન કરશો.** " બસ! સેનાપતિ ગયો અને આ સંદેશો કહ્યો કે તરત રામચંદ્રને મૂર્ચ્છા આવી: એમને પણ એમ લાગ્યું કે-'મેં જુલમ કર્યો કે ખલ લોકની વાણીથી સીતાનો ત્યાગ કર્યો.' પછી શ્રી લક્ષ્મણના કહેવાથી શ્રી રામચંદ્રજી જાતે સેનાપતિ અને ખેચરો સાથે ગયા, પણ સીતાજીનો પત્તો ન લાગવાથી પાછા આવ્યા: એટલે એનો એ લોક શ્રી સીતાજીના ગુણ ગાવા લાગ્યો અને શ્રી રામચંદ્રજીની નિંદા કરવા લાગ્યો. બેવકૂફ લોક તો ગમે તેમ બોલે, પણ માની લેવાય? અરે માનો કે-સીતા તેવી હોય તોયે આમ તજાય? ગર્ભવતીને તજાય?

(**સભામાંથી**૦ દુનિયા દોરંગી છે.)

અરે દોરંગી નહિ, પણ વિવિધ રંગી છે: અનેક રંગી છે. પુણ્યશાલિની શ્રી સીતાદેવીને તો અટવીમાં પણ સાધર્મિ મલ્યો અને લઇ ગયો. ત્યાં તેમને બે પુત્રો લવ અને કુશ નામે થયા. તેઓએ પિતા-કાકા સાથે યુદ્ધ કર્યું. સીતાજીએ દીવ્ય કર્યું અને છેવટે દીક્ષા લઇ કલ્યાણ સાધ્યું. આપણે તો આ સ્થાને-'લોકની દશા શી છે?' એજ જોવાનું છે. જે

સમયે મહાસતી શ્રી સીતાદેવીએ દીવ્ય કરવાની કબુલાત કરી, તેજ સમયે લોકોએ ઉદ્‍ઘોષણા પૂર્વક નિષેધ કર્યો અને કહ્યું કે–'નિશ્ચય પૂર્વક સીતાદેવી મહાસતી છે.' આના ઉત્તરમાં શ્રી રામચંદ્રજીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે–"હે લોકો ! તમારામાં કોઈ પણ જાતિની મર્યાદા ક્યાં છે? તમે ને તમે જ અદૂષિત કહો અને તમે ને તમેજ કલંકિત કહો : સામે કાંઇ બોલો અને દૂર કાંઇ બોલો : તમારૂં ઠેકાણું શું? ફરી પણ દૂષિત કહેવામાં તમને પ્રતિબંધ શો છે? માટે બસ, સીતા! દીવ્ય કરો." દીવ્યની કાર્યવાહી થઇ ગઈ અને તે જોઈ શ્રી રામચંદ્રજી પણ કમકમી ઉઠયા : અને અનેક જાતિના વિકલ્પો કરવા લાગ્યા : કારણ કે–દીવ્યની ગતિ વિષમ હોય છે. શ્રી રામચંદ્રજી તો વિચાર કરતાજ રહ્યા અને મહાસતી શ્રી સીતાદેવીએ અગ્નિની ધખધખતી ખાઇમાં ઝંપલાવ્યું. હવે આ વખતે ઉદ્યાનમાં એક મુનિવરને કેવલજ્ઞાન થયું હતું, તેનો મહોત્સવ કરવા ઇંદ્ર પોતાના સેનાપતિ તથા દેવતાઓ સાથે જતા હતા. ત્યાં દેવતાઓની વિનંતિથી આ પ્રસંગ જાણીને તરત ઇંદ્ર મહારાજે, પોતાના સેનાપતિ દેવને શ્રીમતી સીતાદેવીને સહાય કરવાને ફરમાવ્યું. પોતે કહ્યું કે–'આ બેય ધર્મકાર્યો છે : હું કેવળજ્ઞાનીનો મહોત્સવ કરવા જાઉં છું અને તમે સીતાજીના શુદ્ધિપ્રસંગને સાચવી લો.' સીતાજીએ જેવું ચિતામાં પડતું મૂકયું, કે તરત એ ખાઈ પાણીથી ભરાઇ ગઈ : અંદર સુવર્ણ કમળ ગોઠવાઈ ગયું : એના ઉપર સીતાજી બેઠાં : પાણી તો જોસભેર વહેવા માંડયું : વિદ્યાધરનાં સિંહાસનો પાણીમાં તરવા લાગ્યાં. 'હે મહાસતી ! બચાવો,

બચાવો!'–એમ વિદ્યાધરો બોલવા લાગ્યા: શ્રી સીતાદેવીએ પોતાના હસ્તથી વહેતા પાણીને વાળી લીધું. આથી શ્રી સીતાદેવીના શીલની પ્રશંસા કરનારા શ્રી નારદજી વિગેરે આકાશમાં નાચવા લાગ્યા. દેવતાઓએ આકાશમાંથી શ્રી સીતાદેવીના શિર ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને લોકો પણ '**अहो शीलम् अहो शीलम्**'–આવી ઉંચા સ્વરે ઉદ્‌ઘોષણા કરવા લાગ્યા. પોતાની માતાના પ્રભાવને જોઇને આનંદ પામેલા 'લવણ' અને 'અંકુશ' નામના શ્રી સીતાદેવીના પુત્રો હંસની માફક તરતા તે પોતાની માતા પાસે પહોંચી ગયા અને શ્રી સીતાદેવીએ મસ્તક સુંઘીને પોતાની પાસે બેસાર્યા. પછી લક્ષ્મણ આદિએ નમસ્કાર કર્યા અને શ્રી રામચંદ્રજીએ પણ હાથ જોડવા પૂર્વક ક્ષમાપના કરી તથા પોતાની સાથે વિમાનમાં બેસવા અને ઘેર આવવા કહ્યું: પણ શ્રી સીતાદેવીએ તો કહ્યું કે–'આમાં કોઇ અન્ય લોકોનો દોષ નથી, કેવલ મારા પૂર્વકર્મોનોજ દોષ છે: ખરેખર, હું આ રીતે દુ:ખને આપનારાં કર્મોથી હવે નિર્વેદ પામી છું, માટે એ કર્મોનો ઉચ્છેદ કરનારી પ્રવજ્યાનો સ્વીકાર કરીશ.' આ પ્રમાણે કહીને મહાસતી શ્રી સીતાદેવીએ પોતાના માથાના વાળ ઉખેડી શ્રી રામચંદ્રજીને સમર્પણ કર્યા: શ્રી રામચંદ્રજી એ જોઇ મૂર્ચ્છિત થાય છે: સીતાજી સીધાં ચાલ્યાં જાય છે: કેવળજ્ઞાની પાસે જઇ વ્રત લે છે. રામચંદ્રજી તો હજી મૂર્ચ્છિત છે. એમની આજ્ઞા લેવા પણ સીતાજી ન રહ્યાં. સીતાજી આજ્ઞાપાલક હતાં કે નહિ? કદિ આજ્ઞા તોડી છે? પણ અત્યારે સીધાં જઇ વગર આજ્ઞાએ પણ વ્રત લે છે.

રામચંદ્રની મૂર્ચ્છા વળી ગઇ એટલે સીતાને ન જોવાથી પૂછ્યું કે–'સીતા ક્યાં ગઇ ?' કોઇએ પણ ઉત્તર નહિ આપવાથી રામચંદ્ર કોપાયમાન થયા : કહ્યું–'જાઓ ! જીવવાની ઇચ્છા હોય તો લુંચિત કેશવાળી સીતાને પણ મને જલ્દી દેખાડો ! મારી દુઃખી અવસ્થામાં પણ આ બધા ઉદાસીનપણે ઉભા છે ?'–એમ કહીને રોષમાં ને રોષમાં બધાને મારવાના જ એક ઇરાદાથી ધનુષ્યને ગ્રહણ કરતા ભાઇને શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે–' હે આર્ય ! આ શું કરો છો ? ખરેખર, આ સઘળો લોક આપનો કિંકર છે. દોષથી ભય પામેલા અને ન્યાયનિષ્ઠ એવા આપે જેમ સીતાદેવીનો ત્યાગ કર્યો હતો, તેમ ભવથી ભય પામેલાં અને પોતાના આત્મકલ્યાણરૂપ સ્વાર્થમાં એકતાન બનેલાં શ્રી સીતાદેવીએ સર્વસ્વનો ત્યાગ કર્યો. આપની જ હાજરીમાં શ્રી સીતાદેવીએ પોતાના હાથેજ કેશોને ઉખેડી નાખીને, વિધિ મુજબ ઉદ્યાનમાં રહેલા મુનિવર પાસે દીક્ષા અંગિકાર કરી છે અને ઉદ્યાનમાં હમણાં જ તે મુનિવરને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેનો મહોત્સવ પણ અવશ્ય કરવા યોગ્ય છે અને વ્રતધર શ્રી સીતાજી પણ ત્યાં જ છે.' આ સાંભળી સ્વસ્થ બનેલા શ્રી રામચંદ્રજી પણ બોલ્યા કે–'સારી વાત છે કે સીતાએ કેવલજ્ઞાની મુનિવર પાસે દીક્ષા અંગિકાર કરી.' આજે આ રીતે શાંત કરે એવો ભાઇ પણ ક્યાં છે ?

*

હવે તો એનું એ લોક તાળી પાડી કહેવા લાગ્યું કે–'ધન્ય છે સીતાને!' દીવ્ય કરી રહ્યા પછીથી દરેક વખતે લોક હવે સીતાને વખાણવા લાગ્યું. લોકને શું ? જેવો વાયરો

વાય તેવું બોલે. આપણો મુદ્દો એ છે કે-'લોકની દશા કયી ?' લોક તો વાત વાતમાં વિરોધ કરે. વાત સજ્જનની કહેલી છે કે દુર્જનની-એની પરીક્ષા લોકને થોડી કરવી છે? લોકનો સ્વભાવજ એ છે કે-એ તો હરેકની વાત ફાવે તેમ ફેલાવે. ગાંડા લોકના વિરોધથી મુંઝાઈ જઇને શ્રી સીતાદેવીનો ત્યાગ કરવાથી, શ્રી રામચંદ્રજી જેવા મહાપુરૂષને પણ પશ્ચાત્તાપ કરવો પડયો તો પછી બીજાનું શું? માટે શાસ્ત્રકાર મહર્ષિઓ લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ ફરમાવે છે, પણ લોકના વિરોધ માત્રથી ગભરાઇ જઇને સત્ય વસ્તુનો કે સત્ય વસ્તુની ઉપાસનાનો ત્યાગ કરવાનું ફરમાવતા નથી,-એ ધર્મના આરાધક આત્માઓએ બરાબર સમજી લેવા જેવું છે.

(**પ્રશ્ન૦** સીતાજીને દીક્ષા આપી ત્યારે શ્રી રામચંદ્રજી વિગેરે ત્યાં આવીને તોફાન કરત તો ?)

ભૂલ્યા ! આ વાત કદી બનેજ નહિ, પણ માની લો કે કદાચ બને, તો ઇંદ્ર બધાને પહોચી વળવા સમર્થ હતા. જે કાલમાં વિરોધીઓ બળવત્તર હોય ત્યારે નાની સંખ્યામાં રહેલા પણ ધર્મીનું બળ એવું હોય છે કે-પેલાઓને પાછા જવું જ પડે શાસન જયવંતુ છે. શાસન રહેવાનું ત્યાંસુધી રક્ષક પણ જયવંતા રહેવાના જ! જો એમ ન ચાલે તો તો અરાજકતા થાય! સજ્જનો જીવી શકે જ નહિ!! સારો કાલ હોય ત્યારે સજ્જનને સહેવું ન પડે: વગર સહ્યે સાધ્ય સાધી શકે એ વાત ખરી! અને ખરાબ કાલમાં વેઠવું પડે પણ કાંઇ નાશ ન પામી જાય. હરેક કાલે જેવા જેવા વિરોધી

હતા, તેવા તેવા રક્ષક હતા, હોય છે: વર્ત્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ હશે.

*

એક સાચો ધર્માત્મા, લાખ્ખો અધર્મીમાં હીરાની જેમ ઝળકે છે. અધર્મીને તો પહેલું હૃદયજ ડંખે. ચૌદઆની બળ તો ત્યાંજ નાશ પામે. બાકીના બેઆની બળ પર ધમાચકડી કર્યા કરે, પણ ધર્માત્માની દૃષ્ટિ એ બધા બળને ઢીલું કરે. તમે જૂઓ, જ્યારે-ત્યારે ધર્મીઓની દૃષ્ટિ કયી હોય છે? 'હશે'-'હશે' એવી દૃષ્ટિ છતાં આ શાસન કાયમ અને વિરોધિઓની ધાંધલ આટલી આટલી છતાં ત્યાં નાસીપાસી! કારણ એ છે કે-અહીં મૂળ સાચું છે. એક એક ધર્મીની સુંદર જાગૃતિ હોય તો ઘણીજ સારી અસર નીપજાવે. અરે, સુધર્મા ઇંદ્રને વચ્ચે આવવાની જરૂરજ ન પડે: જૂઓને! શ્રી રામચંદ્રજીના ગુસ્સાને શ્રી લક્ષ્મણજીએજ ન વધવા દીધો! હાથમાં બાણ લેવાને તૈયાર થયા કે તરતજ શ્રી લક્ષ્મણે આવીને શાંત કર્યા. આ મહાપુરૂષો પુણ્યવાન એવા કે-એમને સલાહ આપનારા સાથેજ હોય. શ્રી લક્ષ્મણજીનો આત્મા તો નરકગામી, વિરતિનો ઉદય પણ નહિ, છતાં પણ વસ્તુ પ્રત્યે સદ્ભાવ કેટલો? કેવા મજેના શબ્દ બોલી શ્રી રામચંદ્રજીને શાંત કર્યા? એ શબ્દો એવી ઉંચી કોટિના છે કે-ગમે તેવા કષાયમાં ચઢેલા આત્માને પણ શાંતિ આપ્યા વિના રહે નહિ. શ્રી લક્ષ્મણજી બોલ્યા છે કેઃ-'હે આર્ય! આ શોભે? કોઇ પ્રભુનો માર્ગ આરાધે તે સામે આપણો વિરોધ હોય? આપણે સંસારમાં રોળાતા હોઇએ તો ભલે રોળાઇએ,

પણ કોઈ છૂટતું હોય ત્યાં વિરોધ હોય ?' ઉપકારી પુરૂષોએ તો કહ્યું છે કે-'એક સર્વવિરતિ થાય ત્યારે સમ્યગ્દષ્ટિ આત્માઓને ઘેર ઘેર વધામણાં હોય.

લક્ષ્મણ ઉપરનો શ્રી રામચંદ્રજીનો મોહ.

(પ્રશ્ન૦ લક્ષ્મણ પર રામનો મોહ ખરોને ?)

અરે, એ મોહ તો મહા ભયંકર ! છ મહિના શ્રી લક્ષ્મણજીનું શબ લઇ શ્રી રામચંદ્રજી ફર્યા છે. સેનાપતિ કે જે દીક્ષા લઇ દેવલોકે ગયો હતો, એના પ્રતિબોધથી શ્રી રામચંદ્રજી બોધ પામ્યા છે. લક્ષ્મણ કેવી રીતે મૃત્યુ પામ્યા એ જાણો છો ? ઇંદ્રસભામાં રામ અને લક્ષ્મણના સ્નેહની વાતને સાંભળીને બે દેવતાઓ કૌતુકથી પરીક્ષા કરવા લક્ષ્મણજીના મકાન ઉપર આવ્યા અને માયાથી શ્રી લક્ષ્મણજીના આખા અંતઃપુરને, શ્રી રામચંદ્રજી મરી ગયા હોય એવી રીતે રોતું બતાવ્યું. એ રીતે રોતા અંતઃપુરને જોઈને શ્રી લક્ષ્મણજી બોલ્યા કે:-'શું મારા જીવિતના પણ જીવિતરૂપ મારા ભાઇ મરણ પામ્યા ? હા ! છલઘાતી કૃતાંતે શું કર્યું ?' -આ પ્રમાણે બોલતાં શ્રી લક્ષ્મણજીનું જીવિત તે વચનની સાથેજ નાશ પામ્યું. શ્રી લક્ષ્મણજીને મરેલા જોઈને દેવતાઓ પણ ઘણાજ ખિન્ન થયા અને પોતાની ખૂબ નિંદા કરતા, પોતાના દેવલોકમાં ચાલ્યા ગયા. આ બાજુ શ્રી લક્ષ્મણજીનું અંતઃપુર આક્રંદ કરવા લાગ્યું. આ આક્રંદને સાંભળી શ્રી રામચંદ્રજી આવ્યા અને બોલ્યા કે:-'વગર જાણ્યે આ અપમંગલ શું આરંભ્યું છે ? હું પણ જીવું છું અને મારો ભાઇ પણ જીવે છે. ભાઇને કોઇ મોટા વ્યાધિની પીડા છે. ઔષ-

ધથી મટી જશે.'–એમ કહી વૈદ્યાદિકને બોલાવ્યા. સઘળા ઉપાયો નિષ્ફળ ગયા. આથી આખા કુટુંબમાં ભયંકર આક્રંદ ચાલ્યું. સર્વત્ર શોક છવાઈ ગયો. રામચંદ્રજી પણ મૂર્ચ્છિત થયા. મૂર્ચ્છા વળ્યા પછી વિલાપ કરવા લાગ્યા. આ સમયે શ્રી રામચંદ્રજીના પુત્રો ' લવણ ' ને ' અંકુશ ' પિતાજીને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કેઃ–

' લઘુપિતાના મૃત્યુથી અમે આજે સંસારથી ઘણાજ ભય પામ્યા છીએ : સર્વને માટે આ મૃત્યુ અકસ્માત્ આવે છે : માટે મનુષ્યોએ મૂલથીજ પરલોકની સાધના માટે તત્પર થઈને રહેવું જોઇએ : માટે અમને દીક્ષા માટે અનુમતિ આપો, કારણ કે–હવે આ લઘુ પિતા વિનાના ઘરમાં રહેવું એ યોગ્ય નથી.'

*

ભાગ્યશાલિ ! કહો, આ સમય દીક્ષાની અનુમતિ માગવા જેવો તમને લાગે છે ? અહીંયાં ઔચિત્ય અને અનૌચિત્યની ચર્ચા કરનારાઓને બોલવાનું સ્થાન રહી શકે છે ? વૈરાગ્ય, એ એવી વસ્તુ છે કે–ત્યાં સાંસારિક વ્યવહારોને વાસ્તવિક રીતિએ સ્થાન નથી. અને આજે જે વ્યવહારોની ચિંતા છે, તે સૂચવે છે કે–વિરાગીના વિરાગમાં શિથિલતા છે અને બીજાઓને વૈરાગ્યની કિંમત નથી. અન્યથા આ દશા હોય જ નહિ. આ બાજુ શ્રી રામચંદ્રજી તો ભયંકર શોકાવસ્થામાં છે. આ અવસ્થામાં રજા આપે એ પણ અશક્ય જેવું છે. આથી એ બન્ને પુણ્યશાલિ અને પરમ

વિરક્ત આત્માઓ 'શ્રી લવણુ' અને 'શ્રી અંકુશ' માત્ર આટલું કહીનેજ ચાલતા થયા અને દીક્ષા અંગિકાર કરી: ગુરૂએ આપી પણ દીધી, આરાધી અને મોક્ષ પણ ગયા.

*

શ્રી લક્ષ્મણજીના મૃત્યુના અને આવી પરિસ્થિતિના સમાચાર આખી અયોધ્યામાં ફેલાઈ ગયા છે. આ સંયોગોમાં પણ ગુરૂએ દીક્ષા આપી દીધી. આ પછીથી રામચંદ્રજી પણ ભાઈની વિપત્તિથી અને પુત્રોના વિયોગથી વારંવાર મૂર્ચ્છા પામવા લાગ્યા અને મોહથી બોલવા લાગ્યા કે:–'હે ભાઇ! શું મેં કોઇ વખતે કંઇ પણ તારૂં અપમાન કર્યું છે, કે જેથી તેં આ પ્રકારનું મૌન અંગિકાર કર્યું છે? તું આવો થયો ત્યારે તો હે ભાઇ! પુત્રોએ પણ મારો ત્યાગ કરી દીધો.' આ પછી અનેક સમજાવનારા સમજાવે, તે છતાં પણ મોહના વશપણાથી નહિ સમજતાં, શ્રી લક્ષ્મણજીના શબને રોજ નવરાવે, ધોવરાવે, ખોળામાં બેસાડે ને મનાવતા હોય તેમ ચેષ્ટા કરે. આવી રીતે રામચંદ્રજી જેવા પણ લક્ષ્મણના મોહમાં આટલા ઘેલા થયા હતા! આ રીતે કરતાં તેઓએ છ માસ વિતાવી દીધા અને પરિણામે પોતાના સેનાપતિ, કે જે સંયમ આરાધી દેવ થયો હતો, તેનાથી બોધ પામ્યા અને અનેકની સાથે સંયમ અંગિકાર કર્યું. શ્રી રામચંદ્રજી નીકળ્યા એમ જાણી સોળ હજાર મુકુટબદ્ધ રાજાઓ પણ સંયમધર થયા. તે વખતે સાડત્રીસ હજાર સ્ત્રીઓએ પણ સંયમનો સ્વીકાર કર્યો. પરમ સંયમધર શ્રી રામચંદ્રજી એક વખતે કોઇ અટવીમાં રહેલી ગુફામાં રહ્યા હતા, ત્યાં ધ્યાન-

મગ્ન થયેલા તે પરમર્ષિને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું અને તે દ્વારા શ્રી લક્ષ્મણજીને નરકમાં પડેલા જોયા અને એથી 'ધર્મકર્મ વિનાનું લાંબુ આયુષ્ય પણ અંતે નરકને આપનારૂં નિવડયું : ખરેખર, કર્મનો વિપાકજ ભયંકર છે '—એમ વિચાર્યું. તે પછી પૃથ્વીતલને પાવન કરતા તે મુનિવર કોટિશિલા ઉપર પધાર્યા. ત્યાં ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઇ, કેવલજ્ઞાન પામી, અનેક ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી મુક્તિપદને પામ્યા. વૈરાગ્ય થાય ત્યારે દુનિયાનું ઔચિત્ય, વિરક્ત આત્માને બાધ ન કરે. રામાયણ, એ દીક્ષાની ખાણ છે—એ હું જણાવી ચૂકયો છું. રામાયણમાં આવતા રાજામહારાજાઓમાં સંખ્યાબંધ સંયમધર થયા છે. શ્રી હનુમાનજીને સૂર્યાસ્ત જોઇને વૈરાગ્ય થયો છે અને તરતજ દીક્ષા લીધી છે : તેમજ તેમની સાથે સંખ્યાબંધ રાજાઓએ અને રાણીઓએ સંયમ અંગિકાર કર્યું છે. વિચારો કે—આ રાજકુટુંબોની ભાવના કેવી હશે ?

આલંબન ઉંચાં લ્યો !

સૂર્ય તો હંમેશાં અસ્ત થાય છેજ ને ? પણ તમને તે જોઈ એવા ઉત્તમ વિચારો આવે છે ખરા કે જેના યોગે વૈરાગ્ય થાય ? અરે, એક શહેરમાં એક માણસની સ્ત્રી ફાનસ સળગાવતાં સળગી ગઈ : સખત રીતે દાઝી : તે માણસ પણ તે બનાવ જોઇને થરથરી ઉઠયો : દવા પણ કયાં ચોપડે ? ચામડી એવી બળી ગઈ હતી કે—જોતાં જ કંપારી છૂટે અને થોડા કલાકમાં એ બાઇ મરણ પામી. એ આદમી રોજ વ્યાખ્યાનમાં આવતો હતો. તે દિવસે બપોરે આવી

બધી વાત કહી અને પોતાને બહુ ત્રાસ થયો છે એમ જણાવ્યું. ‘ સમયે હિતકર સૂચના કરવી જોઈએ ’—એ ન્યાયે મેં કહ્યું કે:—‘ ભાઈ ! સંસારનું સ્વરૂપ જ એવું છે ! આયુષ્ય ક્ષણિક છે માટે ચેતવા જેવું છે.’ એટલે તરત એ આદમી હસી પડયો અને કહેવા લાગ્યો કે:—‘ આપ તો આપની જ વાત કરો છો, પણ એ કાંઇ બને નહિ : સંસારમાં એમ તો બન્યાજ કરે છે : એથી કાંઇ ડરીએ–બરીએ નહિ. ’ હવે આ સ્થિતિમાં સૂર્યાસ્ત જોવાથી શું અસર થાય ? એ અસર તો પુણ્યશાલી પુરૂષોને જ થાય. સંસ્કારો એવા કેળવો, સંયોગો એવા મેળવો, વાર્તાલાપ એવો કરો કે—ઉત્તમ વિચારો અને વૈરાગ્ય સહજ થાય. ધર્મગોષ્ઠિ કરો અને નવરી વાતોમાં ન પડો, તો ઉત્તમ વિચારો અને વૈરાગ્ય કેમ ન આવે ? નાનીશી જીંદગી ! એમાં જો ખરાબ સંસ્કારમાં પડી ગયા અને જાગૃત ન થયા તો પસ્તાવું પડશે. નાનાં બાળકો દીક્ષા લે છે એની દયા આવે છે, પણ મોટા નથી નીકળતા તેનું શું ? તમારી પોતાની પણ દયા આવે છે કે નહિ ? મોટાએ નીકળવું નહિ, નાનાને નીકળવા દેવા નહિ, એ ન્યાય કયાંનો ? વસ્તુનો વિરોધ કયી રીતે કરવામાં આવે છે તે સમજાતું નથી. દુનિયાના વ્યવહારમાં પણ બાળકને સમજાવીને કામ લેવાય છે. નીશાળે ન જતો હોય તો પૈસો આપીને કે ચીજ આપીને પણ મોકલવામાં આવે છે. એ લાલચ આપીને બાળકને નિશાળે મોકલવું, એ તમે સારૂં માનો છો યા નહિ ? કહોને કે—માનીએ જ છીએ, કારણ કે—જે સારી ચીજ છે, તે જે યુક્તિથી અને જે જાતિના પ્રયત્નથી

દેવાય એ પ્રયત્નથી દેવી એ હિતકરજ છે. બાળક સારી વસ્તુનો જે રીતે રસીઓ બને, તે રીતે આચરવામાં કશીજ હરકત નથી: કારણ કે-બાલ્યાવસ્થા એવી છે કે-એને જેવી કેળવવી હોય તેવી કેળવાય. વારૂ કહો, હવે દીક્ષા એ ચીજ સારી છે કે ખોટી છે ? સ્કુલમાં બેસનારા છોકરાઓ પણ નઠોર નથી હોતા ? ઘણાયે બજારોમાં બેસનારા વેપારીયો અને ધંધા કરનારાઓ ભીખ નથી માગતા ? છતાં એ ચાલુ છે. ત્યાં તો તમે બહુ એક્કા છો. કોઇ નવી પેઢી કાઢે એને કોઈ ના કહે ? કોઇ એમ કહે કે-'ઘણાંએ દેવાળાં કાઢયાં માટે ઘેર બેસો ?' અને કદાચ કોઈ તેમ કહે તો પણ સાંભળનારો કહી દે કે:-" એ બીજા, અમે એવા નહિ : જો આ પેઢી, ફલાણી પેઢી ચાલુ છે ને ? અમે પણ એવા મશહુર છીએ. " ત્યાં બધા શાહુકારના દાખલા લે અને અહીં બધા પડેલાના, દેવાળીયાના દાખલા દે. આ પડયા, તે પડયા, એ દાખલા જ હાથ આવે. ચઢેલાના દાખલા હાથ લે તો તો વાંધો આવે. જ્ઞાની કહે છે કે-'દાખલા ચઢેલાના લો ! પડેલાને સંભારો નહિ.' પડેલાનાં દ્રષ્ટાંત લેવાં એ તો દેવાળીયાનું કામ અને ચઢેલાનાં દ્રષ્ટાંત લેવાં તે શાહુકારનું કામ. ફલાણે કુકર્યું એવું શાહુકાર ન જૂએ. એ તો જાત વેચીને પણ આબરૂ રાખે. અને જેને પાઘડી ફેરવવી હોય તે તો એમજ કહે કે-'એમાં નવાઇ શી ? બધા એમજ કરે છે.'-એમ વિચારી ઝટ નાદારીમાં નામ નોંધાવે. અહીં તો સારી ચીજ માત્ર શુદ્ધ હૃદયથી-શુદ્ધ ભાવથી દેવાની અને લેવાની છે. દેનારની ભાવના ખોટી

હોય તો પણ લેનાર તો તરીજ જાય. ગુરૂજ પહેલાં મોક્ષે જાય અને શિષ્ય પછી જ જાય, એ કાયદો અહીં નથી. શિષ્ય પહેલો પણ જાય અને ગુરૂ ન પણ જાય : પાછળ પણ રહી જાય : અને શિષ્ય સારો હોય તો ગુરૂને પણ ખેંચીને લઈ જાય. શિષ્ય પ્રથમ મુક્તિએ જાય, એ આ શાસનમાં નવું નથી. આ શાસન તો આરાધક માટે છે. જે આત્મા અધિક આરાધના કરે તે પ્રથમ મુક્તિએ જાય, ઓછી કરે તે પછીથી જાય અને વિરાધના કરે તો ડૂબી પણ જાય ! માટે હરેક રીતે જનતાને આરાધક બનાવવા સુપ્રયત્નો ચાલુ જ રહેવા જોઇએ. આ બધી ધૂનનની તૈયારી થાય છે. હલાવવું પડશે. અજ્ઞાન વાતાવરણથી દુનિયા ડૉળાઇ રહી છે. માટે સાવધાનીથી જોરદાર પ્રયત્નો ચાલુ રાખવા જ જોઇએ. સુસ્ત કે બેદરકાર રહેવું, એ અત્યારના સમયમાં ઘાતક બનવા જેવું છે : માટે સહુએ પોતાની શક્તિનો સંપૂર્ણ સદ્‌વ્યય કરવો જ જોઇએ : અને એ માટેજ આપણી છેલ્લી માગણી એ છે કે–'આ સંસારથી મુક્તિ ન થાય ત્યાં સુધી:—

" तह वि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं । "

[૧૮]

ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા ફરમાવી ગયા કે—'આ શાસન જયવંતુ વર્તે છે, કારણ કે—આમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ સુંદર વિચારનો ઇન્કાર નથી : એક પણ સુંદર વિચાર એમાં નથી એમ નથી. એના સિદ્ધાંતો બધી અપેક્ષાએ એવી રીતે સિદ્ધ થયેલા છે કે—એને સેવનાર કર્મમલથી રહિત થઈ નિયમા મુક્તિપદે જાયજ. એથીજ તે શાશ્વત્ છે, અનૂપમ છે અને સઘળા શ્રી તીર્થંકરદેવોથી નમસ્કાર કરાયેલું છે.' આ તીર્થમાં આચાર એ મૂખ્ય વસ્તુ છે. આ તીર્થના આચારને જીવનમાં ઉતારવા હોય તો ભાવના બહુજ મજબૂત જોઇએ. એ મજબૂતી માટે રોજ બોલાતા પ્રાર્થનાસૂત્ર ઉપર વિચારણા કરી રહ્યા છીયે. એ પ્રાર્થનાસૂત્ર જો હૃદયપૂર્વક બોલાય, તો ગોઠવણ એવી મજેની છે કે—જરૂર ભાવના મજબૂત થાય. પ્રાર્થનાની શરૂઆતમાંજ 'ભવનિર્વેદ'ની માગણી છે. સંસારપર નિર્વેદ ન થાય, ત્યાં સુધી આગળના એક પણ ગુણની વાસ્તવિક પ્રાપ્તિ થઇ શકે તેમ નથી. દુર્ગંધ જાય નહિ ત્યાં સુધી સુગંધિ ન આવે : દુર્ગંધિનાં પરમાણુ નાસિકામાં મૂકી ફરનારને, ગુલાબની સુગંધિ ન આવે એમાં કાંઇ બગીચાનો દોષ છે ? સુગંધિનો ખપ હશે તેણે દુર્ગંધિ કાઢવીજ પડશે. એ દુર્ગંધિ એવી રીતે નીકળવી જોઇએ કે—એનું સ્મરણ પણ ન થાય. તો પછી એની વાતચીત, ઉપદેશ વિગેરે તો હોયજ શાનાં ?

* * *

<u>પ્રાસંગિક—</u>

આચારની કમીના હોય તો હજુ પણ નભે : ' સંવિજ્ઞ પાક્ષિક 'ને શાસનમાં સ્થાન છે, એનું કારણ શું ? કારણ એજ કે–'તે પુણ્યાત્મામાં આચારની ન્યૂનતા છે, પણ ભાવ સંવેગનો છે : એ સાચાને ખોટું તો નજ કહે'. સંયમને પરિપૂર્ણપણે નહિ પાળી શકનાર સંવિજ્ઞ પાક્ષિક જરૂર પડે તો ('જરૂર પડે તો'–એ શબ્દો યાદ રાખો) સાંભળવાની છૂટ, અરે પાસથ્થો કે જેનામાં સંયમની શિથિલતા છે, પણ વસ્તુ માર્ગને અનુસરતી કહેતો હોય, તો વખતે (વખત આવે તો, હાં !) એના વચનને સાંભળવાની પણ છૂટ છે.

(**પ્રશ્ન૦** રૂપીઆ આપીને સાંભળતા અને સંભળાવતા માટે શું ?)

એટલી હીન કોટિની વાત હું નથી કરતો : અને આને માટે પણ કદાચ : કદાચ હાં ! ખપ પડે તો !! સાંભળ્યા વિના વસ્તુનો નાશ થતો હોય તો સાંભળે. 'કદાચ'–શબ્દ બરાબર યાદ રાખવાનો છે. પાસથ્થાને સાંભળવાની છૂટ દીધી, એનું કારણ શું ? આચારમાં ઢીલો ખરો, પણ આને–એટલે કે આગમને–શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને માથે ધરનારો–હૈયે રાખનારો માટે ! એ દેશના આપે તો એજ આપે, પણ વિરૂદ્ધ ન આપે. તેથી આચારમાં ચાહે તેવો પ્રવીણ હોય, પણ જો આનો (આગમનો) અનુયાયી ન હોય, એટલે કે–આગમથી વિરૂદ્ધ બોલનાર હોય, તો એના આચારની પણ કીંમત નથી : એને સાંભળવું એ પણ યોગ્ય નથી ! જેના યોગે આ બધું મળ્યું, તેનો ઇન્કાર કરે તો મળેલું પણ નકામું.

(પ્રશ્ન૦ નિહ્નવ ?)

જે કહો તે ! અરે નિહ્નવ તો એકજ વચન ઉત્થાપે એને કહેતા : પણ સઘળું ઉત્થાપે ત્યાં શું કહેવું ?

* * *

આ આચાર બહુ કિંમતી છે, માટે એના જિજ્ઞાસુને સંસાર ઉપરથી નિર્વેદ તો થવોજ જોઇએ. દુર્ગંધનાં પરમાણુ એવાં નીકળી જવાં જોઈએ કે-સુગંધનો પરિચય થાય. ભવની વાસના ન ગઇ હોય તો ભવ છોડયો તોય શું ! ભવની વાસના ગઇ હોય તે કોઈ વખત તીવ્ર કર્મના ઉદયથી ગબડે તો પણ વિચારે કે-'હું ભૂલ્યો' અને બીજાને પણ કહે કે-'હું ભૂલ્યો છું પરન્તુ સાચો માર્ગ તો આજ છે.' ભવનિર્વેદ તો ધર્મસાધનાની જડ (મૂળ) છે. આખી દુનિયા સંસારને પોષવા, ચલાવવા, ખીલવવા, વખાણવા બેઠી છે : એમાં કદાચ બસેં-પાંચસેં જણા ન વખાણે, ન પોષે, ન ખીલવે તો બગડી શું જાય ? નાશ શો થઇ જાય ? વાત એ છે કે-પેલી (ભવની) વાસના એવી ઘુસી ગઈ છે કે-એકદમ કાઢવી મુશ્કેલ થઈ પડી છે. માટે જ પ્રાર્થનાની શરૂઆતમાં ભવનિર્વેદ છે. એ ન આવે ત્યાં સુધી આત્મા સમ્યક્ત્વમાં પણ ટકી શકતો નથી, તો વિરતિની તો વાતજ શી કરવી ? મૂળ જાય ત્યાં શાખાઓ કયાંથી હોય ? આથીજ આપણે કહીએ છીએ કે-'ભવ ઉપર નિર્વેદભાવની જાગૃતિ છતાં, કર્મના ઉદયથી કદાચ પાલનમાં શિથિલતા આવી હોય, પણ સત્યને સત્ય તરીકે કહેનારો શાસનમાં સ્થાન પામી શકે છે: પરન્તુ આગમથી વિરૂદ્ધભાષી તો સ્વપર-ઉભયનો

નાશક છે, માટે આગમવિહિત માર્ગના વિરોધીઓથી તો દૂરજ રહેવું જોઇએ.

<u>અંગારમર્દકાચાર્યનું દષ્ટાંત.</u>

કુમાર્ગનો પ્રરૂપક તો સુયોગ મળે તો કદાચ બચી જાય, પણ અજ્ઞાનના યોગે ઉન્માર્ગગામીની પુંઠેજ જનારાઓની શી દશા ? એ તો ભારે દુરાગ્રહી જ બની જાય છે. તેઓ તો પોતાની સત્ય સાંભળવાની શક્તિને પણ ગુમાવી બેસે છે. ઉન્માર્ગ કહેનાર પણ સુધરે તો ભાગ્યેજ, પણ યોગ મળે તો શક્તિ છે એટલે કદાચ સરલતા અંગિકાર કરે તો સુધરી જાય, પણ પેલા પુંઠે જનારા તો એવા આગ્રહી બની જાય છે કે–'તું જાય પણ અમે ન જઇએ, કેમકે–આબરૂ જાય.' આવા પ્રસંગો ઘણા બન્યા છે. એકવાર નહિ પણ અનેકવાર બન્યા છે. સન્માર્ગની જિજ્ઞાસાવાળો તો ઉન્માર્ગની દેશના સાંભળે પણ નહિ. જ્યાં ત્યાંથી હીરા લાવવા, એ કામ તો ઝવેરીનું : બધાનું નહિ ! તેમ છએ દર્શનનાં શાસ્ત્રો વાંચવા–વિચારવાનું કામ તો એવી તાકાત ધરાવનારનું ! શક્તિહીનો માટે તો શાસ્ત્રે મિથ્યાદષ્ટિના પરિચયને પણ નિષેધ્યો છે, કારણ કે-શક્તિહીનો તો અજ્ઞાનના યોગે પોતેજ ઉન્માર્ગે ઘસડાઈ જાય. તાકાતવાળો તો પહોંચેલા હોય, એટલે સામાને પોતાની દિશામાં લાવે : ત્યારે શક્તિહીન તો સામાની દિશામાં દોડ્યો જાય : એટલે એની હાલત શી થાય ?, એ વિચારો. કોરો ત્યાગ, તપ, સંયમ એની કિંમત નથી. તામલી તાપસે છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ સાઠ હજાર વર્ષ સુધી કર્યો, પણ એ તપનું

પરિણામ શું? એ તપ ન હતો એમ નહિ, તપ તો ઉગ્ર હતો, છતાં પણ શાસ્ત્રે એ તપને અજ્ઞાન કષ્ટ તરીકે ઓળખાવ્યો. અભવિમાં સંયમ કેટલું? ઘણુંજ મજેનું! જ્ઞાન દેશોઉણા દશ પૂર્વનું: પામે તો એટલું પામે: દેશનાશક્તિ એવી અજબ કે-એને સાંભળીને સંખ્યાબંધ આત્માઓ સંયમ લઇને મોક્ષે જાય, પણ પોતાને તેવો લાભ નહિં!

(સભા૦ એને કાંઇ લાભ નહિ?)

લાભ એટલો કે-દેવલોકે જાય: એટલા માટેજ એ આ બધું કરે. શ્રી તીર્થંકરદેવની ઋદ્ધિ જૂએ, સમવસરણ જૂએ, દેવતાઓને પ્રત્યક્ષ જૂએ, એટલે એને એમ થાય કે-'આવું બધું મળે, લોકપૂજા પમાય, દેવલોક મળે, સુખ-સાહ્યબી મળે, એ માટે સંયમ સેવવું!' અને પછી એવીજ ઇચ્છાને તૃપ્ત કરવા માટે સંયમ સેવે અને ઉગ્ર તપ વિગેરે કરે: પણ શ્રદ્ધા નહિ. અંગારમર્દકાચાર્ય નામના આચાર્ય પાંચસેં શિષ્યના ગુરૂ હતા: એ અભવ્ય હતા: એ પોતાના પરિવાર સાથે જે નગર તરફ ચાલ્યા આવતા હતા, તે નગરમાં પણ એક આચાર્ય હતા. એમને સ્વપ્ન આવ્યું કે-'આજે પાંચસેં હંસના ટોળા સાથે માલીક તરીકે એક કાગડો આવે છે.' સ્વપ્નાનુસારે નિર્ણય કર્યો કે-'જરૂર કોઈ અભવિ આત્મા આવે છે: પાંચસેં જણ ભવિ, પણ નાયક કોઈ અભવિ હોવો જોઇએ.' એ ગુરૂ ગીતાર્થ હતા. એમણે બીજા સાધુઓને જણાવી દીધું કે:-' આજે આવનારા સાધુઓ તમામ ભવ્ય છે, પણ આચાર્ય અભવિ છે.' પેલા આવ્યા. એમના શિષ્યોને પણ ખાનગી રીતે આ ગીતાર્થ ગુરૂએ જણાવી

દીધું કે:–' તમે જેની સેવામાં રહ્યા છો તે આત્મા યોગ્ય નથી : તમે નહોતા જાણુતા ત્યાં સુધી તો તમે લાભ ઉઠાવી શક્તા હતા, પણુ હવે જાણ્યા પછી તમારે ત્યાગ કરી દેવો જોઈએ. ' શિષ્યોએ પૂછ્યું કે:–' ખાત્રી શી ? ' ગીતાર્થ ગુરૂએ કહ્યું કે:–' તમે રાત્રે ઉંઘશો મા. જાગતા રહેજો ને જે થાય તે જોજો.' આમણે જવા–આવવાના અમૂક માર્ગ પર કોલસાની કાંકરી પથરાવી, કે જેનો અવાજ ચૂં ચૂં થાય. રાત્રે બધા સૂતા. પેલા પાંચસેં સાધુઓ જાગે છે. જેને શંકા માટે જવું પડે તે સાધુઓએ જવા માંડ્યું, પણુ જરા અવાજ થતાં પાછા ફર્યા કે–રખે જીવ તો ન હોય ! કોઇથી ન રહેવાયું તે સાચવી સાચવીને ગયા, પણુ તે કંપતે હ્રુદયે. રાત્રે પેલા આચાર્ય ઉઠ્યા : ચાલ્યા : અવાજ થયો. જોયું કે–કોઇ જાગતું નથી. તરત બોલી ઉઠ્યા કે:–'જ્ઞાનીનાં જીવડાં કેવું ચું ચું બોલે છે!' પગ સારી રીતે મૂકીને ચાલવા લાગ્યા. હવે આજ ગુરૂ, જ્યારે જીવદયાનું નિરૂપણુ કરે ત્યારે હ્રુદય પીગળાવે તેવું કરે. શિષ્યોએ આ જોયું, સાંભળ્યું. સવારે કહી દીધું કે–'આજથી અમે આપથી જૂદા છીયે.' કોઈ પૂછે કે–'એ સંયમી ખરા કે નહિ ?' શાસ્ત્ર કહે છે કે–'એ સંયમ, એ વિરાગ અને એ તપની કિંમત અંકાતી હોત, તો દુનિયામાં નિષ્પરિગ્રહી ઘણાએ છે : પરન્તુ એ બધા કાંઈ પૂજ્ય નહિ ! ' કપડાં વગરના કંઇ થોડા ફરે છે ? એ સંયમ, ચારિત્ર, તપ, વિરાગ, બધું દેખાવમાં–પણુ અહીં (હૈયામાં, શ્રદ્ધામાં) કયાં ? એ અભવિ પણુ એટલો લાભ શાથી કરી શકે ? આગમાનુસારી કહે છે માટે એટલો પણુ

ઉપકાર કરી શકે. અને આગમથી ઉલટું કહેનાર માટે તો પૂછવું જ શું ? એ તો આઘોજ સારો.

સુદર્શન શેઠના પૂર્વભવનું વૃત્તાંત.

શ્રી જિનેશ્વરદેવના અનુયાયી માત્રને ભવનો નિર્વેદ તો હોવો જોઇએ ને ! એ સંસારને સારો કે યોગ્ય તો નજ માને. એ માનીએ કે-'સંસારને પૂરો કારાગ્રહ ન સમજે: જેટલે અંશે સમકિતની નિર્મળતા તેટલે અંશે સમજે:'-પણ સંસારને સારો તો નજ માને: સંસારમાં આનંદ તો નજ માને: એ એમ કલ્પે કે- 'દેખાય તો છે આનંદ, પણ છે આફત : કારણ કે-પરિણામે આફત છે.' શ્રાવકની ખ્યાતિ કેવી હોવી જોઇએ એ વિચારો ! સુદર્શનશેઠની ખ્યાતિ કેવી હતી ? શ્રાવકની ખ્યાતિ સર્વત્ર કેવી હોય ? જેને આ વસ્તુ જચે અને શ્રાવક બની જાય, તેની સર્વત્ર ખ્યાતિ કેવી હોય ? આપણો વ્યવહાર, આચાર અને પ્રવૃત્તિ એવાં અને એટલાં સુદર અને શુદ્ધ હોવાં જોઇએ કે-'ગમે તેવા જોનારને એમ લાગે કે-આ આત્મા નિર્મળ છે, સંસારથી લગભગ નિરાળા જેવો છે.' અત્યારે તો વિષયાસક્તિથી ઉંચો ન આવતો હોય, પાંચે ઇંદ્રિયોની આધીનતામાંથી બહાર ન નીકળતો હોય, એમાંથી પરવારતો જ ન હોય, તે સુંદર વિચાર પણ શી રીતે કરે ? દુનિયામાં પડેલાને તો મોજ-મજાહ, રંગ-રાગ, ઋદ્ધિ-સિદ્ધિ, એ બધાનાજ વિચાર આવે. ત્યાં અવાજ ક્યાં થાય ? એ અવાજમાં આ ઘુસે શી રીતે ? 'ભવનિંવ્વેઓ' વિગેરે બોલે બધું, પણ અંદર જૂઠું. નહિ તો આવું બોલનારને છાયા સરખી પણ ન હોય ? પૂરો

અમલ તો ન હોય, પણ છાયા એ ન હોય તે કેમ ચાલે? જો છાયાયે ન પડે તો સમજવું કે–'બહુજ અધમ કોટિનો આત્મા છે.' શ્રી સુદર્શનના પૂર્વભવમાં એ કશું ન પામ્યા એમ કહીએ તો ચાલે. માત્ર શ્રદ્ધાના યોગેજ આટલે ઉંચે આવ્યા હતા. પૂર્વભવમાં એ એક શેઠને ત્યાં પશુ ચારનાર હતા. એક વખત અટવીમાંથી પશુ ચારીને સાંજે આવતા હતા, ત્યારે એ અટવીમાં એક મુનિને કાયોત્સર્ગ ધ્યાને ઉભેલા જોયા. ઋતુ શિયાળાની હતી: ઠંડી એટલી બધી હતી કે–જેનો સુમાર નહિ. આ પશુ ચારનારને એ વિચાર થયો કે–'આ મુનિ આવી ઠંડીમાં રાત્રી કયી રીતે પસાર કરશે? કોઇ પૂજ્ય મહાત્મા છે, ધન્ય છે, એમને પગે લાગીએ.' આખી રાત એને આજ ચિંતા અને આજ ઉદ્ગાર થયા. સવારે ફેર અટવીમાં આવ્યો અને મુનિવરને જોયા: પગે લાગ્યો: મુનિવર પણ '**नमो अरिहंताणं**' કહી આકાશમાં ઉડી ગયા. પેલો પશુ ચારનારો તો સમજ્યો કે–'આ 'નમો અરિહંતાણં'માં તાકાત છે: એનાથી જ આ મુનિ આકાશમાં ઉડી ગયા.' એ પશુ ચારનારો તો હવે એજ પદ ગોખ્યા કરે. ખાતાં–પીતાં, ઉઠતાં–બેસતાં, જયાં જાય ત્યાં એજ ગોખે. એના શેઠે પૂછયું કે–'આ તને કોણે શીખવ્યું?' શેઠના પૂછવાથી તેણે સઘળી હકીકત શેઠને કહી. શેઠે આ વાત સાંભળીને તેને કહ્યું કે–'હે ભદ્ર! આ વિદ્યા એકલા આકાશગમનમાંજ હેતુ નથી, પણ સ્વર્ગ અને મોક્ષમાં પણ હેતુભૂત છે. આ ભુવનત્રયમાં જે કોઇ સુંદર વસ્તુ છે, તે આનાથી સુખપૂર્વક મળી શકે છે. આનો મહિમા અપરિમિત

છે. ભાગ્યના યોગેજ તને આ વસ્તુની પ્રાપ્તિ થઇ છે. પરંતુ આ મહામંત્ર તારે અશુચિપણે ન બોલવો જોઇએ.' ઉત્તરમાં પશુ ચારનાર કહે છે કે–' મને તો એનું વ્યસન પડયું : એના વિના મારે ન ચાલે : હું તો ક્ષણ પણ બોલ્યા વિના રહી શકું તેમ નથી. ' આથી ખૂશ થયેલા શેઠે એને પૂરો નવકાર શીખવાડયો. પછી એ તો પૂરો નવકાર જ્યાં હોય ત્યાં બોલવા લાગ્યો. આથી તેની ક્ષુધા–તૃષ્ણા આદિની વેદના નાશ પામવા લાગી. એકવાર નદીમાં પૂર આવ્યું. ' નમો અરિહંતાણં ' કહી—ઉડું, એમ ધારી ઉડયો : નદીના કિનારે પડયો : ખીલો વાગ્યો અને પ્રાણ ચાલ્યા ગયા : પણ એ જાપના યોગે શ્રી સુદર્શન થયો. એવા ઉંચા કુળમાં પેદા થયો કે–જ્યાં સ્વર્સ્વ આવી મળે. પણ નવકારની શ્રદ્ધામાં સર્વસ્વ હતું ત્યારેને ! ભોળો જીવ હતો અને કશુંજ જ્ઞાન ન હતું, પણ શ્રદ્ધા અપૂર્વ હતી. અર્થના જ્ઞાન વગરનું શ્રુત-જ્ઞાન પણ ભારે કામ કરે છે. વીંછીના મંત્રનો અર્થ પૂછો જોઇએ. વીંછીનું ઝેર ઉતારનારને કે એના ગુરૂને પણ ખબર ન હોય. એ તો છુ, છુ કરે, પણ વીંછી ઉતરે તો ખરોને ! અર્થજ્ઞાન છે તો અનૂપમ, એનો ઇન્કાર નથી, પણ એ ન હોય તોય માત્ર શબ્દો એ પણ મંત્રાક્ષરો છે. શુદ્ધ શ્રદ્ધા હોવી જોઇએ. એની ટીકા કરનારા વિરાધકો છે. ઉત્તમ શ-બ્દોનું શ્રવણ પણ આત્માના વિષને ઉતારનાર છે. શરત એટલીજ કે–' શ્રદ્ધા નિર્મલ જોઇએ. '

શ્રી સુદર્શન અને કપિલા.

નવકારના પ્રતાપે એ પશુ ચારનારો શ્રી સુદર્શન થયો.

ઉત્તમ કુળ અને ધર્મને યોગ્ય સઘળી સામગ્રી મળી. 'ભ-વનિંવ્વેઓ' વિગેરે માગણી કરનારના આચાર, વિચાર તથા પ્રવૃત્તિ એવી હોવી જોઈએ કે-જેથી દુનિયા ઉપર ઉંચામાં ઉંચી એની છાપ પડે. શ્રી સુદર્શન શેઠના શીલનો મહિમા ગવાય છે. શીલના દૃષ્ટાંતમાં એમનું દૃષ્ટાંત લેવાય છે. શ્રી સુદર્શન કેવલ પોતાના માતાપિતાનેજ હર્ષ માટે ન હતા, પણ સર્વ લોકને હર્ષને આપનારા હતા. જે નગરમાં 'શ્રી સુદર્શન' ઉત્પન્ન થયા હતા, તે નગરમાં રાજાને પ્રિય અને વિદ્યાનિધિ 'કપિલ' નામનો પુરોહિત હતો. તેને શ્રી સુદર્શનની સાથે કદી પણ નાશ ન પામે તેવી ગાઢ પ્રીતિ થઈ ગઇ હતી, અને એથી તે પુરોહિત ઘણો કાલ મહાપુરૂષ શ્રી સુદર્શન શેઠની સાથેજ રહેતો. એવા પુણ્યશાલિ અને પરમ શીલસં-પન્ન એવા શ્રી સુદર્શન શેઠ ઉપર પણ આપત્તિ આવી હતી અને ધીરપણે તે આપત્તિને તે પુણ્યપુરૂષે સહી લીધી હતી. એવા પણ પુણ્યનિધિ ઉપર આપત્તિ કેમ આવી, એ ખાસ જાણવા જેવી બીના છે. જે પુરોહિત પ્રાયઃ સઘળો સમય શ્રી સુદર્શન પાસે ગાળે છે, તેની કપિલા નામની પત્નીએ એક વાર તે પુરોહિતને પૂછ્યું કે-'નિત્યકર્મોને પણ ભૂલી જઈ આટલો સમય ક્યાં બેસી રહો છો?' ઉત્તરમાં કપિલે કહ્યું કે-'હું શ્રી સુદર્શનની પાસે રહું છું.' કપિલાએ પૂછ્યું કે-'એ સુદર્શન કોણ છે?'-આ પ્રશ્નના ઉત્તરમાં કપિલ કહે છે કેઃ-

" मम मित्रं सतां धुर्यं, विश्वैकप्रियदर्शनम् ।
सुदर्शनं न चेद्वेत्सि, तत्त्वं वेत्सि न किञ्चन ॥ १ ॥"

*

'સત્પુરૂષોના આગેવાન અને વિશ્વમાં એક છે પ્રિયદર્શન જેનું એવા મારા મિત્ર 'સુદર્શન'ને જો તું જાણતી નથી, તો તું કાંઈ તત્ત્વને જાણતી નથી.'

*

આ પ્રમાણે સાંભળી કપિલા કહે છે કે-'તે સુદર્શનને હવે જણાવો.' આથી તેની ઓળખાણ આપતાં પુરોહિત કહે છે કેઃ—

" × × × ×, × × × ×।
असावृषभदासस्य, श्रेष्ठिनस्तनयः सुधीः ॥ १ ॥

*

एष रूपेण पञ्चेषुः, कान्त्येन्दुस्तेजसा रविः ।
गाम्भीर्य्येण महाम्भोधिः, क्षमया मुनिसत्तमः ॥ २ ॥

*

दानैकचिन्तामाणिक्य, गुणमाणिक्यरोहणः ।
प्रेयालापसुधा[illegible]ण्डं, वसुधामुखमण्डनम् ॥ ३ ॥

*

खलूक्ष्या खलु यद्वाऽस्य, निखिलानपरा[illegible] गुणान् ।
गुणचूडामणेः शीलं, यस्य न स्खलति क्वचित् ॥ ४ ॥"

*

'આ સુદર્શન, ઋષભદાસ શ્રેષ્ઠિનો બુદ્ધિશાલી પુત્ર છે. તે રૂપે કરીને કામદેવ છે, કાંતિએ કરીને ચંદ્રમા છે, તેજે કરીને સૂર્ય છે, ગાંભીર્યે કરીને મહાસાગર છે, ક્ષમાએ કરીને

મુનિસત્તમ છે, દાન દેવામાં એક ચિંતામાણિક્ય છે, ગુણોરૂપી માણિક્યો માટે રોહણુચલ પર્વત છે, પ્રિય આલાપો માટે સુધાકુંડ છે અને પૃથ્વીના મુખનું મંડન છે : અથવા જે ગુણ ચૂડામણિનું શીલ કોઇ પણ સ્થળે વિચલિત નથી થતું, એવા તે પુણ્યશાલિના બીજા ગુણોને કહેવાથી સર્યું.'

*

આ પ્રમાણેના ગુણવર્ણનને સાંભળી પુરોહિતની પત્ની કપિલા કામવિહ્વલ થાય છે. 'આવા ઉત્તમ ગુણને સાંભળવાથી વિકાર જાગે ?'–આ પ્રશ્ન અસ્થાને છે, કારણ કે–એ તો આત્માની યોગ્યતા ઉપર આધાર રાખે છે. જેવો આત્મા ! જેના ગુણો જગતને સન્માર્ગે દોરવાનું કામ કરતા, તેજ ગુણોએ કપિલાને કામવિહ્વલ બનાવી દીધી. કામવિહ્વલ કપિલા સુદર્શન ઉપર અનુરાગિણી બની ગઈ. કપિલા નિરંતર એક સુદર્શનના સંગમનીજ ચિંતા કર્યા કરે છે. એકવાર રાજાની આજ્ઞાથી પુરોહિત બહાર ગામ ગયો. આ તકનો લાભ લઇ પુરોહિતની સ્ત્રી સુદર્શનને ત્યાં જઇ કહેવા લાગી:–"આપના મિત્ર બીમાર છે, આપને તેડવા મને મોકલી છે, આપ નહિ આવો તો એમની બીમારી વધી જશે, માટે જરા આપ ત્યાં પધારો, બીમારીને લઇને એ અહીં આવી શકયા નથી." સરલ સ્વભાવથી શ્રી સુદર્શન તેજ વખતે કપિલને ઘેર ગયા, કારણકે–તેમને કપટની ખબર નહિ. ઘરમાં પેસતાંજ 'મિત્ર કયાં છે ?'–એમ શ્રી સુદર્શને પૂછયું. કપિલાએ ઉત્તરમાં કહ્યું કે:–'આગળ ચાલો, તમારા મિત્ર સુતેલા છે.' કંઇક આગળ જઇને શ્રી સુદર્શન બોલ્યા કે:–'અહીં પણ કપિલ નથી : શું

તે કોઈ બીજે સ્થળે ગયેલ છે ?' ઉત્તરમાં કપિલાએ જણાવ્યું કે-'શરીરની અસ્વસ્થતાથી તે પવન વિનાના સ્થાનમાં રહેલા છે, માટે મૂળ કમરામાં જાઓ અને મિત્રને જૂઓ.' આથી સરલ આશયવાળા શ્રી સુદર્શન તે મૂળ કમરામાં પણ પેઠા અને ત્યાં પણ પોતાના મિત્રને ન જોવાથી પૂછ્યું કે-' હે કપિલે ! કપિલ ક્યાં છે ?' આ પ્રશ્નના ઉત્તરમાં બારણું બંધ કરીને કામને ઉદ્દીપન કરનારી ચેષ્ટાઓને કરતી કપિલાએ કહ્યું કે-'અહીંયાં કપિલ નથી, માટે કપિલા સાથે જ આનંદ કરો. આપને કપિલ અને કપિલામાં ભેદ શો છે ?' શ્રી સુદર્શન પૂછે છે કે:-' કપિલા સાથે મારે શું આનંદ કરવાનો હોય ?' આના ઉત્તરમાં કપિલા કહે છે કે-'જ્યારથી તમારા મિત્રે મારી પાસે તમારા ગુણોનું વર્ણન કર્યું છે, ત્યારથી કામ-જ્વર મને પીડા કરે છે, માટે હે નાથ ! તમને હું નાથ તરીકે ઇચ્છું છું અને વિનવું છુ કે-કામથી વિહ્વલ બનેલી મને આપ શાંત કરો. ' આ સાંભળી પરમ શીલસંપન્ન શ્રી સુદર્શન વિચારે છે કે—

"प्रपंचाः कोऽप्यसावस्या, दुर्विचिन्त्यो विधेरपि ।

धिक् स्त्रीरिति । "

*

'વિધિ માટે પણ દુર્વિચિન્ત્ય એવો આ સ્ત્રીનો પ્રપંચ કેવો ? ધિક્કાર છે સ્ત્રીઓને !'

*

આ પ્રમાણે વિચારી તે બુદ્ધિશાલીએ અપેક્ષાપૂર્વક કહ્યું કે-

"यूनां यूक्तमिदं किन्तु, पण्डकोऽ मपण्डित ! ।
मुधा पुरुषवेषेण, मदीयेनासि वञ्चिता ॥ १ ॥"

*

'હે અપણ્ડિતે ! આ વાત યુવાનો માટે યુક્ત છે, પણ હું તો નપુંસક છું. ફોગટ તું મારા પુરૂષવેશથી વંચિત થઇ છું.'

*

આ સાંભળી એકદમ વિરક્ત બની ગયેલી તેણીએ–'જા, જા'–એમ કહીને બારણું ઉઘાડી નાખ્યું અને શ્રી સુદર્શન ચાલી નીકળ્યા. 'હું નપુંસક છું'–એમ કહીને સુદર્શન છૂટયા અને વાત પણ સાચી જ હતી, કારણ કે–સુદર્શન પરનારી પ્રત્યે તેવાજ હતા. પરનારી પ્રત્યે તેમને કદી વિકારની વાસના જાગેજ નહિ, એવા તે દૃઢ મનોબલી હતા. આ રીતે છૂટયા પછી–'થોડાજ પ્રયત્નથી હું નરકના દ્વારમાંથી છૂટયો'–એમ વિચારતા શ્રી સુદર્શન પોતાના ઘર પ્રતિ પહોંચી ગયા અને સ્ત્રીઓના સ્વરૂપને વિચારતા અને તેઓના તેવા સંસર્ગથી બચી જવાને ઇચ્છતા શ્રી સુદર્શન શેઠે એવો અભિગ્રહ કર્યો કે—

" नातः परं परगृहे, यास्यामि क्वचिदेककः ।"

*

'આજથી આરંભીને હવે કોઇ પણ વખત એકલો હું પારકાના ઘરમાં નહિ જાઉં.'

*

વિચારો ! શ્રાવકની એટલે કે– શ્રી જિનેશ્વરદેવના શાસનમાં વર્તતા પુણ્યશાલી આત્માઓની મનોભાવના

કેવી હોય છે ? અયોગ્ય સંસર્ગોથી અને પાપમય આચારોથી બચવા માટે તેઓ કેટલા અને કેવા સાવધાન હોય છે? તે પુણ્યશાલી નિરંતર ધર્મકર્મમાં તત્પર રહેવા સાથે પાપની આચરણાથી દૂર રહે છે, કારણ કે–એમનામાં શ્રી જિનશાસનની રસિકતા છે.

સુદર્શન અને અભયા રાણી.

એક વખત ઇંદ્રમહોત્સવ હતો. રાજા, પુરોહિત તથા સુદર્શન સાથે ઉદ્યાનમાં ગયા. પાછળ 'અભયા' રાણી પણ કપિલાની સાથે ઉદ્યાનમાં ગઈ. શ્રી સુદર્શનની ભાર્યા પણ પોતાના છ પુત્રોની સાથે વાહનમાં બેસી ઉદ્યાનમાં આવી. શ્રીમતી મનોરમા પણ મહાસતી હતી. શ્રીમતી મનોરમાને જોઇને પુરાહિતની પત્ની કપીલાએ અભયા રાણીને પૂછ્યું કે–'આ કોણ છે?' રાણીએ જણાવ્યું કે–'આ સુદર્શનની સ્રી છે.'–આ સાંભળીને વિસ્મિત થયેલી કપિલા કહે છે કે–'તેને પુત્રો કયાંથી ? કારણ કે–સુદર્શન તો નપુંસક છે.' રાણીએ કહ્યું કે:–'એ વળી શું ? એ કોણે કહ્યું ?'–પુરોહિતની સ્રીએ બધી વાત જણાવી એટલે રાણીએ જણાવ્યું કે–'હે મૂઢ ! જો એમજ છે, તો તું જરૂર ઠગાઇ ગઇ, કારણ કે–તે પરસ્રીઓને માટે નપુંસક છે, પણ પોતાની સ્રીને વિષે તેવો નથી.' આથી વિલખી બનેલી કપિલા ઇર્ષ્યાથી કહે છે કે:–'હું તો મૂઢ હતી માટે ઠગાઇ, પણ બુદ્ધિશાલીની એવી તું અધિક શું કરવાની?' અભિમાનમાં આવેલી અભયા કહે છે કે–'જો હું રાગથી પથ્થરને પકડું તો અચેતન એવો તે પણ પીગળી જાય, તો પછી સચેતન પુરૂષની વાતજ શી?'–આ સાંભળી

વધુ ઇર્ષ્યાળુ બનેલી કપીલાએ કહ્યું કે–'હે દેવિ ! આવા પ્રકારના ગર્વને ધારણ ન કર અને જો એવો ગર્વ રાખતીજ હો, તો તું સુદર્શનને સ્વાધીન કર!' અભયા રાણી પણ અહંકારપૂર્વક બોલી કેઃ–'હે સખિ ! મેં સુદર્શનને સ્વાધીન કર્યોજ એમ માન. ચતુર રમણીઓએ કઠોર અને વનવાસી તપસ્વીઓને પણ રમાડયા, તો કોમળ મનવાળા ગૃહસ્થની શી વાત? જો હું એની સાથે ન રમું તો અગ્નિમાં પેસું.' –આ પ્રકારની પ્રતિજ્ઞા કરી અભયા પણ પોતાના આવાસે આવી. જોઇ દશા ? 'બેની વાતો અને ભોગ ત્રીજાનો !'–તેનો આ એક અજોડ નમુનો છે. પુરોહિતની સ્ત્રીનું કે અભયા રાણીનું સુદર્શને કાંઈ બગાડયું હતું ? નહિજ. છતાં વાતો એ બેની અને ધાડ શ્રી સુદર્શનપર ! અભયાએ આ વાત પોતાની ' પંડિતા ' નામની ધાવમાતા, કે જે સર્વવિજ્ઞાનમાં પંડિત હતી તેને કહી જણાવી. આ સાંભળી તે ધાવમાતા કહે છે કેઃ—

" पंडिताऽवोचदाः पुत्रि ! न युक्तं मन्त्रितं त्वया ।
अज्ञेऽद्यापि न जानासि, धैर्यशक्तिं महात्मनाम् ॥ १ ॥ "

*

' હા પુત્રિ ! તેં આ યોગ્ય વિચાર નથી કર્યો. હે જ્ઞાનહીન ! તું હજુ સુધી પણ મહાત્માઓની ધૈર્યશક્તિને જાણતી નથી. '

*

આ પ્રમાણે સામાન્ય વાત કહીને સુદર્શનની વિશેષતા બતાવતાં તે ' પંડિતા ' નામની ધાવમાતા કહે છે કેઃ—

" जिनेन्द्रमुनिशुश्रूषा–निष्कम्पीकृतमानसः ।
सुदर्शनः खल्वसौ तत्– प्रतिज्ञां धिगिमां तव ॥ १ ॥

*

अन्योऽपि श्रावको नित्यं, परनारिसहोदरः ।
किमुच्यते पुनरसौ, महासत्त्वशिरोमणिः ॥ २ ॥

*

ब्रह्मचर्यधना नित्यं, गुरवो यस्य साधवः ।
कथं कार्येत सोऽब्रह्म, गुरुशीलायुपासकः ॥ ३ ॥

*

सदा गुरुकुलासीनो, ध्यानमौनाश्रितः सदा ।
आनतुमभिसर्तुं वा, स कथं नाम शक्यते ॥ ४ ॥

*

दरं मणिफणारत्न–ग्रहणाय प्रतिश्रवः ।
कदापि न पुनस्तस्य, शीलोल्लङ्घनकर्मणे ॥ ५ ॥"

*

'ખરેખર, આ સુદર્શન શ્રી જિનેંદ્રદેવ અને નિર્ગ્રંથ મુનિવરોની શુશ્રૂષાથી નિષ્કંપ હૃદયવાળો છે, તે કારણથી તારી આ પ્રતિજ્ઞાને ધિક્કાર છે : બીજો પણ શ્રાવક હંમેશ **પરનારી સહોદર** હોય છે, તો પછી મહાસત્ત્વશાલિ પુરૂષોમાં શિરોમણિ સમાન આ શ્રી સુદર્શન માટે તો કહેવું જ શું ? હંમેશાં 'બ્રહ્મચર્ય' રૂપ ધનથી ધનવાળા બનેલા જેના ગુરૂઓ છે, અને ગુરૂ તથા શીલાદિ ધર્મને જે ઉપાસક છે, તેની પાસે અબ્રહ્મચર્યનું સેવન શી રીતિએ કરાવી શકાય ! જે હંમેશાં

ગુરૂકુલમાં રહેવાવાળો છે અને જે સદા ધ્યાન અને માનનો સેવક છે, તેને લાવવો અને રમાડવો એ કેમ શકય થાય? ફણિધરની ફણા ઉપર રહેલા રત્નને ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા કરવી એ સહેલી છે, પણ તે સુદર્શનના શીલને ખંડિત કરવાની પ્રતિજ્ઞા કરવી એ સહેલી નથી.'

*

વિચારો કે-શ્રાવકોની અને તેમાં પણ શ્રી સુદર્શનશેઠની કેવી અનુપમ ખ્યાતિ હતી? શ્રાવકો તો પરનારીસહોદરજ હોય. 'શ્રી જિનેશ્વરદેવના અને નિર્ગ્રંથગુરૂના સેવકને અનાચારમાં જોડવો એ અશકય છે'-આ જેવી તેવી ખ્યાતિ ગણાય? 'બ્રહ્મચારી ગુરૂઓના સેવકોને અબ્રહ્મચર્ય તરફ કેમ કરીને દોરી શકાય?'-આવા વિચારો ઠેઠ રાજ્યના અંતઃપુર સુધી પહોંચી જાય, એ નાનીસુની વાત નથી. શ્રી સુદર્શન માટે-'ફણીધરની ફણા ઉપર રહેલા રત્નને લેવાની પ્રતિજ્ઞા કરવી એ સહેલ છે, પણ તેના શીલને ખંડિત કરવાની પ્રતિજ્ઞા કરવી એ સહેલી નથી'-આ વાત ધાવમાતા કેવા જોરપૂર્વક કરે છે એ સમજાય છે? 'શ્રી સુદર્શન એટલે નિરંતર ગુરૂઓનીજ સેવામાં રહેનાર અને જ્ઞાનીએ બતાવેલી આત્મકલ્યાણની ક્રિયાઓમાંજ રક્ત, એટલે એને અનાચારના માર્ગે ઘસડી જવો, એ કોઇપણ રીતિએ શકય નથી.'-આવી ખાત્રી રાણીની ધાવમાતા આપે, એ શું ઓછી વાત છે? પૂર્વના અશુભોદયથી કે પાપીની કાર્યવાહીથી ભલે આપત્તિ આવી, પણ એમની જાત માટે વિશ્વાસ કેવા એ શોચો. ખરેખર, ધર્મીનું જીવન ધર્મપરાયણજ હોવું જોઇએ. એના જીવનમાં

અધમ પ્રવૃતિઓને સ્થાન નજ હોવું ઘટે. એની એકેએક પ્રવૃત્તિ આત્મકલ્યાણકરજ હોવી જોઇએ. પાપથી તે હંમેશાં ડરતો રહેવો જોઇએ. વિષયકષાયને વધારનારી પ્રવૃત્તિઓથી તે દૂરજ ભાગનારો હોવો જોઇએ. ઈંદ્રિયો ઉપર તેનો વિશિષ્ટ કાબુ હોવો જોઇએ. એના જીવનમાં નાટક ને ચેટક ન હોય: નાટક ચેટકની રૂચિ, એ આત્માની વિષયાધીનતા સૂચવે છે. જે આત્માને આ આખો સંસારજ ભયંકર નાટકરૂપ ભાસતો હોય, તેને કૃત્રિમ અને વિષયવાસનાને ઉત્તેજિત કરનાર નાટક–ચેટક તરફ રસ પણ કેમ જાગે ?

સુદર્શનની ખ્યાતિ—

જો ઈન્દ્રિયોની આધીનતા નથી, તો કહો કે-પૈસો ખરચી, ઉંઘ વેચી, ઉજાગરો કરી, નાટક–ચેકટ શું કામ જોવાય છે ? હૈયામાં કે ઘરમાં શું કમ નાટક થાય છે ? તો પછી શું જોવા જાઓ છો એ તો કહો ! જરા આત્માને પૂછજો. રાજા, રાણી અને ધમાચકડી : પડદાના પાઠ તે કહો ! એવી રીતે નાટક જૂઓ, રાત્રે ચાહ, આઇસ્ક્રીમ વાપરો, અયોગ્ય આદમીઓનો સંસર્ગ થાય, કેટલાક તો એવા આદમી આવે કે જેના શબ્દો સાંભળતાં પણ કંટાળો આવે, આ નાટક શા માટે જોવા જાઓ છો ? વિષયાસક્તિને પોષવા–રંગરૂપને જોવા, એમ કહોને ! પછી તમારાં મન ઉછળે અને કયી દશા થાય એ તમારા આત્માને પૂછજો ! આજના સંસર્ગો, આજનું વાતાવરણ, આજની દુનિયાની હવા,—એ બધાએ તમને એવા ઘેર્યા છે કે, તમારા ઉપર મોટા અંકુશની જરૂર છે. એ બધામાંથી તમે મુક્ત ન

થાઓ, ત્યાં સુધી આ વસ્તુનો સ્વાદ ન આવે. ચાર મહિના શીલ પાળવામાં તમને શો વાંધો છે ? તમારો આત્મા અનેક રીતે, અનેક સ્થાને વેચાણ થઈ ગયો છે. તમારી ઇંદ્રિયો પછવાડે તમારી દોડાદોડ છે. તમારી લાલસાનો અંત ક્યાં છે ? તમારી જાતને તમે વિચારોને ! ધર્મી તરીકે ફરવું હોય તો આ દશા ચાલે ? તમને જે કહું છું તે બરાબર સમજો. બહારનાને કહો કે—અહીં શું કહેવાય છે ! શ્રી સુદર્શન શેઠ તો ઘણા સારા હતા, પણ આપણને શું કામ લાગે ? એમનું જીવન જાણી, સાંભળી, આપણે આચારમાં ઉતારીયે તો કામ લાગે ને ? તમે શ્રી સુદર્શન શેઠની ખ્યાતિનો ખૂબ વિચાર કરો અને તેવી ખ્યાતિ થાય તેવા જીવનને જીવી જાણો. શ્રી સુદર્શન શેઠના શીલનું ખંડન કરવાની પ્રતિજ્ઞા કરનાર રાજરાણીને તેની ધાવ માતા ધિક્કારે છે અને કહે છે કે–' તે શ્રી જિનેશ્વરદેવનો અને નિર્ગ્રંથ ગુરૂઓનો સેવક છે, બ્રહ્મચર્યરૂપ ધનથી ધનવાન બનેલા ગુરૂઓનો અને શીલાદિ ધર્મનો ઉપાસક છે, એટલે પોતાની પાસે જે ભોગાદિની સામગ્રી છે, તેને પણ તજવા ઇચ્છે છે અને નિરંતર ગુરૂકુલમાં રહેનાર તેમજ સદા સુક્રિયાઓમાં રક્ત રહેનાર છે, એટલે તેને પાપક્રિયામાં કયી રીતિએ જોડી શકાય ? ' વિચારો ! હવે ચોવીસે કલાક તમારી પ્રવૃત્તિ કયી ? અર્થ–કામની પ્રવૃત્તિ શ્રાવક ન છૂટકે કરે, આ વિધિ છે. તમે ન છૂટકે કરો છો ? આ દશાનો વિચાર કરો તો આરસીમાં મુખ જુઓ અને જેમ દેખાય તેમ બધું દેખાય. મુખ પર ડાઘ હોય તો તો કોઇ કહે કે–નાહ્યો નહિ હોય, પણ અહીં

આચારમાં ડાઘ હોય એનું શું થાય ? એ તો ભયંકર કલંક કહેવાય. ખોટા કલંકથી ગભરાવું નહિ : કોઈ ખોટું કલંક દે તો ગભરાવું નહિ : પણ તે કલંક હોવું ન ઘટે. દુર્જનોનો સ્વભાવ છે કે–સજ્જનોને કલંક આપે. સજ્જને વિચારવું કે–' કલંક છે ? ' હોય તો કાઢવું, ન હોય તો કહેવું કે–'જીવો કર્માધીન છે, ભલે બોલે. આપણે ખોટા હોઇશું તો કોઇના સારા કહેવાથી મુક્તિ મળશે નહિ અને સારા હોઇયે તો ચિંતા પણ શી છે ?' એક કવિ કહે છે કે–'ખોટું કહેનારાનો તો ઉપકાર માનો ! એ તો સાવધ રાખે, ચેતવે, ભલે એની ભાવના ગમે તે હોય, પણ તેમાં આપણને વાંધો શો ?' અસ્તુ. ધાવમાતા પાસેથી–' સુદર્શન ગુરૂકુલમાં કાયમ રહેનારો, અને એટલો કાલ ધર્માનુષ્ઠાનમાં ગાળનારો, ત્રિકાળ પૂજન, ગુરૂવંદન, વ્યાખ્યાનશ્રવણ, વારંવાર અધ્યયનાદિ, દાન, શીલ, તપ, ભાવનાદિમાં નિમગ્ન, ધ્યાનમગ્ન, મૌનમાં રહેનારો, એને અહીં લાવવો અને રીઝવવો, એ બને કેમ ? ફણીધરની ફણાપરનું રત્ન લેવાનો પ્રયત્ન શકય, પણ સુદર્શનનું શીલ ખંડવાનો પ્રયત્ન શકય નથી. જો કે ફણીધરનો મણિ પણ શકય નથી, છતાં કોઇ બળવાન ધારે તો લાવી શકે, પણ સુદર્શનના શીલને ખંડિત કરવાનો પ્રયત્ન કેવળ અશકય છે.' –આ પ્રમાણે સાંભળી રાણી તો ગાભરી બની ગઇ, પણ જો તે કામ ન થાય તો અગ્નિમાં પ્રવેશ કરવાની પ્રતિજ્ઞા છે એટલે થાય શું ? એટલે તે ' અભયા ' ધાવ માતાને કહે છે કે—

"ગમે તેમ થાય, પણ એકવાર તું ગમે તે રસ્તે એને અહીં લાવ, પછી હું જોઈ લઇશ."

*

ધાવમાતા અંતે તો એને આધીન છે ને ? એણે કહ્યું કે:–"એક રસ્તો છે: પર્વતીથિએ એ પૌષધ કરે છે અને રાત્રે કોઈ પણ સંયોગ વગરના શૂન્ય મકાનમાં કાયોત્સર્ગ ધ્યાને રહે છે. એ વખતે ઉંચકીને લવાય, પરંતુ એ કંઇ સમજાવીને કે ભોળવીને લવાય તેમ નથી."

શ્રી સુદર્શન શેઠની નિશ્ચલતા.

સુદર્શન શેઠ તો પર્વતીથિએ રાત્રે પૌષધ કરતા, પણ તમે શું કરો ? શનિવાર હોય તો નાટક જૂઓ. તે દિવસે તો નવો ખેલ, ખાસ ખેલ હોયને ! સુદર્શનને પકડી જવાની યોજના રચાય છે, પણ તમને પકડી જવા પડે તેમ નથી. તમે તો દોડયા જાઓ. પતાસાંથીયે તમે તો પલળી જાઓ. પૈસા ખાતર કુદેવ, કુગુરૂ કે કુધર્મની સેવામાં જતાંયે વાર નહિ: તૈયાર. સ્વાર્થ ખાતર ગમે ત્યાં જવામાં વાંધો નહિ. અર્થકામના રસીયાને અહીંથી ખસેડતાં–ધર્મથી પરાઙ્મુખ કરતાં વાર કેટલી ? રાજાની રાણી તૃષ્ટમાન થઈ. જતાં વાર લાગે ? પણ શ્રી સુદર્શન શેઠને એની કીંમત નહોતી. ચક્રવર્તીની રાણી હોય તો પણ શું થયું ? તેમને પોતાના ધર્મની કીંમત હતી. જ્યારે શ્રી સુદર્શન પોતાની સાધનામાં રક્ત હતા, ત્યારે અભયાના આગ્રહથી ધાવમાતા તેને ફસાવવાની યોજનામાં હતી ! કેટલાક દિવસો પછી કૌમુદી

મહોત્સવ આવ્યો અને તેજ દિવસે ચોમાસી પર્વ હતું. રાજાએ આખા નગરને એ ઉત્સવ ઉજવવાની આજ્ઞા કરી, પણ શ્રી સુદર્શને અનુમતિ મેળવી અને ભક્તિપૂર્વક શ્રી જિનેશ્વરદેવની સ્નાત્ર-વિલેપન આદિ પૂજા કરી ચૈત્ય પરિપાટી કરી. અને રાત્રીએ પૌષધ અંગિકાર કરી, કોઇ નગરના શૂન્ય ચોરા ઉપર કાયોત્સર્ગમાં રહ્યા. આ વખતે પંડિતાએ અભયા રાણીને કહ્યું કે-' કદાચ આજે તારા મનોરથ પૂરા થાય તો થાય, માટે આજે તું પણ ઉદ્યાનમાં જતી ના !' રાણી પણ માથાની પીડાનું નિમિત્ત કાઢીને ઉદ્યાનમાં ન ગઈ. કેટલું અને કેવું કપટ રચવું પડે છે ? રાણી ન ગઈ અને રાજા ગયા. અહીં સુદર્શન પણ રાત્રે શૂન્ય ચોરામાં કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યા છે. ધાવમાતાએ કપટપ્રબન્ધ શરૂ કર્યો, કારણ કે-ચોકીદાર તો હોયને ! એટલે પહેલાં તો જૂદી જૂદી મૂર્તિઓ લાવવા અને લઇ જવા માંડી અને કહ્યું કે:- ' રાણીજી જઇ શકયાં નથી, તો તેઓ અહીં દેવતાનું આરાધન કરશે.' આ રીતે બે ત્રણ વાર કર્યા પછી જ્યારે ચોકીદારોની ઉપેક્ષા જોઈ, કે શ્રી સુદર્શનને વાહનમાં બેસાડી અને વસ્ત્રથી ઢાંકીને લાવી રાણીની પાસે ઉભો રાખ્યો. રાણીએ દીન મુખે ઘણી ઘણી પ્રાર્થના કરી, પરંતુ શ્રી સુદર્શન તો પોતાના કાયોત્સર્ગમાં નિશ્ચલજ રહ્યા. આથી ફેર પણ રાણીએ સમજાવ્યા અને શરીરની સાથે આલિંગનાદિ કરવા લાગી. તે છતાં પણ આ મહાપુરૂષ જરા પણ ચલિત ન થયા અને અભિગ્રહ કર્યો કે:-' જો હું આ ઉપસર્ગમાંથી છૂટું તોજ કાયોસર્ગ પારૂં, નહિ તો મારે

અનશન છે.' એટલે કે-બોલવું ચાલવું બધુંજ બંધ. આ પછી રાણીએ જેમ જેમ કદર્થના કરી, તેમ તેમ તેઓ પોતાના ધ્યાનમાં સ્થિર થવા લાગ્યા. રાણીએ આખી રાત્રિ પર્યંત થઈ એટલી કદર્થના કરી, પણ રાણીનું કંઇ વળ્યું નહિ : છેવટે પ્રભાતકાલ થવા આવ્યો : રાણીએ જ્યારે જાણ્યું કે-'વળે તેમ નથી અને હમણાં રાજા પણ આવી પહોંચશે, માટે જે નવા-જુની કરવી હોય તેમ કરી લેવી.' તરત પોતાના હાથે પોતાના શરીર ઉપર નખોના ઘા કર્યા અને બુમ મારી કે-" આ કોઇ મારા ઉપર બલાત્કાર કરે છે." આથી સંભ્રાન્ત થયેલા દ્વારપાલો દોડી આવ્યા અને કાયોત્સર્ગમાં રહેલા શ્રી સુદર્શનને જોયા અને વિચાર્યું કે:-

" अस्मिन् न सम्भवति एतत् "

*

'આ શ્રી સુદર્શન શેઠમાં આ સંભવતું નથી.

*

શ્રી સુદર્શન શેઠ અને મહાસતી મનોરમાની નિશ્ચળતા.

શ્રી સુદર્શન શેઠની કેવી ખ્યાતિ ! સેવક રાણીના, છતાં પણ રાણીનું માનવાને તૈયાર નથી. રાજાના દ્વારપાલો પણ શ્રી સુદર્શનને ખરાબ માનવાને તૈયાર ન હતા. દ્વારપાલોએ પોતાની ફરજને અદા કરવા માટે રાજાને આ વાત જણાવી. આથી રાજા પણ ત્યાં આવ્યા અને અભયાને પૂછ્યું : અભયા રાણીએ પોતાને ફાવતી વાતો કરીને, શ્રી સુદર્શન શેઠ ઉપર બલાત્કાર કરવાનો ભયંકર આરોપ મૂક્યો. શ્રી સુદર્શન શેઠની ખ્યાતિથી પરિચિત રાજાએ પણ—

" अस्मिन् इदं असम्भाव्यम् "

*

'આ મહાપુરૂષમાં આ ન સંભવે'

*

—એમ માનીને ઘણી વાર શ્રી સુદર્શન શેઠને પૂછ્યું, પણ દયાથી શેઠ કંઇ બોલ્યા નહિ. આથી રાજા પણ શંકિત થયો અને માન્યું કે–'બોલતો નથી માટે દોષિત હોવો જોઇએ, એમ સંભવે છે.' તરત હુકમ કર્યો કેઃ–'આખા નગરમાં આના દોષની પ્રસિદ્ધિ કરી પાપીને મારી નાખો!'–આથી આ રક્ષકોએ તેને ઉપાડયો અને એને મુખ ઉપર મશી ચોપડી ગધેડે બેસાડયો. છત્ર તરીકે માથે સુપડું ધર્યું. વિગેરે વિગેરે કરી નગરમાં ઉદ્‌ઘોષણા કરી કે–'આમાં રાજાનો દોષ નથી, પણ અંતઃપુરમાં અપરાધ કરવાનો આ પાપીનો દોષ છે, માટે આનો વધ કરવામાં આવે છે.' શ્રી સુદર્શન તો મૌનજ છે. લોકોમાં પણ એજ હાહારવ થયો કે–

" न युक्तं सर्वथाऽप्येतन्नेह सम्भवतीदृशम् । "

*

'આ કોઇપણ પ્રકારે યોગ્ય નથી અને
આ પુણ્ય પુરૂષમાં આવું સંભવતું નથી.'

*

આ પછી આ રક્ષક પુરૂષોથી ભ્રમણા કરાવાતા શ્રી સુદર્શન પોતાના ઘર આગળ આવ્યા અને મહાસતી મનોરમાએ પોતાના પતિને જોયા તથા વિચાર્યું કે–'મારા પતિ સદાચારી છે, દોષ સંભવિત નથી,

પણ મારા પતિને જરૂર પૂર્વના કોઇ અશુભનો ઉદય આવ્યો.' આથી તે મહાસતીએ પણ અભિગ્રહ કર્યો કે-'પોતની આપત્તિ ન ટળે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ ! અનશન !'-એમ કરી કાયોત્સર્ગ અંગિકાર કર્યો. પતિ ઉપર પત્નિનો કેવો વિશ્વાસ ? આવો વિશ્વાસ પરસ્પર ક્યારે જામે ? આચારશુદ્ધિ હોય તો ને ? આ બાજુએ આ રક્ષક પુરૂષોએ શ્રી સુદર્શન શેઠને શૂળી ઉપર ચઢાવ્યા. શૂળી પણ આ મહાત્માના પ્રભાવથી સુવર્ણકમલના આસનપણાને પામી. શ્રી સુદર્શનનો વધ કરવા માટે તીક્ષ્ણ તલવાર ચલાવી, તે પણ શીલશાલી તે શ્રેષ્ઠિના કંઠમાં પુષ્પ-માલા થઈ ગઈ. આ જોઇને ચકિત થઇ ગયેલા આરક્ષકોએ રાજાને વિનંતિ કરી. રાજા પણ હાથિણી ઉપર બેસીને શ્રી સુદર્શન શેઠ પાસે આવ્યો અને તેને ભેટી પડીને કહ્યું કે-'હે શ્રેષ્ઠિન્ ! તું તારા પ્રભાવથી વિનાશ નથી પામ્યો, બાકી મેં પાપીએ તો નાશ કરીજ નાખ્યો હતો. ખરેખર, અનાથ એવા સત્પુરૂષોના નાથ તરીકે ધર્મ એ જાગતોજ હોય છે. માયાપ્રધાન સ્ત્રીના વિશ્વાસથી, તારો નાશ કરનાર મારાથી બીજો કોઇ પાપી નથી. પણ ખરી રીતે મારી પાસે આ પાપ તો તેંજ કરાવ્યું છે. હે સત્પુરૂષ ! મેં વારંવાર પૂછ્યું છતાં પણ તું તે વખતે ન બોલ્યો.' આ પ્રમાણે કહેતા રાજાએ હાથીની ઉપર બેસાડી, પોતાના મકાને લઇ જઇ, સ્નાન કરાવી, ચંદનથી વિલેપન કરાવી અને વસ્ત્ર, અલંકાર આદિ પહેરાવી, રાત્રીની હકીકત પૂછી અને શ્રી સુદર્શન શેઠે સત્ય હકીકત કહી. આથી રાણી પ્રત્યે ક્રોધ પામેલો રાજા, રાણીનો નાશ કરવા તૈયાર થયો, પણ શ્રી સુદર્શન

શેઠે રાજાના ચરણમાં શિર મૂકી તેમ કરતાં રાજાને અટકાવ્યો. આ પછી ન્યાયશીલ રાજાએ શ્રી સુદર્શન શેઠને હાથી ઉપર બેસાડી, મોટી ઋદ્ધિ સાથે નગરની અંદર ફેરવીને પોતાને ઘેર મોકલ્યા. રાણીએ ગળે ફાંસો ખાઇ પ્રાણનો ત્યાગ કર્યો અને ધાવમાતા ભાગી ગઈ તથા મનોરમા સતીએ પણ કાયોત્સર્ગ પાર્યો. આપણો મુદ્દો એ છે કે–'પરમશીલસંપન્ન શ્રી સુદર્શન શેઠની ધર્મવૃત્તિ અને ખ્યાતિ કેવી?

જયવીયરાયમાં આપણે ક્યાં સુધી આવ્યા ?

"भवनिव्वेओ"થી આરંભીને "तव्वयण सेवणा आभवमखण्डा"–સુધીની પ્રાર્થનાને બરાબર સમજનારો આત્મા અને હૃદયથી અવિચ્છિન્નપણે એવું ઇચ્છનારો આત્મા પાપથી કંપ્યા વિના રહેજ નહી. પછી યાવત્ મુક્તિ ન થાય ત્યાં સુધી માગ્યું કેઃ–'હે વીતરાગ! તારા શાસનમાં જોકે નિયાણાનો નિષેધ છે, તો પણ મને ભવોભવ તારા ચરણની સેવા હો.' કારણ કે–એ નિયાણું કાંઈ પાપરૂપ નથી, પણ લાભરૂપ છે. આ પછીની માગણી કરતાં આ પ્રાર્થનાસૂત્રમાં કહેવાય છે કે—

"दुक्खक्खओ कम्मक्खओ समाहिमरणं च बोहीलाभो अ ।
संपज्जउ मह एअं, तुह नाह ! पणामकरणेणं ॥"

*

'હે નાથ! આપને પ્રણામ કરવાથી મને–'દુઃખોનો ક્ષય, કર્મોનો ક્ષય, સમાધિમરણ અને બોધિનો લાભ'–આ ચાર વસ્તુની પ્રાપ્તિ હો.'

વ્યાખ્યાન—

[૧૯]

અર્થીપણું જાગ્રત કરો !

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા, મંગલાચરણમાં ફરમાવી ગયા કે–'આ શાસન સદાને માટે જયવંતુ વર્તે છે, કારણ કે–એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી તેમજ એક પણ સુંદર વિચારનો ઈન્કાર નથી : એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ અને યુક્તિએ એવા સિદ્ધ છે કે–એને સેવનાર આત્મા કર્મમળથી રહિત થઈ જરૂર મુક્તિપદને પામે જ ! એટલા માટેજ એ શાશ્વત્ છે, અનુપમ છે અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી આદિમાં નમસ્કાર કરાયેલું છે.' આ તીર્થમાં આચાર એ મૂખ્ય વસ્તુ છે. આચારની શુદ્ધિ વિના–ઉંચી કોટિના આચારના આલંબન વિના, આ તીર્થમાં કોઈ પણ આત્મા મુક્તિ પામ્યો નથી, પામતો નથી અને પામવાનો પણ નથી. એના આચારો એટલા બધા કઠીન છે કે—ભવાભિનંદી આત્માને તો તે સ્હેલા લાગેજ નહિ. આથીજ હંમેશ કરાતી પ્રાર્થનાને વિચારી રહ્યા છીયે. એ પ્રાર્થનાને લગતી ભાવના હૃદયમાં મજબૂત બનાવવી જોઇએ. જો એ બને તો આચાર બહુ સ્હેલા લાગે અને આચાર સ્હેલા લાગે તો આચાર અમલમાં મૂકવાના પરિણામ પણ સ્હેલાઇથી થાય અને એમ થાય તો પ્રવૃત્તિને આવતાં પણ વાર લાગે નહિ. પ્રાર્થના કરતી વખતે તેમજ ઘેર ગયા બાદ પણ જો તે વિચારાય, તો ભાવનામાં જરૂર

મોટામાં મોટું અંતર પડી જાય. એ રીતે ભાવના શુદ્ધ થાય તો આચાર મીઠા લાગે-સાંભળવાની ઈચ્છા થાય, સંભળાય, રૂચે, લેવાની ઇચ્છા થાય અને તેવા સુયોગ્ય અવસરની રાહ પણ જોવાય. પણ એ બધું એ ભાવના દૃઢ થાય અને અર્થિપણું આવે તો બને. અર્થી ગમે તેવા કઠીન કામને પણ કરે છે. અર્થીપણું ન હોય એની તો વાતજ નથી. અર્થી બનીએ તો આ વસ્તુ કઠણ લાગે નહિ. અર્થી બનાય તો કહેનાર પ્રત્યે પણ પ્રેમ જાગે, આપનાર પ્રત્યે બહુમાન થાય, કોઈ પણ ભોગે આપનાર પ્રત્યે તો ભક્તિ જાગે, હૃદય ઉછળે, આ વસ્તુ તો વ્યવહાર સિદ્ધ છે. જે ચીજની જરૂર જણાય તે મેળવવા કેટલી મહેનત કરો છો ? જરૂરી વસ્તુ મેળવવા કોઇ પ્રેરણા કરે, સલાહ આપે, સહાય કરે, કોઈ પણ ભોગે મેળવી આપે અને મળી જાય તો કેવો આનંદ થાય ! સામાનો કેટલો ઉપકાર માનો ? કોઇ પૂછે કે-'તમે પ્રાર્થના શા માટે કરો છો ? એક-બે દિવસ નહિ પણ રોજ શા માટે કરો છો ? દિવસમાં સાત સાતવાર પ્રાર્થના કરવાનું વિધાન શું કામ ?' એટલાજ માટે કે-'આ પ્રાર્થના કરી કરીને અર્થીપણું પેદા કરવા :' અર્થીપણું પેદા થશે તો કામ પાર થઈ જશે. અર્થીપણું આવ્યા પછી તો પોતે ત્યાં જશે : કોઇ સલાહ આપવા નહિ આવે તોયે પોતે સલાહ લેવા જશે : કોઇ શીખામણ આપવા નહિ આવે તોયે જાતે જઈ-હાથ જોડી-શીખામણ માગશે, પણ એ બધુંએ અર્થીપણું આવે તો. એ અર્થીપણું પેદા કરવા માટે હૃદય દૃઢ ને નિર્મળ બનાવવું જોઇએ અને તે પણ એવું કે-પ્રાર્થના વખતે, ભાવના

ન આવે તો આંખમાંથી પાણી ટપકવું જોઈએ. ભાવના આવી ગઈ એટલે એમાં ગણાવેલા ગુણોની પ્રાપ્તિ સહજ થશે.

વૃક્ષના મૂળમાં જળ સિંચન કરો !

'ભવનિર્વેદ'થી 'તવ્વયણસેવણા આભવમખંડા'—સુધી આપણે વિચારી ગયા. હવે-'હે વીતરાગ ! તારા શાસનમાં નિયાણાના બંધનનો નિષેધ છે, પણ હું માગણી કરૂં છું કે-હે નાથ ! જ્યાં સુધી હું સંસારમાં રહું ત્યાં સુધી ભવોભવ તારા ચરણની સેવા હો!' તારા ચરણની સેવામાં તકલીફ કે જોખમ જે કાંઇ હોય તે ભલે હો, પણ મને તો તારા ચરણની સેવાજ જોઇએ: જીવનનું સર્વસ્વ મૂકી દેવા વખત આવે તો ભલે, પણ મારે તો તારી ચરણસેવા જોઇએ: ભલે હું રંક બનું, પણ મારે તારી ચરણસેવા જરૂર જોઈએ: તારી સેવા મળી એટલે હું રંક છુંજ નહિ. ધર્મીને મન ધર્મ એજ ધન છે. ધર્મીની ત્યાંજ ધનબુદ્ધિ હોય અને એજ આદમી ધર્મનું સંરક્ષણ કરી શકે. ધર્મમાં રહેલી ધનબુદ્ધિ નાશ પામે તો ધર્મભાવના ટકી શકે નહિ: એ હોય તોજ બધું! મૂળ હોય તો છોડ થાય, મૂળ વિના વૃક્ષ ન થાય. છોડ, ડાળાં, પાંખડાં અને વૃક્ષ વિગેરે મૂળને આધારે: તેમજ અહીં પણ કહો આ બધાનું મૂળ શું ? તમે સુખી છો, સામગ્રીવાળા છો એનું મૂળ શું ? ધર્મ. વ્યવહારમાં કોઈ દરિદ્રી રહે તો તમે શું કહો ? પુણ્ય પરવારી ગયું. ધર્મ જાય તો દશા કેવી થાય ? જેના યોગે આ બધું છે, તે સાચવવા મહેનત કે આ બધું મળ્યું છે તે સાચવવા ? માળીને પૂછો કે-'પાણી કયાં રેડે ? ઉંચે છોડવા પર રેડે કે મૂળમાં ?

આખું વૃક્ષ લીલુંછમ રહે તે શાથી ? મૂળમાં પાણી રેડાય એથી કે ઉપર રેડાય એથી ? મૂળમાં એ ગુણ છે કે-જરૂર મુજબ બધે પાણી પહોંચે : મૂળમાંથી લીલું રહી બહાર લીલું રાખે. જો બહારજ પાણી રેડાય, તો મહીં સુકાય, એટલે પરિણામે બધુંજ સુકાય. અહીં પણ આ બધું (આ બધી સામગ્રી) સાચવવું હશે તો પણ સેવા તો ધર્મનીજ કરવી પડશે. બગીચાનો માળી વનરાજીને ટકાવવા, ખીલવવા મૂળમાં પાણી સીંચે, તેમજ સુખના અર્થીએ બહારની સામગ્રીમાં ન રાચતાં મૂળ રૂપ ધર્મમાંજ રાચવું-માચવું જોઈએ. એમ થાય તો આ બધું તો જીવનપર્યંત, અરે મુક્તિપદે જાવ ત્યાં સુધી બન્યું રહે. શ્રી તીર્થંકરદેવોએ એ ધર્મમૂળને એવું સીંચ્યું કે-દેવતાઓ પાસે ને પાસે. ધર્મમૂળને એવું સીંચીને આવ્યા કે-ગર્ભમાં આવતાંજ-જન્મતાંજ દેવતાઓ હાજર. એ જન્મે, એ દીક્ષા લે, એમને કેવળ થાય અને નિર્વાણ પામે, એ બધા પ્રસંગોની ચિંતા દેવેંદ્રોને. એમને ચલાવવા-હલાવવાની, એમના શરીરની બધા ચિંતા દેવેંદ્રો રાખે. એમનું મૂળ એવું મજબૂત કે-ચીજ ઇચ્છવી ન પડે, માગવી ન પડે, મનોરથ કરવા ન પડે, ઇચ્છયા પહેલાં તો સામે આવી હાજર થાય. આજ તો કહે છે કે-'માથાફોડ કરવા છતાંએ મળતું નથી.' મળે શી રીતે ? મૂળ સડેલું-ધર્મમાં કચાશ-આરાધના કરી નથી, તો મળે કયાંથી ? મુક્તિ તો મળે ત્યારે ખરી, પણ ત્યાં સુધીએ સુખી થવું છે કે દુઃખી ? જવું તો છે પરમ સુખના સ્થાનમાંને ? ત્યાં જવાય ત્યારે ત્યાં તો પરમ સુખ છેજ, પણ જો ધર્મમૂળને સીંચાય તો અહીં

પણ બાદશાહી. વસ્તુ એવી સીંચો કે-બેય ઠેકાણે આનંદ આવે. જેને સંતોષ છે, જેઓ વિષયથી પરાઙ્મુખ છે, તેને તો અહીં પણ મોક્ષ છે.

દુઃખ ટાળવાનો ઉપાય—

દુઃખ કોને ? પર વસ્તુને પોતાની માને તેને ! જોઈએ તે ન મળે અને મારૂં માનેલું જાય ત્યારે તેને દુઃખ થાય. જોઇએ તે ન મળે, અધુરૂં મળે, વિપરીત મળે, અથવા મારૂં માનેલું જાય બગડે, ત્યાં દુઃખ. જે મારૂં માનેજ નહિ એને દુઃખ શું ? ધર્મ, ઇચ્છાનો લોપ કરવાનું શીખવે છે. ઇચ્છા ઉડે કે ચિંતા ગઈ: પછી તો લક્ષ્મી આવે તો આવો, જાય તો જાઓ ! આવે તોય ભલે: જાય તોયે ભલે! આ ભાવનાવાળાને ચિંતા કે દુઃખ ન થાય. આ ભાવના ન થાય તો માનો કે-ધર્મ બરાબર સમજાયો નથી: ધર્મ, ધર્મરૂપે પરિણામ પામેલ નથી. વ્હાલામાં વ્હાલો પણ કોઈ જાય, તો પણ એમજ કહે કે-'મારે પણ જવાનું છે'-પરંતુ શોક ન કરે. સામગ્રી આવે ત્યારે કહે કે-'પુણ્યનો યોગ, મૂકો ઠેકાણે, બનતો સદુપયોગ કરો.' વચમાંથી ઉપડે તો કહે કે-'પુણ્યમાં ખામી હતી તેથી ગઇ, ભલે ગઇ, ઉપાધિ ટળી, સાચવવાની ચિંતા મટી.'-'ક્યારે મેળવું અને ક્યાં મૂકું ?' -એ વિચાર કરનારની હાલત છતે પૈસે, છતી સામગ્રીએ, છતે પરિવારે દુઃખીજ છે. ચિંતાની સગડી કાયમ ખાતે સળગતી જ છે. આ દુઃખ કમ છે ? સુખી રહેવાની રીત ધર્મ શીખવે છે. ધર્મમૂળને ખૂબ સીંચો: એવું સીંચો કે-સામગ્રી : લક્ષ્મી વિગેરે આવે તોય ઉન્માદ ન થાય, અને જાય

તોય દુઃખ ન થાય : આવે તોય એની નમ્રતા, લઘુતા, ઢબછબ એજ અને જાય તોયે એની પ્રસન્નતા એજ. એવું મન કાબુમાં કયારે આવે ? વસ્તુતત્ત્વ હૃદયમાં જચે ત્યારે. એ આદમી પોતાપણાને ભૂલે નહિ. રોજ પોતાના દોષ જૂએ : દોષ કાઢવાની કોશિષ કરે : ધર્મ પોષાય અને દોષ કઢાય, તો દુઃખ થાય શી રીતે ? **મોક્ષનો અર્થી સંસારમાં પણ દુ:ખી નથી અને સંસારનો અર્થી સંસારમાં સુખી નથી.**

*

'ભવે ભવે તારા ચરણની સેવા હો'–આ ભાવના ઘણી ઉંચી છે. શ્રી વીતરાગની સેવાનો મહિમા અને તાકાત અજબ છે. એ સેવાના પ્રતાપે આ સઘળું પણ મળેજ. માત્ર સેવા કરતાં આવડવું જોઇયે. હાથમાં ચિંતામણી છતાં ભીખ માગનારા ઘણાયે છે, કારણ કે–ચિંતામણીને ઓળખે નહિ, ઓળખે તો આરાધતાં આવડે નહિ અને એ આવડે તો માગવું શી રીતે એની ખબર જ ન હોય. સેવા કરતાં આવડે તો તો વાંધોજ નહિ. ધર્મી દુ:ખી હોયજ નહિ. ધર્મી કોણ ? મોક્ષનેજ ઇચ્છે તે : સંસારને ઇચ્છે તે નહિ! ને ધર્મી સદા સુખી : મહેલમાં, ઝુંપડીમાં અને અટવીમાં બધેય સુખી. શ્રી કુમારપાળ મહારાજાને અંતે ઝેર અપાયું. એમના ભંડારમાં એક બુટ્ટી હતી કે જેથી ઝેર દૂર થાય. ભંડારીને લાવવા કહ્યું. કાવત્રાખોરોએ પ્રથમથીજ ન મળે તેવી વ્યવસ્થા કરી હતી. ભંડારીએ કહ્યું કે–'મહારાજ ! બુટ્ટી મળે તેમ નથી.' શ્રી કુમારપાળે મહારાજાએ કહ્યું:–" ચિંતા નહિ, હોત તો ઉપયોગ કરત, નથી તો મૂંઝવણ નથી, મરવા

પણ તૈયાર છીયે, કેમકે—અરિહંતને આરાધ્યા છે, ગુરૂને સેવ્યા છે અને ધર્મ પાળ્યો છે!” કોઇનું ભૂંડું ઇચ્છયું નથી, એટલે શું થશે એની ચિંતા તેઓને શાની હોય? બુટ્ટી હોત તો ઉપયોગ કરત. ન મળી એથી પણ નારાજ ન થયા. ઉલ્ટા સાવધ થઇને રામચંદ્ર મુનીશ્વરની હાજરીમાં અંતિમ આરાધના કરી અને પરલોક સુધાર્યો. આવી તાકાત ક્યારે આવશે? માગણી તો એ છે કે–‘તારા ચરણની સેવા ભવે ભવે હોજો.’ એ સેવાજ એવી છે કે–દુઃખ ન થાય. ‘દુઃખ ન થાય’–એનો અર્થ એ નથી કે–દુઃખના પ્રસંગોજ ન આવે, પણ દુઃખના પ્રસંગોને તે દુઃખરૂપ માને નહિ. નવકાર ગણનારો દુઃખી ન હોય, એનો ભાવ આ છે. બાંધેલ કર્મ ઉદયમાં ન આવે કે નિકાચિત કર્મો ભોગવવાં ન પડે એમ નહિ,–પણ એ સમયે ચિંતવે કે–‘અશુભોદય છે: સારૂં થયું કે—આ સ્થિતિમાં આવો ઉદય આવ્યો, કે જેથી હું સારી રીતે ભોગવી શકીશ: દેવું ઘટયું એથી આત્મા હલકો થશે, એટલે ઉંચે જવાશે અને ઉંચે જવાની તો ભાવના ગળા સુધી (સંપૂર્ણ) ભરેલીજ છે.’

સંસારમાં સુખી કોણ?

“દુક્ખક્ખઓ” એટલે દુઃખનો ક્ષય. શ્રી તીર્થંકરદેવને પણ ઉપસર્ગ આવે કે નહિ? ભગવાન્ શ્રી મહાવીરદેવને પારાવાર પીડા થઈ છે: સ્હાડાબાર વર્ષમાં દુનિયાએ માની લીધેલી શાંતિનો એક પણ દિવસ નહિ એમ કહીયે તો ચાલે. કઠીન સંયમ, ધ્યાનમગ્ન અવસ્થા, ઘોર તપશ્ચર્યા અને તેમાં આવા ઉપસર્ગોની પરંપરાને સહવી! એમના

જેવાને કર્મના ઉદયે અનેક ઉપસર્ગ આવે, તો આપણા જેવા સામાન્યને આવે એમાં નવાઈ શી ? એવા ભયંકર ઉપસર્ગોના પ્રસંગે પણ એ તારકે દુઃખ માન્યું ? નહિજ. સંગમ નામનો દેવ લગભગ છ મહિના સુધી પીડા કરી જ્યારે પાછો જાય છે, ત્યારે ભગવાન્ શું વિચારે છે ? એજ કે-'સંસારને તારવાની ભાવનાવાળા અમારા સંસર્ગમાં આ-વીને પણ, આ પાપાત્મા સંસારમાં રખડી જશે.' એ જે પીડા દઇ ગયો એનો પાર નથી : પણ આ દુઃખ દઈ ગયો, એમ એમણે માન્યું ખરૂં ? 'એ તો મારૂં દુઃખ લઈ ગયો, એના નિમિત્તે તો આત્મા હલકો થયો'-એજ ભાવના આવી. શ્રી જિનેશ્વરદેવની સેવા કરનારની ભાવના આ હોય. શ્રી જિને શ્વરદેવના અનુયાયિ, વસ્તુ માત્ર ઉપર શાંત ચિત્તે વિચાર કરીને વર્તે. તે આત્માને લક્ષ્મી આવે તો મદ ન થાય અને જાય તો કહે કે-'જવા દો, એનો જવાનો સ્વભાવ છે, સાચવવાની પંચાત ઓછી !' આવું માનો તો ? મનાય છે ? ? આવું ન મનાય ત્યાં સુધી ધર્મ રૂપી મૂળ સીંચાય નહિ અને એમ ન થાય ત્યાં સુધી સંસારમાં સુખી થવાય નહિ. સંસારમાં સુખી તે, કે જે મોક્ષને ઇચ્છે. કાં તો મોક્ષના આત્માઓ સુખી અને કાંતો મોક્ષે જવાની ઇચ્છાવાળા સુખી. તે સિવાય આખું જગત્ દુઃખી. સંસારને ન ઇચ્છે ને મોક્ષને ઇચ્છે તે સાચો ધર્મી ! સમ્યગ્દૃષ્ટિ આત્મામાં સમજ ન હોય એમ નહિ : સમજે બધુંજ : દુઃખને દુઃખ તરીકે અને સુખને સુખ તરીકે માને, સમજે, બૂઝે, જાણે, અનુભવે, પણ મૂંઝાય નહિ. જો એ ન

જાણે તો તો અજ્ઞાનતા : એ વસ્તુને વસ્તુસ્વરૂપે ઓળખે તો ખરો જ. મુનિ હીરાને તથા પથરાને બેયને ઓળખે અને ઉપેક્ષા પણ બેયની કરે. ગૃહસ્થ ઉપેક્ષા પથરાની કરે પણ હીરાની કેમ ન કરે ? તો કે—હજી તે હીરાની અસારતા સમજી શકયો નથી અને અસારતા સમજી શકયો છે તો મમતા તજી શકયો નથી. મુનિ હીરાની અસારતા સમજ્યા, પણ હીરામાં લાખની કિંમત છે, એ તો સમજે જ છે. એમજ દુઃખને દુઃખ ન માને : દુઃખ તરીકે ન અનુભવે : પણ કહે કે–'એ દુઃખના પરિણામે સુખ છે માટે એ દુઃખ એ દુઃખજ નથી, કિન્તુ સુખનું સાધન છે.' પૌદ્ગલિક ભાવમાં લીન રહેવાથી દુઃખ નહિ જાય. દુઃખ આવે તો પણ ન લેપાઉં કે જેથી આરાધી શકું. માગનાર આત્મગુણના અર્થી જોઇએ. એ ન હોય તો કંઇ ને બદલે કંઈ માગી લે. આખો ક્રમ વિચારો. મુનિ ભિક્ષાએ જાય તો પણ બુદ્ધિ એ કે–'મળે તો સંયમપુષ્ટિ : ન મળે તો તપોવૃદ્ધિ.' એને ગમે તે ચીજ મૂંઝવે નહિ. લુખ્ખું, સુકકું, ચોપડયું કે મિષ્ટાન્ન–જે મળે તે બધાનો ઉપયોગ સંયમપુષ્ટિ માટે. માગણી એ છે કે–'સંયોગ રીબાવે એવા ન હોય તો સ્હેજે આરાધી શકું.' ધ્યેય તો મુક્તિનું જ. નીસરણી મજેની પણ પગથીયું ચૂકે તો કેડો, સાંકળ, બધું હોય છતાંય પડે. શ્રી જિનેશ્વરદેવની સેવા માગનારને દુઃખ સહન કરવાની શક્તિ વધે. એનો અર્થ એજ કે–દુઃખને દુઃખ ન માને : દુઃખને દુઃખ માને કે શક્તિહીન થઈ જાય. યુદ્ધમાં એ કાયદો કે–સામેથી ધસારો ગમે તેવો આવતો હોય, પણ સૈનિકે તો સેનાપતિના વાવ-

ટાનેજ જોવે. ભલે ધસારો આવે, પણ વાવટો કહે કે–'સામે જાઓ'–તો સામે જવાનું. સામેથી આવતા ઘા કે હથીયારો કાંઈ જોવાનું નહિ. સેનાપતિના ઑર્ડર (હુકમ) મુજબ વર્તવાનું. જેમ ચકરડું ફેંકે તેમ ધસે તો વિજય મેળવે, પણ જો 'ઓ બાપરે'–એમ થયું તો હથીયાર હાથમાં રહે. દુશ્મનનો ધસારો જોઇને ભૂલ્યો–લેવાયો તો બળવાન પણ હાર્યો. આપત્કાલ વખતે, આત્માને આપત્ હાનિ નથી કરતી, એ નક્કી થવું જોઇએ. એ વખતે આત્મા મજબૂત રહે તો આત્માને આપત્ હાનિ ન કરે. આપત્તિમાં લેવાઈ ન જવાય, તે ધ્યાનમાં રાખવું જોઇએ.

સમ્યગ્દૃષ્ટિ ત્યાગની તૈયારીવાળો હોય!—

સમ્યગ્દૃષ્ટિ આત્મા કદાચ મોહની તીવ્રતાના યોગે ત્યાગ કરી શકતો ન હોય, તો પણ તે ત્યાગની તૈયારીવાળો તો હોવોજ જોઇએ. અવસરે તેને ત્યાગ કરતાં મૂંઝવણ ન થવી જોઇએ. આ ઉપર એક વ્યવહારિક દૃષ્ટાંત ખાસ યાદ રાખવા જેવું છે:–

"એક વખત એક સ્ત્રીએ પોતાના સસરાને, જમીનપર પડેલા તેલને લઇ શરીરે તથા જોડા ઉપર ઘસતાં જોયા. પુત્રવધૂ ઘણીજ વિચક્ષણ હતી, પણ નવી હોવાના કારણે સસરાના ગુણોની એને ખબર ન હતી. આથી તેણીએ વિચાર્યું કે–'ધૂળવાળું તેલ શરીરે ઘસે છે: આ કૃપણતા કેવી? કૃપણતા એ મહા દોષ છે અને જો એ દોષ મારા સસરામાં હોય તો ખરાબ.' પરન્તુ એણે એમ પણ સાથેજ વિચાર્યું કે—'ખાત્રી કરવી જોઇએ કે–આ તે કૃપણતા છે કે કેવલ કરકસરજ છે?'

એક વાર પ્રસંગે તેણી એકદમ ચીસ પાડી પથારીમાં પડી અને બૂમાબૂમ કરવા મંડી પડી. બધા ભેગા થયા અને પૂછવા લાગ્યા કે-'શું થાય છે ?'

'પેટમાં દુઃખે છે.' આવનારાએ પૂછયું કે-'કેવું ?'

વહુ૦ 'ન રહેવાય એવું.'

સસરો ઘેર આવ્યો : વહુ તો બૂમાબૂમ મારે છે. સસરા પૂછે છે કે-'શું થાય છે ?'

આના ઉત્તરમાં તો તેણીએ બૂમાબૂમ કરીને કહ્યું કે-'મારૂં પેટ દુઃખે છે, મારાથી રહેવાતું નથી.'

સસરો પૂછે છે કે-'પહેલાં આવું કોઈ વખત થયું હતું કે આજેજ આ થયું ?'

વહુએ કહ્યું કે-'મારા બાપને ત્યાં એક વખત આવું થયું હતું.'

સસરો૦ 'ત્યારે કયી રીતે મટયું હતું ? કંઇ ઉપાય ?'

વહુ૦ 'ઉપાય તો છે, પણ અહીં એ ઉપાય કયાંથી થાય ? મારા બાપને ત્યાં તો એક ઉપાયથી તરત મટયું હતું.'

સસરો૦ 'કહે તો ખરી, થાય ન થાયની શી ખબર પડી ?'

વહુ૦ 'થાય એમ દેખાતું નથી ત્યાં શું કહું ?'

સસરો૦ 'તું કહે તે પછી એ જોવાનું કે-થાય છે કે નહિ ?'

વહુ૦ 'સાચા મોતીને લસોટી મને ખવડાવ્યા હતાં. એથી પેટમાં દુઃખતું મટયું હતું.'

*

સસરાએ તરત તીજોરી ઉઘાડી. સાચાં મોતી કાઢયાં અને વાટવાને પથરો હાથમાં લીધો : જ્યાં વાટવા જાય છે કે તરત વહુનું પેટ દુઃખતું મટી ગયું.

*

વહુ૦ 'પિતાજી ! ક્ષમા કરો, હવે મારૂં પેટ નથી દુઃખતું.'

સસરો૦ ' બેટા ! તું કહે કે–તેં આ કર્યું શું ?'

વહુ૦ તે દિવસે જમીનપર પડેલા ધૂળવાળા તેલને શરીરે ચોપડતાં જોઇ, મેં આપને કૃપણ માનેલા અને એની પરીક્ષા માટે આ કર્યું હતું. મને મારી ભૂલ સમજાઇ. આજે સમજાયું કે–મારા સસરા કૃપણ નથી, પણ વસ્તુના રક્ષક છે : વસ્તુને કુમાર્ગે જવા દેનાર નથી, પણ જરૂર પડે ત્યારે ગમે તેવી ચીજને જતી કરવા તૈયાર છે.'

*

સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ કદાચ આમ છોડવાને તૈયાર ન હોય, તે છતાં પણ જો ધર્મના રક્ષણ માટે છોડવાનો પ્રસંગ આવે, તો સર્વસ્વ છોડવાને માટે સજ્જ હોવોજ જોઇએ.

વૈયાવચ્ચ વખતે સ્વાધ્યાય ન હોય–

શહેરમાં મરકી ફેલાઇ હોય, ત્યારે ત્યાં સંયમીને ચોમાસામાં પણ વિહાર કરવાની છૂટ છે : કારણ કે–ચેપી રોગોના પ્રભાવે સોપક્રમી આયુષ્ય તુટી પણ જાય, માટે સંયમના સંરક્ષણ માટે મુનિ ચોમાસામાં પણ વિહાર કરી શકે. પણ શરીર સંયમને બદલે અસંયમમાં જતું હોય, તો મુનિ તે શરીરનો ત્યાગ કરતાં પણ ન અચકાય. મુનિ બીમાર પડે તે વખતે, મધપુડાની આગળ જેમ માખીઓ ભેગી થાય, તેમ સંયમધર બધા મુનિઓ તે સંયમીની સેવા–ભક્તિ કરે. એ સેવા શરીરની કે સંયમની ? સંયમની ! સંયમનું સાધન શરીર. તે આપત્તિમાં પડે માટે એની સેવા મુનિઓ કરે. એ વખતે–વૈયાવચ્ચની વખતે, કોઇ મુનિ

એમ કહે કે-' હું તો સ્વાધ્યાય કરૂં છું'-તો એ સ્વાધ્યાય નથી પણ સંયમની અવગણના છે. આ સેવા શા માટે? સંયમ પ્રતિ અધિક પ્રેમ જાગે તે માટે! સંયમી આત્માને જ્યારે આપત્તિ હોય, ત્યારે જો સ્વાધ્યાય આદિના બ્હાને બીજા મુનિ, આપત્તિમાં પડેલા મુનિવરની રક્ષા ન કરે, તો માનવું કે-'એને સંયમની કિંમત નથી.'

*

મુનિથી તપ ન બને તો આહાર ભલે કરે, પણ વસ્તુનો સ્વાદ થતો હોય તો તો નજ કરે. આહારના અભાવે શુભ ધ્યાનમાં ટકવાની તાકાત નથી, પણ સ્વાદથી તો ઇંદ્રિયો લેપાતી જાય. ઇંદ્રિયો લેપાતી જતી હોય એ તો કોઈ વખત મારી નાખે.

× × ×

" दुक्खक्खओ कम्मक्खओ "

*

—આપણે આ માગીએ છીયે, શ્રી વીતરાગ પાસે! માટે એ નક્કી કરો કે-એ માગણી વીતરાગ થવા માટે છે. સામગ્રી એવી મળે કે જેથી વીતરાગ થવાય, ત્યાં બીજી ભાવના આવે? નજ આવવી જોઇએ. ચરણસેવા ભવોભવ શાને માટે માગી? દુઃખક્ષય માટે! આ દુઃખક્ષય ક્યારે થાય? કર્મનો ક્ષય થાય ત્યારે! શુભ કર્મનો ઉદય શુભ સંયોગોને તથા અશુભ કર્મનો ઉદય અશુભ સંયોગો ઉત્પન્ન કરે. પણ આત્મા સાવધ હોય તો વાંધો ન આવે. આધીન ન થવું, એ તો આત્માની સત્તાની વાત છે. ઉદયનું

કામ તો સંયોગો ઉત્પન્ન કરવાનું, પણ આત્મા આધીન ન થાય તો કર્મ કરે શું ? જો કર્મ કરે એજ થતું હોય, કુલ સત્તા કર્મની જ હોય, તો આત્મા મુક્તિ જાયજ કયાંથી ? કોઇને મુકિત જવા દેજ નહિ. આત્માને રમાડયાજ કરે. જે આત્મા શુભ તથા અશુભ સંયોગોને આધીન ન થાય, તેજ કર્મક્ષય કરી શકે અને મુકિત મેળવી શકે.

શુભ-અશુભ સંયોગોને આધીન ન બનો!

પ્રાર્થનાસૂત્ર દ્વારા કરવામાં આવતી માગણી, મુક્તિ માટે છે-એ ભૂલવું જોઇએ નહિ : એમાં વિષય-કષાય ન ઘુસે એનો ખ્યાલ રાખવો. આખું ચિત્ર, ચિત્રકારે મહેનત કરીને છ મહીને સારામાં સારૂં તૈયાર કર્યું હોય, પણ કોઈ જરા કાજળના છાંટા નાખે તો શું થાય ? કલંકિત થાય : પચાસ હજારની કિંમતનું હોય તોયે નકામું થાય: કિંમત રદ થાય. પેલો કહે કે-'મેં કર્યું શું ?' ચિત્રકાર કહે કે-'ભાઇ ! તેં એવું કર્યું કે મારી બધીજ મહેનત પાણીમાં ગઈ.' કોઇને સુધારવા સ્હેલા કે બગાડવા ? કોઇને ચઢાવવા સ્હેલા કે પાડવા ? સન્માર્ગે લઇ જવા સ્હેલા કે ઉન્માર્ગે લઈ જવા સ્હેલા ? ઉત્તમ જીવો પણ ખરાબ નિમિત્તથી ખસી જાય, તો સામાન્ય જીવોની વાત શી ? મંગલ ક્રિયામાં મંગલની જરૂર છે, પણ અપમંગલની ક્રિયામાં નહિ : કારણ કે-તે ક્રિયાજ અપમંગલરૂપ છે. તેમ બધો ગુંચવાડો જ સાચામાં છે. ખોટાનો તો આત્મા અનાદિ કાલથી અભ્યાસી છે : અરે, અભ્યાસ તે એવો કે-વાત વાતમાં જૂઠું બોલે અને એને ભાન પણ ન હોય કે-'હું જુઠું બોલ્યો '-કારણ કે-એવી ટેવ પડી ગઈ.

(સભા૦ આ તરફ એવી ટેવ પાડે તો ?)

પાડે તોને ! પાડયા પછીજ સ્હેલાઇ થાય ને ? અહીં આવ્યા પછી સ્હેલાઇ થાય એ વાત સાચી ! ઉત્તમ સંસ્કાર પડયા પછી તો આત્મા એવો બનશે કે–'આપત્તિ સહેવાનું પણ અપૂર્વ બળ આવશે : પરિણામે તે સત્ય ખાતર આપત્તિની પણ દરકાર નહિ કરે.' મુનિ મોક્ષની સાધના માટે પ્રાણની આપત્તિ પણ સહે. હવે એ દુઃખના ક્ષય માટે કર્મનો ક્ષય કર્યા વિના છૂટકોજ નથી. કર્મ માત્ર ન જોઈએ : શુભ તથા અશુભ બન્ને ન જોઈએ : પણ અશુભ આવતાં હો તો એ ન આવો, એનું નામજ પુણ્યાનુબંધી પુણ્ય. પુણ્યાનુબંધી પુણ્યવાળો આત્મા પણ એનાથી મળેલા ભોગને માને તો હેયજ ! ત્યાગ કરવા લાયકજ !! પુણ્યાનુબંધી પુણ્યથી મળતા ભોગો આત્માને ફસાવે નહિ, માટે આત્મા જાગૃત થવો જોઇએ. જાગૃત આત્મા અશુભના ઉદયને પણ નિષ્ફલ કરે છે. શ્રી રાવણ અને શ્રી લક્ષ્મણ નરકમાં પણ યુદ્ધ કરતા હતા : પૂર્વનું વૈર સાથે લઈને આવ્યા હતા : પણ સીતાજીનો જીવ જે બારમા દેવલોકનો ઈંદ્ર છે—અચ્યુતેંદ્ર છે, તે ત્યાં આવીને કહે છે કે–'હજી આ દશા ?' તરત તે જાગૃત થયા. સમ્યગ્દૃષ્ટિ આત્મા નરકમાં વેદના વેદે, એનાથી બૂમ પણ પડાઇ જાય, ચીસો પણ પડાઇ જાય, પણ સમતાથી સહે. શાથી ? આત્મો જાગૃત થયો એથી ! શુભ અને અશુભ સંયોગોને આધીન ન થવાનું કામ આત્માનું છે. આત્મા એને આધીન ન થાય, તો એ બેય સંયોગો વાંઝીયા (નિષ્ફળ) બની જાય.

શુભ અને અશુભ કર્મોની સત્તા કયાં સુધી ?

પુણ્યયોગે એકને શુભ સંયોગો પણ અનેક મળી

જાય અને પાપના યોગે એકને અશુભ સંયોગો પણ અનેક મળી જાય : પણ એ બેય તે તે સંયોગોને છોડે તો મુક્તિએ જાય! શુભવાળો શુભને છોડે તો મુક્તિએ જાય : અશુભવાળો અશુભને છોડે તો મુક્તિએ જાય! શુભ અને અશુભ કર્મોની સત્તા ક્યાં સુધી ? આત્મા ઉંઘતો હોય ત્યાં સુધી. જાગે એટલે જરાયે નહિ. આત્મા કર્માધીન થઇ પ્રવૃત્તિ કર્યે જાય તો બગડે, પણ એમ કહે કે–'શુભને આવવું હોય તો પણ ભલે આવો : અશુભને આવવું હોય તો પણ ભલે આવો : પણ બેમાંથી એકેનાય ફંદમાં હું નહિ આવું :' તો બેયને સીધું ને સટ ચાલ્યા જવું પડે. આત્માપરનું પુદ્ગલનું આવરણ ખસી જાય ત્યારે વાસ્તવિક સ્વરૂપ પ્રગટે અને તે પછી તે આત્મા સંસારમાં રહેજ નહિ, કારણ કે કર્મમાત્ર જાય એટલે લોકાગ્રે (મોક્ષે) જ જાય. કાદવથી લેપાયેલી અને કાંકરાથી ભરેલી તુંબડી હોય, સાગરને તળીયે પડી હોય, પણ કાંકરા નીકળી જાય ને કાદવ ધોવાઈ જાય, તો એ તુંબડી સીધી ઉપર–જલની સપાટીએ આવે. એથી ઉંચે જાય ? ના, તાકાત નથી ! તાકાત તો છે, પણ સાધન નથી. તેમ આત્મા પુદ્ગલના સંગથી રહિત થાય એટલે લોકાગ્રે જાય, ઉપર નહિ. ઉપર આકાશ તો છે, પણ અલોક છે. તેમાં ધર્માસ્તિકાયાદિકનો અભાવ છે. ધર્માસ્તિકાય વિના જીવ ગતિ કરી શકે નહિ. સ્વઇચ્છાથી ગમનાગમન કરતા જીવ અને પુદ્ગલને ગમનમાં સહાય રૂપ થાય, તે ધર્માસ્તિકાય અને સ્થિતિમાં સહાય રૂપ થાય તે અધર્માસ્તિકાય: સ્વઇચ્છાએ ગમનાગમન કરતા જીવને ગતિમાં સહાયક દ્રવ્ય તે ધર્માસ્તિકાય અને સ્થિતિમાં સહાયક તે અધર્માસ્તિકાય. જ્ઞાનીએ જોયું કે–'લોકમાં બે વસ્તુ છે : જેના યોગે જીવો

તથા પુદ્ગલો ગમન તથા સ્થિતિ કરી શકે છે, એ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય–બન્ને અરૂપી દ્રવ્યો છે. આત્મા જડથી એટલો બધો દબાઈ ગયો છે, કે જેથી જડ રમાડે તેમ રમે છે. જડમાં પણ અનંતી શક્તિ છે. આત્માના અનંત ધર્મો પુદ્ગલના યોગે દબાઈ ગયા છે. નિગોદમાં જૂઓની! ચૈતન્ય કેટલું? અક્ષરના અનંતમા ભાગ જેટલું! ત્યાં વેદના પણ અવ્યક્ત. નિગોદમાંથી ભવિતવ્યતાના યોગે બહાર આવે, યથાપ્રવૃત્તિ–કરણના યોગે ગ્રંથીદેશ નિકટ આવે, વીર્યોલ્લાસ થાય અને અપૂર્વકરણ આવે તો તે અપૂર્વકરણથી ગ્રંથી ભેદી અનિવૃત્તિકરણાદિક કરે અને સમ્યક્ત્વ પામે ત્યારે આત્માના સ્વરૂપની ઝાંખી થાય! વસ્તુ પામ્યા પછી ઉદ્યમની જરૂર. આત્મા અને જડ અલગ છે માટે જડથી બચવું: જડથી છૂટવાનાજ પ્રયત્ન કરવાના, કે જેથી મુક્તિપદે પહોંચાય. જડથી દબાયેલા આત્માને, જડથી અલગ કરવાના પ્રયત્ન કરવા જોઇએ. આત્માને વળગેલાં જડરૂપ કર્મોનો ક્ષય ત્યારેજ થાય, કે જ્યારે તેના યોગે ઉપસ્થિત થયેલ શુભ અને અશુભના સંયોગને આત્મા આધીન ન થાય. સંપૂર્ણપણે આત્માથી કર્મનો સંયોગ ક્ષીણ ન થાય અને આ સંસારમાં જન્મ અને મરણ કરવાંજ પડે, તો સમાધિથી મરણ અને જ્યાં હો ત્યાં બોધિનો લાભ થાઓ, કે જેથી મારો આત્મા પરિણામે મુક્તિપદને સાધી શકે અને તે સિદ્ધ ન થાય ત્યાં સુધી આ સંસારમાં પણ મારા આત્માને દુનિયાનાં દુઃખો અને કર્મોનો સંયોગ સતાવે નહિ.

[૨૦]

સમાધિમરણ અને બોધિલાભ—

ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા, મંગલાચરણ કરતાં ફરમાવી ગયા કે–'આ તીર્થ હંમેશને માટે જયવંતુ વર્તે છે, કારણ કે–એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી અને એક પણ સુંદર વિચારનો ઇન્કાર નથી : એના સિદ્ધાંતો અનેક ભઙ્ગીથી એવી રીતે સિદ્ધ થયા છે કે–તેને સેવનાર આત્મા કર્મમળથી રહિત થઇ જરૂર મુક્તિપદે પહોંચે : માટે જ એ શાશ્વત્ છે, કેમકે–સત્યને શાશ્વત્ રહેવાનો હક્ક છે : એથી જ એ અનૂપમ છે અને સઘળા શ્રી જિનેશ્વર-દેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. આ તીર્થમાં આચાર, એ મૂખ્ય વસ્તુ છે.' એ આચારને જીવનમાં ઉતારવા માટે આપણામાં ભાવના બહુ સ્થિર હોવી જોઇએ : જો ભાવના સ્થિર ન હોય, તો આ આચાર જીવનમાં ઉતારવા બહુ કઠીન છે. અનાદિ કાલથી જેનો સંગ કર્યો તેને તજીએ તોજ આચાર જીવનમાં ઉતરે : એને મૂકયા વિના ઉતરી શકે તેમ નથી : માટે આપણે પ્રાર્થના સૂત્ર (જયવીયરાય) વિચારીયે છીયે. એ સૂત્રમાં જેની માગણી કરીએ છીએ, તેને ભાવનારૂઢ બનાવવી જોઇએ : એ ભાવનામાં એવા તન્મય બનવું જોઇએ કે–પરિણામની ધારા પ્રગટે કે જેથી સ્હેજે પ્રવૃત્તિ આવીને ઉભી રહે : આચાર સ્હેજે આવે. ભવનિર્વેદ, એ પહેલી માગણી : એ પણ ટકે ક્યારે ? માર્ગાનુસારિતા વિગેરે બધા પાછળના : ભવનિર્વેદ પછી આવે : કિન્તુ ભવનિર્વેદ પણ

ટકે ક્યારે? સદ્‌ગુરૂના વચનની સેવા અખંડપણે ટકે તો! એ સેવા હોય તોજ બધી વસ્તુ ટકે. ભવનિર્વેદ એ પાયો છે: વચનસેવા એ સાધન છે. ભવનિર્વેદ વિના વચનસેવાનો ભાવ પણ ન થાય. સદ્‌ગુરૂની અખંડિત વચનસેવા માગ્યા પછી, પ્રાર્થનાસૂત્રમાં એ માગણી છે કેઃ–'હે ભગવન્! ત્હારા શાસનમાં નિયાણાના બંધનનો તો નિષેધ છે, તો પણ હું નિયાણું કરૂં છું કે–'જ્યાં સુધી સંસારમાં રહું, ત્યાં સુધી ભવે ભવે મને તારા ચરણની સેવા હો!' શ્રી જિનેશ્વરદેવની ચરણસેવા મળે, એટલે બીજા બધા ગુણો તો સહજ છે. ત્યાર પછીની છેવટની માગણી દુઃખનો ક્ષય: એના માટે કર્મનો ક્ષય: અને જ્યાં સુધી મરવાનું છે ત્યાં સુધી સમાધિમરણ, તથા જ્યાં જાઉં ત્યાં બોધિલાભ! સમાધિ મરણ કોને થાય? જેવો આત્મા તેવું મરણ. શાસ્ત્ર મુનિના મરણને 'પંડિત મરણ' કહે છે, શ્રાવકના મરણને 'બાલ પંડિત મરણ' કહે છે, અને બીજાના મરણને 'બાલ મરણ' કહે છે. પંડિતાઈ કયી? જેટલા પ્રમાણમાં પાપથી વિરામ પામ્યા હોય તે. જે વસ્તુ આત્માને મૂંઝવતી હતી, તેના સંગથી સર્વથા મુનિ ખસ્યા, માટે એમનું મરણ–તે 'પંડિત મરણ:' દેશવિરતિ શ્રાવક અંશે ખસ્યા, માટે એમનું મરણ તે 'અંશે પંડિત મરણ' તથા બાકીના–'અંશે બાલ મરણ!' અને બીજા બધા સંસારના સંગમાં બેઠા છે, માટે એમનું 'બાલ મરણ!' આપણો મુદ્દો એ છે કે–'પંડિતાઇ શું ચીજ છે એ સમજો.' કોરી બુદ્ધિ એ શુષ્ક બુદ્ધિ છે: બુદ્ધિ સંસ્કારી અને ફલવતી જોઈએ: અસંસ્કારી અને ફળ વગ-

રની બુદ્ધિ કામની નથી. જેટલી ચીજો આત્માને ઘાતક છે, તે બધાથી આત્માએ અલગ થવાનું છે. બુદ્ધિના ઉપયોગની ત્યાં જરૂર છે. અલગ થવું પડે એમાં કિંમત નથી, પણ આત્મા સ્વયં અલગ થાય એમાં કિંમત છે. સમ્યગ્દષ્ટિ આત્મા પણ ધારે તો 'સમાધિમરણ' સાધી શકે છે: કારણ કે-તે એ બધી વસ્તુને તજવા યોગ્ય તો માને છે. સમાધિ મરણ શા માટે? એટલા જ માટે કે-ભલે આ જીંદગીમાં તો મમત્વ ન છૂટયું, પણ પરંપરા સાથે ન આવે: મોહની આધીનતાના યોગે આત્મા જીંદગી સુધી તો ત્યાગ ન કરી શકયો અને લેપાયો, પણ જતી વખતે તો એ લેપ છોડવો છે કે સાથે લઇ જવો છે? બધી સામગ્રી તો અહીં રહે-વાની છે: તો એના યોગે નિરર્થક લેપ સાથે આવે એવી મૂર્ખાઈ કોણ કરે? મહેનત કરવા છતાંય એ ચીજો જો સાથે નહિ આવે, તો વળી પાછળના પાપની ભાગીદારી કાયમ રાખવાની મૂર્ખતા કોણ કરે? પણ એ કયારે બને? એ હેય છે-એના સંસર્ગથી અહિત છે, એવી બુદ્ધિ થાય તોને! ત્યારે માગણી એ કે-'જ્યાં સુધી સંસારમાં રહું, ત્યાં સુધી ભવે ભવે તારા ચરણની સેવા: એને માટે દુઃખક્ષય, કર્મક્ષય-સંપૂર્ણ કર્મક્ષય ન થાય ત્યાં સુધી જે વારંવાર મરણ થાય તે સમાધિયુક્ત થાઓ અને જ્યાં જાઉં ત્યાં બોધિનો લાભ થાઓ!' જ્યાં જઇએ ત્યાં જે સામગ્રી મળે તેના સદુપયોગની બુદ્ધિ થાય તે બોધિલાભ: બોધિલાભ, સંસારના હેતુનેય મોક્ષનો હેતુ બનાવે છે: સંસારના હેતુને પણ ત્યાંથી ખસેડી મોક્ષના હેતુમાં યોજે છે: કોઇ ક્રિયા

સાધતાં સંસારનો હેતુ નડતો હશે તો તેને ઉલટાવી હાનિકર નહિ થવા દે: માટે બોધિલાભ હો. બોધિલાભ વિનાની આર્યદેશ, આર્યકુળ, આર્યજાતિ-વિગેરે સામગ્રી નકામી! શું એ વિના એ કામ પણ આપે? એ બધી સામગ્રી ફળે ક્યારે? બોધિલાભ હોય ત્યારે! બોધિલાભ જલ્દિ મળે, એમાં તન્મય થવાય, શ્રી જિનેશ્વરદેવના વચનમાં ઓતપ્રોત થવાય, તો તો મળેલી બધી સામગ્રી સફળ! શ્રી જિનેશ્વરદેવના વચન ઉપર પ્રીતિ થવા પહેલાં પણ પાપની ભીરૂતા આવવી જોઇએ. પાપનો ભય ન હોય તો શ્રી જિનેશ્વરદેવનાં વચન ગમેજ નહિ. જેને પાપનો ભય નથી, જેને ભવનો ડર નથી અને જેને સંસારના રંગરાગ તરફ અરૂચિ નથી, તેને શ્રી જિનેશ્વરદેવની વાણી ન ગમે. શ્રી જિનેશ્વરદેવની વાણી તો ક્યારે ગમે? જ્યારે ભવની અરૂચિ થાય ત્યારે! શ્રી જિનેશ્વરદેવનું વચન બધાને રૂચતું હોત, તો તો પછી જોઇએ શું? શ્રી જિનેશ્વરદેવના વચન ઉપર રૂચિ કેળવવા માટે તો આ બધા પ્રયત્ન છે.

ઉપકાર પણ યોગ્યનોજ થઈ શકે છે.

હવે શ્રી આચારાંગસૂત્રના મંગલાચરણના બીજા શ્લોકને લઈએ છીએ. ભગવાન્ શ્રી વીરદેવે જગત્‌ના હિતની ખાતર, જરાય શંકાને સ્થાન ન મળે તેવા આ આચારશાસ્ત્રને કહ્યું છે. જગત્‌ના હિતની ખાતર-પ્રાણી માત્રના ભલાની ખાતર કહ્યું છે. આરાધક બુદ્ધિને ધરનાર કોઇ પણ પ્રાણી એવો નથી, કે જેનું આ આચારશાસ્ત્રથી હિત ન થાય: કારણ કે-આ આચાર એવો ઉત્તમ છે કે, જે જે આરાધક બુદ્ધિથી

સેવે, તેને તેને પવિત્ર બનાવે અને તે સેવનારના સહવાસીઓને પણ પવિત્ર બનાવે : આ આચારને સંપૂર્ણપણે જીવનમાં ઉતારનાર તરફથી પ્રાણી માત્રને અભયદાન મળે : આ આચારને સંપૂર્ણપણે અંગીકાર કરનાર તરફથી–એટલે સર્વવિરતિથી પ્રાણી માત્રને અભયદાન મળે : એ પવિત્ર આત્મા તરફથી એકેન્દ્રિયો પણ નિર્ભય બને : એકેન્દ્રિય જીવો માટે પણ એવી કાળજી છે કે–ભલે એનું ભલું આપણે ન કરી શકીએ, પણ આપણાથી તે જીવોને પીડા તો નજ થાય, કેમકે–ભલાનો આધાર તો સામાની યોગ્યતા ઉપર છે. એમાં ભલું કરનારનું એકલાનું ચાલતું નથી. શ્રી તીર્થંકરદેવ જેવા ઉપકારી પણ, સાંભળવાની તાકાત વગરના અસંજ્ઞીપર, તેમજ દુર્ભવી કે અભવિ ઉપર શો ઉપકાર કરી શકે ? ભલું કરવાની ભાવના તો ઉંચામાં ઉંચી, પણ સામમાં યોગ્યતા હોય તો ભલું કરી શકાય. અકિંમતી ચીજને કારીગર કિંમતી બનાવે, પણ ચીજમાં યોગ્યતા તો હોવી જોઈએ ને ? લાકડાની ગાંઠ લાવીને કારીગર પાસે મૂકે, તો કારીગરનાં હથીયાર પણ ભાગી જાય : ત્યાં કારીગર શું કરે ? સામો આત્મા ઉપકારને યોગ્ય હોય તો ઉપકારી ઉપકાર કરી શકે. '**सर्वेषां शुभं भवतु**'–'સર્વનું શુભ થાઓ !'– ભાવનામાં તો આ હોય, પણ એ ભાવનાનો અમલ અયોગ્ય ઉપર કદી થયો નથી, થતો નથી અને થવાનો પણ નથી. જો એમ અમલ થતો હોત, તો શ્રી તીર્થંકરદેવ કોઈને છોડીને જાતજ નહિ. બધાને મુક્તિએ પહોંચાડવા જ એ તો ઈચ્છતા હતા, પણ એમણે જોયું કે–ઉપકાર તો અમૂક

ઉપર જ થાય: યોગ્યતાના પ્રમાણમાં જ થાય. 'ગણધર અગ્યારને જ કેમ બનાવ્યા? બીજાને કેમ નહિ?' ઉત્તર એજ કે–'અન્યમાં તેવી યોગ્યતા નહોતી.'–'અમૂકને મુનિબનાવ્યા, અમૂકને કેમ નહિ?'–અહીં પણ એજ ઉત્તર કે–'યોગ્યતા નહોતી.' એ ખરૂં કે–યોગ્યતાને ખીલવવા માટે શ્રી તીર્થંકર-દેવ અપૂર્વ નિમિત્ત છે: એવું નિમિત્ત દુનિયાભરમાં બીજું એક પણ નથી: જેટલાં નિમિત્તો છે, તેને સેવવાં જોઇએ અને તે દ્વારાએ યોગ્યતા કેળવવી જોઇએ. શ્રી તીર્થંકરદેવ કાંઈ હાથોહાથ કેવલજ્ઞાન આપતા નથી. એટલા માટે તો કહેવાય છે કે–'કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, પ્રગટ થયું"–પણ 'કોઇએ આપ્યું'–એમ નથી કહેવાતું: ઔપચારિક ભાષાથી 'આપ્યું'–એમ પણ કહી શકાય. કેવલજ્ઞાન આત્મામાં છે, પણ જડ કર્મના સંસર્ગથી દબાયેલું છે અને તેને કર્મના સંસર્ગથી રહિત થઈ પ્રગટ કરવાનું છે: તેથી તેને માટે યોગ્ય નિમિત્તોની ઘણીજ આવશ્યકતા છે, માટે ઉત્તમ નિમિત્તો સેવવાં જ જોઇએ અને યોગ્યતા કેળવવી જોઇએ. નોકર મહેનત કરે તો શેઠ પગાર આપે, મહેનત વિના પગાર ન આપે, છતાં જેમ નોકર શેઠને 'દાતા' કહે એ ઉપચાર છે, તેમ જ્ઞાનીના નિમિત્તે કેવલજ્ઞાન મળે–તેના દાતા જ્ઞાનીને કહેવાય એમાં વાંધો નહિ, પણ એ ઔપચારિક ભાષા. વસ્તુતઃ તો ગુણો છે તેજ પ્રગટ કરવાના છે. તે પ્રગટ કરવા માટે જેટલાં નિમિત્તો અને સાધનો જે રીતે સેવવાં જોઇએ, તે રીતે ન સેવાય તો તે પ્રગટ ન થાય. સ્વાભા-વિક શ્વેત વસ્ત્ર જો મલિન થયું હોય, તો તેના ઉપરનો

મલ જો થોડા હોય તો એકલા પાણીથી જાય, અધિક લાગ્યો હોય તો, સાબુથી જાય અને એથી પણ અધિક લાગ્યો હોય તો ખારમાં બાફવાથી જાય. કોઈ એમ કહે-'આત્માના ગુણો આત્મામાં છે, તો પછી બાહ્ય આલંબનની જરૂર શી ?' -તો એ આત્મા સમ્યગ્દર્શનથી ખસી જાય છે. માટે જે સાધનોથી કચરો ભરાયો હોય, તેનાં પ્રતિપક્ષી સાધનોદ્વારા કચરો ન કઢાય તો આત્મા મલીન રહે અને એ મલીનતા વધે. આપણો મુદ્દો એ છે કે-આત્મા ઉપકારને યોગ્ય ન હોય તો, ઉપકારીની ભાવના ગમે તેવી હોય તો પણ કાંઇ થાય નહિ ! પરન્તુ જેનો ઉપકાર ન થઈ શકે તેનું પણ 'ભૂંડું થાઓ '-એમ તો ભાવનામાંયે ન હોવું જોઇએ.

પુર્વાચાર્યોની અપૂર્વ લઘુતા.

ટીકાકારમહર્ષિ કહે છે કે-પ્રાણી માત્રના ભલા માટે આ આચાર શાસ્ત્રને ભગવાન્ શ્રી મહાવીરદેવે જેવી રીતિએ કહ્યું, તેવીજ રીતિએ કિંચિત્ હું કહું છું. મૂળ આ શાસ્ત્ર કહ્યું કોણે ? ભગવાને. એમણે કહ્યું કેટલું બધું ? પારાવાર. માત્ર ત્રણ પદથી દ્વાદશાંગી રચવાની શક્તિ ધરનારા ગણધરદેવો પણ પ્રભુના કથનને ઝીલાય તેટલું ઝીલે છે. શ્રી ગણધરદેવોનું સામર્થ્ય કેટલું ? એ આત્માઓ પૂર્વે એવી આરાધના કરીને આવેલ હોય છે-એવો જ્ઞાનનો ખજાનો સાથે લઇને આવેલ હોય છે અને એમનો આત્મા એવો નિર્મળ બની ગયેલો હોય છે કે-માત્ર ત્રણ પદ ઉપરથી જ એક અંતર્મુહૂર્તમાં એઓ શ્રી દ્વાદશાંગી રચે છે. પ્રભુના અગીઆરે ગણધરોએ એ મુજબ શ્રી દ્વાદશાંગીની રચના કરી છે.

(પ્રશ્ન૦ બ્રાહ્મણમાંથી આવેલાને ?)

હા, ભણેલા ઘણું હતા : માત્ર ખામી ચાવીની હતી ! જ્ઞાનની દિશા પલટાઇ ગઈ : ત્રણ પદમાં વસ્તુ માત્રનું સ્વરૂપ જાણી લીધું : પૂર્વની સામગ્રીના યોગે એવા તૈયાર હતા કે–આ ત્રણ પદ સાંભળે ને બધાં દ્વાર ઉઘડી જાય. ભગવાન્ ' **उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा** '–આ ત્રણ પદ કહે, એ ઉપરથી શ્રી ગણધરદેવો અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગી રચે. સંપૂર્ણ વિવેચન કરવાની તાકાત તો ચૌદ પૂર્વીની પણ નથી હોતી. શ્રી ગણધર ભગવાનનું જ્ઞાન અતિશાયી હોય છે. ટીકાકારમહર્ષિ કહે છે કે–મારે કહેવાનું તો એજ, પણ હું કાંઈ બધુંય કહી શકું ? ના. કહેલું તે ત્યાંનું, પણ જેટલું કહ્યું તેટલું કહેવાની મારી તાકાત નથી–પણ જે કાંઈક કહું છું તે મારૂં નથી : કારણ કે—મારામાં જે આવ્યું છે તે ત્યાંથી આવ્યું છે. વાત પણ ખરી છે કે–' હવાડામાં પાણી આવે કયાંથી ? ' કહેવું જ પડે કે–' કુવામાંથી. ' હવાડો એમ કહે કે–'હું પાણીનું ઘર'–તે કાંઈ ચાલે ? કુવાને બંધ કરો અને પછી હવાડામાં જૂઓ, એટલે માલૂમ પડી જશે કે–' પાણી હવાડામાંનું છે કે કુવામાંનું ? ' આથી જ ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે–'હું કહું છું તે મારૂં નથી પણ પ્રભુનું કહેલું છે : એટલું જ નહિ પણ પ્રભુએ કહેલામાંથી પણ કિંચિત્ માત્ર જ છે !' કહો કેટલી લઘુતા ? મહાપુરૂષોમાં આજ સદ્દગુણ હતો. આ સદ્દગુણથી જ જૈનશાસનની તેઓ સેવા કરી શકયા છે. હરેક મહાપુરૂષે પૂર્વપુરૂષોનેજ ભળાવ્યું : પોતાનું ઉમેરણ જરા પણ ન કર્યું. શ્રી જિનેશ્વરદેવના શાસ-

નમાં દોઢડાહ્યા ન ખપે : ડાહ્યા ખપે : બહુ ડાહ્યા ન હોય તે પણ ખપે : પણ દોઢ ડાહ્યા તો નજ ખપે, કારણ કે—એ તો મારી જ પાડે. ડાહ્યો તો હોય તેવું જ કહે, ન સમજે તો હોય તે સાચવી રાખે, પણ પેલો તો ડહોળવાનું જ કામ કરે : એટલે એ ન પાલવે. જૈનશાસનની સુંદરતા જળવાઈ રહી છે તેનું કારણ ઉપર કહી આવ્યા તે સદ્ગુણ જ છે. પૂર્વના મહાપુરૂષો તો કહેતા કે—'કયાં એ મહાપુરૂષો અને કયાં અમે ? શ્રી જિનેશ્વરદેવો તો રાગદ્વેષરહિત ! એ શા માટે જૂઠું કહે ? ન સમજાય તો અમારી મતિની મંદતા અને એ મતિની મંદતાના યોગે ન સમજાય, માટે એ ખોટું—એમ કહેવાનો અમને અધિકાર નથી જ ! આવી ભાવનાવાળા આત્મા સાંભળે, વિચારે, મનન કરે અને પછી બીજાને આપે. પૂર્વાચાર્યોએ આવી સુંદરતા ન રાખી હોત, તો આ ટકત નહિ. જો કે ગયું ઘણું, પણ રહ્યું તે તો એ ઉપકારી પુરૂષોએ એવું સાચવ્યું છે કે—ન પૂછો વાત ! બુદ્ધિભેદ પડયો ત્યાં ડહોળ્યું નહિ, પણ '**तत्त्वं ते विदन्ति**'—'તત્ત્વ તેઓ જાણે—કેવળી મહારાજ જાણે'—એમ કહી ત્યાં ભળાવ્યું. કહો, કેટલા નિરભિમાની ? એઓમાં એવું અભિમાન-રહિતપણું હોવું જ જોઇએ, નહિ તો કેવળજ્ઞાનથી જોવાયેલી વસ્તુને છદ્મસ્થો ડહોળે તે કયાં સુધી ચાલે ? કેવળ આગમથીજ જ્ઞેય એવા પદાર્થો, હેતુથી જણાવવા માગે તે પણ મિથ્યાદષ્ટિ. કેટલાય પદાર્થોમાં કે જ્યાં યુક્તિ ન ચાલે, ત્યાં યુક્તિ કરવાનું ડહાપણ ન કરાય.

* * * *

શ્રી ટીકાકારમહર્ષિ કહે છે કે–જે કાંઇક કહેવાય છે તે તેજ કહેવાય છે કે જે ભગવાન્ શ્રી મહાવીરદેવે કહેલું છે. ટીકાકાર મહર્ષિ વધુમાં કહે છે કે–'ભગવાન્ શ્રી મહાવીરદેવે કહેલું કહું છું, માટે મારી વાણીને ભગવાન્ પોતે જ પાવન કરો !' આથી સ્પષ્ટ જ છે કે–શ્રી જિનેશ્વરદેવના શાસનમાં મતિકલ્પનાને સ્થાન નથી. મતિનો ઉપયોગ પદાર્થોને સમજવા માટે છે, પણ આપણી મતિકલ્પનામાં ગોઠવાયેલા પદાર્થો એમાં ઘાલવાના નથી. સઘળા જ જૈન ગણાતા આ ભાવનાવાળા થઈ જાય, તો કેવો આનંદ આવે ? વસ્તુને જાણવા માટે બુદ્ધિનો ઉપયોગ કરવામાં વાંધો નથી : વસ્તુને સમજવા માટે–નિશ્ચિત કરવા માટે બુદ્ધિનો ઉપયોગ થાય, પણ શાસ્ત્રને ઉલટું સુલટું કરવા માટે નજ થાય. આગળ ચાલતાં ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે—

" शस्त्रपरिज्ञाविवरणमतिबहुगहनं च गन्धहस्तिकृतम् ।
तस्मात् सुखबोधार्थं, गृह्णाम्यहमञ्जसा सारम् ॥ १ ॥"

*

'શ્રી ગન્ધહસ્તિજીએ કરેલું 'શસ્ત્ર પરિજ્ઞા વિવરણ' અતિશય ગંભીર છે : તેમાંથી હું સુખપૂર્વક બોધ થાય તે માટે યોગ્ય રીતિએ સાર ગ્રહણ કરૂં છું.'

*

કેવી અને કેટલી લઘુતા ! આ લઘુતા આવવી સ્હેલી નથી. શાસ્ત્રના વચનમાં–સિદ્ધાંતના વચનમાં, આ લઘુતા લાવ્યા વિના છૂટકો નથી. અહીં પણ જો 'अहं–अहं' આવ્યું તોતો પછી ખલાસજ !

જગતને અંધ બનાવનારો મોહરાજાનો મહામંત્ર-

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર ફરમાવે છે કે—

" अहं ममेति मंत्रोऽयं, मोहस्य जगदांध्यकृत् । "

*

' ખરેખર,–'अहं' અને 'मम'–આ મોહરાજાનો મંત્ર જગત્‌ને અંધ બનાવનાર છે.'

*

આ મોહમંત્રમાં જગત્‌ને અંધ કરવાની અપૂર્વ તાકાત છે. આખું વિશ્વ એમાં મૂંઝાએલું છે. એ મોહ જો અહીં ઘુસે, તો પરિણામ ઘણુંજ ભયંકર આવે. ઉપકારી ગણાતો જ્ઞાની જો વિનીત ન બને, તો અપકારી જેટલું ભૂંડું કરી શકે, તેથી પણ અધિક જો તે ઉંધે માર્ગે જાય તો બૂરું કરે. મૂર્ખ તો જેમ ભલું ન કરી શકે, તેમ બહુ બૂરું પણ ન કરી શકે. પણ ડાહ્યો, ભણેલો–ગણેલો, વાંકો થાય તો તો ગજબ કરે. માટે શાસ્ત્રકાર મહર્ષિઓ કહે છે કે–'જ્ઞાની વિનીત જોઇએ !'–એટલે કે અષ્ટકર્મના ક્ષયમાં પ્રયત્નશીલ જોઈએ. જેને પોતાના આત્માને લાગતાં કર્મબંધનોનો ભય નથી, તેને જ્ઞાની કોણ કહે ? જેને પોતાના આત્માનું ભાન નથી, પોતાના આત્માની દયા નથી, પોતાના હિતાહિતની ખબર નથી, તે જ્ઞાનીજ નથી. જેની પ્રાપ્તિથી રાગાદિ દોષ વધે તે જ્ઞાનજ નથી : જ્ઞાની તો 'અહં' અને 'મમ' થી વેગળો થતો જાય.

(પ્રશ્ન૦ હું શાસનનો અને મારૂં શાસન–એમ કહેવાય કે નહિ ?)

એ જરૂર કહેવાય. ‘અહં’ અને ‘મમ’ ભાવની વાત તે પૌદ્ગલિક ભાવની છે અને અહીં પૌદ્ગલિક ભાવનોજ નિષેધ ચાલે છે. આત્મીય ભાવનો વાંધો નથી. ‘ભવમાં અને મોક્ષમાં સમાન સ્થિતિ’—એ દશા તો ઘણી દૂર છે: એ દશા ન આવે ત્યાં સુધી તો પ્રશસ્ત વસ્તુઓ તરફનું મારાપણું અખંડિતજ હોવું જોઇએ. સમ્યગ્દૃષ્ટિ આત્મામાં તો મારાપણું અસ્થિમજ્જાવત્ હોય, એમાં જરા પણ શંકા નહિ. એ સર્વત્ર ભળે નહિ. એનામાં ખોટું હાજીયાપણું હોયજ નહિ. તે બધે ‘હાજી–હાજી’ કરનાર બનેજ નહિ અને એવા હાજીયાઓની સજ્જન સમાજમાં એક ફુટી કોડી જેટલી પણ કિંમત નથી—એ વાત નક્કી છે. ખોટી ‘હાજી’ કરનારો પોતે તો હણાય છે અને બીજાને પણ હણે છે. ખોટી હાજી કરનાર ભલે મનથી માને કે–‘મને ખુરશી મલી, મને માન મળ્યું’—પણ બધા એને મનમાં તો ઓળખે કે–‘આ હાજીયા છે, પણ વિશ્વાસપાત્ર નથી. સમ્યગ્દર્શન, એ એવી વસ્તુ છે કે–જે દરેક વસ્તુનું વસ્તુ તરીકે ભાન કરાવે! ત્યાં ખોટું હાજીયાપણું હોયજ નહિ.

સાચું સમજાય તો ધાર્યું કામ થાય.

સમ્યગ્દર્શન, આત્મગુણનાશક દુશ્મનને દુશ્મન તરીકે ઓળખાવે: એની પાસે રહેવા જેવું નથી—એવું સાચું ભાન કરાવે: સમ્યગ્જ્ઞાન દુશ્મનનું સ્વરૂપ સ્પષ્ટપણે સમજાવે: અને સમ્યક્ચારિત્ર દુશ્મનથી દૂર ખસેડે! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર–એ ત્રણે મોક્ષનો માર્ગ

છે ! પૌદ્‌ગલિક ભાવ, એ આત્માનો દુશ્મન છે,–એની ઝાંખી સમ્યગ્‌દર્શન કરાવે : જ્ઞાન, જ્ઞાનનું તથા જ્ઞાની પુરૂષોની નિશ્રાનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવે : અને ચારિત્ર, દુશ્મનને ઝાપટીને દૂર કાઢે. આ રીતિએ ત્રણે આત્મા સાથે વળગેલ આઠે કર્મનો ક્ષય કરી મુક્તિપદે પહોંચાડે. સમ્યગ્‌દર્શન, દુનિયાની સારી કે નરસી સઘળી વિષયકષાયને વધારનારી સામગ્રીને ખરાબ તરીકે ઓળખાવે, એટલે સમ્યગ્‌દૃષ્ટિ આત્માને તો બંગલા પણ કેદખાનાં લાગે. સમ્યગ્‌દૃષ્ટિ આત્મા દુનિયાના સ્નેહીસંબંધી સાથે બોલે, ચાલે, વર્તે, પણ હૈયામાં–' એ અમારાં નહિ અને હું એમનો નહિ '–આવી બુદ્ધિ આવીજ જાય : આ બુદ્ધિ આવ્યા વિના રહેજ નહિ. દેખતા આદમીને દીવો સળગ્યા પછી ખાડો કે ટેકરો ન ન દેખાય એ બને ? સમ્યગ્‌દર્શન આત્માને હાનિ કરનારી વસ્તુનું નિ:શંક ભાન કરાવે : આથી સમ્યગ્‌દૃષ્ટિ આત્માને દુનિયાના સઘળા પદાર્થો તરફ અરૂચિ થાય ! સમ્યગ્‌દૃષ્ટિ આત્મા સ્વપરનું ભલું કરી શકે છે, કારણ કે–એનો વિવેક ઉમદા હોય છે.

*

એક રાજાનો સુબુદ્ધિ મંત્રી હતો. તે વિચાર કરે છે કે–'પગાર ખાઇને રાજકારોબાર વિગેરે કામકાજ તો બધા કરે એમાં નવાઇ નથી : પણ હું સમ્યગ્‌દૃષ્ટિ સેવક છતાં મારો માલીક મિથ્યાદૃષ્ટિ રહી જાય તો મને કલંક.' રાજાની મંત્રી પ્રત્યેની અને મંત્રીની રાજા પ્રત્યેની, સંતાનની માબાપ પ્રત્યેની અને માબાપની સંતાન પ્રત્યેની તથા પતિની

પત્નિ પ્રત્યેની અને પત્નિની પતિ પ્રત્યેની સાચી ફરજ શી છે ?–તે બરાબર સમજો. સાચી ફરજ કોણ સમજી શકે ? જે આત્મા સમ્યગ્દષ્ટિ બને તે. પરસ્પરની વાસ્તવિક ફરજ જો સમજાઇ જાય, તો ધાર્યું કામ થઇ જાય.

શ્રી મૃગાવતીજી માફક ફરજ બજાવવી જોઇએ.

સમ્યગ્દષ્ટિ આત્મા પોતાના આશ્રિત પ્રત્યેની, વડિલ પ્રત્યેની અને પૂજ્ય પ્રત્યેની બધી ફરજ વિચારે. ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનમાં પહેલાંજ સાધ્વી શ્રીમતી ચંદનબાલાજીએ પોતાની શિષ્યા શ્રીમતી મૃગાવતીજીને એક વખત ઠપકો દીધો. શ્રીમતી મૃગાવતીજીએ બુદ્ધિપૂર્વક ગુન્હો કર્યો ન હતો, પણ એ વાત ખરી કે–અનુપયોગથી પણ ગુન્હા જેવું બની ગયું એ દૃષ્ટિએ ગુન્હો ગણાય. ગુન્હો હતો નહિ, ગુન્હો કર્યો હતો નહિ, ગુન્હાની બુદ્ધિ પણ ન હતી, સ્થાન પણ ગુન્હો થાય તેવું નહોતું, ખૂદ ભગવાન્ સમવસરણમાં વિદ્યમાન હતા ત્યાં વિકાર તો સંભવે નહિ, અરે વિકાર હોય તે પણ જાય, છતાં આચાર તો હોય તેજ ઘટે : માટે એ ગુન્હાનો ઉપાલંભ દેવામાં આવ્યો. શ્રીમતી ચંદનબાલાજી ગુરૂણી છે અને શ્રીમતી મૃગાવતીજી શિષ્યા છે. સૂર્ય–ચંદ્ર મૂળ વિમાને પ્રભુને વાંદવા આવ્યા, એ પ્રસંગની આ વાત છે. શ્રીમતી ચંદનબાલાજીએ શ્રી મૃગાવતીજીને ઠપકો દીધો. એ ઠપકો એટલા પૂરતો હતો કે–ફરીને આવો પ્રમાદ ન થાય. શ્રીમતી ચંદનબાલા તો બે શબ્દ કહેવા જોગા કહી નિદ્રાગ્રસ્ત થઇ ગયાં, કેમકે–એમના મનમાં બીજું કંઇ હતું જ નહિ : પણ મૃગાવતીજીને એમ

લાગ્યું કે-'ગુરૂણી ગુસ્સે થયાં, મારાથી બોલતાં નથી, હું શિષ્યા, મારી ફરજ કયી?' જૂઓ, ફરજનો વિચાર સમજો. 'ગુરૂણીને કષાયમાં જોડવાની મારી ફરજ હોય? મારી ખાતર ગુરૂણીજીની આ દશા? ગુરૂણીજીને મારે તેમના સંયમમાં સહાયક યા સેવક બનવું કે આવી રીતે કષાય ઉત્પન્ન કરાવવો? બસ, જ્યાં સુધી ગુરૂણીજી બોલે નહિ, ત્યાં સુધી એમના પગમાંથી મારે માથું ઉચકવું નહિ.' પગમાં માથું મૂકી ક્ષમાપના કરવા માંડી. એવી ક્ષમાપના કરી કે-ક્ષપકશ્રેણિએ ચઢી કેવલજ્ઞાન પામ્યાં. આ ફરજ અને ફરજ બજાવવાનું આ પરિણામ. સમ્યગ્દ્રષ્ટિને ફરજ બજાવતાં બીજાને લાભ થાય કે ન થાય, પણ પોતાને તો અવશ્ય થાયજ. સામો આત્મા પણ જો સુયોગ્ય હોય તો સામાને પણ જરૂર લાભ થાયજ. આ તો સામે પણ શ્રીમતી ચંદનબાલાજી છે, એટલે પછી પૂછવાનું જ શું? શ્રી મૃગાવતીજી ગુરૂણીના ચરણકમલમાં જ સ્થિર છે. એટલામાં જ ગુરૂણીજી તરફ આવતા કૃષ્ણ સર્પને જોયો: તે સર્પ શ્રી ચંદનબાલાજીના હાથે ડસી ન જાય, માટે હાથ ઉંચકીને સંથારામાં મૂકયો, કે તરત જ શ્રી ચંદનબાલાજી જાગી ગયાં અને પૂછ્યું-"કેમ મારો હાથ ઉંચકયો?" ઉત્તરમાં શ્રી મૃગાવતીજીએ સર્પ હોવાનું જણાવ્યું.

શ્રી ચંદનબાલા૦ 'આવી અંધારી રાત્રિમાં સર્પ જોયો શી રીતે?'

શ્રી મૃગાવતી૦ 'આપની કૃપાથી.'

જૂઓ, કેટલી મર્યાદા! કેવલજ્ઞાન થયું છે, છતાં પણ

એ વાત કહેતાં નથી. અને ઉલટું કહે છે કે-'આપની કૃપાથી!' કેવી સુંદર મર્યાદા છે?

શ્રી ચંદનબાલા૦ 'શું જ્ઞાન થયું?'

શ્રી મૃગાવતી૦ 'એમજ.'

શ્રી ચંદનબાલા૦ 'કયું જ્ઞાન? પ્રતિપાતિ કે અપ્રતિપાતિ?'

શ્રી મૃગાવતી૦ 'અપ્રતિપાતિ.'

તરત શ્રીમતી ચંદનબાલાજી ઉભાં થઇ જાય છે અને કેવલીની આશાતના કરી તે બદલ ક્ષમા માગે છે: અને ક્ષમાપનામાંથી ભાવનાએ ચઢતાં ક્ષપકશ્રેણિના યોગે કેવલજ્ઞાન ઉપાર્જે છે. ફરજનું સ્વરૂપ સમજો. ઉદ્વેગને શમાવવાની ફરજ બજાવી તો કેવો લાભ થયો? આનું નામ ફરજ! સમ્યગ્દૃષ્ટિ આત્મા, આશ્રિત, વડિલ અને પૂજ્ય પ્રત્યેની ફરજ સમજીને તે મુજબ વર્તે. ફરજ સમજ્યા વિના વેઠની જેમ કામ કરે, એ કાંઇ ફરજનું પાલન નથી.

<u>માતાપિતા અને સંતાનની પરસ્પર ફરજ શી?</u>

સમ્યગ્દૃષ્ટિ એટલે સાચી દ્રષ્ટિવાળો કે દોષ વિનાની દ્રષ્ટિવાળો? ખોટાથી આઘો રહેનાર અને સાચાની નજીક જવાનો પ્રયત્ન કરનાર: તથા ખોટાના ફંદામાં ફસાયો હોય-ખાટાની જાળમાં જકડાયો હોય, તો પણ ત્યાંથી નીકળવાની ભાવના રાખનાર એ સમ્યગ્દ્રષ્ટિ! અરે કહોને, ઘરમાં રહેતો હોય છતાં ઇચ્છા તો છોડવાનીજ. આ ભાવના વિના સમ્યક્ત્વની સ્થિતિ નથી ટકી શકતી: સમ્યક્ત્વ સ્થિર નથી બનતું: અને શુદ્ધ પણ નથી થતું. આ ભાવના વિના સમ્યક્ત્વનો

વાસ્તવિક અનુભવ નથી થતો. હેય અને ઉપાદેયની ભાવનામાં જોઇતી લીનતા–એકતાનતા થઇ જાય, તો પૌદ્ગલિક પ્રવૃત્તિ એકદમ થવા માંડે. દુનિયાના પદાર્થો પ્રતિ થતી દ્રષ્ટિ જો અહીં થાય, તો તુરત કામ થઇ જાય. વ્યવહારમાં પણ અનુભવ થાય છે કે–દુનિયામાં જે વસ્તુને પોતાની માની, તેના પોષક અને સહાયક પ્રત્યે ભાવ જૂદો અને તે વસ્તુ પ્રત્યે વાંકી નજરે જોનાર પ્રત્યે ભાવ જૂદો! આ કોણે કરાવ્યો? કોઇએ કહ્યું હતું? તમને માલૂમ પડે કે–'કોઈ પૈસા લઈ જવા આવવાનો છે'–તો તરત પોલીસને ખબર આપો. આ કોણે સમજાવ્યું? કહો ને કે–'પૈસાના મોહે સમજાવ્યું.' એ દૃષ્ટિ અહીં થાય તો કાંઈ બાકી રહે? માતાપિતા, મિત્ર, વડિલ, આશ્રિત–બધા પ્રત્યેની ફરજને સમજી સમ્યગ્દૃષ્ટિ તે તે મુજબ વર્તે! ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે—

"सति [illegible] धन्यः, सम्यग्दर्शनसंयुतः ।
तत्त्वश्रद्धानपुतात्मा, रमते न भवोदधौ ॥ १ ॥"

*

'સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી, આ આત્મા ધન્ય બને છે અને તત્ત્વશ્રદ્ધાનથી પવિત્ર થયો છે આત્મા જેનો એવો સમ્યગ્દર્શનથી સહિત થયેલો તે આત્મા ભવસાગરમાં રમતો નથી.'

*

તીવ્ર અંતરાયના ઉદયથી ન નીકળી શકાય તો સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારમાં વસે, પણ સંસારમાં રમે તો નહિ જ: એ આત્માને સંસારમાં લ્હેર ન આવે:

સંતોષ ન થાય : રંગાય નહિ ! રમવા અને રહેવાનો ભેદ સમજો. કેદમાં કેદી રહે ખરા, પણ હૃદયથી આનંદ પામે ખરા ? નહિજ, ઉલ્ટા છૂટવાના દહાડા ગણે. કહો, તમે શાના ગણો છો ? આજે બાળક અભક્ષ્ય ખાય, કંદમૂળ ખાય, નાટક–ચેટક–સીનેમા જૂએ, જૂઠું બોલે, દગલબાજી કરે, હોટલમાં જાય, સીગારેટ ફુંકે–આ બધા માટે ઘણાં મા-બાપને દરકાર નથી. કમાતાં શીખ્યો એટલે કહે કે–'હુશીયાર.' વિચારો એવા બદલાઇ ગયા છે કે–'જ્યાં લક્ષ્ય અપાવું જોઇયે ત્યાં બીલકુલ અપાતું નથી.' કોઇ કહે કે–'તારો બાલક આમ કરે છે.' તો કહી દે કે–'બાલક છે.' અરે, ભલા આદમી ! જેનાથી એનો આ લોક અને પરલોક બગડે અને તારૂં બાલક સંસારમાં રખડે, એની તને ચિંતા નથી અને તું માબાપ ? આ કયી જાતનું માબાપપણું ? ? એ માબાપને જૈનશાસન સાચાં માબાપ તરીકે શી રીતે લેખે ? ? ? વ્યવહારથી જન્મદાતા અને શરીરના પાલક તરિકે માબાપ કહેવાય, પણ હિતેષી તરીકે માબાપમાં ભાવના કયી હોવી જોઇએ ? બાલક જૂઠું બોલે, ચોરી કરે, ટંટો ફીસાદ કરે અને એની દરકાર ન કરે એ માબાપ ? માસ્તર છોકરો રમે છે કે ભણે છે એની દરકાર ન કરે અને ખુરશીપર બેઠો હવા ખાય, એ માસ્તર એ ખુરશી ઉપર કયાં સુધી ટકે ? બહુ ટકે તો બાર મહિના : પરીક્ષક આવે અને પરિણામ ખરાબ દેખે કે તરત ડીસમીસ કરે. ત્યાં તો ડીસમીસ કરનાર છે, પણ આવાં માણસને ડીસમીસ કોણ કરે ? આજના માબાપ ઉપર કોઇનો અંકુશ છે કે નહિ ? જે અંકુશ છે તેને તો માનવો નથી ત્યાં શું થાય !

શાસ્ત્ર કહે છે કે-સાચી સ્વતંત્રતા શું છે તે સમજો. દબાણ મૂકવું ત્યાં દુઃખી કરવાનો આશય નથી. દુઃખી ન થાય એ હેતુએ થતું દબાણ, એ દબાણજ નથી. કુપથ્યને ખાતા દરદીથી કુપથ્ય સંતાડવું પડે અગર પ્રસંગે દરદીને બાંધી પણ રાખવો પડે, તો તે દરદીને હેરાન કર્યો કહેવાય ? નહિજ. કોઇ પૂછે કે-'કેમ બાંધ્યો છે?' તરત હિતૈષી કહે કે-'ભાઇ! દરદી એવો છે કે દોડી દોડીને કુપથ્ય ખાય છે, માટે એના ભલા માટે બાંધ્યો છે.' ફરજ સમજાતી નથી એનું જ આ દુષ્ટ પરિણામ છે. દરદી રૂએ છતાં કુપથ્ય ન આપે એ માબાપ ઘાતકી કહેવાય ? દરદીનાં આંસુ ખાતર કુપથ્ય ખવરાવે તો એ માબાપને કેવાં કહેવાય ? કહોને, તમે તો માબાપ છો! માબાપ માબાપપણું ભૂલે અને સંતાન સંતાનપણું ભૂલે તો પરિણામ શું આવે ? આ બધું શાથી ? સમ્યક્ત્વ શિથિલ થવા માંડ્યું માટે : સ્વપરનો વિવેક ભૂલાવા લાગ્યો એથી : જૈનપણાના સંસ્કાર ઢીલા પડી ગયા માટે : જૈનપણું આવી જાય તો આ દશા હોય ? જૈનના ચોવીસે કલાક ખ્યાલ કેવા હોય ? જાતે જૈન ખરા, પણ ભાવના કયી ? સાચા દીકરા તો વિચારે કે-'અમારા જેવા દીકરા અને માબાપ વિષયકષાયમાં લીન રહે અને ધર્મ ન આરાધે તો અમે દીકરા શાના ? એઓ ધર્મ કરે એવી યોજના અમારે કરી આપવી જોઇએ.' અને સાચાં હિતૈષી માબાપ પણ વિચારે કે-'અમારા દીકરા વિષયકષાયમાં લીન રહે, શ્રી જિનેશ્વરદેવના અનુયાયી ન બને, ગુરૂને કે આગમને માને નહિ, વ્યાખ્યાન સાંભળે નહિ અને ધર્મારાધન કરે નહિ તો અમને કલંક !'

*

પણ કહો કે-આજે શી દશા છે ? કોઈ કહે કે-'તમારો દીકરો પૂજા કરવા જાય છે ?' તો તરત કહે કે-'ક્યાં જાય ? બાપડો લેશન કર્યા કરે છે.' વારૂ, પૂજા એ લેશન નહિ ? એ ફુરસદની રમત હશે કેમ ? અરે, કોઈ દિવસ નવરાશ હોય ને પૂજા કરવા કે સાધુ પાસે આવે, તોય કોઈ કોઇ માબાપ તો કહે કે-'પૂજા કરજે, સાધુ પાસે જજે, પણ રંગાતો ના :' રંગે કોણ ? માબાપ જ આમ કહે ત્યાં રંગાય ક્યાંથી ? હા, એનું ભાગ્ય હોય અને એકજવાર મૂર્તિનાં દર્શનથી કે સાધુના સહવાસથી એ પામી જાય તે વાત જૂદી, પણ માબાપે શું કર્યું ? માબાપે તો કહેવું જોઇએ કે-'શ્રી જિનેશ્વરદેવના પૂજન વિના, સંયોગ હોય તો સાધુનાં દર્શન-સમાગમ વિના, ને નિરંતર ભગવાનની વાણીના શ્રવણ વિના રહેવાય નહિ !' આ સંસ્કારો બાલ્યકાલમાં માબાપ નાખે, તો એ બાળક જો ત્યાગી થાય તો શાસનદીપક થાય અને ઘરમાં રહે તોયે કુલદીપક થાય : પણ આ સંસ્કાર ન નાખ્યા અને મરજી મુજબ ચાલવા દીધા, તો અહીં (સાધુપણામાં) તો ન આવે, પણ યાદ રાખજો કે-આડો ગયો તો તમને પણ સુખે જંપીને બેસવા નહિ દે. ધર્મસંસ્કાર વિનાનાં સંતાનો તરફથી માબાપને કેટલી તકલીફ વેઠવી પડે છે,-તે જરા તપાસ કરજો, પૂછજો ! ભયંકર દુ:ખી થાય છે અને છેવટે કંટાળીને એમ બોલે છે કે-'અમે છતે દીકરે વાંઝીયા જેવાં છીયે.' આ તો તમારા અનુભવની વાત છે ને ? અરે, કોઈ બોલતું હોય તો માબાપ કહી દે કે-'હમણ ન બોલશો, આવશે તો બેની ચાર ગાળ દેશે : એ તો એ

વખત ખાઇને બહાર ગયો સારો. શું કરીએ ? મહીને પચીસ પચાસ લાવે છે અને અમે ખાઈએ છીએ.' બહાર ગામ હોય તો કહે કે–'મહીને પચીસ મોકલે છે, બાકી એનું નામ દેવા જેવા નથી. દેવ, ગુરૂ અને ધર્મને પણ માનતો નથી.' જે દેવ, ગુરૂ, ધર્મને ન માને તે માબાપને કેવાંક માને ? હા, કાગળમાં શિરછત્ર–તીર્થસ્વરૂપ, બધું લખે, કારણ કે–આ કાળની એ કારમી સભ્યતા છે. વીસમી સદીની સભ્યતા, પૉઝીશન અને માર્મિક વાગ્જાળ–એ બધાં એટલાં ભયંકર છે કે–એમાંથી બચ્યા તે ભાગ્યવાન્ : એમાં ફસ્યા એના ભોગ ! સલામ નીચે ઝૂકી ઝૂકીને કરે, પણ હૈયામાં તો પાણીદાર કાતર ! તમારાં સંતાનોને સેવા કરનારાં બનાવવાં હોય, તો તમે એમને શ્રી જિનેશ્વરદેવનાં તથા નિર્ગ્રંથ ગુરૂદેવોનાં પૂજારી બનાવો : આગમનાં શ્રદ્ધાલુ બનાવો : અને ધર્માનુષ્ઠાનની પ્રીતિવાલાં બનાવો ! તમે એમ કહો કે–'ભૂખ્યા રહો, અમે પણ ભૂખ્યા રહીશું, પણ તમે આત્મહિતનાશક અનીતિ ન કરો. ગાડી–મોટરની જરૂર નથી. શ્રી જિનેશ્વરદેવના અનુયાયી બનો. કાચું કોરૂં ખાઈ ચલાવાય તે નભે, પણ ધર્મના વિરોધી બનો તે સહન ન થાય.' શ્રાવકનો દીકરો રાતે ખાવા માગે, રાતે પાન ચાવે, હૉટલમાં જાય, બીડી–સીગારેટ ફૂંકે, એ કેવી ભયંકર વાત છે ? અહીં આવવાની બાબતમાં કહે કે–'ટાઈમ નથી'–પણ નાટકમાં જવાનો ટાઇમ મળે : હૉટલમાં જવાનો ટાઇમ મળે. આ બધું શાથી ? માબાપ ફરજ ચૂક્યાં માટે ! શ્રાવકના દીકરાથી તો રાત્રે પાણી પણ ન પીવાય. આજે ચોવિહાર કરનારા કેટલા ?

જૈનપણાના સંસ્કાર જાગ્રત કરો !

શ્રી સુદર્શન શેઠની વાત અને એમની ખ્યાતિ સાંભળી શિર તો હલાવ્યાં, પણ શ્રાવક તરીકે તમારી કયી ખ્યાતિ? પરનારીસહોદરપણું શ્રાવકને ન હોય? હોય જ. શ્રી જિનેશ્વરદેવનો પૂજારી, નિર્ગ્રંથગુરૂદેવનો ભક્ત, જૈન ધર્મનો અનુયાયી –એમાં અનાચારનો દોષ હોય? એ પરનારીસહોદર ન હોય! એમાં અભક્ષ્યભક્ષણનો દોષ હોય? વિચાર કરો કે–વર્તન શાં છે? જૂઓ ઠામ ઠામ કે–આ શાથી? સમ્યગ્-દૃષ્ટિપણાના સંસ્કાર ગયા–ફરજ ભૂલાઈ એથી! પહેલાં ઘરમાં જિનમંદિર હતાં, સવારે દરેક ઉઠીને પ્રભુનાં દર્શન કરેજ: ઘેર પૌષધશાળા હતી: સામગ્રી બધી તૈયાર. દરેકને ક્રિયા કરવાની જ! માબાપો, વડીલો કહે કે–'પહેલું એ, પછી બીજું બધું!' એવી પ્રેરણા કરે. સંસ્કાર નાશ પામ્યા એથી આ બધું થયું. રાત્રે પાન ચાવે, હૉટલમાં જાય, ફાવે તેમ વર્તે અને કહેવાય પણ નહિ? ત્યારે બધું ખાઓ–પીઓ એમ કહેવું? ઓછામાં ઓછી સવારે નોકરશી અને સાંજે ચોવિહાર પણ ન બને? જૈનકુલમાં ન છાજતા આચારો બંધ થાય અને છાજતા આચારોનું પાલન થાય, તો બધાજ અનાચારો બંધ થઇ જાય. આંખો ઉઘાડીને જરા શ્રાવકકુલોમાં જૂઓ કે–આજે શું શું થાય છે? જૈનશાસનથી વિપરીત વસ્તુઓના પરિણામનો અભ્યાસ કરો, તો દોષો હસ્તામલકવત્ દેખાય.

* * *

મુનીમ ગમે તેવો હોય, પણ જ્યારે જમા–ઉધારમાં ગોટાળો કરે, પોતાના નામે રકમોની ભેળસેળ કરે, તો

તરત શેઠ બોલાવીને કહી દે કે-'ભાઈ! તું મુનીમ હુંશીયાર, પણ મારે હવે ખપ નથી : કાલથી પેઢીપર આવીશ મા!' છોકરો પણ રૂપીયા લોકો પાસેથી લાવી દેવું કરતો હોય, તો માબાપ નોટીસ છપાવે છે કે-'એને ધીરશો મા.' તો જૈનકુલથી વિરૂદ્ધ આચરણ કરતા છોકરાઓ ઉપર માબાપ નોટીસ કાઢે કે નહિ ? મતલબ, દુનિયાના વ્યવહારની ગરજ છે, પણ ધર્મની ગરજ નથી. ગરજ નથી, એમ તમને કહેવાય ? તમારા દોષ સાંભળીને તમે સહિષ્ણુ ન બનો તો હાલત શી થાય? સંવત્સરી પ્રતિક્રમણમાં પણ સાધુને ફીકર રાખવી પડે કે-ક્યારે વહેલા ઉઠાડાય, કારણ કે-અંધારૂં થાય તો તો ગજબ કરે. કોઇ સારો માણસ બીચારો જો એવાની પાસે ફસાય, તો એની તો બુરીજ દશા થાય. એનું કારણ ક્રિયાનો રાગ નથી. 'મિચ્છામી દુક્કડં'-આવે એટલે ખોટો ઘોંઘાટ મચાવે : રમતીયાળ સ્વભાવ, રસ્તામાં પણ છત્રી ઉલાળતા ચાલવાની ટેવ, પાનની પીચકારી મારવાની આદત, ચારે તરફ જોવાની ખાસીયત,-એ આદમીને આજે અણોજો પડયો ! ઉપવાસ કર્યો એટલે ઢીલો તો થયો હોય, એમાં ત્રણ કલાક સુધીના પ્રતિક્રમણમાં શાંતિથી બેસાય કેમ ? નક્કી કરીને જ આવે કે-'સાંભળવું-કરવું નહિ, ટીખળ કરવું.' કેટલાક તરફથી તો કટાસણાની પણ તે દિવસે જ શોધ થાય : ફાટલાં, તુટલાં, મેલાં લઈને આવે. લુગડાંના કટકાની મુહુપત્તિ બનાવી દે. ચરવલા તો કેટલાયની પાસે હોય જ નહિ અને કેટલાયની પાસે હોય તો એવા હોય કે-પુંજે તો ઉલટી જીવોને હાનિ થાય. ધર્મી આગેવાનોની ફરજ છે કે-આવી સામગ્રી પૂરી પાડવી અને સામાએ સાચવવી કે-ઉધેઇ ન ખાય. માબાપ

કહે કે–'શું કરીએ ? છોકરો મહીને પચાસ લાવે છે, ડીગ્રી-ધર છે. છટ નોન્સન્સ બોલતાં આવડે છે ?'– આટલું વિચારી કંઈ ન કહે, એ છોકરાનાં હિતૈષી કેટલા પ્રમાણમાં ? જૈન કુલમાં જો દોષ પ્રત્યે આમ બેદરકારી હોય, તો દુનિયામાં એના જેવો દુઃખનો વિષય એક પણ નથી. જે જૈનકુલમાં ઉંચામાં ઉંચા સંસ્કાર જોઈએ ત્યાં આ દશા ? 'તમારામાં અયોગ્ય વર્તન છે કે અભક્ષ્યભક્ષણ ચાલે છે'–એમ કહેતાં અમને આનંદ થાય એમ ? તમારામાંથી સમ્યગ્દર્શન અને તેને છાજતી પ્રવૃત્તિ જાય, એ જાણીને તો અમને ખેદ જ થાય. અમે કહીએ તે શાના માટે ? કેવલ હિતની ખાતર જ. કદી સંતાનને કહ્યું છે કે–'ભાઇ, તું આ ઘરે આવ્યો અને આ સાહ્યબી વિગેરે છે ત બધું પૂર્વનું પુણ્ય છે તેના યોગે છે. જો તું ધર્મવિરૂદ્ધ વર્તનમાં પડી ગયો, તો તારા યોગે અમે પણ ભીખ માગવાના !' જેટલી તાકાત હોય તેટલી અજમાવી તમારાં સંતાનોને સુધારો : ન સુધારી શકો તો એમ કહો કે–માબાપ થવાને અમે લાયક નથી. પૂર્વના સમયમાં એકી સાથે હજારો સંયમી બનતા, દેશવિરતિ તથા સમ્યગ્દૃષ્ટિ પણ હજારો એકી વખતે બનતા, અરે હજારોને સાથે કેવળજ્ઞાન થતું અને હજારો એકે સમયે મોક્ષે જતા. શાથી ? સંસ્કાર સારા કે જેથી નિમિત્ત મળે કે તરત સ્વીકાર અને બેડો પાર ! આજ તો નિમિત્તને પણ લાત મારવા તૈયાર : શાથી ? સંસ્કાર ગયા તેથી ! સમ્યગ્દૃષ્ટિ 'હાજીઓ' ન બને : જેવું કહેવું ઘટે તેવું હિતને માટે કહે : મધુર પણ કહે અને કઠોર પણ કહે. દૃષ્ટિ એક જ કે–'સામાના આત્માનું કલ્યાણ થાય.'

એક લોકોત્તર વિશિષ્ટતા.

ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા મંગલાચરણ કરતાં ફરમાવે છે કે—'આ તીર્થ જયવંતુ વર્તે છે, કારણ કે—એનામાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ સુંદર વિચારનો ઈન્કાર નથી: એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ એવી રીતિએ સિદ્ધ થએલા છે કે—એને સેવનારો આત્મા કર્મમલથી રહિત થઇ મુક્તિપદને પહોંચી શકે છે. માટે જ એ શાશ્વત્ છે, અનૂપમ છે અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. આ તીર્થમાં આચાર એ મૂખ્ય વસ્તુ છે.' એ આચારને શુદ્ધ બનાવવા માટે, આપણી ભાવના બહુ જ ઉંચ્ચ કોટિની હોવી જોઇએ. એ ભાવના શુદ્ધ બની રહે માટે, પ્રાર્થનાસૂત્ર (જય-વીયરાય) દ્વારા શ્રી વીતરાગદેવ પાસે હમેશાં થતી માગણીઓ જોઈ આવ્યા.

*

એ માગણીમાં પહેલો ભવનિર્વેદ માગ્યો, કારણ કે—એના વિના પાછલના ગુણો આવી શકતા નથી. પછી ભવનિર્વેદના ટકાવ માટે માર્ગાનુસારિતા માગી: એમ એક પછી એક માગણી કરી: ઈષ્ટ ફળની સિદ્ધિ, લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ, ગુરૂજનની પૂજા અને પરાર્થકરણ,—એ બધું માગ્યું: એ બધાના ટકાવ માટે શુભ ગુરૂનો યોગ માગ્યો અને ભવપર્યંત શ્રી સદ્ગુરૂના વચનની અખંડ સેવા માગી: ભવાંતરમાં પણ

સેવાથી વંચિત ન રહેવાય તે માટે, સંસારમાં રહેવું પડે ત્યાં સુધી શ્રી વીતરાગદેવના ચરણની સેવા માગી: દુઃખનો ક્ષય માગ્યો, કર્મનો ક્ષય માગ્યો અને જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી સમાધિમરણ માગ્યું તથા સર્વત્ર બોધિ-લાભની માગણી કરી. આ માગણીથી રંગાયેલો-આ ભાવ-નાથી તન્મય બનેલો આત્મા રસપૂર્વક વિપરીત આચાર કરે એ સંભવતું નથી. આટલું થઇ જાય તો ધૂનન યથાસ્થિત થાય. આત્મા ઉત્તમ ભાવનાથી રંગાય નહિ ત્યાં સુધી કામ થાય નહિ. અનંત વાર માનવજીવન આવ્યું અને ગયું: શાથી? સંસ્કાર વિના! એક વાર શુભ સંસ્કાર પડી જાય તો આ જીવન અનૂપમ છે. આ જીવનમાં જેટલી સામગ્રી છે, તેટલી બીજા જીવનમાં નથી, પણ જ્ઞાની પુરૂષની આધીનતા સ્વી-કાર્યા વિના તેની સફળતા નથી. અસ્તુ.—

*

ટીકાકારમહર્ષિ કહે છે કે-‘ હું જે કહું છું તે ભગવાન્ શ્રી વીરે કહેલું કહું છું: એ કહેલું પણ બધું નહિ પરન્તુ કિંચિત્ કહું છું: યત્કિંચિત્ જે કાંઈ કહું છું તે એમણે કહેલું જ કહું છું. આટલુંએ જાણ્યું તે એમના જ પ્રતાપે! જે આચાર-શાસ્ત્ર જગત્‌ના કલ્યાણ માટે ભગવાન્ શ્રી વીરદેવે કહ્યું, તેને કંઇક મારી સ્મૃતિ-શક્તિ-બુદ્ધિ પ્રમાણે કહું છું. જે વાણીનો પ્રયોગ કરૂં છું તે ત્યાંથી મળી છે: તેને પણ પાવન એ તારક વિના બીજા કોણ કરે? એ તો એ જ પાવન કરે. એમની છાયા વિના મારી વાણી નકામી છે: જે વાણીમાં એમની છાયા નથી-એમનો પ્રભાવ નથી, તે

વાણી નકામી છે. માટે આ વાણીને, તેજ જ્ઞાનના નિધિ પાવન કરો !' હજી ટીકાકાર પોતાની વધુ લઘુતા જણાવતાં કહે છે કે-'હું ગંધહસ્તિકૃત અતિ ગંભીર વિવરણના સારને ગ્રહણ કરૂં છું.' આથી સ્પષ્ટ છે કે-'ટીકાકાર મહર્ષિ ભગવાન્ શ્રી મહાવીરદેવની આધીનતા સ્વીકારવા સાથે પૂર્વાચાર્યોની પણ એટલી જ આધીનતાનો સ્વીકાર કરે છે.' જૈનદર્શનના ટીકાકારોની એ જ નિરભિમાન વૃત્તિએ, આજ સુધી શાસનને અખંડિત અને અવિચ્છિન્ન સાચવ્યું છે : આથી શ્રી જૈનદર્શનના જ્ઞાતાઓની અનેક વિશિષ્ટતાઓ પૈકીની, આ પણ એક લોકોત્તર વિશિષ્ટતા છે. શ્રી જૈનશાસનમાં કોઇ પણ સાચા અનુયાયિએ સ્વકલ્પનાને સ્થાન નથી આપ્યું. કારણમાં એ એમ માનતા કે-'મૂળ કહેનાર શ્રી સર્વજ્ઞદેવ છે, રચનાર વિશિષ્ટ જ્ઞાનીઓ છે અને પાછળના કહેનારા પણ એમને જ અનુસરનારા છે : માટે અમારી ફરજ એ છે કે-જ્ઞાની પુરૂષોએ કહેલી વાત હૃદયમાં ન ઉતરે તો તે ખોટી ન કહેવાય, એ ખામી કથનની નથી, પણ અમારી મતિની છે !' આવી સ્થિતિને લઈને જ શાસન ટક્યું છે. આ લક્ષણ કોનું ? સમ્યગ્દૃષ્ટિનું. એને તો એક જ વાત કે-'હું પૂર્ણ જ્ઞાની નથી, અધુરો છું, તેથી સંપૂર્ણ જ્ઞાનીની વાત મારી મતિમાં ન ઉતરે એ ખામી મારી છે, પણ જ્ઞાનીની નથી !' સમ્યગ્દૃષ્ટિની પાસે એક સુંદર ચાવી હોય છે. શ્રી જિનેશ્વરદેવ કેવા અને એ કહે શું, એ એ બરાબર જાણે. અતીંદ્રિય પદાર્થો એને નિર્ણિત ન થાય તો એ શ્રદ્ધાથી માને, પણ એના મુખથી બાકીની આજ્ઞા વિગેરેને લગતી વાતો એવી જ નીકળે કે-જે શ્રી

જિનેશ્વરદેવોના કથનને અનુસરતી જ હોય : ભલે પછી કહેવાનું પ્રમાણ ઓછું કે વધતું હોય. સમ્યગ્દષ્ટિની ભાવના, વિચાર અને આદર્શો ઘણા જ ઉંચા હોય ! સમ્યગ્દષ્ટિ આત્મા ગમે તે સંયોગમાં રહ્યો હોય, પણ પોતાને ફસાયેલો માને : એ વિચારે કે–'બંધન તોડવાનું સામર્થ્ય હોત તો જરૂર તોડત ! બંધનને હાનિકર સમજે. બંધનમાં રહ્યો છતાં સમ્યગ્દષ્ટિ પોતાની ફરજ ન ચૂકે, એટલું જ નહિ પણ બંધનને તોડવાની જ પેરવીમાં હોય.

ઉપકારના બદલાના નામે અપકાર નજ થવો જોઇએ.

મંત્રીશ્વર શ્રી સુબુદ્ધિની વાત આપણે ગઇ કાલે શરૂ કરી છે : એ બાકી છે : એ રાજાના મંત્રી હતા. એમણે વિચાર્યું કે–'પગાર લઇને રાજતંત્ર ચલાવવું, એ તો બધા કરતા આવ્યા છે અને કરે છે : એમાં નવીનતા શી ? હું સમ્યગ્-દૃષ્ટિ છતાં જો મારો સ્વામી સન્માર્ગે ન આવે તો તે ઠીક નહિ.' આનું નામ ફરજ. 'ધન લેવું અને કામ કરવું, કામ કરવું અને વખત થયે પગાર લેવો'–માત્ર આ માન્યતા તો દુનિયામાં ફસેલાની જ હોય, પણ આ મંત્રીશ્વર તો દુનિયામાં તેવા ફસેલા ન હતા. દુનિયામાં રહેવું પડેલું માટે રહેલા તેથી તે ફરજ સમજતા. તેમને એમ થયું કે–'સ્વામીને સન્માર્ગે ન ચઢાવું તો હું સાચો સેવક શી રીતે કહેવાઉં ? ક્યો ઉપાય કરૂં કે જેથી મારો માલીક સન્માર્ગમાં જોડાય અને જ્ઞાનીના માર્ગે ચાલતો થાય.' રાજા પ્રત્યે મંત્રીની, મંત્રી પ્રત્યે રાજાની, પિતા પ્રત્યે પુત્રની, પુત્ર પ્રત્યે પિતાની, પતિ પ્રત્યે પત્નીની, અને પત્ની પ્રત્યે પતિની,–એમ પર-

સ્પરની ફરજો સમ્યગ્દૃષ્ટિ આત્મા સમજે. સમ્યગ્દૃષ્ટિ આત્મા પાપ કરે નહિ અને કરવું પડે તો કિંચિત્-થોડું : તે પણ રાચી-માચીને નહિ, પણ સંકોચાઇને અને કંપતે હૃદયે. આનંદ પામીને તો નહિ જ. કરતી વખતે પણ કંપે : કર્યા પછી પણ તેની નિંદા અને ગૃહા કરે ! આવી સ્થિતિવાળા આત્માને બંધ કેટલો બંધાય ? વિરતિને હાલ બાજુ ઉપર રાખીએ. વિરતિ ન પમાય, મોડી મળે, વ્હેલી મળે, પણ પ્રભુના શાસનમાં આવનારને સમ્યક્ત્વ તો જોઈએ જ ને ? પ્રભુના શાસનમાં આવેલો આત્મા પાપથી વિરામ પામવાની તાકાતવાલો કદાચ ન હોય. પણ પાપથી કંપતો તો હોવો જ જોઇએ ને ? સમ્યગ્દૃષ્ટિની આ સ્થિતિ તો અવશ્ય હોવી જ જોઇએ. પાપ કર્યા પછી પાપની પ્રશંસા તો તે ન જ કરે. જો આ દશા આવે તો પ્રભુના શાસનને ઓળખી શકે. પાપ કરે, એની પ્રશંસા કરે અને પાપ કરીને પાપનાં બણગાં ફૂંકે, તો શાસનમાં આવ્યો અને ન આવ્યો,-એમાં તફાવત શો ? દુનિયામાં બધા જેમ ખાય, પીયે, પહેરે, ઓઢે અને રંગરાગ કરે છે-એમ જ તમે કરો તો તમારામાં વિશેષતા કયી ? વિચાર કરી જૂઓ તો ફરજનું ભાન જરૂર થાય. રાજકારોબાર (રાજકારભાર) કરતાં મંત્રીને રાજાના સન્માર્ગ-ઉન્માર્ગના વિચારની જરૂર શી ? બસ, કામ કરવું અને પગાર લેવો : પણ આ મંત્રીશ્વર સમ્યગ્દૃષ્ટિ હતા, એટલે પોતાની ફરજ સમજતા હતા. એમણે વિચાર્યું કે- 'સ્વામી કોના ? મારા સ્વામી જો આવા જ રહી જાય, તો મને શોભતું ન ગણાય.' જ્યારે સમ્યગ્દૃષ્ટિ સેવક, સ્વામીની

આટલી ચિંતા કરે, તો પછીથી સમ્યગ્દૃષ્ટિ સ્વામિ પોતાના સેવકની કેટલી ચિન્તા કરે ? સેવક કરતાં સ્વામીની ફરજ મોટી છે. જૈનશાસનમાં માતાપિતા પણ દુષ્પ્રતિકાર્ય કહેવાય છે : એમના પણ ઉપકારનો બદલો વાળવો સ્હેલો નથી. માતા-પિતાને સન્માર્ગે યોજવામાં આવે, તો જ બદલો વાળી શકાય છે. તેમ માતાપિતા ઉપર પણ સંતાનને સન્માર્ગે યોજવાની ફરજ છે. જ્યારે સંતાનની પણ ફરજ એ છે કે–માબાપને સન્માર્ગે યોજે, તો માબાપની સંતાન પ્રત્યે શી ફરજ હોય તે વિચારો. માબાપનો ઉપકાર ન ભૂલાય–એમના બદલાનો ઈન્કાર ન થાય–ઉપકારનો બદલો વાળવો અતિશય જરૂરી, પણ ઉપકારના બદલાના નામે અપકાર થતો હોય તે જે ન વિચારે, તે સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ ? સમ્યગ્દૃષ્ટિ આ-ત્માએ એ વાત બરાબર ધ્યાનમાં રાખવી જોઈએ કે–ઉપ-કારના બદલાના નામે જ અપકાર ન થઈ જાય. સમ્યગ્દૃષ્ટિ આત્મા જ્ઞાન કે જ્ઞાનીની નિશ્રા વિના એક કદમ પણ આગળ ન વધે અને એથીજ એના જીવનમાં સુધારો–એ સુનિશ્ચિત છે. જેઓ પોતાના જીવનને નથી સુધારી શકતા અને કેવલ અર્થકામની જ આરાધનામાં રક્ત બન્યા છે, તેઓના મુખ-માંથી નીકળતી સુધારાની વાત એ વસ્તુતઃ સુધારો નથી, પણ એક જાતનો દંભ છે. સાચો સુધારો તો તેઓ જ કરી શકે છે કે–જેઓએ અર્થકામની આસક્તિ તજી પોતાના આત્માને શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને આધીન બનાવ્યો છે.

દુશ્મનનું પણ ભૂંડું નજ થાઓ એજ ભાવના.

સમ્યગ્દૃષ્ટિ આત્માની ભાવના કયી હોવી જોઇએ, એ જાણો છો ? સમ્યક્ત્વનું–પ્રધાનતાની અપેક્ષાએ–પહેલું લક્ષણ

ઉપશમ છે અને તેનું સ્વરૂપ જણાવતાં મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર, ભાષાની સજ્ઝાયમાં પણ ફરમાવે છે કે-

'અપરાધિશું પણ નવિ ચિત્ત થકી,—
—ચિંતવીએ પ્રતિકુલ :
સુગુણ નર ! શ્રી જિનભાષિત વચન વિચારીયે."

*

આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે—શ્રી જિનેશ્વરદેવના માર્ગથી રંગાયેલો અને નિરંતર શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો જ વિચાર કરનાર આત્મા, પોતાના અપરાધીનું પણ ભૂંડું નજ ઇચ્છે : તે આત્મા તો પોતાના દુશ્મનનું પણ હિતજ ઇચ્છે. આત્માને પરમ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ બનાવવો હોય અને જેમણે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ બની રહેવું હોય તેમજ જેઓને સમ્યગ્દર્શનની આરાધનાજ કરવી હોય અને જેમને પ્રભુના શાસનમાં ટકીજ રહેવું હોય, તો તેઓએ આ ભાવનાને મજબૂત કર્યા વિના છૂટકોજ નથી. દુશ્મનના નાશને જેમ આખી દુનિયા ચિંતવે, તેમ પ્રભુના શાસનમાં આવનાર પણ ચિંતવે, તો તેની વિશેષતા શી ? ઉંચામાં ઉંચા અહિંસક બનવાની ભાવનાવાળામાં હિંસક વિચાર હોય ? પાપ કોઇને છોડે ? જે પાપના યોગે મરી રહેલ છે, એને મારવાનો ધર્માત્મા વિચાર કરે ખરો ? એને તો એનું પાપજ મારી રહ્યું છે : માટે એની તો દયા ખાવી, એજ સજ્જનનું કામ છે. તમને કોઇ મારવા આવે તો વિચારો કે—' મારા પાપને ખપાવવા માટે સામો આદમી—પોતાના આત્માની દરકાર નહિ કરતાં, પોતાનું બગાડી, પાપની પરવા કર્યા વગર સામે આવે છે :'

એ તે ઉપકારી કે અપકારી ? એ બીચારો કાંઈ સ્વાધીન છે? એ કર્માધીન આત્મા ભાન ભૂલી, પોતાનું બગાડીને તમારૂં ભલું કરવા આવે, ત્યાં ગુસ્સો કેમ આવે ? જો સામો આદમી સામાનું બગાડી જ શકતો હોય, તો તો દુનિયામાં કોઇને સારૂં હોતજ નહિ. અશુભ કર્મના ઉદય રૂપ નિમિત્ત ન હોય, તો કોઇ કાંઇ કરી શકતું નથી. આથી દરેકે-'બચાવ ન કરવો, સાવધ ન રહેવું'-એમ કહેવાનો આશય નથી, પણ 'દુશ્મનનાએ ભૂંડાની તો ભાવના નજ હોવી જોઇએ' -એમ કહેવાનો આશય છે. 'જરૂર પડચે રક્ષણ માટે હાથ દેવાય, હાથ આડા ધરી બચાવ કદાચ કરાય, પણ દુશ્મનનુંય ભૂંડું તો ન જ ઇચ્છાય'-આવી ભાવનાવાળાને દુશ્મન પ્રત્યે ખરાબ ભાવ આવે કયાંથી ? આર્ત્ત અને રૌદ્ર ધ્યાન ન આવે,-એની સમ્યગદૃષ્ટિ ખૂબ કાળજી રાખે. સમ્યક્ત્વ આવે ત્યારથીજ એ દુર્ધ્યાનના પરિણામ મંદ પડે-ઢીલા થાય, પણ તે કયારે થાય? ત્યારેજ કે જ્યારે સમ્યક્ત્વની ભાવનામાં હૃદય ઓતપ્રોત બને ! એ ભાવનાનો અભાવ હોય તો આત્મા બહુ બંધાઇ જાય. માટે ખાસ કાળજી રાખવાની જરૂર છે. દુશ્મનને સુધારવા માટે કરવી પડતી કડવી ક્રિયા કરતી વખતે પણ હૃદયમાં ભાવના કયી હોય ? માતા બચ્ચાને મારે, પણ એને રોતું જોઇ ઘરમાં જઇને એ રૂએ. કોઇ કહે કે-'મારવામાં વેર ઝેર હતું ?' નહિ, હિતબુદ્ધિજ હતી. એનાં આંસુ પહેલાં તો ડબલ આંસું માને નીકળે, કારણ કે-બાળક પ્રત્યે માતાનો દ્વેષભાવ નથી. માતા કદાચ મારે તો પણ તેનું હૃદય કયું ?

માતા બાળકના હિતને માટે ઉપાય બધા કરે! તેવુંજ હૃદય સમ્યગ્દૃષ્ટિનું સુધારવા યોગ્ય વ્યક્તિ પ્રત્યે હોય. બાલકને મારતી વખતે માતાનો હાથ કેવો ઉપડે? તમે તમારા હાથે તમાચો મારો તો તમારા ગાલ ઉપર તમારો હાથ કેવો ઉપડે? સામો મારે એવી ધોલ મરાય ખરી? કહોને કે—હાથ ચાલે જ નહિ. ભલેને ખૂબ લાંબો કરીને જોરથી ઉપાડયો હોય, પણ ગાલ પાસે આવતાં આવતાં તો તે હળવો થઈજ જાય. કોઈ કદાચ અવાજ માગે, તોયે હાથ પોલો રાખીને અવાજ પણ કરો: પરન્તુ વાગે નહિ એની કાલજી તો રાખો જ: કારણ કે—મારાપણું બેઠું છે. તેમ પ્રાણીમાત્રનું ભલું કરવાની બુદ્ધિ જેના આત્મામાં હોય, તેજ પારકાનું ભલું કરવાને લાયક છે: બીજા નાલાયક છે. સમ્યક્ત્વની ભાવનામાં તો આખા વિશ્વ પ્રત્યે મૈત્રી છે. એકેંદ્રિય જીવો પ્રત્યે પણ સમ્યગ્દૃષ્ટિના હૃદયમાં મૈત્રી ભાવના વર્તે. એ ભાવના જો ઉડી જાય તોતો બધુંજ ઉડીજ જાય. મૈત્રી એટલે 'શેકહેન્ડ' વિગેરે બાહ્યાડમ્બર કરવો એજ નહિ, પણ મૈત્રી એટલે તો પરનું હિત ચિંતવવાનું! સામાના હિત માટે—'શેકહેન્ડ' કરવી પણ પડે, ન પણ કરાય, આઘા પણ ઉભા રહેવું પડે, પરન્તુ ભાવના શુદ્ધ જોઇએ. અયોગ્ય ભાવનાનો અંકુરો પણ ન આવે, એની કાળજી પૂરી રાખે તે સમ્યગ્દૃષ્ટિ! ભલાના નામે ખોટી ભાવના આવે તો કર્મસત્તા ન છોડે. ગમે તે સ્થિતિમાં મૂકાય, છતાં ભાવના એ કે—'દુશ્મનનું પણ ભલું થાવ—દુશ્મનનું પણ ભલું હું ક્યારે કરી શકું!'

ઉપકારની ભાવનામાં ફેર ન પડવા દો!

નાના, મોટા, મિત્ર, શત્રુ, પરિચિત, અપરિચિત,—એ બધા પ્રત્યે વર્તાવમાં ભલે ફેર હોય, પણ બધામાં બુદ્ધિ તો હિતનીજ હોય. 'સર્વે સુખી થાઓ'—એ ભાવના! ભાવના બધા સુખી થાઓ એવી, પરંતુ તે માટે કેમ વર્તવું, ત્યાં તો ભેદ પડશે: એના અમલમાં જરૂર ભેદ પડશે: સાતમે ગુણઠાણે, છટ્ઠે, પાંચમે, ચોથે ગુણઠાણે અને માર્ગાનુસારીની પણ ઈચ્છા તો મુક્તિની, પણ કાર્યવાહીમાં ભેદ જરૂર પડે. સાતમે ગુણઠાણે અપ્રમત્તાવસ્થા છે, જ્યારે છટ્ઠે પ્રમત્તાવસ્થા છે અને પાંચમે-ચોથે વળી એથી પણ જૂદી દશા છે. ભાવના એક સરખી છતાં, કાર્યવાહી જૂદી કેમ? કારણ કે—સરખી શક્તિનો અભાવ છે! મુનિ પાસે એક આદમી ચોવીસે કલાક કાયમ રહે અને જો તે રહેનાર આત્મા સુયોગ્ય હોય તો એના ઉપર મુનિ ઘણો ઉપકાર કરી શકે: અને બે, ચાર કે છ કલાક આવે ત્યાં એટલો ઉપકાર ન થાય: ઓછો થાય: મહિનામાં બે દિવસ આવે એના ઉપર સાવ ઓછો થાય: કોઈક વખતજ મળે એના પર નહિ જેવોજ થાય: ન મળે તેના પર ન પણ થાય! એ રીતે ઉપકારની કરણીમાં ફેર, પણ ભાવના તો એકજ. હાં, એક વાત જરૂર છે કે—રોજ સાથે રહેનારો કે રોજ ચાર-છ કલાક આવનારો આત્મા અયોગ્ય હોય કે ઓછી યોગ્યતાવાળો હોય તો એના ઉપર પણ ઉપકાર ન થઈ શકે કે થોડો થઈ શકે અને કોઈકજ દિવસે આવેલો આત્મા યોગ્ય હોય, તો તેટલામાં પણ ઘણો ઉપકાર થઈ શકે: માટે બેઉ દૃષ્ટિએ વિચાર કરવાનો. પરન્તુ બધાના હિતનીજ

ભાવના હોવી જોઇએ. દરેક આત્મા કર્મનો ક્ષય કરી, અનંત સુખના ભાગીદાર થાય, એજ એક ભાવના હોવી જોઇએ! એમાં જરા પણ ફેર નજ પડવો જોઇએ. જેમ જેમ વિદ્યાર્થી હઠીલો, તેમ તેમ એને શિક્ષક વધુ શિક્ષા પણ કરે, છતાં ભાવના કયી? એકજ ભાવના કે–બધા ટાઇમસર આવે, સીધી રીતે બેસે, એક સરખી રીતે સાંભળે, રીતસર લેસન કરે અને પરીક્ષામાં સોએ સો ટકા પાસ થાય. યોગ્યતાના પ્રમાણમાં શિક્ષામાં ફેરફાર હોય, પણ 'બધાજ હુંશીયાર થાઓ!'–આ એકજ ભાવના સર્વ માટે હોવી જોઇએ. રક્ષણની–શિખામણની–શિક્ષાની ક્રિયામાં ફેરફાર હોય, પણ ઉપકારની ભાવનામાં તો ફેર નજ હોવો ઘટે. સમ્યગ્દષ્ટિની મનોવૃત્તિ કેવી હોય, એ વાત ચાલે છે. તમે બધા શાસનને ચાહતા હો–શાસનનું હિત ચાહતા હો, તો શાસન કદરૂપું દેખાય એવી ક્રિયા શાસન-પ્રેમીના હાથે ન થવી જોઈએ. જેને માનીયે–સેવીયે–પૂજીયે,–એ કદરૂપું દેખાય એવી કાર્યવાહી ન કરવી જોઇએ. અજ્ઞાની–દોષ દ્રષ્ટિવાળો ગમે તે કરે, પણ સમજદારના હાથે થોડું પણ ખરાબ થાય, એ ઇચ્છવા યોગ્ય નથી. જે રીતે સુધારવા ઇચ્છીયે છીયે, તેમાં અયોગ્ય વર્તન કરવાથી ભેદ પડે અને કરવા ધારીયે તે ન કરી શકીયે. હિતૈષીના હાથે અહિત ન થવું જોઇએ: હિતના નામે અહિત ન થાય તેમ વર્તવું જોઈએ: છતાં જો એમ વર્તાય, તો પેલા અજ્ઞાની વર્તે તેના કરતાં, આ ભયંકર કહેવાય. આટલી કાળજી રખાય તો જે કરવા માગીયે છીએ, તે સહેલાઈથી કરી શકાય.

શ્રી સુબુદ્ધિમંત્રીનું દૃષ્ટાંત—

શ્રી સુબુદ્ધિમંત્રીની ભાવના એ છે કે–'મારો માલીક સન્માર્ગે કેમ આવે : કયા ઉપાયથી સન્માર્ગમાં એ જોડાય!' પણ પ્રસંગ આવવો જોઇએને ? એક વાર રાજાએ કાંઇ પ્રસંગ હોઇ પોતાના મંડળને પોતાને ત્યાં જમવા માટે નોતર્યું : એમાં મંત્રી તો હોયજ. બધા જમવા આવ્યા, જમવા બેઠા, રસોઇ પીરસાણી: રાજાને ત્યાંની રસોઇમાં કમીના શી હોય ? રાજા એક એક વસ્તુ લેતો જાય છે અને–'કેવી છે ?'–એમ પૂછતો ટેસ્ટ કરતો જાય છે. બધા સારીજ કહે છે : ખોટી હોય તોયે સારીજ કહેવી પડે : રાજાની રસોઈમાં રાજાની સામે દૂષણ કોણ કાઢે ? પાછળની વાત જૂદી છે. બધા વખાણ કરે છે : મંત્રી કાંઇ બોલતા નથી. રાજા મનમાં વિચારે છે કે–'આ બધા 'હાજી' કહે છે, કારણ કે–એ 'હાજીયા' છે : 'નાજી' કહેવાનું શીખ્યા નથી : પણ જયાં સુધી મંત્રી સુબુદ્ધિ ન સારી કહે–ન વખાણે, ત્યાં સુધી રસોઇની કિંમત નહિ.'

રાજા૦ ' મંત્રી ! તું કેમ કંઇ બોલતો નથી ?'

મંત્રી૦ ' આપે મને જમવા બોલાવ્યો છે કે બોલવા ? જે માટે બોલાવ્યો છે તે કરૂં છું '

રાજા૦ ' રસોઇ સારી કે ખોટી તે કહેવામાં વાંધો શો ?'

મંત્રી૦ ' રસોઇ જેવી છે તેવી છે, એમાં કહેવાનું શું ?'

રાજા૦ (જરા ગુસ્સે થઇને કહે છે.) ' પણ કેવી છે ?'

મંત્રી૦ ' જેવી બની છે તેવી છે. '

રાજા૦ ' પણ ખારી, ખાટી, તીખી, કાંઇ તો કહે !'

મંત્રી૦ 'રાજન્ ! જેવી છે તેવી છે : એની લપ્પન–છપ્પનમાં ફાયદો શો ? ખોટી કહું તો કંઇ સારી બની જવાની છે ? અમૂક ઉમદા

ચીજની અપેક્ષાએ ખોટી પણ ગણાય અને એનાથી ઉતરતી ચીજની અપેક્ષાએ સારી પણ ગણાય. એની પંચાતમાં ઉતરવાનું શું કામ ?'

રાજા૦ ' તું તો મૂર્ખો છેઃ તું તારે રાજકારભાર કરઃ તું એ કરી જાણે: તને આની ખબર ન પડે. '

મંત્રી૦ ' એમ માનો ! મુખત્યાર છો. '

*

બધા વચ્ચે મૂર્ખો કહ્યો તે સહન થાય ? થાય, પણ કોનાથી ? પોતાનું સાચવવા ઇચ્છનારથી તથા પોતાનું સાચવીને પારકાનું ભલું કરવા ઇચ્છનારથી ! એ તો એવું પણ સહન કરે. બધા વિખરાયા. હવે એકવાર રાજા તથા મંત્રી બેય ફરવા નીકળ્યા. નગરની બહાર ગયા કે-એક ગંધાતી ખાળ આવી : એમાંથી બહુજ ખરાબ દુર્ગંધ છૂટે છે. રાજા નાક દાબી, મ્હોઢું મરડી, ઘોડો ઉતાવળે હાંકી દોડી ગયો અને દૂર જઈ ઉભો રહ્યો. મંત્રી તો નાક દાબ્યા વિના-મ્હોઢું મરડ્યા વિના આવે છે : અહીં નાકે લુગડું રાખવાને હરકત નથી, પણ એને તો રાજાને બતાવવું છે, એટલે ખાસ એ મુજબ આવે છે. રાજા વિચારે છે કે-' મંત્રી કેવો જંગલી છે ? એને દુર્ગંધ પણ નથી આવતી ! ' મંત્રીને ગંધ નહોતી આવતી એમ નહિ : ગંધ આવતી હતી : કપડું ધારે તો રાખી શકે : પણ રાજાને સમજાવવાની ખાતર, ઇરાદાપૂર્વક આ મુજબ ધીમે ધીમે આવે છે. બાકી ગંધ ન સહાય તો કપડું રાખવામાં વાંધો નહિ, પણ તેના પ્રત્યે મુખ બગાડી, ગુસ્સો વિગેરે કરવાની શી જરૂર ? 'ખાળ આવીને ખાળ તેવી' એમ કહેવાથી ખાળ કાંઇ ઉડી જાય ? આઘો જાય તો બચે. ખસવામાં વાંધો નહિ, પણ ગુસ્સો શું કામ આવે ? મંત્રી રાજા પાસે આવ્યો, એટલે રાજા કહેવા લાગ્યો:—

રાજા૦ 'તને ગંધ પણ નહોતી આવતી ?'

મંત્રી૦ 'જેવી હતી તેવી આવતી હતી.'

રાજા૦ 'સહન કેમ થાય ?'

મંત્રી૦ 'જેમ થાય તેમ.'

રાજા૦ 'તું તો ગાંડો છે.'

રાજા મનમાં વિચારે છે કે–'મંત્રી ગાંડો છે : એની જોડે વાતચીત શી ? એ તો એ ભલો અને એનો રાજકારભાર ભલો. એને બીજી ગમ ન પડે.' ત્યાંથી પાછા ફર્યા અને બેય પોતપોતાના મકાને ગયા.

*

મંત્રીને હવે રાજાને સન્માર્ગે લાવવાનો ઉપાય મળ્યો. નોકર પાસેથી એ ગંધાતી ખાળમાંથી ઘડો ભરીને પાણી મંગાવ્યું. કતક નામનું ચૂર્ણ, કે જે ચૂર્ણનો એવો સ્વભાવ છે કે–જો પાણીમાં નાખે તો પાણીનો મેલ દૂર થાય, તેનાથી મંત્રીશ્વરે પાણી નિર્મલ બનાવ્યું. પાણીની સૂક્ષ્મતા ન જાય, પાણી જાડું ન થઇ જાય, એટલા પ્રમાણમાં સ્વાદુ અને સુગંધી દ્રવ્યો એમાં ભેળવી એ પાણીને મધુર, ઠંડું, સુગંધિત, તૃષાને શમાવનાર તથા ઈંદ્રિયોને સુખદાયક બનાવ્યું. આ પાણીને રાજાના રસોડે પહોંચાડયું અને રસોઇયાને કહેવરાવ્યું કે–'આજે મહારાજાને આ પાણી આપવું.'

*

આમાં જાનની આપત્તિ છે હોં ! રાજાની જોડે આ ખેલ છે, પણ એને તો રાજાનું ભલું કરવાની ભાવના છે, એટલે આપત્તિનો ડર નથી. રાજા મહેલ તરફ આવે છે ત્યારે દૂરથી એને સુગંધિ આવી. વિચાર કરવા લાગ્યો કે–

'આજે એવી કયી રસોઇ થઇ છે કે જેની આવી ખૂશબો આવે છે? એવી કોઈ રસોઇની આજ્ઞા આપી નથી.' રાજા જમવા બેઠો, રસોઈ પીરસાણી, પણ જૂએ છે તો એક પણ એવી ચીજનો પત્તો નથી અને સુગંધી તો મહેંકી રહી છે. પાણીનું વાસણ આવ્યું: એમાંથી સુગંધી ઉછળે છે એ જણાયું. ઇંદ્રિયાધીન આત્મા કેટલો વખત કાબુમાં રહે? તરત પાણી પીધું. જમ્યા પહેલાં પીધું. એજ વખતે રાજા રસોઈયાને કહે છે કે–'આટલા દિવસથી તું મારે ત્યાં છે, કોઈ દિવસ તેં આવું પાણી પાયું નથી, આજે જ પાયું, તો રોજ કેમ પાતો નથી?' રસોઈયાએ કહ્યું કે–'સાહેબ! એ તો મંત્રીશ્વરે મોકલ્યું છે.' રાજાએ વિચાર્યું કે–'હવે હું સમજ્યો. જે મંત્રીને ઘેર આવાં પાણીનો કુવો હોય—જે મંત્રી પાણી પણ આવાં પીએ, તે મારી રસોઇ શાની વખાણે?' વિષયાધીન આત્માની હાલત જોઈ? રાજા વિચારે છે કે–'તે દિવસે મારી રસોઇ ન વખાણવાનું કારણ હવે સમજ્યો! આવું પાણી પીનારને ખાળની દુર્ગંધ આવેજ ક્યાંથી?'

રાજા૦ 'બોલાવો મંત્રીને!'

મંત્રીને બોલાવ્યો મંત્રી આવ્યો.

રાજા૦ 'આવા કુવાનું પાણી તું રોજ પીએ છે અને અમને આજેજ મોકલ્યું: રોજ કેમ નથી મોકલતો?'

રાજાની બુદ્ધિ ઉપર મંત્રી હસ્યો,

રાજા૦ 'મંત્રી! આ કયા કુવાનું પાણી છે?'

મંત્રી૦ 'રાજન્! વચન આપો તો કહું. તમે રાજા: ઘડીમાં રોષાયમાન થાઓ તો ઘડીમાં તોષાયમાન થાઓ!

તમારા રોષ કે તોષનો વિશ્વાસ શો? રાજાની મૈત્રી ક્યાં સુધી? મને અભયદાન આપો પછી હું બધીજ વાત કહી દઉં.'

રાજા૦ 'પણ આમાં મરવાની વાત ક્યાં છે? કયા કુવાનું પાણી, એ કહેવું એમાં મરવાની વાત આવી?'

મંત્રી૦ 'જી હા! એ આપ ન જાણો. આપ અભયદાન આપો.'

રાજા૦ 'કબુલ, તને કાંઈજ વાંધો નહિ આવે.'

મંત્રી૦ 'રાજન્! જે ખાળ આગળ મ્હોંઢે ડુચો દઈ આપ ઘોડો હાંકી ગયા હતા, એ ખાળનું આ પાણી છે.'

રાજા૦ 'મારી પણ મશ્કરી કરે છે?'

મંત્રી૦ 'નહિ, આપની મશ્કરી શું કામ કરૂં? સાચું જ કહું છું કે–તેજ ખાળનું આ પાણી છે.'

રાજા૦ 'ત્યાં આવું પાણી?'

મંત્રી૦ 'ના, પાણી એવું નહિ: પણ એ પાણી પણ જો યોગ્ય ઉપાય કરાય તો આવું પાણી બની શકે છે.'

રાજા૦ 'ન બને.'

મંત્રી૦ 'બનાવી દઉં.'

મંત્રીએ તરત ત્યાંથી પાણી મંગાવી, રાજાની સમક્ષ તે પાણીને વિધિપૂર્વક નિર્મળ કરી બતાવ્યું, રાજા વિસ્મય પામ્યો અને પૂછયું કે–'તેં આ શી રીતે જાણ્યું?'

મંત્રી૦ 'મારા શ્રી જિનેશ્વરદેવના મુનિવરોએ કહ્યું છે. સારી કે નરસી ચીજ એ સંયોગને આધીન છે. ઘઉંના આટાથી મિષ્ટાન્ન પણ બને અને રોટલા પણ બને. જેવા સંયોગો તેવું રૂપાંતર. સારા–ખોટાપણાનું કારણ સંયોગ છે. તો ખાલી રાગદ્વેષ કરવાથી ભલું થાય શી રીતે? રાજન્! મેં આ બધી મહેનત આપની

દૃષ્ટિ ઉઘાડવા માટે કરી છે. રસોઇના વખાણ ન કર્યાં, તેનું પણ કારણ આજ. એક પર રાગ અને એક પર દ્વેષ કરવાથી ફાયદો શો?'

રાજા૦ 'બસ, મને સત્વર તારા મુનિવર પાસે લઇ જા. આવા દેવ, આવા મુનિ અને આવો ધર્મ તો અનૂપમ, કે જ્યાં વસ્તુનું સત્ય જ્ઞાન થાય અને એથી રાગદ્વેષ દૂર થાય.'

*

આટલી મહેનતના પરિણામમાં તે સુબુદ્ધિ મંત્રીએ રાજાને મુનિનો યોગ પમાડયો અને પરિણામે રાજા અને મંત્રીશ્વર ઉભયે સંયમ અંગીકાર કર્યું અને આત્મકલ્યાણ સાધ્યું.

[૨૨]

ક્રિયાનું પ્રતિપાદન શા માટે?

દરેક ગ્રંથની શરૂઆતમાં ૧. મંગલ, ૨. અભિધેય, ૩. સંબંધ અને ૪. પ્રયોજન,–આ ચાર વસ્તુ ખાસ દર્શાવવામાં આવે છે. તેમ આ શ્રી અંગસૂત્રની શરૂઆતમાં પણ એ ચારે વસ્તુ ટીકાકારમહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજાએ પણ ક્રમસર બતાવી દીધી. પ્રથમ શ્લોકમાં મંગલ માટે તીર્થની સ્તુતિ કરી અને એમાં કહ્યું કે–'આ તીર્થ જયવંતુ છે: કારણ કે–એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી અને એક પણ સુંદર વિચારનો ઈન્કાર નથી. આ તીર્થના સિદ્ધાંતો એવી સુંદર રીતિએ સિદ્ધ થયેલા છે કે–તેની સેવા કરનાર જરૂર કર્મમલથી રહિત થઇને મુક્તિપદનેય પ્રાપ્ત કરી શકે છે. આથીજ આ તીર્થ શાશ્વત્ છે, અનૂપમ છે અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી નમસ્કાર કરાયેલું છે.' બીજા શ્લોકમાં અભિધેયનું પ્રતિપાદન કરતાં, સંબંધ અને પ્રયોજનનું પણ પ્રતિપાદન કરી દીધું: કારણ કે–'આ સૂત્રમાં કહેવા યોગ્ય આચાર છે અને આ આચારસૂત્ર ભગવાન્ શ્રી મહાવીરદેવે જગત્‌ના હિત માટે જે રીતિએ કહ્યું છે, તેજ રીતિએ હું પણ કાંઈક કહું છું.'–આ કથનમાં અભિધેય, સંબંધ અને પ્રયોજન,–આ ત્રણેનું પ્રતિપાદન થઇ જાય છે. 'આચાર' એ અભિધેય છે,–'ભગવાન્ શ્રી મહાવીરદેવથી ચાલ્યું આવે છે'–એ સંબંધ છે અને 'જગત્‌નું હિત'–એ પ્રયોજન છે. પ્રથમ શ્લોકમાં જેમ ટીકાકારમહર્ષિએ અદ્ભૂત વસ્તુ કહી છે, તેમ બીજા શ્લોકમાં પણ તેવુંજ વસ્તુવર્ણન કર્યું છે.

પ્રથમ શ્લોકના મંગલાચરણમાં છ વિશેષણોથી પ્રશંસા કર્યા બાદ, બીજા શ્લોકમાં આ શ્રી આચારંગ શાસ્ત્ર કહેવાનો હેતુ, કોણે કહ્યું તે અને મારે આ કહેવાને શા માટે પ્રયત્ન કરવો પડે છે,—એ ત્રણે વસ્તુ ટીકાકાર મહાત્માએ બતાવી છે અને કહ્યું છે કે—'આ શ્રી આચારાંગસૂત્ર ભગવાન્ શ્રી મહાવીરદેવે જગત્ના કલ્યાણ માટે કહ્યું: એમાંથી કિંચત્ મારી શક્તિ-મુજબ કહું છું: મારી આ વાણીને તેજ પાવન કરો, કે જેમણે આ કહ્યું છે: હું તેમની નિશ્રાએ બોલું છું. પૂરૂં કહે-વાની તાકાત મારામાં નથી: એમણે કહ્યું છે, એમાંથી લઇને તાકાત છે તેટલું કહું છું.'

*

ત્રીજા શ્લોકમાં ટીકાકારમહર્ષિ શ્રીમત્ શીલાંકસૂરિજી મહારાજાએ ફરમાવ્યું કે—'શ્રી ગંધહસ્તિએ કરેલું 'શસ્ત્રપ-રિજ્ઞા—વિવરણ' અતિ—બહુ ગહન છે: તેમાંથી સુખપૂર્વક બોધ થાય તે માટે હું કાંઇક સાર ગ્રહણ કરૂં છું.' શુદ્ધ સમ્યગ્દૃષ્ટિનો આદર્શ પ્રભુના માર્ગમાં સ્થિર રહેવાનો અને તેમાં સ્થિર રહેવા માટે શાસનના ધોરી આચાર્યદેવોની નિશ્રામાં રહેવાનોજ હોય છે! તે કદીજ પોતાની મતિકલ્પના ઉપર ઝઝુમતો નથી, પણ જ્ઞાનીના વચન તરફજ ઝૂકે છે. એમાંથી મેળવાય તેટલું મેળવે છે અને કલ્યાણની બુદ્ધિએ અપાય એટલું આપે છે.

*

(પ્રશ્ન૦ અક્રિય સિદ્ધ પરમાત્મા પાવન શી રીતે કરે ?)

ભલે સિદ્ધ થયેલા અરિહંત પરમાત્મા અક્રિય હોય, પણ એમનાં નામ—ગોત્ર વિગેરેના સ્મરણથી આત્મા પાવન

થાય, માટે ઔપચારિક ભાષામાં એમ કહેવાય કે-'આપજ આ વાણીને પાવન કરો.' બેશક, આત્માના ગુણો આત્માએજ પ્રગટ કરવાના છે—કોઇ આપવાનું નથી, પણ જે નિમિત્તે પ્રગટ થાય તે નિમિત્તને આપનાર તરીકે કહેવાય. વળી બીજી પણ વાત સમજવા જેવી છે. જો એવાજ નિશ્ચય ઉપર જઈએ તો તો ભાગ્ય ન હોત તો માતા પાલત પણ શાની ? એ તો પુણ્યોદય માટે પાળે છે, તો પછી માતાનો ઉપકાર જ શો ? ઉપકારજ ઉડી જાય. ભલે પળાયો પુણ્યયોગે અને જીવ્યો એ આયુષ્યના યોગે, પણ નિમિત્ત કોણ ? નિમિત્ત તરીકે માબાપ કહેવાય. તેમ અહીં જ્ઞાન પણ આ આગમના યોગે અને એ પણ સદ્ગુરૂના યોગે ! આગમ પણ પૂજ્ય, સદ્ગુરૂ પણ પૂજ્ય અને આગમ જેના પર મૂકાય તે સાંપડી પણ પૂજ્ય, અરે-લખવાનો કોરો કાગળ પણ પૂજ્ય ! એને પગ ન અડાડાય. જ્ઞાનનાં ઉપકરણમાત્ર પૂજ્ય : પાટી, પોથી, સાંપડી, ઠવણી, આ બધાની અવગણનાનો પશ્ચાત્તાપ અતિચારમાં આવે છે કે નહિ ? અને આથીજ શાસ્ત્રમાં કહેવાય છે કે-'જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનની અવગણના કરીએ-તે સઘળાનું અપમાન કરીએ, તો જ્ઞાનવરણીય કર્મ બંધાય : અને ભક્તિ કરીએ-બહુમાન કરીએ અને નમસ્કારાદિ ક્રિયા કરીએ, તો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય પણ થાય.'

(**પ્રશ્ન૦** અક્રિયપદના અર્થીને ક્રિયાના આલંબનની જરૂર શી ?)

આ પ્રશ્ન ક્રિયાને ઉઠાવનારાઓ કરે છે, પણ તેઓને ખબર નથી કે–'એકલા જ્ઞાનથી કદી જ મુક્તિ મળી શકતી નથી. અક્રિયપદે પહોંચવા માટે પણ ક્રિયાની જરૂર તો છેજ, કારણ કે–અનાદિથી ઉલટી ક્રિયાઓ કરી, આત્મા ઉપર કરેલા બંધનને દૂર કરવા માટે તો ક્રિયાનું આલંબન લેવું જ પડશે. વાત એટલી જ કે–અત્યાર સુધી ઉલટી રીતે સક્રિય હતા તે હવે સીધી રીતે સક્રિય બનવું પડશે.' બંધનની ક્રિયા કરી તેટલી ક્રિયા છૂટવા માટે પણ કરવી જ પડશેને ? છૂટવા માટેની ક્રિયા કરી એટલે બંધન ખસવાનાં અને તે ખસશે એટલે ક્રિયા પણ આપોઆપજ ખસી જશે. આંટા બાંધ્યા છે એટલા ઉલટા ફેરવવા તો પડશેજ ને ? જે વસ્તુને બંધનમાં મૂકી, તેને છોડવાની ક્રિયા તો કરવી જ પડશે. આજ સુધી અયોગ્ય આલંબનના યોગે ઉંધી ક્રિયાઓ થતી હતી, તે હવે યોગ્ય આલંબનના યોગે સીધી ક્રિયા કરીએ, કે જેથી બંધન છૂટી જાય અને મુકિતપદની પ્રાપ્તિ સહેલાઇથી થઇ શકે. આપણે જો આલંબન ન સ્વીકારીએ, તો અનાદિની વિપરીત દશા પલટાતી નથી. અનાદિની ખોટી કુટેવોથી બચવા આ આલંબન છે. પ્રવૃત્તિ સીધી થાય તો અનાદિની ખોટી કુટેવો છૂટી જાય, ઉંધી પ્રવૃત્તિ બંધ થાય અને આક્રમણો ખસી જાય એટલે મુકિત થાય. યોગ્ય નિમિત્તની અવગણના કરનારા પોતાના આત્માનીજ અવગણના કરે છે : નિમિત્તના યોગે તો બધું ચાલે છે. ઉલટાં નિમિત્ત કાયમ રાખવાં અને સીધાં નિમિત્ત ઉભાં ન કરવાં, એ ક્યાંનો ન્યાય ?

સંસારી માત્ર માટે મુખ્ય કર્ત્તવ્યનું વિધાન—

ટીકાકારમહર્ષિ પીઠિકામાં જ ફરમાવે છે કે—

"इह हि रागद्वेषमोहाद्याभिभूतेन सर्वेणापि संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपातपीडितेन तदपनयनाय हेयोपादेयपदार्थपरिज्ञाने यत्नो विधेयः।"

*

'આ સંસારમાં રાગ, દ્વેષ અને મોહાદિકથી અભિભૂત થયેલા અને એજ કારણે શારીરિક અને માનસિક અતિકટુક દુઃખોના ઉપનિપાતથી પીડિત થયેલા-સર્વે પણ સંસારી જંતુએ, હેય (તજવા યોગ્ય) અને ઉપાદેય (અંગીકાર કરવા યોગ્ય) પદાર્થોના પરિજ્ઞાનમાં યત્ન કરવા યોગ્ય છે.'

*

આ પ્રમાણે કહીને, ટીકાકારમહર્ષિ સ્પષ્ટ કરે છે કે-'રાગ, દ્વેષ અને મોહ આ ત્રણે અંસારનાં મૂળ છે અને એનાથી પરાભૂત થયેલા આત્માઓ-પછી તે ગમે તે હોય,-પણ તેઓની ઉપર શરીર સંબંધી કે મન સંબંધી અનેક ભયંકર દુઃખો આવ્યા વિના રહેતાં જ નથી. એ ભયંકર દુઃખોથી મુક્ત થવાની જેઓની અભિલાષા હોય, તેઓએ હેય અને ઉપાદેય પદાર્થોનું જ્ઞાન મેળવવું જ જોઇએ. તે શિવાય એ દુઃખોથી મુક્ત થવાનો કોઇ ઉપાય જ નથી, કારણ

કે-હેય અને ઉપાદેયના જ્ઞાન વિના રાગ, દ્વેષ અને મોહનો નાશ થતો નથી અને તેના નાશ વિના દુ:ખ પણ દૂર થતું જ નથી. દુ:ખથી છૂટવાનો એજ એક અનૂપમ ઉપાય છે.

*

રાગ, દ્વેષ અને મોહને આધીન થયેલા આત્માઓ, શારીરિક અને માનસિક અનેક કટુક દુઃખોથી પીડિત હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. રાગ, દ્વેષ અને મોહની આધીનતા છોડવી નહિ અને દુઃખોથી ડરવું–એ ચાલે તેવું છે? દુ:ખ ન જોઇએ તો એ રાગાદિકનો નાશ કરવા માટે સજ્જ રહેવું જ જોઇએ અને આ ત્રણની સેવા કરનારે તો દુ:ખ સહન કરવા તૈયાર રહેવું જ જોઇએ. શાસ્ત્ર કહે છે કે-'એ ત્રણેની હયાતિમાં દુઃખ તો આવવાનું જ.' મારૂં–મારૂં કરવું અને દુ:ખથી આઘા રહેવું, તે ન ભૂતો ન ભવિષ્યતિ. દુ:ખ ન જોઇએ તો આ ત્રણને છોડો અને ન છોડો તો દુ:ખ આવે તે સ્વાભાવિક છે. રાગી, દ્વેષી અને મોહાંધ–એ સુખી હોય એ કદી બન્યું જ નથી: રાગી અને સુખી, દ્વેષી અને સુખી, મોહાંધ અને સુખી–એ બને જ નહિ. રાગી, દ્વેષી અને મોહી કદી સુખી હોય? ક્ષણવાર સુખ મળતું દેખાતું હોય, તો પણ તે સુખ નથી, કારણ કે–એ સુખ પરિણામે દુ:ખ લાવે તેવું છે. ખસ થાય ત્યારે ચળ આવે અને ખણાય ત્યારે લાગે મજેનું, પણ તે કંઇ સુખ છે? નહિ જ. બચ્ચાંને ખસ થઇ હોય તો તેના હાથ બાંધવા પડે: મોટાને ખસ થઇ હોય તો સમજાવવા પડે અને હઠીલા થાય તો ઉપેક્ષા

પણ કરવી પડે. બચ્ચાં તો ડાહ્યાં કે હાથ બાંધવા દે : મોટા સમજે તો ઠીક, નહિ તો ઉપેક્ષાયે ભલી. બાલકમાં એ યોગ્યતા છે કે–એને કરવું હોય, ખણવું હોય તો પણ એને રોકવાની તાકાત છે. ના કહેવાથી કે સમજાવવાથી ન માને–સ્હેવાય નહિ તેવી દશા હોય, તો કોથળી અગર પાટા બાંધો એટલે બસ. મોટા હઠીલા થાય તો પાટા બાંધવા જ ન દે. અરે ગમે તે પ્રકારે બાંધો તોયે કાઢી નાંખે! પગ, મ્હોંઢું, અવાજ, બધું મોટું. એને કોણ બાંધી શકે? માટે એવાની તો–'**उपेक्षा वरम्**'–ઉપેક્ષા સારી. ક્ષણિક સુખ આપનારી વસ્તુમાં સુખ માનવું એજ મોહ : મોહનું સ્વરૂપ જ એ કે–ક્ષણિક સુખમાં શાશ્વત્ સુખનો ભાસ કરાવે : પંડિતને પણ મૂંઝાવે તે મોહ.

દૃષ્ટિરાગ પાપી છે.

રાગ ત્રણ પ્રકારના : કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ. આ ત્રણમાં છેલ્લો દૃષ્ટિરાગ ઘણો જ પાપી છે અને તે સત્પુરૂષો માટે પણ દુરૂચ્છેદ છે. કામરાગ અને સ્નેહરાગ થોડી મુશીબતે દૂર કરી શકાય તેવા છે, પણ દૃષ્ટિરાગ તો સત્પુરૂષો માટે પણ દુઃખથી છેદી શકાય તેવો છે : અર્થાત્–સત્પુરૂષો પણ એના પાશમાં સપડાઈ જાય છે. કલિકાલ-સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે–

"कामरागस्नेहरागा–वीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ॥ १ ॥"

*

'હે વીતરાગ! કામરાગ અને સ્નેહરાગ એ સહેલાઇથી નિવારી શકાય તેવા છે, જ્યારે પાપી એવો દૃષ્ટિરાગ તો સત્પુરૂષો માટે પણ દુ:ખે કેરીને છેદી શકાય તેવો છે.'

*

કામરાગ અને સ્નેહરાગ ભાવનાદિકથી દૂર કરી શકાય છે, પણ કુદર્શન ઉપર ચોંટેલો દૃષ્ટિરાગ, એ એવો ભયંકર છે કે—જેના પાશમાંથી સત્પુરૂષો પણ નથી છૂટી શકતા. આથી કોઇ પણ ખોટી માન્યતાને આધીન ન થઇ જવાય, એની ખાસ કાળજી રાખવાની છે. આપણું જીવન જો આપણે સફલ કરવા માગતા હોઈએ, તો આપણી ફરજ છે કે—આપણે કેવલ વ્યક્તિનાજ અનુયાયી બની જવું જોઇએ નહિ અને કોઈ પણ કુમાન્યતાના ગુલામ પણ બનવું જોઇએ નહિ. ખોટાના રાગમાં પડેલા માણસો, છતા એવા દોષોને પણ જોઇ શકતા નથી.

(પ્રશ્ન૦—પ્રભુના આગમને આગળ રાખે તો?)

તો પછી દૃષ્ટિરાગ રહ્યો જ ક્યાં? એ તો યોગ્ય જ છે. કોઇ કહે કે—'મેં માન્યા એજ દેવ.'—તો તો એ એક પ્રકારે દૃષ્ટિરાગ અને દુરાગ્રહ છે, પણ એમ કહે કે—'રાગદ્વેષ ન હોય, એક પણ દૂષણ ન હોય તે મારા દેવ' —ત્યારે એને પૂછવાનું કે—'આજ સુધી એમ કેમ નહોતો માનતો?' ત્યારે જો એ માર્ગે આવવાને યોગ્ય હોય તો કહે કે—'અજ્ઞાન હતું માટે!' શાસ્ત્ર કહે છે કે—'દેવ, ગુરૂ અને ધર્મ બધા 'સુ' જોઇએ. સુદેવ, સુગુરૂ અને સુધર્મ: તેજ રીતે વડીલ પણ 'સુ' અને માબાપ પણ 'સુ' જોઇએ.'

(**લાલન૦ આપનો કેસ મજબૂત કરતા જાઓ છો.**)

શ્રી જિનેશ્વરદેવે કહેલું તમારી આગળ મૂકું છું. કોઈ કહે કે-'મહાવીરને કેમ માનો છો?' તો કહેવું કે–'રાગદ્વેષને જીતી અરિહંત બન્યા માટે અમે ભગવાન્ શ્રી મહાવીરદેવને માનીયે છીયે: કોઈ સાબીત કરે કે–'એ અરિહંત નહોતા' –તો ન માનીએ અને કહીએ કે 'એ મહાવીર બીજા: એ અમારા મહાવીર નહિ. જેનામાં રાગદ્વેષ નહોતા એજ મહાવીર અમારા દેવાધિદેવ, પણ બીજા નહિ.' શ્રી ઋષભદેવ ભગવાન્ તથા શ્રી મહાવીર ભગવાન્ અરિહંત હતા માટે જ તેમને દેવ માનીએ છીયે. ગુરૂ પણ ગમે તે નહિ. ગુરૂ તે કે જે મહાવ્રત પાળે, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ ચાલે, સામાયિકમાં રહે અને ધર્મનોજ ઉપદેશ આપે: એ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર શિવાય બીજું બતાવે નહિ અને શ્રી જિનેશ્વરદેવે કહેલું જ કહે. 'ફલાણાજ ગુરૂ' –એમ નહિ, પણ આ લક્ષણ જેનામાં હોય તે બધાજ ગુરૂ. આ જેનામાં ન હોય તે વોસિરે, વોસિરે. આ રીતે દેવને, ગુરૂને, ધર્મને, વડીલને અને માબાપ વિગેરે બધાને માનવાના, પણ તે 'સુ' જોઇએ.

"अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहुणो गुरुणो,
जिणपन्नत्तं तत्तं, इयसम्मत्तं मए गहियं ॥१॥ "

*

'શ્રી અરિહંત એ મારા દેવ, સુસાધુઓ એ મારા ગુરૂ અને શ્રી જિનેશ્વરદેવપ્રણીત તત્ત્વ એ મારો ધર્મ,–જાવજજીવ આ સમ્યક્ત્વ મેં ગ્રહણ કરેલું છે.'

*

આ પ્રમાણે બોલવામાં અને વિચારવામાં આવે છે. જે ત્રણે વસ્તુને સ્વીકારી છે, તેનાં વિશેષણો જૂઓ! દેવ કોણ?–તો કે અરિહંત! ગુરૂ કોણ?–તો કે સુસાધુઓ! અને તત્ત્વ કયું?–તો કે શ્રી જિનેશ્વરદેવોએ કહેલું! આ રીતે આપણો વસ્તુનો સ્વીકાર હોવો જોઇએ, પણ દૃષ્ટિરાગથી નહિજ.

ખોટું દાક્ષિણ્ય એ દોષ છે!

દેવનું કહેલુંજ કહે એ ગુરૂ: અગડં–બગડં ગપ્પાં મારનાર ગુરૂ નહિ! મકાનની ધજા જેમ વાયુથી ફરકે, તેમ વાયરે ફરકનારા ગુરૂ નહિ!! મારા દેવ, મારા ગુરૂ અને મારો ધર્મ–એ મનુષ્યે કહેવું સ્હેલું છે? જ્યાં–ત્યાં એમ કહે એ મનુષ્ય અજ્ઞાન છે! વિવેકી આત્માઓ તો દેવત્વ અને ગુરૂત્વ દેખે ત્યાં ઝૂકે, નહિ તો અક્કડ ઉભા રહે. દેવત્વમાં વધુ મુશ્કેલી નહિ આવે, પણ ગુરૂત્વમાં વાંધા આવે છે: કારણ કે–આંખ ચાલતી રહે છેને! આંખની શરમ, ખોટા દાક્ષિણ્યના ઉપાસકોનો અવશ્ય નાશ કરે છે. હિતકારી દાક્ષિણ્યની ઉપાસના એ ગુણ છે, પણ ખોટું દાક્ષિણ્ય એ દોષ છે. એ દોષનો તો વ્યવહારમાં પણ સ્વીકાર નથી. વ્યવહારમાં પણ પ્રમાણિક આડતીયા સાથે મેળ રખાય, દાક્ષિણ્ય રખાય, પણ ક્યાં સુધી? બે પાંચ રૂપીયાની છૂટ માટે, પણ ચોપડા ઉથલાવવા માટે નહિ! એ આડતીયો તમારા ચોપડાને પણ ન ગણકારે, તો તો તમે કૉર્ટમાં દોડો કે નહિ? માલ લઈ જાય અને જવાબ ઉઠાઉગીરીનો આપે ત્યાં દાક્ષિણ્ય રાખો? કહોને કે–નહિજ. કહો છો ને કે–

'દાક્ષિણ્ય કેટલા પૂરતું? પચાસના પીસ્તાલીશ લઈએ એટલા પૂરતું ઠીક છે, બાકી વધુ ન સચવાય : સાથે જમ્યાનો સંબંધ સચવાય તો સારૂં!' ચાંલ્લો ક્યાં કરો? કહોને કે- આવ્યા હોય એને ત્યાં. કોઈને બે, કોઇને પાંચ, કોઇને દશ કેમ? એને ત્યાંથી આવ્યા એટલા કરવાના! કોઇને ત્યાંથી ન આવ્યા, તો તમે પણ કહી દો કે-'હું પણ ન આવું :' તમને પૂછે કે-'કેમ નહોતા આવ્યા?' તમે તરત કહો કે'-તું કે દિ આવ્યો હતો?' કાંઈ કીધા વિના ઓછાજ રહો છો? વ્યવહારમાં નહિ જેવા સ્વાર્થ માટે હાનિકર દાક્ષિણ્ય નથી રાખતા, તો અહીં આત્મકલ્યાણની સાધનામાં ખોટું દાક્ષિણ્ય કેમ નભાવી લેવાય? વ્યવહારની બાબતમાં સહુ સમજો છો કે-'ખોટું દાક્ષિણ્ય રાખીશું તો ઘર નહિ ચાલે -વેપારમાં ભીખ માગીશું.' અને ધર્મના પ્રસંગમાં એ વાતે બેદરકાર છો માટે પત્તો નથી લાગતો. તમને ખોટું લાગે તો તમે જાણો, પણ જે છે તે કહું છું. ગોશાળાનો પરમ શ્રાવક સદ્દાલપુત્ર, જ્યારે ભગવાન્ શ્રી મહાવીરદેવનો પરિચિત બન્યો, પ્રતિબોધ પામ્યો, સમજ્યો, કે તરત સન્માર્ગનો સ્વીકાર કર્યો અને ભગવાન્ શ્રી મહાવીરદેવનો પરમ શ્રાવક બન્યો. ગોશાળો ફરીને ત્યાં આવ્યો એટલે ગયો નહિ. ગોશાળાએ બોલાવવા શિષ્યને મોકલ્યા. શિષ્યોને મોકલવાનું કારણ? ભગવાન્ શ્રી મહાવીરદેવ તો કોઇને બોલાવતા નહોતા! ત્યાં તા એ હતું કે-પુણ્યશાળી હોય તે આવે, ભાગ્યવાન્ હોય તે પામે અને તરવાની ભાવનાવાળા હોય તે તરે. જ્યારે ગોશાળાની બુદ્ધિ તો યેનકેન પ્રકારે સંખ્યાવૃદ્ધિ કરવાની

હતી. ભગવાન વીતરાગ છે અને ગોશાળાને તો ખેંચવા છે! શિષ્યોને સદ્દાલપુત્રે કહ્યું કે-'કહેજો કે હું હવે આવવા માગતો નથી.' ગોશાળો પોતે આવે છે: એને આવતો જોયો કે તરત આંખ નીચી ઢાળી. ગોશાળો પાસે આવ્યો. પૂછે છે કે-'કેમ ન આવ્યો?' સદ્દાલપુત્ર કહે છે કે-" હવે નહિ." આ વખતે પણ આંખ તો નીચે ઢાળેલી જ હતી: રખે એની દૃષ્ટિની અસર મને થાય એ ભય હતો: આંખ મળ્યે શરમ થાય તો? દાક્ષિણ્ય આવે તો?? માટે આંખ નીચી ઢાળી હતી. પુણ્યવાન્ આત્માને દાક્ષિણ્ય ન આવે પણ સંભવ ખરો, એટલે બચવાનો પ્રયત્ન તો કરવો જ જોઈએ. અમૂક વ્યક્તિનેજ દેવ માનવી, એવો શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આગ્રહ નથી. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં તો અરિહંતને દેવાધિદેવ મનાવવાનો આગ્રહ છે. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે—

"भवबीजाङ्कुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥ १ ॥"

*

'સંસારબીજના અંકુરને પેદા કરનારા રાગાદિક દોષો જેના ક્ષય પામી ગયા છે, તે પછી નામથી ચાહે તો બ્રહ્મા હો, વિષ્ણુ હો, હર હો કે જિન હો, તેને અમારો નમસ્કાર હો!'

*

કેવી અને કેટલી સુંદર મનોવૃત્તિ! પણ તેમાં પાછું પોલાણ કે અજ્ઞાનતાભર્યું ચાપલ્ય તો નહિ જ કે-'ગમે તેવા

પણ દેવ ચાલે !' પણ દેવાધિદેવ તો તેજ, કે જેમાં રાગદ્વેષ નહિ, અઢારે દોષમાંથી એક પણ દોષ નહિ અને સર્વજ્ઞ -વીતરાગ હોય તે : પછી એમનું નામ ગમે તે હોય. ગુરૂ પણ ફલાણા એમ નહિ, પણ જે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ ચાલનારા હોય, શ્રી જિનેશ્વરદેવનું કહેલું જ કહેનારા હોય, સામાયિકને નહિ મૂકનારા અર્થાત્ સામાયિકમાં જ રહેનારા હોય અને રત્નત્રયી શિવાય બીજું કંઈ પણ ન બોલનારા હોય તેજ : તથા ધર્મ પણ તેજ કે જે કરવાથી વિષયનો વિરાગ થાય, કષાયનો ત્યાગ થાય, ગુણનો અનુરાગ થાય અને ઉત્તમ ક્રિયાઓમાં અપ્રમત્તાવસ્થા આવે. એવો જ ધર્મ આદરણીય. માબાપ તથા વડીલ પણ તે, કે જે પોતાના સંતાનને-વારસને હિતમાર્ગે વાળે ! ઉંધે માર્ગે વાળે તે ન માતા, ન પિતા કે ન વડીલ! આ માન્યતા હોય તો દૃષ્ટિરાગ આવે જ શી રીતે ? અમૂકજ દેવ, અમૂકજ ગુરૂ, અમૂકજ ધર્મ,-પછી તે ગમે તેવા હોય તો પણ એમાં મારાપણું-એ માન્યતા તે દૃષ્ટિરાગ છે.

વસ્તુનો જે સ્વભાવ તે ધર્મ—

વસ્તુના સ્વરૂપને અંગીકાર કરી વસ્તુને માનવી. આ બધા ધર્મ તો સાધન ધર્મ : પણ અંતિમ તો **'वथ्थुसहावो धम्मो'**-વસ્તુનો સ્વભાવ તે ધર્મ !' વસ્તુના સ્વભાવને વળગીને જ વસ્તુને માનવી. શરીરના સ્વભાવનો ખ્યાલ હોય તો તેમાં મોહ પામીએ ? નહિ જ. શાસ્ત્ર અને અનુભવ કહે છે કે-'શરીર પરિણામે દુર્બલ છે, નાશવંતુ છે, સડવું-પડવું અને નાશ પામવું એ એનો સ્વભાવ છે. શટન-પટન-

વિધ્વંસન સ્વભાવવાળું છે. રૂપીયાની રૂપીયાભાર ચીજ ખવ-રાવો, દશવાર નવરાવી-ધોવરાવી સાફ કરો, દરેક રીતે સાફ રાખો, તેલ-ફુલેલ લગાવો, કસ્તુરીનો લેપ કરો, પુષ્ટિ કરે તેવા પદાર્થો શરીરમાં નાખો, પણ અંતે પરિણામે શું? વસ્તુના સ્વભાવને ઓળખો તો વાંધો ન આવે. ગમે તેવી રીતે શરીરને સાચવો તોયે પરિણામે શું? આ જાણીએ તો શરીર માટે પાપ થાય? નહિ જ. મહર્ષિ ધનાકાકંદી છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા: પારણામાં આયંબિલ કરતા: આયં-બિલમાં આહાર એવો લેતા કે જેના ઉપર માખી પણ ન બેસે: ઘી-દુધ તો નથી જ, પરન્તુ ખીચડીમાં પણ રસ તો છે ને! ત્યાં માખી બેસે પણ એ તો કોલસા જેવા થઇ ગયેલા ખીચડીના બળેલા પોપડા વિગેરે, એવા એવા આહારથી નિર્વાહ કરતા. બીજા પણ મહર્ષિઓ કેવલ નિર્મમ ભાવે જે કાંઇ મળે તેનો સંયમના નિર્વાહ માટે ઉપયોગ કરતા. ત્યાં એમ મનાય કે-'એ આહાર પણ ધર્મસાધનાર્થે કરતા.' પણ વસ્તુના સ્વભાવથી ઉલટા થઇ જેવું કેમ પાલવે? શરીરને ધર્મસાધન બનાવવા માટે નિભાવવામાં આવે એ જૂદી વાત છે, પણ જેઓ શરીર પાસે ચાવીસે કલાક પાપ કરાવે અને કહે કે-'ધર્મ માટે પોષીયે છીયે'-તેઓ કેવા કહેવાય? બાર મહીનામાં એક-બે દિવસ ધર્મ કરાવે અને રોજ પાપ કરાવે અને પાછા ઉપરથી કહે કે-'ધર્મ માટે પોષીયે છીયે'-તે કેમ ચાલે? પેઢી માંડી તે દાન દેવા માટે કે વેપાર કરવા માટે? દાનની ભાવના હોય તોયે કેટલી? કિંચિત્! આંગ-ળીના વેઢાનાયે કેટલામે ભાગે? હા, એ ઠીક કે-જેટલું દાન

દેવાયું એટલો લક્ષ્મી ફળી, પણ કાંઈ પેઢી દાન માટે છે એમ કહેવાય? લક્ષ્મી આદિની મૂર્ચ્છા વિનાના તો સંસારમાં જ શું કામ રહે? અને ધર્મ માટે લક્ષ્મીની ઇચ્છા, એ તો નિષિદ્ધજ છે. હોય તો સદુપયોગ કરવાની છૂટ છે, પરન્તુ સદુપયોગના નામે પાપથી પેદા કરવાની છૂટ નથી. એ તો વગર કારણે સાફ કપડાંને ધોવા માટે મેલું કરવા જેવી વાત છે.

*　　　　*　　　　*

જેને શરીરનો સ્વભાવ સમજવામાં આવી જાય, તે મૂંઝાય નહિ: ભલે ભોજન આપે, રક્ષા કરે, પણ માને કે–'અંતે એ મારૂં રક્ષણ કરનાર નથી.' સાપને દૂધ પાઇએ તો ઝેર થાય, એ પયઃપાન નકામું જ ને? શરીરની બહુ પુષ્ટિ શું કામ આપે? વસ્તુના સ્વભાવને ઓળખી વળગે એને દૃષ્ટિરાગ ન થાય. વસ્તુના સ્વભાવને ભૂલે એને દૃષ્ટિરાગ આવે: પછી બચવું ભારે! માટે દેવ, ગુરૂ અને ધર્મ તે આજ હું માનું છું તેજ એમ ન કહો, પણ આપણે કહી ગયા તે મુજબ લક્ષણો હોય તેજ એમ કહો. તેજ રીતે વડીલ પણ તે કે જે વારસામાં રહેલા આત્માનું હિત ચિંતવે.

<u>સંસાર દુઃખમય જ છે.</u>

સંસારી જીવો જે રાગ, દ્વેષ અને મોહથી પીડિત હોય, તેણે શારીરિક ને માનસિક દુઃખ સહેવા તૈયાર રહેવું જ જોઈએ, કારણ કે–એના યોગે દુઃખ સિવાય કંઇ છેજ નહિ. સંસાર તો દુઃખમય, દુઃખફલક (દુઃખ છે ફળ જેનું) અને દુઃખની પરંપરાવાળો છે, એમાં શંકા જ શી? એથી

જ સંસાર છોડવા જેવો છે એમ કહેવું પડે છે: અને તે કેવલ સુખને જ માટે છે. 'સુખ જોઈએ'—એમાં બે મત નહિ, તો પછી 'સંસાર છોડવા જેવો છે'—એ વાતમાં પણ બે મત કેમ હોઈ શકે? સંસારનો સંબંધ છૂટયા વિના આત્માને કદી જ શાશ્વત્ સુખની પ્રાપ્તિ થવી જ નથી, એ વાત સુનિશ્ચિત છે. જ્ઞાની પુરૂષો તો સંસારને દુઃખમયજ જણાવે છે, પરન્તુ સંસારમાં રહેલા પણ સંસારમાં સુખ છે એમ જોરપૂર્વક નહિ કહી શકે. એમનો અનુભવ પણ સંસારમાં સુખ હોવાની 'ના' કહે છે. કોઇ કહ્યું—કહાવ્યું કહે તે ન મનાય. અને—'મારૂં સાચું'—એવો દુરાગ્રહ રાખનારનું પણ ન મનાય. સંસારમાં કોઇ તો એવા કંટાળે છે કે—કયારે છૂટીયે એમ એમના મનમાં થયા જ કરે. જ્યારે પથારીયે પડે, લવરી કરે, ત્યારે સાંભળજો! બહારથી લાલ દેખાય, પણ હૃદયમાં જૂદુંજ. બહાર ન કહે પણ એકાંતમાં પૂછજો. નામાંકિત કે શ્રીમાન્‌ને પૂછજો કે—'કેમ છે?' તો તે તરત કહેશે કે—'જવા દેને! છે તે ઠીક છે. જે રીતે ઘડાયા—પંકાયા તે માટે તે રીતે રહેવું પડે—ફરવું પડે: કપડામાં કે રીતભાતમાં ફેરફાર ન થાય: મોટરમાં જ ફરાય: બહારનો દેખાવ જરા ગયો તો પાઘડી ઉછળે, માટે ગાડું જેમ ગબડતું હોય તેમ ગબડવા દે: અહીંના તહીં, આમના તેમ કરવા દે: આબરૂ ટકે એટલે બસ!' માટે 'સંસાર ભયંકર ચીજ છે'—એનો કોઇ પણ વિચક્ષણથી ઇન્કાર થઈ શકે તેમ નથી. સંસારમાં આસક્ત બનેલાઓ ગમે તે કહે, પણ આત્માને પૂછો અને વિચારો તો સ્પષ્ટ રીતે સમજી શકાશે કે—આ સંસાર દુઃખમય,

દુઃખફલક અને દુઃખની પરંપરાવાળો છે'–એમ જે જ્ઞાની પુરૂષોએ કહ્યું છે અને કહે છે તે તદ્દન સત્યજ છે.

(પ્રશ્ન૦ સંસારને છોડવાથીએ સુખ ક્યાં દેખાય છે?)

છોડયો? છોડયા વિના દેખાય? ચશ્માથી દેખાય તેવું સુખ થોડુંજ છે? અનુભવ વિના ન દેખાય. 'સાકર કેવી?'–એમ પૂછનારને કહેવું જ પડે કે–'મ્હોંઢામાં મૂકી જો!' 'દીક્ષામાં સુખ કેવું?'–અનુપમ! અનુભવ કરવો હોય તો લઇ જૂઓ એટલે માલૂમ પડે. 'મોક્ષનું અનંત સુખ કેવું?'–એમ પૂછનારને જ્ઞાની પુરૂષોએ એજ ફરમાવ્યું કે–'સંસારના સુખથી અનંત ગુણું છે, અનૂપમ છે, વચનાતીત છે, એકાંતિક અને આત્યંતિક છે.'–'સંયમનુ સુખ કેવું?' તો કહુંછું કે–આવો ને જૂઓ! પણ મારાપણું મૂકીને આવજો. ત્યાંથી એ સાથે લઇને આવશો તો જાતે મરશો અને બીજાને મારી નાખશો. સંસારની બધી બદબો છૂટે ત્યારે જ સંયમની સંપૂર્ણ ખૂશબો આવી શકે.

સંસારના ભય વિના ધર્મપ્રેમ ન જાગે.

'જેટલી સંસારની ભીતિ, તેટલી ધર્મની પ્રીતિ! જેટલો સંસારનો ભય, તેટલા ધર્મનો પ્રેમ! જેટલા પ્રમાણમાં સંસારનો ભય થાય, તેટલા પ્રમાણમાં ધર્મનો પ્રેમ થાય! જેટલા અંશે દુર્ગંધી જાય, તેટલા અંશે સુગંધી આવે! જેટલા અંશે દાંડાઇ જાય, તેટલા અંશે આબરૂ વધે!–આ તો વ્યવહારની વાત છે ને! દાંડાઈમાં સમજો છો ને? જેટલા પ્રમાણમાં વચનની એકતા, તેટલા પ્રમાણમાં પ્રતીતિ જામે: જેટલા પ્રમાણમાં વાયદાસર આપવાની ચિંતા,

તેટલા પ્રમાણમાં શાહુકારી. દેવાળીયો પૂછે કે-'મને કેમ કોઇ ધીરતા નથી ?' આના ઉત્તરમાં એજ કહી શકાય કે-'લાવો એના દૂધે ધોઈને આપો, આવું પાંચ, દશ, પચીશ વખત કરો, એટલે સહુ કોઇ ધીરશે : બાકી વગર આપ્યે એમ ને એમ ધીરવાનું કહો તે ચાલી શકે તેમ નથી.' તેમ જ જેટલા અંશે ખોટું જાય, તેટલા અંશે સત્ય ઘુસે અને જેટલા અંશે અસંયમ જાય, તેટલા અંશે સંયમ પ્રગટ થાય. આજ કારણથી પરમોપકારી ટીકાકારમહર્ષિએ પીઠિકામાં જ શરૂઆતમાં જ સંસારની અસારતા બતાવી. ખરેખરી વાત છે કે-સંસારની અસારતા સમજાવ્યા વિના ધર્મ સમજાવી શકાતો નથી. સંસારની અસારતા સમજાય એટલે ધર્મ માગવા આવે, પણ તેને પોતે જ્યાં બેઠો છે, તે ખોટું દેખાવું જોઈએ ! આત્મા આત્માના સુખને ઓળખતો નથી માટે જ સંસારમાં સુખ માને છે. વિષયના ત્યાગના સુખનો અનુભવ નથી, માટે જ વિષયમાં સુખ લાગે છે. તપશ્ચર્યાનો અભ્યાસી આત્મા, જે એકાંતરે ઉપવાસ કરનારો છે અને અડતાલીસ કલાકે એકવાર ખાનારો છે, તેને દિવસમાં બે વાર ખાવાનું કહો તો ના પાડશે અને કહેશે-'મને તો અડતાલીસ કલાકે એકવારથી અધિક વખત નહિ ખાવામાંજ મજા આવે છે.'-પણ આ વાત ખાનપાનમાં જ રાચી રહેલાઓને ગમે ? જ્ઞાની પુરૂષો તો કહે છે જ, પરન્તુ વૈદક શાસ્ત્ર પણ કહે છે કે-'રસ એ રોગનું કારણ છે.' રસ શું ? વિગઇ. વિગઇ રોગનું કારણ. હવે શાસ્ત્ર એમ કહે એમાં ખોટું શું ? શરીર નિરોગી રાખવું હોય તો પણ રસથી વિરક્ત રહેજો. વિકૃતિ બલાત્કારે આત્માને દુર્ગતિમાં લઇ જાય. વિકૃતિના

સેવકને દુર્ગતિમાં ન જવું હોય તો પણ વિકૃતિ લઈ જાય. પાપમાં એ ગુણ કે-પાપ કરનારને હેરાન ન થવું હોય તો પણ એ હેરાન કર્યા વિના રહેજ નહિ. સ્વાદિષ્ટ ચીજ આધીન થઇ લેવાય, તો પથારી સેવવી પડે એમાં કાંઇ આશ્ચર્ય નથી. અસંયમ ઉપરની પ્રીતિ ઘટે, તોજ સંયમનું સુખ સમજાય અને સંયમ ઉપર પ્રીતિ થાય. સંસારના ભય વિના ધર્મપ્રેમ ન જાગે અને આથીજ જ્ઞાની પુરૂષો પહેલાં સંસારની અસારતા બતાવે છે. ઘણા કહે છે કે-'ભવને ભયરૂપ કહેવાય ?' પણ શાસ્ત્રકાર કહે છે કે-'જેવો હોય તેવો કહેવો જ પડે.'

ચાર પ્રકારના દીકરા—

આ ટીકાકાર મહાત્મા કહે છે કે-રાગ, દ્વેષ અને મોહથી અભિભૂત હોવાના કારણે શારીરિક અને માનસિક દુઃખથી પીડાતા બધાય સંસારી આત્માઓએ હેય એટલે તજવા યોગ્ય અને ઉપાદેય એટલે અંગીકાર કરવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન મેળવવું જોઈએ : એ જ્ઞાન મેળવવા યત્ન કરવો જોઈએ. આ ઉપદેશ કોના માટે અપાય છે ? શાસ્ત્રમાં કહ્યા મુજબ જે સંસારમાં દુઃખ માનતા હોય, જેમને એ દુઃખ ન ગમતુ હોય અને જેઓને એથી છૂટવું હોય તેને માટે ! જ્ઞાનીનો ઈરાદો એજ કે-'બધાનાં દુઃખ દૂર થાય અને સુખના ભાગી બને'-પણ બનવું હોય તેને ને ? ન બનવું હોય તેને માટે શું ? માબાપ બાલકને સુધારવા બંધાયેલાં, પણ અવસરસર ખવરાવે તે ખાય, પીવરાવે તેમ પીયે, બેસાડે તેમ બેસે અને ઉઠાડે તેમ ઉઠે, તેને માટે કે બીજા માટે ? યશો-

અનાચારિઓને સારાં માતાપિતા પણ કયી રીતિએ સુધારી શકે ? દીકરા પણ ચાર પ્રકારના હોય છે. ૧ અતિજાત, ૨ સુજાત, ૩. નીચ, અને ૪ કુલાંગાર. અતિજાત તે કે જે બાપની આબરૂ સવાઇ કરે–બાપના નામને ઝળકતું કરે–બાપના ઉદયથી કંઇ ગુણો ઉદય કરે : સુજાત તે કે જે બાપની આબરૂને અનુસરતું વર્તન રાખે : નીચ તે કે જે બાપની આબરૂને બટ્ટો લગાડે : અને કુલાંગાર તે કે જે બાપની આબરૂને સળગાવી મૂકે. નીચ તો માત્ર બટ્ટો લગાડે–એવું કરે કે જેથી માત્ર નિંદા થાય, પણ અંગારો તો એથી પણ ભયંકર. બાપની બધી આબરૂને સળગાવી મૂકે. આપણા પિતા પણ ભગવાન્ શ્રી મહાવીરદેવ ! આપણે બધા જ એમના દીકરા કહેવાઇએ. અતિજાત તો ન બનાય, પણ સુજાત તો બનવું છે ને ? સુજાત તે બની શકે, કે જે આજ્ઞાને બાધ લાગે તેવી એક પણ પ્રવૃત્તિ ન કરે. સુજાત દીકરાથી જમાનાના વાયરાને નજ અનુસરાય : એણે તો એ મહાવીર પિતાની આજ્ઞાનેજ અનુસરવાનું. છતાં જો તે આજ્ઞાને છાજલીએ ચઢાવી જમાનાને અનુસરવા જાય, તો નીચની કોટિમાં આવી જાય અને આજ્ઞાથી વિરૂદ્ધ થઈ જમાનાના ગુણ ગાવા મંડી જાય તો ચોથીજ કોટિમાં આવી જવાય એમાં આશ્ચર્ય શું ? સુજાત બનવા માટે આજ્ઞા માનીએ, પાળીયે અને પૂરૂં પાલન ન થાય તો આજ્ઞાનું પૂરૂં પાલન કરનારને હાથ જોડીએ તથા બીજાને આજ્ઞાનું પાલન કરવા પ્રેરણા કરીએ. આ રીતે આચરણા કરીએ તોજ સુજાતની કોટિમાં રહી શકાય ! આજ્ઞાને બટ્ટો લાગે તેવો પ્રયત્ન કરીએ તો નીચની કોટિમાં જવું પડે અને આજ્ઞાનો નાશ

કરવાના પ્રયત્ન આરંભીયે તો કુલાંગાર જ કહેવાઇએ. નીચ અને કુલાંગાર કોઇ પણ રીતિએ પ્રશંસાપાત્ર ન ગણાય ! સુજાત કોણ તે ગોખજો. સુજાત તે, કે જે નીચનો અને કુલાંગારનો સંગ પણ ન કરે-પ્રશંસા પણ ન કરે. સુજાતથી નીચનાં અને કુલાંગારનાં વખાણ ન થાય. સમજાવી શકે તેમ હોય તો સમજાવે એમાં વાંધો નહિ : સુધરે એમ લાગે તો સામે પણ જવાય : સુધરતા લાગે તો આંગળી પકડીને પણ લવાય : અધિક સુધરે તો ખોળામાં પણ બેસાડાય : અરે, વધી જાય તો માથે પણ બેસાડાય : પણ જો નીચતા અને કુલાંગારતા જ દેખાય-એમાં સુધારો નજ જણાય, તો 'दुर्जनं प्रथमं वंदे'-એ ન્યાયે એમને આઘે જ રખાય.

*

આ રીતિએ વિચારતાં જણાશે કે-દરેક કલ્યાણના અર્થિ આત્માએ રાગ, દ્વેષ અને મોહથી ઉત્પન્ન થતી શારીરિક અને માનસિક પીડાના ક્ષયને માટે હેય એટલે તજવા યોગ્ય અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન મેળવવુંજ જોઈએ : તેમજ જેઓ ઉપકાર કરવા ઇચ્છતા હોય તેઓએ પણ જગત્‌ને હેયોપાદેય પદાર્થોનું પરિજ્ઞાન થાય તેવા પ્રયત્ન કરવા જોઇએ : અને તોજ પ્રભુ પાસે રોજ 'જયવીયરાય' સૂત્ર દ્વારા કરાતી માગણીઓ સફલ થઈ ગણાય.

શ્રી આચારાંગ-ધૂતાધ્યયન.
પ્રથમ ભાગ સમાપ્ત.

પ્રકાશક :

'શ્રી વીરશાસન' કાર્યાલય તરફથી

ચીમનલાલ નાથાલાલ શાહ,

વ્યવસ્થાપક : શ્રી વીરશાસન કાર્યાલય.

પાંજરા સ્હામે : રતનપોળ : **અમદાવાદ.**

